BAOU
Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.
ગુજરાતી : પેપર-06

# અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ

(મુખ્ય વિષય)

વિભાગ

# 1

## અર્વાચીન ગુજરાતી સાહિત્ય - સુધારક યુગ


એકમ 1

પૂર્વભૂમિકા અને પરિબળો 7

એકમ 2

દલપતરામ 14

એકમ 3

નર્મદ 20

એકમ 4

સુધારક યુગના અન્ય લેખકો 28

**લેખન :**

પ્રા. બળવંત જાની — હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, ગુજરાતી વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પરામર્શ (વિષય) :**

પ્રા. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી.કે. મહેતા — નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-340 003

**સંયોજન સહાય :**

શ્રી સુરેન્દ્ર શાહ — મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સોલા, અમદાવાદ.



**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481



©સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# પ્રસ્તાવના

સ્નાતક ઉપાધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતીનો આ ઐચ્છિક પાઠ્યક્રમ છે. આ પાઠ્યક્રમ ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત છે. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* એવું નામ તેને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ઈ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. જ્યારે ઈ. સ. 1850થી આજ સુધીના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે.

8 ક્રેડિટના આ પાઠ્યક્રમમાં કુલ 36 એકમ છે જેને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગને અલગ અલગ શીર્ષકો આપવામાં આવ્યાં છે.

## વિભાગવાર પરિચય

પાઠ્યક્રમના પ્રથમ ત્રણ વિભાગ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ફાળવવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગનું શીર્ષક છે *પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ*. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ચર્ચા કરી દ્વિતીય એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. ત્રીજો એકમ નરસિંહ પૂર્વેના પ્રમુખ કવિઓ અને સાહિત્ય-પ્રવાહોને ફાળવવામાં આવ્યો છે. ચોથા એકમમાં મધ્યકાળના પ્રથમ મોટા ગજાના કવિ નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

બીજા વિભાગનું શીર્ષક છે *પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ*. આ વિભાગને છ એકમ અંતર્ગત વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની ચર્ચા કરવામાં આવી છે. બીજા એકમમાં જ્ઞાનમાર્ગી કવિતાના ઉત્તુંગ શિખર સમા અખાની કવિતાને મૂલવવામાં આવી છે તો ત્રીજા એકમમાં અખા સિવાયના પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા એકમમાં આખ્યાનકવિતા અને પ્રેમાનંદ પૂર્વેના આખ્યાનકવિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપી પાંચમા એકમમાં આખ્યાનશિરોમણિ પ્રેમાનંદની સમગ્ર સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે. છઠ્ઠા એકમમાં પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગમાં પ્રેમાનંદથી *દયારામ સુધી અને દયારામના* સાહિત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આ વિભાગનો પ્રથમ એકમ શામળ પૂર્વેના પદ્યવાર્તા સાહિત્ય અને શામળને ફાળવવામાં આવ્યો છે. બીજા એકમમાં દયારામ પૂર્વેના પદસાહિત્યનો અને ત્રીજા એકમમાં મધ્યકાળના અંતિમ તેજસ્વી તારક દયારામનો પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા એકમમાં અન્ય પદસાહિત્ય-પ્રવાહનો પરિચય કરાવી પાંચમા એકમમાં મધ્યકાળના ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ચારથી સાત વિભાગ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે ફાળવવામાં આવ્યા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને સામાન્ય રીતે ચાર યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક યુગને એક એક એકમ અંતર્ગત સાંકળી લેવામાં આવ્યો છે.

ચોથા વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ *સુધારક યુગને* ચર્ચવામાં આવ્યો છે. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા અને પરિબળોની ચર્ચા કરી છે. સુધારક યુગના બે પ્રમુખ સાહિત્યકારો દલપતરામ અને નર્મદાશંકરને અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં સમાવિષ્ટ કરી ચોથા એકમમાં સુધારક યુગના અન્ય લેખકોનો અછડતો ખ્યાલ આપવામાં આવ્યો છે.

*પંડિતયુગને* સ્પર્શતા પાંચમા વિભાગને પાંચ એકમમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં પંડિતયુગની પૂર્વભૂમિકા અને પરિબળો દર્શાવી બીજા એકમમાં ગોવર્ધનરામની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજા એકમમાં પંડિતયુગના પ્રમુખ કવિઓ, ચોથા એકમમાં પ્રમુખ ગદ્યકારો અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે.

છઠ્ઠો વિભાગ *ગાંધીયુગને* ફાળવવામાં આવ્યો છે. તેને છ એકમમાં વહેંચી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજીનો પરિચય આપી બીજા એકમમાં ગાંધી અનુશાસિત લેખકો, ત્રીજા એકમમાં પ્રમુખ કથાસર્જકો, ચોથા એકમમાં પ્રમુખ કવિઓ અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. છેલ્લો એકમ અન્ય સ્વરૂપસર્જન પરિચય માટે રાખ્યો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અંતિમ યુગને *અનુગાંધીયુગ* નામ આપવામાં આવ્યું છે. છેલ્લા સાતમા વિભાગમાં આ યુગનો પરિચય પ્રાપ્ત થાય છે. આ વિભાગના છ એકમો પૈકી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને પ્રહ્લાદ-હરિશ્ચંદ્રની કવિતાની વાત કરી બીજા એકમમાં રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજો એકમ અન્ય પ્રમુખ સૌન્દર્યદર્શી કવિઓને ફાળવ્યો છે. ચોથા એકમમાં આધુનિકતાના પુરસ્કર્તા સુરેશ જોષીનો અને અન્ય આધુનિક કવિઓનો પરિચય આપી પાંચમા એકમમાં અનુગાંધીયુગીન કથાસાહિત્ય-સ્વરૂપ-પ્રવાહ-પરિચય અને છઠ્ઠા એકમમાં અન્ય સ્વરૂપસર્જન-પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

આ રીતે સાત વિભાગો દ્વારા આ પાઠ્યક્રમમાં સમગ્ર ગુજરાતી સાહિત્યની રૂપરેખા આપવામાં આવી છે. એના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી ગુજરાતી સાહિત્યથી પરિચિત થાય એ અપેક્ષા છે.

# એકમ 1 પૂર્વભૂમિકા અને પરિબળો

**રૂપરેખા**

1.0 ઉદ્દેશો
1.1 પ્રસ્તાવના
1.2 પૂર્વભૂમિકા
1.3 સુધારક યુગ : ભૂમિકા અને પરિબળો
1.4 સારાંશ
1.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો
1.6 ચાવીરૂપ શબ્દો

## 1.0 ઉદ્દેશો

આ એકમ સુધારક યુગનો સર્વપ્રથમ એકમ છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે ગુજરાતી સાહિત્યના મધ્યકાળ અને અર્વાચીન યુગના નજરે તરી આવે તેવા સ્પષ્ટ ભેદથી પરિચિત થઈ શકશો. તે ઉપરાંત સાહિત્યના ઇતિહાસમાં અર્વાચીન યુગમાં જેને 'સુધારક યુગ' એવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે તે યુગની ભૂમિકા અને પરિબળો સમજી શકશો.

## 1.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની રૂપરેખાના અભ્યાસક્રમ અંતર્ગત તમે આ અગાઉ મધ્યકાળના ગુજરાતી સાહિત્યનાં મુખ્ય મુખ્ય યુગો, પ્રવાહો, સાહિત્યસ્વરૂપો અને સાહિત્યસર્જકોથી પૂરેપૂરા પરિચિત થઈ ગયા છો. ગુજરાતી ભાષામાં રચાતા થયેલા સાહિત્યના આરંભકાળથી એટલે કે ચોક્કસ શબ્દોમાં કહેવું હોય તો તમે નરસિંહ મહેતા પૂર્વેના ગુજરાતી સાહિત્યથી, નરસિંહ યુગના સાહિત્યથી તેમ જ અર્વાચીન ગુજરાતી ભાષા ઘડતરની ભૂમિકા તરફ ગતિ કરતા પ્રેમાનંદ યુગના ગુજરાતી સાહિત્યથી પૂરતા પરિચિત થયા છો. મધ્યકાળના ગુજરાતી સાહિત્યના છેલ્લા પ્રતિનિધિસમા ભક્તકવિ દયારામના કવનકાળ પછી અનેક પરિબળોના પરિણામસ્વરૂપ જેને 'અર્વાચીન' કહી શકાય તેવા ગુજરાતી સાહિત્યના સર્જનનો પ્રારંભ થયો છે તે વિશે હવે આપણે અભ્યાસ કરીશું.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પ્રારંભ ઈ.સ. 1845થી થયો ગણાય છે. મધ્યકાળના છેલ્લા મુખ્ય કવિ દયારામ કૃષ્ણભક્તિનું ગાન કરતાં કરતાં ઈ. 1852માં અવસાન પામ્યા; અને એ રીતે જોઈએ તો ગુજરાતી સાહિત્યનો એક યુગ પૂરો થયો. ઈ.સ. 1845માં કવિ દલપતરામે 'બાપાની પીપર' નામની કવિતા લખી. તે કવિતા અર્વાચીન કવિતાનું પહેલું **આવિષ્કરણ** ગણાય છે. તેવી જ રીતે ભારતની સ્વતંત્રતાપ્રાપ્તિ સાથે ગાંધીયુગ સંકેલાઈ જાય છે અને થોડા જ વખતમાં ગુજરાતી સાહિત્યમાં સર્જનક્ષેત્રે આધુનિકતાની - પ્રયોગશીલતાની એક નવી લહર ફરી વળે છે. આમ, અર્વાચીન ગુજરાતી સાહિત્યની સમયરેખા ઈ.સ. 1845થી ઈ.સ. 1950 આસપાસ ગણવામાં આવી છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આ **સમયગાળો** ત્રણ કાળખંડમાં વહેંચી શકાય : (1) સંસારસુધારા યુગ અથવા દલપત-નર્મદ યુગ : ઈ.સ. 1845 થી ઈ.સ. 1885; (2) પંડિતયુગ અથવા ગોવર્ધન યુગ : ઈ.સ. 1885 થી ઈ.સ. 1914; (3) ગાંધીયુગ અથવા સુન્દરમ્ - ઉમાશંકર યુગ : ઈ.સ. 1915 થી ઈ.સ. 1950. અલબત્ત, આ સમયરેખાઓ દૃઢ મર્યાદાઓથી આંકેલી નથી. સાહિત્યિક યુગવિભાજન સામાન્યતયા બે સમયગાળા વચ્ચેના સાહિત્યની વ્યાપક **વ્યાવર્તક** લાક્ષણિકતાઓના અનુસંધાનમાં કરવામાં આવતું હોય છે. કોઈ ચોક્કસ યુગના સાહિત્યથી તે પછીના સમયના સાહિત્યમાં વિષયવસ્તુ, **અભિવ્યક્તિ** ઈ. બાબતોમાં દેખીતી લાક્ષણિકતાઓ જોવા મળે તો તે સમયના સાહિત્યને નવી યુગસંજ્ઞા આપવામાં આવે છે. એ રીતે જોતાં ઈ.સ. 1845થી ઈ.સ. 1885 સુધી એટલે કે ચાર દાયકાના સમયગાળામાં સર્જાયેલું ગુજરાતી સાહિત્ય એના પુરોગામી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી ઘણી રીતે અલગ અને વિશિષ્ટ છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આ પ્રથમ સમયગાળો અનેક નવાં પરિવર્તનો અને **ઉન્મેષો** લઈને આવે છે તેથી ગુજરાતી સાહિત્યના અભ્યાસમાં 'સુધારક યુગ' નામે ઓળખાયેલા આ યુગનું વિશેષ મહત્ત્વ છે.

## 1.2 પૂર્વભૂમિકા

અર્વાચીન ગુજરાતી સાહિત્યના સર્જનને સમજવા માટે આ સમયના પ્રવાહો અને તેની પૂર્વભૂમિકાનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવું જરૂરી છે. તમે મધ્યકાળના સાહિત્યસર્જનનો અભ્યાસ કરતાં ધ્યાનમાં લીધું જ હશે કે આ કાળખંડ લગભગ સાડા સાતસો વર્ષનો છે. તેને મુકાબલે અર્વાચીન યુગનો સમયગાળો લગભગ એક સૈકા જેટલો જ છે. સમયવિસ્તારની દૃષ્ટિએ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો સમયગાળો ઘણો નાનો ગણાય; તેમ છતાં મધ્યકાળમાં જે સાહિત્યનું સર્જન થયું છે, સાહિત્યકારોએ જે સર્જકપ્રતિભા દાખવી છે તે અર્વાચીન યુગના સર્જકોની સર્જકપ્રતિભાની સરખામણીમાં અલ્પ અને સીમિત ગણાય.

મધ્યકાળનો ગુજરાતી સમાજ લગભગ નિરક્ષર હતો, ધર્મકેન્દ્રી જીવન જીવનારો હતો. બાહ્ય દુનિયા સાથે તેનો સંપર્ક નહિવત્ હતો તેથી ચોક્કસ વિચારોના કૂંડાળામાં જીવતો હતો. અર્વાચીન ગુજરાતી સમાજ અંગ્રેજો જેવી કેળવાયેલી, પ્રગતિશીલ પ્રજાના સંપર્કમાં આવ્યો તેથી તેની વિચારક્ષિતિજો પણ વિકસેલી હતી. એ દૃષ્ટિએ એને આપણે પ્રગતિશીલ કે અર્વાચીન જરૂર કહી શકીએ.

મધ્યકાળના ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, પ્રેમાનંદ, શામળ તેમ જ દયારામ જેવા મહત્ત્વના સર્જકો થઈ ગયા. આ ઉપરાંત પદ્મનાભ, ભાલણ, નાકર, માંડણ બંધારો, ભાણદાસ, પ્રીતમદાસ, નિરાંત, ધીરો, ભોજો, રાજે, રત્નો, વિશ્વનાથ જાની, વલ્લભ મેવાડો વગેરે ગૌણ કવિઓ પણ થઈ ગયા તેમણે પણ યથાશક્તિ ગુજરાતી સાહિત્યમાં અર્પણ કરેલું છે. આ ઉપરાંત હેમચંદ્રાદિ અનેક જૈન સાધુ કવિઓ, સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો, કબીરપંથી લોકસંતો, અબ્દુલ રહેમાન અને અન્ય મુસ્લિમ કવિઓ તેમ જ સ્ત્રીકવિઓએ પણ મધ્યકાળના સાહિત્યને સમૃદ્ધ કરવામાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે.

મધ્યકાળના ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરતાં કરતાં તેની મુખ્ય મુખ્ય લાક્ષણિકતાઓ તરફ તમારું ધ્યાન ગયું જ હશે. એક તો એ સમયનું મોટા ભાગનું સાહિત્ય હસ્તલિખિત દશામાં સચવાયેલું મળ્યું છે. તે વખતે મુદ્રણયંત્રો કે મુદ્રણકળાની જાણકારી હતી નહીં. તેથી મોટા ભાગનું સાહિત્ય તો કંઠસ્થ હતું. મર્યાદિત પ્રમાણમાં લોકપ્રિય કવિઓની કૃતિઓ લહિયાઓના હાથે લખાઈને પોથીરૂપે સચવાતી ખરી. જૈન ઉપાશ્રયોએ આવી અસંખ્ય હસ્તપ્રતો સાચવીને પ્રાચીન ગુજરાતી સાહિત્ય વિશે ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડી છે. તે રીતે ગુજરાતી સાહિત્ય પર જૈન સંગ્રહકર્તાઓનું ઘણું મોટું ઋણ છે. કવિપદની સહેજ પણ સભાનતા વિના, અંતરની અનુભૂતિના બળે, શ્રદ્ધાસભર વાણી એ રચનાઓમાં ઝિલાયેલી મળે છે. સર્જકની આવી નિજી અનુભૂતિના સાક્ષાત્કારવાળી વાણી માટે પ્રસિદ્ધ સાક્ષર કવિ બ.ક.ઠાકોર 'ત્રીજા નેત્રની પ્રસાદી' - inspired- એવો શબ્દપ્રયોગ યોગ્ય રીતે જ કરે છે. મધ્યકાળનું સાહિત્ય મોટે ભાગે પદ્યમાં રચાયેલું મળે છે. સાહિત્યસર્જનને સહજ માફક આવે તેવું વાહન પદ્ય છે. આમેય ગદ્ય સમજાવવાનું કામ કરે છે જ્યારે પદ્ય અનુભવાવે છે;ગદ્યમાં બુદ્ધિ-વિચારનું વિશેષપણે પ્રવર્તન હોય છે જ્યારે પદ્યમાં ઊર્મિ અને કલ્પનાનું. ગદ્યની જાગરૂકતાને મુકાબલે પદ્યમાં રહેલી મુગ્ધતાનું તત્ત્વ સહૃદય ભાવકને આકર્ષે છે. આથી જ જગતની કોઈપણ ભાષાના સાહિત્યસર્જનના પ્રારંભે પદ્યસ્વરૂપ જોવા મળે છે તે સ્વાભાવિક છે. ગુજરાતી સાહિત્યને તો એની પૂર્વજ અપભ્રંશનો પદ્યવારસો દુહારૂપે મળ્યો જ હતો. પદ જેવાં લઘુકાવ્ય સ્વરૂપો (પ્રભાતિયાં, કાફી, ચાબખા, ગરબી ઈ.) વિશેષ પ્રમાણમાં રચાતાં. અલબત્ત, રાસ-ફાગુ, પ્રબંધ, પદ્યવાર્તા, આખ્યાન જેવાં દીર્ઘ કાવ્યસ્વરૂપો પણ રચાયાં છે અને ગુણવત્તાનુસાર લોકપ્રિય પણ થયાં છે. જે અતિ અલ્પ પ્રમાણમાં ગદ્ય મળી આવે છે તે પદ્યગંધી, પ્રાસ-અનુપ્રાસમાં રાચતું અને સાહિત્યેતર લક્ષણોવાળું વિશેષ મળે છે ઉ.ત., બાલાવબોધો, સઝ્ઝાયો, ટબા ઈ. સાહિત્યસ્વરૂપોનું ગદ્ય શુદ્ધ સાહિત્યિક ગદ્યની ઝલક દર્શાવતું નથી. એ રીતે જોતાં એ પદ્યપ્રધાન સાહિત્યનો યુગ હતો એમ કહી શકાય.

મધ્યકાળના સર્જકો પોતાને સૌ પ્રથમ ભક્ત તરીકે ઓળખાવતા અને કવિ તરીકે પછી. તેમને કવિપદોનું કોઈ વળગણ ન હતું. સાહિત્ય તો તેમની અભિવ્યક્તિનું વાહન માત્ર હતું. મધ્યકાળના ગુજરાતી સાહિત્યની વિશેષતા એ ગણાય કે તેના નિરૂપણમાં કેન્દ્રસ્થાને ધર્મ જોવા મળે છે. નરસિંહ મહેતા પહેલાંનું સાહિત્ય મોટે ભાગે વૈરાગી જૈન સાધુસંતોના હાથે લખાયું છે. નરસિંહ

મહેતા, મીરાંબાઈ, દયારામ સરખા નાનામોટા કવિઓએ પણ ભક્તિકવિતાનું સર્જન કર્યું છે. ભક્તો અને સંતોની સમાજમાં પ્રતિષ્ઠા હતી. તેઓ ધર્મભાવનાથી પ્રેરાઈને જ લખતા. ધર્મપરાયણતા તે સમયના સમાજમાં પૂરેપૂરી વ્યાપેલી હતી. આમ ભક્તિકવિતા એ મધ્યકાળના ગુજરાતી સાહિત્યનો મુખ્ય વિષય રહ્યો છે એમ કહી શકાય. મધ્યકાળની સાંપ્રદાયિક તેમ જ બિનસાંપ્રદાયિક બધી જ કવિતા, પદ્યવાર્તા જેવું અપવાદરૂપ સાહિત્યસ્વરૂપ બાદ કરતાં, ઈશ્વરને કેન્દ્રમાં રાખી તેની આસપાસ જ રચાઈ છે. જૈનો, હિંદુઓ ઉપરાંત પારસીઓ, મુસલમાનો, ખોજાઓ, વોરાઓ, ખ્રિસ્તીઓએ પણ ભક્તિની રચનાઓ આપી છે. અલબત્ત, બધી વખત એ ભક્તિકવિતાની કક્ષા એકસરખી ગુણવત્તાવાળી રહી નથી. સીધો બોધ કે ઉપદેશ સાહિત્યશાસ્ત્રની દૃષ્ટિએ રસાસ્વાદનમાં બાધક તત્ત્વ ગણાયું છે તેમ છતાં મધ્યકાળના મોટા ભાગના સાહિત્યમાં બોધપ્રધાનતા જોવા મળે છે. કદાચ તે સમયની રાજકીય-સામાજિક પરિસ્થિતિમાં એ બરાબર હશે. વળી, વૈરાગ્ય, સદાચાર, નીતિ ઈ.ની ઉપદેશાત્મક વાતો, પરલોકનું ગાન તેમાં ખુલ્લી રીતે થયું છે તેને લોકસ્વીકૃતિ પણ મળી લાગે છે. પ્રજાજીવનને સાંકળનારું એ એક અગત્યનું બળ હતું. પ્રજાને તેમના ધર્મકેન્દ્રી જીવનને વળગી રહેવામાં આ નૈતિકબળ કવિઓને સમાજના સાચા સંસ્કારસેવકો કે લોકશિક્ષકોની કક્ષામાં મૂકી આપે છે.

મધ્યકાળના સાહિત્યની કેટલીક મર્યાદાઓ પણ તરત નજરે પડે છે. કંઠોપકંઠ સચવાતું સાહિત્ય કે લહિયાઓને હાથે પોથી રૂપે તૈયાર થતા સાહિત્યમાં, અજ્ઞાનવશ કે અજાણતાં કે કર્તૃત્વની છૂપી આકાંક્ષાને લીધે મૂળ પાઠ ઘણો બદલાઈ જતો એથી એની શાસ્ત્રીયતા અને કર્તૃત્વ શંકાસ્પદ બનતાં. તેવી જ રીતે પદ્ય શબ્દ કાવ્યના પર્યાયરૂપ સમજ વ્યાપકપણે પામ્યો હતો તેવું પણ એ સાહિત્ય જોતાં સમજાય છે. કવિકૌશલ કે કાવ્યતત્ત્વની બાબતમાં દરેક વખત કવિઓ સભાન હતા નહિ તેથી ઊંચી કોટિનું કાવ્યત્વ સિદ્ધ કરવાની કોઈ આવશ્યકતા જણાઈ નથી. આ સમયનું સાહિત્ય જેટલું રસાત્મક હતું તેટલું બધી જ વખત કલાત્મક રહ્યું ન હતું. વળી, ધર્મકેન્દ્રી સાહિત્ય હતું તેમાં સંસારની અસારતા અને પરલોકની ઝંખનાનું ગાન વિશેષ થતું અને તેથી સીધો બોધઉપદેશ કૃતિના કલાતત્ત્વને હણી નાખતો હતો. મધ્યકાળમાં નાના મોટા અનેક સર્જકો થઈ ગયા તે બધાની સર્જકપ્રતિભા એકસરખી ઊંચાઈવાળી ન હોય એ પણ સ્વાભાવિક છે. પરિણામે, ઘણી વખત **પુરોગામી** પ્રતિભાવંત કવિની સર્જકતાનું અનુકરણ કરવામાં કે એ જ તત્ત્વને બહેલાવીને સ્થૂળ અનુકરણ કરવામાં કે સીધેસીધી સામગ્રી ઉપાડવામાં કશુંક અજુગતું થાય છે એવી સભાનતા જોવા મળતી નથી. બીજા સર્જકની વાણીના પડઘા ભલે અલ્પ પ્રમાણમાં, પણ સંભળાય છે ખરા; જોકે એનું પ્રમાણ બહુ નથી.

મધ્યકાળના સાહિત્યને મુકાબલે અર્વાચીન ગુજરાતી સાહિત્ય સ્પષ્ટપણે ભિન્ન લક્ષણો ધરાવે છે. મધ્યકાળના સાહિત્યનો કેન્દ્રસ્થ વિષય ભક્તિ એટલે કે ધર્મ હતો, તેને બદલે અર્વાચીન સાહિત્યના કેન્દ્રમાં માનવી કે સમાજનું નિરૂપણ થયેલું જોવા મળે છે. આથી સર્જકની એકાંગી અભિવ્યક્તિને સ્થાને માનવીય ભાવો, સંવેદનો, સામાજિક રૂઢિઓ, ખ્યાલો ઇ. દૃષ્ટિએ જોઈએ તો સાહિત્યની ક્ષિતિજો વિસ્તરી. પ્રકૃતિ, પ્રણય, માનવતા, હર્ષશોકાદિ ભાવો, વ્યવહારપરાયણતા, સ્વતંત્રતા, સમાજસુધારો વગેરે અનેક નવા વિષયો નિરૂપણ પામવા લાગ્યા. આથી અર્વાચીન ગુજરાતી સાહિત્યની સૃષ્ટિ વિવિધ ભાવો અને નવે રસોથી રુચિર-સમૃદ્ધ બની.

વિજ્ઞાનની શોધોએ મોટી ક્રાન્તિ કરી. વિકાસ પામતા જતા નૂતન સમાજ માટે મુદ્રણયંત્રની શોધ ઘણી ઉપયોગી સાબિત થઈ. હવે સાહિત્ય લિખિત સ્વરૂપમાં અને મુદ્રિત સ્વરૂપમાં પ્રગટ થવા લાગ્યું. સાહિત્ય ગ્રંથસ્થ થવા લાગ્યું તેનાથી સાહિત્ય સામાન્ય લોકો સુધી ઘેરઘેર પહોંચવાની ગુંજાશ ધરાવતું થયું. માનવીના જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજો વિકસવા લાગી. કેળવણી પણ લોકજાગૃતિનું અગત્યનું પરિબળ બની. એણે લોકોને વિચારતા કરી મૂક્યા. અર્વાચીન સર્જકો કવિપદની સભાનતા સાથે સાહિત્યસર્જન કરતા થયા. આ સાહિત્ય વિપુલ પ્રમાણમાં સર્જાવા લાગ્યું. સાહિત્યકૃતિ કલાત્મકતાવાળી હોવી જોઈએ તેવી સભાનતા પણ સર્જકોમાં વધવા લાગી. સાહિત્યમાં આત્મલક્ષિતા પણ પ્રવેશી. માનવમનના ભાવોને, સંવેદનોને બરાબર અભિવ્યક્ત કરવા માટે ભાષા પણ સક્ષમ રીતે પ્રયોજાવા લાગી. ખુલ્લા ઉપદેશ કે સીધી બોધાત્મકતાને સ્થાને ભાષાભિવ્યક્તિ વધુ સૂક્ષ્મ બની. આમ અનેક રીતે અર્વાચીન સાહિત્ય મધ્યકાળના ગુજરાતી સાહિત્યથી ભિન્ન જોવા મળે છે.

## 1.3 સુધારક યુગ : ભૂમિકા અને પરિબળો

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો સમયગાળો ઈ.સ. 1845થી ઈ.સ. 1950 સુધીનો, લગભગ એક સૈકાનો ગણાય છે. ઈ.સ. 1852માં ભક્તકવિ દયારામ કૃષ્ણભક્તિની ગરબીઓ ગાતાં ગાતાં વૈકુંઠધામ ગયા, એ ઘટનાસંદર્ભને ધ્યાનમાં રાખીએ તો અર્વાચીન યુગના સમયગાળાની ઓળખ યોગ્ય છે. ઈ.સ. 1818માં અંગ્રેજોએ તો ભારતમાં પોતાનો પ્રભાવ પાથરવો શરૂ કરી દીધો હતો અને ઈ.સ. 1857માં તો 'બળવા'ને તેમણે સખત હાથે કચડી નાખ્યો હતો. અંગ્રેજોએ કાયદાનું શાસન દાખલ કર્યું અને આમ પ્રજાને જે રાહત થઈ તેની પ્રશંસા કવિ દલપતરામે 'હરખ હવે તું હિંદુસ્તાન' એમ કહીને કરી છે. અંગ્રેજોની ભાષા, પહેરવેશ, શિક્ષણ, અર્થવ્યવસ્થા, રીતરિવાજો ઈ. ભારતીય પ્રજાના માનસ ઉપર ધીમી છતાં મક્કમ પકડ જમાવતાં જતાં હતાં છતાં પ્રજાને અંગ્રેજોની ગુલામી ખટકવાને બદલે રાહતનો અનુભવ થાય એ પ્રજામાનસનો પડઘો જ પેલી દલપતરામની પંક્તિમાં સંભળાય છે. અંગ્રેજોએ આ દેશમાં રેલવે, તાર-ટેલિફોન, મુદ્રણયંત્રો, વર્તમાનપત્રો, નવી ઢબની શાળાઓ દ્વારા કેળવણી વગેરે દાખલ કર્યાં. એ બધાં અર્વાચીનતાનાં વાહકો બન્યાં. પાદરીશાઈ કેળવણીએ હિંદુ જીવનરીતિમાં રહેલાં ધાર્મિક અને સામાજિક અનિષ્ટો તરફ આંગળી ચીંધી બતાવી. અનેક બંધનો અને પ્રતિબંધોથી ઘેરાયેલો હિંદુ સમાજનો અમુક વર્ગ આ સ્થિતિનો લાભ લઈ ખ્રિસ્તીધર્મ તરફ પણ આકર્ષાયો; એ રીતે વટાળ પ્રવૃત્તિ શરૂ થઈ. પરંતુ એક વાત તો ચોક્કસ કે લોકો નવા વિચારોની 'હવા'થી પ્રભાવિત થયા હતા. અંગ્રેજો જેવી સુશિક્ષિત, વિકસિત પ્રજાના સંપર્કમાં આવવાને લીધે ભારતીય સમાજમાં (અને ગુજરાતમાં પણ) વિચાર પરિવર્તનની ચોક્કસ પ્રક્રિયા શરૂ થઈ. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સમગ્ર ભારતમાં આ પ્રકારનું ક્રાન્તિકારી પરિવર્તન આવી રહ્યું હતું. તેને નવજાગૃતિ- **'રેનેસાં'** તરીકે ઓળખી શકાય.

ભારતીય સમાજમાં પરિવર્તન-સુધારણા એ મહત્ત્વની બાબત છે. જેમ સમાજમાં તેમ સાહિત્યમાં પણ એને પગલે પગલે પરિવર્તન આવતું ગયું. સુધારાનું આંદોલન ગુજરાતમાં ખૂબ સ્વાભાવિક રીતે શ્રી સહજાનંદ સ્વામી સમાજસુધારણાના કાર્ય દ્વારા આરંભી ચૂક્યા હતા. ખાસ કરીને ગુજરાતના મધ્યમ વર્ગ ઉપર તેની સાનુકૂળ અસર થઈ હતી. પશ્ચિમી સંસ્કૃતિના સંપર્કથી અને તેમાંયે અંગ્રેજી કેળવણીના પ્રચારથી ભારતની પ્રજા સમક્ષ જાણે કે સાંસ્કૃતિક પડકાર આવીને ઊભો રહ્યો. અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ તબક્કાને - ઈ.સ. 1845થી ઈ.સ. 1885 - 'સુધારક યુગ' તરીકે ઓળખવામાં આવે છે. સાહિત્ય જગતના બે મહાનુભાવો કવિ દલપતરામ ડાહ્યાભાઈ અને કવિ નર્મદાશંકર લાલશંકર દવે પોતપોતાની રીતે સુધારાની દિશામાં કાર્ય કરતા રહ્યા તેથી આ યુગને દલપત-નર્મદ યુગ તરીકે પણ ઓળખવામાં આવે છે. સુધારાનું આંદોલન બે માર્ગે સમાજમાં પરિવર્તન લાવવા મથી રહ્યું હતું : સંઘર્ષ મારફતે અને રચનાત્મક માર્ગે.

સુધારાના આ આંદોલનને સમજવા માટે તે સમયની સમાજસ્થિતિ જાણવી જરૂરી છે. એ સમયે સમાજમાં વહેમ, અંધશ્રદ્ધા, ભૂતપ્રેતની માન્યતા, વિલાસ-વ્યભિચાર, ક્રિયાકાંડની જડતા ઈ. કુરિવાજો પ્રચલિત હતા. તેવી જ રીતે બાળલગ્નો, પ્રેતભોજન, વિધવાવિવાહ નિષેધ, પરદેશગમન-પ્રતિબંધ, જ્ઞાતિબંધનો-ઊંચનીચની જડતા વગેરેથી સમાજ બંધિયાર બની ગયો હતો. આ પરિસ્થિતિનો મુકાબલો નવી કેળવણીનો સ્પર્શ પામેલા કેટલાક ઉત્સાહી, તરવરિયા સુધારકોએ જુસ્સાપૂર્વક આરંભ્યો. કવિ નર્મદ, દુર્ગારામ મહેતાજી, કરસનદાસ મૂળજી, મહીપતરામ નીલકંઠ વગેરે સંઘર્ષ માર્ગના સુધારાના આંદોલનના અગ્રેસર બન્યા. ભાષણો મારફતે, લેખો લખીને, હિંમતભર્યાં પગલાં મારફતે કે અન્યાયનો મક્કમ પણે પ્રતિકાર કરીને તેમ જ નૂતન સાહસ દ્વારા આ ભણેલા યુવા વર્ગે ધાર્મિક તેમ જ સામાજિક કુધારાઓ દૂર કરવા સતત પ્રયત્નો ચાલુ રાખ્યા. સુધારાની આ પ્રવૃત્તિ અંગે નર્મદે બુદ્ધિવર્ધક સભામાં સુધારાવિષયક વ્યાખ્યાનો આપ્યાં, 'ડાંડિયો' સામયિકમાં લેખો લખ્યા, વિધવાવિવાહને ઉત્તેજન આપ્યું. દુર્ગારામ મહેતાજીએ માનવધર્મસભા મારફતે, સમાજમાં પ્રવર્તતા ઊંચનીચના ભેદ, ભૂતપ્રેતાદિના વહેમ, મૂર્તિપૂજાનાં અનિષ્ટો, વૈધવ્ય પ્રથા જેવાં અનિષ્ટો સામે આંદોલન ચલાવ્યું તે તેમની લખેલી રોજનીશી પરથી સમજાય છે. કરસનદાસ મૂળજીએ વૈષ્ણવધર્મમાં પ્રવેશેલો સડો દૂર કરવા 'સત્યપ્રકાશ' સામયિકમાં લેખો લખ્યા અને નર્મદને હૂંફ પૂરી પાડી. 'મહારાજ લાયબલ કેસ' તરીકે જાણીતા, વૈષ્ણવ ધર્મગુરુઓની પાખંડલીલા સામેના બદનક્ષી કેસમાં વિજયી બનવાથી કરસનદાસ અને તેમની સુધારકમંડળીને

નૈતિક બળ પ્રાપ્ત થયું. મહીપતરામ નીલકંઠે પ્રાર્થનાસમાજ સ્થાપાન મૂર્તિપૂજાને બદલે નિરાકાર ઈશ્વરની ઉપાસનાનું મહત્ત્વ સ્થાપિત કર્યું. આ ઉપરાંત દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી **અંત્યજોદ્ધાર**ના કાર્ય દ્વારા શુદ્ધીકરણની ઝુંબેશ ચલાવી વટાળપ્રવૃત્તિનો મુકાબલો કર્યો. ધર્મ વિશે લોકોની અંધશ્રદ્ધા દૂર કરવા અને વૈજ્ઞાનિક દૃષ્ટિનો પુરસ્કાર કરવાનું શીખવ્યું.

સંસારસુધારણાનું કાર્ય **સંરક્ષક** માર્ગે, રચનાત્મક પ્રવૃત્તિઓ મારફતે પણ ચાલુ રહ્યું હતું. એની બિસન્ટ નામનાં એક વિદેશી વિદુષીએ થિયોસૉફિકલ સોસાયટી - તત્ત્વવિચારસભા મારફતે સર્વધર્મ તરફ સમભાવની દિશામાં લોકોને વિચાર કરતા કર્યા. શ્રેયઃસાધક સધિકારી વર્ગની સ્થાપના મારફતે શ્રીમન્નથુરામ શર્મા તેમ જ શ્રીમન્નૃસિંહાચાર્યજીએ બૌદ્ધિક નવજાગૃતિની તથા અધ્યાત્મની ઘણી ઉપયોગી પ્રવૃત્તિ ચલાવી. 'મહાકાલ' સામયિક એમનું મુખપત્ર બન્યું હતું. આ સામયિકે જનજાગૃતિ અને સમાજસુધારણાનું મહત્ત્વનું કાર્ય કર્યું.

સુધારાના આંદોલનને, **ઉચ્છેદક** માર્ગે લઈ જનારા કેટલાક અતિઉત્સાહી યુવકો અને તેમના આત્યંતિક વિચારોને લીધે, થોડુંક પાછા પડવાનું પણ બન્યું. પ્રજાનો એક વર્ગ ઉચ્છેદક સુધારાથી આઘાત પણ અનુભવવા લાગ્યો તેથી સુધારાનાં થોડાંક વળતાં પાણી થયાં હતાં. કવિ નર્મદે 'યા હોમ કરીને' ઝંપલાવવાની જે વાત યુવાનવયમાં કરી હતી તે જ નર્મદે ઉત્તરાવસ્થામાં સુધારાનું કામ કરવું પણ પ્રજાની શક્તિ પ્રમાણે અને ધીરજથી કરવું એ રીતે વિચારવા માંડ્યું હતું અને 'ભૂલ્યા ત્યાંથી ફરી' ગણવાની વાત કરી હતી. દલપતરામે કન્યાકેળવણી વધે તે માટે ઠેરઠેર કન્યાશાળાઓ સ્થાપી નક્કર કામ કરવાનું ચાલુ રાખ્યું હતું. લોકો આળસ ખંખેરે અને ઉદ્યમી બને તે માટે 'હુન્નરખાનની ચડાઈ' નામનું પદ્યવ્યાખ્યાન પણ આપ્યું હતું. તેઓ 'ધીરે ધીરે સુધારાનો સાર' નો માર્ગ અખત્યાર કરી રચનાત્મક સુધારાનું કાર્ય કરતા રહ્યા.

ખરેખર આ **સંક્રાન્તિકાળ** હતો. સુધારાનું કાર્ય અટકી શકે તેમ હતું જ નહીં પરંતુ **સંઘર્ષ** દ્વારા આક્રમક પ્રકારનો સુધારો - ઉચ્છેદક સુધારો અને રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા સંરક્ષક મતવાળો સુધારો : એ બંનેએ પ્રજાજીવન ઉપર કાયમની અસર મૂકી હતી. સુધારાના આ આંદોલનને વેગ આપવામાં નાનામોટા અનેક સાહિત્યકારોનો ફાળો રહ્યો છે. તેથી ગુજરાતી સમાજને તો ખરો જ ગુજરાતી સાહિત્યને ઘણો મોટો લાભ થયો છે. સુધારક યુગના પ્રથમ તબક્કાવાળું અર્વાચીન ગુજરાતી સાહિત્ય, આપણે અગાઉ જોઈ ગયા છીએ તે મુજબ વિષય, સાહિત્યસ્વરૂપ તેમ જ અભિવ્યક્તિની દૃષ્ટિએ મધ્યકાળના ગુજરાતી સાહિત્યથી સ્પષ્ટ રીતે ભિન્ન રહ્યું. કવિતાના ક્ષેત્રે અનેક નવાં કાવ્યસ્વરૂપો જોવા મળ્યાં. વૃત્તબદ્ધ રચનાઓ, સૉનેટ, ગઝલ, ખંડકાવ્ય, કરુણપ્રશસ્તિ, ગીત, મુક્તક, મહાકાવ્યના પ્રયોગો ઈ. સાહિત્યમાં સર્જન પામ્યાં. ખાસ તો આ સમયગાળામાં ગદ્યસ્વરૂપની સાહિત્યિક પ્રતિષ્ઠા થઈ તે મહત્ત્વનું છે. વાતચીત અને વ્યાકરણનાં પુસ્તકો પૂરતું જ, રાગબદ્ધ અને સાહિત્યેતર તત્ત્વવાળા ગદ્યને બદલે સાહિત્યિક ગદ્યનું સર્જન શક્ય બન્યું તે પશ્ચિમી કેળવણીના પ્રતાપે. નિબંધ, નવલકથા, નાટક, નવલિકા, એકાંકી, આત્મકથા, જીવનચરિત્ર, પ્રવાસ, ડાયરી, વિવેચન વગેરે સાહિત્યસ્વરૂપો મારફતે ગદ્યનું ખેડાણ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર રહ્યું.

## 1.4 સારાંશ

જેને આપણે અર્વાચીન યુગ તરીકે ઓળખીએ છીએ તેનો પ્રારંભ ખરી રીતે તો ઈ.સ. 1818 માં અંગ્રેજોએ ગુજરાત પર શાસન સ્થાપ્યું ત્યારથી થયો ગણાય. રાજકીય અંધાધૂંધી દૂર થઈ અને કાયદો ને વ્યવસ્થાનું તંત્ર રચાયું તેથી આમલોકો સામાજિક સલામતીનો અનુભવ કરવા લાગ્યા અને અંગ્રેજો આવ્યા તે ઘટનાને 'એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્થાન' એમ કહી વધાવી લીધી. અંગ્રેજો શાસકો તરીકે તો આવ્યા જ, પરંતુ **ભારતીય પ્રજાસમાજ**માં તેઓ નવજાગૃતિના વાહકો બનીને આવ્યા એમ કહી શકાય કારણ કે શાળાઓ, છાપખાનાં, વર્તમાનપત્રો, તાર-ટેલિફોન, રેલવે વગેરે અર્વાચીનતાના **પ્રતીક** સમાં સાધનો ઉપલબ્ધ થયાં.

અંગ્રેજી કેળવણીએ જ્ઞાન-દીવાસળીની ગરજ સારી. લોકોના ચિત્તપ્રદેશમાં પડેલો અંધકાર હઠી જવા લાગ્યો અને તેમને આત્મનિરીક્ષણની તક સાંપડી. સામાજિક તેમ જ ધાર્મિક ક્ષેત્રે ચાલતાં અનિષ્ટો સામે બંડ પોકારવા લોકો તૈયાર થવા લાગ્યા. નર્મદે 'યા હોમ' કરીને સુધારાના ક્ષેત્રમાં

ઝંપલાવ્યું. 'ડાંડિયો' મારફતે તેણે સુધારાની ઝુંબેશ ચલાવી. 'સત્યપ્રકાશ'ના તંત્રી અને નર્મદના મિત્ર કરસનદાસ મૂળજીએ ધાર્મિક બુરાઈઓ સામે તેમ જ વિધવાવિવાહ જેવા સંવેદનશીલ પ્રશ્નો તરફ સમાજનું ધ્યાન સફળ રીતે ખેંચ્યુ. મહીપતરામ નીલકંઠે પ્રથમ વાર પરદેશગમન કરીને જ્ઞાતિના બહિષ્કાર સામે રણશિંગું ફૂંક્યું.

ઠેર ઠેર કેળવણીની સંસ્થાઓ સ્થપાવા લાગી. દલપતરામે કન્યાકેળવણીની હિમાયત કરી અને તે માટે સક્રિય રહ્યા. 1826માં સુરતમાં પહેલવહેલી ગુજરાતી નિશાળ સ્થપાઈ. 1845માં દલપતરામે 'બાપાની પીપર' નામે અર્વાચીનતાના પ્રતીક સમી ગુજરાતી કવિતા આપી. ઈ.સ. 1846માં દલપતરામ અને ફાર્બસ સાહેબનું મિલન થયું. ઈ.સ. 1848માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી-(હવે, ગુજરાત વિદ્યાસભા)ની સ્થાપના થઈ. ઈ.સ. 1850માં 'બુદ્ધિપ્રકાશ' સામયિક શરૂ થયું જે અદ્યાપિપર્યંત પ્રકાશિત થતું રહે છે. એ જ વર્ષમાં કવિ નર્મદે 'મંડળી મળવાથી થતા લાભ' નામનો નિબંધ વાંચી, સાહિત્યમાં મૂલ્યવાન અર્પણ કર્યું. ઈ.સ. 1852માં મધ્યકાળના છેલ્લા પ્રતિનિધિ સમા ભક્તકવિ દયારામે વૈકુંઠગમન કર્યું.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પ્રથમ સમયગાળો ઈ.સ. 1845થી ઈ.સ. 1885 સુધીનો ગણાયો છે. તેને 'સુધારક યુગ' તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળામાં કવિ દલપતરામ અને કવિ નર્મદ પોતપોતાની રીતે સુધારાની દિશામાં કાર્ય કરતા રહ્યા તેથી આ યુગને દલપત-નર્મદયુગ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઉપર આપણે જોયું તેમ સુધારાનું આંદોલન સંઘર્ષ મારફતે અને રચનાત્મક માર્ગે એમ બે રીતે ચાલુ રહ્યું. દલપતરામ અને નર્મદ ઉપરાંત નવલરામ પંડ્યા, નંદશંકર મહેતા, ભોળાનાથ સારાભાઈ દિવેટિયા, દુર્ગારામ મહેતાજી, મહીપતરામ નીલકંઠ, કરસનદાસ મૂળજી, રણછોડભાઈ ઉદયરામ દવે, મનઃસુખરામ ત્રિપાઠી, હરગોવિંદદાસ કાંટાવાળા, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ જેવા સાહિત્યકાર સમાજસુધારકોએ પોતાની શક્તિમતિ અનુસાર સુધારાનું કાર્ય કર્યું. આ ઉપરાંત, બહેરામજી મલબારી, જહાંગીર તાલ્યારખાન, બહેરામજી ફરદુનજી મર્ઝબાન, કેખુશરો કાબરાજી વગેરે પારસી સાહિત્યકારોએ પણ કશુંક નક્કર મૂલ્યવાન અર્પણ કર્યું. ઈ.સ. 1886માં કવિ નર્મદનું અવસાન થયું અને ઈ.સ. 1987માં ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર'નો પ્રથમ ભાગ પ્રગટ કર્યો તે સાથે જાણે ગુજરાતી સાહિત્યનો 'સુધારક યુગ' નામે ઓળખાતો યુગ પૂરો થયો.

દલપતરામ અને નર્મદની કવિતાઓ, નવલરામનાં વિવેચનો-અવલોકનો ઉપરાંત 'મિથ્યાભિમાન' (નાટક), 'મારી હકીકત' (આત્મકથા), 'દલપતપિંગળ' (પિંગળશાસ્ત્ર), રાજ્યરંગ (ઇતિહાસ), 'નર્મકોશ', 'કરણઘેલો' (નવલકથા),' ભટનું ભોપાળું' (નાટક), 'સાસુવહુની લડાઈ' (નવલકથા), 'લલિતાદુઃખદર્શક' (નાટક), ' હિંદ અને બ્રિટાનિયા' (નવલકથા), 'ચંદ્રકાન્ત' (તત્ત્વચર્ચા), 'ગુલાબ' (નાટક) વગેરેનું સાહિત્યસર્જન થયું હતું. **પત્રકારત્વ**ના વિકાસ સાથે 'બુદ્ધિપ્રકાશ,' 'ડાંડિયો,' 'સત્યપ્રકાશ,' 'શાળાપત્ર,' 'મહાકાલ,' 'સૌરાષ્ટ્રદર્પણ,' 'વિજ્ઞાનવિલાસ,' 'સ્ત્રીબોધ,' 'ગુજરાતી' વગેરે **સામયિકો** પ્રગટ થયાં. ઈ.સ. 1822માં ફર્દુનજી મર્ઝબાને 'મુંબઈ સમાચાર' પત્ર શરૂ કર્યું તે આપણી ભાષાનું આજ દિન સુધી પ્રગટ થતું રહેલું સૌથી જૂનું વર્તમાનપત્ર છે.

સુધારક યુગ એ આપણા અર્વાચીન **વાઙ્મય**નો આરંભકાળ છે. અત્યારના ઘણાખરા સાહિત્યપ્રવાહોનાં મૂળ એ યુગમાં પડેલાં છે. નિબંધ, નવલકથા, નાટક, ચરિત્રસાહિત્ય, ઇતિહાસ, પત્રકારત્વ, વિવેચન આદિ ક્ષેત્રોમાં પહેલું લેખન કરવાનું ગૌરવ આ યુગને મળ્યું છે. આખુંયે અર્વાચીન ગુજરાતી સાહિત્ય આ યુગના ખભા પર ઊભું છે, એ અર્થમાં સુધારકયુગનું **પ્રદાન** મૂલ્યવાન બની રહે છે.

## 1.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો* : રામનારાયણ વિ.પાઠક
2. *અર્વાચીન કવિતા* : સુંદરમ્
3. *આધુનિક કવિતાપ્રવાહ* : ડૉ. જયન્ત પાઠક
4. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ-3* : પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ

5. *જ્ઞાનગંગોત્રી ગ્રંથમાળા - ગ્રંથ-11* : પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી
6. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-1* : ડૉ. ધીરુભાઈ ઠાકર
7. *ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ (મધ્યકાલીન અને સુધારક યુગ)* : ડૉ. રમેશ એમ. ત્રિવેદી

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**કવનકાળ** - સર્જન-લેખનનો સમયગાળો

**આવિષ્કરણ** - પ્રકટન, પ્રગટ કરવું

**વ્યાવર્તક** - જુદું પાડનારું

**અભિવ્યક્તિ** - વ્યક્ત - પ્રગટ થવું તે

**ઉન્મેષો** - પ્રકટીકરણ, વિકાસ

**કાલખંડ** - સમયગાળો

**મુદ્રણયંત્રો** - છાપખાનાં

**ઉપાશ્રયો** - આશ્રયસ્થાન, જૈનો માટે ભક્તિનું સ્થળ

**અનુભૂતિ** - અનુભવ

**કંઠોપકંઠ** - એક કંઠમાંથી બીજા કંઠમાં

**પુરોગામી** - અગાઉ થઈ ગયેલા

**વટાળપ્રવૃત્તિ** - ધર્માંતર કરવાની-વટલાવવાની પ્રવૃત્તિ

**રેનેસાં** - નવજાગૃતિ, ફ્રેન્ચ રાજયક્રાંતિના સમયગાળા દરમિયાન જાણીતા થયેલા બે શબ્દોમાંનો એક. બીજો શબ્દ રેફર્મેશન (સુધારણા) હતો.

**અંત્યજોદ્ધાર** - અસ્પૃશ્ય ગણાયેલા લોકોનો ઉદ્ધાર

**ઉચ્છેદક** - જળમૂળથી દૂર કરનાર

**સંરક્ષક** - રક્ષણ કરનાર, જાળવનાર

**સંક્રાન્તિકાળ** - વચગાળો, એક જગા કે સ્થિતિમાંથી બીજી જગા કે સ્થિતિમાં જવા સુધીનો વચલો સમય

**પ્રતીક** - ચિહ્ન, નિશાની

**વિવેચન** - સાહિત્યનો અભ્યાસ, મૂલ્યાંકન

**પત્રકારત્વ** - (અં) જર્નાલિઝમ-વર્તમાનપત્ર, સામયિક ઈ.નું કામ.

**સામયિક** - સમયના ચોક્કસ અંતરે પ્રગટ થતું પત્ર (અં) મેગેઝિન

**વાઙ્મય** - સાહિત્ય

**પ્રદાન** - અર્પણ

**'તમારી પ્રગતિ ચકાસો –1'**

(1) કયા સમયગાળાના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય ગણવામાં આવે છે ? સંસાર સુધારા યુગનો સમયગાળો દર્શાવો.

(2) અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય મુખ્ય પરિબળો કયાં છે ?

(3) અર્વાચીન ગુજરાતી સાહિત્ય મધ્યકાલીન ગુજરાતી સાહિત્યથી કઈ કઈ બાબતોમાં જુદું પડે છે ?

(4) સંસારસુધારાનું કાર્ય કરનાર ત્રણ સુધારકોનાં નામ આપો.

(5) સંસારસુધારાના કાર્યમાં 'ડાંડિયો' અને 'સત્યપ્રકાશ' સામયિકોએ શી મદદ કરી ?

(6) સુધારકયુગની પાંચ સાહિત્યકૃતિઓનાં નામ આપો અને તેમનું સાહિત્યસ્વરૂપ પણ જણાવો.

# એકમ 2 દલપતરામ

**રૂપરેખા**

2.0 પ્રસ્તાવના
2.1 જીવન અને ઘડતરનાં પરિબળો
2.2 દલપતરામનું સાહિત્યસર્જન
2.3 દલપતરામની કવિતા
2.4 દલપતરામનું ગદ્ય સાહિત્ય
2.5 દલપતરામની સાહિત્યસેવાનું મૂલ્યાંકન
2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
2.7 ચાવીરૂપ શબ્દો

## 2.0 પ્રસ્તાવના

અગાઉના એકમમાં આપણે સુધારક યુગ કોને કહે છે, એનો સમયગાળો કયો છે તથા શા માટે એને સુધારક યુગ કહેવામાં આવે છે તેની વાત કરી. તે સાથે એ યુગના મુખ્ય મુખ્ય સાહિત્યપ્રવાહો, મહત્ત્વના સર્જકો અને નોંધપાત્ર સર્જનકૃતિનો નામોલ્લેખ કર્યો હતો. હવે આ યુગના એક મહત્ત્વના સાહિત્યકારનો અભ્યાસ કરીએ.

## 2.1 જીવન અને ઘડતરનાં પરિબળો

### કવિ દલપતરામ ડાહ્યાભાઈ (જ. ઈ. 1820 – અ. ઈ. 1898 )

અર્વાચીન યુગના અગ્રણી સાહિત્યકારોમાં કવિ દલપતરામ સમયની દષ્ટિએ પ્રથમ ગણાય તેવા સર્જક છે. મધ્યકાળના છેલ્લા કવિ દયારામની વૈષ્ણવભક્તિની કવિતાથી દલપતરામની 'બાપાની પીપર' અને અન્ય કવિતા ભાવ, ભાષા, અભિવ્યક્તિ એમ બધી રીતે જુદી પડતી જોવા મળે છે.

દલપતરામનો જન્મ ઈ.1820માં વઢવાણમાં થયો હતો. તેમના પિતા ડાહ્યાભાઈ ત્રવાડી **વેદપાઠી કર્મકાંડી** બ્રાહ્મણ હતા અને સૌ તેમને 'ડાહ્યા વેદિયા' તરીકે સન્માન આપતા હતા. પિતાએ બાળક દલપતરામને બ્રાહ્મણકુળને અનુરૂપ આઠ વર્ષની વયે **યજ્ઞોપવીત સંસ્કાર** આપ્યા અને જાતે જ **વેદાધ્યયન** કરાવવા લાગ્યા. પિતાની કડક શિસ્ત, આગ્રહભરી ચોકસાઈ અને સ્વભાવની ઉગ્રતાને લીધે માતા અમરતબા સાથે તેઓ મોસાળમાં રહ્યા. ત્યાં થોડુંક જ્યોતિષ તેમ જ સંસ્કારનું શિક્ષણ તેઓ પામ્યા. મોસાળ ગઢડામાં તેમને શ્રી સહજાનંદ સ્વામીનાં દર્શનનો લહાવો મળ્યો હતો. 14 વર્ષની ઉંમરે દલપતરામે ભૂમાનંદ સ્વામી પાસેથી સ્વામીનારાયણ ધર્મની **દીક્ષા** લીધી હતી. સ્વામી દેવાનંદ પાસે તેઓએ કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કર્યો હતો. વ્રજ ભાષા અને સંસ્કૃત ભાષાના ઉત્તમ ગ્રંથોનું અધ્યયન કરવાની તક પણ તેમને અહીં જ પ્રાપ્ત થઈ હતી.

દલપતરામને કવિતાઓ રચવાનો શોખ નાનપણથી હતો. તેઓ **'હડૂલા'** નામથી ઓળખાતા ઉખાણા પ્રકારની કવિતા ઝડપથી રચતા અને બાલભાવથી આનંદ માણતા. હડૂલા ચમત્કૃતિપ્રધાન, પ્રાસયુક્ત પદ્યરચના છે. કલ્પના જરૂરી પણ વિષયવિચારની સંગત જળવાતી નહિ. કવિ શામળ ભટ્ટની પદ્યવાર્તાઓનો પણ ખાસ કરીને સ્રીચાતુરીની વાર્તાઓનો તેમને રંગ લાગ્યો અને એવા પ્રકારની પદ્યવાર્તાઓ 'કમળલોચની,' 'હીરાદંતી' વગેરે લખી. **'સત્સંગ'** નિમિત્તે મંદિરમાં જતા હતા ત્યાં સંપ્રદાયના સાધુકવિઓ સાથે વ્રજ ભાષામાં કાવ્યરચના પણ કરતા થયા હતા. વળી,એ અરસામાં તેઓ એક વિદ્યાપ્રેમી અંગ્રેજ અધિકારી ફાર્બસ સાહેબના સંપર્કમાં આવ્યા. તેમનું પૂરું નામ એલેકઝાન્ડર કિન્લૉકફાર્બસ હતું. એમની મારફતે દલપતરામ અંગ્રેજી ભાષા અને સાહિત્યના પરિચયમાં આવ્યા. ફાર્બસ સાહેબના પ્રોત્સાહનને લીધે દલપતરામ વ્રજ ભાષા છોડીને ગુજરાતીમાં કવિતાઓ રચવા લાગ્યા. ઈ.સ. 1885માં તેમણે 'બાપાની પીપર' નામની એક કવિતા લખી. તે

જોઈએ તો મધ્યકાળની કવિતાની અસરમાંથી છૂટી વિષય, ભાવ, ભાષા, રજૂઆત એમ બધી જ રીતે અર્વાચીનતાનાં લક્ષણો 'બાપાની પીપર' કવિતામાં મળે છે. ઈ.સ. 1847માં તેઓ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ની સ્થપના થઈ તેમાં મંત્રી તરીકે 'બુદ્ધિપ્રકાશ' નામના સામયિકના તંત્રી બન્યા. તેમની સાહિત્યસેવાની કદરરૂપે અંગ્રેજ સરકારે તેમને સી. આઈ. ઈ. (કમ્પેનિયન ઑફ ઇન્ડિયન એમ્પાયર)નો **ખિતાબ** આપીને તેમનું સન્માન કર્યું હતું. ઈ.સ. 1898માં તેમનું અવસાન થયું.

દલપતરામના માનસ ઉપર આટલાં **પરિબળોએ** અસર કરી એમ કહી શકાય : પિતા, સ્વામીનારાયણ સંપ્રદાય, શામળની કવિતાઓ, ફાર્બસ જેવા વિદ્યાપ્રેમી અંગ્રેજ અધિકારી. દલપતરામ શાંત, સરળ અને વિનોદી પ્રકૃતિના હતા. સ્વામીનારાયણ સંપ્રદાયની અસરને લીધે તેઓ 'સત્સંગી' થયા હતા અને તેથી તેમના જીવનમાં સાદગી અને નીતિમત્તા જેવા ગુણો જન્મ્યા. ફાર્બસ સાહેબનો સંપર્ક થવાને લીધે તેમનામાં સુધારકપણું, દેશપ્રેમ, રાજભક્તિ વગેરે ગુણો પ્રગટ્યા. દલપતરામે ફાર્બસ સાહેબ સાથે રહી 'રાસમાળા' નામે ગુજરાતનો ઇતિહાસ રચવામાં સહાય કરી. તેઓ બંને સાથે ગુજરાતમાં ઘણે સ્થળે ફર્યા હતા. દલપતરામે તત્કાલીન દેશસ્થિતિ પર કાવ્યો રચ્યાં હતાં. અંગ્રેજી શાસન આવતાં 'કાયદાનું રાજ' થયું અને દેશમાંથી અશાંતિ અરાજકતા તેમ જ અસલામતી દૂર થયાં તેથી દલપતરામે 'અંગ્રેજી રાજ્ય આ દેશના કલ્યાણ માટે આવ્યું છે એ મતલબની વાણી' 'એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન' તેમણે ઉચ્ચારી. તેમાં એમના સમયના સમાજ-પ્રજાની લાગણીનો પડઘો પાડવાનો પ્રયત્ન હતો, એમ કહી શકાય.

દલપતરામે સમાજસુધારણાની ઘણી પ્રવૃત્તિઓ કરી. તે સંરક્ષક મતના રચનાત્મક સુધારાના **હિમાયતી** હતા. નવી કન્યાશાળાઓ સ્થાપવી, ગ્રંથાલયો સ્થાપવાં, વિદ્યાપ્રસાર માટે ઠેરઠેર વ્યાખ્યાનો આપવાં, કેફ, વ્યસન કે શૅરસટ્ટાનાં અનિષ્ટો વિશે પ્રજામાં જાગૃતિ લાવવી અને તે માટે લોકોને વિચાર કરતા કરવા - 'સજો સૌ સુધારો તજી વાત આડી / સુધારાથી થૈ આ જુઓ આગગાડી.' એવી જોડકણાં જેવી પદ્યરચનાઓ પણ કરી, સુધારાની આબોહવા ઊભી કરી. તેઓ **લોકશિક્ષક** હતા એમ કહી શકાય કારણકે સ્વસ્થ, સમતોલ અને **સૌમ્ય** સ્વભાવના દલપતરામ 'સહુનો સાળો, સહુનો સસરો નિજ દ્વિજ દપલતરામ' એમ નમ્રતાપૂર્વક કહેતા કહેતા જનસમૂહ વચ્ચે ઉપદેશ સાથે સુધારાનું કાર્ય કરતા રહ્યા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હવે આ સંસ્થા 'ગુજરાત વિદ્યાસભા' નામથી ઓળખાય છે) અને 'બુદ્ધિપ્રકાશ' સામયિક દ્વારા લેખો, ચર્ચાઓ, ભાષણો, કવિતાઓ લોકો સુધી લઈ જવામાં તેમને સફળતા મળી.

દલપતરામે સમાજસુધારણાનું કાર્ય સમજદારીપૂર્વક ઉપાડ્યું હતું. તેમણે **અન્યોક્તિ** પ્રકારની કાવ્યરચનાઓ, જનમનરંજક બોધકથાઓ, વિનોદ અને ટીખળ - ચાતુર્ય વગેરે દ્વારા પ્રજામાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. તેમણે પ્રાચીનતા અને અર્વાચીનતાનો સમન્વય કર્યો હતો. આળસ, પ્રમાદ અને અજ્ઞાન દૂર કરવા 'સાગરમંથન કરી ફરી લક્ષ્મી ઉપજાવો' એમ પુરુષાર્થ કરવાનું તેઓ કહે છે. પરદેશગમન, વિધવાવિવાહ જેવાં પ્રગતિશીલ પગલાં લેવા માટે પણ તેમણે સામાજિક અને નૈતિક ખ્યાલો કવિતામાં વણી લીધા હતા. 'વ્હેમયવનની સાથ સુધારાદિત્ય લડે છે' એવા નર્મદના વિચાર સાથે સાગરમંથન કરી લક્ષ્મી પ્રાપ્ત કરવાના પુરુષાર્થનો ખ્યાલ સાચે જ આવકારપાત્ર બન્યો હતો. 'હુન્નરખાનની ચઢાઈ' કાવ્યમાં તેમનો દેશપ્રેમ પણ જોવા મળે છે.

## 2.2 દલપતરામનું સાહિત્યસર્જન

દલપતરામ મુખ્યત્વે કવિ તરીકે ઓળખાયા છે. તેમની અટક પણ ત્રવાડી કે તરવાડી હતી તેને બદલે લોકોમાં તેઓ કવિ તરીકે વિશેષ સન્માન પામ્યા છે, તેથી દલપતરામ ડાહ્યાભાઈ કવિ એમ કહેવાય છે. અલબત્ત, તેમણે ગદ્ય અને પદ્ય ઉભય ક્ષેત્રે સર્જન કર્યું છે.

દલપતરામે રચેલી સઘળી કવિતાઓ 'દલપતકાવ્ય' ભાગ 1 અને 2 એમ બે ગ્રંથોમાં ઉપલબ્ધ છે. અવારનવાર એમાંથી સંચયોરૂપે દલપતરામની કવિતા અભ્યાસમાં લેવાય છે. દલપતરામે જીવનનાં અંતિમ વર્ષોમાં 'હરિલીલામૃત' એ નામે સ્વામી શ્રી સહજાનંદના ચરિત્રને નિરૂપતી દીર્ઘ કાવ્યરચના કરી હતી.

દલપતરામે છંદશાસ્ત્રવિષયક એક પુસ્તક 'દલપતપિંગળ' નામે રચ્યું છે. 'લક્ષ્મી' નાટક તથા 'મિથ્યાભિમાન' નાટક, 'સંપલક્ષ્મીસંવાદ' ઉપરાંત નિબંધો પણ લખ્યા હતા. 'વિદ્યાબોધ,' 'તાર્કિક બોધ એવી ઉપદેશાત્મક પુસ્તિકાઓ રચી હતી.

## 2.3 દલપતરામની કવિતા

દલપતરામમાં કાવ્યરચનાના સંસ્કાર બાળપણથી જ પડેલા હતા. 'હડૂલા' નામે ઉખાણાં જેવી શીઘ્રપદ્યરચના કરવાનો તેમને શોખ હતો. ઉ.ત. 'તોપમાં તો ગોળો જોઈએ, બંદૂકમાં હોય ગોળી; / ભોજો ભગત તો એમ ભણે, જે ફાગણ મહિને હોળી.' આવી શબ્દ અને પ્રાસની ચમત્કૃતિવાળી, કલ્પનાસભર છતાં વિષયવિચાર બાબતે બેફિકરાઈવાળી કેવળ જનમનરંજન અર્થે લખેલી સરળ છતાં સમસ્યાસભર પદ્યરચના તે હડૂલો, એમ કહી શકાય. એમાં શામળ ભટ્ટની કાવ્યશૈલીનો પ્રભાવ જોઈ શકાય છે. પ્રાચીન પ્રણાલિકાની રીતે પદો, ગીતો, ગરબીઓ મોટા પ્રમાણમાં તેમણે લખ્યાં છે.' 'માંગલિક ગીતાવલિ'ની રચનાઓ આ પ્રકારની છે. 'બાપાની પીપર' કવિતા દ્વારા દલપતરામ 'અર્વાચીન કવિતા'ના સર્જક ગણાયા છે તે યોગ્ય છે. મધ્યકાળની ગુજરાતી કવિતાથી દરેક રીતે જુદી પડતી તે કવિતા છે. કવિતાનો વિષય, ભાવ, ભાષા, અભિવ્યક્તિ બધું જ અર્વાચીનતા તરફ ગતિ કરનારું છે. 'હોપ વાચનમાળા'ના કાર્ય નિમિત્તે પણ તેમની અનેક કાવ્યરચનાઓ મળી છે.

દલપતરામને ફાર્બસ સાહેબનો સંપર્ક થયો તે ઘટના દલપતરામના જીવનમાં અને ગુજરાતી સાહિત્યમાં શકવર્તી ઘટના ગણાઈ છે તે ઉચિત છે. દલપતરામ જૂની ઢબની, સીમિત ભાવ-ભાષા-વાળી અને વ્રજભાષાશૈલીમાં રચનાઓ કરતા હતા તેને બદલે હવે શુદ્ધ અર્વાચીન ગુજરાતીમાં અનેક નવા વિષયો નવા ભાવનિરૂપણ સાથે તેમણે આલેખ્યા, એ જોતાં દલપતરામની કવિતાનો ક્રમિક વિકાસ જોવા મળે છે.

દલપતરામ મોટા સમાજસુધારક ગણાય. તેમણે લોકોમાં સુધારાના વિચાર જગાવવા પોતાની રીતે પ્રયત્નો કર્યા. શૅરસટ્ટાની ગરબીઓ કે કેફ ન કરવા વિશે, મિથ્યાભિમાન-કંજૂસાઈ-પરદોષ દર્શન જેવા નાના નાના વિષયો પર ચાતુરીપૂર્વક છતાં બોધક નાનકડી કવિતાઓ પુષ્કળ પ્રમાણમાં રચી. એ પણ સમાજસુધારણાના હેતરૂપે જ રચાઈ છે. તેમની ઉત્કટ દેશભક્તિનો પરિચય 'હુન્નરખાનની ચડાઈ' માં પ્રગટ થાય છે. કવિતા દ્વારા દેશસ્થિતિ પર રચેલું એ ભાષણ છે. એમાં દેશીજનોને સંબોધીને કાઢેલા ઉદ્‌ગાર ઉત્કટ સ્વદેશ પ્રેમનો નમૂનો બની રહે છે. દલપતરામના સમયની સામાજિક સમસ્યાઓ પરદેશગમન પર પ્રતિબંધ અને બાળલગ્નો હતાં. તેમણે વિધવા-વિવાહની હિમાયત કરતું 'વેનચરિત્ર' લખ્યું અને સમાજમાં અનાચારથી વિધવાવિવાહ સારો એમ સ્પષ્ટ કહ્યું : 'બાળરાંડ સ્ત્રી પુરુષને બાળે જ્યારે કામ / સુનીતિનું જળ સીંચીને વિવેકિ લે વિશ્રામ.' નીતિનો પક્ષ જેમાં લેવાયો છે તેવું, કવિનું આ કાવ્ય તે જમાનામાં સુધારાનું પુરાણ તરીકે ઓળખાયું હતું.

'દલપતકાવ્ય' ના બે ગ્રંથોમાં સમાવેશ પામેલી બીજી બે નોંધપાત્ર રચનાઓમાં 'ફાર્બસવિલાસ' અને 'ફાર્બસવિરહ' છે. આપણે આગળ જોઈ ગયા છીએ કે દલપતરામના જીવનઘડતરનું એક અગત્યનું પરિબળ ફાર્બસ સાહેબ બની ગયા હતા. દલપતરામના માનસિક વિકાસમાં, સુધારાના કાર્યમાં, વિદ્યાવૃદ્ધિના કાર્યમાં, નવી ઢબની કવિતાના સર્જનમાં તેઓ સહજ નિમિત્ત બન્યા હતા. સમયની દૃષ્ટિએ પ્રાચીનતામાં જન્મેલા દલપતરામનો અર્વાચીન અવતાર ફાર્બસના સંપર્કથી થયો તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. 'રાસમાળા'ના કામ નિમિત્તે તેઓ બંને ખૂબ નજીક આવ્યા હતા, તેવી જ રીતે 'હોપ વાચનમાળા'ના કાર્ય નિમિત્તે, દલપતરામની ફાર્બસ પ્રત્યે મૈત્રી ગાઢ બની હતી. એવા દલપતરામ 'ફાર્બસવિલાસ' કૃતિ મારફતે મિત્રપ્રીતિ વ્યક્ત કરે તે સ્વાભાવિક છે. પરંતુ 'ફાર્બસવિરહ' નામની કાવ્યરચના મિત્ર ફાર્બસના અવસાનને નિમિત્ત બનાવે છે. ગુજરાતી ભાષાની તે સૌ પ્રથમ કરુણપ્રશસ્તિ (elegy) રચના છે. તેમાં મૃત સ્વજનના શોકને, તેની યાદમાં ગુણ સંભારીને, પ્રશસ્તિરૂપે રજૂ કરવામાં આવતો હોય છે. 'ફાર્બસવિરહ'માં કવિની મિત્ર પ્રત્યેની લાગણીઓ વિરહને લીધે શોકમાં ઘનીભૂત થઈને વહે છે :

"વા'લા તારાં વેણ, સપનામાં પણ સાંભરે; નેહ ભરેલાં નેણ, ફરી ન દીઠાં ફાર્બસ."

સ્વરૂપ અને રસનિરૂપણની દૃષ્ટિએ કવિની શૈલીની કેટલીક કચાશ નજરે પડે છે તેમ છતાં તેમની

સર્જનશક્તિના ચમકારા અહીં તહીં વેરાયેલા જરૂર અનુભવાય છે. 'ફાર્બસવિરહ' દલપતરામની અને ગુજરાતી કવિતાની નોંધપાત્ર રચના થઈ છે. 'હરિલીલામૃત' કવિશ્રીના જીવનની અંતિમ કાવ્યપ્રસાદી છે.એમાં મહાન સમાજસુધારક અને ધર્મપ્રવર્તક શ્રીજી મહારાજનું ચરિત્ર આલેખાયું છે. એ ગ્રંથના કર્તા તરીકે એ સમયના વડતાલના મંદિરના આચાર્યશ્રી વિહારીલાલજીનું નામ મુકાયેલ છે પરંતુ સમગ્ર કાવ્યકૃતિમાં કવિ દલપતરામનું કર્તૃત્વ અછતું રહેતું નથી.

## 2.4 દલપતરામનું ગદ્ય સાહિત્ય

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પદ્યપ્રધાન હતું એમ આપણે જોઈ ગયા છીએ. અર્વાચીન યુગમાં કવિ નર્મદે અંગ્રેજી કેળવણીના પરિચય પછી વ્યવસ્થિત ગદ્યલેખનનો ગુજરાતીમાં પ્રારંભ કર્યો. દલપતરામે પણ નર્મદની જેમ ગદ્યસ્વરૂપમાં સર્જન કર્યું તેની પાછળ મુખ્ય ઉદ્દેશ સંસાર સુધારણાનો હતો. દલપતરામે ઈ. 1950માં 'ભૂત' નિબંધ લખીને ગદ્યલેખન આરંભ્યું. ફાર્બસની પ્રેરણાથી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ યોજેલી એક ઇનામી નિબંધસ્પર્ધામાં આ નિબંધ ઇનામપાત્ર ગણાયો હતો. ઈ.સ. 1851માં 'જ્ઞાતિનિબંધ' અને ઈ.સ. 1854માં 'બાળવિવાહ' નિબંધ લખ્યા. તર્કબદ્ધ વિચારો મૂકીને તે સમયે સમાજમાં પ્રવર્તતા વહેમોનું ખંડન કરવા માટે, સમાજસુધારાક્ષેત્રે જનજાગૃતિ લાવવા માટે તેમણે આ ઉદ્યમ કર્યો હતો. દલપતરામની સુધારક-વૃત્તિ 'સજન સંભળાવજો રે, ધીરે ધીરે સુધારાનો સાર'ની રીતિની હતી, જે નર્મદની 'યા હોમ કરીને' ઝંપલાવી દેવાની રીતિથી ભિન્ન દિશાની હતી; છતાં બંનેનું લક્ષ્ય એક જ હતું. દલપતરામે વિપુલ પ્રમાણમાં અને વ્યવસ્થિત પણે ગદ્યનું ખેડાણ કર્યું તે માટે 'બુદ્ધિપ્રકાશ' માસિક તેમના વિચારોને વ્યક્ત કરવા માટે ઉપયોગી માધ્યમ બની રહ્યું હતું.

ઈ.સ. 1850માં દલપતરામે 'લક્ષ્મી' નાટક તથા ઈ. 1870માં 'મિથ્યાભિમાન' એમ બે નાટકો લખ્યાં. ગ્રીક નાટક 'પ્લુટસ'ને આધારે 'લક્ષ્મીનાટક' રચાયું છે એનું કથાનક તેમના અંગ્રેજ મિત્ર ફાર્બસ પાસેથી સાંભળવા મળેલું. સંવાદકોટિથી એ નાટક આગળ વધતું નથી તેમ છતાં ગુજરાતના લોકનાટ્ય ભવાઈના દશ્યરૂપમાં સંવાદરચના કરી એને રચવાની મથામણ કરી જોઈ છે. "અંગ્રેજી ગ્રંથના આધારથી ગુજરાતીમાં ત્રવાડી દલપતરામ ડાહ્યાએ એ.કે. ફાર્બસ સાહેબની સહાયતાથી ગુજરાત વરનાક્યુલર સોસાયટીને માટે બનાવ્યું છે," એમ શિલાછાપમાં છપાયેલા નાટકના આરંભમાં નોંધ મૂકેલી છે.

'મિથ્યાભિમાન' નાટક ઇનામી સ્પર્ધા માટે લખાયેલું નાટક છે.' મિથ્યાભિમાન વિશે હાસ્યરસમાં નાટકરૂપી નિબંધ'ની રચના અંગે નાટ્યલેખનની સ્પર્ધા યોજેલી તેમાં કવિને રૂપિયા દોઢસોનું ઇનામ મળેલું. આઠ અંક અને પંદર પ્રવેશમાં વિસ્તરેલા આ નાટકનું મુખ્ય પાત્ર જીવરામ ભટ્ટ છે. તેઓ મૂર્ખ છતાં મિથ્યાભિમાન સેવે છે. રતાંધળા છે છતાં સાસરીમાં પણ દંભ અને અભિમાન છોડતા નથી તેથી હાસ્યાસ્પદ બને છે. એવા અનેક પ્રસંગો આ નાટકમાં ઠેરઠેર વેરાયેલા પડ્યા છે. એકથી અધિક રમૂજસભર પરિસ્થિતિઓ, ગોટાળાઓ અને મરમાળા સંવાદોમાં ચમકતી ઉક્તિઓ નાટકને સળંગપણે રસવાહી અને જીવંત રાખે છે. તેમણે પોતે આ નાટકને 'ભૂંગળ વિનાની ભવાઈ' કહીને ઓળખાવ્યું છે. ભરપૂર નિર્દોષ મનોરંજન પૂરું પાડતી આ કૃતિ સરસ નાટ્યરચના બની છે. એમાં ભવાઈ સ્વરૂપ અને સંસ્કૃત નાટ્યશૈલી ઉપરાંત અંકો-પ્રવેશોની યોજના વગેરેમાં પાશ્ચાત્ય નાટ્યશૈલીનો સમન્વય જોવા મળે છે. કર્તાને યશ અપાવે તેવી આ નાટ્યકૃતિ આજે પણ એટલી જ ભજવણીક્ષમ રહી છે એ એની સફળતાની પારાશીશી છે. 'મિથ્યા[illegible] માં આવતું રંગલાનું પાત્ર ગુજરાતી રંગભૂમિનો આદિ વિદૂષક છે.

તેમણે નવા કવિઓ માટે 'દલપતપિંગળ' નામે છંદશાસ્ત્ર નામે એક ગ્રંથ આપ્યો છે. એકંદરે જોઈએ તો ગદ્યલેખક તરીકે તેમની પ્રતિભા સામાન્ય કોટિની છે.

## 2.5 દલપતરામની સાહિત્યસેવાનું મૂલ્યાંકન

દલપતરામે કવિતા, નિબંધ, નાટક, લેખો, પિંગળ આદિ ક્ષેત્રે સાહિત્ય રચવા પ્રયત્ન કર્યો. તેઓ તેજસ્વી પ્રતિભાવાળા નહિ પણ મધ્યમ સર્ગશક્તિ ધરાવતા કવિ હતા. કવિતા વિશેની તેમની સમજ પણ પ્રાથમિક કક્ષાની - બાલદશાની હતી. શામળ કથિત 'સાદી ભાષા, સાદી કડી' એવો કાવ્યાદર્શ એમનામાં [illegible]વા મળે [illegible] તો '[illegible]ગાંજો નથી ભાંગ નથી, બાળી પીવા બીડી નથી

/પત્રપુષ્પવાળી આ શ્રીમાળી તણી છાબ છે' એ કથનમાં સ્વામીનારાયણ સંપ્રદાયદીધી **દીક્ષા**ની અસર નીતિ અને સદાચારરૂપે વ્યક્ત થતી જોવા મળશે. તેઓ 'રચ્યા છે રૂડા છંદ દલપતરામે' એમ છંદમાં રચાઈ એટલે કવિતા થઈ એવું માનતા લાગે છે. આ બધું જોતાં કહી શકીએ કે કવિતા વિશે તેમની સમજ ઘણી કાચી, કંઈક અંશે અધૂરી, ભૂલભરેલી છે. આથી જ તેમનાં કાવ્યોમાં સર્ગશક્તિનું ઊંડાણ જોવા નથી મળતું. મોટાભાગની કવિતા **અભિધા**માં જ રાચે છે, કલાદષ્ટિએ પણ દલપતરામનું લક્ષ્ય ઊંચું નથી. તેમને મન કવિતા એ **સાધ્ય** નહિ, બલકે સાધન હતું. સમાજસુધારાના કાર્યમાં તેમને માટે કવિતા એક સાધન માત્ર હતી. કવિતા દ્વારા વ્યાખ્યાન, અરજી, બોધ, ઉપદેશ, નિબંધાત્મક લખાણ, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન બધું જ રજૂ થાય છે. કલાગત મર્યાદાને કારણે જ કોઈક વિવેચકે તેમને 'ગરબી ભટ્ટ' કહ્યા હતા. જો કે, આમ છતાં દલપતકવિતાના ઘણા અંશો આજે પણ આસ્વાદ્ય રહ્યા છે.

દલપતરામની કવિતાની કેટલીક વિશેષતાઓ છે. કાવ્યકળા પરત્વે દલપતરામમાં સાચો ઉત્સાહ છે. શબ્દ અને અર્થની અમત્કૃતિ પર દલપતરામનું પ્રભુત્વ છે. છંદ, વિષય તેમ જ કાવ્ય સ્વરૂપના ક્ષેત્રે તેમણે ઘણું કામ કર્યું છે. લગભગ બધા વિષયો તેમણે કાવ્યમાં ગૂંથવા પ્રયત્ન કર્યો છે. મુક્તકો, ટૂંકાં પદો, ગરબીઓ, ગીતોમાં દીર્ઘકાવ્યોને મુકાબલે ચુસ્તતા જળવાઈ છે. એમાં રચનારીતિનું લાવણ્ય પ્રગટતું જોવા મળે છે. દૃષ્ટાંતશક્તિ, ઠાવકું હાસ્ય, નરવો વિનોદ, કલ્પનાશક્તિ, સરળ અભિવ્યક્તિ કવિ તરીકે જમા પાસામાં છે.

તેમની કવિ તરીકેની મર્યાદાઓ પણ ઉપરના પરિચ્છેદમાં આપણે જોઈ છે. એ કારણોને લીધે તો તેઓ એ યુગપૂરતા જ કવિ બની રહ્યા. અલબત્ત સુંદરમ્ યોગ્ય જ કહે છે કે દલપતકાવ્ય રીતિ કોઈપણ નવા કાવ્યરચનાકાર માટે અનુકરણપાત્ર રહી છે. દલપતરીતિની કવિતા નરસિંહરાવ, મણિલાલ, બાલાશંકર, કાન્ત, ખબરદાર વગેરે કવિઓના સર્જનની પ્રારંભદશામાં પ્રતિબિંબિત થાય છે. કવિતા અને નાટ્યક્ષેત્રે દલપતરામે તેમની શક્તિ અને મર્યાદા અનુસાર સંતોષજનક સાહિત્યસેવા કરી, સંસારસુધારાનું કાર્ય નિષ્ઠાપૂર્વક બજાવ્યું. ગદ્યકાર તરીકે તેઓ સામાન્ય પ્રતિભા દાખવી શકયા. આમ છતાં ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ તો દલપતરામ આપણા પ્રાચીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યની મહત્ત્વની કડી છે.

## 2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *અર્વાચીન કવિતા* : સુંદરમ્
2. *આધુનિક કવિતાપ્રવાહ* : ડૉ. જયંત પાઠક
3. *ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-3* : પ્ર૦ ગુજરાતી સાહિત્ય પરિષદ
4. *જ્ઞાનગંગોત્રી ગ્રંથમાળા - ગ્રંથ-11* : પ્ર૦ સરદાર પટેલ યુનિવર્સિટી
5. *દલપતરામ-એક અધ્યયન* : પ્રા. હસિત બૂચ
6. *દલપતરામ* : ડૉ. મધુસૂદન પારેખ
7. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા ખંડ-1* : ડૉ.ધીરુભાઈ ઠાકર
8. *અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ* : ડૉ. રમેશ એમ. ત્રિવેદી

## 2.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વેદપાઠી** - વેદનું પઠન કરનાર
**કર્મકાંડી** - વેદમાં સૂચવ્યા પ્રમાણે ધાર્મિક ક્રિયાઓ કરનાર
**યજ્ઞોપવીત સંસ્કાર** - બ્રાહ્મણને જનોઈ આપવાનો એક ધાર્મિક સંસ્કાર
**વેદાધ્યયન** - વેદનો અભ્યાસ
**દીક્ષા** - ગુરુ પાસેથી વ્રત, નિયમ કે મંત્ર લેવો તે
**હડૂલા** - એક કાવ્યપ્રકાર
**સત્સંગ** - ધાર્મિક મિલન
**ખિતાબ** - ઇલકાબ

| | | |
|---|---|---|
| પરિબળો | - | કારણરૂપ સ્થિતિ |
| હિમાયતી | - | સમર્થન-તરફદારી કરનાર |
| લોકશિક્ષક | - | જનસમૂહના શિક્ષક |
| સૌમ્ય | - | સુશીલ, શાંત |
| અન્યોક્તિ | - | એક અર્થાલંકાર, બોલવું અમુકને ઉદ્દેશીને અને લાગુ પાડવું કોઈ બીજાને એવી વાણીની ચાતુરી. |
| ઉપલબ્ધ | - | મળેલું, મેળવેલું |
| શીઘ્રપદ્યરચના | - | તરત જ કરવામાં આવતી કવિતા |
| શકવર્તી | - | યાદગાર |
| પુરાણ | - | પ્રાચીન દેવકથા અને મનુષ્યકથા જેમાં આપેલી હોય એવું પુસ્તક. કુલ અઢાર પુરાણો ગણાયાં છે. |
| કરુણપ્રશસ્તિ | - | એ નામનો એક અંગ્રેજી સાહિત્યનો કાવ્ય પ્રકાર - elegy તેમાં મૃત સ્વજન પ્રત્યે શોક અને તેના ગુણોની પ્રશંસા મુખ્ય હોય છે. |
| ઘનીભૂત | - | નક્કર કે ઘટ્ટ બનેલું |
| કર્તૃત્વ | - | કરવાની શક્તિ, કાર્યશક્તિ |
| લોકનાટ્ય | - | લોકો માટે ભજવાતું એક પ્રકારનું નાટક |
| ભવાઈ | - | ગુજરાતનું લોકનાટ્યનું સ્વરૂપ |
| શિલાછાપ | - | શિલા ઉપર કોતરીને કરેલું છાપકામ |
| ભજવણીક્ષમ | - | ભજવી શકાય તેવી ક્ષમતાવાળું |
| સર્ગશક્તિ | - | સર્જનશક્તિ |
| અભિધા | - | શબ્દનો મૂળ અર્થ, એ અર્થની બોધક શબ્દશક્તિ |
| સાધ્ય | - | સિદ્ધ કરવા યોગ્ય, લક્ષ્ય |

**'તમારી પ્રગતિ ચકાસો' –2**

(1) દલપતરામના જીવનઘડતરનાં મુખ્ય પરિબળો કયાં કયાં છે ?

(2) દલપતરામે સમાજસુધારણાની કઈ કઈ પ્રવૃત્તિ કરી ? કેવી રીતે કરી ?

(3) ફાર્બસ સાહેબના મિલનથી દલપતરામને એક સર્જક તરીકે કયો લાભ થયો ?

(4) 'મિથ્યાભિમાન' કૃતિ વિશે પાંચ વાક્યો લખો.

(5) દલપતરામની કવિતાની મુખ્ય મુખ્ય મર્યાદાઓ ગણાવો.

# એકમ 3 નર્મદ

**રૂપરેખા**

3.0 પ્રસ્તાવના
3.1 જીવન અને ઘડતરનાં પરિબળો
3.2 નર્મદનું સાહિત્યસર્જન
3.3 નર્મદની કવિતા
3.4 નર્મદનું ગદ્ય સાહિત્ય
3.5 નર્મદ - નવપ્રસ્થાનકાર તરીકે
3.6 દલપત-નર્મદની તુલના
3.7 નર્મદની સાહિત્યસેવાનું મૂલ્યાંકન
3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો
3.9 ચાવીરૂપ શબ્દો

## 3.0 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જૂનાને જાળવી રાખનાર અને નવાને યથાશક્તિ આવકારનાર તરીકે દલપતરામ જાણીતા થયા છે. નર્મદ ખરા અર્થમાં નવા જમાનાનો - અર્વાચીન સમયનો **અગ્રેસર** બન્યો છે. અંગ્રેજ પ્રજાની સુવિકસિત સંસ્કૃતિનો પરિચય ગુજરાતી પ્રજાને તે સમયે નજીકથી થવા લાગ્યો હતો, પ્રજાનાં સમગ્ર અંગોમાં નવું **ચૈતન્ય** ધબકવા લાગ્યું હતું. નવી અંગ્રેજી કેળવણીના સંસ્કાર નર્મદે ખૂબ ઝડપથી ઝીલ્યા હતા અને તેથી જ સમાજસુધારાની બાબતમાં તેનો અવાજ **બુલંદ** બન્યો હતો. આથી સાહિત્યના ઇતિહાસમાં નર્મદ 'સમયમૂર્તિ' કે 'યુગમૂર્તિ' તરીકે ઓળખાયો છે.

## 3.1 જીવન અને ઘડતરનાં પરિબળો

### નર્મદશંકર લાલશંકર દવે (જ. ઈ. 1833 અ. ઈ. 1886)

સમયની દૃષ્ટિએ દલપતરામ પરંતુ અર્વાચીનતાના સાચા અર્થમાં અગ્રણી એવા કવિ નર્મદનો જન્મ ઈ.1833માં સૂરતમાં નાગર બ્રાહ્મણ લાલશંકર દવેના ઘેર થયો હતો. લાલશંકર દવેના અક્ષરો સુંદર, મરોડદાર હતા તેથી લખાણોની સ્વચ્છ નકલ કરવાનું **લહિયા**નું કામ તેઓ કરતા હતા તેથી 'લાલશંકર લહિયા' તરીકે સૌ તેમને ઓળખતા હતા. નર્મદે પ્રાથમિક શિક્ષણ સુરતમાં અને માધ્યમિક શિક્ષણ મુંબઈની **એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ**માં લીધું હતું. નાની વયમાં જ તેનાં લગ્ન તે જમાનાની રૂઢિ અનુસાર થઈ ગયાં હતાં. કૉલેજના પ્રથમવર્ષમાં તે મુંબઈ રહીને અભ્યાસ કરતો હતો ત્યારે ઘરના પ્રતિકૂળ સંજોગોને લીધે તેને ઉચ્ચ અભ્યાસ છોડી દેવો પડ્યો હતો. ત્યારબાદ સુરત આવીને નજીકમાં આવેલા રાંદેર ગામની શાળામાં મહ... ...ી તેણે સ્વાકારી હતી. થોડા જ સમયમાં તેની પત્નીનું અવસાન થયું. **ઘરભંગ** થયેલો નર્મદ મુંબઈ પાછો આવી ફરીવાર અભ્યાસમાં ચિત્ત પરોવવા પ્રયત્ન કરવા માંડ્યો. નર્મદ પહેલેથી જ અભ્યાસમાં હોશિયાર હતો. ભાષા, ગણિત, ઇતિહાસ તેના રુચિના વિષયો હતા. ભણીને શું કરવું તે વિશે તેના મનમાં અનેક તર્કવિર્તક ચાલતા હતા.મહત્ત્વાકાંક્ષી અને ચંચળ પ્રકૃતિના નર્મદને મુંબઈમાં નોકરી કરવી **'દાસપણું'** લાગતું હતું. મુંબઈમાં અભ્યાસ કરતો હતો ત્યારે સરખેસરખા મિત્રોને એકઠા કરી, મંડળી રચી પોતે વિચારો વ્યક્ત કરતો. અહીં જ તેણે પોતાનો સૌ પ્રથમ ગદ્યલેખ નિબંધના રૂપમાં રજૂ કર્યો. કૉલેજનું પ્રથમ વર્ષ પૂરું કર્યા વગર તેણે અભ્યાસ છોડી દીધો.

તરુણવયના નર્મદના વાંચવામાં ધીરા ભગતનાં પદો આવ્યાં. એમાંથી પ્રેરણા મેળવી તેણે આત્મવિશ્વાસ સાથે પદો રચવા માંડ્યાં. તેને મનમાં ગડમથલ થાય છે અને પદો બનાવવાથી આનંદ થાય છે તો હું એ જ કામ કરીશ, 'શેર જુવાર તો મળી રહેશે' એવો સંકલ્પ કરે છે.

નિશાળના કામમાં પણ દિલ ન લાગવાથી નોકરી છોડી દીધી અને સાહિત્યોપાસના માટે તેણે **કલમને ખોળે માથું ટેકવ્યું.** અનેક સંકટો આવ્યાં અને તે ઝઝૂમતો રહ્યો. સમાજસુધારાના કાર્યમાં પણ એટલી જ ધગશથી ઝઝૂમતો રહ્યો. ઈ.1886માં માત્ર 53 વર્ષની વયે તેનું અવસાન થયું. ટૂંકા આયુષ્યમાં પણ તેનું જીવન ખૂબ પ્રવૃત્તિસભર રહ્યું હતું. તે આ યુગનો નોંધપાત્ર સમાજસુધારક અને સાહિત્યકાર હતો.

નર્મદના જીવનઘડતરમાં મુખ્ય પરિબળો આટલાં હતાં - પિતા, અંગ્રેજી કેળવણી, ધીરાનાં પદ તેનો જમાનો. નર્મદને શિક્ષણ આપવામાં, નોકરીએ જોતરવામાં, છંદ પાકા કરવામાં, પ્રોત્સાહન પૂરું પાડવામાં વત્સલ પિતા લાલશંકર દવે હતા. તેવી જ રીતે નવી અંગ્રેજી કેળવણીએ પણ નર્મદના જીવનમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. કૉલેજના પ્રથમ વર્ષ સુધી અભ્યાસ કરી શક્યો તેથી નર્મદનું માનસ શિક્ષિત પણ બન્યું હતું અને વિચારશીલ પણ બન્યું હતું. તેને અંગ્રેજી કેળવણીના સંપર્કને લીધે જ પોતાના જમાનાની મર્યાદાઓ એકદમ નજરે પડી અને તે માટે તે સમાજસુધારાના આંદોલનને જગવવામાં **નિમિત્ત** બન્યો. નર્મદ ઊર્મિશીલ પ્રકૃતિનો યુવાન હતો અને અવસ્થા તથા સંજોગોવશાત્ પ્રેમભરી લાગણી તેમ જ હતાશાના ભાવોથી સભર હતો. તેવા સમયે ધીરા ભગતની સીધી સાદી ભજનવાણી તેના સંવેદનશીલ હૃદયને સ્પર્શી ગઈ. કાવ્યસર્જન માટેનું આ પણ નિમિત્ત પરિબળ બની રહ્યું. નર્મદનો જમાનો-સમાજ એટલે મોટે ભાગે ધાર્મિક અને સામાજિક રીતે પછાત સમાજ. વહેમો, માન્યતાઓ, કુરિવાજોથી સમાજ ઘેરાયેલો હતો. રાજકીય રીતે તો પરતંત્રતા હતી જ. એકંદરે લોકો કશું જ વિચારી શકતા ન હતા. આ મર્યાદા જોઈને નર્મદના ચિત્તપ્રદેશમાં **વિદ્રોહ** પ્રગટ્યો. તેણે સુધરાનું કાર્ય **અવિલંબે** ઉપાડ્યું અને તેની સર્જનશક્તિ પણ સુધારાના આંદોલનમાં નિમિત્ત બની રહી. અખૂટ શ્રદ્ધાભાવથી જ તે કલમને ખોળે માથું મૂકવા વિચારે છે. ખરા જોસ્સાથી, ખેલદિલથી અને વિચાર-વાણી-વર્તનની એકવાક્યતા સાથે તેણે સુધારાનું કાર્ય ઉપાડ્યું હતું. સંજોગો બદલાતાં તેની ઉત્તરવયમાં સુધારાના વિચારો જરા ઠરેલપણાથી અમલમાં મૂકવા તેણે વિચાર્યું. એના આ વિચારપરિવર્તન માટે પણ તેનો જમાનો મહત્ત્વનું પરિબળ બની રહે છે.

## 3.2 નર્મદનું સાહિત્યસર્જન

નર્મદે જે કાવ્યો રચ્યાં છે તે બધાંનો સંગ્રહ 'નર્મકવિતા' નામે ગ્રંથમાં થયો છે. તે જ રીતે નર્મદે ગદ્યમાં કરેલાં લખાણો 'નર્મગદ્ય' નામે ગ્રંથમાં સંગ્રહાયાં છે. એ સૌ લખાણોમાંથી સાહિત્યગુણે સાચવવા લાયક લખાણ 'નર્મદનું મંદિર' (પદ્યવિભાગ) તથા 'નર્મદનું મંદિર' (ગદ્યવિભાગ) એ નામથી બે પુસ્તકો દ્વારા સંપાદિત થયેલાં છે. તાજેતરમાં જ સૂરતમાં નર્મદ સાર્ધજન્મ શતાબ્દી સમિતિએ નર્મદની કાવ્યસંપત્તિને સંપાદિત કરીને પ્રગટ કરી આપી છે.

નર્મદે 'કૃષ્ણાકુમારી,' 'રામજાનકી દર્શન,' 'દ્રૌપદી દર્શન,' 'સીતાહરણ,' 'બાળકૃષ્ણ વિજય' વગેરે નાટકો લખ્યાં છે. 'મારી હકીકત' તેની આત્મકથાનું પુસ્તક છે. 'ધર્મવિચાર' નામે એનાં લખાણોનો એક લેખસંગ્રહ થયેલો છે. 'રાજ્યરંગ' એ તેણે આપેલું ઇતિહાસનું પુસ્તક છે. 'નર્મકોશ' નામથી એણે ગુજરાતી ભાષાનો શબ્દાર્થકોશ આપવાનો પ્રથમ પ્રયત્ન કર્યો છે.

નર્મદે લોકજાગૃતિ અને સુધારણાના કાર્યમાં ઉપયોગી થાય એ હેતુથી 'ડાંડિયો' નામે એક વિચારપત્ર (સામયિક) પણ શરૂ કર્યું હતું. સાહિત્યસ્વરૂપોની દૃષ્ટિએ જોઈએ તો કવિતા, નિબંધ, નાટક, જીવનચરિત્ર, આત્મકથા,વિવેચન, સંપાદન, સંશોધન, કોશકાર્ય, ઇતિહાસ, લેખ, પત્રકારત્વ એમ વિવિધ ક્ષેત્રો તેણે ખેડ્યાં છે.

## 3.3 નર્મદની કવિતા

ગુજરાતી કવિતામાં સાચા અર્થમાં અર્વાચીનતા દલપતરામમાં નહિ, પણ નર્મદમાં જોવા મળે છે. ઈ.1855માં તેણે કવિતા રચવાનો આરંભ કર્યો તે 'અવસાનસંદેશ' નામના તેના છેલ્લા કાવ્ય સાથે ઈ.1886માં વિરામ પામે છે. લગભગ ત્રણ દાયકા સુધી તેણે કાવ્યસર્જન કર્યું.

મધ્યકાળમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય વગેરે કવિતાના મુખ્ય વિષયો રહ્યા હતા. અંગ્રેજી કેળવણીના

સંપર્કે ધર્મ સાહિત્યસર્જનના કેન્દ્રમાંથી ખસી ગયો અને વ્યક્તિ-સમાજ કેન્દ્ર સ્થાને આવ્યો. તે સાથે જ ભાવ, ભાષા, અભિવ્યક્તિ બધું બદલાયાં. નર્મદ અત્યંત સંવેદનશીલ યુવાન હતો. ધીરા ભગતની કવિતાની અસર હેઠળ તેણે બસો જેટલાં પદો રચ્યાં. તે વખતે 'ભણવું, કમાવું, બૈરી કરવી એ સૌ આનંદને માટે છે, ને મને જ્યારે પદો બનાવવાથી આનંદ થાય છે ત્યારે હું તો એ જ કામ કરીશ, ને શેર જુવાર તો મળી રહેશે' એવો આત્મશ્રદ્ધાનો ભાવ પ્રગટ કરે છે, તે એની મનોદશા સૂચવે છે. તેની આત્મકથામાં પણ તેણે આવું જ કહ્યું છે : 'મારું મન કવિતા તરફ લાગેલું તેથી મને સ્કૂલમાં છોકરાઓ સાથે માથું ફોડવું દુરસ્ત ન લાગ્યું' અને એક દિવસ પિતાજીને પૂછ્યા વિના જ નોકરી છોડી દીધી. વિદ્યોપાસના અને સાહિત્યોપાસના માટે જ તેણે નોકરીનો ત્યાગ કર્યો અને 'કલમ, તારે ખોળે દઉં' એવી પ્રતિજ્ઞા ક્રરી અને અનેક સંકટો વચ્ચે સંઘર્ષ જારી રાખીને પ્રતિજ્ઞાપાલન માટે 'જંગ' જારી રાખ્યો, અને સમાજસુધારાના કાર્યમાં તન-મનથી લાગી ગયો. તેથી તેને 'સુધારાનો સેનાની' પણ કહેવામાં આવે છે. નર્મદે સામાજિક સુધારણાનું જેમ કામ કર્યું તેમ સાહિત્યના ક્ષેત્રમાં તેણે અનેક નવાં પ્રસ્થાનો કર્યાં. નિષ્ઠા, ઉત્સાહ અને ખંતથી ગુજરાતી સાહિત્યને **નવપલ્લવિત** કરવા પ્રામાણિક પ્રયત્નો કર્યા તેથી ગુજરાતી સાહિત્યને ઘણો લાભ થયો. ઈ.1886માં તેનું અવસાન થયું, ત્યારે તેની ઉંમર માત્ર ત્રેપન વર્ષની હતી; આમ છતાં ગુજરાતી સાહિત્યમાં તેણે કરેલાં કેટલાંયે **નવપ્રસ્થાનો**ને લીધે તે 'અર્વાચીન યુગનો અરુણ,' 'અર્વાચીન ગદ્ય-પદ્યનો **આદ્યપ્રણેતા**' તરીકે યોગ્ય રીતે જ ઓળખાયો છે.

નર્મદની કવિતા વિષયની દૃષ્ટિએ પણ મધ્યકાળની કવિતાથી જુદી પડે છે. અર્વાચીન કેળવણીના **સંસ્પર્શ**ને લીધે નર્મદની કવિતા કેવળ ભક્તિ કે વૈરાગ્ય આદિ વિષયોમાં **સીમિત** ન રહી. સમાજસુધારણાનું તેણે જે કાર્ય ઉપાડ્યું હતું તેને લીધે સામાજિક પ્રશ્નો, સંસારસુધારો એની કવિતાના વિષયો બન્યા. વળી પ્રકૃતિપ્રેમ, સ્વતંત્રતા, સ્વદેશાભિમાન,માનવભાવો એની કવિતામાં સૌ પ્રથમ વાર વિષય તરીકે નિરૂપાયા. એ રીતે જોતાં એમ કહી શકાય કે ગુજરાતી કવિતાનું ક્ષેત્ર તો વિશાળ બન્યું જ, ગુજરાતી કવિતા નવી જ દિશા તરફ પ્રયાણ કરવા તરફ વળી. અર્વાચીન ગુજરાતી કવિતાને નવા જ વિષય, નવા જ આકાર, નવા જ ભાવ, નવી જ રીતિ સાચા અર્થમાં સૌ પ્રથમ નર્મદની કવિતા મારફતે મળ્યાં એમ કહી શકાય. 'લાગણી,' 'જોસ્સો,' 'દેશાભિમાન,' વગેરે શબ્દોનો તેણે સૌ પ્રથમ વાર આપણને પરિચય કરાવ્યો. 'પ્રેમ-શૌર્ય' નર્મદનો જાણે **મુદ્રાલેખ** હતો; એ જ એના જીવનકાર્યની ફિલસૂફી હતી. એની કેટલીયે કાવ્યપંક્તિઓ એક વખત આસ્વાદ્યા પછી ભુલાતી નથી. ઉ.ત. 'યા હોમ કરીને પડો, ફત્તેહ છે આગે'; 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું'; 'શંખનાદ સંભળાયે ભૈયા, શૂર પુરુષને તેડું હો'; 'ધિઃક ધિઃક દાસપણું, બળ્યું તમારું શાણપણું'; 'ઝટ્ટ ડહોળી નાખો રે મનજળ થંભ થયેલું'; 'દેખી દારુણ દેશીનાં દુઃખ નર્મદ દિલ દાઝે છે'; 'સર્વ સાર એટલો, સ્વતંત્રતા હીરાકણી'; 'તાપી દક્ષિણ તટ, સુરત મુજ ઘાયલ ભૂમિ / મને ઘણું અભિમાન ભોંય તારી મેં ચૂમી'; 'નવ કરશો કોઈ શોક રસિકડાં નવ કરશો કોઈ શોક' વગેરે.

'મોગરો,' 'કુમુદચંદ્રપ્રેમપત્રિકા,' 'કબીરવડ,' 'જય ગરવી ગુજરાત,' 'અવસાનસંદેશ,' 'હિંદુઓની પડતી,' 'વીરસિંહ' વગેરે તેની જાણીતી કાવ્યરચનાઓ છે. 'વીરસિંહ' અને 'રુદનરસિક' દ્વારા તેણે મહાકાવ્ય રચવાના પ્રયત્નો કર્યા છે અન રવા માટે તેને અનુરૂપ 'વીરવૃત્ત' નામના નવા છંદને તેણે ઉપયોગમાં લીધો હતો. 'સુરત' વિષયક તેનું કાવ્ય કે 'હિંદુઓની પડતી' વિશે તેની રચનામાં તેની લાગણીઓ ખૂબ જ સ્પષ્ટ રીતે પ્રગટ થઈ છે. પ્રણય તેની કવિતાનો એક મહત્ત્વનો અંશ છે, તો શૂરવીરતા - દેશપ્રેમ એવો જ અગત્યનો અંશ રહ્યો છે.

કવિતા અંગેની નર્મદની **વિભાવના** મહદંશે અંગ્રેજી કવિતા અને વિવેચનાના તેના અભ્યાસથી ઘડાયેલી છે, તેથી અર્વાચીન છે. જો કે, તેના અભ્યાસમાં આવેલી સાહિત્યવિવેચનાનો તેને જ સંસ્પર્શ થયો હતો તેનાથી જ કવિતાવિષયક તેની સમજ વિકાસ પામી છે. તેના અભ્યાસકાળ દરમિયાન **વિવેચક** હેઝલિટનાં સાહિત્યિક મંતવ્યોના સંપર્કમાં તેને આવવાનું થયું હતું. હેઝલિટ કવિતા વિશે It is the language of passion and imagination વિધાન કરે છે તેમાં 'passion' નો અર્થ નર્મદે 'જોસ્સો' એવો કર્યો હતો તથા 'imagination' માટે 'તર્ક' શબ્દ વિચારે છે. કલ્પના, લાગણી, ઊર્મિ, સંવેદન એવો કોઈ વિચાર તેણે કર્યો લાગતો નથી. તેની ચંચળ, યુયુત્સુ પ્રકૃતિને

'જોસ્સો' શબ્દ વધારે રુચ્યો હોય એ સાવ સ્વાભાવિક છે. જો નર્મદને કવિ વર્ડ્ઝવર્થની કાવ્યવિચારણાનો પરિચય થયો હોત તો તેની કાવ્યસમજ વધુ વિકસિત થઈ હોત. વર્ડ્ઝવર્થે કવિતાને spontaneous overflow of powerful feelings કહીને પછી તરત જ emotions recollected in tranquility કહ્યું છે. નર્મદ 'જોસ્સો' કહે છે તે, કવિતા પ્રબળ લાગણીઓનો તત્ક્ષણ ઉભરો તો છે જ પરંતુ જ્યાં સુધી શાંતચિત્તે એ લાગણીઓને ઠરવા દેવામાં ન આવે ત્યાં સુધી સાચી કવિતા નીવડી આવે નહિ, આ વાત તેને સમજાઈ નહોતી. તેનું એક કારણ એ પણ છે કે કાવ્યસર્જનમાં સમકાલીન દલપતરામ શબ્દ અને અર્થની બાહ્ય ચમકમાં, રાગ છંદ તેમ જ પ્રાસની ચમત્કૃતિમાં, કલ્પના અને જનમનરંજનપણામાં કવિતાની સાર્થકતા નિહાળતા હતા અને 'રચ્યા છે રૂડા છંદ દલપત્તરાડો' એમ હોંશભેર કહેતા હતા. દલપતરામ કરતાં નર્મદની કવિતાવિષયક સમજ બેશક પ્રગતિશીલ હતી. તે કહેતા કે 'રચના રૂડી છંદમાં તે કવિતા નવ હોય / અર્થ ચમત્કૃતિ ચિત્ર તે કવિતા રસથી સ્હોય.' એ ચર્ચા કરે છે કે 'વાક્યરૂપી શરીરમાં રસરૂપી જીવ તે કવિતા... કવિતામાં બે ભાગ રસ અને એક ભાગ તર્ક જોઈએ... રસ એટલે અંદરની મજા.' આ બધું દર્શાવે છે નર્મદની કાવ્યસમજ સાચી દિશાની હતી, પરંતુ કાચીપાકી હતી. શુદ્ધ કવિતા કરવા વિશે ન તો તેનો ખ્યાલ હતો કે ન તો તેની પ્રતિભા હતી. ઉત્સાહથી તરવરતા નર્મદ માટે કવિતા સંસાર સુધારણાના કાર્યનું કેવળ સાધન, નિમિત્ત હતી.

આમ છતાં 'નર્મકવિતા' નાં કાવ્યો જોતાં વિષય, સ્વરૂપ, ભાવ, ભાષા, છંદ - અલંકાર નિરૂપણ, અભિવ્યક્તિની શૈલી-રીતિ વગેરે દિશામાં તેણે કરેલું નવપ્રસ્થાન ઘણું મૂલ્યવાન છે. એક પણ પ્રથમ કોટિનો કાવ્યવિષય એણે છોડી દીધો નથી. ગુજરાત ભક્તિનું સુંદર ગીત 'જય ગરવી ગુજરાત' આપી તેણે સૌ પ્રથમ ગુજરાતની અસ્મિતાને કાવ્ય મારફતે પ્રગટ કરી આપી છે. પ્રકૃતિપ્રેમ, પ્રણયભાવ, દેશપ્રેમ, સ્વતંત્રતા, સંસારસુધારો એવા નવનવા વિષયો તેણે જ આલેખ્યા. કાવ્યરચનાના તેના આ બધા સંનિષ્ઠ પ્રયત્નોને લીધે જ 'અર્વાચીનોમાં આદ્ય,' 'પ્રાણવંતો પૂર્વજ' એવાં ગૌરવશાળી સંબોધનોથી તે ઓળખાયો છે.

## 3.4 નર્મદનું ગદ્ય સાહિત્ય

સાક્ષર રામનારાયણ વિ.પાઠક સાહિત્યકાર નર્મદને 'અર્વાચીન ગદ્ય-પદ્યનો આદ્યપ્રણેતા' ગણાવે છે તે યોગ્ય છે. આપણે જોયું કે ગુજરાતી કવિતાને નવી જ દિશામાં વાળનાર નર્મદ હતો; ગુજરાતી ગદ્યનું ખરું ખેડાણ પણ એના દ્વારા જ થયું. 'મંડળી મળવાથી થતા લાભ' નામે, વિદ્યાર્થી અવસ્થામાં જ તેણે નિબંધલેખન (વ્યાખ્યાન સ્વરૂપે) કરીને ગદ્યલેખનનો આરંભ કર્યો હતો તે પછી લગભગ સાડાત્રણ દાયકા સુધી વિવિધ સ્વરૂપો મારફતે તેણે ગદ્યનું ખેડાણ કર્યું. નિબંધકાર, ઇતિહાસલેખક, ચરિત્રલેખક, પત્રકાર, નાટ્યલેખક, વિવેચક એમ જુદાં સ્વરૂપોમાં તેમણે ગદ્યલેખન કર્યું છે.

નિબંધકાર તરીકે નર્મદની સેવા બહુમૂલ્ય છે. 'મંડળી મળવાથી થતા લાભ' એ કેવળ નર્મદનો જ નહિ, ગુજરાતી સાહિત્યનો પણ પ્રથમ સાહિત્યિક નિબંધ છે. નર્મદના સઘળા નિબંધો 'નર્મગદ્ય' અને 'ધર્મવિચાર'માં સંગ્રહાયા છે. તેના નિબંધો સ્પષ્ટપણે બે વિભાગમાં વહેંચાઈ જતા જોવા મળે છે. એના આરંભકાળના નિબંધો વ્યાખ્યાન શૈલીના છે. 'મંડળી મળવાથી થતા લાભ' ઉપરાંત 'સ્વદેશાભિમાન,' 'રણમાં પાછાં પગલાં ન કરવા વિશે,' 'રોવા-કૂટવાની ઘેલાઈ,' 'આપણી દેશજનતા,' 'ગુજરાતીઓની સ્થિતિ' વગેરે. વાચકોની સન્મુખ જાણે હાથના હાવભાવથી સમજાવતો, સંબોધતો નર્મદ એમાં પ્રત્યક્ષ થતો લાગે છે. એમાં આત્મીયતા છે, તળપદી વાતચીતનો લ્હેંકો છે, નિખાલસતા છે અને સચોટતા છે. નર્મદના ઉત્તરકાળના નિબંધો સુધારાવિષયક, ધર્મવિષયક, તત્ત્વચિંતનને લગતા છે. અગાઉના નિબંધોને મુકાબલે એમાં થોડીક પરિપકવતા પણ જોવા મળે છે. 'કેળવણી,' 'સંપ,' 'સુખ,' 'બ્રહ્મતૃષા,''વ્યભિચાર નિષેધ' વગેરે નિબંધોમાં ચિંતક નર્મદ નજરે પડે છે. એમાં આવતાં સૂત્રાત્મક વાક્યો, ચિંતન કણિકાઓ, કહેવતો-રૂઢિપ્રયોગોનો યથાપ્રસંગ અસરકારક ઉપયોગ, નિર્ભયતા, ગંભીરતા નર્મદની સઘન વિચારશક્તિનાં દ્યોતક બની રહે છે. 'નિબંધ લખવા એ જેવી તેવી વાત નથી' એમ એણે જાત-અનુભવથી લખેલું. ગુજરાતી ગદ્યખેડવા માટે તેનો પુરુષાર્થ દાદ માગી લે તેવો છે.

નર્મદનું ગદ્યલેખન 'મારી હકીકત' નામે તેણે લખેલી આત્મકથા મારફતે,' 'કવિચરિત્ર' નામે તેણે આપેલાં ચરિત્રાત્મક લખાણો મારફતે તેમ જ સાહિત્યવિષયક વિચારોને પ્રસંગોપાત્ત રજૂ કરીને પણ થયેલું છે. 'મારી હકીકત' ઈ. 1934માં (તેણે લખેલી છતાં અપ્રકાશિત રહેલી તે શતાબ્દી નિમિત્તે) પ્રગટ થઈ હતી. એમાં તેણે પોતાના જન્મથી શરૂ કરી ઉછેર, અભ્યાસ, ઘડતરકાળ વગેરે બહેલાવીને રજૂ કર્યો છે. પિતા અને દાદાનાં વ્યક્તિચિત્રો, સુરતમાં લાગેલી આગ જેવી મહત્ત્વની ઘટના, પોતાના અંગત જીવનના પ્રસંગો ઈ.ને તે સરસ રીતે આલેખે છે. ક્યાંક નિરર્થક લંબાણ, અભિમાનની હદ સુધી પહોંચી જતી આત્મપ્રશંસા કે તારીખ તિથિવાર ઈ.ની સ્થૂળ હકીકતો આત્મકથાના સ્વરૂપને કલાઘાટની દૃષ્ટિએ બેડોળ બનાવે છે. આત્મકથાકાર તરીકે **નીરક્ષીરવિવેક**નો તેનામાં અભાવ છે; ક્યારેક કેવળ **ટાંચળ** કે નોંધો પણ જોવા મળે છે આથી આત્મકથામાં સ્વરૂપગત **એકવાક્યતા** અને સાતત્ય જળવાતાં નથી. એમાં એના ચંચળ સ્વભાવને પણ જવાબદાર ગણી શકાય તો વળી તે સમયે ખેડાતા આવતા ગુજરાતી ગદ્યની મર્યાદા પણ જવાબદાર હોઈ શકે. આત્મકથાની આવી કેટલીક કલાગત મર્યાદાઓ બાદ કરીએ તો એમાં નર્મદની સત્યનિષ્ઠા અને નિખાલસતા પ્રશંસનીય રીતે જળવાઈ છે એમ જરૂર કહી શકાય.

નર્મદે 'કવિચરિત્ર' મારફતે મધ્યકાળના કવિઓનાં ચરિત્રો સૌ પ્રથમ વાર ગુજરાતી સમાજને ઉપલબ્ધ કરાવી આપ્યાં. તેના સાહિત્યવિષયક વિચારો 'ટીકા કરવાની રીત,' 'કવિ અને કવિતા' જેવા લેખો મારફતે જાણવા મળે છે. ગુજરાતી વિવેચનાનું એ પરોઢ, નર્મદની ચર્ચાથી, ઊગ્યું એમ જરૂર કહી શકાય. ઈતિહાસના અભ્યાસી તરીકે એણે 'રાજ્યરંગ' પુસ્તક આપી દુનિયાની પ્રજાઓ અને રાજ્યવ્યવસ્થા વિશે સૌ પ્રથમ ખ્યાલ આપ્યો. તેણે નાટકો આપ્યાં, સંપાદનો આપ્યાં અને પૂરાં બાર વર્ષ પુરુષાર્થ કરી 'નર્મકોશ' નામે સૌ પ્રથમ અધિકૃત શબ્દાર્થકોશ આપ્યો. સુધારા અંગેના પોતાના વિચારો લોકોમાં બને તેટલા જલદી ફેલાય તે માટે તેણે 'ડાંડિયો' નામે એક **વિચારપત્ર** શરૂ કર્યું હતું. 'ગાંઠનો ખરચ કરવો પડશે' એવું જાણતો હોવા છતાં **'સ્પેક્ટેટર'** જેવું લખાણ કહાડવું તો ખરું' એવો તેનો **ધ્યેયમંત્ર** હતો. નિખાલસતા, સચ્ચાઈ, નિર્ભયતા અને પૂરી ગંભીરતાથી તેણે પત્રકારત્વની પ્રવૃત્તિ ઉપાડી હતી. ગદ્યક્ષેત્રે નર્મદની આ બધી લેખનપ્રવૃત્તિ જોતાં સર્જનાત્મક અને ચિંતનાત્મક ઉભય પ્રકારના ગદ્યને ખેડનાર નર્મદ હતો એમ કહી શકાય. નર્મદે આપણા લગભગ વણખેડાયેલા ગુજરાતી ગદ્યને અસરકારક રીતે **પળોટી આપી** ગુજરાતી ગદ્યની અમૂલ્ય સેવા બજાવી છે. ગુજરાતી ભાષા અને ગુજરાતી પ્રજા પ્રત્યેની તેની અનન્ય ભક્તિ જ તેને સાહિત્યમાં અનેક ક્ષેત્રે નવપ્રસ્થાન કરવા પ્રેરે છે.

## 3.5 નર્મદ - નવપ્રસ્થાનકાર તરીકે

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નર્મદનું સ્થાન કેવળ એક સાહિત્યકાર તરીકેનું જ નથી. નર્મદે ગુજરાતી સાહિત્યની અનેક નવી દિશાઓ ખોલી આપી. અંગ્રેજી કેળવણીનો લાભ પામેલા આ યુવાન ઉત્સાહી સાહિત્યકારે ગદ્ય અને પદ્ય ઉભય ક્ષેત્રમાં મૂલ્યવાન અર્પણ કર્યું છે. શ્રી વિશ્વનાથ ભટ્ટે તો નર્મદની કવિતાપ્રવૃત્તિ વિશે જે કહ્યું છે તે સમજવા જેવું છે.' 'નર્મદે ગુજરાતી કાવ્યનૌકાનું સુકાન જ ફેરવી નાખ્યું અને એકદમ નવી દિશામાં, નવા જ પાણીમાં એને તરતી મૂકી દીધી.' મધ્યકાળમાં ગુજરાતી કવિતા ધર્મ-ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને ઉપદેશરચનાઓમાં સમાઈ જતી હતી તેને બદલે નર્મદે ગુજરાતી કવિતાને વિષયનિરૂપણની દૃષ્ટિએ, સ્વરૂપની દૃષ્ટિએ, વિવિધ ભાવોની દૃષ્ટિએ, છંદ તેમ જ અલંકારોના નિરૂપણની રીતે, અભિવ્યક્તિની રીતે, ભાષાસમૃદ્ધિની દૃષ્ટિએ એમ ઘણી બધી રીતે અર્વાચીન કહી શકાય તેવી બનાવી. કવિ તરીકે આ તેનું મહત્ત્વનું નવપ્રસ્થાન ગણાય.

ગુજરાતી ગદ્યને વ્યવસ્થિત રીતે નર્મદે જ સૌ પ્રથમ ખેડ્યું. બોલચાલના ગદ્યથી આગળ વધી ગુજરાતી ગદ્યને નર્મદે સાહિત્યમાં પ્રતિષ્ઠા આપી. તેણે નિબંધ, જીવનચરિત્ર, ઈતિહાસ, ચિંતન, વિવેચન, પત્રકારત્વ ઈ. દ્વારા ગદ્યલેખનના નવા નવા આયામો પ્રગટ કરવા પ્રયત્ન કર્યો. સમયની દૃષ્ટિએ જોઈએ તો એ પડકારરૂપ કાર્ય હતું પરંતુ નર્મદે એ પડકાર ઝીલી લીધો તેથી જ તે 'અર્વાચીનોમાં આદ્ય' તરીકે યોગ્ય રીતે જ ઓળખાયો છે. તેણે ગદ્યમાં પણ કવિતાની માફક વિષય, સાહિત્યસ્વરૂપ, ભાવ-ભાષા-છંદ-અલંકાર, અભિવ્યક્તિ ઈ. દૃષ્ટિએ વૈવિધ્ય દાખવ્યું.

ટૂંકા આયુષ્યમાં પણ તેણે જે કાર્ય કર્યું તે માટે સંજાણા નામના વિદ્વાન યોગ્ય જ કહે છે કે Narmad has the honour of being the pioneer, the first great writer of Gujarati prose. નર્મદ અર્વાચીન ગુજરાતી ગદ્યનો ખેડૈયો હતો. નર્મદે કવિતા અને ગદ્યક્ષેત્રે અનેક નવપ્રસ્થાન કર્યાં છે અને પછીથી અવારનવાર સાહિત્યકારોએ નર્મદે પાડેલી એ કેડીને રાજમાર્ગ બનાવી છે.

## 3.6 દલપત-નર્મદની તુલના

દરેક જમાને કોઈ બે સમાન પ્રતિભાવાળી વ્યકિત વચ્ચે તુલના થતી રહેતી હોય છે. મધ્યકાળમાં પોતપોતાની રીતે પ્રખ્યાત એવા બે કવિઓ પ્રેમાનંદ અને શામળ વચ્ચે તેમના **અનુયાયીઓએ** તુલના કરતાં કરતાં સ્પર્ધા અને ઝઘડાનું વાતાવરણ ઊભું કર્યું હતું. તેવી જ રીતે અર્વાચીન યુગના પ્રથમ તબક્કારૂપ સુધારક યુગમાં કવિ દલપતરામ અને નર્મદ વચ્ચે તેમના અનુયાયીઓએ એમના કવિપણાની તુલના કરીને ચડિયાતા-ઊતરતા દર્શાવવા પ્રયત્નો કર્યા છે. ખરેખર તો એ બંને કવિઓ અર્વાચીન યુગના આરંભકાળના કવિઓ છે.

દલપતરામ 'કવિશ્વર'નું બિરુદ પામ્યા હતા, તો નર્મદ 'અર્વાચીનોમાં આદ્ય' તરીકે ઓળખાયો છે. અમદાવાદ અને તેની ઉત્તરે આવેલા લોકો દલપતરામને સર્વમાન્ય કવિ ગણતા, તો ગુજરાતના દક્ષિણ ભાગમાં અને મુંબઈ નગરીમાં નર્મદની પ્રતિષ્ઠા હતી. જૂની પરંપરાવાળી કવિતાના પ્રશંસકો દલપતરામને પોતાના માનીતા કવિ ગણતા, જ્યારે અંગ્રેજી ભણેલાઓના વર્ગમાં નર્મદ કવિ તરીકે માનીતો બન્યો હતો. દલપતરામની કવિતા સંસ્કૃત અને વ્રજભાષાના **પરિશીલન**થી ઘડાઈ હતી, તો નર્મદની કવિતા અંગ્રેજી કાવ્યાદર્શ પ્રમાણે ઘડાઈ હતી. દલપતરામની કવિતા જૂની પદ્ધતિની, બોધક, ભાષાની ઝડઝમકવાળી, કથનની ચતુરાઈવાળી અને પ્રાસભરપૂર હતી, તો નર્મદની કવિતા વિષય, શૈલી, છંદ-અલંકાર નિરૂપણ, સ્વરૂપ વગેરે પરત્વે નવા નવા પ્રયોગોમાં રમતી જોવા મળે છે. દલપતરામની કવિતામાં ઠાવકાઈ બુદ્ધિની ચપળતા ઇત્યાદિ લક્ષણો જોવા મળે છે, જ્યારે નર્મદની કવિતામાં ઊર્મિનો ઉછાળો, જુસ્સો અનુભવાય છે. દલપતરામની કવિતામાં મુખ્યત્વે હાસ્ય અને શાંત રસ નિરૂપાયા છે, નર્મદને વીર અને શૃંગારરસના નિરૂપણની ફાવટ લાગે છે. દલપતરામને શૃંગારરસ અને નર્મદને હાસ્યરસની ફાવટ ન હોય તે પાછળ તેમના સંસ્કાર અને ઘડતરનું પરિબળ કામ કરે છે. દલપતરામની કવિતા શાંત, સરળ, પ્રાસાદિક રહી છે જ્યારે નર્મદની કવિતા તરંગી, આત્મલક્ષી, **કૌતુકરંગી**, ઉન્મત્ત આવેશવાળી,' 'દર્દ'વાળી કવિતા છે. છંદ આવડ્યા એટલે કવિતા થઈ એવી દલપતરામની માન્યતા છે, જ્યારે નર્મદ અર્થ, ચમત્કૃતિ, ચિત્રાત્મકતા અને રસ જેમાં હોય તે સાચી કવિતા એમ માને છે. એમાં બંને કવિઓનો કાવ્યવિષયક દષ્ટિભેદ અને સમજભેદ સ્પષ્ટ થાય છે. દલપતકાવ્યશૈલીનો પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં લાંબા સમય સુધી રહ્યો છે તેમ છતાં એ કવિતા **બાલદશાવાળી** વિશેષ લાગે છે, નર્મદની કવિતામાં અણઘડપણું, ઉત્સાહશક્તિના મુકાબલે પ્રતિભાશક્તિની મધ્યમ કક્ષા, અપરસ કે સુરુચિભંગ પણ ક્યારેક કરે તેવું જોવા મળે છતાં નર્મદની કવિતા સતત વિકાસદશાને પામી છે. કવિતા વિશેની તેની સૂઝ કાચી પરંતુ સાચી દિશાની હતી.

આ સમગ્ર તુલના કર્યા પછી પણ આપણે એમ જ કહી શકીએ એમ છીએ કે દલપતરામ અને નર્મદ, બંનેમાંથી કોઈ ચડિયાતું કે ઊતરતી કોટિનું નથી. બંનેની કવિતાથી અર્વાચીન ગુજરાતી કવિતાને તો લાભ જ થયો છે.

## 3.7 નર્મદની સાહિત્યસેવાનું મૂલ્યાંકન

નર્મદ સુધારકયુગનો અગ્રણી સર્જક હતો. તેને 'સમયમૂર્તિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. પોતાના જમાનામાં સંસારસુધારણાનું જે ભગીરથ કાર્ય પડ્યું હતું તેને આહ્‌વાન ગણીને તેણે ઉપાડી લીધું અને તે માટે પૂરા જોમ સાથે તે ઝઝૂમ્યો. 'વીર, સત્ય ને રસિક, ટેકીપણું અરિ પણ ગાશે દિલથી' એવું 'અવસાનસંદેશ' કાવ્યમાં એણે કહ્યું છે તે યોગ્ય છે. તેણે વીરતાપૂર્વક, સચ્ચાઈથી, જીવનને રસિકતાથી અને ટેકથી જીવી બતાવ્યું. આ માટે તેણે સાહિત્યને સાધન બનાવ્યું. અંગ્રેજી કેળવણી પામેલા નર્મદે સમાજમાં જે વૈચારિક આંદોલન પ્રગટાવ્યું તે માટે પોતાની

કવિતા અને ગદ્યલેખનને તેણે ઉપયોગમાં લીધાં. નર્મદે ગુજરાતી સાહિત્યના સમગ્ર બાહ્ય કલેવરને તથા તેના અંતસ્તત્ત્વને પણ ધરમૂળથી પલટી નાખ્યું છે.

ગુજરાતી સાહિત્યનાં સર્વ ક્ષેત્રમાં તે ઘૂમી વળ્યો. શ્રી વિજયરાય વૈદ્ય કહે છે : "સાહિત્યના ક્ષેત્રમાં એણે અનેક નવાં પ્રસ્થાન કર્યાં છે. એ નવાં પ્રસ્થાન એટલે આપણી ભાષામાં સરળ ને રૂઢ, મર્માળ ને પ્રૌઢ ગદ્યનો તેણે કરેલો આરંભ. આપણી કવિતામાં પ્રકૃતિ અને પ્રેમનાં, વીરત્વ અને જન્મભૂમિવાત્સલ્યનાં ઊર્મિકાવ્ય આદિ પ્રકારોની તેણે પાડેલી પહેલવહેલી પગલીઓ. જીવનકૃતિ તરીકે કોશ જેવી રસહીન વસ્તુ પણ કાવ્ય હોઈ શકે એમ સિદ્ધ કરતા આપણા પહેલા શબ્દકોશની અદ્‌ભુતરસિક રચનાપ્રવૃત્તિ તથા એનું પ્રકાશન - નર્મદ આ વિવિધ મંગલારંભ વડે આપણા સાહિત્યમાં જેટલો મહાન છે તેટલો બીજા કશા વડે નથી."

એક સર્જક તરીકે નર્મદની કેટલીક મર્યાદાઓ છે. તેની કવિતા ઘણી વખત **ક્લિષ્ટ**, કેવળ તર્કવાળી, શબ્દાળુ અને તેથી અકાવ્ય લાગે છે. કવિતા વિશેની તેની સમજ સાચી દિશાની છતાં કાચી અને અધૂરી હતી. તેની પ્રતિભાશક્તિ પણ મધ્યમ કક્ષાની હતી. સાહિત્યસર્જન એ તેને મન શુદ્ધ કલાધ્યેય નહોતું, એને મન સાહિત્ય તો સુધારાની **ટેકણલાકડી** હતું. કલાતત્ત્વ પરત્વે તેની ગંભીર ઉપાસના પણ ન હતી. ગદ્ય પણ ભાંખોડિયા ભરતા બાળકની માફક પડતું, ઊપડતું, ગબડતું, સમતુલા ક્યારેક ગુમાવી દેતું, ક્યારેક વ્યાકરણ શુદ્ધ પણ નહોતું. તેમ છતાં એક સર્જક તરીકે નવપ્રસ્થાનો કરવાની, આગવી કેડી કંડારવાની તેની હોંશ જોઈએ તો, એકલે હાથે તેણે કરેલાં સર્જનો તરફ નજર કરીએ તો સુંદરમ્ કહે છે તેમ નર્મદ આપણો 'પ્રાણવંતો પૂર્વજ' બને છે. સાહિત્યના ઇતિહાસમાં તેનું સ્થાન યુગદૃષ્ટાનું છે.

## 3.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *વીર નર્મદ* : વિશ્વનાથ મગનલાલ ભટ્ટ
2. *નર્મદ- અર્વાચીનોમાં આદ્ય* : કનૈયાલાલ મુનશી
3. *વિવેચના* : વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી
4. *અર્વાચીન કવિતા* : સુન્દરમ્
5. *આધુનિક કવિતાપ્રવાહ* : ડૉ. જયંત પાઠક
6. *નર્મદનાં કાવ્યો* : સંપા ◦ જયંત પાઠક
7. *નર્મદ-એક અધ્યયન* : ડૉ. સુલોચના શાહ
8. *નર્મદનું મંદિર (પદ્ય વિભાગ)* : સંપા ◦ વિ. મ. ભટ્ટ
9. *નર્મદનું મંદિર (ગદ્ય વિભાગ)* : સંપા ◦
10. *મારી હકીકત* : સંપા ◦ ડૉ. સતીષ વ્યાસ
11. *મારી હકીકત* : સંપા ◦ ડૉ. રમેશ શુક્લ

## 3.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અગ્રેસર** - આગેવાન
**ચૈતન્ય** - ચેતના
**બુલંદ** - ભવ્ય
**લહિયો** - સારા અક્ષરથી લખવાનું કામ કરનાર
**એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ** - મુંબઈમાં આવેલી એ નામની એક શાળા
**ઘરભંગ** - વિધુર
**દાસપણું** - ગુલામી
**કલમને ખોળે માથું ટેકવ્યું** - લેખનકાર્યને જ આજીવિકાનું સાધન બનાવ્યું
**નિમિત્ત** - કારણ, બહાનું
**વિદ્રોહ** - બગાવત, ક્રાંતિ, બળવો
**અવિલંબે** - મોડું (વિલંબ) કર્યા વિના
**માથું ફોડવું** - માથાકૂટ કરવી

| | | |
|---|---|---|
| નવપલ્લવિત | - | તાજી કરવી |
| નવપ્રસ્થાન | - | નવો પ્રારંભ |
| આદ્યપ્રણેતા | - | આરંભ કરનાર |
| સંસ્પર્શ | - | પરિચય |
| સીમિત | - | મર્યાદિત |
| મુદ્રાલેખ | - | ધ્યેયમંત્ર, આદર્શસૂચક વાક્ય |
| વિભાવના | - | સમજ, ખ્યાલ |
| વિવેચક | - | વિવેચન કરનાર |
| યુયુત્સુ | - | લડવાની ઇચ્છા રાખનાર |
| સમકાલીન | - | એક સમયગાળામાં થઈ ગયેલા |
| ટાંચણ | - | ટૂંકી નોંધ |
| નીરક્ષીરવિવેક | - | દૂધપાણીનો વિવેક, સારાસાર વિવેક |
| એકવાક્યતા | - | એકસરખાપણું, સમાનાર્થતા |
| વિચારપત્ર | - | વિચારો રજૂ કરતું પત્ર, સામયિક |
| 'સ્પેક્ટેટર' | - | એ નામનું એક અંગ્રેજી સામયિક |
| ધ્યેયમંત્ર | - | મુદ્રાલેખ, આદર્શસૂચક વાક્ય |
| પળોટી આપી | - | ખેડી આપી |
| ખેડૈયો | - | ખેડનારો |
| કેડી | - | નાનકડો રસ્તો, (અહીં) આરંભ |
| અનુયાયીઓ | - | અનુસરનારાઓ, શિષ્યો |
| પરિશીલન | - | દીર્ઘ સેવન, ચારે બાજુથી સમજવું |
| કૌતુકરંગી | - | રોમેન્ટિક, પ્રયોગરસિક |
| બાલદશાવાળી | - | આરંભકાળની |
| અપરસ | - | અધમ પ્રકારનો રસ |
| પ્રૌઢ | - | ધીરગંભીર, ઠરેલું, પ્રૌઢિવાળું |
| જન્મભૂમિવાત્સલ્ય | - | દેશપ્રેમ |
| ક્લિષ્ટ | - | ગૂંચવાડાવાળું, અસ્પષ્ટ, કૃત્રિમ |
| ટેકણલાકડી | - | આધાર |
| ભાંખોડિયાં ભરતા | - | ઘૂંટણની મદદથી ચાલતા, શરૂઆત કરતા |
| આગવી | - | સ્વતંત્ર, પોતીકી |
| યુગદૃષ્ટા | - | યુગને નિહાળનાર |

## 'તમારી પ્રગતિ ચકાસો' –3

(1) નર્મદના જીવનઘડતરમાં મુખ્ય મુખ્ય પરિબળો કયાં ગણાવી શકાય ? કેવી રીતે ?

(2) નર્મદે 'કલમને ખોળે માથું મૂક્યું' તે માટે કોને જવાબદાર ગણી શકાય ? કેવી રીતે ?

(3) કવિ તરીકે નર્મદ વિશે સાત લીટી લખો.

(4) કવિતા વિશે નર્મદની સમજ સાચી દિશાની છતાં કાચી હતી, એમ શી રીતે કહી શકાય ?

(5) નિબંધકાર તરીકે નર્મદનું મૂલ્યાંકન કરો.

(6) 'મારી હકીકત' વિશે પાંચ વાક્યો લખો.

(7) સાહિત્યકાર તરીકે નર્મદે કયાં કયાં નવપ્રસ્થાન કર્યાં છે ?

(8) દલપતરામ અને નર્મદની કવિતાની તુલના કરો.

(9) નર્મદને 'સમયમૂર્તિ' શા માટે ગણવામાં આવે છે ?

# એકમ 4 સુધારક યુગના અન્ય લેખકો

## રૂપરેખા


4.0 પ્રસ્તાવના

4.1 નંદશંકર તુળજાશંકર મહેતા

4.2 નવલરામ લક્ષ્મીરામ પંડ્યા

4.3 સુધારક યુગના અન્ય કવિઓ

4.4 સુધારક યુગના અન્ય ગદ્ય લેખકો

4.5 પારસી સાહિત્યકારો

4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 'તમારી પ્રગતિ ચકાસો'ના


## 4.0 પ્રસ્તાવના

સુધારક યુગ(ઈ.1845થી ઈ. 1885 )ના મુખ્ય બે સાહિત્યસર્જકો : દલપતરામ અને નર્મદાશંકર. સુધારક યુગના સાહિત્યના તેઓ સમયની દૃષ્ટિએ તો અગ્રણી હતા જ, સાહિત્યસર્જનની કેડી પાડનારા તરીકે પણ તેઓ પહેલા ગણાય છે. તેમણે ગુજરાતી સાહિત્યની જે કેડી આંકી આપી તે પછીથી આવનારા સર્જકો માટે રાજમાર્ગ બની ગઈ. તેમનું જીવનકાર્ય તેમ જ સર્જન આખા સમયગાળા ઉપર પ્રભાવ પાડી ગયું. તેથી તેઓ મુખ્ય ગણાયા છે. આ યુગને દલપત-નર્મદ યુગ તરીકે પણ ઓળખવામાં આવે છે કારણકે સાહિત્યના આ બે મહાનુભાવોએ - કવિ દલપતરામ અને કવિ નર્મદે—પોતપોતાની રીતે સમાજસુધારણાની દિશામાં અને તે નિમિત્તે સાહિત્યસર્જનનું કાર્ય કર્યું હતું.

આ યુગમાં આ ઉપરાંત બીજા કેટલાક સર્જકો થઈ ગયા છે જે સાહિત્યસર્જનમાં સંખ્યાબળે તેમ જ સત્ત્વગુણે કરીને મધ્યમ પ્રતિભાવાળા છે. તેમને આપણે ગૌણ સાહિત્યકારો તરીકે ઓળખીશું. કેટલાક સાહિત્યકારો અતિઅલ્પ સંખ્યામાં રચનાઓ આપી ગયા હોય પણ તેમાં કશુંક સત્ત્વ રહેલું હોય, તેમનો પણ આપણે પરિચય કરીશું. અહીં જ આપણે પારસી સાહિત્યકારોએ ગુજરાતી સાહિત્યમાં જે અર્પણ કર્યું છે તેની પણ નોંધ લઈશું.

## 4.1 નંદશંકર તુળજાશંકર મહેતા (ઈ. 1835થી ઈ. 1905 )

આ યુગમાં જે ગૌણ સાહિત્યકારોનો આપણે પરિચય કરવાનો છે તેમાં શ્રી નંદશંકર મહેતાનું નામ ગુજરાતી ભાષાની પહેલી મૌલિક નવલકથા 'કરણઘેલો' આપનાર તરીકે જાણીતું છે.

ઈ.1835માં તેમનો જન્મ સુરતમાં થયો હતો. તેઓ નાગર બ્રાહ્મણ હતા. તેમના પિતા સુરતમાં નોકરી કરતા હતા. નંદશંકર બાળપણથી જ તેજસ્વી વિદ્યાર્થી હત[illegible] તેમણે અભ્યાસ કર્યો હતો ત્યાં જ તેઓ પછીથી મુખ્ય અધ્યાપક તરીકે નિમાયા હતા. શિક્ષક, આચાર્ય, મામલતદાર અને પછીથી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટના હોદ્દા સુધી તેઓ પહોંચ્યા હતા. તેઓ વિદ્યાર્થીપ્રિય સંનિષ્ઠ શિક્ષક હતા તેથી સૌ તેમને 'નંદશંકર માસ્તર'નું આદરપૂર્વક સંબોધન કરતા.

દુર્ગારામ મહેતાજી સાથે રહી ભાષણો દ્વારા તેઓ સુધારાનાં કાર્યોમાં જોડાયા હતા. તેઓ નર્મદના સુધારક પક્ષના તરફદાર હતા. હોપ સાહેબ સાથે એમણે રહી શિક્ષણક્ષેત્રમાં ઉપયોગી કાર્ય કર્યું હતું. તેમની વિવિધ કામગીરીની કદરરૂપે અંગ્રેજ સરકારે તેમને રાવબહાદુરનો ખિતાબ આપ્યો હતો. ઈ.1905માં તેમનું અવસાન થયું હતું.

'કરણઘેલો' તેમણે રચેલી એક માત્ર કૃતિ છે. ગુજરાતી સાહિત્યની એ પ્રથમ મૌલિક ઐતિહાસિક નવલકથા છે. ઈ.1866માં તે રચાઈ હતી. આ નવલકથા રચવા માટે તે વખતના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર રસેલ સાહેબની પ્રેરણા મળી હતી. અંગ્રેજ નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટની કૃતિઓની

તેની ઉપર અસર છે. 'કરણઘેલો' નવલકથાનું વસ્તુ ગુજરાતના વાઘેલા વંશના છેલ્લા રજપૂત રાજા કરણવાઘેલાના જીવનની આસપાસ ગૂંથાયું છે. રાજા કરણે પોતાના રાજ્યના બ્રાહ્મણ પ્રધાન માધવની પત્ની રૂપસુંદરી ઉપર કુદૃષ્ટિ કરી, માધવને છેતરી તેને બહારગામ મોકલી દઈ સિપાઈઓની મદદથી રૂપસુંદરીનું અપહરણ કરીને પોતાના મહેલમાં બોલાવી મંગાવી. રૂપસુંદરીના બચાવના પ્રતિકારમાં કેશવ નામનો તેનો દિયર માર્યો ગયો. કેશવની વિધવા પત્ની ગુણસુંદરી પતિ પાછળ સતી થઈ અને સતી થતી વખતે 'અણહિલપુર પાટણનું પતન અને કરણરાજાનું કમોત' એવી શાપવાણી તેણે ઉચ્ચારી. બહારગામ ગયેલો માધવ જ્યારે પાછો આવ્યો અને આખીયે ઘટના જાણી ત્યારે રોષે ભરાયેલા માધવે રાજા ઉપર વેર લેવા માટે દિલ્હીના તે સમયના બાદશાહ અલાઉદ્દીન ખીલજીને રૂબરૂ મળીને ગુજરાત ઉપર આક્રમણ કરવા માટે આમંત્રણ આપ્યું. બાદશાહે પાટણ ઉપર આક્રમણ કરી જીતી લીધું અને પરાજિત ઘવાયેલો રાજા કરણ રણ છોડી નાસી ગયો. તેની પત્ની કૌળાદેવી તેમ જ પુત્રી દેવળદેવી વિધર્મી રાજાના હાથે કેદ પકડાયાં. રાજા કરણ પણ કોઈક અજાણ સૈનિકના હાથે યુદ્ધમાં મૃત્યુ પામ્યો.

આ કથા વેરની વસૂલાતની કથા બને છે. માધવમંત્રીએ ગુજરાતને ગુલામ બનાવ્યું. હિંદુ પ્રજા અને દેવસ્થાનોને વિધર્મીઓને હાથે ભ્રષ્ટ બનાવવામાં તે નિમિત્ત બન્યો. પ્રસ્તાવનામાં લેખક કહે છે તેમ 'મગરૂબીનો માર, વ્યભિચારની હાર; ધર્મનો જય, પાપનો ક્ષય' તે આ કથાલેખન પાછળનો ઉદ્દેશ હતો. આરંભકાળની આ કૃતિ હોવાને લીધે એમાં વસ્તુસંકલનાની, ચરિત્રનિરૂપણની, વર્ણનની, સંવાદકળાની ઘણી મર્યાદાઓ છે. સુરતમાં લાગેલી આગ, દુકાળનું ચિત્ર ઈ. નિરૂપણ લેખકના અનુભવજગત અને કલ્પનાજગતનું મિશ્રણ છે. સર્જકતાના લગભગ અભાવવાળી, ટાંચણરૂપ કથા હોવા છતાં એમાંના વર્ણન ઉપરાંત ભાષાશૈલીની પ્રૌઢિને લીધે ઘણા લોકો તે જમાનામાં આ નવલકથા તરફ આકર્ષણ અનુભવતા હતા. વિવેચક નવલરામે નોંધ્યું છે કે તે સમયે 'કરણઘેલો' ખૂબ વંચાતી લોકપ્રિય કૃતિ હતી. 'કરણઘેલો' પછી ગુજરાતી નવલકથાને નવી દિશા સાંપડી. નર્મદયુગના ગદ્યનો અભ્યાસ કરવા માટે પણ 'કરણઘેલો'નું ઐતિહાસિક મહત્ત્વ છે.

## 4.2 નવલરામ લક્ષ્મીરામ પંડ્યા (ઈ. 1836થી ઈ. 1888)

સુધારક યુગના સુરતના ત્રણ અગ્રણીઓ— નર્મદ, નંદશંકર અને નવલરામ પંડ્યા. અનુક્રમે તેઓ એક કવિ, એક નવલકથાકાર અને એક વિવેચક તરીકે મુખ્યત્વે ઓળખાયા છે.

નવલરામનો જન્મ ઈ.1836માં સુરતમાં થયો હતો. તેમના પિતા શિક્ષક હતા. નવલરામ બાળપણમાં સારી તંદુરસ્તી ધરાવતા ન હતા પણ પછીથી તેમણે **'ફ્રી સ્કૉલર'** તરીકે મટ્રિક સુધીનો અભ્યાસ કર્યો હતો. ગણિત-ભૂમિતિ તેમને સરસ આવડતાં હતાં. શરૂઆતમાં સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્કાર અને ઉત્તરવયમાં વેદાન્તના ઊંડા સંસ્કાર તેમણે ઝીલ્યા હતા. સુરતની અંગ્રેજી શાળામાં શિક્ષક બન્યા પછી સુરત, અમદાવાદ અને રાજકોટની ટ્રેનિંગ કૉલેજોમાં અધ્યાપક ઉપઆચાર્ય તેમ જ આચાર્ય તરીકે રહ્યા હતા. શિક્ષણ અને શિક્ષકના પદનું તેમને ગૌરવ હતું. નવલરામ કેળવણીના ક્ષેત્રમાં રહ્યા તેના અનુષંગે 'શાળાપત્ર' નામના સામયિકના અધિપતિ - તંત્રી તરીકે તેમને જવાબદારી સંભાળવાની આવી હતી. આથી શિક્ષણ અને સાહિત્ય બંને વિશે વિચારવા-લખવાનું જીવનપર્યંત રહ્યું હતું. નવલરામે 'બાળલગ્ન બત્રીસી,' 'બાળગરબાવળી' (કવિતા); 'ભટનું ભોપાળું,' 'વીરમતી' (નાટક) તથા 'નવલગ્રંથાવલિ' (વિવેચનલેખો) વગેરે પુસ્તકો આપ્યાં છે. બાવન વર્ષની કાચી વયે ઈ. 1888માં તેમનું અવસાન થયું.

તેઓ સુધારક યુગના લેખક હતા તેથી તેમના કવિતાસંગ્રહોમાં બાળલગ્ન, સ્ત્રી સુધારણા જેવા સામાજિક પ્રશ્નો ગૂંથાયા છે. વળી પ્રકૃતિચિત્રણ, પ્રવાસ પણ આલેખન પામ્યાં છે. તેમની કવિતા સરળ, નર્મમર્મવાળી, દેશપ્રીતિથી ભરેલી અને સુધારક દૃષ્ટિવાળી છે. તેમણે થોડીક પણ સત્ત્વશીલ કવિતાઓ આપી હતી જેમાં નર્મ-વિનોદને કારણે 'જનાવરની જાન' અને 'અકબર-બીરબલ કાવ્યતરંગ' જાણીતી બની છે. તેમણે 'મેઘદૂત'નું ભાષાંતર મેઘછંદ રચીને કર્યું છે.

નવલરામે 'ભટનું ભોપાળું' એ નામથી એક અનુવાદ કરેલું નાટક આપ્યું છે. મૂળ અંગ્રેજી નાટકમાં

હાસ્ય કટાક્ષ દ્વારા સંસારસુધારણાનો ઉદ્દેશ હતો, તે અહીં નવલરામે જાળવી રાખ્યો છે. દલપતરામે 'મિથ્યાભિમાન' નામે હાસ્યરસપ્રધાન મૌલિક નાટક આપ્યું હતું, તે અહીં યાદ આવે છે. 'વીરમતી' નાટકનું કથાવસ્તુ અર્ધઐતિહાસિક છે. તેમાં ઇતિહાસ અને દંતકથાનું મિશ્રણ છે. વીરમતી અને જગદેવના પ્રેમ કિસ્સાનું આ નાટક છે. એમાં નિરૂપાયેલી કવિતા, નાટકની ભજવણી ક્ષમતા તથા સમકાલીન પ્રસંગોની ગૂંથણી નાટકને આસ્વાદ્ય બનાવે છે. વીર, શૃંગાર, અદ્‌ભુતરસનું નિરૂપણ તેમ જ સંવાદકતા નાટકનું જમા પાસું છે.

નવલરામની ખરી ઓળખ પ્રથમ વિવેચક તરીકેની જ ગણાય. શાસ્ત્રીય અને તુલનાત્મક વિવેચનાનો ગુજરાતીમાં તેમણે જ વ્યવસ્થિત આરંભ કર્યો. નાની ઉંમરથી જ તેમણે વિવેચક બનવાની અભિલાષા સેવેલી, એમનાં વિવેચનો સાહિત્યસિદ્ધાંતોની ચર્ચા, ગ્રંથાવલોકન - એમ બે રીતે રજૂ થયાં છે. કવિતા, છંદ, અલંકાર, નાટક, રસ, શૈલી, નાટકશાળા, ભાષાંતર, માતૃભાષા દ્વારા શિક્ષણ વગેરે લખાણો તેમ જ 'કરણઘેલો', 'કાન્તા' નાટક', દુષ્ટભાર્યા દુઃખદર્શક' નાટક, 'અંધેરી નગરીનો ગર્ધવસેન', 'નર્મકવિતા' ઈ.નાં અવલોકનો; પ્રેમાનંદકૃત 'મામેરું,' 'હાસ્ય અને અદ્‌ભુત રસ,' દેશી પિંગળ વગેરે વિષયક લેખો નવલરામ અભ્યાસસજ્જ વિચારક હતા તેની ખાતરી કરાવે છે. ગોવર્ધનરામ ત્રિપાઠી કહે છે કે "મધ શોધનારી સૂક્ષ્મ દૃષ્ટિ પરીક્ષકમાં હોવી જોઈએ. આ શક્તિ તેમનામાં હતી. સારા પ્રમાણમાં હતી. તેથી તેઓ ગુણદર્શી પરીક્ષક થઈ શક્યા." વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે કે "એકંદરે અને પ્રધાનપણે નવલરામનું દૃષ્ટિબિંદુ કલારસિકનું, રસનિષ્ઠ અને સૌન્દર્યપરાયણ છે." વિજયરાય વૈદ્યે એમની વિવેચનાને 'મધુકરનો ગુંજારવ' કહીને ઓળખાવી છે.

## 4.3 સુધારક યુગના અન્ય કવિઓ

સુધારક યુગમાં અન્ય પણ કેટલાક કવિઓ થઈ ગયા છે તે ભલે પ્રમાણમાં અલ્પ છતાં ગુણવત્તાવાળી રચનાઓથી જાણીતા થયા છે તેમને વિશે હવે આપણે જોઈશું.

ભોળાનાથ સારાભાઈ દિવેટિયા (ઈ.1822થી ઈ.1866 ) સુધારકયુગના અગ્રણી **સંસ્કાર સેવક** હતા. તેમણે અમદાવાદમાં 'પ્રાર્થનાસમાજ' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. 'ઈશ્વર પ્રાર્થનામાળા' તેમ જ 'અભંગમાળા' એ બે ભક્તિકાવ્યના સંગ્રહો તેમણે આપ્યા છે. ઈશ્વરને સંબોધીને લખાયેલી આ પ્રાર્થનાઓમાં કોઈ સાંપ્રદાયિક ભક્તિનું નિરૂપણ નથી થયું, પરંતુ નિરાકાર, સર્વજ્ઞ, સર્વશક્તિમાન એવા ઈશ્વરની ઉપાસના છે. 'અભંગમાળા'માં મરાઠી અભંગોની શૈલીમાં લખાયેલી પ્રાર્થનાઓ છે. તેમની કવિતા ઉપર ખ્રિસ્તી ધર્મની પ્રાર્થનાઓની અસર પણ વરતાય છે. તેઓ **એકેશ્વરવાદી** હતા.

કવિ શિવલાલ ધનેશ્વરે 'કચ્છભૂપતિ વિવાહવર્ણન' નામે રાજવી પ્રશંસા કરતી રચના આપી છે. તેઓ સંસ્કૃતના અભ્યાસી હતા. 'કેશવકૃતિ'ના રચયિતા તરીકે જાણીતા બનેલા સુધારક યુગના કવિ કેશવરામ હરિરામ ભટ્ટ તથા 'સુબોધચિંતામણિ' નામના કાવ્યગ્રંથના કર્તા શેઠ વલ્લભદાસ પોપટ, કવિ હીરાચંદ કાનજી, છોટાલાલ નરભેરામ ભટ્ટ, **પ્રજ્ઞાચક્ષુ** કવિ ગટ્ટુલાલજી, 'ત્રિભુવનવિરહ'ના કવિ નથુરામ સુંદરજી શુક્લ, 'કાવ્યકુસુમાક ાયણ વિસનજી ઠક્કુર, સૂફીવાદને કવિતામાં ગાનાર કાજી અનવરમિયાં, 'છોટમની વાણી'ના કર્તા કવિ છોટમ આ સમયગાળાના અન્ય કવિઓ છે.

શ્રીમન્નૃસિંહાચાર્ય, શ્રી ઉપેન્દ્રાચાર્ય, છોટાલાલ જીવણલાલ માસ્તર- 'વિશ્વવંદ્ય', 'શ્રીમદ્ રાજચંદ્ર, પીર કાયમદીન, રંગ અવધૂત મહારાજ વગેરે અધ્યાત્મભાવને ગાનાર સાધુપુરુષોએ પણ આધ્યાત્મિક કવિતા આપી છે.

## 4.4 સુધારક યુગના અન્ય ગદ્ય લેખકો

સુધારક યુગના પ્રમાણમાં ગૌણ છતાં ઇતિહાસદૃષ્ટિએ જેમનું નામ સ્મરણીય છે તેવા ગદ્યલેખકોમાં દુર્ગારામ મહેતાજી- દુર્ગારામ મંછારામ દવે (ઈ.1809થી ઈ.1876 )નું નામ આગળ આવે છે. સુરતમાં તેઓ શિક્ષક હતા. સમાજસુધારા અને ધર્મવિચારના ક્ષેત્રે તેમણે ઉપયોગી કાર્ય કર્યું હતું.

તેમણે 'માનવધર્મસભા'ની સ્થાપના કરી હતી અને તેના દફતરદાર તરીકે તેમણે લખેલી રોજનીશી દ્વારા ગુજરાતીમાં આત્મકથા સાહિત્યસ્વરૂપનું કાચું રૂપ આપ્યું. રોજનીશી દ્વારા ગુજરાતીમાં અભાનપણે પહેલી આત્મકથા લખવાનું માન તેમને મળે. તેમનું ગદ્ય શિષ્ટ ગુજરાતીના પાસવાળું હતું. દુર્ગારામ મહેતાજી તેમના સુધારાવિષયક કાર્યોથી જાહેર જીવનમાં જાણીતા થયા હતા.

મૂળ અંગ્રેજ પણ મહારાષ્ટ્રમાં જન્મેલા રેવરન્ડ જોસેફ ટેલરે ગુજરાતી ભાષામાં વ્યાકરણ રચવાનો પ્રાથમિક પ્રયત્ન કર્યો હતો. જૂનાગઢના નાગર બ્રાહ્મણ મણિશંકર કીકાણી 'સૌરાષ્ટ્ર દર્પણ' નામના માસિકના તંત્રી હતા. સાહિત્ય, વ્યાકરણ, ધર્મ, જ્યોતિષ, ઇતિહાસ, પુરાતત્ત્વ, વિજ્ઞાન વગેરે ક્ષેત્રમાં તેમની કલમ ગતિ કરતી હતી. 'બુદ્ધિપ્રકાશ' તેમ જ 'વિજ્ઞાનવિલાસ' સામયિકોમાં તેમના લેખો પ્રગટ થતા હતા.

**ભાષાશાસ્ત્રી** તરીકે વિશેષ ખ્યાતિ પામેલા વ્રજલાલ કાળિદાસ શાસ્ત્રીએ ભાષાશાસ્ત્ર વિષયક ગ્રંથો આપ્યા છે તેમાં 'ઉત્સર્ગમાળા' તેમ જ 'ધાતુસંગ્રહ' સવિશેષ જાણીતા છે. પ્રાકૃત વ્યાકરણ તેમ જ સાહિત્યની તેમની જાણકારી સારી હતી. મહીપતરામ રૂપરામ નીલકંઠ (ઈ.1829થી ઈ.1891) આજીવન શિક્ષણક્ષેત્રમાં રહ્યા. તેમણે જે ખંતથી શિક્ષણકાર્ય કર્યું હતું તે જોઈને અંગ્રેજ સરકારે ત્યાંની શાળાઓનો અભ્યાસ કરવા તેમને ઇંગ્લેન્ડ મોકલ્યા હતા. 'રાસ્ત ગોફતાર' અને 'સત્યપ્રકાશ' માં તેઓ સુધારાની હિમાયત કરતા લેખો લખતા હતા. તેમણે 'સાસુ વહુની લડાઈ' નામે એક સામાજિક નવલકથા તેમ જ 'વનરાજ ચાવડો' અને 'સધરા જેસંગ' નામે બે ઐતિહાસિક કથાવસ્તુવાળી નવલકથાઓ આપી છે. તેમણે વિખ્યાત સમાજસુધારક ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજીનું જીવનચરિત્ર પણ આલેખ્યું હતું. તેવી જ રીતે દુર્ગારામ મહેતાજીનું ચરિત્ર પણ આપ્યું છે. 'ઇંગ્લેન્ડમાં મુસાફરી' નામે પ્રવાસનું પુસ્તક તેમ જ વીસ જેટલા ભવાઈના વેશનું સંપાદન' ભવાઈસંગ્રહ પણ આપ્યાં છે.

કરસનદાસ મૂળજી નર્મદના સમકાલીન અને સહાયક તેમ જ સુધારાકાર્યમાં અગ્રણી હતા. 'સત્યપ્રકાશ' સામયિકના તંત્રી તરીકે **'મહારાજ બાઈબલ કેસ'**થી તેઓ જાણીતા બન્યા હતા. રૂઢિ અને ધર્મને નામે ચાલતાં પાખંડને ખુલ્લાં પાડી તે સમયના વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય મહારાજોની અનાચારપ્રવૃત્તિ સામે તેમણે જંગ માંડ્યો હતો. તેમના સુધારાવિષયક વિચારો ક્રાન્તિકારી હતા. તેમના લખાણમાં સરળ ગદ્યનો અનુભવ થાય છે. રણછોડભાઈ ઉદયરામ દવે- (ઈ.1837થી ઈ.1923 )નું નામ 'લલિતા દુઃખદર્શક' નાટકના કર્તા તેમ જ 'રણપિંગળ' દ્વારા છંદવિષયક અભ્યાસગ્રંથ પ્રગટ કરનાર તરીકે જાણીતું છે. ભવાઈમાં આવતા અશ્લીલ સંવાદો અને ઊતરતી કોટિની ભજવણીમાંથી અલ્પશિક્ષિત જનતાને નાટકોના સારા નમૂનાઓ રજૂ કરી તેની ભજવણી દ્વારા આમ પ્રજામાં તેમણે સંસ્કારસિંચનનું કામ કર્યું હતું એમ અવશ્ય કહી શકાય. તેમણે 'શેક્સપિયર કથાસમાજ' નામે ચાર્લ્સ લેમ્બના 'ટેઈલ્સ ફ્રોમ શેક્સપિયર'નો અનુવાદ પણ અન્ય સાથે મળીને કર્યો છે.

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠીએ મુખ્યત્વે ચરિત્રસાહિત્ય અને નિબંધક્ષેત્રે અર્પણ કર્યું છે. 'અસ્તોદય' અને 'સુજ્ઞ ગોકુળજી ઝાલા' તેમનાં મુખ્ય પુસ્તકો છે. મુંબઈની ફાર્બસ સભાના આદ્યસ્થાપકોમાંના એક તેમ જ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા ગોવર્ધનરામ ત્રિપાઠીના જીવનઘડતરમાં મૂલ્યવાન ફાળો આપનાર તરીકે યાદ રહેશે. સંસ્કૃતમય ગુજરાતી ભાષાના તેઓ વિશેષ આગ્રહી રહ્યા હતા તેથી ક્યારેક એમનાં લખાણોમાં કિલષ્ટતા પ્રવેશેલી જોવા મળે છે તેમ છતાં તેઓ એક સારા શૈલીકાર હતા. અંબાલાલ સાકરલાલ દેસાઈ સ્વદેશ હિતચિંતક શિક્ષક અને વિચારક હતા. સાક્ષરકવિ પ્રો. બ.ક.ઠાકોર કહે છે તેમ "અંબાલાલભાઈનાં લખાણો અને વચનો કરતાં એમના વિચારો, એમના વિચારોના કરતાં એમનાં આચરણ અને વળી એમનાં આચરણ કરતાં એમનું ચારિત્ર્યબળ, એમનું વ્યક્તિત્વ ઘણાં મોટાં હતાં." હરગોવિંદદાસ કાંટાવાળા કેળવણીકાર, સાહિત્યકાર ઉપરાંત **સંશોધક** પણ હતા. 'દેશી કારીગરોને ઉત્તેજન' તથા 'અંધેરી નગરીનો ગર્ધવસેન' તેમની જાણીતી રચનાઓ છે. પ્રથમ કૃતિ અર્થશાસ્ત્રીય છણાવટ કરે છે અને તેમાં એમનો દેશપ્રેમ જોવા મળે છે. બીજી રચના 'સરસ્વતીચંદ્ર'નાં અનુકરણમાં રચેલી નબળી વાર્તાકૃતિ છે. 'પ્રેમાનંદનાં નાટકો' વિષયક વિવાદમાં તેઓ સંડોવાયેલા હતા તેથી ગુજરાતી ભાષાની તો કુસેવા જ થઈ છે:

ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ 'ગુજરાતી' નામના પત્રના તંત્રી હતા. 'હિન્દ અને બ્રિટાનિયા' તેમની રાજકીય વિષયવસ્તુવાળી નવલકથા છે. 'ચંદ્રકાન્ત' નામે તત્ત્વચર્ચા કરતા ચાર ભાગના ગ્રંથના તેઓ કર્તા છે. અધૂરી રહેલી આ કૃતિ આજે પણ વંચાય છે. 'બૃહત્ કાવ્યદોહન'ના આઠભાગ દ્વારા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ગ્રંથસ્થ કરવાની તેમની કામગીરીની નોંધ લેવી જરૂરી છે. આ ઉપરાંત પુરાતત્ત્વવિવાદ ભગવાનલાલ ઇંદ્રજી, 'ગણિતનાં મૂળતત્ત્વો' પુસ્તક આપનાર સમાજસુધારક લાલશંકર ઉમિયાશંકર ત્રવાડી, 'પ્રતાપ' નાટકના કર્તા ગણપતરામ રાજારામ ભટ્ટ તથા ગુજરાતી ભાષાનું પહેલું મૌલિક નાટક 'ગુલાબ'ના કર્તા નગીનદાસ તુલજાદાસનાં નામ જાણીતાં છે.

## 4.5 પારસી સાહિત્યકારો

ગુજરાતમાં આવીને વસેલ પારસીઓએ યથાશક્તિ ગુજરાતી સાહિત્યની અવશ્ય સેવા કરી છે. પારસી લેખકોએ ગુજરાતી કવિતા, નવલકથા અને નાટકના ક્ષેત્રે ઘણું સર્જન કર્યું છે. આ ઉપરાંત **પત્રકારત્વ** તેમ જ રંગભૂમિક્ષેત્રની પારસીઓની સેવા કદાપિ ભૂલી શકાય તેમ નથી.

બહેરામજી મલબારીનું નામ શિષ્ટમાન્ય ગુજરાતી ભાષામાં સરસ કવિતાઓ રચનાર કવિ તરીકે જાણીતું છે. તેમણે છ જેટલા કાવ્યસંગ્રહો આપ્યા છે. તેમની કવિતામાં સંસારસુધારો તેમ જ દેશભક્તિ મુખ્ય વિષયો તરીકે આવે છે. તેઓ દલપતરીતિના કવિ છે. 'સંસારિકા'માં 'સુણ ગરવી ગુજરાત,' 'સુરતી સહેલાણી લાલા,' 'ઇતિહાસની આરસી' જેવાં કાવ્યો સંગ્રહાયાં છે.

જહાંગીર તાલીઆરખાન, કેખુશરો કાબરાજી તેમ જ દાદી તારાપોરવાલાએ નવલકથા જેવી લાંબી વાર્તાઓ લખવા પ્રયત્ન કર્યો છે. એક પારસી લેખક સોરાબશા દાદાભાઈ મુનસફનાએ એક ફ્રેન્ચ કૃતિના અંગ્રેજી અનુવાદ પરથી 'હિંદુસ્તાન મધ્યેનું એક ઝૂંપડું નામે રૂપાંતરિત નવલકથા આપી છે. કેખુશરો કાબરાજીએ તો નાટકો પણ આપ્યાં છે. પારસી નાટકકારોએ ગુજરાતી રંગભૂમિના ઉત્કર્ષ માટે પ્રામાણિક પ્રયત્નો કર્યા છે. ગુજરાતી ભાષાનું પ્રથમ સમાચારપત્ર 'મુંબઈ સમાચાર' ઈ.1822માં ફરદુનજી મર્ઝબાન નામના એક પારસી સજ્જને જ શરૂ કર્યું હતું.

## 4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૩* : ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશન
2. *જ્ઞાનગંગોત્રી ગ્રંથમાળા ગ્રંથ-11* : સરદાર પટેલ યુનિવર્સિટી પ્રકાશન
3. *નંદશંકર* : ડૉ. પિનાકિન દવે, પ્ર. કુમકુમ પ્રકાશન
4. *નવલરામ* : ડૉ. રમેશ શુક્લ, પ્ર. કુમકુમ પ્રકાશન
5. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા* : ડૉ. ધીરુભાઈ ઠાકર

## 4.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પ્રૌઢિ** - ગંભીરતા, ઠરેલભાવવાળું

**ફ્રી સ્કૉલર** - છાત્રવૃત્તિ મેળવીને અભ્યાસ કરનાર તેજસ્વી વિદ્યાર્થી

**અધિપતિ** - વર્તમાનપત્ર કે સામયિકનો તંત્રી

**સંસ્કારસેવક** - સારા વિચારો ફેલાવનાર

**એકેશ્વરવાદી** - ઈશ્વર એક જ છે એવું માનનાર

**ભાષાશાસ્ત્રી** - ભાષાવિષયક શાસ્ત્રીય જાણકારી ધરાવનાર

**ભવાઈ** - એક પ્રકારનું લોકનાટ્ય

| | | |
|---|---|---|
| **વેશ** | - | ભવાઈ નામના નાટકમાં વપરાતી સંજ્ઞા |
| **મહારાજ બાઈબલ કેસ** | - | વૈષ્ણવ ધર્મગુરુઓ સામે બદનક્ષી કરતો જાણીતો એક ચુકાદો |
| **સંશોધક** | - | સંશોધન કરનાર |
| **હોપ સાહેબ** | - | લેખકના જમાનાના એક અંગ્રેજ અધિકારી |

**'તમારી પ્રગતિ ચકાસો' –4**

(1) 'કરણઘેલો' વિશે પાંચ-સાત વાક્યો લખો.

(2) વિવેચક તરીકે નવલરામનું કાર્ય દર્શાવો.

(3) ભોળાનાથ સારાભાઈ કોણ હતા ? તેમણે શું કાર્ય કર્યું ?

(4) સુધારક તરીકે કરસનદાસ મૂળજીનું મહત્ત્વનું કાર્ય કયું હતું ? શા માટે ?

(5) અર્વાચીન ગુજરાતી સાહિત્યના વિકાસમાં પારસીઓનો શો ફાળો છે ?

(6) નીચે **વિભાગ અ** અંતર્ગત સાહિત્યકારોનાં નામ આપ્યાં છે તેમને **વિભાગ બ**માંથી યોગ્ય પસંદગી કરી સાંકળી બતાવો.

| **વિભાગ અ** | **વિભાગ બ** |
|---|---|
| (i) દુર્ગારામ મહેતાજી | (i) બૃહત્ કાવ્યદોહનનું સંપાદન |
| (ii) વ્રજલાલ કાળિદાસ | (ii) મહારાજ લાઈબલ કેસ |
| (iii) કરસનદાસ મૂળજી | (iii) 'પ્રતાપ' નાટકના કર્તા |
| (iv) મનઃસુખરામ ત્રિપાઠી | (iv) માનવધર્મસભાની સ્થાપના |
| (v) ઈચ્છારામ સૂ. દેસાઈ | (v) 'અસ્તોદય' ના લેખક |
| (vi) ગણપતરામ રાજારામ ભટ્ટ | (vi) ભાષાશાસ્ત્રી |

## 4.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'– 1**

(1) જુઓ 1.1નો બીજો પરિચ્છેદ.

(2) જુઓ 1.3નો પ્રથમ પરિચ્છેદ.

(3) જુઓ 1.2નો ચોથો, પાંચમો અને છઠ્ઠો પરિચ્છેદ.

(4) જુઓ 1.3નો ત્રીજો પરિચ્છેદ.

(5) જુઓ 1.3નો ત્રીજો પરિચ્છેદ.

(6) જુઓ 1.4નો પાંચમો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' – 2**

(1) જુઓ 2.1નો ચોથો પરિચ્છેદ.

(2) જુઓ 2.1નો પાંચમો અને છઠ્ઠો પરિચ્છેદ.

(3) જુઓ 2.3નો બીજો અને ચોથો પરિચ્છેદ.

(4) જુઓ 2.4નો ત્રીજો પરિચ્છેદ.

(5) જુઓ 2.5નો પહેલો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' – 3**

(1) જુઓ 3.1નો ત્રીજો પરિચ્છેદ.
(2) જુઓ 3.1નો બીજો પરિચ્છેદ.
(3) જુઓ 3.3નો ત્રીજો અને ચોથો પરિચ્છેદ.
(4) જુઓ 3.3નો પાંચમો પરિચ્છેદ.
(5) જુઓ 3.4નો બીજો પરિચ્છેદ.
(6) જુઓ 3.4નો ત્રીજો પરિચ્છેદ.
(7) જુઓ 3.5નો પહેલો અને બીજો પરિચ્છેદ.
(8) જુઓ 3.6નો બીજો પરિચ્છેદ.
(9) જુઓ 3.7નો પહેલો પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો' – 4**

(1) જુઓ 4.1નો ચોથો અને પાંચમો પરિચ્છેદ.
(2) જુઓ 4.2નો પાંચમો પરિચ્છેદ.
(3) જુઓ 4.3નો બીજો પરિચ્છેદ.
(4) જુઓ 4.4નો ચોથો પરિચ્છેદ.
(5) જુઓ 4.5
(6) જોડકાં :

| વિભાગ-અ | વિભાગ-બ |
|---|---|
| (i) | (iv) |
| (ii) | (vi) |
| (iii) | (ii) |
| (iv) | (v) |
| (v) | (i) |
| (vi) | (iii) |

BAOU Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ગુજરાતી : પેપર-06

# અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ

(મુખ્ય વિષય)

વિભાગ

# 2

## પંડિતયુગ


એકમ 1

પંડિતયુગ : ભૂમિકા અને પરિબળો 7

એકમ 2

ગોવર્ધનરામ 9

એકમ 3

પંડિતયુગની કવિતા 12

એકમ 4

પંડિતયુગના પ્રમુખ ગદ્યકારો 15

એકમ 5

પંડિતયુગના પ્રમુખ વિવેચકો 18

**લેખન :**

પ્રો. બળવંત જાની — હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, ગુજરાતી વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પરામર્શ (વિષય) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી.કે. મહેતા — **નિયામક,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**અમદાવાદ-380 003**

**સંયોજન સહાય :**

શ્રી સુરેન્દ્ર શાહ — **મદદનીશ કુલસચિવ**
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સોલા, અમદાવાદ.

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481

©સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

## પ્રસ્તાવના

સ્નાતક ઉપાધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતીનો આ ઐચ્છિક પાઠ્યક્રમ છે. આ પાઠ્યક્રમ ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત છે. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* એવું નામ તેને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ઈ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. જ્યારે ઈ. સ. 1850થી આજ સુધીના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે.

8 ક્રેડિટના આ પાઠ્યક્રમમાં કુલ 36 એકમ છે જેને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગને અલગ અલગ શીર્ષકો આપવામાં આવ્યાં છે.

## વિભાગવાર પરિચય

પાઠ્યક્રમના પ્રથમ ત્રણ વિભાગ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ફાળવવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગનું શીર્ષક છે *પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ*. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ચર્ચા કરી દ્વિતીય એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. ત્રીજો એકમ નરસિંહ પૂર્વેના પ્રમુખ કવિઓ અને સાહિત્ય-પ્રવાહોને ફાળવવામાં આવ્યો છે. ચોથા એકમમાં મધ્યકાળના પ્રથમ મોટા ગજાના કવિ નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

બીજા વિભાગનું શીર્ષક છે *પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ*. આ વિભાગને છ એકમ અંતર્ગત વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની ચર્ચા કરવામાં આવી છે. બીજા એકમમાં જ્ઞાનમાર્ગી કવિતાના ઉત્તુંગ શિખર સમા અખાની કવિતાને મૂલવવામાં આવી છે તો ત્રીજા એકમમાં અખા સિવાયના પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા એકમમાં આખ્યાનકવિતા અને પ્રેમાનંદ પૂર્વેના આખ્યાનકવિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપી પાંચમા એકમમાં આખ્યાનશિરોમણિ પ્રેમાનંદની સમગ્ર સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે. છઠ્ઠા એકમમાં પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગમાં પ્રેમાનંદથી *દયારામ સુધી અને દયારામના* સાહિત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આ વિભાગનો પ્રથમ એકમ શામળ પૂર્વેના પદ્યવાર્તા સાહિત્ય અને શામળને ફાળવવામાં આવ્યો છે. બીજા એકમમાં દયારામ પૂર્વેના પદસાહિત્યનો અને ત્રીજા એકમમાં મધ્યકાળના અંતિમ તેજસ્વી તારક દયારામનો પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા એકમમાં અન્ય પદસાહિત્ય-પ્રવાહનો પરિચય કરાવી પાંચમા એકમમાં મધ્યકાળના ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ચારથી સાત વિભાગ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે ફાળવવામાં આવ્યા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને સામાન્ય રીતે ચાર યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક યુગને એક એક એકમ અંતર્ગત સાંકળી લેવામાં આવ્યો છે.

ચોથા વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ *સુધારક યુગને* ચર્ચવામાં આવ્યો છે. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા અને પરિબળોની ચર્ચા કરી છે. સુધારક યુગના બે પ્રમુખ સાહિત્યકારો દલપતરામ અને નર્મદાશંકરને અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં સમાવિષ્ટ કરી ચોથા એકમમાં સુધારક યુગના અન્ય લેખકોનો અછડતો ખ્યાલ આપવામાં આવ્યો છે.

*પંડિતયુગને* સ્પર્શતા પાંચમા વિભાગને પાંચ એકમમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં પંડિતયુગની પૂર્વભૂમિકા અને પરિબળો દર્શાવી બીજા એકમમાં ગોવર્ધનરામની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજા એકમમાં પંડિતયુગના પ્રમુખ કવિઓ, ચોથા એકમમાં પ્રમુખ ગદ્યકારો અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે.

છઠ્ઠો વિભાગ *ગાંધીયુગને* ફાળવવામાં આવ્યો છે. તેને છ એકમમાં વહેંચી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજીનો પરિચય આપી બીજા એકમમાં ગાંધી અનુશાસિત લેખકો, ત્રીજા એકમમાં પ્રમુખ કથાસર્જકો, ચોથા એકમમાં પ્રમુખ કવિઓ અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. છેલ્લો એકમ અન્ય સ્વરૂપસર્જન પરિચય માટે રાખ્યો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અંતિમ યુગને *અનુગાંધીયુગ* નામ આપવામાં આવ્યું છે. છેલ્લા સાતમા વિભાગમાં આ યુગનો પરિચય પ્રાપ્ત થાય છે. આ વિભાગના છ એકમો પૈકી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને પ્રહ્‌લાદ-હરિશ્ચંદ્રની કવિતાની વાત કરી બીજા એકમમાં રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજો એકમ અન્ય પ્રમુખ સૌન્દર્યદર્શી કવિઓને ફાળવ્યો છે. ચોથા એકમમાં આધુનિકતાના પુરસ્કર્તા સુરેશ જોષીનો અને અન્ય આધુનિક કવિઓનો પરિચય આપી પાંચમા એકમમાં અનુગાંધીયુગીન કથાસાહિત્ય-સ્વરૂપ-પ્રવાહ-પરિચય અને છઠ્ઠા એકમમાં અન્ય સ્વરૂપસર્જન-પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

આ રીતે સાત વિભાગો દ્વારા આ પાઠ્યક્રમમાં સમગ્ર ગુજરાતી સાહિત્યની રૂપરેખા આપવામાં આવી છે. એના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી ગુજરાતી સાહિત્યથી પરિચિત થાય એ અપેક્ષા છે.

# એકમ 1 પંડિતયુગ : ભૂમિકા અને પરિબળો

1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
1.4 સારાંશ
1.5 ચાવીરૂપ શબ્દો
1.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 1.1 ઉદ્દેશો

આ એકમ પંડિતયુગનો પહેલો એકમ છે. એનો અભ્યાસ કર્યા પછી તમે પંડિતયુગની ભૂમિકાથી પરિચિત થઈ શકશો. એનાં પરિબળોથી પરિચિત થઈ શકશો.

## 1.2 પ્રસ્તાવના

આપણે અગાઉ જોઈ ગયા તે પ્રમાણે નર્મદના અને એ યુગના લેખકોની નિષ્ઠામાં કોઈ ઊણપ ન હતી. એમના ઉત્સાહમાં પણ કોઈ ઊણપ ન હતી. પરંતુ તે યુગ જ સુધારકયુગ હતો. પાશ્ચાત્ય કેળવણી, પાશ્ચાત્ય સંસ્કૃતિના પરિચયથી તે યુગના લેખકોની નજર આપણી અંધશ્રદ્ધા, વહેમ, કૂપમંડૂકતા વગેરે ઉપર પડી અને સંસ્કૃતિ, સંસ્કાર અને ધર્મની જડતાને તોડીને દેશવાસીઓને જાગૃત કરી સુધારા પંથે વાળવાનો તેમનો ઉત્સાહ પ્રબળ બન્યો. પરિણામે એ સૌમાં સર્જકતાને બદલે સુધારાનો ઉત્સાહ વિશેષ જણાયો. વળી પશ્ચિમના તેજથી એમની આંખો અંજાઈ ગઈ અને તેથી તેઓ આપણી સંસ્કૃતિનું ઊંડું દર્શન ન કરી શક્યા. આથી સ્થિર અને સ્વસ્થ સર્જન કરતાં વધુ પડતા ઉત્સાહ અને આવેશનું પ્રમાણ વધારે દેખાયું. તેને કારણે તેમનું દર્શન એકાંગી બન્યું. કલાની સૂઝ પણ આછીપાતળી જણાઈ. નવાં સ્વરૂપો ખેડાયાં, પણ એની **વિભાવના**ઓ હજી સમજવાની બાકી રહી.

પરંતુ પંડિતયુગના આરંભે પરિસ્થિતિ જ બદલાઈ ગઈ. શાસનની સ્થિરતા આવતાં **રેનેસાં** (પુનર્જાગૃતિ) અને તેના પ્રભાવે સાંસ્કૃતિક ચેતના પ્રગટી. રાજા રામમોહનરાય અને સ્વામી વિવેકાનંદે ધાર્મિક અને સામાજિક વાતાવરણ ઊભું કર્યું. બળવો નિષ્ફળ ગયો અને રાણી વિક્ટોરિયાએ ઢંઢેરો બહાર પાડ્યો. ઠેર ઠેર પ્રદેશે પ્રદેશે આવી યુનિવર્સિટીઓ સ્થપાઈ. એનાથી નવી આબોહવા ઉદ્ભવી. અંગ્રેજી સાથે સંસ્કૃતને પણ આદરભર્યું સ્થાન મળ્યું. આ બન્ને ભાષાઓના મિલનથી શિક્ષણ અને તેને પરિણામે સાહિત્યને નવો વળાંક અને નવા વિચારો આપ્યા. નર્મદયુગમાં અવલોકન હતું, તેને સ્થાને દર્શનનો મહિમા થયો. ઉત્સાહને બદલે સમન્વયની દિશા દેખાવા લાગી. આપણી સંસ્કૃતિ, આપણાં મહાકાવ્યો, આપણા ઋષિ-મુનિઓનો મહિમા હવે સ્વસ્થ વિદ્વાનોને સમજાયો. આર્યસમાજ, બ્રાહ્મોસમાજ, જેવાં સમજુ મંડળોને કારણે ગોવર્ધનરામને નવજાગૃતિના સંકેતો સંભળાયા અને એ પછી સમજાયા. એ ઉતાવળ કરે એવા ન હતા. ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ સ્થપાઈ. આ બધાં પરિબળો વચ્ચે આ યુગના સર્જકોનું ઘડતર થયું અને તેમની સાહિત્ય-પ્રવૃત્તિ શરૂ થઈ.

દેખીતું છે કે આવાં પરિબળો લેખકને ઊંડી દૃષ્ટિ, ઊંડી પરીક્ષા અને ઊંડા પરિણામો તરફ પ્રેરે અને થયું પણ એમ જ. તેમના સાહિત્યમાં પણ અનુક્રમે સ્વસ્થતા, રસવત્તા અને કલાસૂઝના ઉન્મેષો પ્રગટ્યા. સંસ્કૃતિ તરફનો ઝોક આ યુગનો **ગુણવિશેષ** બન્યો. આમ, પંડિતયુગ પોતાની વિશિષ્ટ મુદ્રા ઉપસાવી શક્યો.

**'તમારી પ્રગતિ ચકાસો' – અ**

1. સુધારકયુગ કરતાં પંડિતયુગ કઈ બાબતમાં જુદો પડે છે ?
2. પંડિતયુગનાં પરિબળો મુદ્દાસર જણાવો.
3. પંડિતયુગનાં પરિબળોનો પ્રભાવ પંડિતયુગના સાહિત્ય ઉપર શો પડ્યો ?

## 1.3 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

1. સુધારકયુગમાં દેશવાસીઓને સુધારાના પંથે વાળવાનો ઉત્સાહ પ્રબળ હતો. પશ્ચિમના તેજથી આંખો અંજાઈ ગઈ. ઉત્સાહ અને આવેશનું પ્રમાણ પણ વધી ગયું. તેથી તેમનું દર્શન એકાંગી થઈ ગયું.

જ્યારે પંડિતયુગમાં પરિસ્થિતિ જ આખી બદલાઈ ગઈ. પુનર્જાગૃતિના પ્રભાવે સાંસ્કૃતિક ચેતના

પ્રગટી. નવી યુનિવર્સિટીઓ સ્થપાઈ. અંગ્રેજી સાથે સંસ્કૃતિને પણ આદર મળ્યો. સમન્વયની દિશા દેખાવા લાગી. રાજા રામમોહનરાય અને સ્વામી વિવેકાનંદે નવું વાતાવરણ ઊભું કર્યું. આવાં પરિબળોથી સાહિત્યમાં પણ સંસ્કૃતિ તરફનો ઝોક આવ્યો અને એનું પ્રતિબિંબ સર્જનપ્રવાહોમાં વરતાયું.

2. પંડિતયુગનાં પરિબળો હતાં : રેનેસાં, રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ, રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો અને સવિશેષ તો નવી નવી યુનિવર્સિટીઓ. આનો સીધો પ્રભાવ કવિઓ ઉપર પડ્યો.

3. પંડિતયુગનાં પરિબળોના પ્રભાવનું મૂળ તો હતું યુરોપને પ્રાપ્ત થયેલ નવજાગૃતિની આબોહવા. એમાં ચેતના ફૂંકી રાજા રામમોહનરાય અને સ્વામી વિવેકાનંદે. નવી સ્થપાયેલ યુનિવર્સિટીમાં ભણેલા યુવાનો અંગ્રેજી સાથે સંસ્કૃત પણ ભણ્યા અને આપણી સંસ્કૃતિ, આપણાં મહાકાવ્યો, આપણા ઋષિ-મુનિઓનો મહિમા એમને સમજાયો. એનું સીધું પ્રતિબિંબ કવિતા, નાટક, નવલકથા, ચરિત્રસાહિત્ય ઉપર પણ પડ્યું. એમના સાહિત્યમાં સ્વસ્થતા, રસવત્તા અને કલાવિધાના ઉન્મેષો વરતાયા.

## 1.4 સારાંશ

પંડિતયુગનો આ પરિચય હતો. નર્મદયુગનો ઉત્સાહ અને નર્મદયુગની નિષ્ઠાની આપણે વાત કરી. તે યુગના લેખકોની નજર આપણી કૂપમંડૂકતા ઉપર હતી. એમાંથી બહાર આવવું હોય તો સુધારાના પંથે વળવું રહ્યું. પરંતુ પંડિતયુગની પરિસ્થિતિ જ જુદી હતી. રેનેસાં (પુનર્જાગૃતિ), સ્વામી વિવેકાનંદ અને રાજા રામમોહનરાય, નવી યુનિવર્સિટીઓ ઇત્યાદિ પરિબળોને કારણે લેખકોને આપણી સંસ્કૃતિ, આપણાં મહાકાવ્યો પ્રત્યે આદર ઉદ્ભવ્યો. એ આદરના પ્રભાવે આ યુગના લેખકોમાં સ્વસ્થતા, રસવત્તા અને કલાવિધાના ગુણો પ્રગટ્યા.

## 1.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

1. **કૂપમંડૂકતા :** કૂવામાં રહેલ દેડકાં જેવું વલણ.
2. **વિભાવના :** કળાનાં અંગો વિશેની સ્પષ્ટ સમજ. દા.ત., કાવ્ય એટલે શું ? - એ વિશેનો ખ્યાલ.
3. **રેનેસાં (પુનર્જાગૃતિ) :** યુરોપમાં ધર્મને નામે જે લડાઈઓ થઈ, એ પછી નવું વાતાવરણ રચાયું. એનાથી વિશ્વભરમાં નવી આબોહવા ઊભી થઈ.
4. **ગુણવિશેષ :** ગુણોમાં પણ પ્રધાનપણે દેખાતો ગુણ. દા.ત., સુધારો સુધારકયુગનો ગુણવિશેષ.

## 1.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ* : ડૉ. ધીરુભાઈ ઠાકર, ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ.
2. *ગુજરાત દર્શન* (સાહિત્ય) : જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી-10 : સંપાદકો : અનંતરાય રાવળ અને અન્ય.

# એકમ 2 ગોવર્ધનરામ


2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
2.4 સારાંશ
2.5 ચાવીરૂપ શબ્દો
2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 2.1 ઉદ્દેશો

આ એકમમાં તમે ગોવર્ધનરામ પૂર્વેના અને ગોવર્ધનરામના સાહિત્યલક્ષી પ્રદાનનો પરિચય મેળવશો. ગોવર્ધનરામની પ્રશિષ્ટ નવલકથા 'સરસ્વતીચંદ્ર'ની ગુણમર્યાદા સહિત પરિચય મેળવશો. સર્જક અને ચિંતક બન્નેના ગુણો આ મહાનવલમાં કેવા મ્હોરેલા છે તેનો પણ તમને જરૂર પૂરતો પરિચય થશે.

## 2.2 પ્રસ્તાવના

નર્મદયુગ જ્યારે અસ્ત પામતો હતો ત્યારે પંડિતયુગનો ઉદય થઈ ચૂક્યો હતો. નર્મદ મણિલાલનાં લખાણોમાં પોતાનું સાતત્ય નિહાળે છે અને ઉત્તર નર્મદ મણિલાલને જાણે કે પોતાનો વારસો આપી જાય છે. નવલરામ 'સરસ્વતીચંદ્ર'ના પ્રથમ ખંડને આવકારે છે અને નરસિંહરાવની 'કુસુમમાળા'ને પણ. નર્મદના અવસાન સમયે 'સરસ્વતીચંદ્ર'નો પ્રથમ ખંડ રચાઈ ગયો હોય છે. આમ, નર્મદયુગની અસ્ત ક્ષણે જ એના અનુગામી સર્જકોનો ઉદય થઈ ચૂક્યો છે. આ યુગના ગોવર્ધનરામ, નરસિંહરાવ, મણિલાલ, બળવંતરાય, આનંદશંકર, ન્હાનાલાલ આદિ સર્જક-વિવેચકો પોતાની સન્નિષ્ઠ અને સમર્થ સર્જકતા અને વિદ્વત્તાથી આપણા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરે છે.

આ સૌ સર્જકો પંડિત હતા. સાહિત્ય પ્રત્યેની તેમની નિષ્ઠા સાચા દિલની અને સાચી દિશા તરફની હતી. એમનો અભ્યાસ પૂર્વપશ્ચિમનો અને ચિંતન ભારતીય માનસવાળું હતું અને સાહિત્યને તેમણે પોતાનો જીવનધર્મ જ માન્યો હતો. તેથી તો ગોવર્ધનરામ જેવા ચાળીસ વર્ષે વકીલાત સંકેલી **'વ્યવહારુ સંન્યાસ'** તરફ વળ્યા. ''સરસ્વતીચંદ્ર'' જેવી પ્રશિષ્ટ કૃતિ તેમણે લખી. તેના દ્વારા પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમનાં પરિબળોનો આપણને પ્રથમ વાર પરિચય થયો. આવી કૃતિને મહાકાવ્ય કહેવી, મહાનવલ કહેવી કે પ્રશિષ્ટ કૃતિ કહેવી એ વિશે આજે પણ ચર્ચાવિચારણા ચાલે છે. મહાન કૃતિનું આ એક લક્ષણ કહેવાય. આવી કૃતિના સર્જક તરીકે ગોવર્ધનરામે કળાનાં, સાહિત્યનાં, સમાજનાં અને સંસ્કૃતિનાં નવાં વિચાર-દ્વાર ખોલી આપ્યાં. તેથી જ આ યુગને એક અર્થમાં ગોવર્ધનયુગ પણ કહેવામાં આવે છે.

**ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (ઈ.સ. 1855-1907) :**

જન્મ નડિયાદના નાગર કુટુંબમાં. શૈશવમાં જ વૈષ્ણવભક્તિના સંસ્કાર. એલ્ફિન્સ્ટન કૉલેજ (મુંબઈ)ના વિદ્વાન પ્રાધ્યાપકો દ્વારા જ્ઞાન અને વિદ્યાનો વારસો. આ બધાંને કારણે આર્યસંસ્કૃતિ તરફ પક્ષપાત ખરો. યુવાનીમાં સંઘર્ષો વેઠવાના આવ્યા. છતાં એમનો એક સંકલ્પ એ રહ્યો કે ચાળીસ વર્ષે વકીલાતમાંથી નિવૃત્ત થઈ સાહિત્યની સેવા કરવી. એમણે આપેલા એક વ્યાખ્યાનનું શીર્ષક જ **'વ્યવહારુ સંન્યાસ'** હતું, અને તે જ એમના જીવનકવનનું નિર્ણાયક પરિબળ બની રહ્યું. ભાવનગરના દીવાન શામળદાસના અંગત મંત્રી તરીકે તેમણે સેવા બજાવેલી. તે રાજકીય ખટપટોના નિરી.
તેમને લાભ અપાવી ગઈ. વકીલાતથી નિવૃત્ત થઈ તેંતાળીસમા વર્ષે ગોવર્ધનરામ નડિયાદ આવ્યા અને જીવનની છેલ્લી ક્ષણો સુધી સાહિત્યસેવા કરતા રહ્યા. એમણે જે ધર્મ, શાસ્ત્ર, જ્ઞાન ઇત્યાદિનું ચિંતન કર્યું, તેના પરિણામે એમણે ચિંતનાત્મક ગદ્યમાં પુસ્તકો રૂપે અમૂલ્ય ફાળો આપ્યો. સાહિત્યક્ષેત્રે એમની ચિરંજીવ કૃતિ ગણાશે ''સરસ્વતીચંદ્ર'' (ભાગ 1 થી 4).

ગોવર્ધનરામનાં પુસ્તકોની યાદી કરીએ તો આટલાં પુસ્તકો થાય : 1. સરસ્વતીચંદ્ર (નવલકથા), 2. સ્નેહમુદ્રા (કરુણપ્રશસ્તિ), 3. હૃદયરુદિતશતકમ્ (સંસ્કૃત), 4. લીલાવતી જીવનકલા (ચરિત્ર સાહિત્ય), 5. સાક્ષરજીવન (ચિંતન), 6. પ્રાચીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું દિગ્દર્શન, 7. Classical Poets of Gujarat (અંગ્રેજી) અને 8. Scrapbook (અંગ્રેજી).

**સરસ્વતીચંદ્ર :**

ઇ.સ. 1887માં 'સરસ્વતીચંદ્ર'નો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયો. તેને વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'પહેલાં

કદીયે ન બની હોય એવી અપાર મહત્ત્વની ઘટના' તરીકે સ્વીકારે છે. એ પછી તેને વિશ્વનાથ ભટ્ટ જેવા વિવેચક 'પંડિતયુગના મહાકાવ્ય' તરીકે ઓળખાવે છે, એ આ કૃતિની ગરિમા સૂચવે છે. સરસ્વતીચંદ્રને લખતાં લેખકને બાર વર્ષ થયાં એ પણ એક પ્રકારનું તપ કહેવાય. પહેલા ખંડમાં બુદ્ધિધનના કારભારનું ચિત્ર આપી ગોવર્ધનરામ સરસ્વતીચંદ્ર - કુમુદની સ્નેહકથા નિરૂપે છે. બીજા ખંડમાં ગુણસુંદરીની કુટુંબજાળ અને એ દ્વારા ગૃહજીવનની કથા વર્ણવે છે. ત્રીજા ખંડમાં રત્નનગરીના રાજ્યતંત્રને આલેખી લક્ષ્યાલક્ષ્યની મીમાંસા કરે છે. ચોથા ખંડમાં સરસ્વતીનું મનોરાજ્ય આલેખી કલ્યાણગ્રામની યોજનાનો આદર્શ વર્ણવે છે. આમ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વિચારણા નવલકથાના માધ્યમ દ્વારા સુંદર અને સરસ રીતે થઈ છે.

સૌંદર્ય પીતાં પીતાં કોઈ પર્વતશિખર ઉપર આપણે આરોહણ કરીએ અને શિખરે પહોંચતાં આંખ આગળ ક્યાંક ચંદ્રદર્શન થઈ જાય એવો અનુભવ અહીં અવારનવાર થાય છે. ઉદાહરણ તરીકે 'ઘેલી મારી કુસુમ' - એ પ્રકરણ લઈએ. ગૃહત્યાગ કરતી વખતે સરસ્વતીચંદ્રમાં આંતરવેગ ક્યાં હતા, એની એનેય ક્યાં ખબર હતી ? અલકના પ્રસંગમાં જ તેણે કામનો પ્રવાહ પહેલવહેલો દીઠો. આ જીતમાં સાચી જીત કુમુદપ્રીતિની હતી એમ કહી શકાય. તો કુસુમના નિર્ણયમાં તેના હૃદયનું અસ્પષ્ટ વલણ ન હોય ? કર્તાએ આ વલણ વ્યંજનામાં રાખ્યું હોય એમ બને. પરંતુ આજે રસેલ કે ટાગોરના વ્યક્તિત્વ ઉપર ઓળઘોળ થઈ જનારાં નારીહૃદયોનાં દૃષ્ટાંતો છે. એ સર્જકનું આર્ષદર્શન કહેવાય. આનું મૂળ કુસુમના આ શબ્દોમાં પડેલું છે : ''મારા શરીરમાં માંહ્ય શું છે એ હું જાણતી નથી'' (સરસ્વતીચંદ્ર-4, પૃષ્ઠ 787) - અર્થાત્ કુમુદ કુસુમને લાડમાં ઘેલી કરે તો તે યથાર્થ છે.

કથાનો નાયક વિદ્વાન છે. તેથી ચિંતન આવે જ. એ સ્વીકારે છે કે અનુભવ એ કેવળ જ્ઞાન અને વિચારથી જુદી જ વસ્તુ છે. સુવર્ણપુરમાં એને અનુભવ થાય છે કે એની ગર્ભશ્રીમંતાઈ ઊણી છે. મદન અજેય છે. જંગલમાં પડ્યો ત્યારે ક્ષણ પૂરતો પણ એ દીન બન્યો જ. આનો અર્થ તમે એવો લઈ શકો કે ચિંતન અનેક વાર આ રીતે કલાપ્રયોજન સાધે છે. માનો કે લક્ષ્યાલક્ષ્યમીમાંસા નવલકથામાં સ્થાન પામી ન શકે. મહાભારતનો અર્થવિસ્તાર અને એવાં કેટલાંક પ્રકરણોનું પણ એવું જ. આવી વિચાર-સમૃદ્ધિને સુરેશ જોશી 'ચિંતનના ગાંગડા' કહે છે તે વિચારવા જેવું છે.. સંમત થવા જેવું નથી. વાંચીને તમને જ લાગશે કે એમણે ચિંતનબીજને સર્જનરસ દ્વારા વ્યક્ત કર્યું છે. દા.ત., નારી પ્રતિષ્ઠા. કુમુદની વાત આવી ગઈ. ધર્મલક્ષ્મી માનચતુરને કેવો ગૌરવપૂર્વક વાળી લે છે ? ઘડપણમાં તો ઘડપણમાં આ તેજસ્વી વૃદ્ધ નવજીવનના માર્ગે વળે છે. ગુણસુંદરી પણ સહજ મધુરતાથી સૌને ડાહ્યા બનાવે છે કે નહિ ? અરે, સૌભાગ્યદેવી પોતાની કેવળ પ્રસન્ન કાંતિથી રાજબાનો વળગાડ બુદ્ધિધનમાંથી દૂર કરે છે. હવે પછી ગુજરાતી કુસુમો રાજકારણમાં પડશે તો ગુણસુંદરીના સઘળા આશીર્વાદ તેને હશે.

**'તમારી પ્રગતિ ચકાસો' – અ**

1. પંડિતયુગના સર્જકોની વિશેષતાઓ કઈ ?
2. ગોવર્ધનરામના જીવનની મહત્ત્વની ઘટનાઓ જણાવો.
3. 'સરસ્વતીચંદ્ર'ના ચારેય ભાગોનો પરિચય કરાવો.
4. 'સરસ્વતીચંદ્ર'માં રસ પડે એવું શું શું છે ?

## 2.3. 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

1. પહેલી વિશેષતા આ સૌ પંડિતો હતા. એમનો અભ્યાસ પૂર્વનો તેમ પશ્ચિમનો પણ હતો. સાહિત્ય તેમના મતે રોજીનું સાધન ન હતું, પણ જીવનધર્મ હતું. વિશેષતાનું ફળ એ આવ્યું કે આ વિદ્વાનો જે સ્વરૂપમાં પડ્યા એમાં એમણે પ્રભુત્વ મેળવ્યું, દા.ત., કાન્તનાં ખંડકાવ્યો, બળવંતરાયનાં સૉનેટો વગેરે.
2. ગોવર્ધનરામના જીવનની મહત્ત્વની ઘટના તે એમનો સંકલ્પ : ચાળીસમા વર્ષે વકીલાત પતાવી સમગ્ર લક્ષ સાહિત્ય તરફ આપવું. બીજી ઘટના તે ભાવનગરના શામળદાસ દીવાનના અંગત મંત્રી થવાનું આવ્યું. ત્રીજી ઘટના તે ગુજરાતી સાહિત્ય પરિષદ (1905)ના પ્રમુખ એ થયા અને પ્રમુખપદ શોભાવ્યું.
3. 'સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગમાં સરસ્વતીચંદ્ર અને કુમુદની સ્નેહકથા છે. બીજા ભાગમાં ગૃહજીવનની કથા કહેવાઈ છે. ત્રીજા ભાગમાં રાજકારણની ખટપટકથા છે અને ચોથા ભાગમાં સરસ્વતીનું મનોરાજ્ય ઉચ્ચ ભૂમિકાએ વર્ણવાયું છે.
4. 'સરસ્વતીચંદ્ર'માં રસ પડે એવું ઘણું છે : 'ઘેલી મારી કુસુમ' - એ પ્રકરણ જોઈએ.

કુસુમના હૃદયનું અસ્પષ્ટ વલણ સરસ્વતીચંદ્ર તરફ હતું જ. એ તો કર્તાએ ગુપ્ત રાખ્યું. સરસ્વતીચંદ્ર વિદ્વાન અવશ્ય હતો. એનામાં અનુભવની ઊણપ હતી. એ સંજોગોએ પૂરી કરી અને કલ્યાણગ્રામ ઊભું થયું. નારી પુરુષને સન્માર્ગે લઈ જઈ શકે છે : એ સત્ય કેટકેટલાં ઉદાહરણો દ્વારા સુંદર રૂપે રજૂ થયું છે. આજે પણ એ પ્રસ્તુત છે જ.

## 2.4 સારાંશ

પંડિતયુગના સૌ સર્જકો પંડિત હતા. ''સરસ્વતીચંદ્ર'' જેવી પ્રસિદ્ધ કૃતિના સર્જક તરીકે ગોવર્ધનરામે કળા અને સાહિત્યનાં નવાં વિચારદ્વાર ખોલી આપ્યાં. એમનો સંકલ્પ હતો કે ચાળીસમા વર્ષે વકીલાત છોડી વ્યવહારુ સંન્યાસ લેવો. એ એમણે પાળી બતાવ્યો. ઈ.સ. 1887માં 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ અને ઇ.સ. 1901માં આ જ કૃતિનો ચોથો ભાગ બહાર પડ્યો. અર્થાત્ આ યુગમાં એક કૃતિ પાછળ બાર વર્ષનું તપ કરનાર તરીકે ગોવર્ધનરામ આપણા આદરને પાત્ર સાહિત્યકાર છે. ગોવર્ધનરામનાં અને ગોવર્ધનરામ વિશેનાં પુસ્તકો આજે લાયબ્રેરીનો એક ખંડ માગી લે તેવાં અને તેટલાં છે.

સરસ્વતીચંદ્રના પ્રથમ ભાગમાં સ્નેહકથા, બીજામાં કુટુંબકથા, ત્રીજામાં રાજ્યખટપટ અને ચોથા ભાગમાં કલ્યાણગ્રામની યોજનાનો આદર્શ વર્ણવાયો છે. ભાવના અને વાસ્તવના સુમેળ તરીકે પણ આ નવલકથાને તપાસવા જેવી છે. કોઈએ એને મહાકાવ્ય કહ્યું, કોઈએ એને પ્રશિષ્ટ કૃતિ ગણી; એનામાં સર્જન વધારે કે ચિંતન, એવી તુલનાઓ પણ થઈ. વિશ્વ સાહિત્યની મહાકૃતિઓમાં એની પ્રતિષ્ઠા કરવામાં આવી, તો ઘરઆંગણાના નવવિવેચકોએ નવલકથા તરીકે એની નિષ્ફળતાઓની યાદી કરી. સરવાળે તો સૌએ પોતપોતાના દૃષ્ટિકોણથી એને સ્વીકારી, નકારી કે પુરસ્કારી. ઉમાશંકર જોશી કહે છે તેમ 'સરસ્વતીચંદ્ર' આપણો ગરવો ગ્રંથમણિ રહેશે એમાં શંકા નથી.

## 2.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

1. **મહાનવલ :** નવલકથા તો ખરી જ. એના વિવિધ ભાગોમાં કોઈ યુગનું મહાન દર્શન હોય અને નવલકથાના માપદંડથી આગળ નીકળી જતી કૃતિ હોય તે.
2. **વ્યવહારુ સંન્યાસ :** ચીલાચાલુ અર્થમાં ભગવાં ધારણ કરવાં એમ નહિ. કમાણી છોડી સ્વધર્મ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું તે.
3. **લક્ષ્યાલક્ષ્ય :** લક્ષ્ય એટલે જગત અલક્ષ્ય એટલે ઈશ્વર. જગતની પેલે પાર દેખાતો ઈશ્વર એટલે લક્ષ્યાલક્ષ્ય. એની ચર્ચા (= મીમાંસા) એટલે લક્ષ્યાલક્ષ્ય મીમાંસા.
4. **કલ્યાણગ્રામ :** એક પ્રકારનો અકલ્પ્ય આદર્શ. પ્લેટોએ જેમ નગરરાજ્યની કલ્પના (અં.યુટોપિયામાં) કરી હતી તેમ. એ વાસ્તવિક દુનિયામાં શક્ય નથી, પણ એ તરફ જઈ શકાય.
૫. **વ્યંજના :** શબ્દની એક શક્તિ. જે કહેવાનું હોય એ ગુપ્ત રખાય, છતાં રસિકને એનો સંકેત મળી જાય.
6. **આર્ષ :** યુગોની પેલે પાર જોઈ શકતા ઋષિઓને જ જે દેખાય તે. દા.ત., વ્યાસને ભારતનું આર્ષદર્શન થયું.

## 2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *ગોવર્ધનરામ - ચિંતક અને સર્જક* : લે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
૨. *ગોવર્ધનરામ - એક અધ્યયન* : લે. રમણલાલ જોશી
3. *ગોવર્ધન શતાબ્દીગ્રંથ* - સં. ઉપેન્દ્ર પંડ્યા
4. *વિશ્વસાહિત્યમાં સરસ્વતીચંદ્ર* - સં. યશવંત ત્રિવેદી
૫. *નિરીક્ષા* - લે. ઉમાશંકર જોષી
6. *કથોપકથન* - લે. સુરેશ જોશી
7. *'સરસ્વતીચંદ્ર'નો મહિમા - એની પાત્ર સૃષ્ટિમાં* : લે. રસિકલાલ પરીખ

# એકમ 3 પંડિતયુગની કવિતા


3.1 ઉદ્દેશો
3.2 પ્રસ્તાવના
3.3 'તમારી પ્રગતિ ચકાસો'ના પ્રશ્નો અને જવાબો
3.4 સારાંશ
3.5 ચાવીરૂપ શબ્દો
3.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


## 3.1 ઉદ્દેશો

આ એકમ પંડિતયુગનો ત્રીજો એકમ છે. એનો અભ્યાસ કર્યા પછી તમે પંડિતયુગની કવિતાથી પરિચિત થઈ શકશો. નરસિંહરાવ, કાન્ત, બળવંતરાય, કલાપી, ન્હાનાલાલ જેવા કવિઓ આ યુગમાં થઈ ગયા. એમનો કવિ તરીકેનો પરિચય તમને થશે. એમણે જે કાવ્યરૂપો સિદ્ધ કર્યા, એમાં જે જે કાવ્યગુણો દર્શાવ્યા, એની સિદ્ધિ-મર્યાદાઓ આ એકમમાં તમને જાણવા મળશે.

## 3.2 પ્રસ્તાવના

આ યુગના કવિઓની એ વિશેષતા રહી કે એમણે વર્તમાન સાથે રહીને ભૂતકાળના વિશ્વસર્જકો સાથે સંબંધ જાળવી રાખ્યો. સંસ્કૃત કવિતા, અંગ્રેજી કવિતા અને સમકાલીન મિત્રકવિતાના ઉત્તમ અંશોનો સુમેળ આ કવિઓની ધ્યાન ખેંચે તેની વિશેષતા છે. મધ્યકાલીન જીવનની રંગદર્શિતાનો પણ એમને સંકોચ નથી. સાથે સાથે એ પણ ખરું કે પ્રત્યેકનો જીવન તરફનો દૃષ્ટિકોણ પોતાનો છે. નવાઈ લાગે તેવું છે પણ નોકરી સાથે કરતા હોય અને કાવ્યકળામાં તદ્દન ભિન્ન પરિમાણો ધરાવતા હોય (દા.ત., ન્હાનાલાલ-બળવંતરાય) કેટકેટલાં નવાં કાવ્યરૂપો આ કવિઓ દ્વારા મળે છે, એ પણ જોઈએ : ખંડકાવ્ય, સૉનેટ, લિરિક(- ઊર્મિકાવ્ય), કરુણપ્રશસ્તિ વગેરેને ભલે ઝાઝી સફળતા ન મળી હોય પરંતુ મહાકાવ્ય લખવાના પ્રયત્નો આ યુગમાં થયા છે. ભલે પછીના કવિઓ એનું અનુકરણ ન કરી શક્યા હોય પણ અછાંદસ, મુક્ત પદ્ય કે અગેય પદ્ય લખવાની મૌલિકતા આ યુગકવિતાની વિશેષતા રહી છે. તો હવે આ યુગના કવિઓ અને એમની કવિતાનો પરિચય મેળવીએ.

**નરસિંહરાવ દિવેટિયા (ઈ.સ. 1859-1937) :**

**કાવ્યસંગ્રહો** : કુસુમમાળા, હૃદયવીણા, નૂપુરઝંકાર અને સ્મરણસંહિતા

કવિ તરીકેની નરસિંહરાવની લાક્ષણિકતા આટલી : અંગ્રેજી કવિતા તરફની અનન્ય અભિમુખતા, ઊર્મિકાવ્યને મળતું ટૂંકું કાવ્યરૂપ, અંગ્રેજી કવિતાનો શુદ્ધશિષ્ટ ગુજરાતીમાં પ્રયોગ 'કુસુમમાળા' વાંચતા જણાશે. ભવિષ્યની ગુજરાતી ઊર્મિકવિતાનો એક મહત્ત્વનો અંશ એમની શૈલીમાં આ રીતે છે. એમનાં ગીતોમાં 'મંગલ મંદિર ખોલો' તથા 'પ્રેમળ જ્યોતિ' લોકપ્રિય પણ છે. 'ઉત્તરા ને અભિમન્યુ' તથા 'ચિત્રવિલોપન ' એમનાં સારાં ખંડકાવ્યો છે. એમની કવિતામાં શેલી, કીટ્સ, ટેનિસન વગેરે પાશ્ચાત્ય કવિઓના પડઘા સંભળાય છે, અને તેથી જ મૌલિકતાનો ગુણ એમની કવિતામાં ઓછો છે એમ જણાય છે છતાં ગુજરાતી કવિતાને પાશ્ચાત્ય પવનનો આસ્વાદ કરાવનાર તો નરસિંહરાવ જ.

**મણિશંકર ભટ્ટ – 'કાન્ત' (ઈ.સ. 1867-1923) :**

**કાવ્યસંગ્રહ** : 'પૂર્વાલાપ' (અવસાન પછી મિત્રોએ ભેગા થઈ બહાર પાડેલ)

કવિ તરીકે લાક્ષણિકતા આટલી : સત્યની ખોજ અને ન્યાયનો આગ્રહ એમનામાં ભરપૂર છે. અર્વાચીનયુગનું પ્રધાન લક્ષણ આ છે. લાગણી, મંથન, વિચાર અને રસનું ખૂબ જ ઘૂંટાયેલું આંતરિક સત્ય જે એમની કવિતામાં છે. કળાનો વસંતવિજય (1. પ્રકૃતિ, 2. કળારીતિ) કાન્તની કવિતામાં થયો છે. અભિપ્રાય પણ અપાયો છે. એ યોગ્ય છે કારણ કે બાહ્ય કાવ્યતત્ત્વો (છંદ, અલંકાર) અને અંદરનાં કાવ્યતત્ત્વો (અનુભૂતિ)નો સુમેળ અને સમન્વય કાન્તની કવિતામાં એક રસાયણની જેમ થયો છે. ગુજરાતી કવિતામાં અગાઉ કથાકાવ્યો તો હતાં જ, પરંતુ લગભગ ટ્રેજેડીના અણુરૂપ (= નાનકડું પણ શક્તિશાળી) જેવાં કાવ્યો અર્થાત્ ખંડકાવ્યો કાન્તે પ્રથમ અને પૂર્ણરૂપે આપ્યાં. દા.ત., 'વસંતવિજય,' 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન' વગેરે. એમનાં ઊર્મિકાવ્યો જરાકે ઊતરતાં નથી. જેમ કે, 'સાગર અને શશી' -આ એક જ ઉદાહરણ પૂરતું છે. મૈત્રીનાં કાવ્યો કહો તો 'ઉપહાર' (- બળવંતરાયને ઉદ્દેશીને) તથા 'મહેમાનોને સંબોધન' (- ન્હાનાલાલને

ઉદ્દેશીને) તથા 'રતિને પ્રાર્થના' (પત્નીને ઉદ્દેશીને) ઉત્તમ ઊર્મિકાવ્યો છે. કાન્તને કળાકાર કવિ (- નિરંજન ભગત) કહેવાનું 'કારણ બીજું કશું નહિ. પરંતુ 1. શબ્દનું વર્ણમાધુર્ય અને અર્થની યોગ્યતા, 2. છંદોલયની સંવાદિતા, 3. અલંકારોની નૂતનતા તેટલી જ સહજતા, 4. ભાષાની છટા અને શિષ્ટતા (બલ્કે નાગરિકતા) : આ લક્ષણોમાં તમે પ્રાચીનતા જુઓ, તમે કદાચ અર્વાચીનતા પણ જુઓ, ભાવકપાત્રને (= સમજનારને) તો કાન્તનો વિવેક(સારાખોટાનો નિર્ણય) જ વધારે વરતાશે. 'અર્વાચીન ગુજરાતીમાંથી ઉત્તમ કાવ્યો ચૂંટીને જગત આગળ (રિપીટ જગત આગળ) મૂકવાં હોય તો કાન્તનો ફાળો તેમાં ઘણો મોટો આવે.' (- સુંદરમ્, અર્વાચીન કવિતા, પૃ. 261) તેથી જ કાન્તે મહાકાવ્ય લખ્યું કે નહિ (કહો ટાગોરની જેમ) એ મહત્ત્વનું નથી, તેમની કવિતામાં મહાનતાના અંશો હતા જ. મહાકવિની પ્રતિભા હતી જ.

**બળવંતરાય ઠાકોર - 'સેહેની' (ઈ.સ. 1869-1952) :**

કાવ્યસંગ્રહો : 'ભણકાર' (1917), 'ભણકાર' (1927), 'મ્હારાં સૉનેટ' (1935)

લાક્ષણિક્તાઓ : કાવ્યસમગ્રનો નવો ઉન્મેષ એટલે બળવાન બળવંતરાય. તમે વિષય લો, પ્રકાર લો, છંદ લો, ભાષા લો, અરે અભિવ્યક્તિ લો, બળવંતરાયનું આરોહણ (ઉપર ચડવું) પ્રથમ અને એવરેસ્ટ (સર્વોચ્ચ શિખર) ઉપર એ પહેલા જ હોય. કાવ્યના વિષયની માંડણી, છંદની પ્રવાહિતા, કાવ્યની બલિષ્ઠ બાની, કાવ્યના વિષયને - વિચારને સ્પર્શી શકાય, સમજી શકાય, એવું રૂપ આપવાની શક્તિ એ બ.ક.ઠા.ની કવિ તરીકેની લાક્ષણિક્તાઓ છે. કાવ્યરૂપોમાં તેમનું મહત્ત્વનું અર્પણ સૉનેટ છે. સૌથી વધુ સુંદર સૉનેટ તેમનાં 'પ્રેમનો દિવસ' અને 'વિરહ' છે. (દા.ત., 'પ્રેમની ઉષા', 'પ્રેમનો મધ્યાહ્ન') ચિત્ર ઊભું કરવાની એમની કળા 'વધામણી' તથા 'જૂનું પિયરઘર'માં જોવા મળશે. ગુજરાતી કવિતામાં એકલા બળવંતરાયે નર્મદાને 'રેવા' દ્વારા મન મૂકીને ગાઈ છે. જીવનપ્રેરણા આપનાર શક્તિસ્વરૂપે પ્રકૃતિકાવ્યો તેમણે રચેલાં છે, ઉ.દા. તરીકે 'વર્ષાની એક સુંદર સાંજ' તપાસી જુઓ. પૃથ્વી ઉપરથી અંતરીક્ષમાં લઈ જતું કાવ્ય 'શાંતિ' વાંચી જાઓ, પ્રકૃતિનો ગહન સંદર્ભ તરત પકડાશે. જોકે પ્રકૃતિની પામરતામાંથી ઉપર જવાનું અને નરથી નારાયણ પ્રતિ જવાનું સાહસ 'આરોહણ'માં છે એવું ક્યાંય નથી. ટૂંકમાં, બળવંતરાય કેવળ કવિતા દ્વારા પામીએ તો ય કાવ્યગુરુ તરીકે વંદન કરવા જેવા છે.

**સુરસિંહજી ગોહિલ - 'કલાપી' (ઈ.સ. 1894-1900) :**

કાવ્યસંગ્રહ : 'કલાપીનો કેકારવ' (1903) 'હમીરજી ગોહેલ' (1913)

લાક્ષણિક્તાઓ : પ્રમુખ લાક્ષણિક્તા એ કે, સમગ્ર જીવન અને જગત તરફ એ ખુલ્લા અને નિખાલસ તેમ જ અત્યંત સંવેદનશીલ હતા. એમની કવિતા પણ એવી જ હતી. પોતાના જીવનમાં જે જે ભાવો, વિચારો કે સંવેદનો સ્ફુરતાં ગયાં, વિવિધ કળાઓના સંપર્કમાં મૂકાતાં જે પ્રતિભાવો આવતા ગયા અને જે જે સર્જકો, ચિંતકો ને વિદ્વાનોને એ મળતા ગયા તે તે સંવેદનોને એ પીતા ગયા, પચાવતા ગયા અને કાવ્યમાં મૂકતા ગયા. મૂકવાની તેમની વિશેષતા સાદી, સીધી, પારદર્શી, આત્મલક્ષી અને આપરંગી રહી. પરિણામે મુગ્ધ યુવાહૃદય (જે આજેય એવું જ મુગ્ધ હશે) ને એ તરત ગમી ગઈ. અર્થાત્ લોકપ્રિયતા એ તેમની લાક્ષણિક્તા. બીજી એ કે જ્યાં મળ્યું, જેની પાસેથી મળ્યું, એને એ સ્વીકારતા ગયા, મઠારતા ગયા. અલબત્ત, રૂપાંતર કરવાનો કોઈ કીમિયો ન હતો. ગઝલો, 'ભવ્ય ગઝલ' (- કાન્ત) કહેવાઈ છે, જેમ કે ઈશ્વર પ્રત્યે લખાયેલ 'આપની યાદી'. પ્રિયતમાને સંબોધીને રચાયેલ 'સનમને' આજેય ગવાય તો નવાઈ નહિ. પ્રકૃતિનાં કાવ્યોમાં કલાપી વર્ણન પણ સુંદર કરે છે, ઉદા. તરીકે 'કમલિની' અથવા 'વનમાં એક પ્રભાત'. કુદરત સાથે માનવીને પરોવતાં કાવ્યો કલાપીનાં થોડાં છે પણ સુંદર છે, દા.ત., 'ગ્રામમાતા', 'ભરત' અને 'વીણાનો મૃગ'. કલાપી યાદ રહેશે તેમનાં ચિત્રાત્મક વર્ણનોને કારણે, કોમળ લાગણીને કારણે તથા જીવનરહસ્યો સમજવા મથતા ચિંતનને કારણે. ક્યો યુવાન આવો નથી હોતો ? તેથી જ પંડિતો વચ્ચે કોઈ યુવાન કવિ હોય, યુવાનીનો કવિ હોય, યુવાનીનો પ્રતિનિધિ જીવ હોય, તો તે કલાપી. અને બધા રાજવી કવિ હોતા નથી.

**કવિ ન્હાનાલાલ 'પ્રેમભક્તિ' (ઈ.સ. 1877-1946) :**

કાવ્યસંગ્રહો : 'કેટલાંક કાવ્યો' - 1-2-3, 'વસંતોત્સવ', 'ઇન્દુકુમાર', 'ન્હાના ન્હાના રાસ' 'જયાજયંત'. 'લગભગ આવાં અગિયાર ભાવપ્રધાન નાટકો' 'ઓજ અને અગર'

લાક્ષણિક્તાઓ, 1. શબ્દ, વર્ણ અને ઊર્મિના સૌંદર્યની સૂક્ષ્મ સંવેદના, 2. સંસ્કૃત કવિતા, અંગ્રેજી કવિતા તથા મધ્યકાલીન રંગદર્શિતાનો ત્રિવેણી સંગમ, 3. પરિણામે એક નવી જ શૈલી પ્રગટતી દેખાઈ - ડોલન શૈલી. ન્હાનાલાલની કવિતાનાં રૂપો આટલાં : ઊર્મિગીતો, ઊર્મિકાવ્યો, રાસ, ખંડકાવ્યો અને ભાવનાપ્રધાન નાટકો. એમની અનેક પ્રતિભાએ અંગત જીવનની ઊર્મિઓથી

માંડીને અખિલ માનવત્વને સાંકળતી ભાવનાઓ ગાઈ. દંપતી હૃદયનો રસ કેવો હોઈ શકે તે સિદ્ધ પ્રણય એમણે ગાયો, દા.ત., 'વસંતોત્સવ'. આત્મલગ્નની ભાવના વણાઈ, 'જયા-જયંત'માં, 'ઇન્દુકુમાર'માં. પણ સ્નેહના નિરૂપણની ભાવના જ. ઇતિહાસનું સત્ય અને કવિતાનો રસ સધાયો છે એમનાં ઐતિહાસિક નાટકોમાં. 'કુરુક્ષેત્ર' એ મહાભારતનો અંશ આલેખતું - મહાન થવા મથતું ઊર્મિકાવ્ય છે. 'દ્વારિકાપ્રલય' પણ એવો જ પ્રયોગ. દ્વારિકાને ડૂબાડવા આવેલો સાગર અહીં વર્ણનની એક ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરે છે. એવું લાગે છે કે પોતાને અનુભવ થઈ ગયા પછી તેનું સ્મરણ કરીને કવિ કલ્પનાશક્તિ વડે તેને શબ્દબદ્ધ કરે છે. એ નોંધવું જોઈએ કે મહાકાવ્યોના પ્રયોગોમાં ન્હાનાલાલનો કવિપુરુષાર્થ પ્રશંસા માગી લે તેવો છે.

## 3.3. 'તમારી પ્રગતિ ચકાસો'ના પ્રશ્નો અને જવાબો

3. અ 1. પંડિતયુગના કવિઓની લાક્ષણિકતાઓ જણાવો.
   ૨. કયા કયા કવિઓ આ યુગમાં થઈ ગયા ?
   3. પંડિતયુગના કવિઓની વિશષેતા એમના કાવ્યસંગ્રહોને આધારે જણાવો.

3. બ 1 આ પ્રશ્નના જવાબ માટે જુઓ- પ્રસ્તાવના, પરિચ્છેદ પહેલો
   2. નરસિંહરાવ, કાન્ત, બળવંતરાય, કલાપી, ન્હાનાલાલ ઇત્યાદિ.
   3. આ પ્રશ્નના જવાબ માટે જુઓ : પ્રસ્તાવના પછીનો પરિચ્છેદ બીજો, ત્રીજો, ચોથો, પાંચમો અને છઠ્ઠો.

## 3.4. સારાંશ

પંડિતયુગની કવિતાનો આપણે પરિચય મેળવ્યો. તમને જણાયું હશે કે પૂર્વપરિશ્રમના ઉત્તમ કાવ્યતત્ત્વોનો વિવેકપૂવર્કનો સ્વીકાર આ કવિઓએ પોતપોતાની દૃષ્ટિએ અને રીતે કર્યો છે. જે કાવ્યરૂપ આ કવિઓએ સ્વીકાર્યું તેનું સંપૂર્ણ કલાપૂર્ણ વિકસન આ પંડિતકવિઓ કરી શક્યા. જેમ કે, ખંડકાવ્ય (કાન્ત), સૉનેટ (બળવંતરાય), ગઝલો (કલાપી) વગેરે શબ્દનો અવતાર કેવો હોય તે ન્હાનાલાલમાં મળે, છંદની અભિવ્યક્તિ કેવી હોય તે કાન્તમાં મળે, એ પ્રમાણે કાવ્યનાં અંગોની માવજત પણ આ યુગમાં સભાનતાપૂર્વક થઈ છે. પ્રકૃતિ, પ્રણય, પ્રભુ જેવા વિષયો લઈ આ કવિઓએ કાવ્યનાં વિવિધ રૂપો સર્જ્યાં. તુચ્છ વિષયમાં પણ કયાંક તેજની ઝલક જોઈ અને કવિ તરીકે જણાવી. કવિકુલગુરુનું માન મેળવનાર કવિ (એટલે કે બ.ક.ઠા.) આ યુગમાં થઈ ગયા અને તેથી જ કહેવાયું કે અર્વાચીન કવિતા વક્તવ્યમાં ગાંધીજી અને અભિવ્યક્તિમાં બ.ક.ઠા.ના માર્ગે ચાલી, કહો, કે એ જ રાજમાર્ગ બની ગઈ.

## 3.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

1. **રંગદર્શિતા :** મૂળ અંગ્રેજી શબ્દ 'રોમેન્ટિક'. જીવન પ્રતિ આનંદ અને ઉલ્લાસનો અતિરેક, દા.ત., કલાપી - રંગદર્શી કવિ.
2. **પરિમાણ :** અભિવ્યક્તિની તરાહો. બળવંતરાય ચુસ્ત સૉનેટ લખે તો ન્હાનાલાલ છંદમુક્તિ મેળવે.
3. **ટ્રેજડી :** મૂળ પાશ્ચાત્ય કાવ્યરૂપ એનો અર્થ કરુણ-ગંભીર કાવ્યરચના. ગ્રીક કવિઓએ પહેલાં લખી, પછી શેક્સપિયર વગેરેએ રચી.
4. **સેહેની :** સૈનિકોમાં સેનાપતિ. આ અર્થમાં બળવંતરાય પણ અર્વાચીન કવિઓમાં સેનાપતિ.

## 3.6. કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *અર્વાચીન કવિતા* - લે. સુંદરમ્
2. *ગુજરાત દર્શન* (સાહિત્ય, ખંડ-2): સં. અનંતરાય રાવળ અને બીજા, પ્રકા. જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી, અમદાવાદ.
3 *આપણાં ખંડકાવ્યો* - સં. ધીરુભાઈ ઠાકર અને અન્ય, ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ.
4. *આપણાં સૉનેટો* - સં. ચંદ્રશંકર ભટ્ટ, આદર્શ પ્રકાશન, અમદાવાદ.
5. *કરુણપ્રશસ્તિ* - સં. ધીરુભાઈ ઠાકર, પ્રકાશ ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ.
6. *આપણાં ઊર્મિકાવ્યો* - સં. જયંત પાઠક અને અન્ય.
7. *ગમી તે ગઝલ* - સં. ચિનુ મોદી અને અન્ય.

# એકમ 4 પંડિતયુગના પ્રમુખ ગદ્યકારો

4.1 ઉદ્દેશો
4.2 પ્રસ્તાવના
4.3 'તમારી પ્રગતિ ચકાસો'ના પ્રશ્નો અને જવાબો
4.4 સારાંશ
4.5 ચાવીરૂપ શબ્દો
4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 4.1 ઉદ્દેશો

આ એકમમાં તમે પંડિતયુગના પ્રમુખ ગદ્યકારોનો પરિચય મેળવશો. શ્રી રમણભાઈ નીલકંઠનું નાટ્યસર્જન, મણિલાલ નભુભાઈના નિબંધો અને નારાયણ હેમચંદ્રનું આત્મચરિત્રના સાહિત્યગુણો તમને આ એકમમાં જાણવા મળશે.

## 4.2 પ્રસ્તાવના

ગદ્યમાં પણ કવિની કસોટી હોય છે. આ યુગનું ગદ્ય આ દૃષ્ટિએ પણ અવલોકવા જેવું છે. જે તે સાહિત્યકારોનું જીવન, જીવન પ્રત્યેનો એમનો દૃષ્ટિકોણ એમના ગદ્ય પડકારોમાં અહીં ચોખ્ખો વરતાશે.

ચરિત્રસાહિત્યમાં, નિબંધસાહિત્યમાં , અરે નાટકના મુખ્ય પાત્ર અને પ્રસંગોમાં પણ પંડિતયુગનો જીવનલક્ષી દૃષ્ટિકોણ સીધેસીધો વરતાશે : રૂપરચનાની દૃષ્ટિએ પણ સમજી શકાશે. અર્થાત્ નવલકથા, નાટક, નિબંધ અને આત્મકથારૂપે ગદ્ય આ યુગમાં ઠીક વિકસ્યું છે. આવા પ્રમુખ ગદ્યકારો તરીકે શ્રી રમણભાઈ નીલકંઠ, મણિલાલ નભુભાઈ અને નારાયણ હેમચંદ્રને ગણાવી શકાય:

**રમણભાઈ નીલકંઠ (ઈ.સ. 1868-1928) :**

જન્મ અમદાવાદમાં. પંદરમે વર્ષે મેટ્રિક, બી. એ. થયા પછી 'જ્ઞાનસુધા' સામયિકનું તંત્રીપદ. જાહેર પ્રવૃત્તિ ખૂબ. તેથી **'સકલ પુરુષ'** કહેવાયા. મોટા ભાગનું સર્જન ગદ્યમાં. પ્રથમ હાસ્યરસિક નવલકથા 'ભદ્રંભદ્ર'. અહીં કટાક્ષ એમનું હથિયાર છે અને તેનો ઉચિત ઉપયોગ તેમણે સમાજની કૂપમંડૂક્તા ઉપર, રૂઢિચુસ્તતા ઉપર અને પ્રાચીન આગ્રહો ઉપર કર્યો છે. ભદ્રંભદ્ર અને અંબારામનું પાત્રનિરૂપણ આજેય જીવંત લાગે તેવું છે અને આજેય એનાં સર્જનલક્ષી અનુકરણો થયાં છે. સંસ્કૃતમય શૈલી દ્વારા મણિલાલ ઉપર લેખકે પ્રહારો કર્યા છે. આજે તો એનાં સ્થૂળ નિમિત્તો ભૂલાઈ ગયાં છે પરંતુ વિવિધ પરિસ્થિતિમાંથી ઉદ્દભવતું નર્મમર્મવાળું હાસ્ય યાદગાર બની રહ્યું છે. તેમનું પ્રથમ શિષ્ટ નાટક 'રાઈનો પર્વત' છે. સંસ્કૃત - અંગ્રેજીની બેવડી અસરો તળે તે રચાયેલું છે. નાટકનો વિસ્તાર સાત અંક સુધી છે. મંગલ અંત લાવવા ગોઠવાયેલા છેલ્લા બે અંક સંસ્કૃત પ્રણાલિના છે. રાઈ હેમ્લેટની અને જાલકા **લેડી મેકબેથ**ની યાદ અપાવે તેવી છે. ઈશ્વરનું નીતિવિધાન એ મૂળ પ્રયોજન છે. છેલ્લા બે અંકોની જરૂર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આ રીતે જોઈ છે : '(આમ ન થયું હોત તો) ઉચ્ચ ન્યાયબુદ્ધિને રાઈનું દુ:ખ વસમું લાગત અને નાટક દ્વારા રમણભાઈનો સ્ત્રીઉન્નતિનો યજ્ઞ અધૂરો રહેત, (સ્વ. સર રમણભાઈ, પૃ. 185). રાઈ નીતિભક્ત છે, હોય જ. કવિ ન્હાનાલાલ પાસેથી જયંત મળે, સરસ્વતીચંદ્ર ગોવર્ધનરામ પાસેથી મળે અને સર રમણભાઈની કલમ સુધારક રાઈને અક્ષરદેહ આપે. એ આ જોતાં કેટલું બધું સ્વાભાવિક લાગે છે ?' (પ્રો. અનંતરાય રાવળ, 'રાઈનો પર્વત' પૃ. 17). નાટકનો ખરો સંઘર્ષ રાઈ અને જાલકા વચ્ચે છે. જાલકાને મરતી બતાવી અને રાઈને વીણાવતી અપાવી રમણભાઈએ ઉચિત કાવ્યન્યાય આપ્યો છે. મુખ્ય રસ શાન્ત છે અન્ય રસો પોષક છે. **અવૈતનિક** રંગભૂમિ ઉપર આ ભજવાયું છે પરંતુ પ્રયોગોથી વિશેષ માન અને મૂલ્ય એને મળ્યાં નથી. ગુજરાતી ભાષાના શિષ્ટ નાટક તરીકે એની ગુણવત્તા ખરી. આ નાટકના ઉલ્લેખ વિના ગુજરાતી નાટકનો ઈતિહાસ અધૂરો ગણાય એમ પ્રો. અનંતરાય રાવળ સ્વીકારે છે.

**નિબંધકાર મણિલાલ નભુભાઈ દ્વિવેદી (ઈ.સ. 1858-1898) :**

જન્મ નડિયાદના સાઠોદરા નાગર જ્ઞાતિમાં. ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં. ધર્મપરંપરાનો વારસો તેમણે પાઠપૂજા દ્વારા જાળવી રાખેલો. આ વારસાને ઊંડા વાચનમનનથી તેમણે દીપાવ્યો. આર્ય સંસ્કૃતિના કટ્ટર હિમાયતી એ બન્યા. અભ્યાસ પૂરો કર્યા પછી ગુજરાતી શાખાઓના ડેપ્યુટી ઇન્સ્પેકટર તરીકે કામ કર્યું. પછી ભાવનગરની શામળદાસ કૉલેજમાં થાડો સમય સંસ્કૃતના પ્રોફેસર બન્યા અને અંતિમ દિવસોમાં વડોદરામાં રહ્યા. સંશોધનક્ષેત્રે પણ કાર્ય કર્યું. 'સુદર્શન' અને પ્રિયંવદા'

નામનાં શિષ્ટ સામયિકોનું સંપાદન સ્વીકાર્યું, જેના ફળ રૂપે ધર્મ, સાહિત્ય, રાજકારણ, સંસ્કૃતિ, કેળવણીને લગતા નિબંધો આપ્યા. તે પંડિતયુગના શ્રેષ્ઠ નિબંધલેખક તરીકે તેમને સ્થાપે છે. તેમના નિબંધો 'બાળવિલાસ' અને 'સુદર્શનગદ્યાવલિ'માં સંઘરાયેલા છે. ધર્મ, શિક્ષણ, વિદ્યા વગેરે વિષયોની તત્ત્વચર્ચા 'સુદર્શનગદ્યાવલિ'માં એમણે કરી છે. એ માનતા કે સર્વ વિચારનું મૂળ ધર્મ છે. અદ્વૈતની તેમને થયેલી આંતરપ્રતીતિ-અભાવો નિબંધોને પાને પાને દેખાય છે (ડૉ. ધીરુભાઈ ઠાકર - 'મણિલાલની વિચારધારા', પૃ. ૧૦૧). અલબત્ત, એમનું સ્ત્રીસ્વાતંત્ર્ય વિશેનું દૃષ્ટિબિંદુ આજના સંદર્ભે સંકુચિત અને અનુદાર છે એમ કહેવું જોઈએ. માણસને પાંગળો કરે તે કેળવણી નથી પરંતુ એનો સર્વાંગીણ વિકાસ કરે એ કેળવણી છે એવું તેમનું મંતવ્ય છે. રાજ્યભવનમાં પણ મણિલાલે ધર્મભાવનાને જ સર્વોપરિ માને છે. કુટુંબની વધારે વિસ્તારેલી ભાવના તરીકે જ તેઓ રાજ્યભાવનાને જુએ છે. પશ્ચિમની અંધભક્તિ તરફ ઢળતા સમાજને પૂર્વાભિમુખ કરવા મણિલાલે આ રીતે જે ભગીરથ પ્રયત્ન કર્યો તેની પ્રશંસા પણ થઈ છે. (ડૉ. ધીરુભાઈ ઠાકર, મણિલાલ નભુભાઈ, સાહિત્યસાધના, p-178) કાવ્ય, ભાષા, નાટક, સરસ્વતીચંદ્ર, કુસુમમાળા ઇત્યાદિ નિબંધોમાં મણિલાલ એક આગ્રહી સાહિત્યતત્ત્વજ્ઞ તરીકે ઊપસે છે. અલબત્ત, એ સ્વીકારવું જોઈએ કે મણિલાલની રુચિ સંસ્કૃત કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તોથી રચાયેલી અને રસાયેલી હતી. એમની પાસે પ્રબળ વિચારસામગ્રી હતી. એ કારણે આ નિબંધો વ્યક્તિત્વનો સહજ ઉચ્છ્વાસ બન્યાં છે. વક્તવ્યનો પ્રવાહ ક્યાંય ક્ષીણ થતો નથી કે ક્યાંય વિષયાંતર થતું નથી. તેમનું પ્રતાપી વ્યક્તિત્વ અને અદ્‌ભુત ગદ્યપ્રભુત્વ આ નિબંધોના મૂળમાં છે. પરિણામે મણિલાલ ગુજરાતી સાહિત્યના ઉત્તમ નિબંધકાર અને તેમની 'સુદર્શનગદ્યાવલિ' સંગ્રહ ગુજરાતી સાહિત્યનો સર્વોત્તમ નિબંધભંડાર બને છે. (-વિશ્વનાથ ભટ્ટ 'નિબંધમાલા', પૃ.-26).

**નારાયણ હેમચંદ્ર (ઈ.સ. 1855-1909) :**

'હું પોતે' - લેખકની આત્મકથા છે. આ કૃતિ ઈ.સ. 1900માં પ્રગટ થઈ એટલે ગુજરાતીની તે પ્રથમ આત્મકથા છે. નિખાલસતાના ગુણને લીધે તે આત્મકથા બની શકી છે. એમાં લેખકનો વાચનશોખ, પ્રવાસરુચિ, ઈશ્વરભક્તિ, ઉત્સાહ અને ઉદ્યોગશીલતા જેવા ગુણો દેખાય છે. વિષયસુખમાંથી ઊગરી જવાના પ્રસંગોનું નારાયણે કરેલું વર્ણન તેમની સરળતાનું દર્શન કરાવે છે. પ્રવાસનો તેમનો શોખ તે લેખકનું પ્રથમ લક્ષણ છે. હિમાલય, કાશ્મીર, દિલ્હી, આગ્રા, ભરતપુર, મુંબઈ અને અમદાવાદનાં તેમનાં વર્ણનો વાંચવાં લાયક છે. બીજું લક્ષણ તેમનો સજ્જનસમાગમ છે. સ્વર્ગીય દયાનંદ, દેવેન્દ્રનાથ, રણછોડભાઈ, મણિલાલ, ભોળાનાથ આદિની સ્વભાવનોંધ આ કૃતિમાં રસ પડે તેવી છે. પ્રવાસવર્ણન ઉપર વધુ ભાર મુકાયો હોવાથી તેમના નિજી વ્યક્તિત્વની આંતરિક છબી ઓછી જોવા મળે છે એટલી આ પુસ્તકની મર્યાદા ગણી શકાય.

## 4.3. 'તમારી પ્રગતિ ચકાસો'ના પ્રશ્નો અને જવાબો

3 અ 1. પંડિતયુગના ગદ્યકારોનાં નામ આપો.

2. પંડિતયુગના આ ગદ્યકારોએ નાટક, નિબંધ અને ચરિત્રસાહિત્યમાં શું પ્રદાન કર્યું ?

3. પંડિતયુગના આ ગદ્યકારોની ગદ્યશૈલી કેવી હતી ?

3 બ 1. પંડિતયુગના ગદ્યકારોમાં પ્રમુખસ્થાને રમણભાઈ નીલકંઠ, નભુભાઈ તથા નારાયણ હેમચંદ્રને ગણાવી શકાય.

2. રમણભાઈ નીલકંઠના નાટકમાં પ્રદાન વિશે પ્ર[illegible] બીજો પરિચ્છેદ જુઓ. મણિલાલ નભુભાઈના નિબંધસાહિત્યમાં પ્રદાન વિશે [illegible] પરિચ્છેદ જુઓ. નારાયણ હેમચંદ્રના ચરિત્રસાહિત્યમાં પ્રદાન વિશે ચોથો પરિચ્છેદ જુઓ.

3. ખાસ તો મણિલાલ નભુભાઈની ગદ્યશૈલી પ્રૌઢ અને પરિપક્વ હતી એમ કહી શકાય. પ્રબળ વિચારસામગ્રી એ મણિલાલનો ગદ્યગુણ હતો. વ્યક્તિત્વનો સહજ ઉચ્છ્વાસ અહીં સંભળાય છે, તેથી જ ગદ્યશૈલીના ઉત્તમ નમૂના તરીકે આજે પણ મણિલાલ નભુભાઈને આપણે વાંચીએ છીએ.

## 4.4 સારાંશ

ગદ્યની ઉપાસના પંડિતયુગમાં ઓછી નથી થઈ. એ ખરું કે પોતાના વિચારોના વાહન તરીકે ગદ્યપ્રકારને પંડિતયુગના ગદ્યકારોએ વધારે વાપર્યું છે. રાઈ જેવો ધર્મભીરુ નાયક પંડિતયુગમાં જ નાટકમાં આવે. ધર્મ, સંસ્કૃતિ, કેળવણી જેવા વિષયોની મર્મસ્પર્શી છણાવટ નિબંધરૂપે આ યુગમાં જ પ્રાપ્ત થાય. નિખાલસતા એ આત્મકથાનો પ્રથમ ગુણ ગણાતી હોય તો નારાયણ

હેમચંદ્રનું પુસ્તક પહેલી આત્મકથા ગણાય. ગદ્યશૈલીનો ઈતિહાસ લખાશે ત્યારે મણિલાલ નભુભાઈ **પંડિતયુગના પ્રમુખ ગદ્યકારો** આદરભર્યા સ્થાને મુકાશે.

## 4.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

1. **રૂપરચના :** અર્થાત્ આકાર. જેમ કે નિબંધનું રૂપ એટલે સ્વૈરવિહારની રચના.
2. **સકલ પુરુષ :** જેને સમાજની સર્વ પ્રવૃત્તિઓમાં રસ હોય તે.
3. **લેડી મૅકબૅથ :** શેક્સપિયરનું સ્ત્રીપાત્ર. એને વેર લેવાનું ઝનૂન અતિશય હતું.
4. **અવૈતનિક :** ધંધાકીય નહિ. શોખની ખાતર થતી પ્રવૃત્તિ.
5. **વિષયસુખ :** સ્ત્રી સાથે સંભોગ કરવાથી મળતો ક્ષણિક આનંદ.

## 4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *રમણભાઈ નીલકંઠ* - લે. સુસ્મિતાબેન મેઢ. પ્રકા. ગૂજરાત વિદ્યાસભા, અમદાવાદ.
2. *સાહિત્યનિકષ* - ('રાઈનો પર્વત' ઉપર લેખ) - પ્રો. અનંતરાય રાવળ, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ.
3. *મણિલાલ નભુભાઈની સાહિત્યસાધના* - લે. ડૉ. ધીરુભાઈ ઠાકર, ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ.
4. *નિબંધમાલા* - સં. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ.

# એકમ 5 પંડિતયુગના પ્રમુખ વિવેચકો

5.1 ઉદ્દેશો
5.2 પ્રસ્તાવના
5.3 'તમારી પ્રગતિ ચકાસો'ના પ્રશ્નો અને જવાબો
5.4 સારાંશ
5.5 ચાવીરૂપ શબ્દો
5.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 5.1 ઉદ્દેશો

આ એકમ પંડિતયુગનો પાંચમો એકમ છે. એનો અભ્યાસ કર્યા પછી તમે પંડિતયુગના પ્રમુખ વિવેચકોથી પરિચિત થઈ શકશો. પ્રમુખ વિવેચકો છે : નરસિંહરાવ, બળવંતરાય, રમણભાઈ, મણિલાલ અને આનંદશંકર ધ્રુવ. પંડિતયુગના સાહિત્યને અને એ પછીના સાહિત્યને પણ આ વિદ્વાનોએ કઈ રીતે પ્રભાવિત કર્યું તેનો આછો ખ્યાલ પણ આ એકમ દ્વારા તમને આવશે.

## 5.2 પ્રસ્તાવના

આ યુગના સાક્ષરો વિચારપત્રના સંપાદનની જવાબદારી પણ સંભાળતા. આ કાર્ય તેઓ યુગધર્મના પાલનરૂપે કરતા. એના એક ભાગરૂપે સર્જાતા સાહિત્યનું અવલોકન કરતા. ક્યારેક સંમેલનો કે અધિવેશનોમાં ઊભા થતા વાદવિવાદનો ઉલ્લેખ કરી પૂર્વ-પશ્ચિમના જરૂરી સંદર્ભો આપી પોતાનો અભિપ્રાય પણ દર્શાવતા. સાહિત્યવિવેચનની પ્રવૃત્તિ આ દૃષ્ટિએ અને આ રીતે યુગધર્મની સભાનતાથી અને સજ્જતાથી થતી. આમાં કાળક્રમે મણિલાલ પ્રથમ આવે.

**મણિલાલ નભુભાઈ (ઈ.સ. 1858-1898) :**

'સુદર્શનગદ્યાવલિ' તેમનું મહત્ત્વનું પુસ્તક છે. તેઓ માનતા કે રસ એ કવિતાનો પ્રાણ છે. કવિતાને તત્ત્વજ્ઞાન સાથે ગાઢ સંબંધ છે એમ પણ તેમનું માનવું હતું. ઉત્કટ ભાવનાશીલ તો મણિલાલ હતા જ. અને પોતાનો મત ખરો દર્શાવવાનો તેમનો ઉત્સાહ પણ ક્યારેક હદ વટાવી જતો. આ કારણે એમના પૂર્વગ્રહો અને એમનાં મંતવ્યો પુસ્તકોનાં એમનાં અવલોકનોમાં ઊડીને આંખે વળગે એવાં છે. તેથી એમની શૈલી ચર્ચાયુક્ત બને છે પરંતુ એમની વાણીની તીક્ષ્ણતા અને વિચારોનું સામર્થ્ય વિરોધીએ પણ સ્વીકારવાં પડે એવાં છે.

મણિલાલનાં વિવેચનમાં પૂર્વનો સ્પર્શ છે તો રમણભાઈ નીલકંઠમાં પશ્ચિમનો રંગ છે. એમના પુસ્તક 'કવિતા અને સાહિત્ય' (1-2-3-4) આટલાં દૃષ્ટિબિંદુઓ મુખ્યતઃ રજૂ કરે છે : (1) કવિતા એ માત્ર ચિત્તક્ષોભ નથી પરંતુ વિશ્રાંતિના સમયમાં સંભારેલો મનનો ચિત્તક્ષોભ છે. (2) કવિતા એ કલ્પનાયુક્ત અનુકરણ છે, કેવળ અનુકરણ નથી. (3) કાવ્યના આનંદમાં કારણરૂપે કરુણરસ પણ હોઈ શકે છે. (4) કવિતા અને છંદનું બંધન પરસપર છે અને કાવ્યના છંદનું સંગીત એનું પોતાનું હોય છે. (5) પ્રકૃતિમાં જે સંભવિત નથી તેની કલ્પના કવિ કરી શકે નહિ અને કરે તો દોષ થાય, દા.ત., વૃત્તિમય ભાવાભાસ. એમનાં પુસ્તક-અવલોકનોમાં 'કુસુમમાળા' અને 'હૃદયવીણા'નાં અવલોકનો જાણીતાં છે.

**નરસિંહરાવ દિવેટિયા (ઈ.સ. 1859-1938) :**

નરસિંહરાવ સમર્થ પંડિત હતા એ વિશે શંકા નથી. એમના 'મનોમુકુર' (1-2)માં તેમના વિવેચનલેખો સંગ્રહાયા છે. કવિતા અંગેનાં એમનાં મંતવ્યો વિવાદાસ્પદ બન્યાં છે. પરંતુ કાવ્યસંગ્રહો અને અન્ય કૃતિઓ પરત્વે એમણે દર્શાવેલો આવકાર સ્વીકાર્ય કર્યો છે. ગુજરાતના અગ્રણી કવિ ઉમાશંકર જોશીને અને અગ્રણી નવલકથાકાર કનૈયાલાલ મુનશીને આવકારનારા તેઓ પ્રથમ હતા. 'ગુજરાતનો નાથ'માં મુંજાલ અને મીનળના પ્રેમનો એમણે બચાવ કર્યો તેથી મુનશીની ટીકાઓ થતી અટકી. 'જયા-જયંત'માં રહેલી ન્હાનાલાલની પ્રેમલગ્નની ભાવનાને નરસિંહરાવે પ્રશંસી અને પુરસ્કારી. તેઓ દેશભક્તિની ભાવનાનાં કાવ્યો ઉત્તમ હોઈ શકે નહિ તેવું માનતા છતાં 'વિશ્વશાંતિ' (ઉમાશંકર જોશી)નું વિવેચન ઘણા સમભાવથી કરેલું. આવી ખેલદિલી એ પંડિતયુગનો ગુણવિશેષ ગણાય.

**આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (ઈ.સ. 1869-1942) :**

મણિલાલના સમર્થ ઉત્તરાધિકારી આનંદશંકર જ ગણાય. તેમણે સાહિત્ય, કેળવણી, રાજ્ય, સમાજ અને સંસ્કૃતિને લગતા લેખો 'વસંત' સામયિકમાં લખેલા. એ લેખો 'કાવ્યતત્ત્વવિચાર',

'સાહિત્યવિચાર', 'દિગ્દર્શન' વગેરેમાં સંગ્રહાયા છે. 'આપણો ધર્મ' તેમની ધર્મ વિશેની વિચારણાનો આકારગ્રંથ છે અને 'હિન્દુ ધર્મની બાળપોથી' એ હિન્દુ ધર્મની આછીપાતળી રૂપરેખા છે. અલબત્ત, આનંદશંકરનું સાહિત્યવિવેચન ઘણી બધી દૃષ્ટિએ પંડિતયુગનું પ્રદાન ગણાશે.

'કાવ્ય વિશે જે કાંઈ જાણવા જેવું છે તેના એંશી ટકા 'કાવ્યતત્ત્વવિચાર'ના પૂર્વાર્ધમાંથી મળી રહેશે' (સુન્દરમ્). આનંદશંકર કવિતાને 'આત્માની કલા' તરીકે ઓળખાવે છે, જેમાં બુદ્ધિ-હૃદય-નીતિ અને ધાર્મિકતા પ્રવર્તતી હોવાનું પ્રતિપાદન કરે છે. એમનો સ્પષ્ટ અભિપ્રાય આ રહ્યો : 'આ પર અમૃત જગત એ કવિ પ્રતિભાનો વિષય છે અને જે કવિતામાં આ શક્તિ નથી તે કવિતા જ નથી' (કાવ્યતત્ત્વવિચાર, પૃ. 3). એમનામાં સમન્વયની સૂઝ હતી. આ વાત ક્લાસિકલ અને રોમેન્ટિક શૈલીની ઉત્કૃષ્ટતાની ચર્ચામાં તરત દેખાય છે. કાવ્યમાં શાનું મહત્ત્વ વધારે ? આનંદ કે બોધના તારતમ્ય (= સાચું શું, વધારે સાચું શું એવો વિવેક) ઉપરથી પણ આ વિવેક જણાઈ આવશે. જીવતી રસજ્ઞતા અને માર્મિક **મૂલ્યાંકન** એમનાં અવલોકનોનો પ્રધાન ગુણ છે, દા.ત., 'સરસ્વતીચંદ્ર', 'મુનશી', 'વસંતવિજય' ઈત્યાદિની **સમીક્ષાઓ**. કૃતિના સીધા સંપર્કમાં તમે મુકાઈ જાવ એથી વધારે અપેક્ષા શી હોય ? ઉમાશંકર જોશી 'સંસ્કૃતિ' (1963)માં સો વરસનું **સરવૈયું** કરતાં ઉચ્ચારે છે તે પ્રમાણે 'કોઈ શાળા સાથે સીધો સંબંધ ન હોય પણ સાહિત્યપદારથ સાથે સૂક્ષ્મ સંબંધ બંધાઈ ગયો હોય એવા વિવેચકોના ઉત્તમ દાખલા છે આનંદશંકર અને રામનારાયણના.' કદાચ આથી વધુ માન પંડિતયુગના સાહિત્ય વિવેચનનું અને આનંદશંકર ધ્રુવના વિવેચનપદનું ન હોય.

**બળવંતરાય ઠાકોર (ઈ.સ. 1869-1952) :**

'લિરિક', 'નવીન કવિતા વિશે વ્યાખ્યાનો', 'કવિતા શિક્ષણ' તથા 'વિવિધ વ્યાખ્યાનો' આદિ પુસ્તકોમાં બ. ક. ઠાકોરની વિવેચન પ્રતિભા જણાય છે. કવિતા વિશેની એમની વિભાવના આ પ્રમાણે છે : કેવળ ઊર્મિના નિરૂપણથી જ કવિતા ઉત્તમ બની જતી નથી પરંતુ એમાં વિચારનું પ્રાધાન્ય વિશેષ હોવું ઘટે અને એવી કવિતા, કવિતા જાતિમાં દ્વિજોતમ જાતિની કવિતા ગણાય. કાવ્યમાં વિષય ગમે તે આવે પરંતુ જો તે રસપૂર્વક નિરૂપાયો હોય અને ચમત્કારયુક્ત નિરૂપણ થયું હોય તો તે પણ કાવ્યને ઉપકારક બની શકે. વિચાર અને અર્થ માટે બળવંતરાય સૉનેટ વધારે અનુકૂળ વાહન છે એમ માનતા. 'લિરિક'માં એમણે ઊર્મિકાવ્યની શાસ્ત્રીય ચર્ચા કરી છે તેમ જ 'આપણી કવિતા સમૃદ્ધિ'માં ઉત્તમ કાવ્યોના નમૂના રજૂ કર્યા છે અને તેનો આસ્વાદ પણ કરાવ્યો છે. એમણે મધ્યકાલીન અને અર્વાચીન કવિઓ વિશે મૂલ્યાંકનો આપ્યાં છે. પૂર્વ અને પશ્ચિમની સાહિત્યમીમાંસાની છણાવટ કરી છે તથા ગોવર્ધનરામ અને 'સરસ્વતીચંદ્ર'ની સમર્થ વિચારણા કરી છે. વિવેચનને એ શાસ્ત્રસખી અને કલાસખી બન્ને રીતે માનતા. સાહિત્યના મર્મને પ્રગટ કરે તે જ સાહિત્યવિવેચન એમ તે કહેતા. આવું સાહિત્યવિવેચન એમણે પોતાનાં પુસ્તકો દ્વારા આપવાનો પુરુષાર્થ કર્યો છે અને તેથી જ બળવંતરાય કવિ કરતાં કવિકુલગુરુ તરીકે વિશેષ સન્માન પામ્યા.

## 5.3 'તમારી પ્રગતિ ચકાસો'ના પ્રશ્નો અને જવાબો

(અ) 1. સાહિત્ય વિવેચનની કામગીરી પંડિતયુગને કેમ કરવી પડી ?

2. પંડિતયુગના વિવેચકોમાં મુખ્ય મુખ્ય કોણ ગણાય ?

3. મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ દિવેટિયા, આનંદશંકર ધ્રુવ, બળવંતરાય ઠાકોરના વિવેચન કાર્યનો પરિચય કરાવો.

4. આ યુગના સાહિત્યવિવેચકોએ તેમના સમકાલીનો અને પછીના સર્જકો ઉપર શો પ્રભાવ પાડ્યો ?

(બ) 1. આ પ્રશ્નના જવાબ માટે પ્રસ્તાવનાનો પ્રથમ પરિચ્છેદ જુઓ.

2. મણિલાલ નભુભાઈ, નરસિંહરાવ દિવેટિયા, આનંદશંકર ધ્રુવ અને બળવંતરાય ઠાકોર.

3. આ પ્રશ્નના જવાબ માટે અનુક્રમે જુઓ પ્રસ્તાવનાનો બીજો, ત્રીજો, ચોથો અને પાંચમો.

4. બળવંતરાય ઠાકોરના સર્જનવિવેચનથી ઉમાશંકર-સુંદરમ્‌ની કવિપેઢી વક્તવ્ય અને અભિવ્યક્તિમાં વિચારને મહત્ત્વ આપતી થઈ. કેટલાક વાદવિવાદો વખતે આનદશંકર ધ્રુવનો અભિપ્રાય ન્યાયી ગણાયો. મુનશીની નવલકથા વિશે નરસિંહરાવ દિવેટિયાએ યોગ્ય ચર્ચા કરી. યુગબળને વળાંક આપવામાં આ વિદ્વાનોનાં સાહિત્યપરિષદનાં વ્યાખ્યાનો જવાબદાર રહ્યાં.

## 5.4 સારાંશ

સાહિત્યવિવેચનની જવાબદારી પંડિતયુગના વિદ્વાનોએ યુગધર્મના પાલન તરીકે બજાવી. સમીક્ષા, અવલોકન, મૂલ્યાંકન એમ વિભાગ પાડ્યા વગર તેઓ કામ કર્યે જતા અને છતાં મૂળ વગર કશું લખતા નહિ અને વધારાનું વાક્ય ઉચ્ચારતા નહિ. મણિલાલનાં અવલોકનોમાં પૂર્વનો સ્પર્શ છે તો રમણભાઈનાં વિવેચનોમાં પશ્ચિમનો રંગ વધારે છે. નરસિંહરાવે 'વિશ્વશાંતિ'ના સત્કારવચનો દ્વારા આવી રહેલ નવી પેઢીના અગ્રણી ઉમાશંકર જોશીને આવકાર્યા. કવિતા વિશેના તત્ત્વવિચારનો આજે પણ વાંચવો પડે એવો ગ્રંથ આનંદશંકર ધ્રુવે આપ્યો. પોતાની કવિતા અને વિદ્વત્તાથી બળવંતરાય કવિકુલગુરુ ગણાયા અને પછીની પેઢી એમના માર્ગે ચાલી એમ કહી શકાય.

## 5.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

1. **ઉત્તરાધિકારી** : વારસદાર.
2. **મૂલ્યાંકન** : વિવેચનની એક પદ્ધતિ.
3. **સમીક્ષા** : વિવેચનની એક પદ્ધતિ.
4. **સરવૈયું** : વેપારી વર્ષને અંતે નફાનુકસાનનો અહેવાલ તૈયાર કરે તે.
5. **દ્વિજોત્તમ** : દ્વિજ + ઉત્તમ. જેમ જ્ઞાતિમાં બ્રાહ્મણ ઉત્તમ તેમ કવિતામાં વિચારપ્રધાન કવિતા ઉત્તમ આવું બળવંતરાય માનતા.
6. **કવિકુલગુરુ** : બળવંતરાય માટેનું માનવાચક સંબોધન. આખી કવિપેઢીના માર્ગદર્શક એમ કહેવાય.

## 5.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ગુજરાતી વિવેચનવિચાર* - લેખક અને પ્રકાશક : પ્રો. જયંત કોઠારી.
2. *ગુજરાતી સાહિત્યવિવેચનમાં તત્ત્વવિચાર* - લેખક અને પ્રકાશક: પ્રમોદકુમાર પટેલ.
3. *ગુજરાતી સાહિત્ય* (ભાગ-3) સં. અનંતરાય રાવળ અને બીજા, જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી, વિદ્યાનગર.
4. *ગુજરાતી સાહિત્યની વિકાસરેખા* (અર્વાચીન) લે. - ડૉ. ધીરુભાઈ ઠાકર, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ.

નોંધ

નોંધ

BAOU Education for all

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.
ગુજરાતી : પેપર-06

# અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ

(મુખ્ય વિષય)

વિભાગ

# 3

## ગાંધીયુગ


એકમ 1

પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજી 7

એકમ 2

ગાંધી અનુશાસિત લેખકો 15

એકમ 3

ગાંધીયુગના પ્રમુખ કથાસર્જકો 23

એકમ 4

ગાંધીયુગના પ્રમુખ કવિઓ 33

એકમ 5

ગાંધીયુગના પ્રમુખ વિવેચકો 41

એકમ 6

અન્ય સ્વરૂપ-સર્જન પરિચય 48

**લેખન :**

પ્રો. બળવંત જાની — હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, ગુજરાતી વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પરામર્શ (વિષય) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા,અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા,અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી.કે. મહેતા — નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

**સંયોજન સહાય :**

શ્રી સુરેન્દ્ર શાહ — મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સોલા, અમદાવાદ.

**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481

©સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

## પ્રસ્તાવના

સ્નાતક ઉપાધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતીનો આ ઐચ્છિક પાઠ્યક્રમ છે. આ પાઠ્યક્રમ ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત છે. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* એવું નામ તેને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ઈ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. જ્યારે ઈ. સ. 1850થી આજ સુધીના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે.

8 ક્રેડિટના આ પાઠ્યક્રમમાં કુલ 36 એકમ છે જેને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગને અલગ અલગ શીર્ષકો આપવામાં આવ્યાં છે.

## વિભાગવાર પરિચય

પાઠ્યક્રમના પ્રથમ ત્રણ વિભાગ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ફાળવવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગનું શીર્ષક છે *પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ.* આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ચર્ચા કરી દ્વિતીય એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. ત્રીજો એકમ નરસિંહ પૂર્વેના પ્રમુખ કવિઓ અને સાહિત્ય-પ્રવાહોને ફાળવવામાં આવ્યો છે. ચોથા એકમમાં મધ્યકાળના પ્રથમ મોટા ગજાના કવિ નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

બીજા વિભાગનું શીર્ષક છે *પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ.* આ વિભાગને છ એકમ અંતર્ગત વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની ચર્ચા કરવામાં આવી છે. બીજા એકમમાં જ્ઞાનમાર્ગી કવિતાના ઉત્તુંગ શિખર સમા અખાની કવિતાને મૂલવવામાં આવી છે તો ત્રીજા એકમમાં અખા સિવાયના પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા એકમમાં આખ્યાનકવિતા અને પ્રેમાનંદ પૂર્વેના આખ્યાનકવિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપી પાંચમા એકમમાં આખ્યાનશિરોમણિ પ્રેમાનંદની સમગ્ર સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે. છઠ્ઠા એકમમાં પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગમાં પ્રેમાનંદથી *દયારામ સુધી અને દયારામના* સાહિત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આ વિભાગનો પ્રથમ એકમ શામળ પૂર્વેના પદ્યવાર્તા સાહિત્ય અને શામળને ફાળવવામાં આવ્યો છે. બીજા એકમમાં દયારામ પૂર્વેના પદસાહિત્યનો અને ત્રીજા એકમમાં મધ્યકાળના અંતિમ તેજસ્વી તારક દયારામનો પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા એકમમાં અન્ય પદસાહિત્ય-પ્રવાહનો પરિચય કરાવી પાંચમા એકમમાં મધ્યકાળના ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ચારથી સાત વિભાગ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે ફાળવવામાં આવ્યા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને સામાન્ય રીતે ચાર યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક યુગને એક એક એકમ અંતર્ગત સાંકળી લેવામાં આવ્યો છે.

ચોથા વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ *સુધારક યુગને* ચર્ચવામાં આવ્યો છે. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા અને પરિબળોની ચર્ચા કરી છે. સુધારક યુગના બે પ્રમુખ સાહિત્યકારો દલપતરામ અને નર્મદાશંકરને અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં સમાવિષ્ટ કરી ચોથા એકમમાં સુધારક યુગના અન્ય લેખકોનો અછડતો ખ્યાલ આપવામાં આવ્યો છે.

*પંડિતયુગને* સ્પર્શતા પાંચમા વિભાગને પાંચ એકમમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં પંડિતયુગની પૂર્વભૂમિકા અને પરિબળો દર્શાવી બીજા એકમમાં ગોવર્ધનરામની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજા એકમમાં પંડિતયુગના પ્રમુખ કવિઓ, ચોથા એકમમાં પ્રમુખ ગદ્યકારો અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે.

છઠ્ઠો વિભાગ *ગાંધીયુગને* ફાળવવામાં આવ્યો છે. તેને છ એકમમાં વહેંચી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજીનો પરિચય આપી બીજા એકમમાં ગાંધી અનુશાસિત લેખકો, ત્રીજા એકમમાં પ્રમુખ કથાસર્જકો, ચોથા એકમમાં પ્રમુખ કવિઓ અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. છેલ્લો એકમ અન્ય સ્વરૂપસર્જન પરિચય માટે રાખ્યો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અંતિમ યુગને *અનુગાંધીયુગ* નામ આપવામાં આવ્યું છે. છેલ્લા સાતમા વિભાગમાં આ યુગનો પરિચય પ્રાપ્ત થાય છે. આ વિભાગના છ એકમો પૈકી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને પ્રહ્લાદ-હરિશ્ચંદ્રની કવિતાની વાત કરી બીજા એકમમાં રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજો એકમ અન્ય પ્રમુખ સૌન્દર્યદર્શી કવિઓને ફાળવ્યો છે. ચોથા એકમમાં આધુનિકતાના પુરસ્કર્તા સુરેશ જોષીનો અને અન્ય આધુનિક કવિઓનો પરિચય આપી પાંચમા એકમમાં અનુગાંધીયુગીન કથાસાહિત્ય-સ્વરૂપ-પ્રવાહ-પરિચય અને છઠ્ઠા એકમમાં અન્ય સ્વરૂપસર્જન-પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

આ રીતે સાત વિભાગો દ્વારા આ પાઠ્યક્રમમાં સમગ્ર ગુજરાતી સાહિત્યની રૂપરેખા આપવામાં આવી છે. એના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી ગુજરાતી સાહિત્યથી પરિચિત થાય એ અપેક્ષા છે.

# એકમ 1 પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજી

**રૂપરેખા**

1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 પૂર્વભૂમિકા
1.4 પરિબળો અને લાક્ષણિકતાઓ
1.5 ગાંધીજી
1.6 સારાંશ
1.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો
1.8 ચાવીરૂપ શબ્દો
1.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 1.1 ઉદ્દેશો

**આ એકમ ગુજરાતી સાહિત્યની રૂપરેખા અંતર્ગત અર્વાચીન ગુજરાતી સાહિત્યના છઠ્ઠા વિભાગ ગાંધીયુગનો પહેલો એકમ છે. આ એકમના અભ્યાસ દ્વારા તમે -**

- **ગાંધીયુગની પૂર્વભૂમિકા અને પરિબળોથી પરિચિત થશો.**
- **જેમના નામથી આ યુગનું નામાભિધાન થયું એ મહાન સાહિત્યિક અને સાંસ્કૃતિક, રાષ્ટ્રીય હસ્તી ગાંધીજીના સાહિત્યથી પરિચિત થશો.**

## 1.2 પ્રસ્તાવના

આ પૂર્વે તમે અર્વાચીન ગુજરાતી સાહિત્યના બે યુગ – સુધારકયુગ અને પંડિતયુગના સાહિત્ય - થી પરિચિત થઈ ગયા છો. એ યુગોની પૂર્વભૂમિકા અને પરિબળોનો ખ્યાલ તમે મેળવ્યો. ડડએ યુગોથી ગાંધીયુગ કેવી રીતે જુદો પડે છે, તે પાછળની પૂર્વભૂમિકા શી છે અને એની પાછળનાં પરિબળો કયાં છે એનો વિગતે ખ્યાલ આ એકમમાં મળશે.

વિચાર, વિષય, ભાવના, ભાષા, શૈલી, જીવનદૃષ્ટિ વગેરે અનેક બાબતોમાં ગુજરાતી સાહિત્ય પર ગાંધીયુગની અસર અનુભવાય છે. ગાંધીજી પોતે સાહિત્યિક મહત્ત્વાકાંક્ષા ધરાવનાર સર્જક ન હતા પણ એમણે અનાયાસે જે અક્ષરોપાસના કરી છે એને લીધે ગુજરાતી સાહિત્ય શીલનું, સત્યનું, સાદાઈનું ને વાસ્તવિક જીવનનું ઉપાસક બન્યું છે. સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં આ યુગમાં નોંધપાત્ર પરિવર્તન આવેલું જોઈ શકાય છે. ગાંધીયુગમાં એક અનેરી ખુમારી, સ્ફૂર્તિ, આદર્શ-પરાયણતા, સેવાવૃત્તિ, ત્યાગવૃત્તિ, માનવતા, પ્રેમ, મૂલ્યબોધ અનુભવવા મળે છે. આ યુગની પૂર્વભૂમિકાથી પહેલાં પરિચિત થઈએ.

## 1.3 પૂર્વભૂમિકા

મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા તે પહેલાં આપણું સાહિત્ય, સવિશેષ ચિંતનાત્મક સાહિત્ય સીમિત વર્તુળમાં વહેતું હતું. મણિલાલ દ્વિવેદી, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ જેવા વિચારકો સાહિત્યિક, સામાજિક અને ધાર્મિક વિષયોમાં લખતા હતા. અન્ય લેખકો સુધારા, વિધવાવિવાહ, ધર્મ, સ્ત્રીસ્વાતંત્ર્ય જેવા વિષયોથી બહાર નીકળતા ન [illegible] પંડિતયુગની પરાકાષ્ઠા ગોવર્ધનરામ, નરસિંહરાવ અને ન્હાનાલાલમાં આવી ગઈ. ગાંધીજીએ ભારત આવ્યા પછી ભિન્ન ભિન્ન વિષયો પર જે લેખન કર્યું તેની આપણા સાહિત્ય પર **દૂરગામી** અસર પડી.

ગાંધીજીએ જેના પર ભાર મૂક્યો તે અહિંસાની ભાવના, સત્યાગ્રહ, વિશ્વબંધુત્વ, દીનદરિદ્ર પ્રત્યે હમદર્દી, અસ્પૃશ્યતાનિવારણ, ગ્રામોદ્ધાર, શ્રમ, સ્વાશ્રય તથા સેવાનો મહિમા વગેરે વિચારધારાની વ્યાપક અને ઊંડી અસર માત્ર ગુજરાત પર નહિ, સમગ્ર દેશ પર પડી. એને કારણે આપણા સાહિત્યમાં વૈચારિક ક્રાંતિ આવી. પરિણામે ગાંધીજી યુગવર્તી સાહિત્યકાર બની ગયા. એમનો પ્રભાવ લગભગ બધા જ પ્રમુખ સાહિત્યકારો પર પડ્યો. આથી ઉચિત રીતે જ સાહિત્યનો એ સમયગાળો 'ગાંધીયુગ' નામે ઓળખાયો.

ગાંધીયુગ એટલે સમગ્ર જીવનનું, સમગ્ર જમાનાનું સંપૂર્ણ પરિવર્તન. ગાંધીશાસનના એક સમર્થ સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે તેમ, ''ગાંધીયુગ એટલે કેવળ ગાંધીજીની [illegible] પણ નહિ, એમના કાળમાં, એમના પ્રેરણાથી, સારીનરસી જે પ્રવૃત્તિઓ ઉત્પન્ન થઈ અને અનુકૂળ

તેમ જ પ્રતિકૂળ બળો કામ કરતાં થયાં અને આખી દુનિયામાં એના પડઘા પડવા લાગ્યા. તે બધાંનો સરવાળો, બાદબાકી, ભાગાકાર અને ગુણાકાર મળીને ગાંધીયુગ બને છે.''
'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા'માં ડૉ. ધીરુભાઈ ઠાકર ગાંધીજી સંદર્ભે લખે છે, ''... એવી તો વિરલ જ વિભૂતિ હોય, જેનું વ્યક્તિત્વ જમાનાનાં બળો અને સાહિત્યની પાર જઈને સમગ્ર દેશના જીવન અને સાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવે. ગાંધીજી એવી વિભૂતિ હતા.''
તે હતા તો પ્રો. ઠાકોરના સમવયસ્ક. ઠાકોરની સમાંતર કહી શકાય એવી તેમના વિચાર અને વ્યક્તિત્વની અસર ગુજરાતી સાહિત્ય પર પડી હતી. ઠાકોરની અસરમાંથી મુક્ત થયા પછી પણ મૂલ્ય પરત્વે ગાંધીજીની સીધી અસર ગુજરાતી સાહિત્યે એકાદ દાયકા સુધી ઝીલી હતી. સહસ્રરશ્મિના તેજબિંબમાંથી ફૂટતાં કિરણો જેમ એકસાથે સર્વ દિશાઓને અજવાળે છે તેમ, તેમના સચ્ચારિત્ર્યમાંથી ફૂટેલી તેજસરવાણીઓએ અર્વાચીન રાષ્ટ્રદેહનાં ધર્મ, અર્થ, સમાજ, રાજકારણ, સંસ્કૃતિ અને સાહિત્ય - એમ સર્વ અંગોને પ્રકાશિત કીધેલાં છે.

## 1.4 પરિબળો અને લાક્ષણિકતાઓ

ઈ.સ. 1869ના ઑક્ટોબરની બીજી તારીખે પોરબંદરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધીને પિતાએ બૅરિસ્ટર થવા માટે ઇંગ્લૅન્ડ મોકલ્યા. ત્યાં જતાં પહેલાં યુવાન મોહનને સત્ય, પ્રેમ અને સ્વાતંત્ર્યની ભાવનાએ ઠીક ઠીક આકર્ષેલા. વૈષ્ણવ પરંપરાના આચારવિચાર, સત્સાહિત્ય, રામાયણના સંસ્કારોનું સિંચન તેમને પરદેશમાં પણ પતિત થતાં અટકાવે છે. બૅરિસ્ટર થયા પછી તેઓ દક્ષિણ આફ્રિકા જાય છે. ત્યાં હિન્દી કોમના હક અંગે લડવાનું થતાં ત્યાં વીસેક વર્ષ રોકાય છે. તેમની જાહેર કારકિર્દીની શરૂઆત દક્ષિણ આફ્રિકામાં થાય છે. ત્યાં તેઓ સત્યાગ્રહનો પ્રયોગ કરે છે, સાદું અને સ્વાશ્રયી સમૂહજીવન જીવવા ટૉલ્સ્ટૉય ફાર્મ પર આશ્રમની સ્થાપના કરે છે. અહીં તેમને લોકનેતા અને લોકસેવક તરીકેની જે તાલીમ મળે છે તેનો લાભ ઈ.સ. 1914ના જુલાઈમાં તેઓ ભારત આવે છે ત્યારે તેમને સ્વાતંત્ર્ય લડતમાં મળે છે.
ગાંધીજી ગોપાળ કૃષ્ણ ગોખલેને રાજકીય ગુરુ બનાવે છે અને તેમની સલાહ પ્રમાણે લોકજીવનનો અભ્યાસ કરી 15 મે, 1915ના દિવસે અમદાવાદમાં કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમ સ્થાપે છે. રાષ્ટ્રીય શિક્ષણના ઉદ્દેશથી 1920માં તેઓ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરે છે. 1920માં તેઓ કૉંગ્રેસનું નેતૃત્વ સ્વીકારી અસહકારનું આંદોલન શરૂ કરે છે. આ સમયગાળામાં 'શાંતિનિકેતન'માં રવીન્દ્રનાથે રાષ્ટ્રીય કેળવણીનું આંદોલન આરંભ્યું હતું. અમદાવાદમાં ગાંધીજીના આશ્રમમાં કિશોરલાલ મશરૂવાળા, વિનોબા ભાવે, કાકા કાલેલકર, જુગતરામ દવે વગેરે જોડાય છે. ગાંધીજીની સાહિત્ય-શિક્ષણ-સંસ્કારની પ્રવૃત્તિઓમાં તેઓ સક્રિય યોગદાન આપે છે. બળવંતરાય ઠાકોર, આનંદશંકર ધ્રુવ જેવા સમર્થ સાહિત્યકારો ચિંતકો પણ ગાંધીજીના નૂતન કેળવણી - કાર્યક્રમ સાથે સંમત થાય છે. માતૃભાષાને મહત્ત્વ આપતી કેળવણી સંસ્થા ગૂજરાત વિદ્યાપીઠ, 'રાષ્ટ્રીય ગુજરાતી શાળા' ગાંધીજીની રાજકીય, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પ્રેરક, પોષક પરિબળ બની રહે છે. સુન્દરમ્, ઉમાશંકર જેવા સમર્થ કવિઓને વિદ્યાપીઠ પ્રેરણા પ્રદાન કરે છે. કાલેલકર, મશરૂવાળા, મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ, મગનભાઈ દેસાઈ વગેરે ગાંધી શાસનના સાહિત્યકારોની પરંપરા ઊભી થાય છે તે વિદ્યાપીઠમાંથી. રામનારાયણ પાઠક, રસિકલાલ પરીખ, નગીનદાસ પારેખ, 'સ્નેહરશ્મિ'ની લેખન-અધ્યાપનની પ્રવૃત્તિનો પ્રારંભ પણ વિદ્યાપીઠમાંથી થાય છે. વિદ્યાપીઠે 'સાબરમતી' દ્વિમાસિક તથા ધર્મ, સંસ્કૃતિ, સંશોધનને લગતાં સુંદર પ્રકાશનો કરીને ઉલ્લેખનીય સાહિત્ય સેવા પણ બજાવી છે. એ ઉપરાંત ગાંધીજીની પ્રેરણાથી 'જોડણીકોશ' દ્વારા ગુજરાતી ભાષામાં જોડણીની એકવાક્યતા પ્રવર્તાવી તે પણ ચિરસ્મરણીય સાહિત્યસેવા ગણી શકાય.
ગાંધીજી પર બાળપણથી જ ધાર્મિક સંસ્કારો પડ્યા હતા. તેઓ લંડનમાં હતા ત્યારે ધર્મજિજ્ઞાસા જાગ્રત થાય છે. પરિણામે દક્ષિણ આફ્રિકા ગયા પછી તેઓ ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મનો અભ્યાસ કરે છે. લંડનમાં તેમણે થિયોસૉફિસ્ટ મિત્રોના સંપર્કને લીધે શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એડ્વિન આર્નલ્ડ કૃત 'લાઇટ ઑફ એશિયા' અને મેડમ બ્લેવેટ્સ્કી રચિત 'કી ટુ થિયોસૉફી' તેઓ વાંચે છે. ટૉલ્સ્ટૉયનું 'વૈકુંઠ તારા હૃદયમાં છે' પુસ્તક તેમને નૂતન આધ્યાત્મિક દૃષ્ટિ પ્રદાન કરે છે. શ્રીમદ્ રાજચંદ્રે સૂચવેલાં પુસ્તકોનું વાચન તેમનામાં આત્મદર્શનની ઉત્કંઠા જગાડે છે. ગીતાના કર્મયોગની સમજ તેમનામાં સેવાભાવના અને કર્તવ્યનિષ્ઠા

પ્રેરે છે. ઈ.સ. 1904ના જૂનમાં તેઓ રસ્કિનનું 'અન્ટુ ધિસ લાસ્ટ' વાંચે છે જે તેમનામાં 'સર્વોદય'નો વિચાર સ્થિર કરે છે. એ આદર્શને **મૂર્તિમંત** કરવા જ તેઓ દક્ષિણ આફ્રિકામાં 'ફિનિક્સ આશ્રમ' અને પછી અમદાવાદમાં 'સત્યાગ્રહ આશ્રમ' શરૂ કરે છે. અમેરિકન ચિંતક સૉલ્ટરનું 'એથિકલ રિલિજિયન' વાંચી તેઓ તેનો 'નીતિધર્મ' શીર્ષકથી અનુવાદ કરી 'ઇન્ડિયન ઓપીનિયન'માં પ્રસિદ્ધ કરે છે. તેઓ નીતિ અને ધર્મની એકવાક્યતા સ્થાપી સત્ય, અહિંસા વગેરે પર ભાર મૂકે છે. પ્રજાને તેઓ ધર્મની વ્યાપક ભાવના પ્રબોધે છે.

ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે અર્વાચીન સમયમાં પ્રાચીન પરંપરાની ધર્મશ્રદ્ધા લુપ્ત થવા લાગે છે. ગાંધીજી ધર્મને ભૂલવાનો વિરોધ કરે છે અને સાથે સાથે બાળલગ્નો, બાળવિધવા, દેવદાસીઓ, પૂજા નિમિત્તે પ્રાણીવધ વગેરે કુરિવાજો દૂર કરવાની મથામણ કરે છે. પશ્ચિમના ભૌતિકવાદના આક્રમણને ખાળવા તેઓ જૂની ધર્મશ્રદ્ધાને બદલે નવા જમાનાની ભાવનાશીલતાને પોષે તેવી જીવનશ્રદ્ધા ઉપસાવી આપે છે. ભારતીય ધર્મ સિદ્ધાંતને તત્ત્વચર્ચાના સીમિત ફલક પરથી સમૂહજીવનના વ્યાપક ફલક પર સ્થાપીને સર્વગમ્ય ભાવનારૂપે તેનું વિતરણ કરી આપે છે એ એમનું એ ક્ષેત્રનું નોંધપાત્ર પ્રદાન છે.

બીજા વિશ્વયુદ્ધના પ્રારંભ (1939) સાથે પ્રજાની રાજકીય લડતનો નવો તબક્કો શરૂ થાય છે. 1942માં ગાંધીજી 'કરેંગે યા મરેંગે'ના નિર્ધાર સાથે 'હિંદ છોડો'ની આખરી લડત આરંભે છે. એના પરિણામે 1947માં આઝાદી આવે છે પણ દેશના ભાગલા અને કોમી હુલ્લડો તથા અંતે ગાંધીજીની હત્યા તેની સાથે કલંકકથા જોડાઈ જાય છે. પરંતુ ગાંધીજીનું અદ્‌ભુત વ્યક્તિત્વ ભારતમાં નવયુગનું સર્જન કરે છે. તે ગુજરાતી જ નહીં, ભારતની તમામ ભાષાઓના સાહિત્યને પ્રેરણા આપે છે.

ગાંધીવાદ ગામડાં માટે પ્રેમ જાગ્રત કરે છે, દીન-દરિદ્ર પ્રત્યે સમભાવ જગાડે છે. કવિતા, નવલકથા, નવલિકા, નાટક, અન્ય કથા ને ચિંતનાત્મક સાહિત્ય ગાંધી પ્રભાવથી રંગાય છે. સ્વદેશ પ્રેમ, સ્વાતંત્ર્યભાવના, સમાનતા, સમાજવાદ વગેરે સાહિત્યમાં વિષય બને છે. પંડિત યુગ સાથે સરખાવતાં ગાંધીયુગની આટલી લાક્ષણિકતાઓ તો સહેજે તારવી શકાય :

(1) પાંડિત્યપૂર્ણ નહિ પણ સાવ સાદી ને સરળ ભાષા.
(2) ભાવનાવિહાર ને કલ્પનાવિહારનો ત્યાગ કરી નક્કર વાસ્તવિકતા તરફ વધુ ઝોક.
(3) વિષયવસ્તુનો વિસ્તાર અને વિષયવૈવિધ્ય.
(4) માત્ર શહેરી ઉચ્ચ વર્ગ - ભદ્ર વર્ગ નહિ પણ વિશાળ ગ્રામીણ સમાજનું સમભાવપૂર્ણ આલેખન.
(5) દલિતપીડિત, દીનદરિદ્ર, સ્ત્રીઓ, શ્રમજીવીઓ અને અસ્પૃશ્યોનો સમાદર.
(6) સ્વદેશીવ્રત, સ્વાતંત્ર્ય, સમાજવાદ અને ગાંધીવાદનો પુરસ્કાર.
(7) કવિતામાં માનવતાવાદ, વાસ્તવવાદ, દેશપ્રેમનું નિરૂપણ.
(8) નવલિકાના નવા સાહિત્ય સ્વરૂપનો સંગીન પ્રારંભ.
(9) નવલકથામાં વિષય દૃષ્ટિએ નવ પ્રસ્થાન.
(10) નાટ્ય ક્ષેત્રે એકાંકી સહિત નવતર પ્રકારો-પ્રયોગો.
(11) લલિત નિબંધના સાહિત્ય પ્રકારનો આરંભ.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. ગાંધીયુગની કઈ અસરો ગુજરાતી સાહિત્ય પર અનુભવાય છે ?

..........................................................................................

..........................................................................................

2. પંડિતયુગના પ્રમુખ સાહિત્યકારોનાં નામ જણાવો.

..........................................................................................

..........................................................................................

3. ગાંધીના કારણે સાહિત્યમાં વૈચારિક ક્રાંતિ કેમ આવી ?

..........................................................................................

..........................................................................................

4. ગાંધીયુગ એટલે શું એ સાહિત્યના સંદર્ભમાં સ્પષ્ટ કરો.

..........................................................................................

..........................................................................................

5. ગાંધીજીને વિભૂતિ કેમ કહેવામાં આવે છે ?

.....................................................................................

.....................................................................................

6. પરદેશમાં ગાંધીજીનું ઘડતર કેવી રીતે થયું તે સ્પષ્ટ કરો.

.....................................................................................

.....................................................................................

7. ગાંધીયુગના પ્રવર્તનમાં ગૂજરાત વિદ્યાપીઠનું પ્રદાન પ્રગટ કરો.

.....................................................................................

.....................................................................................

8. ગાંધીજીની વ્યાપક ધર્મભાવના કેવી રીતે વિકસી તે દર્શાવો.

.....................................................................................

.....................................................................................

9. ગાંધીવાદની સાહિત્ય પર શું અસર થઈ ?

.....................................................................................

.....................................................................................

10. ગાંધીયુગની પ્રમુખ લાક્ષણિકતાઓ તારવો.

.....................................................................................

.....................................................................................

## 1.5 ગાંધીજી (ઈ.સ. 1869-1948)

ગાંધીજીએ વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું હતું. અલબત્ત, એમની લેખનપ્રવૃત્તિ સાહિત્યસર્જન અર્થે નહિ પણ લોકશિક્ષણ અર્થે હતી. એમના સમગ્ર જીવનકાર્ય અને ચિંતનનો અર્ક તેમના સાહિત્યમાં ઊતરેલો છે. નિબંધ તેમનું મુખ્ય સાહિત્યસ્વરૂપ છે. તેમનાં વ્યાખ્યાનો, વાર્તાલાપો વગેરે પણ મહદંશે નિબંધકારી છે. આ ઉપરાંત આત્મકથા, ચરિત્ર અને ઇતિહાસના સાહિત્યપ્રકારો પણ તેમણે પ્રશસ્ય રીતે ખેડ્યા છે. તેમનું પત્રસાહિત્ય પણ વિપુલ છે. તેમની મુખ્ય કૃતિઓ નીચે મુજબ છે :

**કૃતિઓ :**

(1) સત્યના પ્રયોગો અથવા આત્મકથા (2) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ (3) અહિંસા (4) અસહકાર (5) ધર્મયુદ્ધનું રહસ્ય (6) આશ્રમજીવન (7) મંગળપ્રભાત (8) ધર્મમંથન (9) ગીતાબોધ (10) નીતિનાશને માર્ગે (11) હિન્દ સ્વરાજ (12) સત્યાગ્રહ આશ્રમનો ઇતિહાસ (13) પાયાની કેળવણી (14) બાપુના પત્રો (1-11) (15) મારો જેલનો અનુભવ (16) યરવડાનો અનુભવ (17) આરોગ્યની ચાવી (18) આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન (19) અનાસક્તિયોગ (20) આશ્રમની બહેનોને (21) ગીતાપદાર્થકોશ (22) દયાધર્મ (23) દિલ્હી-ડાયરી (24) નીતિધર્મ (25) વ્યાપક ધર્મભાવના (26) વ્રતવિચાર (27) ત્યાગમૂર્તિ (28) ગામડાંની વહાર (29) સમાજમાં સ્ત્રીઓનું સ્થાન (30) રચનાત્મક કાર્યક્રમ (31) અસ્પૃશ્યતા-નિવારણ (32) હરિજન ભાગવત (33) ધર્મસંસ્થાપન (34) આખરી ફેંસલો (35) દેશી રાજ્યોનો પ્રશ્ન (36) ગોસેવા (37) સંપત્તિશાસ્ત્ર (38) સર્વોદય (39) સો ટકા સ્વદેશી (40) હિન્દુ આચાર (41) હિન્દુ ધર્મની કસોટી (42) વર્ણવ્યવસ્થા (43) ગાંધી-વાઇસરૉય પત્રવહેવાર.

'ગાંધીજીનો અક્ષરદેહ'નાં લગભગ નેવું પુસ્તકોમાં તેમનાં ગુજરાતી લખાણોનો સમુચ્ચય પ્રગટ થઈ રહ્યો છે. આટલું વિપુલ સાહિત્યસર્જન કરવા છતાં ગાંધીજીએ પોતાને કદી સાહિત્યકાર તરીકે ઓળખાવ્યા ન હતા. પરંતુ ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપર તેમને અસાધારણ મમત્વ હતું. તેમની સાહિત્યનિષ્ઠા ઊંચા પ્રકારની હતી. સાહિત્ય તેમને મન સાધ્ય ન હતું પણ સત્યની શોધમાં સાધનરૂપ હતું. પોતાના વિચારો પ્રગટ કરવા તેમણે દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપીનિયન' અને ભારતમાં 'યંગ ઇન્ડિયા', 'નવજીવન' અને 'હરિજન' જેવાં સામયિકો ચલાવ્યાં હતાં.

**'સત્યના પ્રયોગો' :**

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' (ઈ.સ. 1927) ગુજરાતી આત્મકથા સાહિત્યનું ઉત્તુંગ શૃંગ છે. વિવેચકોએ તેને ઉચ્ચ કક્ષાની આત્મકથા તરીકે સ્વીકારી વિશ્વસાહિત્યમાં મૂકી શકાય એમ કહ્યું છે. 'સત્યના પ્રયોગો'માંથી એના નાયકના સત્યશોધનનો સુરેખ આલેખ સાંપડે

છે. આ પ્રયોગો વિશે પ્રસ્તાવનામાં ગાંધીજીએ કહ્યું છે, ''મારા પ્રયોગોમાં તો આધ્યાત્મિક એટલે નૈતિક, ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પામેલી નીતિ તે ધર્મ'' (પૃ. 10). આ દૃષ્ટિએ 'સત્યના પ્રયોગો'ને કોઈ **શ્રેયના** પ્રયોગો પણ કહી શકે.

ગાંધીજીનું જીવન રાષ્ટ્રના ઇતિહાસનું અંગ છે. તેથી તેમની આત્મકથા એક કીમતી ઐતિહાસિક દસ્તાવેજ બને છે. પાંચ ખંડ અને 167 પ્રકરણોમાં વિભક્ત હોવા છતાં કૃતિનું કદ પ્રમાણમાં સમતોલ છે. પૃષ્ઠ સંખ્યા પાંચસોથી વધતી નથી. ગાંધીજીએ પોતાના જન્મ(ઈ.સ. 1869)થી માંડી અસહકારનું આંદોલન શરૂ કર્યું ત્યાં સુધીના અર્થાત્ 1920 સુધીના જીવનની વાત આત્મકથામાં કરી છે. કૃતિમાંથી ગાંધીજીના વ્યક્તિત્વનું સમ્યક્ પ્રભાવક રૂપ ખડું થાય છે. એ રૂપ કોઈ મહાત્મા કે મહામાનવનું નથી પણ સાચા અર્થમાં માનવ બનવા મથતા સત્યશોધક **મુમુક્ષુ**નું છે. તે પ્રભાવક હોવાની સાથે જ પ્રતીતિકર પણ છે.

ધર્મપ્રવણ વૃત્તિ હોવાને કારણે ગાંધીજી કલા સૌન્દર્ય પ્રમાણી શકતા નથી. કલા સૌન્દર્ય નિષ્પન્ન કરવાનું તેમનું લક્ષ્ય ન હોવા છતાં 'સત્યના પ્રયોગો' કલાનાં ધોરણોએ પણ મૂલવી શકાય એવી સક્ષમ કૃતિ છે એ સ્વીકારવું રહ્યું. તેમની સાહિત્યકાર તરીકેની પ્રતિષ્ઠામાં તેમની અન્ય કૃતિઓ કરતાં 'સત્યના પ્રયોગો'નો ફાળો સૌથી વધુ છે. તેનો હેતુ બોધલક્ષી રહ્યો હોવા છતાં તે એક ચિરંજીવ સાહિત્યકૃતિ બની છે. કૃતિમાં કોઈ કોઈ સ્થળે સર્જકતાની ઓછપ અનુભવાય છે. ગાંધીજી પોતાના વ્યક્તિત્વની **સંકુલતા**ને પ્રગટ કરવા કરતાં પોતે કરેલા પ્રયોગોને વધુ મહત્ત્વ આપતા હોય એવું પણ લાગે છતાં 'સત્યના પ્રયોગો'ને ગુજરાતી સાહિત્યમાં સીમાચિહ્નરૂપ આત્મકથા ગણવામાં આવી છે.

**અન્ય નોંધપાત્ર કૃતિઓ :**

ગાંધીજીની અન્ય નોંધપાત્ર કૃતિઓમાં 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' એમના પ્રયોગ અને અનુભવને વર્ણવે છે. બે ખંડમાં વિભાજિત આ ઇતિહાસમાં દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓના આગમનથી માંડીને 'હિન્દીઓએ શું કર્યું ?', 'બોઅર લડાઈ', 'સત્યાગ્રહનો જન્મ', 'ટૉલ્સ્ટૉય ફાર્મ' વગેરે પ્રકરણોમાં સરળ અને હૃદયંગમ શૈલીમાં આઘાતો-પ્રત્યાઘાતો વર્ણવાયા છે. દક્ષિણ આફ્રિકાનો વીસ વર્ષનો વસવાટ ગાંધીજી માટે સુખદ સ્મૃતિરૂપ હોવાથી તે શુષ્ક ઇતિહાસ બનવાને બદલે પ્રેમ અને ઉત્સાહથી કરેલું સ્વાનુભવનું રોમાંચક રસભર્યું વર્ણન બની રહે છે. ગદ્યકાર ગાંધીજીનું સામર્થ્ય પ્રગટ કરતી કૃતિની શૈલી તેમના વસ્તુની પેઠે વિલક્ષણ ને અપૂર્વ છે.

'હિંદ સ્વરાજ' ગાંધીજીના આંતરમંથનનો જ્વલંત અગ્નિ પ્રગટ કરતું, તેમના વ્યક્તિત્વનો ઉન્મેષ પ્રદર્શિત કરતું પુસ્તક છે. જ્યારે તેમનાથી રહેવાયું નહીં ત્યારે જ તેમણે કલમ ઉઠાવીને આ પુસ્તકમાં હિન્દ સ્વરાજના પ્રશ્નનાં બધાં પાસાં દુનિયા સમક્ષ પ્રગટ કર્યાં છે. તેને અનુષંગે દેશપ્રેમી અને સંસ્કૃતિચિંતક ગાંધીજીનું ક્રાંતિકારી તત્ત્વજ્ઞાન આ રચનામાં સીધી **નાસાગ્રશૈલી**માં વ્યક્ત થયું છે. તત્કાળે તેમને દેખાયેલાં ઔદ્યોગિક સમૃદ્ધિ, નવીન કેળવણી અને લોકશાહીનાં ભયસ્થાનો આ પુસ્તકમાં પ્રગટ કર્યાં છે. સંવાદરૂપે રચાયેલું આ પુસ્તક ગાંધીજીનું નમૂનેદાર નોંધપાત્ર સર્જન છે.

જિંદગીના છેલ્લા સાડા ચાર મહિના દરમિયાન ગાંધીજીએ હિન્દુસ્તાનીમાં આપેલાં 139 પ્રાર્થના-પ્રવચનોનો ગુજરાતી અનુવાદ 'દિલ્હી ડાયરી' નામથી પ્રસિદ્ધ થયો છે. દેશમાં ચારે બાજુ જ્યારે હિંસા અને દ્વેષનો દાવાનળ સળગી રહ્યો હતો ત્યારે આ પ્રવચનોએ પ્રેમ અને શાંતિનું વાતાવરણ પેદા કરવાનો પ્રયાસ કર્યો હતો. ગાંધીજીના વ્યક્તિત્વ અને સાહિત્યના અભ્યાસીઓને આ પુસ્તક ઉપયોગી થઈ પડે તેવું છે.

ગાંધીજીએ નિબંધ પછી સૌથી વધુ ખેડેલું સ્વરૂપ પત્રનું છે. 'બાપુના પત્રો'માં સંગૃહીત પત્રો દેશવિદેશમાં પરિચિત વ્યક્તિઓ પર, સ્વજનો પર તેમ જ અંગ્રેજ અધિકારીઓ પર લખાયેલ છે. તેમાં પણ ગાંધીજીની સત્યનિષ્ઠા અને આડંબર રહિત શૈલીનાં દર્શન થાય છે. આ પત્રોમાં તેમના સ્વભાવની ઉષ્મા ઊતરેલી છે. સંત હૃદયનાં પ્રેમ અને કરુણાની સરવાણી આ પત્રસાહિત્યમાં સાદ્યંત વહેતી અનુભવાય છે. દીનદુખિયાનાં દુઃખ પર તેમના શબ્દો મલમપટ્ટાની ગરજ સારે છે.

'ઇન્ડિયન ઓપીનિયન'માં ગાંધીજીએ 'એક સત્યવીરની કથા' શીર્ષકથી સૉક્રેટિસની જીવનકથા સંક્ષેપમાં લખી હતી. સત્ય ખાતર હસતાં હસતાં મોતને ભેટનાર ગ્રીક ચિંતક સૉક્રેટિસ તેમનો આદર્શ બન્યો હતો. ગાંધીજીના ધર્મવિષયક લેખો 'વ્યાપક ધર્મભાવના' પુસ્તકમાં સંઘરાયા છે. એમાં એમણે પ્રજાને ધર્મ અને જીવનને ભેદરહિત માની તે માર્ગે ચાલવાની અપીલ કરી છે. સર્વધર્મસમન્વય અને માનવપ્રેમ એ જ સાચો ધર્મ એ આદર્શ આ પુસ્તકમાં સાદી છતાં હૃદયસ્પર્શી ભાષામાં પ્રસ્તુત થયો છે.

**ગદ્યશૈલી :**

ગાંધીજીએ ભાષા, સાહિત્ય અને કલા પરત્વે તેમની જીવનદૃષ્ટિ અને ફિલસૂફીને અનુરૂપ નવો દૃષ્ટિકોણ અપનાવ્યો હતો. કોસિયો પણ સમજી શકે તેવી ભાષા પ્રયોજવાનો તેમનો મત હતો. તેમનું સમગ્ર સાહિત્ય એ સિદ્ધાંતનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડે છે. બારમા ગુજરાતી સાહિત્ય સંમેલનના પ્રમુખસ્થાનેથી બોલતાં તેમણે કહેલું, ''હૃદયમાંથી જે આવે છે તે કહું છું, ઓપ ચઢાવ્યા વિના કહું છું.''

ગાંધીજીના ગદ્યમાં બે સ્પષ્ટ કક્ષાઓ જોવા મળે છે: ભારત આવ્યા પહેલાંનાં લખાણોની અને ભારત આવ્યા પછીનાં લખાણોની. સાદી અને તળપદી ભાષામાં ભવ્ય અને દુર્ગમ વિચારો રજૂ કરવાની તેમનામાં પ્રશસ્ય શક્તિ હતી. 'બંદૂકની ગોળી જેવાં ટૂંકાં ટૂંકાં' વાક્યોથી તેઓ ધારી અસર ઉપજાવી શકતા. એકાદ વિગત દ્વારા કોઈ પ્રસંગને તાદૃશ કરવાની કે ટૂંકા સંવાદ દ્વારા પાત્રને જીવતું કરી આપવાની તેમની શક્તિ નોંધપાત્ર છે. એશિયાટિક અફસરોથી અપમાનિત થઈ 'કસાણે મોઢે સાથીઓ આવ્યા' ('આત્મકથા', પૃ. 257)માં વ્યવહારુ વાણીનો સચોટ ઉપયોગ કરવાની તેમની શક્તિનું દર્શન થાય છે. નાનાં નાનાં અર્થગર્ભ વાક્યો, સમાસ રહિત સાદો અન્વય, તદ્ભવ, દશ્ય, શબ્દો, રૂઢિપ્રયોગો અને કહેવતો તેમની ભાષામાં દૃષ્ટિગોચર થશે. મર્મસભર અર્થાન્તરન્યાસી સૂત્રાત્મક વાક્યો સર્જવાની તેમની શક્તિ ઉલ્લેખનીય છે. બુદ્ધ અને મહાવીરની માફક તેમણે લોકભાષાનો વ્યાપક વિનિયોગ કર્યો છે.

**ગાંધીજીની સાહિત્ય પર અસર :**

ગાંધીજીના વિચારોએ માત્ર ગુજરાતના જ નહિ સમગ્ર દેશના જીવન પર ઊંડી અને વ્યાપક અસર કરી હતી. તેમણે પ્રવર્તાવેલ મૂલ્યોનો પ્રભાવ શિક્ષણ, સંસ્કાર, સાહિત્ય, સમાજ એમ તમામ ક્ષેત્રો પર પડ્યો છે. જીવનને અખંડ અને વ્યાપક દૃષ્ટિએ જોવાની પ્રેરણા આપી તેમણે જીવનના કેન્દ્રમાં સત્ય, પ્રેમ, બંધુતા અને માનવતાની સ્થાપના કરી આપી.

ગાંધીજીના આગમન પૂર્વે ગુજરાતી સાહિત્યમાં મુખ્યત્વે મધ્યમ અને ઉચ્ચ વર્ગનું જીવન નિરૂપાતું હતું. સંયુક્ત હિન્દુ કુટુંબના પ્રશ્નો, દેશી રાજ્યોની ખટપટ, શિક્ષિત યુવકયુવતીનો પ્રેમવ્યવહાર ગુજરાતી નવલકથામાં આલેખાતાં. પ્રકૃતિનાં ભવ્ય, ગહન અને કોમળ અંગો, પ્રણયનાં નાજુક સંવેદનો, દાંપત્યના ભાવો ને સમાજસુધારાનો ઉપદેશ એ કવિતાની કવનસીમા બની ગઈ હતી. ગાંધીજીનો પ્રભાવ આ સીમાઓનો લોપ કરે છે. તેમના પ્રભાવથી દીનદલિત,પતિતપીડિત, ગ્રામીણ, શ્રમજીવી અને અસ્પૃશ્ય વર્ગ સાહિત્યમાં સમુચિત સ્થાન પ્રાપ્ત કરે છે. તેમના જીવનના પ્રશ્નો અને પ્રસંગો બોલચાલની ભાષામાં વાસ્તવિક પદ્ધતિએ નિરૂપાય છે. ગાંધીજીના યુગસંદેશનો મંગલ ધ્વનિ ઉમાશંકર જોષીના ખંડકાવ્ય 'વિશ્વશાંતિ'માં ઝિલાયો છે. મુનશીના 'સ્વપ્નદ્રષ્ટા' નવલમાં, ધૂમકેતુની 'પોસ્ટઑફિસ', 'ભૈયાદાદા', 'ગોવિંદનું ખેતર' જેવી વાર્તાઓમાં, નૃસિંહ વિભાકરનાં 'સુધાચંદ્ર', 'મધુબંસરી' જેવાં નાટકોમાં, મેઘાણીનાં કાવ્યોમાં ગાંધીભાવ વત્તાઓછા પ્રમાણમાં વરતાય છે. ર. વ. દેસાઈના કથાસાહિત્યમાં ગાંધીવિચારધારા વ્યક્ત થાય છે.

ગાંધીજીએ પોતાના જીવન અને સાહિત્ય દ્વારા એક નવો યુગ પ્રવર્તાવ્યો. એમના પ્રભાવ નીચે કાલેલકર, મશરૂવાળા, મહાદેવ દેસાઈ વગેરે અનેક સાહિત્યકારો તૈયાર થયા. એ બધા લેખકોએ સાથે મળીને જીવનલક્ષી સાહિત્યની જેહાદ જગાવી. અલબત્ત, ગાંધીજીની સાહિત્યક્ષેત્રે થયેલી અસર વાયુમંડળ જેવી સૂક્ષ્મ અને વ્યાપક સ્વરૂપની હતી, તાજગીપ્રેરક હતી.

## 1.6 સારાંશ

આ એકમમાં તમે અર્વાચીન ગુજરાતી સાહિત્યના ખૂબ જ મહત્ત્વના ગાંધીયુગની પૂર્વભૂમિકા, પરિબળોથી પરિચિત થયા અને સમગ્ર યુગ પર પ્રભાવ પાડનાર મહાન સાહિત્યકાર ગાંધીજીના સાહિત્યથી માહિતગાર થયા. પૂર્વભૂમિકામાં ગાંધીજીના આગમનથી ગુજરાતના જીવન અને સાહિત્ય પર જે પ્રભાવ પડ્યો તે દર્શાવી ગાંધીયુગ એટલે શું તે સ્પષ્ટ કર્યું છે. પછી ગાંધીયુગ માટેનાં પરિબળો દર્શાવી એની લાક્ષણિકતાઓ તારવી છે.

ગાંધીજીના જીવનની મહત્ત્વની તવારીખ આપી તેમના સમગ્ર સાહિત્યિક પ્રદાનનો ખ્યાલ આપી તેમની નોંધપાત્ર કૃતિઓ 'આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'હિંદ સ્વરાજ', 'દિલ્હી ડાયરી', 'બાપુના પત્રો', 'વ્યાપક ધર્મભાવના' વગેરેનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે. પછી તેમની વિશિષ્ટ ગદ્યશૈલી વિશે વાત કરી ગુજરાતી સાહિત્ય પર તેમનો શો પ્રભાવ પડ્યો તે દર્શાવ્યું છે.

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

1. ગાંધીજીની સાહિત્યિક અને અન્ય વિષયની કૃતિઓની સૂચિ આપો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. 'સત્યના પ્રયોગો'નો સંક્ષિપ્ત પરિચય કરાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. 'સત્યના પ્રયોગો'નું સાહિત્યિક મૂલ્યાંકન કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

4. 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' વિશે ચાર વાક્યો લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

5. 'હિન્દ સ્વરાજ' કૃતિનો સંક્ષિપ્ત ખ્યાલ આપો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

6. 'દિલ્હી ડાયરી' વિશે ત્રણ-ચાર વાક્યો લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

7. 'બાપુના પત્રો'નું સાહિત્યમાં શું સ્થાન છે તે સ્પષ્ટ કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

8. 'એક સત્યવીરની કથા' તથા 'વ્યાપક ધર્મભાવના'નો બબ્બે વાક્યોમાં પરિચય કરાવો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

9. ગાંધીજીની ગદ્યશૈલી વિશે ટૂંકી નોંધ લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

10. ગાંધીજીની ગુજરાતી સાહિત્ય પરની અસર સદૃષ્ટાંત દર્શાવો.

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

## 1.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-2*, ધીરુભાઈ ઠાકર.
2. *ગાંધીજી - એક અધ્યયન*, શાંતિલાલ દેસાઈ.
3. *ગાંધીજી*, ચી. ના. પટેલ
4. *પરિમાણ*, ડૉ. રમણલાલ જોશી
5. *ગાંધીજીની સાહિત્યસાધના અને બીજા લેખો*, ચી. ના. પટેલ


## 1.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**દૂરગામી** - વિ. દૂર સુધી જાય એવું;
**સહસ્રરશ્મિ** - પું. હજાર કિરણોવાળો; સૂર્ય.
**મૂર્તિમંત** - વિ. શરીરવાળું, સાક્ષાત્, મૂર્ત.
**ઉત્તુંગ શૃંગ** - ઊંચું શિખર;
**શ્રેય** - ન. (સં) મોક્ષ, કલ્યાણ, હિત, શુભ, યશ, પુણ્ય, સારાંશ.
**મુમુક્ષુ** - વિ. મોક્ષની ઇચ્છાવાળું.
**સંકુલતા** - (સં) સ્ત્રી પરિપૂર્ણ, ભીડવાળું, અવ્યવસ્થિત, ગૂંચાયેલું, અસંગત.
**નાસાગ્ર** - (ન.) નાકનું ટેરવું.
**નાસાગ્રશૈલી** - સીધી સરળ અસરકારક શૈલી.

## 1.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જવાબ માટે જુઓ 6.1.2 પ્રસ્તાવના
2. જુઓ 6.1.3 પૂર્વભૂમિકાનો પ્રથમ પરિચ્છેદ
3. જુઓ 6.1.3નો દ્વિતીય પરિચ્છેદ
4. જુઓ 6.1.3નો તૃતીય પરિચ્છેદ
5. જુઓ 6.1.3ના અંતિમ બે પરિચ્છેદ
6. જુઓ 6.1.4નો પ્રથમ પરિચ્છેદ
7. જુઓ 6.1.4નો દ્વિતીય પરિચ્છેદ
8. જુઓ 6.1.4નો તૃતીય પરિચ્છેદ
9. જુઓ 6.1.4નો ચતુર્થ - પંચમ પરિચ્છેદ
10. જુઓ 6.1.4નો અંતિમ ભાગ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. જવાબ માટે જુઓ 6.1.5નો દ્વિતીય પરિચ્છેદ

2.3 જુઓ 6.1.5 અંતર્ગત 'સત્યના પ્રયોગો' અંતર્ગત લખાણ

4. જુઓ 6.1.5 અંતર્ગત 'અન્ય નોંધપાત્ર કૃતિઓ' શીર્ષક લખાણનો પ્રથમ પરિચ્છેદ
5. જુઓ 6.1.5 અંતર્ગત 'અન્ય નોંધપાત્ર કૃતિઓ'નો દ્વિતીય પરિચ્છેદ.
6. જુઓ 'અન્ય નોંધપાત્ર કૃતિઓ'નો તૃતીય પરિચ્છેદ
7. જુઓ 'અન્ય નોંધપાત્ર કૃતિઓ'નો ચતુર્થ પરિચ્છેદ
8. જુઓ 'અન્ય નોંધપાત્ર કૃતિઓ'નો અંતિમ પરિચ્છેદ
9. જુઓ 6.1.5 અંતર્ગત 'ગદ્યશૈલી' શીર્ષક નીચેનું લખાણ
10. જુઓ 6.1.5 અંતર્ગત 'ગાંધીજીની સાહિત્ય પર અસર' શીર્ષક નીચેનું લખાણ

# એકમ 2 ગાંધી અનુશાસિત લેખકો

**રૂપરેખા**

2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 પૂર્વભૂમિકા
2.4 ગાંધી અનુશાસિત લેખકો
2.5 સારાંશ
2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
2.7 ચાવીરૂપ શબ્દો
2.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 2.1 ઉદ્દેશો

ગાંધીયુગના આ બીજા એકમના અભ્યાસ દ્વારા તમે -

- ગાંધી અનુશાસિત લેખકોનો ખ્યાલ મેળવશો.
- કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવ દેસાઈ, સ્વામી આનંદ, નરહરિ પરીખ અને અન્ય લેખકોના પ્રદાનથી પરિચિત થશો.

## 2.2 પ્રસ્તાવના

ગાંધીજીએ ભારતમાં આવ્યા પછી મુખ્યત્વે દેશની આઝાદી અર્થે અને દેશની સર્વાંગીણ ઉન્નતિ અર્થે પોતાનું જીવન સમર્પી દીધું. તેમનો મુખ્ય ઉદ્દેશ નિષ્કામ કર્મયોગનું અનુસરણ કરી અનાસક્ત-ભાવે માનવ ઉત્કર્ષ કરવાનો તથા સાથે સાથે દેશને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરાવવાનો હતો. તેમના પારદર્શી સ્વચ્છ સેવાભાવી આદર્શ જીવનને જોઈ દેશભરમાંથી અનેક સેવાભાવી, ત્યાગી, જીવનના સમુત્કર્ષ અર્થે ઉદ્યુક્ત મનુષ્યો તેમને આવી મળ્યા. તેમાં કુશળ ઇજનેરો, ડૉક્ટરો, વકીલો, અર્થશાસ્ત્રીઓ, સેવાભાવી શિક્ષકો અને સાહિત્યપ્રેમીઓનો સમાવેશ થાય છે. આ સહુના સહકારથી તેમણે આશ્રમમાં રહી રાષ્ટ્રોદ્ધારની બહુવિધ પ્રવૃત્તિઓ પ્રારંભી.

## 2.3 પૂર્વભૂમિકા

સાહિત્યસર્જન કે સાહિત્યસેવા ગાંધીજીની મુખ્ય પ્રવૃત્તિ ન હતી પણ તેઓ જે પ્રવૃત્તિઓ કરતા હતા કે કરવા ઇચ્છતા હતા તે માટે સાહિત્ય અનિવાર્ય સાધનરૂપ હતું. તેથી આપણે ગયા એકમમાં જોઈ ગયા તેમ ગાંધીજીએ અનાયાસે વિપુલ સાહિત્યસર્જન કર્યું. તેમના અંતેવાસીઓ-શિષ્યોમાં પણ અનેક સાહિત્યરસિક, સાહિત્યપ્રેમીઓ હતા. મહદંશે ગાંધીજીના આદર્શોનું અનુસરણ કરી તેમણે પણ સાહિત્યોપાસના કરી. આ લેખકોને ગાંધીશાસનના લેખકો કે ગાંધી અનુશાસિત લેખકો કહેવામાં આવે છે. આ લેખકોમાં કાલેલકર અને મશરૂવાળા મોખરે ગણાય છે. આપણે ગાંધી અનુશાસિત લેખકોનો પરિચય પ્રાપ્ત કરીએ.

## 2.4 ગાંધી અનુશાસિત લેખકો

**(1) કાકાસાહેબ કાલેલકર (ઈ.સ. 1885-1981) :**

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનો જન્મ મહારાષ્ટ્રમાં સતારા ખાતે થયો હતો. તેઓ 1907માં ફિલસૂફી વિષય સાથે બી.એ. થયા હતા. સ્વામી આનંદ સાથે તેમણે હિમાલયની 2200 માઈલની પગપાળા મુસાફરી કરી હતી. આ પ્રવાસે તેમનાં રાષ્ટ્રપ્રેમ, ધર્મપ્રેમ અને પ્રકૃતિપ્રેમને કાવ્યમય એકત્વ અર્પી તેમના વ્યક્તિત્વને ખીલવ્યું. ગાંધીજીના વિચારોમાં તેમને પોતાનું રાષ્ટ્રોદ્ધારનું સ્વપ્ન સાકાર થતું લાગેલું. તેથી રવીન્દ્રનાથની રજા લઈ તેઓ શાંતિનિકેતન છોડીને ગુજરાત આવ્યા. વિદ્યાપીઠની સ્થાપના સાથે તેમણે મહાવિદ્યાલયમાં અધ્યાપન કર્યું અને વિવિધ વિષયો પર મનનીય લેખો લખ્યા. તેમણે પ્રસંગોપાત્ત 'નવજીવન'ના સંચાલનની જવાબદારી સંભાળી અને 'જોડણીકોશ' તૈયાર કરવા પાછળ પાંચ વર્ષ ખર્ચ્યાં. રાષ્ટ્રભાષા પ્રચારનું કામ પણ તેમણે કરેલું અને 1930માં ગાંધીજી સાથે યરવડા જેલમાં પણ રહેલા. 1935માં ગુજરાતી સાહિત્ય સંમેલનના કલા [illegible] લા અને 'જીવનનો ઓપ' એ વિષય પર તેમણે વ્યાખ્યાન આપેલું. કાકાસાહેબ આજીવન પ્રવાસી હતા. બ્રહ્મદેશ, પૂર્વ આફ્રિકા, જાપાન, યુરોપ,

રશિયા એમ અનેક દેશોના પ્રવાસો એમણે કરેલા અને સર્વોદયનો ગાંધીસંદેશ એ દેશોમાં પહોંચાડેલો.

**કૃતિઓ :**

'સ્મરણયાત્રા', 'ધર્મોદય' (આત્મકથા), 'બાપુની ઝાંખી' (જીવનચરિત્ર), (પ્રવાસ વિષયક) 'હિમાલયનો પ્રવાસ', 'પૂર્વ આફ્રિકામાં', 'બ્રહ્મદેશનો પ્રવાસ', 'ઊગમણો દેશ - જાપાન', (નિબંધ), - 'જીવનનો આનંદ', 'જીવનભારતી', 'જીવનસંસ્કૃતિ', 'જીવનવિકાસ', 'રખડવાનો આનંદ', 'કાલેલકરના લેખો 1-2', (પત્ર) - 'જીવનચિંતન', 'નેત્રમણિભાઈને', 'ચિ.ચંદનને', 'ઇતિહાસ-પૂર્વરંગ', (ધર્મ) - 'ગીતાસાર', 'ગીતાધર્મ', 'ધર્મોદય', 'જીવનપ્રદીપ', (પ્રકીર્ણ) - 'જીવનલીલા', 'ઓતરાતી દીવાલો', 'જીવતા તહેવારો', 'માનવીય ખંડિયેરો', 'રવીન્દ્ર સૌરભ', 'નારી ગૌરવનો કવિ', 'બાપુના પત્રો', 'ભારતીય સંસ્કૃતિનો ઉદ્‌ગાતા', 'રવિચ્છબિનું ઉપસ્થાન અને તર્પણ', 'ગીતાપદાર્થકોશ', 'પરમ સખા મૃત્યુ', 'અવારનવાર' વગેરે.

કાકાસાહેબની માતૃભાષા મરાઠી હોવા છતાં તેમણે ગુજરાતીમાં એટલું વિપુલ અને સત્ત્વવંતું સાહિત્યસર્જન કર્યું કે ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી' કહ્યા. ગુજરાતી સાહિત્યમાં નિબંધ અને પ્રવાસસાહિત્ય ક્ષેત્રે કાકાસાહેબનું પ્રદાન મૂલ્યવાન છે.

ગાંધીવિચાર અને દર્શનથી પ્રભાવિત હોવા છતાં કાકાસાહેબનું સાહિત્યકાર તરીકેનું વ્યક્તિત્વ અનોખું છે. એમની પાસે જીવનમાંથી સૌન્દર્ય શોધી લેવાની વિશિષ્ટ દૃષ્ટિ છે અને પ્રત્યેક વસ્તુ-વિષયને આસ્વાદ્ય બનાવે એવી રસાર્દ્ર શૈલી પણ છે. તેમના નિબંધોને ઉત્સાહી શિક્ષક અને સૌન્દર્યદૃષ્ટિ કવિ ઉભયના વ્યક્તિત્વનો સમન્વિત લાભ મળ્યો છે. એમણે મુખ્યત્વે શિક્ષણ, સમાજ, સ્વદેશપ્રેમ, પ્રકૃતિ અને જીવનને સ્પર્શતા નિબંધો લખ્યા છે. ઊંડું ચિંતન, સમૃદ્ધ કલ્પના, સમુચિત અલંકારો અને સજીવ વર્ણનચિત્રોને લઈ એમની ગદ્યશૈલી વિશિષ્ટ આકાર ધારણ કરે છે. એમના નિબંધોની રસળતી ગતિ તેને લલિત બનાવે છે. ક્વચિત્ તેમનો નિબંધ ગદ્યકવિતાની નજીક પહોંચી જાય છે. 'જીવનલીલા'માં સંગૃહીત નિબંધોમાં ભારતના જળ સૌન્દર્યનું આહ્‌લાદક વર્ણન પ્રાપ્ત થાય છે. જેલવાસ દરમ્યાનની તેમની પરિચિત પાત્રસૃષ્ટિ - જેમાં કાગડો, વાંદરો, દેડકો, ખિસકોલી, સમડીઓ વગેરેનો સમાવેશ થાય છે - સજીવ બની ઊઠી છે, 'ઓતરાતી દીવાલો'માં- આ સંગ્રહમાં તેમણે પશુપક્ષી અને વનસ્પતિ સાથે એકતાન થઈને પોતાનો પ્રેમભાવ કેવળ માનવજાતિમાં સીમિત ન રાખતાં પ્રકૃતિ સમસ્ત સુધી વિસ્તાર્યો છે. પ્રકૃતિ તેમની નિબંધસૃષ્ટિનું મહત્ત્વનું અંગ છે.

નિબંધોમાં કાકાસાહેબની વિનોદવૃત્તિનો પણ પરિચય પ્રાપ્ત થાય છે. અલબત્ત, તેમનાં હળવાં લખાણોની પાછળ જીવનનો કોઈ ગંભીર અને વ્યાપક ભાવ રહેલો હોય છે. તેમનું અવલોકન જેટલું વૈવિધ્યપૂર્ણ અને વિશાળ છે તેટલું જ તેમનું ચિંતન ઊંડું અને તત્ત્વદર્શી છે. તેમના નિબંધોને સામગ્રીની ખોટ કદી પડતી નથી. તેમના નિબંધોમાં સળંગસૂત્રતા ન હોવા છતાં તેમાં તાજગીનો અનુભવ થાય છે. લાલિત્ય તેમના નિબંધોનું મુખ્ય લક્ષણ છે. ગુજરાતી નિબંધ સાહિત્યમાં લલિતનિબંધનો પ્રારંભ સાચા અર્થમાં કાકાસાહેબથી થાય છે.

બીજી બાજુ સળંગ પ્રવાસવર્ણનનાં ચાર પુસ્તકો આપીને તેમણે ગુજરાતી પ્રવાસસાહિત્યમાં એક ઉત્કૃષ્ટ માનદંડ સ્થાપી આપ્યો છે. 'હિમાલયનો પ્રવાસ' પ્રવાસસાહિત્યનો એક આદર્શ છે. એમાં લેખકે માત્ર ભૌગોલિક માહિતી નથી આપી પણ પ્રત્યેક સ્થળ પાછળ રહેલ ઇતિહાસ, તેનો મહિમા, ત્યાંનો પ્રકૃતિવૈભવ, ત્યાંનો લોકસમાજ અને ત્યાંના આચારવિચાર સમેત પોતાના અંગત અનુભવોને પણ તેમણે પ્રાસાદિક શૈલીમાં આલેખ્યા છે. સૌન્દર્યદૃષ્ટિ તથા નિહાળેલી સુંદરતાનું સંસ્કારસભર લાલિત્યપૂર્ણ શૈલીમાં આસ્વાદ્ય આલેખન એ લેખકની વિશિષ્ટતા છે. સૌન્દર્યનાં દર્શનમાં કે કલ્પનાના કેફમાં કાકાસાહેબની ઔચિત્યબુદ્ધિ ક્યારેય મંદ પડતી નથી. વિચાર શુદ્ધિનો આગ્રહ તેમની વાણીને **વિશદ** રાખે છે.

ગાંધીજીની આત્મકથા પછી પ્રાપ્ત થતી કાકાસાહેબની આત્મકથા 'સ્મરણયાત્રા' અને ઘણાં વર્ષો પછી તેના અનુસંધાનમાં મળેલી 'ધર્મોદય' ગુજરાતી આત્મકથા સાહિત્યની ઉલ્લેખનીય કૃતિઓ છે.

ગુજરાતના ગદ્યવિધાયકોમાં કાકાસાહેબનું સ્થાન પ્રથમ પંક્તિમાં મૂકી શકાય. તેમના ગદ્યમાં પાંડિત્ય અને રસિકતા, આદર્શમયતા અને વ્યવહારદક્ષતા, કવિત્વ અને વિનોદનો સુભગ સમન્વય થયો છે. નીતિ અને કલા એકબીજાની અવિરુદ્ધ હોવાં જોઈએ એમ માનનાર ગાંધીશાસનના સમર્થ સર્જક કાકાસાહેબ જીવનધર્મી સાહિત્યકાર તરીકે સદા યાદ રહેશે.

## (2) કિશોરલાલ મશરૂવાળા (ઈ.સ. 1890-1952) :

ગાંધીજી અંતેવાસીઓમાં કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા અનેક રીતે નોખા તરી આવે છે. તેઓ આશ્રમના બિનસાંપ્રદાયિક વાતાવરણમાં રહેતા હોવા છતાં સ્વામીનારાયણ સંપ્રદાયના

અનુયાયી હતા. ગાંધી સેવા સંઘના પ્રમુખ તરીકે તેમ જ ગાંધીજીના મંત્રી તરીકે તેમણે કેટલોક સમય નિષ્ઠાપૂર્વક કામ કર્યું હતું. ગાંધીજીના વિચારોનું સારતત્ત્વ તેમણે પ્રજા સમક્ષ મૂક્યું હતું, પણ ગાંધીજીના સઘળા વિચારોના તેઓ અનુમોદક ન હતા. કેટલીક બાબતોમાં તેમને ગાંધીજી સાથે મતભેદ પણ હતો. પ્રથમ પરિચયે જ તેમની અસાધારણ આંતરિક શક્તિની પરખ કરીને ગાંધીજીએ તેમને રાષ્ટ્રીય શાળાના શિક્ષકનું કામ સોંપ્યું હતું. પછી તેઓ ગૂજરાત વિદ્યાપીઠના મહામાત્ર થયા હતા. તેમના ઘડતરમાં સહજાનંદ સ્વામી, ગાંધીજી અને કેદારનાથજીનો પ્રભાવ વરતાય છે. સ્વામી આનંદે તેમને 'સંતોના અનુજ' કહ્યા હતા.

**કૃતિઓ :**

મશરૂવાળાએ 'રામ અને કૃષ્ણ', 'બુદ્ધ અને મહાવીર', 'સહજાનંદ સ્વામી' અને 'ઈશુ ખ્રિસ્ત' નામક ચાર ચરિત્ર ગ્રંથો લખ્યા છે. ચમત્કારને બાજુ પર મૂકી તેમણે આ મહાપુરુષો માનવજાત માટે પૂજનીય કેવી રીતે નીવડ્યા એ બતાવવાનો પ્રયાસ કર્યો છે. 'કેળવણીના પાયા', 'કેળવણી વિવેક' અને 'કેળવણી વિકાસ' એ ત્રણ તેમનાં કેળવણીવિષયક પુસ્તકો છે. આ પુસ્તકોમાં લેખકની વિચાર સૂક્ષ્મતા, ઊંડી સૂઝ અને મૌલિક ચિંતનશક્તિ પ્રગટ થાય છે. પ્રચલિત શિક્ષણ-ક્રમમાં તેમણે ધરમૂળથી સુધારા સૂચવ્યા છે. તેમાંના ઘણા બુનિયાદી શિક્ષણને મળતા આવે છે.

કિશોરલાલનું મોટું અને મહત્ત્વનું પ્રદાન ધર્મ અને તત્ત્વજ્ઞાન વિશેના તેમના લેખો ગણી શકાય. 'જીવનશોધન', 'અહિંસા વિવેચન', 'ગીતામંથન', 'સત્યમય જીવન યાને સત્યાસત્યવિચાર', 'સમૂળી ક્રાન્તિ' તથા 'સંસાર અને ધર્મ'ના બે ભાગ - એ એમના આ વિષયના ગ્રંથો છે. કોઈ એક સંપ્રદાય કે વિચારધારાનો આશ્રય લીધા વિના કેવળ નિરપેક્ષ ધોરણે જીવનનાં સનાતન મૂલ્યોનો તેમણે નવેસર વિચાર કર્યો છે. આ ગ્રંથોમાં તેમનો વિશેષ ઉલ્લેખનીય ગ્રંથ 'સમૂળી ક્રાન્તિ' છે. એમાં એમણે ધર્મ, અર્થ, સમાજ, રાજકારણ, શિક્ષણ વગેરે વિશે મૂલગામી, ક્રાન્તિકારી વિચારદૃષ્ટિ રજૂ કરી છે. તેમનું ચિંતન અનેક દૃષ્ટિએ મૌલિક, સ્વતંત્ર અને જાગૃત વિવેકબુદ્ધિથી પ્રેરિત છે.

ખલિલ જિબ્રાનકૃત 'ધ પ્રોફેટ', તૉલ્સ્તૉયકૃત 'ધ લાઇટ શાઇન્સ ઈન ડાર્કનેસ', મેરિસ મૅટરલિંકરચિત 'ધ લાઇફ ઑફ ધ વ્હાઇટ ઍન્ટ્સ' અને પેટી બર્જેસકૃત 'ટુ વૉક ઍલોન' ગ્રંથોના અનુક્રમે 'વિદાયવેળાએ', 'તિમિરમાં પ્રભા', 'ઊધઈનું જીવન' અને 'માનવી ખંડિયેરો' નામે એમણે ભાષાંતરો કર્યાં છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નો એમણે આપેલો સમશ્લોકી અનુવાદ 'ગીતાધ્વનિ' મૂળને વફાદાર હોવાની સાથે સરળ અને લોકભોગ્ય પણ બની શક્યો છે. પરંપરાનો ત્યાગ, વાદ કે પક્ષથી મુક્ત રહી નિરપેક્ષ ભાવે સત્ય કથન કરવાની નિર્ભીકતા અને જીવનલક્ષી દૃષ્ટિને કારણે મશરૂવાળા ગુજરાતના ચિંતકોની હરોળમાં ઉચ્ચ સ્થાનના અધિકારી બન્યા છે.

## (3) મહાદેવ દેસાઈ (ઈ.સ. 1892-1942) :

મુખ્યત્વે ચરિત્ર લેખક, ડાયરીલેખક અને અનુવાદક મહાદેવ હરિભાઈ દેસાઈનો જન્મ સરસ-(જિ. સુરત)માં થયો હતો. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી.એ., એલએલ.બી. થઈ અમદાવાદમાં વકીલાતનો આરંભ કર્યા પછી ગાંધીજીથી પ્રભાવિત થઈને 1917થી તેઓ તેમના અંતેવાસી બનેલા. સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર 1955માં તેમને મરણોત્તર મળેલો.

**કૃતિઓ :**

[illegible] સાધુનંદ', 'વીર વલ્લભભાઈ', 'સંત ફ્રાન્સિસ' અને 'બે ખુદાઈ ખિદમતગાર' ચરિત્રગ્રંથો છે. સ્વરાજ આંદોલન નિમિત્તે એમણે લખેલાં પુસ્તકો પૈકી 'એક ધર્મયુદ્ધ'માં અમણે અમદાવાદની મિલમજૂરોની લડતનો ઇતિહાસ આલેખ્યો છે. 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' અને 'ગોખલેનાં વ્યાખ્યાનો' પણ હકીકતો પર આધારિત પુસ્તકો છે. બારમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ સ્થાનેથી એમણે આપેલું વ્યાખ્યાન 'વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો' એમની સ્વાધ્યાયનિષ્ઠા વ્યક્ત કરે છે. 'તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો' (નરહરિ પરીખ સાથે) એમનું પ્રકીર્ણ પુસ્તક છે.

મહાદેવભાઈ સવિશેષ પ્રસિદ્ધ છે તેમની ડાયરીઓને લીધે. 1948માં 'મહાદેવભાઈની ડાયરી'નો પ્રથમ ભાગ પ્રગટ થયા પછી 1997 સુધીમાં તેના બાવીસ ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ ડાયરીઓના કેન્દ્રમાં ગાંધીજી, તેમની પ્રવૃત્તિઓ અને વિચારો રહેલાં છે. ગાંધીજીની દિનચર્યાને આલેખતી આ ડાયરીઓ મહાદેવભાઈની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને ભાવવાહી પ્રાસાદિક [illegible] સંતર્પક પરિચય કરાવી રહે છે.

'ચિત્રાંગદા', 'પ્રાચીન સાહિત્ય' (નરહરિ પરીખ સાથે), 'ત્રણ વાર્તાઓ' અને 'વિરાજવહુ' એમના નોંધપાત્ર અનુવાદો છે. જવાહરલાલ નેહરુની આત્મકથાનો અનુવાદ પણ તેમણે 'મારી જીવનકથા' નામે કર્યો છે. તેમણે અંગ્રેજીમાં કેટલાંક પુસ્તકો લખ્યાં છે અને ગાંધીજીનાં પુસ્તકો તથા વ્યાખ્યાનોના અંગ્રેજીમાં અનુવાદો પણ કર્યા છે.

મહાદેવભાઈ ગુજરાતી સાહિત્યમાં હંમેશ માટે યાદ રહેશે એમની સાહિત્યિક દૃષ્ટિએ મૂલ્યવાન ડાયરીઓને લીધે. આ ડાયરીઓએ ગુજરાતી ડાયરી સાહિત્યનું દારિદ્ર્ય પણ ફેડ્યું છે.

## (4) સ્વામી આનંદ (ઈ.સ. 1887-1976) :

મુખ્યત્વે નિબંધકાર સ્વામી આનંદનું પૂર્વાશ્રમનું નામ હિંમતલાલ રામચંદ્ર દવે હતું. 1897માં લગ્નના વિરોધમાં કોઈ સાધુ સાથે ગૃહત્યાગ કરી રઝળપાટ શરૂ કરનાર સ્વામી 1909માં હિમાલયની યાત્રા કરે છે. 1917માં ગાંધીજીના સંપર્કમાં આવ્યા પછી 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'ના મુદ્રક પ્રકાશક તરીકે તંત્ર સંચાલન કરે છે. જેલમાં પણ તેઓ ગયેલા. સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર (1969) તેમણે સાધુજીવનની આચારસંહિતા જાળવવા પરત કરેલો.

**કૃતિઓ :**

આવશ્યકતા ઊભી થતાં સ્વામીએ ગાંધીજીનાં પત્રોમાં 'ઈસુનું બલિદાન' શીર્ષકથી લેખમાળા લખીને લેખનની શરૂઆત કરી હતી. ગાંધીજીના અવસાન પછી તેમણે પોતાના અનુભવોને શબ્દદેહ આપવા માંડ્યો. તેમના સાહિત્યમાં સ્મૃતિચિત્રો, ચરિત્રો, તત્ત્વચિંતન, પ્રવાસ અને અનુવાદ મુખ્ય છે.

સ્વામી આનંદનાં વિશિષ્ટ ચરિત્રાત્મક પુસ્તકોમાં 'કુળકથાઓ', 'ધરતીનું લૂણ', 'મોતને હંફાવનારા', 'સંતોના અનુજ', 'સંતોનો ફાળો', 'નઘરોળ', 'ગાંધીજીનાં સંસ્મરણો' નોંધપાત્ર છે. આ પુસ્તકોમાં તેમણે પોતાના પરિચયમાં આવેલ ને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના ચિત્ત પર ઊંડી છાપ પાડી જનાર વિરલ વ્યક્તિઓનાં બેનમૂન ચિત્રો દોર્યાં છે. આ સ્મૃતિચિત્રો અને ચરિત્રો એમનું સાહિત્યમાં સચવાયેલું ચિરસ્મરણીય પ્રદાન બની રહેશે.

તેમના ચિંતનાત્મક નિબંધોના સંગ્રહોમાં 'ઈસુનું બલિદાન', 'ઈશોપનિષદ', 'ઈશુ ભાગવત', 'લોકગીતા', 'નવલાં દરશન અને બીજા લેખો', 'માનવતાના વેરી', 'અનંતકળા', 'આતમનાં મૂલ' વગેરેનો સમાવેશ થાય છે. આ પુસ્તકોમાં સર્વધર્મસમભાવથી પોષાયેલી જીવનદૃષ્ટિથી ધર્મ અને સમાજની સમીક્ષા કરતા એમના નિબંધો ગ્રંથસ્થ થયા છે. 'સમાજચિંતન અને બીજા લેખો', 'ધર્મચિંતન અને બીજા લેખો' ઉપરાંત પ્રવાસકથાઓ 'ઉત્તરાપથની યાત્રા', અને 'બરફ રસ્તે બદરીનાથ' તથા 'બચપણનાં બાર વરસ' નામક આત્મવૃત્તાંત તેમનું ઉલ્લેખનીય પ્રદાન છે. એમનાં પુસ્તકોમાંથી મૂળશંકર મો. ભટ્ટે પસંદ કરેલાં લખાણોનો સંચય 'ધરતીની આરતી' નામે પ્રગટ થયો છે.

બલિષ્ઠ કાઠું ધરાવતી, તળપદા મિજાજવાળી, ઉત્કટ, ચિત્રાત્મક ને સાદ્યંત જીવંત છટા ધરાવતી સ્વામીની વિશિષ્ટ ગદ્યશૈલીએ તેમને ગુજરાતી સાહિત્યમાં આગવું સ્થાન અપાવ્યું છે. તેમનાં લખાણોમાં ગુજરાતી ગદ્યનું નવું તાજગીભર્યું તળપદું પોત પ્રગટ થાય છે. ગાંધીયુગના ગદ્યમાં સ્વામીનું ગદ્ય અનોખું અને અપૂર્વ છે.

## (5) નરહરિ પરીખ (ઈ.સ. 1891-1957) :

ચરિત્રકાર, સંપાદક અને અનુવાદક નરહરિ દ્વારકાદાસ પરીખનો જન્મ અમદાવાદમાં થયો હતો. ઈ.સ. 1911માં બી.એ. થઈ 1913માં તેઓ એલએલ.બી. થયા. મહાદેવભાઈ સાથે વકીલાત શરૂ કરી. 1917માં સત્યાગ્રહ આશ્રમની રાષ્ટ્રીય શાળા સાથે અને 1920માં ગૂજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયા. 1937માં બેઝિક એજ્યુકેશન બોર્ડના પ્રમુખ અને 1940માં ગ્રામસેવક વિદ્યાલયના આચાર્ય બન્યા.

**કૃતિઓ :**

નરહરિભાઈએ એમના સાહિત્યમાં ગાંધીચીંધ્યા માનવતાવાદ અને જીવન પરત્વેની સાધક દૃષ્ટિનો પરિચય કરાવ્યો છે. એમનાં મૌલિક પુસ્તકોમાં 'મહાદેવભાઈનું પૂર્વચરિત', 'સરદાર વલ્લભભાઈ', ભા.-1, 2 તથા મશરૂવાળાનું ચરિત્ર 'શ્રેયાર્થીની સાધના' ચરિત્રાત્મક છે. 'માનવ અર્થશાસ્ત્ર' એમનું અર્થશાસ્ત્રવિષયક મૌલિક પુસ્તક છે. શિક્ષણ, રાષ્ટ્રકારણ અને ગાંધીવિચારના સમન્વયરૂપ ચિંતન 'સામ્યવાદ અને સર્વોદય', 'વર્ધા કેળવણીનો પ્રયોગ' તથા 'યંત્રની મર્યાદા'માં પ્રગટ થયું છે.

નરહરિભાઈ સફળ સંપાદક પણ હતા. 'નામદાર ગોખલેનાં ભાષણો', 'ગોવિંદગમન', 'કરંડિયો', 'નવલગ્રંથાવલિ', 'મહાદેવભાઈની ડાયરી' ભા. 1થી 7, 'સરદાર વલ્લભભાઈનાં ભાષણો',

'ગાંધીજીનું ગીતાશિક્ષણ' વગેરે એમનાં સંપાદનો છે. 'ચિત્રાંગદા', 'વિદાય અભિશાપ' અને 'પ્રાચીન સાહિત્ય' ટાગોરની કૃતિઓના એમણે મહાદેવભાઈ સાથે કરેલા અનુવાદો છે. 'જાતે મજૂરી કરનારાઓને' તથા 'ત્યારે કરીશું શું ?' ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોના અનુવાદો છે. તેમની શૈલી સાદી, સરળ, પ્રાસાદિક ને પારદર્શક છે.

**(6) પંડિત સુખલાલજી (ઈ.સ. 1880-1978) :**

ચરિત્રકાર, નિબંધકાર અને સંપાદક સુખલાલ સંઘવીનો જન્મ વઢવાણ પાસેના લીમડીમાં થયો હતો. સોળમા વર્ષે તેમણે શીતળાથી આંખો ગુમાવી દીધી. છતાં તેમની વિદ્યાઆરાધના ઓછી ન થઈ. કાશી-મિથિલામાં ભારતીય દર્શનનો અભ્યાસ કરી 1921થી '30 ગૂજરાત વિદ્યાપીઠમાં અને 1933થી '44 સુધી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં તેમણે અધ્યાપનકાર્ય કર્યું. 1951માં તેઓ અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદના પ્રાકૃત અને જૈન ધર્મવિભાગના તથા તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ. 1957માં ગુજરાત યુનિવર્સિટી તરફથી ડી. લિટ્.ની માનાર્હ પદવી. 1958માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર, 1974માં ભારત સરકારનો પદ્મભૂષણનો ખિતાબ.

**કૃતિઓ :**

'મારું જીવનવૃત્ત' નામક આત્મકથા લખનાર પંડિતજીએ 'ચાર તીર્થંકર', 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' જેવા ચરિત્રગ્રંથો આપ્યા છે. ધર્મ, સમાજ, રાજનીતિ, કેળવણી વગેરેને સમાવી લેતા તેમના લેખો 'દર્શન અને ચિંતન' બે ભાગમાં સંગૃહીત થયા છે. 'તત્ત્વાર્થસૂત્ર' એમનો જૈન ધર્મદર્શનનો પ્રમાણભૂત ગ્રંથ છે. 'અધ્યાત્મવિચારણા', 'ભારતીય તત્ત્વવિદ્યા', 'જૈન ધર્મનો પ્રાણ' વગેરે એમના અન્ય ચિંતનાત્મક ગ્રંથો છે. એમણે સંપાદન અને સંશોધન ક્ષેત્રે પણ ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે. ભારતીય દર્શનશાસ્ત્રના સંદર્ભગ્રંથ સમાન સિદ્ધસેન દિવાકર કૃત 'સન્મતિ તર્ક' ભાગ 1થી 6નું સંપાદન સવિશેષ મૂલ્યવાન છે. ગાંધીવાદી તત્ત્વજ્ઞાની સુખલાલજીએ ભારતીય તત્ત્વજ્ઞાન પર મૂળભૂત વિચારણા કરી, તત્ત્વજ્ઞાનને શાસ્ત્રો અને ધર્મની જડ સીમામાંથી મુક્ત કરવાનો પુરુષાર્થ કર્યો છે. તેમનું ધર્મચિંતન અર્વાચીન સમાજચિંતનથી પ્રભાવિત હોવા છતાં સ્વતંત્ર, વિશિષ્ટ અને મૌલિક છે.

**(7) અન્ય લેખકો :**

ગાંધીયુગના અન્ય નિષ્ઠાવાન લેખકોમાં 'સીતાહરણ'ના લેખક, ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ વગેરે વિષયોના વિવિધ અંગ્રેજી ગ્રંથોના અનુવાદક ચંદ્રશંકર શુકલ; ગુજરાતની લોકમાતાઓનું સુભગ દર્શન કરાવનાર, દાંડીકૂચને કેન્દ્રમાં રાખીને ચિત્રાત્મક શૈલીમાં 'સરિતાથી સાગર' નામક પ્રવાસકથાના લેખક અને 'સાપ' વિશે પ્રમાણભૂત પુસ્તક આપનાર ચંદ્રશંકરના નાના ભાઈ શિવશંકર શુકલ; સત્યાગ્રહના શાસ્ત્ર વિશે પ્રમાણભૂત પુસ્તક લખનાર અને જોડણીકોશના એક સંપાદક તથા ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ મગનભાઈ દેસાઈ; બૌદ્ધ શાસનના અભ્યાસી અને 'આપવીતી'ના લેખક ધર્માનંદ કોસંબી; 'બોધક ટીકડીઓ' તથા તેવી પ્રસંગકથાઓની 'શીલ અને સદાચાર' જેવી પુસ્તિકાઓ દ્વારા નિરામય જીવનદર્શન કરાવનાર મુકુલભાઈ કલાર્થી; પયગંબર સાહેબ તથા ઇસ્લામ વિશે લખનાર તથા કોશકાર્યમાં સહાય કરનાર ચૂનીલાલ પુ. બારોટ; કેટલુંક બાળસાહિત્ય, મદ્યનિષેધ વિશે 'આંધળાનું ગાડું' જેવાં નાટકો લખનાર તથા સરસ આત્મકથા આપનાર જુગતરામ દવે; 'રવિશંકર મહારાજ'ના ચરિત્રકાર બબલભાઈ મહેતા; સંશોધક-સંપાદક મુનિ જિનવિજયજી, ભાષાશાસ્ત્રી પંડિત બેચરદાસ દોશી, કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ, બાળ સાહિત્યકાર ગિજુભાઈ બધેકા, 'જીવનનું પરોઢ' જેવી આત્મકથાના લેખક અને ગાંધીજીના ભત્રીજા પ્રભુદાસ ગાંધી વગેરે ગણાવી શકાય. આ તથા અન્ય અનેક લેખકોએ ગાંધીજીની છાયામાં રહીને ગાંધીશાસનને દૃઢમૂલ કરે તેવું જીવન ઉપયોગી સાહિત્ય આપ્યું છે.

## 2.5 સારાંશ

આ એકમમાં તમે ગાંધીજી અને તેમના વિચારોથી પ્રભાવિત ગાંધી અનુશાસિત છ મહત્ત્વના લેખકોનો સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કર્યો. ગાંધીયુગના નિર્માણમાં ગાંધીજીના સાહિત્યની સાથે સાથે આ લેખકોના સાહિત્યે પણ ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે. આ છએ લેખકો ગાંધી-વિચારથી પ્રભાવિત હોવા છતાં પ્રત્યેકની આગવી વિશેષતાઓ જોવા મળે છે. લલિત નિબંધકાર કાકાસાહેબનું ગદ્ય ક્વચિત્ કવિતાની સરહદોને સ્પર્શ કરતું હોવા છતાં આ છ લેખકો પૈકી એક પણ કવિ નથી એ જોઈ શકાશે. અલબત્ત, ગાંધીયુગમાં કવિઓ પાક્યા નથી એવું નથી. ચોથા એકમમાં આપણે આ યુગના પ્રમુખ કવિઓનો પરિચય મેળવીશું જ.

ગાંધી અનુશાસિત લેખકો મુખ્યત્વે ગંભીર પ્રકૃતિના અને જીવન ખાતર કલામાં માનનાર છે.

તેથી મહદંશે તેમણે જીવનને ઊંચું ઉઠાવે એવું સાહિત્ય સર્જ્યું છે. આ લેખકોનું સર્જન, વિવેચન, અનુવાદ - સર્વ જીવનને કેન્દ્ર કરીને પ્રવર્ત્યું છે. અલબત્ત, આ લેખકોની સંશોધન-સંપાદન પ્રવૃત્તિમાં પંડિતયુગનું અનુસંધાન જળવાયેલું જોઈ શકાશે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. આ એકમમાં સમાવિષ્ટ લેખકોને ગાંધી અનુશાસિત લેખકો શા માટે કહેવામાં આવે છે ?

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. કાકા કાલેલકરના જીવનનો સંક્ષિપ્ત ખ્યાલ આપો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

3. કાકાસાહેબની કૃતિઓનાં નામ દર્શાવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

4. કાકાસાહેબના નિબંધોની લાક્ષણિકતાઓ સ્પષ્ટ કરો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

5. કાકાસાહેબના પ્રવાસસાહિત્યનો પરિચય કરાવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

6. મશરૂવાળાના જીવનનો સંક્ષિપ્ત પરિચય આપો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

7. મશરૂવાળાની કૃતિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

8. ગુજરાતી સાહિત્યમાં મશરૂવાળાનું પ્રદાન શું છે એ દર્શાવો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

9. મહાદેવ દેસાઈના જીવન વિશે ચાર વાક્યો લખો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

10. મહાદેવભાઈનું સાહિત્યિક પ્રદાન પ્રગટ કરો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

11. સ્વામી આનંદના જીવન વિશે ત્રણ-ચાર વાક્યો લખો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

12. સ્વામી આનંદની સાહિત્ય સેવાનો ખ્યાલ આપો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

13. નરહરિ પરીખના સાહિત્યિક પ્રદાન વિશે ટૂંકમાં લખો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

14. પંડિત સુખલાલજીના જીવનનો સંક્ષેપમાં પરિચય આપો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

15. સુખલાલજીની સાહિત્યસેવા દર્શાવો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

16. ગાંધીયુગના અન્ય લેખકોનો ખ્યાલ આપો.

..................................................................................................
..................................................................................................
..................................................................................................
..................................................................................................

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

નીચે વિભાગ 'ક'માં લેખકોનાં નામ અને વિભાગ 'ખ'માં કૃતિઓનાં નામ આપવામાં આવ્યાં છે. લેખકની સામે તેમની કૃતિનો ક્રમાંક લખો.

| (ક) | | (ખ) |
|---|---|---|
| 1. કાકાસાહેબ કાલેલકર | (     ) | 1. જીવનનું પરોઢ |
| 2. કિશોરલાલ મશરૂવાળા | (     ) | 2. મારું જીવનવૃત્ત |
| 3. મહાદેવ દેસાઈ | (     ) | 3. આપવીતી |
| 4. સ્વામી આનંદ | (     ) | 4. શ્રેયાર્થીની સાધના |
| 5. નરહરિ પરીખ | (     ) | 5. નઘરોળ |
| 6. પંડિત સુખલાલજી | (     ) | 6. વીર વલ્લભભાઈ |
| 7. પ્રભુદાસ ગાંધી | (     ) | 7. સમૂળી ક્રાન્તિ |
| 8. ધર્માનંદ કોસંબી | (     ) | 8. ઓતરાતી દીવાલો |
| | | 9. સીતાહરણ |

## 2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા-2*, ધીરુભાઈ ઠાકર.
2. *કાલેલકર અધ્યયન ગ્રંથ* - સં. ઉમાશંકર જોશી વગેરે.
3. *શૈલી અને સ્વરૂપ* - ઉમાશંકર જોશી.
4. *સાહિત્ય વિમર્શ* - રા. વિ. પાઠક
5. *થોડા વિવેચન લેખો.* -
6. *દૃષ્ટિકોણ* - મનસુખલાલ ઝવેરી
7. *સમાલોચના* - અનંતરાય મ. રાવળ.
8. *કિશોરલાલ મશરૂવાળા : એક અધ્યયન* - કેતકી બલસારા.
9. *ધરતીની આરતી* - સં. મૂળશંકર મો. ભટ્ટ
10. *શુક્તારક સમા* -

## 2.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પારદર્શી** - વિ. (સં.) પાર - મર્મ કે અંતિમ હદ સુધીનું પામનારું, દીર્ઘ ને ઊંડી દૃષ્ટિવાળું;
**વિશદ** - વિ. (સં.) નિર્મળ, સ્પષ્ટ, સરળ, શ્વેત.
**બુનિયાદી** - (ફા.) વિ. પાયાનું, મૂળનું;
**પ્રાસાદિક** - વિ. (સં.) પ્રસાદ - ગુણવાળું (2) અનુગ્રહરૂપ, કલ્યાણકારી.
**પ્રસાદ** - પું. (સં.) પ્રસન્નતા, નિર્મળતા, સાંભળતાની સાથે જ ભાવ સ્ફુરે અને હૃદયમાં ઊતરી જાય ... એનો એક ગુણ, સંગીતમાં એક અલંકાર.

## 2.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જવાબ માટે જુઓ : 6.2.3 પૂર્વભૂમિકા.
2. જુઓ : 6.2.4 અંતર્ગત.
   (1) 'કાકાસાહેબ કાલેલકર'નો પ્રથમ પરિચ્છેદ
3. જુઓ : 'કાકાસાહેબ કાલેલકર'માં 'કૃતિઓ' શીર્ષક પરિચ્છેદ.
4. જુઓ : 'કાકાસાહેબ કાલેલકર'માં 'કૃતિઓ' શીર્ષક લખાણનો ત્રીજો અને ચોથો પરિચ્છેદ.
5. જુઓ : 'કાકાસાહેબ કાલેલકર'માં 'કૃતિઓ' અંતર્ગત પાંચમો પરિચ્છેદ.
6. જુઓ : 6.2.4 અંતર્ગત.
   (2) 'કિશોરલાલ મશરૂવાળા'નો પ્રથમ પરિચ્છેદ.
7. જુઓ : 'કિશોરલાલ મશરૂવાળા' અંતર્ગત 'કૃતિઓ' શીર્ષક પરિચ્છેદ.
8. જુઓ : 'કિશોરલાલ મશરૂવાળા' અંતર્ગત 'કૃતિઓ'નો દ્વિતીય પરિચ્છેદ.
9. જુઓ : (3) 'મહાદેવ દેસાઈ'નો પ્રથમ પરિચ્છેદ.
10. જુઓ : 'મહાદેવ દેસાઈ' અંતર્ગત 'કૃતિઓ' શીર્ષક પરિચ્છેદો.
11. જુઓ : (4) 'સ્વામી આનંદ'નો પ્રથમ પરિચ્છેદ.
12. જુઓ : 'સ્વામી આનંદ' અંતર્ગત 'કૃતિઓ' શીર્ષક લખાણ.
13. જુઓ : (5) 'નરહરિ પરીખ' અંતર્ગત 'કૃતિઓ' શીર્ષક લખાણ.
14. જુઓ : (6) 'પંડિત સુખલાલજીનો પ્રથમ પરિચ્છેદ.
15. જુઓ : 'પંડિત સુખલાલજી' અંતર્ગત 'કૃતિઓ' શીર્ષક લખાણ.
16. જુઓ : (7) 'અન્ય લેખકો' અંતર્ગત લખાણ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. (8)
2. (7)
3. (6)
4. (5)
5. (4)
6. (2)
7. (1)
8. (3)

# એકમ 3 ગાંધીયુગના પ્રમુખ કથાસર્જકો

## રૂપરેખા

3.1 ઉદ્દેશો
3.2 પ્રસ્તાવના
3.3 પૂર્વભૂમિકા
3.4 પ્રમુખ નવલકથાકારો
3.5 પ્રમુખ વાર્તાકારો
3.6 સારાંશ
3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો
3.8 ચાવીરૂપ શબ્દો
3.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 3.1 ઉદ્દેશો

ગાંધીયુગના આ ત્રીજા એકમના અભ્યાસ દ્વારા તમે-

- ગાંધીયુગના પ્રમુખ નવલકથાકારોનો પરિચય પ્રાપ્ત કરશો.
- ગાંધીયુગના પ્રમુખ વાર્તાકારોનો પરિચય પામશો.
- ગાંધીયુગમાં કથાસાહિત્ય કેવું સમૃદ્ધ હતું એનાથી તમે માહિતગાર થશો.

## 3.2 પ્રસ્તાવના

ગાંધીજી સાહિત્યકાર તરીકે કવિ કે કથાસર્જક ન હતા. આ લલિત સાહિત્યસ્વરૂપો પ્રત્યે તેમને ખાસ અભિરુચિ પણ ન હતી. બીજા એકમમાં આપણે જોઈ ગયા તેમ ગાંધીશાસનના પ્રમુખ લેખકોએ પણ કવિતા કે કથાસાહિત્યની ઉપાસના કરી નથી. તેમ છતાં આપણે આ તથા આના પછીના એકમમાં જોઈશું તેમ આ સાહિત્યસ્વરૂપોનું ખેડાણ ગાંધીયુગમાં વિપુલ પ્રમાણમાં થયું છે. એટલું જ નહિ કેટલાક મોટા ગજાના સાહિત્યસ્વામીઓ આપણને આ સ્વરૂપો પાસેથી સંપ્રાપ્ત થયા છે. સમગ્ર ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં વિચાર કરીએ તો આ સ્વરૂપોની સ્થિતિ અન્ય યુગો કરતાં ગાંધીયુગમાં ઊતરતી કક્ષાની નથી.

## 3.3 પૂર્વભૂમિકા

કથાસાહિત્ય અંતર્ગત મુખ્યત્વે નવલકથા અને નવલિકાનો વિચાર કરીશું. નવલકથાનું સ્વરૂપ તો છેક સુધારકયુગ-પંડિતયુગથી ખેડાવું શરૂ થયું છે. તેથી ગાંધીયુગમાં નવલકથા ક્ષેત્રે શું વિકાસ થયો છે તે તપાસવું જોઈશે. વળી, ગાંધીયુગનો પ્રભાવ નવલકથાના સ્વરૂપ પર કેવો પડ્યો તે પણ જોવું જોઈએ; ખાસ કરીને વિષયવસ્તુ પર. નવલિકા-ટૂંકી વાર્તાને સંબંધ છે ત્યાં સુધી તેનો ઉદ્ભવ અને આરંભિક વિકાસ ગાંધીયુગમાં જ થયો છે, તેથી તેને ગાંધીયુગની એક ઉપલબ્ધિ તરીકે જોઈ શકાય. પ્રમુખ કથાસર્જકોના સંદર્ભમાં આ યુગમાં આ સ્વરૂપોનું ખેડાણ જોઈએ.

## 3.4 પ્રમુખ નવલકથાકારો

### (1) કનૈયાલાલ મુનશી (ઈ.સ. 1887-1971) :

મુખ્યત્વે નવલકથાકાર, નાટ્યકાર, વાર્તાકાર, ચરિત્રકાર અને નિબંધકાર કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ ભરૂચમાં થયો હતો. ઓગણીસમે વર્ષે એલિસ પ્રાઇઝ સાથે બી.એ., 1910માં એલએલ.બી. થઈ 1913માં તેમણે મુંબઈમાં વકીલાતનો પ્રારંભ કરેલો. 1922માં 'ગુજરાત' માસિકનો પ્રારંભ, 1937માં મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન. એ પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં ખેતીવાડી ખાતાના પ્રધાન. 1952માં ચૂંટણી પછી ઉત્તર પ્રદેશના રાજ્યપાલ. 1938માં ભારતીય વિદ્યાભવનની સ્થાપના અને જીવનના ઉત્તરાર્ધમાં તેની પ્રવૃત્તિઓના વિકાસ પાછળ પ્રવૃત્ત. ગુજરાતી સાહિત્ય પરિષદના 1937, 1949, 1955માં પ્રમુખ.

સાહિત્યસર્જક મુનશીને વિશેષ ખ્યાતિ નવલકથાકાર તરીકે મળી છે. 'વેરની વસૂલાત' અને 'કોનો વાંક ?' આરંભિક સામાજિક નવલકથાઓ છે. 'સ્વપ્નદ્રષ્ટા'માં વીસમી સદીના પ્રથમ દશકની આપણી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ પ્રતિબિંબિત થઈ છે. 'સ્નેહસંભ્રમ' [illegible]સકૃતિ છે.

'તપસ્વિની' ભા.-1, 2, ૩માં પથરાયેલી પ્રમાણમાં વિશૃંખલ નવલ છે. ઐતિહાસિક નવલકથાઓમાં તેમને વિશેષ સફળતા સાંપડી છે. 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' તેમની સોલંકીયુગની નવલત્રયી છે. 'પૃથિવીવલ્લભ' પાત્રપ્રધાન ઐતિહાસિક લઘુનવલ છે. 'ભગવાન કૌટિલ્ય'માં કૌટિલ્યનું પ્રભાવક વ્યક્તિત્વ નવલકથાનું પ્રભાવકેન્દ્ર છે. 'જય સોમનાથ' અને 'ભગ્નપાદુકા' પણ ઐતિહાસિક કૃતિઓ છે. મુનશીનો ઇતિહાસપ્રેમ એમને પુરાણો સુધી ખેંચી જાય છે. 'લોમહર્ષિણી' ઋગ્વેદકાળની કથા છે. 'ભગવાન પરશુરામ'માં 'લોમહર્ષિણી'ની કથા આગળ વધે છે. 'કૃષ્ણાવતાર' ખંડ 1થી 8માં કૃષ્ણના જીવન અને પરાક્રમોની કથા નિરૂપાયેલી છે. 'સરસ્વતીચંદ્ર' પછી મુનશીની નવલો ગુજરાતી નવલકથા વિકાસનું વિશિષ્ટ પ્રકરણ બની રહે છે. નાટ્યાત્મક નવલકથા મુનશીનું નોંધપાત્ર પ્રદાન છે.

મુનશીએ સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક - ત્રણે પ્રકારનાં નાટકો લખ્યાં છે. સામાજિક નાટકો મુખ્યત્વે પ્રહસનરૂપ છે. 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' ફારસની નજીક જતું લેખકની મજાકશક્તિનું દૃષ્ટાંત છે. 'બે ખરાબ જણ'માં હાસ્યોત્પાદક પરિસ્થિતિઓ છે. 'આજ્ઞાંકિત'માં હૃદયપરિવર્તન બહુ પ્રતીતિકર લાગતું નથી. ત્રણે નાટકોના કેન્દ્રમાં લગ્નનો પ્રશ્ન છે. 'કાકાની શશી' પ્રહસન હોવા છતાં તેમાં ફાર્સિકલ તત્ત્વનો અભાવ છે. 'બ્રહ્મચર્યાશ્રમ'માં લેખકે ગાંધીજીના છીછરા શિષ્યોના બ્રહ્મચર્યના આડંબરી આદર્શની ઠેકડી ઉડાવી છે. 'પીડાગ્રસ્ત પ્રોફેસર' એમની નવલકથા 'સ્નેહસંભ્રમ'નું નાટ્યરૂપાંતર છે. 'ડૉ. મધુરિકા' હળવું નાટક છે તો 'છીએ તે જ ઠીક' અને 'વાહ રે મેં વાહ !' પ્રહસનો છે. 'ધ્રુવસ્વામિની દેવી' એમનું એક માત્ર ઐતિહાસિક નાટક છે. 'પૌરાણિક નાટકો'માં 'પુરંદર પરાજય', 'અવિભક્ત આત્મા', 'તર્પણ' અને 'પુત્ર સમોવડી' સંગૃહીત છે. મુનશીનાં પૌરાણિક નાટકોમાં વાચનક્ષમતા અને રંગભૂમિ ક્ષમતાનો ઠીક ઠીક સમન્વય સધાયો છે.

મુનશી પાસેથી એક જ વાર્તાસંગ્રહ 'મારી કમલા અને બીજી વાતો' મળ્યો છે. 'મારી કામચલાઉ ધર્મપત્ની' અને 'ખાનગી કારભારી'માં રમૂજ, કટાક્ષની સાથે સાથે લેખકની વસ્તુગ્રથનની દૃષ્ટિ પણ જોવા મળે છે. 'મારી કમલા'ના વસ્તુમાં પરિસ્થિતિજન્ય કરુણ નિષ્પન્ન થવાની શક્યતા છે. પણ લેખક તેનો તાગ કાઢી શક્યા નથી. મોટા ભાગની વાર્તાઓમાં લેખકે કથિત-વાર્તાની આયોજનરીતિ સ્વીકારી છે.

ગાંધીજીના પ્રભાવથી સત્યપ્રિયતાને વરેલી ગુજરાતી આત્મકથાને મુનશી સરસતા પ્રતિ વાળે છે. આત્મકથા અને નવલકથા સહોદર સાહિત્યપ્રકારો છે એની પ્રતીતિ મુનશીની સુદીર્ઘ રસિક આત્મકથા કરાવી રહે છે. 'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ', 'સ્વપ્નસિદ્ધિની શોધમાં', 'શિશુ અને સખી', 'મારી બિનજવાબદાર કહાણી' તેમની આત્મકથનાત્મક રચનાઓ છે. 'નરસૈંયો ભક્ત હરિનો' અને 'નર્મદ-અર્વાચીનોમાં આદ્ય' બંને ચરિત્રાત્મક કૃતિઓ છે. 'કેટલાક લેખો', ભા.-1, 2, 'થોડાંક રસદર્શનો' તથા 'ગુજરાતની અસ્મિતા'માં એમના નિબંધો સંચિત થયા છે. આ ઉપરાંત એમણે 'ગુજરાતની કીર્તિગાથા', 'ચક્રવર્તી ગુર્જરો', 'આત્મશિલ્પની કેળવણી', 'અખંડ હિન્દુસ્તાન', 'પરિષદને પ્રમુખપદેથી' વગેરે પુસ્તકો આપ્યાં છે. એમાંનાં કેટલાંક મૂળ અંગ્રેજીમાં ભાષાંતરો છે. એમણે અંગ્રેજીમાં પણ ચાળીસેક પુસ્તકો આપ્યાં છે.

### (2) ર. વ. દેસાઈ (ઈ.સ. 1892-1954) :

નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર અને કવિ રમણલાલ વસંતલાલ દેસાઈનો જન્મ શિનોર-(જિ. વડોદરા)માં થયો હતો. અંગ્રેજી મુખ્ય વિષય સાથે 1914માં બી. એ. અને 1916માં એમ.એ., થોડો સમય શિક્ષકની નોકરી કરી વડોદરા રાજ્યની સરકારી નોકરીમાં જોડાયા. મહારાજાના અંગત મંત્રી પણ થયા. 1912માં કૈલાસવતી સાથે લગ્ન. 1932માં રણજિતરામ સુવર્ણચંદ્રક. 1941માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્ય વિભાગના પ્રમુખ.

'નવા ગુજરાત' સામયિકમાં રમણલાલની પ્રથમ નવલકથા 'ઠગ' પ્રગટ થઈ ત્યારથી તેમનું નવલકથાલેખન શરૂ થયું પછી તેમણે 'જયંત' લખી. 'ઠગ' અને 'બંસરી' જેવી નવલકથાઓને જાસૂસી કથાના વર્ગમાં ગોઠવી શકાય. 'શિરીષ', 'કોકિલા' જેવી નવલકથાઓમાં લેખક શિષ્ટ વાર્તારસિક સમાજને સંતર્પવાનો પ્રયાસ કરે છે. એ પ્રયાસની સફળતા સાંપડવાથી પ્રોત્સાહિત થઈને તેઓ 'દિવ્યચક્ષુ', 'પૂર્ણિમા', 'ભારેલો અગ્નિ' જેવી કલાત્મકતાના ધોરણોથી સંતર્પક નવલકથાઓ આપે છે. તેમણે થોડીક ઐતિહાસિક નવલકથાઓ આપી છે પણ તેમનું મહત્ત્વનું પ્રદાન સામાજિક નવલકથા ક્ષેત્રે છે. એ નવલકથાઓમાં તેમણે ગાંધીયુગના પ્રવર્તમાન તત્કાલીન જીવનના પ્રશ્નો અને એ યુગની ભાવનાઓનો પડઘો પાડ્યો છે. તેને લીધે તો તેઓ યુગમૂર્તિ નવલકથાકાર કહેવાયા. 1857ના સ્વાતંત્ર્ય-સંગ્રામની ભૂમિકા પર ચાયેલી કૃતિ 'ભારેલો

અગ્નિ'માં ગૌતમ અને કલ્યાણીના પ્રેમની કથાનો તંતુ ધ્યાનાકર્ષક બની રહે છે. 'દિવ્યચક્ષુ'માં અસહકારની લડતના વાતાવરણમાં અરુણ-રંજનના પ્રેમની ચિત્રાવલી ઊપસી આવે છે. લેખકે મોટા ભાગની નવલકથાઓમાં જૂજ ફેરફારો સાથે પ્રેમત્રિકોણ નિરૂપ્યો છે. 'ગ્રામલક્ષ્મી'ના ચાર ભાગમાં ગાંધીજીની ગ્રામોદ્ધાર વિના રાષ્ટ્રોદ્ધાર સંભવિત નથી એ ભાવના વિશાળ ફલક પર આલેખવાનો લેખકે પ્રયાસ કર્યો છે. ઐતિહાસિક નવલકથા 'ક્ષિતિજ'માં થયેલું અદ્‌ભુતનું નિરૂપણ તેને રોમાન્સની સરહદમાં ખેંચી જાય છે. 1940 પછી રમણલાલની નવલકથાઓમાં કલાની ઓટ અનુભવાય છે. 'છાયાનટ', 'ઝંઝાવાત' અને 'પ્રલય' દૃષ્ટાંત લેખે તપાસી શકાય. 'પહાડનાં પુષ્પો', 'કાલભોજ' તથા 'શૌર્યતર્પણ' નામક મધ્યકાલીન રાજપૂત ઇતિહાસના સમયની રચનાઓમાં ઐતિહાસિક વાતાવરણ ઠીક ઠીક માત્રામાં જળવાયું છે. 'બાલાજોગણ' મીરાંના જીવનને આલેખતી ચરિત્ર નવલકથા છે. 'શચી પૌલોમી' પૌરાણિક નવલકથા છે.

નવલકથા ક્ષેત્રે નોંધપાત્ર સફળતા મેળવનાર રમણલાલે પ્રસંગોપાત્ત નવલિકાલેખન પણ કર્યું છે. તેમની પાસેથી 'ઝાકળ', 'પંકજ', 'રસબિંદુ', 'કાંચન અને ગેરુ', 'દીવડી', 'ભાગ્યચક્ર', 'સતી અને સ્વર્ગ', 'ધબકતાં હૈયાં' અને 'હીરાની ચમક' નામક નવ વાર્તાસંગ્રહો મળ્યા છે. આ સંગ્રહોની દોઢસો જેટલી નવલિકાઓમાં વિષયવૈવિધ્ય છે પણ લાઘવ અને સચોટતાની ઊણપ તેને **સંતર્પક** બનતી અટકાવે છે.

રમણલાલે સાહિત્યિક કારકિર્દીનો પ્રારંભ નાટ્યલેખનથી કરેલો. 'સંયુક્તા' પછી તેમની પાસેથી 'શક્તિ હૃદય', 'અંજની' અને 'ગ્રામસેવા' નામક દીર્ઘ નાટકો અને 'પરી અને રાજકુમાર', 'તપ અને રૂપ', 'પુષ્પોની સૃષ્ટિમાં', 'ઉશ્કેરાયેલો આત્મા', 'કવિ દર્શન', 'બૈજુ બાવરા' તથા 'વિદેહી' નામક એકાંકી સંગ્રહો પ્રાપ્ત થયા છે.

'ગઈકાલ' અને 'મધ્યાહ્નનાં મૃગજળ'માં રમણલાલે આત્મકથા આપી છે. 'જીવન અને સાહિત્ય' ભા. 1, 2માં રમણલાલ નિબંધકાર તરીકે પ્રતીત થાય છે. 'અપ્સરા' ભા. 1થી 5માં તેમનો ગણિકાજીવન વિશેનો ઊંડો અભ્યાસ દૃષ્ટિગોચર થાય છે. 'ગુલાબ અને કંટક'માં લેખકની કટાક્ષકલાના ચમકારા અનુભવાય છે. 'ગુજરાતનું ઘડતર', 'ઊર્મિ અને વિચાર', 'ભારતીય સંસ્કૃતિ' વગેરે એમના સાહિત્ય વિવેચન, અભ્યાસ, ચિંતન તથા ઇતિહાસના ગ્રંથો છે. 'સંસ્કૃતિની ઉત્પત્તિ' તથા 'મારું જીવન અને કાર્યક્ષેત્ર' એમના અનુવાદગ્રંથો છે. 'નિહારિકા' અને 'શમણાં'માં એમણે કાવ્યલેખનની મથામણ પણ કરી જોઈ છે. આમ, અનેક ક્ષેત્રે રમણલાલે પ્રદાન કર્યું છે પણ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે તેમનું સ્મરણીય પ્રદાન નવલકથા ક્ષેત્રે જ છે.

## (3) ઝવેરચંદ મેઘાણી (ઈ.સ. 1897-1947) :

મુખ્યત્વે નવલકથાકાર, વાર્તાકાર, કવિ, લોકસાહિત્યના સંશોધક-સંપાદક ઝવેરચંદ કાળિદાસ મેઘાણીનો જન્મ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર). 1916માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે બી.એ. થઈ કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં અંગત મંત્રી તરીકે જોડાયા. 1919માં ઇંગ્લૅન્ડ પ્રવાસ. વતનના આકર્ષણે 1921માં પાછા બગસરા આવ્યા. 1922માં 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકના તંત્રીમંડળમાં જોડાયા ત્યારથી પત્રકારત્વનો પ્રારંભ. 1930માં સત્યાગ્રહ ચળવળમાં જોડાવા બદલ બે વર્ષનો જેલવાસ. 1946માં ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્ય વિભાગના પ્રમુખ. 1928માં રણજિતરામ સુવર્ણચંદ્રક. 1946માં મહીડા પારિતોષિક.

પત્રકારત્વના વ્યવસાય નિમિત્તે મેઘાણીએ નવલકથાઓ અને નવલિકાઓ મોટી સંખ્યામાં આપી છે. એમની પહેલી મૌલિક પાત્રલક્ષી નવલકથા 'નિરંજન' પછી 19મી સદીના અસ્ત અને [illegible]ની સદીના ઉઘાડના સમયની સોરઠી જીવનની વાતાવરણપ્રધાન પ્રાદેશિક નવલકથા '[illegible] તારાં વહેતાં પાણી' મળી છે. 'વેવિશાળ' અને 'તુલસીક્યારો' સામાજિક નવલકથાઓ છે. 'પ્રભુ પધાર્યા' બ્રહ્મદેશની ભૂમિમાં રોપાયેલી સામાજિક કથા છે. 'કાળચક્ર' અપૂર્ણ નવલકથા છે. લોકસાહિત્યે પૂરી પાડેલી કાચી સામગ્રીએ તેમને ઐતિહાસિક નવલકથાઓ લખવા પ્રેર્યા. 'સમરાંગણ', 'રા'ગંગાજળિયો', 'ગુજરાતનો જય' જેવી નવલકથાઓમાં લેખકે લોકકથાનકોને ઈતિહાસ સાથે ભેળવી દીધાં છે. 'સોરઠ, તારાં વહેતાં પાણી' અવિસ્મરણીય ચરિત્ર-રેખાઓને લીધે આ પ્રકારની નવલોમાં ઉત્તમ બની શકી છે. ધારાવાહી કથા તરીકે રચાયેલી, પ્રવાહી ને રંગીલી શૈલીમાં લખાયેલી તેની ઐતિહાસિક અને સામાજિક નવલો **પરંપરિત** નવલોથી જુદી ભાત પાડે છે.

મેઘાણીની પ્રથમ કૃતિ ટાગોરની 'કથાઓ કાહિની'નું 'કુરબાનીની કથાઓ' નામક રૂપાંતર છે. એમની મહત્ત્વની મૌલિક [illegible] વાર્તાઓ 'મેઘાણીની નવલિકાઓ' ભા. 1-2 અને 'વિલો[illegible]'માં સંગૃહીત છે. 'જેલ ઑફિસની બારી'માં જેલની સજા પામેલા ગુનેગારો અને એમનાં સ્વજનોનાં

જીવનનું આલેખન છે. 'માણસાઈના દીવા'માં રવિશંકર મહારાજને મોઢે સાંભળેલી ચરોતરની ચોર-લૂંટારું ગણાતી બારૈયા-પાટણવાડિયા કોમના માણસોમાં રહેલી માણસાઈને પ્રગટ કરતી કૃતિઓ ગ્રંથસ્થ થઈ છે. 'પલકારા' અને 'દરિયાપારના બહારવટિયા' રૂપાંતરિત વાર્તાઓના સંચયો છે.

જીવનભર લોકસાહિત્યમાં રચ્યાપચ્યા રહેનાર મેઘાણીની કવિતા પર લોકગીતના સંસ્કાર પડેલા જોઈ શકાય છે. પંદર કૃતિઓનો સંચય 'સિંધુડો' 1930માં સત્યાગ્રહના આંદોલનના દિવસોમાં બહાર પડેલો. 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ'ની બાળકો માટેની ગીતરચનાઓમાં લોકગીતોના લયઢાળો ઉપયોગમાં લેવાયા છે. કવિને રાષ્ટ્રીય શાયરનું બિરુદ અપાવનાર 'યુગવંદના'માં વીર અને કરુણરસવાળાં, રાષ્ટ્રભક્તિનાં કાવ્યો વિશેષ માત્રામાં છે. 'એકતારો'નાં 47 કાવ્યોમાં પ્રચારલક્ષિતા વિશેષ છે. 'બાપુનાં પારણાં'માં ગાંધીજીવિષયક કાવ્યો છે. 'રવીન્દ્ર વીણા'માં ટાગોરની રચનાઓ રૂપાંતરિત થઈ છે. મેઘાણીની કવિતાનું ઇતિહાસ દૃષ્ટિએ ઘણું મૂલ્ય છે. નાટ્યક્ષેત્રે 'વંઠેલાં' સિવાયનાં એમનાં ત્રણે પુસ્તકો બંગાળીમાંથી કરેલા અનુવાદો છે : 'રાણો પ્રતાપ', 'રાજા-રાણી' અને 'શાહજહાં', 'બે દેશ દીપકો', 'ઠક્કરબાપા', 'મરેલાંનાં રુધિર', 'અકબરની યાદમાં', 'દયાનંદ સરસ્વતી' વગેરે તેમણે લખેલાં જીવનચરિત્રો છે. 'પરકમ્મા', 'છેલ્લું પ્રયાણ' તથા 'લિ. સ્નેહાધીન મેઘાણી'માં તેમનું આત્મકથન સાંપડ્યું છે. 'વેરાનમાં' અને 'પરિભ્રમણ' ભા. 1-2-3માં તેમણે પત્રકારત્વ અંગે સાહિત્ય અને ઇતર વિષયો પર લખેલા લેખો છે.

વિવિધ રૂપે પ્રગટેલી મેઘાણીની લેખનપ્રવૃત્તિમાં લોકસાહિત્યનાં સંશોધન, સંપાદનનો મોટો ફાળો છે. લોકસાહિત્યને શિષ્ટભોગ્યરૂપમાં રજૂ કરવાનું શ્રેય એમને છે. 'સૌરાષ્ટ્રની રસધાર'ના પાંચ ભાગ, 'સોરઠી બહારવટિયા'ના ત્રણ ભાગ, 'કંકાવટી'ના બે ભાગ તથા 'દાદાજીની વાતો', 'ડોશીમાની વાતો', 'રંગ છે બારોટ' તેમના દ્વારા થયેલાં લોકસાહિત્યનાં સંપાદનો છે. તેમણે કેટલાક ઇતિહાસવિષયક ગ્રંથો પણ આપ્યા છે.

### (4) ગુણવંતરાય આચાર્ય (ઈ.સ. 1900-1965) :

નવલકથાકાર, નાટ્યકાર, નવલિકાકાર, નિબંધકાર ગુણવંતરાય પોપટભાઈ આચાર્યનો જન્મ જેતલસરમાં થયો હતો. વતન જામનગર. શાળાનું શિક્ષણ કચ્છ-માંડવીમાં. પહેલાં 'સૌરાષ્ટ્ર'ના અને પછી 'ફૂલછાબ'ના તંત્રી થયા. 1945માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત.

ગુણવંતરાયે સંખ્યાબંધ સાગરકથાઓ તથા ઐતિહાસિક નવલકથાઓ આપી છે. તેમણે સાહસકથાઓ, પ્રસંગકથાઓ અને જાસૂસકથાઓ પણ લખી છે. દરિયાઈ સાહસની નવલશ્રેણી 'સક્કરબાજ', 'હરારી', 'સરફરોશ' અને 'સરગોસ' લોકપ્રિય થઈ છે. 'દરિયાલાલ' સાગર કથાઓમાં ઉત્તમ છે. ઉપરાંત 'ભગવો નેજો', હાજીકાસમ તારી વીજળી', 'રત્નાકર મહારાજ', 'પુત્રજન્મ', 'દેશદીવાન' વગેરે પણ ઉલ્લેખનીય છે. તેમની ઐતિહાસિક નવલકથાઓમાં 'ગિરનારને ખોળે', 'સેનાપતિ', 'ગુર્જરલક્ષ્મી', 'શ્રીધર મહેતા', 'કરાળ કાળ જાગે' ભા.-1-2, 'ભૂત રડે ભેંકાર' વગેરે મહત્ત્વની છે. એમણે વાઘેલાયુગ ગ્રંથાવલિ અને ગુજરાત ગ્રંથાવલિ અંતર્ગત 'વિશળદેવ', 'અર્જુનદેવ', 'ઇડરિયો ગઢ' વગેરે નવલકથાઓ આપી છે. તેમની વિજયનગર ગ્રંથાવલિમાં 'રાય હરિહર !' , 'કૃષ્ણાજી નાયક !', 'રાય રેખા', 'રાય બુકારાય' અને 'મહાઅમાત્ય માધવ'નો સમાવેશ થાય છે. છેલ્લાં વર્ષોમાં તેમણે કચ્છના ઇતિહાસને સજીવ કરતી નવલશ્રેણી આપવા માંડી હતી. એમણે આપેલી સામાજિક નવલકથાઓમાં 'કોરી કિતાબ', 'વિરાટનો ઝબ્બો' 'પુત્રજન્મ', 'રામકહાણી' વગેરે ઉલ્લેખનીય છે. જાસૂસકથાઓમાં 'છેલ્લી સલામ', 'કેડી અને કાંટા' ધ્યાનપાત્ર છે.

ગુણવંતરાયે 'માર રાજ', 'અખોવન', 'જોગમાયા', 'અલ્લાબેલી', 'શિલાલેખ', 'આપઘાત' વગેરે સંખ્યાબંધ નાટકો લખ્યાં છે. તેમાં કેટલાંક એકાંકી છે, કેટલાંક ત્રિઅંકી. 'ઓટનાં પાણી', 'શ્રી અને સરસ્વતી', 'નીલરેખા', 'જોબનપગી' વગેરે એમના વાર્તાસંગ્રહો છે. એમના પ્રકીર્ણ સાહિત્યમાં 'હું બાવો ને મંગળદાસ', 'સુભાષચંદ્ર બોઝ', 'મૂંઝવતા પ્રશ્નો', 'આપણે ફરી ન વિચારીએ ?' વગેરેનો સમાવેશ થાય છે.

## 3.5 પ્રમુખ વાર્તાકારો

### (1) 'ધૂમકેતુ' (ઈ.સ. 1892-1965) :

વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર, નાટ્યકાર ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનો જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં થયો હતો. 1920માં અંગ્રેજી-સંસ્કૃત સાથે બી.એ.. 1923થી

અમદાવાદમાં સ્થાયી. ખાનગી શાળામાં શિક્ષક તરીકે કામ કર્યું. 1935માં રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થવા છતાં પરત કરેલો. 1953માં નર્મદ સુવર્ણચંદ્રક. 1944માં ગુજરાતી સાહિત્ય પરિષદના 15મા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ.

ધૂમકેતુએ અનેક ગદ્યસ્વરૂપોનું ખેડાણ કર્યું છે. પરંતુ એમને ખ્યાતિ તો નવલિકાક્ષેત્રે પ્રાપ્ત થઈ છે. તેમના આગમન પૂર્વે મલયાનિલ આદિ દ્વારા નવલિકા લેખનનું વાતાવરણ સર્જાયું હતું પરંતુ સંખ્યાબંધ ઉત્તમ વાર્તાઓના સર્જનને કારણે ધૂમકેતુ ગુજરાતી નવલિકાના આદ્ય પ્રણેતા ગણાયા છે. 'તણખા મંડળ' ભા.-1થી 4, 'અવશેષ', 'પ્રદીપ', 'મલ્લિકા અને બીજી વાર્તાઓ', 'ત્રિભેટો', 'આકાશદીપ', 'પરિવેષ', 'અનામિકા', 'વનછાયા', 'પ્રતિબિંબ', 'વનરેખા', 'જલદીપ', 'વનકુંજ', 'વનરેણુ', 'મંગલદીપ', 'ચન્દ્રરેખા', 'નિકુંજ', 'સાન્ધ્યરંગ', 'સાન્ધ્યતેજ', 'વસંતકુંજ' અને 'છેલ્લો ઝબકારો' એમ ચોવીસ સંગ્રહોમાં થઈ તેમણે ચારસો બાણું નવલિકાઓ આપી છે. એમની નવલિકાઓ ભાવનાવાદી હોવાની સાથે વાસ્તવલક્ષી પણ છે. ગાંધી ભાવનાનો પડઘો પણ એમણે ઝીલ્યો છે. એમણે 'પોસ્ટ ઑફિસ', 'ભૈયાદાદા', 'મદભર નેનાં', 'હૃદય-પલટો', 'પૃથ્વી અને સ્વર્ગ', 'એક ભૂલ', 'સોનેરી પંખી', 'આમ્રપાલી' જેવી યાદગાર વાર્તાઓ આપી છે. તેઓ રંગદર્શી પ્રકૃતિના હોવાથી લાગણીનિરૂપણ, વેગ, કાવ્યાત્મકતા, ચિત્રાત્મકતા, ધૂની-તરંગી પાત્રો એમની વાર્તાઓમાં દૃષ્ટિગોચર થાય છે. એમની નવલિકાઓમાં અતિપ્રસ્તારને કારણે ક્યારેક સંવિધાન શિથિલ બનતું જોવા મળે છે.

ધૂમકેતુએ સામાજિક-ઐતિહાસિક નવલકથાઓ મોટી સંખ્યામાં આપી છે. 'પૃથ્વીશ', 'રાજમુગટ', 'રુદ્રશરણ', 'અજિતા', 'પરાજય', 'જીવનનાં ખંડેર', 'મંઝિલ નહીં કિનારા' વગેરે સામાજિક નવલકથાઓ છે. આ નવલકથાઓમાં લોકતંત્ર, ગ્રામસ્વરાજ આદિ ભાવનાના નિરૂપણ સાથે રાજખટપટનો યથાર્થ ચિતાર પણ પ્રાપ્ત થાય છે. આ નવલકથાઓમાં પાત્રવસ્તુમાં આદર્શમયતાનું નિરૂપણ છે, ગામડાં પ્રત્યેનો પક્ષપાત પણ છે. તેમણે ઐતિહાસિક નવલકથાઓ વિશેષ પ્રમાણમાં લખી છે. 'ચૌલાદેવી', 'રાજસંન્યાસી', 'કર્ણાવતી', 'રાજકન્યા', 'વાચિનીદેવી', 'જયસિંહ સિદ્ધરાજ' (બર્બરકજિષ્ણુ), 'જયસિંહ સિદ્ધરાજ' (ત્રિભુવન ખંડ), 'જયસિંહ સિદ્ધરાજ' (અવંતીનાથ), 'ગુર્જરેશ્વર કુમારપાળ', 'રાજર્ષિ કુમારપાળ', 'નાયિકાદેવી', 'રાય કરણઘેલો 'અજિત ભીમદેવ', 'આમ્રપાલી', 'વૈશાલી', 'મગધપતિ', 'મહાઅમાત્ય ચાણક્ય', 'ચન્દ્રગુપ્ત મૌર્ય', 'સમ્રાટ ચન્દ્રગુપ્ત', 'પ્રિયદર્શી અશોક', 'મગધ સેનાપતિ પુષ્યમિત્ર', 'કુમારદેવી', 'ગુર્જરપતિ મૂળરાજદેવ' ભા.-1-2, 'પરાધીન ગુજરાત', 'ભારતસમ્રાટ ચન્દ્રગુપ્ત' ભા.-1-2, 'ધ્રુવદેવી' વગેરે ઐતિહાસિક નવલકથાઓમાં ગુપ્તયુગ અને ચૌલુક્યયુગનું નિરૂપણ છે. આ નવલકથાઓ દ્વારા ભારતની અને ગુજરાતની અસ્મિતા પ્રગટ કરવાનો એમનો ઉદ્દેશ લાગે છે.

નિબંધકાર તરીકે ધૂમકેતુ તેમની રસાળ શૈલી અને ઉન્નત વિચારશ્રેણીને કારણે યાદગાર રહેશે. 'જીવનવિચારણા'માં એમના સમાજવિષયક નિબંધો છે તો 'સાહિત્યવિચારણા'માં ટૂંકી વાર્તાની સ્વરૂપવિચારણા છે. 'પાનગોષ્ઠિ'માં ચિંતન છે, પણ એમાં હાસ્ય નિબંધિકાઓનું પ્રમાણ વધુ છે. 'પગદંડી'માં પ્રવાસવર્ણન છે. 'રજકણ', 'જલબિંદુ', 'પદ્મરેણુ' વગેરે સંગ્રહોના નિબંધોનું મુખ્ય લક્ષણ ઊર્મિરંસિત ચિંતન છે.

'હેમચંદ્રાચાર્ય' ધૂમકેતુનો ચરિત્રગ્રંથ છે. 'જિબ્રાનની જીવન-વાટિકા' અને 'ઇતિહાસની તેજમૂર્તિઓ' ભા.-1-2 પણ ચરિત્રાત્મક કૃતિઓ છે. 'જીવનપંથ' અને 'જીવનરંગ'માં એમની આત્મકથા સાંપડી છે. સત્યકથન અને સુવાચ્ય શૈલી એની લાક્ષણિકતાઓ છે. 'એકલવ્ય અને બીજાં નાટકો' તેમ જ 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' એમના નાટ્યસંગ્રહો છે. જિબ્રાનની રચનાઓ અને રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'ના એમણે કરેલા ભાવાનુવાદમાં તે તે સર્જક સાથે હૃદયસંવાદ સાધી તેમણે કાવ્યાત્મક અનુવાદો કર્યા છે. 'ઇતિહાસ દર્શન' અને 'ઇલિયડ' એમનાં પ્રકીર્ણ પુસ્તકો છે.

આમ, ધૂમકેતુનો સર્જનફાલ વિપુલ અને સત્ત્વપૂર્ણ છે. એમના સાહિત્યમાં એમના વિચાર અને વ્યક્તિત્વની દૃઢ મુદ્રા અંકિત થયેલી જોવા મળે છે. તેમના ગદ્યમાં તર્ક કરતાં ઊર્મિનું બળ વિશેષ વરતાય છે. યુવાન વર્ગને ઉન્નત ભાવના ભણી આકર્ષવામાં એમની રજકણ શૈલીએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગુજરાતી ગદ્યનો નવો **ઉન્મેષ** એમના સાહિત્યમાં પ્રગટ થયો છે.

### (2) રા. વિ. પાઠક (ઈ.સ. 1887-1955) :

'દ્વિરેફ', 'શેષ' અને 'સ્વૈરવિહારી' તખલ્લુસધારી વાર્તાકાર, કવિ, નિબંધકાર, વિવેચક રામનારાયણ વિશ્વનાથ પાઠકનો જન્મ ગાણોલ(ધોળકા તાલુકો)માં થયો હતો. 1908માં તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વિષયો સાથે બી.એ.. 1911માં મુંબઈ યુનિવર્સિટીમાંથી એલએલ.બી. થઈ

અમદાવાદમાં વકીલાત શરૂ કરી. 1921માં તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. વિદ્યાપીઠના અધ્યાપન તથા 'પ્રસ્થાન' માસિકના તંત્રીપણા દરમિયાન તેઓ ગુજરાતની નવી સાહિત્યકાર પેઢીના માર્ગદર્શક બન્યા. તેથી તેમને 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખવામાં આવ્યા. ગાંધીજી પ્રેરિત સત્યાગ્રહના કાર્યક્રમોમાં તેઓ સક્રિયપણે ભાગ લેવા લાગ્યા. 1937માં તેઓ અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક બન્યા.

રા. વિ. પાઠકે 'દ્વિરેફ' ઉપનામથી વાર્તાલેખન કરી 'દ્વિરેફની વાતો'ના ત્રણ ભાગ આપ્યા. તેમની ચાળીસ વાર્તાઓ પૈકી લગભગ પ્રત્યેક વાર્તામાં રચનારીતિનો કોઈ નવો પ્રયોગ કરવાનું લેખકનું વલણ જોવા મળે છે. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ'માં દ્વિરેફની સંવાદકુશળતા અનુભવાય છે. 'જક્ષણી' હાસ્યરસની વાર્તા છે તો 'રજનું ગજ' મનોવૈજ્ઞાનિક અભિગમવાળી છે. 'મુકુન્દરાય'માં લેખકે બે પેઢી વચ્ચેના સંસ્કારભેદ અને દૃષ્ટિભેદને ઉપસાવ્યો છે. 'ખેમી'માં વાસ્તવ અને ભાવનાનો સુમેળ કલાત્મક રીતે સધાયો છે. 'છેલ્લો દાંડક્ય ભોજ', 'બુદ્ધિ વિજય', 'સૌભાગ્યવતી' પણ નોંધપાત્ર વાર્તાઓ છે. તેમની વાર્તાઓમાં વસ્તુ, પાત્ર, સ્વરૂપ, શૈલી વગેરેને અનુલક્ષતાં અનેક આકર્ષણો જોવા મળે છે. તેમની ઉત્તમ વાર્તાઓની સિદ્ધિઓ જોતાં તેમને ગુજરાતી વાર્તાસાહિત્યના સીમાસ્તંભરૂપ વાર્તાકાર ગણી શકાય.

રામનારાયણે 'શેષ' ઉપનામથી કાવ્યલેખન કર્યું છે. 'શેષનાં કાવ્યો'(1938)ની પ્રથમ આવૃત્તિમાં સડસઠ કાવ્યો હતાં, બીજી આવૃત્તિ વખતે તોંતેર કાવ્યો અને થોડાંક મુક્તકો તેમાં સમાવિષ્ટ થાય છે. 'વિશેષ કાવ્યો' (1959) તેમનો મરણોત્તર કાવ્યસંગ્રહ છે. 'શેષ'ની કવિતા વિષય-વૈવિધ્ય કરતાં રૂપબંધ, છંદોવિધાન અને કાવ્યબાનીના વૈવિધ્યથી ધ્યાનાકર્ષક બને છે. ઊર્મિ-કવિતાના અનેક પેટા પ્રકારો - મુક્તક, સૉનેટ, ગીત, રાસ, ગરબા, ગરબી, દુહા, ખંડકાવ્યો, અંજલિ કાવ્યો અહીં જોવા મળે છે. પ્રેમ, પ્રકૃતિ, પ્રભુભક્તિ તેમની કવિતાના મુખ્ય વિષયો છે. શેષની કવિતાનું બીજું લક્ષણ તાજી શબ્દાવલિનો વિનિયોગ કરતી વિશિષ્ટ રચનાપદ્ધતિ છે. કવિ ગાંધીયુગને અનુરૂપ જીવનમાંગલ્યનું ગંભીરગાન કરે છે અને સાથે સાથે હાસ્યકટાક્ષ-વિનોદની રચનાઓ પણ આપે છે.

'પ્રસ્થાન' નિમિત્તે પાઠકસાહેબે 'સ્વૈરવિહારી' તખલ્લુસથી લખેલા હળવા નિબંધોના બે સંગ્રહો થયા. 'સ્વૈરવિહાર', ભા.-1 અને 2માં. પ્રથમ ભાગમાં 67 અને દ્વિતીય ભાગમાં 23 નિબંધો છે. આ લખાણોમાં લેખકે વિષયવસ્તુ અને નિરૂપણરીતિ ઉભય પરત્વે કશાં બંધનો સ્વીકાર્યાં નથી. અનેકવિધ વિષયોને સ્પર્શતી આ નિબંધ રચનાઓમાં લેખકે સમકાલીન જીવન અને એની સમસ્યાઓને હળવી શૈલીમાં સ્પર્શી છે.

'મનોવિહાર' રામનારાયણના 28 ગંભીર નિબંધોનો સંગ્રહ છે. આ નિબંધો પ્રકૃતિ અને સંસ્કૃતિના મર્મજ્ઞ લેખકની ગાંધીસંસ્કારમાં રંગાયેલા ચિંતક પુરુષ અને તેજસ્વી નિબંધકાર તરીકેની મુદ્રા ઉપસાવી આપે છે. નાટ્યક્ષેત્રે રામનારાયણનું પ્રદાન મરણોત્તર સંચય 'કુલાંગાર અને બીજી કૃતિઓ'નાં ત્રણ મૌલિક નાટકો અને સાત અનુવાદો પૂરતું સીમિત છે. મૌલિક નાટકો પૈકી 'કુલાંગાર' અને 'દેવી કે રાક્ષસી' ઉલ્લેખનીય છે.

વિવેચન પાઠકસાહેબની જીવનભરની મુખ્ય, પ્રિય અને સાતત્યવાળી પ્રવૃત્તિ રહી છે. ઇયત્તા અને ગુણવત્તા ઉભય દૃષ્ટિએ તેમનું વિવેચન પ્રભાવક છે. પિંગળ વિચારણાના પણ તેમણે ત્રણ ગ્રંથો આપ્યા છે. 'ગુજરાતી પિંગળ નવી દૃષ્ટિએ', 'બૃહત્ પિંગળ' અને 'મધ્યમ પિંગળ', 'પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા' અને 'નિત્યનો આચાર' પણ એમનાં ઉલ્લેખનીય પુસ્તકો છે. 'યુગધર્મ' અને 'પ્રસ્થાન'ના સંપાદક તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી બજાવેલી. પાઠકસાહેબે ગુજરાતી સાહિત્યની સર્જન, વિવેચન અને સંશોધન, સંપાદન, અનુવાદ દ્વારા મૂલ્યવાન સેવા કરી છે.

## 3.6 સારાંશ

આ એકમમાં તમે ગાંધીયુગના ચાર પ્રમુખ નવલકથાકારો - ક. મા. મુનશી, ર. વ. દેસાઈ, ઝવેરચંદ મેઘાણી અને ગુણવંતરાય આચાર્ય - તથા બે પ્રમુખ વાર્તાકારો - 'ધૂમકેતુ' અને રા. વિ. પાઠક 'દ્વિરેફ'નો સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કર્યો. આ છયે સમર્થ સાહિત્યકારોએ નવલકથા, વાર્તા ઉપરાંત અન્ય સાહિત્યસ્વરૂપોમાં પણ કામ કર્યું છે. તેમની સમગ્ર સાહિત્યસેવાનો સંક્ષિપ્ત ખ્યાલ આ એકમમાં આપવામાં આવ્યો છે.

આ છ કથાસર્જકો સિવાય ગાંધીયુગમાં કથાલેખન કરનાર અન્ય અનેક લેખકો છે પણ તેમનો પરિચય અહીં આપવામાં આવ્યો નથી.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. કથાસાહિત્ય એટલે શું એ સ્પષ્ટ કરી ગાંધીયુગના કથાસાહિત્ય વિશે ટૂંકમાં લખો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
2. ક. મા. મુનશીના જીવનનો ટૂંકમાં ખ્યાલ આપો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
3. નવલકથાકાર મુનશી વિશે એક પરિચ્છેદ લખો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
4. નાટ્યકાર મુનશીનો પરિચય કરાવો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
5. મુનશીના નવલિકા, ચરિત્ર, નિબંધ વગેરે ક્ષેત્રોના ખેડાણ વિશે ટૂંકમાં લખો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
6. ર. વ. દેસાઈના જીવનનો સંક્ષિપ્ત પરિચય કરાવો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
7. નવલકથાકાર ર. વ. દેસાઈ વિશે સમીક્ષાત્મક નોંધ લખો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
8. ર. વ. દેસાઈનું નવલિકા, નાટક તથા અન્ય સ્વરૂપોનું પ્રદાન ટૂંકમાં દર્શાવો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
9. મેઘાણીની જીવનરેખા સંક્ષેપમાં આલેખો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
10. મેઘાણીના નવલકથા સર્જનનો પરિચય કરાવો.
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................
   .............................................................................................................

11. વાર્તાકાર મેઘાણી વિશે ટૂંકમાં લખો.

12. કવિ મેઘાણીનો એમની કવિતાના સંદર્ભે ખ્યાલ આપો.

13. ગુણવંતરાયના જીવન અને કવનનો સંક્ષિપ્ત પરિચય કરાવો.

14. ધૂમકેતુના જીવનનો ખ્યાલ આપી નવલિકાકાર ધૂમકેતુનો પરિચય કરાવો.

15. નવલકથાકાર-નિબંધકાર ધૂમકેતુ વિશે ટૂંકમાં માહિતી આપો.

16. રા. વિ. પાઠકના જીવનનો પરિચય આપો.

17. વાર્તાકાર દ્વિરેફનો ટૂંકમાં ખ્યાલ આપો.

18. 'શેષ'ની કવિતા વિશે ટૂંકનોંધ લખો.

19. નિબંધકાર-વિવેચક રા. વિ. પાઠકનો પરિચય કરાવો.

20. ગાંધીયુગના ચાર નવલકથાકારો અને દરેકની બબ્બે કૃતિઓનાં નામ આપો.

21. ગાંધીયુગના બે પ્રમુખ વાર્તાકારોના વાર્તાસંગ્રહોનાં નામ આપો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

**નીચે વિભાગ 'ક'માં લેખકોનાં નામ અને વિભાગ 'ખ'માં તેમની કૃતિઓનાં નામ આપવામાં આવ્યાં છે. લેખકની સામે તેમની કૃતિનો ક્રમાંક લખો.**

| ક | | | ખ |
|---|---|---|---|
| 1. | ક. મા. મુનશી | ( ) | 1. પોસ્ટ ઑફિસ |
| 2. | ર. વ. દેસાઈ | ( ) | 2. જક્ષણી |
| 3. | ઝવેરચંદ મેઘાણી | ( ) | 3. દરિયાલાલ |
| 4. | ગુણવંતરાય આચાર્ય | ( ) | 4. ભારેલો અગ્નિ |
| 5. | ધૂમકેતુ | ( ) | 5. તુલસીક્યારો |
| 6. | રા. વિ. પાઠક | ( ) | 6. લોમહર્ષિણી |

## 3.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા - 2*, ધીરુભાઈ ઠાકર.
2. *27 સાહિત્યકારો*, પ્રસાદ બ્રહ્મભટ્ટ.
3. *કનૈયાલાલ મુનશી*, મનસુખલાલ ઝવેરી.
4. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-4*, સં. ઉમાશંકર જોશી વગેરે.
5. *રમણલાલ વ. દેસાઈ, વ્યક્તિત્વ અને વાઙ્મય*, હસમુખ દોશી.
6. *રમણલાલ વ. દેસાઈ*, દીપક મહેતા.
7. *મેઘાણી સ્મૃતિગ્રંથ*, સં. ઉમાશંકર જોશી.
8. *ઝવેરચંદ મેઘાણી*, સં. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ.
9. *ધૂમકેતુની ભાવસૃષ્ટિ*, સં. રાધેશ્યામ શર્મા, મફત ઓઝા
10. *વાર્તાવિશેષ*, રઘુવીર ચૌધરી.
11. *રા. વિ. પાઠક પરિશીલન ગ્રંથ*, સં. હીરાબહેન પાઠક વગેરે.

## 3.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઉપલબ્ધિ** - સ્ત્રી (સં.) પ્રાપ્તિ, લાભ, બોધ, જ્ઞાન.
**સંતર્પક** - વિ. (સં.) સંતૃપ્ત કરતું.
**પરંપરિત** - વિ. (સં.) પરંપરાથી ચાલતું આવેલું, પરંપરા સાથે સંકળાયેલું.
**ઉન્મેષ** - પું. (સં.) પલકારો, આંખની ઉઘાડવાસ, પ્રકટીકરણ, સ્ફુરણ, વિકાસ.

## 3.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જવાબ માટે જુઓ : 6.3.3 પૂર્વભૂમિકા.
2. જુઓ : 6.3.4 અંતર્ગત (1) કનૈયાલાલ મુનશીનો પ્રથમ પરિચ્છેદ.
3. જુઓ : 'કનૈયાલાલ મુનશી'નો દ્વિતીય પરિચ્છેદ.
4. જુઓ : 'કનૈયાલાલ મુનશી'નો તૃતીય પરિચ્છેદ.
5. જુઓ : 'કનૈયાલાલ મુનશી'ના છેલ્લા બે પરિચ્છેદો.
6. જુઓ : (2) 'ર. વ. દેસાઈ'નો પ્રથમ પરિચ્છેદ.
7. જુઓ : 'ર. વ. દેસાઈ'નો દ્વિતીય પરિચ્છેદ.
8. જુઓ : 'ર. વ. દેસાઈ'ના ત્રણ, ચાર, પાંચ પરિચ્છેદો.
9. જુઓ : (3) 'ઝવેરચંદ મેઘાણી'નો પ્રથમ પરિચ્છેદ.
10. જુઓ : 'ઝવેરચંદ મેઘાણી'નો દ્વિતીય પરિચ્છેદ.
11. જુઓ : 'ઝવેરચંદ મેઘાણી'નો તૃતીય પરિચ્છેદ.

12. જુઓ : 'ઝવેરચંદ મેઘાણી'નો ચતુર્થ પરિચ્છેદ.
13. જુઓ : (4) ગુણવંતરાય આચાર્ય.
14. જુઓ : 6.3.5 અંતર્ગત (1) 'ધૂમકેતુ'નો પ્રથમ અને દ્વિતીય પરિચ્છેદ.
15. જુઓ : 'ધૂમકેતુ'નો ત્રીજો-ચોથો પરિચ્છેદ.
16. જુઓ : (2) 'રા. વિ. પાઠક'નો પ્રથમ પરિચ્છેદ.
17. જુઓ : 'રા. વિ. પાઠક'નો દ્વિતીય પરિચ્છેદ.
18. જુઓ : 'રા. વિ. પાઠક'નો તૃતીય પરિચ્છેદ.
19. જુઓ : 'રા. વિ. પાઠક'ના અંતિમ ત્રણ પરિચ્છેદો.
20 અને : સમગ્ર એકમમાંથી જવાબો શોધો.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. (6)
2. (4)
3. (5)
4. (3)
5. (1)
6. (2)

# એકમ 4 ગાંધીયુગના પ્રમુખ કવિઓ

## રૂપરેખા

4.1 ઉદ્દેશો
4.2 પ્રસ્તાવના
4.3 પૂર્વભૂમિકા
4.4 પ્રમુખ કવિઓ
4.5 સારાંશ
4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો
4.7 ચાવીરૂપ શબ્દો
4.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 4.1 ઉદ્દેશો

ગાંધીયુગના આ ચોથા એકમના અભ્યાસ દ્વારા તમે -

- ગાંધીયુગના પ્રમુખ કવિઓનો પરિચય પ્રાપ્ત કરશો.
- ગાંધીયુગમાં કાવ્યપ્રવૃત્તિ કેવી હતી તેનો ખ્યાલ મેળવશો.

## 4.2 પ્રસ્તાવના

ગાંધીજી કે ગાંધીશાસનના પ્રમુખ સાહિત્યકારો પૈકી કોઈ કવિ ન હતું એટલું જ નહિ કવિતા પ્રત્યે તેમને ખાસ રસ પણ ન હતો છતાં આ એકમમાં આપણે જોઈશું કે ગાંધીયુગમાં તમામ સાહિત્યસ્વરૂપો પૈકી કવિતામાં સવિશેષ ખેડાણ થયું છે. માત્ર ઇયત્તા જ નહિ, ગુણવત્તાની દૃષ્ટિએ પણ આ યુગની કવિતા સમૃદ્ધ છે. સમગ્ર ગુજરાતી સાહિત્યમાં જેમને મોટા ગજાના કહી શકાય તેવા બે કવિઓ-સાહિત્યકારો (ઉમાશંકર અને સુન્દરમ્) આ યુગમાં થયા છે એ ખાસ ઉલ્લેખનીય છે. અન્ય નોંધપાત્ર કવિઓની સંખ્યા પણ નાનીસૂની નથી.

## 4.3 પૂર્વભૂમિકા

છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાગતપ્રમુખ તરીકે પ્રવચન કરતાં પંડિત યુગના મૂર્ધન્ય ચિંતક-વિવેચક આનંદશંકર ધ્રુવે ઈ.સ. 1920-'21માં ગાંધીયુગના આરંભનાં એંધાણ જોઈને કહેલું, ''સઘળા મહાન યુગપરિવર્તમાં થાય છે તેમ હિન્દુસ્તાનમાં હાલ ચાલી રહેલા પરિવર્તમાં પણ નવા યુગનું તત્ત્વ સમજનાર, એની ભાવનાઓને અને આકાંક્ષાઓને પોતાની વાણીમાં વ્યક્ત કરનાર, એના આંધળા જીવનને નેત્ર અર્પનાર કવિની જરૂર પડશે એટલું જ નહિ એ યુગની ક્ષણિકતા ભેદી, એ યુગની પાર થઈ, જીવનનાં સનાતન સત્યો પ્રગટ કરનાર મહાકવિની પણ જરૂર પડશે... એ યુગને 'આ હું' એમ આત્મદર્શન કરાવનાર કવિ જોઈશે - જે વિના આપણે પણ આપણા યુગને પૂરો ઓળખી શકીશું નહિ....'' ('સાહિત્ય વિચાર', પૃ. 8-9)

**આર્ષદૃષ્ટા** આનંદશંકરની અપેક્ષા થોડાંક વર્ષોમાં જ સુન્દરમ્ અને ઉમાશંકર મહદંશે સંતોષે છે. આ કવિયુગ્મ નવા યુગનું અભિજ્ઞાન કરાવતાં ક્ષણિક પરિવર્તન દર્શાવનારાં તત્ત્વો અને શાશ્વત તત્ત્વોને કવિતામાં પ્રગટાવી ગાંધીયુગની ઓળખ સ્થાયી આપે છે. નરસિંહ-મીરાં, નર્મદ-દલપત, કાન્ત-કલાપી જેવું સુન્દરમ્-ઉમાશંકરનું પણ અનોખું કવિયુગ્મ છે. ગાંધીયુગના આ બે પ્રમુખ કવિઓ પૈકી સુન્દરમ્ કાળક્રમે પહેલા આવતા હોઈ પહેલાં એમનો પરિચય પ્રાપ્ત કરીએ.

## 4.4 પ્રમુખ કવિઓ

### (1) 'સુન્દરમ્' (ઈ.સ. 1908-1991) :

મુખ્યત્વે કવિ, વાર્તાકાર, વિવેચક ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનો જન્મ ભરૂચ જિલ્લાના મિયાંમાતર ગામમાં થયો હતો. ભરૂચમાંથી વિનીત થઈ 1929માં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો સાથે 'ભાષાવિશારદ'ની ઉપાધિ મેળવી ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક થયા. થોડાં વર્ષો અધ્યાપનકાર્ય કરી 1945થી મૃત્યુ પર્યંત તેમણે શ્રીઅરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં નિવાસ કર્યો. ઑગસ્ટ '47થી 'દક્ષિણા'ના તંત્રી. 1970માં જૂનાગઢમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના

પ્રમુખ. 1975માં સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગર તરફથી 'ડૉક્ટર ઑફ લિટરેચર'ની માનદ ઉપાધિ. 1934માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 1946માં મહીડા પારિતોષિક, 1955માં નર્મદ સુવર્ણચંદ્રક, 1968માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર.

સુન્દરમ્ના પ્રથમ કાવ્યસંગ્રહનું નામ છે 'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો.' આ સંગ્રહમાં ગાંધી પ્રભાવ તળે કવિ સમાજના ઉત્થાન માટે સુધારાનો આક્રોશ વ્યક્ત કરે છે. અહીં રાષ્ટ્રજાગૃતિનો ઉત્સાહ અને દલિતોપીડિતો પરત્વેનો સમભાવ જોવા મળે છે. દ્વિતીય સંગ્રહ 'કાવ્યમંગલા'માં વૃત્તબદ્ધ કાવ્યો, સૉનેટો અને ગીતો છે. સંગ્રહનાં કાવ્યોમાં કલાનિષ્ઠ વાસ્તવાભિમુખતા દૃષ્ટિગોચર થાય છે. 'વસુધા'માં કવિ સામાજિક વાસ્તવથી આગળ વધી વધુ અંતરંગતા અને સ્વાયત્તતા તરફ વળે છે. '13-7ની લોકલ' સંગ્રહની નોંધપાત્ર રચના છે. 'યાત્રા'માં કવિની આધ્યાત્મિક ઊર્ધ્વતા પ્રત્યેની યાત્રા જોવા મળે છે. શ્રીઅરવિંદદર્શનનો પ્રભાવ આ તથા અનુગામી સંગ્રહો - 'વરદા', 'મુદિતા', 'ઉત્કંઠા' અને 'અજાગતા' પર વરતાય છે. 'રંગ રંગ વાદળિયાં'માં એમનાં બાળકાવ્યો સંગૃહીત છે. સુન્દરમ્ ગાંધીદર્શનમાંથી નીકળીને અરવિંદદર્શનમાં પ્રવેશે છે તેથી તેમની કવિતાને નવો વળાંક પ્રાપ્ત થાય છે.

કવિતા પછી સુન્દરમ્નો વિશેષ તેમની નવલિકાઓમાં પ્રગટ થયો છે. ગાંધીવાદ અને પ્રગતિવાદની મિશ્ર ભોંય પર ગ્રામચેતના તથા નગરચેતનાને કલાત્મક રીતે પ્રગટાવતી તેમની વાર્તાઓ ભાષાકસબને પ્રયોગશીલ રીતે રૂપાંતરિત કરે છે. 'ખોલકી અને નાગરિકા', 'પિયાસી', 'હીરાકણી અને બીજી વાતો' તથા 'ઉન્નયન' તેમના વાર્તા સંગ્રહો છે. વાર્તાકાર તરીકે સુન્દરમ્ પાત્રના માનસને અને તેની આસપાસના સમાજને તાકે છે. વાર્તાઓને કલાત્મક બનાવવા તેઓ મથ્યા છે તોયે કેટલીક વાર્તાઓ પ્રસ્તારી બની ગઈ છે. વાસ્તવપ્રેમ, સચોટ કથન તથા ભાતીગળ વસ્તુદર્શન તેમની વાર્તાકલાનાં અન્ય આકર્ષક તત્ત્વો છે. 'માજા વેલાનું મૃત્યુ', 'મીન પિયાસી', 'માને ખોળે', 'તારિણી' વગેરે તેમની નોંધપાત્ર વાર્તાઓ છે.

સુન્દરમ્નું વિવેચન પણ મહત્ત્વપૂર્ણ છે. 1931ના ગ્રંથસ્થ ગુજરાતી સાહિત્યની સમતોલ સમીક્ષા કર્યા પછી તેમણે 'અર્વાચીન કવિતા'માં શતાબ્દીની કવિતાની અભૂતપૂર્વ સમીક્ષા કરી છે. તેમાં તેમણે નાનામોટા 350 કવિઓની 1225 કૃતિઓને આવરી લીધી છે. 'અવલોકના' તેમણે કરેલાં ગ્રંથાવલોકનોનો સંગ્રહ છે. તેના પૂર્વાર્ધમાં પદ્યનાં અને ઉત્તરાર્ધમાં ગદ્યનાં અવલોકનો મળે છે. સાહિત્યકૃતિના આંતરિક સૌન્દર્યને ગ્રહીને તેઓ પૂર્વગ્રહયુક્ત દૃષ્ટિએ ચકાસી શકે છે, એ તેમનો વિવેચક તરીકે મહત્ત્વનો ગુણ છે. તેમનો વિચારસંપુટ રજૂ કરતા ત્રણ ગદ્યગ્રંથો પૈકી 'સાહિત્યચિંતન' અને 'સમર્ચના' સાહિત્યવિષયક છે. તેમના સાહિત્યચિંતન પાછળ સત્ય અને સૌન્દર્યના નિર્માણનો પ્રાણપ્રશ્ન સતત ડોકાતો જણાય છે.

'વાસંતી પૂર્ણિમા' સુન્દરમ્ની નાટ્ય રચનાઓનો સંગ્રહ છે. એમાંની કેટલીક રચનાઓ સ્ત્રી સંસ્થા માટે લખાયેલી છે. 'દક્ષિણાયન' દક્ષિણ ભારતના પ્રવાસનું પુસ્તક છે. 'ચિદંબરા' અને 'પાવકના પંથે' પ્રકીર્ણ લેખોના સંગ્રહો છે. 'શ્રીઅરવિંદ મહાયોગી' સંક્ષિપ્ત જીવનચરિત્ર છે. 'ભગવદજ્જુકીય', 'મૃચ્છકટિક', 'અરવિંદ મહર્ષિ', 'માતાજીનાં નાટકો', 'સાવિત્રી', 'કાયાપલટ', 'સુંદર કથાઓ', 'જનતા અને જન', 'સ્વપ્ન અને છાયાઘડી', 'ઐસી હૈ જિંદગી' વગેરે એમણે કરેલા અનુવાદો છે.

સુન્દરમે કવિતા અને ગદ્ય ઉભય ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરી માત્ર ગાંધીયુગમાં જ નહિ, સમગ્ર ગુજરાતી સાહિત્યમાં એક સમર્થ સાહિત્યકાર તરીકેની સિદ્ધિ સંપ્રાપ્ત કરી છે.

### (2) ઉમાશંકર જોશી (ઈ.સ. 1911-1988) :

કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, વિવેચક ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ શામળાજી પાસે આવેલા બામણા ગામમાં થયો હતો. ઈડર છાત્રાલયમાં રહી અંગ્રેજી સાત ધોરણ સુધી અભ્યાસ કરી પછી 1928માં અમદાવાદમાં મૅટ્રિક. ગૂજરાત વિદ્યાપીઠમાં કાકાસાહેબના અંતેવાસી બની સત્યાગ્રહની લડતમાં રહી 1936માં મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અર્થશાસ્ત્ર અને ઇતિહાસ સાથે બી.એ.. 1938માં ગુજરાતી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષય સાથે એમ.એ.. 1939માં અમદાવાદ સ્થિર થયા. 1946 સુધી ગુજરાત વિદ્યાસભાના અનુસ્નાતક વર્ગમાં ગુજરાતીના અધ્યાપક. 1947માં 'સંસ્કૃતિ' માસિક શરૂ કર્યું. 1954માં ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રોફેસર અને ભવનના અધ્યક્ષ. 1966થી બે સત્ર માટે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ. 1979-'81 દરમિયાન વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનના પણ કુલપતિ. 1970-'76 દરમિયાન લેખકની હેસિયતથી રાજ્યસભાના નિયુક્ત સભ્ય. 1968માં ગુજરાતી સાહિત્ય પરિષદના દિલ્હીના 24મા અધિવેશનના પ્રમુખ. 1978માં

સાહિત્ય અકાદમી, દિલ્હીના અધ્યક્ષ. 1939માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 1944માં મહીડા પારિતોષિક, 1947માં નર્મદ સુવર્ણચંદ્રક, 1965માં ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક, 1973માં સાહિત્ય અકાદમી એવૉર્ડ, 1968માં કન્નડ કવિ કે. વી. પુટપ્પા સાથે વહેંચાઈને ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક.

ગાંધીયુગના આ પ્રમુખ કવિએ ઈ.સ. 1931થી '81 સુધીમાં દસ કાવ્યગ્રંથો આપ્યા છે. કવિના સિત્તેરમાં જન્મદિવસે 'સમગ્ર કવિતા' ગ્રંથ પ્રગટ થયો તેમાં દશે સંગ્રહોની રચનાઓ સમાવિષ્ટ થઈ છે. દશ સંગ્રહો આ મુજબ છે : 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'આતિથ્ય', 'વસંત-વર્ષા', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', 'સપ્તપદી'. ઓગણીસ વર્ષની વયે કવિ 'વિશ્વશાંતિ'ના મંગલ શબ્દથી કાવ્યયાત્રાનો પ્રારંભ કરે છે. દ્વિતીય સંગ્રહ 'ગંગોત્રી'માં કવિની ગાંધીપ્રેરિત સમાજાભિમુખતા વાસ્તવિકતાનાં વિવિધ સ્તરો પર પ્રગટ થતી જોવા મળે છે. તેમના કીર્તિદા સંગ્રહ 'નિશીથ'માં સમાજ અને વાસ્તવની તત્કાલીનતાને અતિક્રમી જીવનનાં શાશ્વત મૂલ્યોના અમૂર્ત કે નૂતન આવિર્ભાવો પ્રત્યેનું કવિનું વલણ જોઈ શકાય છે. 'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન'માં કવિ પદ્યરૂપકો આપી નાટ્યપદ્યની દિશામાં ગતિ કરે છે. 'મંથરા' નાટ્યાત્મકતાની દૃષ્ટિએ નોંધપાત્ર રચના છે. 'આતિથ્ય' અને 'વસંતવર્ષા'માં મુખ્યત્વે પ્રેમ-પ્રકૃતિની કવિતા છે. 'અભિજ્ઞા'માં 'છિન્નભિન્ન છું' અને 'શોધ' જેવી રચનાઓ દ્વારા કવિ છંદોમુક્તિની દિશા ચીંધે છે. આ સંગ્રહમાં મુક્તપદ્ય અને પદ્યમુક્તિના પ્રયોગોનો પ્રારંભ થાય છે. 'ધારાવસ્ત્ર'માં 'માઈલોનાં માઈલો મારી અંદર' જેવી પાસાદાર કૃતિ સાંપડે છે. 'સપ્તપદી' સાત રચનાઓનો સંગ્રહ છે. 'છિન્નભિન્ન છું'ના ખેદથી 'પંખીલોક'ના આનંદલોક સુધીની કવિની આંતરયાત્રા સૌન્દર્યભાવ કરતાં ભાવસૌન્દર્યને અનુલક્ષીને થઈ છે એમ લાગે છે. અર્ધી સદી સુધી વહેતી રહેલી ઉમાશંકરની કવિતા ગુજરાતી કવિતાનું એક ઉલ્લેખનીય પ્રકરણ છે.

ઉમાશંકર પાસેથી 'સાપના ભારા' અને 'શહીદ' નામક બે એકાંકી સંગ્રહો પ્રાપ્ત થયા છે, બંને સંગ્રહોમાં અગિયાર અગિયાર એકાંકીઓ છે. લેખકે પાછળથી 'હવેલી' અને 'હળવા કર્મનો નરસૈંયો' નામક બે કૃતિઓ લખી હતી. પાત્રગત ભાષાની ભિન્ન ભંગીઓ, વસ્તુનો આકર્ષક ઉઠાવ તથા વિવિધ નાટ્યાત્મક પરિસ્થિતિઓની કલ્પકતા દ્વારા એમણે એકાંકીને સુશ્લિષ્ટ ઘાટ આપવાની મથામણ કરી છે. આ એકાંકીઓમાં ભાવપરાયણતા અને વાસ્તવપરાયણતાનો તાણોવાણો માર્મિક કરુણતા અને સૂક્ષ્મ વિનોદથી ગૂંથાયેલો છે. 'બારણે ટકોરા', 'ઊડણ ચરકલડી' અને 'કડલાં' ગ્રામસમાજની વાસ્તવિક પીઠિકા પર પ્રગટતા ઉત્કટ સંવેદનને કારણે સફળ નીવડેલ એકાંકીઓ છે.

ઉમાશંકરે 'શ્રાવણી મેળો' અને ('ત્રણ અર્ધું બે' તથા 'અંતરાય'માંથી પસંદ કરેલી બાવીસ વાર્તાઓનો સંચય) 'વિસામો'માં પોતાની વાર્તાકલાનો હિસાબ આપી દીધો છે. આ વાર્તાઓમાં જીવંત અને વૈવિધ્યપૂર્ણ પાત્રાલેખન, માર્મિક સંવાદો, સૂક્ષ્મ માનસ પૃથક્કરણ, સુસંકલિત વસ્તુ-નિરૂપણ અને પ્રાસાદિક ભાષાશૈલી પ્રતીત થાય છે. વતનની ભાષાનો વિનિયોગ કરી પાત્રસૃષ્ટિના માનસ પર કેન્દ્રિત થતી એમની નવલિકાઓ સંયમિત રીતે મર્મને અનાવૃત્ત કરે છે. એમાંયે સ્ત્રીમાસના સંસ્કારજગતનું નિરૂપણ કરવામાં વરતાતી એમની કુશળતા પ્રશસ્ય છે. 'પગલીનો પાડનાર', 'છેલ્લું છાણું', 'મારી ચંપાનો વર' જેવી વાર્તાઓ નોંધપાત્ર છે. 'પારકાં જણ્યાં' ઉમાશંકરની એક માત્ર નવલકથા છે. બસો પૃષ્ઠની મર્યાદામાં ત્રણેક પેઢીની વાતને સમાવવા જતાં નવલકથા સુશ્લિષ્ટ બની શકી નથી.

તેમણે 'હૃદયમાં પડેલી છબીઓ'ના બે ભાગમાં ભિન્ન ભિન્ન પ્રસંગે આલેખેલાં વ્યક્તિચિત્રો આપ્યાં છે. હૃદયના રંગથી દોરાયેલાં આ વ્યક્તિચિત્રો માત્ર પરિચયાત્મક બનીને અટકી જતાં નથી. 'ઈસામુશિદા અને અન્ય' પણ 'હૃદયના હક્ક'થી લખાયેલાં દેશપરદેશની દિવંગત વ્યક્તિઓનાં યથાર્થ ચરિત્રચિત્રણો છે. 'ગાંધીકથા' પણ ચરિત્રમૂલક છે.

ઉમાશંકરે એમના નિબંધ સંગ્રહોનાં નામ 'ગોષ્ઠિ' અને 'ઉઘાડી બારી' આપ્યાં છે. પ્રથમ સંગ્રહમાં બાવીસ જ્યારે બીજા સંગ્રહમાં એકાણું નિબંધો મળે છે. આ સંગ્રહો લેખક કોઈ પણ વિષય પર કેવી ઋજુ હળવાશથી લખી શકે છે એના નમૂનારૂપ છે.

ઉમાશંકરના વિવેચનમાં તેમની સૌન્દર્યદૃષ્ટિ, સમભાવ અને બુદ્ધિમત્તાનો હૃદ્ય પરિચય પ્રાપ્ત થાય છે. વિવેચક તરીકે તેમણે 'મહાભારત'થી માંડીને આજની કવિતા સુધીના પ્રયોગોનો અભ્યાસ કરીને સાહિત્યતત્ત્વ તથા કાવ્ય વિશેની આપણી વિભાવનાને પરિષ્કૃત કરી છે. સંશોધન-સંપાદન ક્ષેત્રે પણ ઉમાશંકરે ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે. એમણે આપેલા અનુવાદોમાં 'ગુલે પોલાંડ', 'ઉત્તરરામચરિત', 'શાકુંતલ', 'એકોત્તરશતી' (અન્ય ...)

ઉમાશંકરનું સમગ્ર પ્રદાન પણ સુન્દરમ્‌ની સમકક્ષ મૂકી શકાય તેવું સત્ત્વવંતું અને વૈવિધ્યપૂર્ણ છે.

## (3) 'સ્નેહરશ્મિ' (ઈ.સ. 1903-1991) :

કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નાટકકાર, ચરિત્રકાર, આત્મકથાકાર ઝીણાભાઈ રતનજી દેસાઈનો જન્મ વલસાડ જિલ્લાના ચીખલીમાં થયો હતો. 1920માં મૅટ્રિકનો અભ્યાસ અધૂરો છોડી અસહકારની લડતમાં સામેલ. 1921માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિનીત. 1926માં ત્યાંથી રાજ્યશાસ્ત્ર વિષય સાથે સ્નાતક. 1932-'33માં બેએક વર્ષ જેલવાસ. 1938માં શેઠ ચી. ન. વિદ્યાવિહાર, અમદાવાદમાં આચાર્ય અને નિયામક. 1961માં ઉત્તમ શિક્ષક તરીકે રાષ્ટ્રપતિ એવૉર્ડ. 1972માં મદ્રાસમાં ભરાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ. 1967નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમ જ 1985નો નર્મદચંદ્રક એનાયત.

ગાંધીયુગના આદર્શોનું મૂલ્ય અને તત્કાલીન કપરી વાસ્તવિકતા પરત્વેની પ્રતિક્રિયામાં સ્નેહરશ્મિના સર્જનનો સ્રોત જણાય છે. સ્વાધીનતા અને રાષ્ટ્રભક્તિનો સૂર એમની આરંભિક કવિતામાં મુખ્ય છે. પછીથી સૌન્દર્યાભિમુખતાનો ઉઘાડ જોઈ શકાય છે. 'અર્ઘ્ય', 'પનઘટ', 'અતીતની પાંખમાંથી', 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ', 'ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ', 'નિજલીલા' વગેરે એમના કાવ્યસંગ્રહો છે. તેમણે કેટલાંક સુદીર્ઘ ચિંતનકાવ્યો પણ લખ્યાં છે. તેમનાં પ્રણયકાવ્યોમાં ઊંડી આરત અને વિરહ છે. તેમનાં ગીતો પર રવીન્દ્રનાથના રહસ્યવાદની અને બંગાળી પયારની લયમધુર છાપ પડેલી છે. તેમની કવિતામાં ભાવની ગહનતા અને મધુરતા છે. જાપાની લઘુકાવ્યપ્રકાર હાઇકુ પ્રત્યેના પક્ષપાતે એમને હાઇકુઓના વિપુલસર્જન પ્રતિ પ્રેર્યા. પરિણામે એમના હાથે હાઇકુનું સ્વરૂપ ગુજરાતીમાં પ્રતિષ્ઠિત થયું. 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ', 'કેવળબીજ' અને 'સનરાઇઝ ઑન સ્નૉપીક્સ' હાઇકુ સંગ્રહો છે. 'તરાપો' અને 'ઉજાણી' એમના બાળકાવ્યોના સંગ્રહો છે. એમની 1921થી '84 સુધીની તમામ કવિતા 'સકલ કવિતા'માં સંગૃહીત થઈ છે.

ધૂમકેતુનું અનુસંધાન જાળવતી ઊર્મિપ્રધાન ટૂંકીવાર્તાઓના નિમ્નલિખિત સંગ્રહો એમની પાસેથી પ્રાપ્ત થયા છે : 'ગાતા આસોપાલવ', 'તૂટેલા તાર', 'સ્વર્ગ અને પૃથ્વી', 'મોટીબહેન', 'હીરાનાં લટકણિયાં', 'શ્રીફળ', 'કાલાટોપી', 'સ્નેહરશ્મિની શ્રેષ્ઠ વાર્તાઓ' વગેરે. તેમની નવલિકાઓ મિષ્ટ અને સાત્ત્વિક વાચનસામગ્રી પૂરી પાડે છે. તેમણે અઢાર વર્ષે પૂરી કરેલી નવલકથા 'અંતરપટ' જીવનના માંગલ્ય અને કારુણ્યને સ્પર્શવા પ્રયત્નશીલ કવિહૃદયની સંવેદનશીલતાની નીપજ છે. 'મટોડું ને તુલસી' એમનો નાટ્યસંગ્રહ છે. 'ભારતના ઘડવૈયા' એમનો ચરિત્રલેખ સંગ્રહ છે. 'પ્રતિસાદ' એમનો વિવેચનસંગ્રહ છે. 'મારી દુનિયા', 'સાફલ્યટાણું', 'ઊઘડે નવી ક્ષિતિજો'માં એમની આત્મકથા સાંપડી છે જે કવિશિક્ષકની **આંતરકથા** હોવાની સાથે તત્કાલીન રાજકીય-સામાજિક પરિસ્થિતિઓને પણ સ્પર્શે છે. 'ગાંધીકાવ્યસંગ્રહ', 'સાહિત્ય પલ્લવ', 'સાહિત્ય પાઠાવલિ' વગેરે તેમનાં સહસંપાદનો છે.

## (4) કૃષ્ણલાલ શ્રીધરાણી (ઈ.સ. 1911-1960) :

કવિ, નાટ્યકાર કૃષ્ણલાલ જેઠાલાલ શ્રીધરાણીનો જન્મ ઉમરાળા(ભાવનગર)માં થયો હતો. 1929માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. 1930ની ઐતિહાસિક દાંડીકૂચના એક સૈનિક તરીકે એમની પસંદગી થઈ. જેલવાસ ભોગવ્યો. 1931માં વિશ્વભારતી-શાંતિનિકેતનમાં દાખલ થયા. 1933માં ત્યાંથી સ્નાતક. બીજે વર્ષે અમેરિકાગમન. 1935મા [illegible] યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયોમાં એમ.એ. પછી પીએચ.ડી. થયા. 1946માં ભારત આવ્યા પછી એમની પ્રમુખ પ્રવૃત્તિ પત્રકારત્વ રહી. 1946માં રાજકોટ ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ઇતિહાસ અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રમુખ. 1958નો રણજિતરામ સુવર્ણચંદ્રક મરણોત્તર એનાયત.

'કોડિયાં' શ્રીધરાણીનો કાવ્યસંગ્રહ 'પુનરપિ' તેમનો મરણોત્તર સંગ્રહ છે. તેમણે કલાપીની જેમ નાની ઉંમરથી લોકહૃદયને સ્પર્શે તેવી સચોટ અને પ્રાસાદિક કાવ્યરચનાઓ કરી હતી. સુદીર્ઘ પરદેશવાસને કારણે તેમની કવિતા સ્પષ્ટપણે બે ભાગમાં વહેંચાઈ જાય છે. 'કોડિયાં'ની કવિતાની મુખ્ય અનુભૂતિઓ ત્રણ છે : (1) ગાંધીજીવન દૃષ્ટિથી જન્મેલું સંવેદન (2) સ્વાતંત્ર્ય ઝંખના (3) પ્રેમ, ભાવના, વાસ્તવ અને રચના સૌષ્ઠવને લીધે તેમની પૂર્વકાલીન કવિતા સંતર્પક બની છે. ઉત્તરકાલીન કવિતામાં કવિ સમક્ષ સૌથી મોટી સમસ્યા અભિવ્યક્તિની ઊભી થાય છે. ઉપરાંત, ભાવપ્રતીકોનો પ્રશ્ન પણ તેમને મૂંઝવે છે. અલબત્ત, આ સમસ્યાઓને તેઓ સફળતાપૂર્વક ઉકેલી લે છે. 'આઠમું દિલ્હી', 'બુદ્ધનું પુનરાગમન' તથા 'પુનરપિ'ની રચનાઓ

પરથી એ જોઈ શકાય છે. તેમણે કેટલાંક સુંદર બાળકાવ્યો પણ આપ્યાં છે. 'હાથરસનો હાથી' સવૈયા છંદમાં બાળકોને કહેલું કથાકાવ્ય છે.

શ્રીધરાણીએ નાનાંમોટાં મળી સોળ નાટકો લખ્યાં છે. 'વડલો' અને 'પીળાં પલાશ'માં સંગૃહીત બાળનાટકોમાં રંગદર્શિતા, કલ્પકતા, ઊર્મિતત્ત્વ અને ધ્વનિમયતા દૃષ્ટિગોચર થાય છે. રવીન્દ્રનાથનાં સૂક્ષ્મ રહસ્યલક્ષી નાટકોની છાયા શ્રીધરાણી લાવ્યા છે. 'બાળારાજા' તેમનું ઉત્તમ બાળનાટક છે. 'પદ્મિની' ઇતિહાસના વસ્તુને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ મૂલવતું પક્વ સર્જન છે. 'પિયોગોરી' અને 'ડૂસકું'માં થયેલો નાટ્યતત્ત્વ ને કાવ્યતત્ત્વનો સુમેળ એમને રમણીયતા પ્રદાન કરે છે. ત્રિઅંકી નાટક 'મોરનાં ઈંડાં' સામાજિક નાટક છે.

જેલવાસ દરમિયાન શ્રીધરાણીએ 'ઇન્સાન મિટા દૂંગા' નામક ટૂંકી નવલકથા લખેલી. તેની સાથે આઠ વાર્તાઓ પણ પ્રગટ થઈ છે જે સામાન્ય કક્ષાની છે. એમણે 'આપણી પરદેશ નીતિ' વિશે એક અભ્યાસગ્રંથ અને 'ધ મહાત્મા ઍન્ડ ધ વર્લ્ડ', 'ધ જર્નાલિસ્ટ ઇન ઇન્ડિયા' જેવા અનેક અંગ્રેજી ગ્રંથો પણ આપણને આપ્યા છે.

## 4.5 સારાંશ

આ એકમમાં તમે ગાંધીયુગના ચાર પ્રમુખ કવિઓ - સુન્દરમ્, ઉમાશંકર, સ્નેહરશ્મિ અને શ્રીધરાણીનો પરિચય પ્રાપ્ત કર્યો. આ ચાર પૈકી પ્રથમ બે માત્ર ગાંધીયુગના જ નહિ સમગ્ર ગુજરાતી સાહિત્યના પ્રમુખ સાહિત્યકારો છે. આ ચારે સમર્થ સર્જકોએ કવિતા ઉપરાંત ગદ્યનાં કેટલાંક સ્વરૂપોમાં પણ કામ કર્યું છે. તેથી તેમની સમગ્ર સાહિત્યસેવાનો સંક્ષિપ્ત ખ્યાલ અહીં આપવામાં આવ્યો છે. ગાંધીયુગમાં આ ચારે કવિઓ સિવાય બેટાઈ, બાદરાયણ, મનસુખલાલ ઝવેરી, દેશળજી પરમાર, કરસનદાસ માણેક, પૂજાલાલ, પ્રજારામ, ઇન્દુલાલ ગાંધી વગેરે અનેક કવિઓએ કાવ્યસર્જન કર્યું છે પણ વિસ્તારભયે એ બધાનો પરિચય અહીં આપવામાં આવ્યો નથી.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. ગાંધીયુગનાં એંધાણ પારખી આનંદશંકર ધ્રુવે આ યુગ અંગે કઈ અપેક્ષા વ્યક્ત કરેલી ?
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
2. સુન્દરમ્‌ના જીવનનો આછો ખ્યાલ આપો.
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
3. સુન્દરમ્‌ની કવિતાનો પરિચય આપી તેની કેટલીક લાક્ષણિકતાઓ દર્શાવો.
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
4. વાર્તાકાર સુન્દરમ્ વિશે ટૂંકી નોંધ લખો.
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
5. સુન્દરમ્‌ના વિવેચન તથા પ્રકીર્ણ સર્જન-વિવેચન વિશે માહિતી આપો.
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................
 ..........................................................................................

6. ઉમાશંકર [illegible] જીવનરેખા દોરો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

7. ઉમાશંકરની કવિતા વિશે સમીક્ષાત્મક નોંધ તૈયાર કરો..

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

8. નાટ્યલેખક ઉમાશંકરનો પરિચય આપો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

9. ઉમાશંકરના કથાસાહિત્યનો આછો ખ્યાલ આપો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

10. ઉમાશંકરનાં નિબંધ, ચરિત્ર અને વિવેચનકાર્યનો ટૂંકમાં પરિચય કરાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

11. સ્નેહરશ્મિના જીવનનો ટૂંકો ખ્યાલ આપો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

12. સ્નેહરશ્મિની કવિતા વિશે એક પરિચ્છેદ લખો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

13. સ્નેહરશ્મિના ગદ્યલેખનનો ટૂંકમાં ખ્યાલ આપો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

14. શ્રીધરાણીના જીવનનો સંક્ષિપ્ત પરિચય કરાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

15. શ્રીધરાણીની કવિતાનો આછો ખ્યાલ આપો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

16. શ્રીધરાણીના ગદ્યલેખનનો પરિચય કરાવો.

.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

નીચે વિભાગ 'ક'માં સાહિત્યકારોનાં નામ આપવામાં આવ્યાં છે. 'ખ' વિભાગમાં દરેકની બબ્બે કૃતિઓનાં નામ આપવામાં આવ્યાં છે. લેખકની સામેના કૌંસમાં કૃતિઓના ક્રમાંક દર્શાવો.

| ક | | ખ |
|---|---|---|
| 1. સુન્દરમ્ | ( ) | 1. પિયોગોરી |
| 2. ઉમાશંકર જોશી | ( ) | 2. પનઘટ |
| 3. સ્નેહરશ્મિ | ( ) | 3. બારણે ટકોરા |
| 4. શ્રીધરાણી | ( ) | 4. ઉન્નયન |
| | | 5. ગંગોત્રી |
| | | 6. વસુધા |
| | | 7. સાફલ્યટાણું |
| | | 8. પુનરપિ |

## 4.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા-2*, ધીરુભાઈ ઠાકર.
2. *ગુજરાતી સાહિત્યકોશ ખંડ-2*, મુ. સં[redacted]ટોપીવાળા.
3. *તપોવન*, સં. સુરેશ દલાલ.
4. *શબ્દયોગ*, સં.
5. *સુન્દરમ્ એટલે સુન્દરમ્*, સં. રામજીભાઈ કડિયા.
6. *કવિનો શબ્દ*, સં. સુરેશ દલાલ.
7. *ગાંધીયુગનું ગુજરાતી સાહિત્ય*, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન વાર્ષિક, ઑગસ્ટ '56, જયંત પાઠક.
8. *આધુનિક કવિતા પ્રવાહ*, જયંત પાઠક.
9. *અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણો* - રા. વિ. પાઠક.
10. *ઉમાશંકર જોશી* - મનસુખલાલ ઝવેરી.
11. *સમાલોચના* - અનંતરાય રાવળ

## 4.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઇયત્તા** - સ્ત્રી (સં.) આટલાપણું, મર્યાદા, પ્રમાણ, પરિમાણ;
**આર્ષદ્રષ્ટા આર્ષ** - વિ. (સં.) ઋષિસંબંધી, પવિત્ર, દિવ્ય, દૂરનું, ભવિષ્યનું જોઈ શકનાર;
**અનાવૃત્ત** - વિ. (સં.) ઢાંક્યા વિનાનું, ઉઘાડું, અરક્ષિત;
**સુશ્લિષ્ટ** - વિ. (સં.) સારી રીતે જોડેલું કે બેસાડેલું; **દિવંગત** - વિ. (સં.) પરલોકવાસી, મરણ પામેલું;
**આંતરકથા** - આંતર-વિ. (સં.) અંદરનું, માંહોમાંહેનું, આંતરિક.

## 4.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જુઓ : 6.4.3 પૂર્વભૂમિકા.
2. જુઓ : 6.4.4 અંતર્ગત (3) 'સુન્દરમ્'નો પ્રથમ પરિચ્છેદ.
3. જુઓ : 'સુન્દરમ્'નો, દ્વિતીય પરિચ્છેદ.
4. જુઓ : 'સુન્દરમ્'નો તૃતીય પરિચ્છેદ.
5. જુઓ : 'સુન્દરમ્'નો ચોથો-પાંચમો પરિચ્છેદ.
6. જુઓ : 'ઉમાશંકર જોશી'નો પ્રથમ પરિચ્છેદ.
7. જુઓ : 'ઉમાશંકર જોશી'નો દ્વિતીય પરિચ્છેદ.

8. જુઓ : 'ઉમાશંકર જોશી'નો તૃતીય પરિચ્છેદ.
9. જુઓ : 'ઉમાશંકર જોશી'નો ચતુર્થ પરિચ્છેદ.
10. જુઓ : 'ઉમાશંકર જોશી'ના પાંચ, છ, સાત પરિચ્છેદો.
11. જુઓ : 'સ્નેહરશ્મિ'નો પ્રથમ પરિચ્છેદ.
12. જુઓ : 'સ્નેહરશ્મિ'નો દ્વિતીય પરિચ્છેદ.
13. જુઓ : 'સ્નેહરશ્મિ'નો તૃતીય પરિચ્છેદ.
14. જુઓ : 'કૃષ્ણલાલ શ્રીધરાણી'નો પ્રથમ પરિચ્છેદ.
15. જુઓ : 'કૃષ્ણલાલ શ્રીધરાણી'નો દ્વિતીય પરિચ્છેદ.
16. જુઓ : 'કૃષ્ણલાલ શ્રીધરાણી'નો તૃતીય, ચતુર્થ પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. (4, 6)
2. (3, 5)
3. (2, 7)
4. (1, 8)

# એકમ 5 ગાંધીયુગના પ્રમુખ વિવેચકો

**રૂપરેખા**

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 પૂર્વભૂમિકા
5.3 પ્રમુખ વિવેચકો
5.4 સારાંશ
5.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો
5.6 ચાવીરૂપ શબ્દો
5.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 5.0 ઉદ્દેશો

આ એકમ 'ગાંધીયુગ'નો પાંચમો એકમ છે. તેનો અભ્યાસ કર્યા પછી તમે ગાંધીયુગના પ્રમુખ **વિવેચકોની વિવેચન-પ્રવૃત્તિ** વિશે માહિતી મેળવી શકશો.

## 5.1 પ્રસ્તાવના

આપણા સાહિત્યમાં સુધારકયુગમાં નવલરામ પંડ્યાથી શરૂ થયેલી વિવેચન-પ્રવૃત્તિએ પંડિત-યુગમાં નરસિંહરાવ દિવેટિયા, બ. ક. ઠાકોર, આચાર્ય આનંદશંકર ધ્રુવ વગેરે થકી ધારણ કરેલી ગતિ ગાંધીયુગમાં રા. વિ. પાઠક, ઉમાશંકર જોષી, વિ. મ. ભટ્ટ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વગેરે અનેક વિવેચકોની વિવેચન-પ્રવૃત્તિ દ્વારા વેગીલી તેમ જ વ્યાપક બની છે, જેનો જરૂરી પરિચય હવે તમે મેળવશો.

## 5.2 પૂર્વભૂમિકા

પંડિતયુગમાં થયેલી વિવેચન-પ્રવૃત્તિ નોંધનીય હોવા છતાં તે પ્રવૃત્તિ **શાસ્ત્રીયતા** તથા સૂક્ષ્મ **પૃથક્કરણ**ના અભિગમને વિશેષ અપનાવતી હતી. ઉપરાંત તેની ભાષા પણ તે કાળના **સર્જનાત્મક સાહિત્ય**માં પ્રયોજાતી હતી તેવી સંસ્કૃતપ્રચુર અને ભારેખમ હતી. પણ ગાંધીયુગમાં ગાંધીજીએ સાહિત્યમાં ભાષાની સાદગી તથા સરળતાના રાખેલા આગ્રહની અસર જેમ સર્જનાત્મક સાહિત્યમાં તેમ **વિવેચનાત્મક સાહિત્ય**માં પણ ઝિલાઈ છે. પરિણામે ગાંધીયુગનું વિવેચન ભાષાદૃષ્ટિએ પંડિતયુગના વિવેચન કરતાં સરળ રહીને વિકસ્યું છે. ઉપરાંત, અભિગમ બાબતે પણ એ વિવેચને શાસ્ત્રીયતાને સ્થાને **રસાત્મકતા અને સર્જનાત્મકતાને** અપનાવ્યાં છે. આ રીતે વિકસેલા વિવેચનના મૂળમાં ઘણા વિવેચકની નિષ્ઠાપૂર્વકની વિવેચન-સાધના રહેલી છે. એમાંના મુખ્ય મુખ્ય તથા અન્ય વિવેચકોનો હવે તમે પરિચય મેળવશો.

## 5.3 પ્રમુખ વિવેચકો

### (1) રામનારાયણ વિશ્વનાથ પાઠક (ઈ.સ. 1887-1955) :

રા. વિ. પાઠક ગાંધીયુગની વિવેચનની પ્રવૃત્તિના આરંભક ગણાયા છે. ગૂજરાત વિદ્યાપીઠના 'સાબરમતી' દ્વિમાસિકમાં એમણે કવિ બાલાશંકર કંથારિયાની કવિતા વિશે એક વિવેચન-લેખ લખ્યો ત્યારથી ગાંધીયુગની વિવેચન-પ્રવૃત્તિ શરૂ થઈ. ગાંધીયુગના 'સાહિત્યગુરુ' તરીકે ઓળખાયેલા પાઠકે કવિતા, ટૂંકી વાર્તા, નિબંધ વગેરેના સર્જન સાથે ત્રણેક દાયકા સુધી વિવેચન-પ્રવૃત્તિ કરી છે. પરિણામે 'અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો' (1938), 'સાહિત્યવિમર્શ' (1939), 'કાવ્યની શક્તિ' (1939),' 'આલોચના' (1944), 'સાહિત્યાલોક' (1954) તથા મરણોત્તર પ્રકાશન રૂપે 'નભોવિહાર' (1961) અને 'આકલન' (1964) વગેરે વિવેચનગ્રંથો તેમની પાસેથી મળે છે. જેમાં સાહિત્યના વિવિધ સિદ્ધાંતો/વિચારપ્રવાહોને લગતા, તેમ સાહિત્યકૃતિને લગતા વિવેચન લેખો પણ છે. પાઠકનું વિવેચનકાર્ય 'યુગધર્મ', 'પ્રસ્થાન' વગેરે સામયિકો નિમિત્તે તેમ જ ભાષા-સાહિત્યના અધ્યાપન-કાર્ય નિમિત્તે જે કંઈ લખાયું તેના પરિણામ રૂપ છે. એમાંનાં 'કાવ્યની શક્તિ', 'પ્રેમાનંદનો હાસ્યરસ', 'કાવ્યમાં વર્ણનું મહત્ત્વ', 'કાવ્યનું સત્ય' વગેરે વિષયક લેખ એમની વિવેચન શક્તિના સબળ નમૂના તરીકે જોઈ શકાય. તો, રસસિદ્ધાંતની ચર્ચા તથા સાહિત્યનાં વિવિધ વહેણો વિશેની વિવેચના પણ ધ્યાનપાત્ર રહી છે. તેમનાં કૃતિ-

વિવેચનો તેમને બૌદ્ધિક અભિગમ સ્વીકારીને ચાલતા, સાહિત્યતત્ત્વને લક્ષમાં રાખી કૃતિ ચકાસતા તથા તટસ્થતાપૂર્વક કૃતિ-અભિપ્રાય આપતા વિવેચક તરીકે ઉપસાવે છે. વિવેચક તરીકે તેમની ભાષા તેઓ વિદ્વાન હોવા છતાં, વિદ્વતા કે પાંડિત્યના ભારથી મુક્ત એવી શાસ્ત્રીય છતાં સુરેખ, પ્રવાહી, સ્પષ્ટ, સરળ અને ભાવકમાં સાહિત્યરુચિ પ્રગટાવવા/વિકસાવવા જેટલી સક્ષમ રહી છે. વિપુલતાની તેમ જ ગુણવત્તાની દૃષ્ટિએ નોંધનીય વિવેચન-પ્રવૃત્તિ કરનાર પાઠક 'ગુજરાતી સાહિત્ય-વિવેચનની પરંપરામાં (પંડિત યુગના) આનંદશંકર ધ્રુવ, પછીના મોટા વિવેચક છે'. - ડૉ. રમણલાલ જોશી ('અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' - ડૉ. રમેશ ત્રિવેદી, પૃ-208). ડૉ. જોશીએ 'કૃતિની માર્મિક સૂઝ, વિવેચકને આવશ્યક એવું તાદાત્મ્ય અને તાટસ્થ્ય, મૂલગામી દૃષ્ટિ, વૈજ્ઞાનિક વિશ્લેષણ અને રાગદ્વેષમુક્ત સ્પષ્ટ મતદર્શન', આદિને એમના વિવેચનના વિશેષો તરીકે ગણાવ્યા છે, જે યોગ્ય છે. પાઠકનાં આ પ્રકારનાં વિવેચનો થકી ગુજરાતી વિવેચન પ્રવાહે પંડિતયુગમાંની વિદ્વત્તા, વાગ્મિતા વગેરે છોડી ગાંધીયુગમાં એક નવો જ વળાંક દાખવ્યો છે. એ દૃષ્ટિએ પાઠકસાહેબની વિવેચન-સેવા સ્મરણીય રહેશે.

### (2) ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર - 'સુન્દરમ્' (ઈ.સ. 1908-1981) :

ગાંધીયુગના એક સમર્થ કવિ તરીકે જાણીતા 'સુન્દરમે' વિવેચનક્ષેત્રે અન્ય ગ્રંથ આપ્યા હોવા છતાં તે વિશેષ જાણીતા છે 'અર્વાચીન કવિતા' (1946) તથા 'અવલોકના' (1965) થકી. એમની વિવેચન શક્તિનો ઉત્તમ પરિચય કરાવતા અને એક સરસ સંદર્ભગ્રંથ બની રહેલા 'અર્વાચીન કવિતા'માં તેમણે નર્મદથી લઈ ગાંધીયુગ સુધીના ગુજરાતી કવિતા-પ્રવાહને તેની વિશેષતા-મર્યાદા સમેત રસપૂર્વક મૂલવ્યો છે. તો, 'અવલોકના'માં એમણે ગ્રંથાવલોકનો આપ્યાં છે. તેમાં બ. ક. ઠાકોર અને 'ખબરદાર'ની કવિતાવિષયક ઉપરાંત 'કલાપી'ની પત્રધારા વિષયક તેમ જ પન્નાલાલ પટેલની 'ભાંગ્યાના ભેરુ' નવલકથાવિષયક અવલોકન ધ્યાનાર્હ બન્યાં છે. દિલ્હીની સાહિત્ય અકાદમીએ અખિલ ભારતીય કક્ષાએ 1965ના વર્ષના શ્રેષ્ઠ વિવેચનગ્રંથ તરીકે આ ગ્રંથને પુરસ્કારી 'સુન્દરમ્'ની વિવેચન-પ્રવૃતિની ઉચિત કદર કરી છે. કૃતિ-વિવેચનમાં 'સુન્દરમ્'નો અભિગમ કૃતિને પૂર્વગ્રહમુક્ત રહી ચકાસવી ને એ રીતે તેના આંતરિક સૌંદર્યને પ્રગટ કરી આપવાનો રહ્યો છે. તેમાં તેમની કૃતિ પરની પકડ, વિષયને પામી જતી બુદ્ધિની તીક્ષ્ણતા, વિચારોની મૌલિકતા વગેરે પરખાય છે. એ દૃષ્ટિએ એમનું વિવેચન નરવું, વિશદ તથા માર્મિક રહ્યું છે. તો, વિવેચક તરીકે તેમનું ગદ્ય લાઘવપૂર્ણ છતાં સઘન અને અર્થસભર ભાસે છે. કૃતિ કે ગ્રંથકારના મૂલ્યાંકનમાં ઉદાર અને સમભાવી જણાતા 'સુન્દરમ્' સ્પષ્ટ કથન કરવા જેટલા નીડર પણ બની શક્યા છે ને આ રીતે એક વિવેચક તરીકે તે નોંધનીય બની રહે છે.

### (3) ઉમાશંકર જેઠાલાલ જોશી (ઈ.સ. 1911-1990) :

સાહિત્યસર્જન ક્ષેત્રે તેમ વિવેચન ક્ષેત્રે પણ જ્વલંત સિદ્ધિઓ પામેલા શ્રી ઉમાશંકર જોશીએ 'અખો - એક અધ્યયન' (1941), 'સમસંવેદન' (1949), 'અભિરુચિ' (1959), 'શ્રી અને સૌરભ' (1967), 'પ્રતિશબ્દ' (1967) વગેરે વિવેચનગ્રંથ આપ્યા છે. જેમાં નરસિંહ મહેતાથી માંડીને નિરંજન ભગત સુધીના અનેક સાહિત્ય-સર્જક, તેમની કૃતિઓ, સાહિત્યના વિવિધ પ્રવાહો, ભિન્ન ભિન્ન સાહિત્ય-સ્વરૂપો આદિ વિષયક વિવેચન મળે છે. જેમ કે, 'અખો- એક અધ્યયન'માં મધ્યકાળના વેદાંતી કવિ અખાનાં સર્જન-દર્શનનું ઊંડું અને માર્મિક વિશ્લેષણ છે. તો, 'સમસંવેદન', 'નિરીક્ષા', 'પ્રતિશબ્દ' વગેરેમાં વિવેચન ક્ષેત્રના પ્રશ્નો, સમકાલીન કવિતા વગેરે વિષયક અભ્યાસપૂર્ણ ચર્ચાઓ છે. 'શૈલી અને સ્વરૂપ'માં શૈલીવિષયક તથા નિબંધ, એકાંકી, સૉનેટ, મુક્તક વગેરેની સ્વરૂપવિષયક છણાવટ છે. 'કવિની સાધના'માં રવીન્દ્રનાથ ટાગોર, ગોવર્ધનરામ, હેમિંગ્વે વગેરે સર્જકોની તથા તેમના સર્જનકર્મની આલોચના છે. તો, 'શ્રી અને સૌરભ'માં સંસ્કૃત સાહિત્યની પ્રસિદ્ધ કૃતિઓ(ઉદા. 'મહાભારત', 'કુમારસંભવમ્', 'શાકુન્તલ', 'ઉત્તરરામચરિતમ્' વગેરે)ની વિદ્વત્તાપૂર્ણ સમીક્ષા છે. આવા વિવિધ વિવેચનસંગ્રહોમાંના અનેક લેખ ધ્યાનપાત્ર બન્યા છે. ઉદાહરણ 'ગુજરાતી ગદ્યની પલટાતી લઢણો', 'પ્રજાના પ્રાણની પ્રયોગશાળા', 'કવિતા તથા પ્રાગતિકતા', 'મહાભારતમાં માનવતા', 'અંગ્રેજી અમલનું કવિતા સાહિત્ય', 'વાસ્તવવાદ', 'મંત્રકવિતા' વગેરે 'વિવેચનલેખ', 'સરસ્વતીચન્દ્ર', 'માનવીની ભવાઈ' વગેરેની કૃતિ-સમીક્ષા આદિ. આ રીતે શ્રી જોશીએ વિશાળ માત્રામાં અને સત્ત્વશીલ વિવેચન-પ્રવૃતિ ગુજરાતી સાહિત્યને ચરણે ધરી છે. તેમને સાહિત્યના ઊંડા અભ્યાસી ઠેરવતાં તેમનાં વિવેચનો વિશદ, રસાળ, મર્મગામી, સંશોધનાત્મક તથા સર્જકતાના અંશોથી ઉજ્જવળ છે. તો, તેમનું વિવેચન-ગદ્ય પણ ચોકસાઈસભર [illegible]. તર્કસંગત તથા વિવેચનક્ષેત્રના પારિભાષિક શબ્દો પ્રયોજતું છે.

ડૉ. રમેશ ત્રિવેદી ('અર્વાચીન ગુજરાતા સાહિત્યનો ઇતિહાસ' - પૃ. 375) નોંધે છે, 'ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય તેમ જ વિવેચનાનો તેમનો તલસ્પર્શી ગહન અભ્યાસ અને તેમનું સર્જકપણું તેમની વિવેચનાને હૃદયસ્પર્શી બનાવે છે ને એ રીતે, વિવેચનક્ષેત્રે ઉમાશંકર જોશી એક યાદગાર નામ સિદ્ધ થઈને રહ્યા છે.

### (4) વિજયરાય કલ્યાણરાય વૈદ્ય (ઈ.સ.1897-1974) :

'ચેતન', 'માનસી', 'ગુજરાત', 'કૌમુદી', 'રોહિણી' આદિ સામયિક નિમિત્તે વિવેચનસેવા કરનાર વિજયરાય વૈદ્યે 'સાહિત્યદર્શન', 'જૂઈ અને કેતકી', 'લીલાંસૂકાં પાન', 'બત્રીસનું ગ્રંથસ્થ વાઙ્મય', 'ગુજરાતી સાહિત્યની રૂપરેખા', 'ગત શતકનું ગુજરાતી સાહિત્ય', 'નીલમ અને પોખરાજ' વગેરે વિવેચનગ્રંથમાં સૈદ્ધાંતિક તેમ જ કૃતિનિષ્ઠ એમ બન્ને પ્રકારનાં વિવેચન આપ્યાં છે. વૈદ્ય વિવેચનને શાસ્ત્ર ઉપરાંત રસ તથા ઊર્મિના વિષય તરીકે પણ સ્વીકારતા હોવાથી એમનાં વિવેચનો ગુજરાતી વિવેચન પ્રવાહમાં એક નવી જ વિવેચનશૈલી - રસલક્ષી કે કૌતુકરાગી લઢણવાળી-નું દર્શન કરાવે છે. એ દૃષ્ટિએ તેમને 'ગુજરાતમાં આધુનિક વિવેચનકલાના આદ્યદ્રષ્ટા' તરીકે પણ ઓળખાવાયા છે. કેટલાંક મીતાક્ષરી (ટૂંકાં કદનાં) તો કેટલાંક ઝીણી ઝીણી વિગતોથી સભર ને તેથી પ્રસ્તારી (લાંબાં કદનાં) એવાં તથા ભાવકો સાથે રસ, સહૃદયતા અને ઔપચારિકતા કેળવી જતાં એમનાં વિવેચનો વિવેચક તરીકે એમને સજાગ, ધ્યેયનિષ્ઠ, નિર્ભય તથા તટસ્થ ઠેરવી જાય છે. એ વિવેચનો એક તરફ પ્રતિષ્ઠિત સર્જકોને એમની સર્જનમર્યાદા બદલ આત્મનિરીક્ષણ ભણી વાળવા પ્રયત્નશીલ રહ્યાં છે, તો બીજી તરફ નવોદિત સર્જકોને પ્રોત્સાહક નીવડવા પણ મથ્યાં છે. આવાં વિવેચનો આપનાર શ્રી વૈદ્યમાં વિવેચક તરીકે ક્વાંક સમાધાનપ્રિયતાનું વલણ કે અભ્યાસની ઊણપ પણ કળાય છે. તોપણ, ગુજરાતી વિવેચનમાં પોતાની શૈલી થકી નવો ચીલો આંકનાર વિવેચક તરીકે તેમને સ્મરવા રહ્યા.

### (5) વિશ્વનાથ મગનલાલ ભટ્ટ (ઈ.સ. 1898-1968) :

વિશ્વનાથ ભટ્ટે 'સાહિત્ય સમીક્ષા', 'વિવેચનમુકુર', 'નિકષરેખા', 'પૂજા અને પરીક્ષા' વગેરે વિવેચનગ્રંથ આપ્યા છે. તેમાંના 'વિવેચન : શાસ્ત્ર કે કલા ?', 'સાહિત્યમાં અપહરણ', 'કૂપમંડુકતા' વગેરેના શીર્ષકધારી લેખ, તેમ જ દલપતરામ, ઝવેરચંદ મેઘાણી, ર. વ. દેસાઈ વગેરેના સર્જનકાર્યનું અવલોકન તેમને સફળ વિવેચક કહેવડાવે તેવાં છે. વિવેચનોમાં સરળતા, વિશદતા, સર્વગ્રાહિતા, તાટસ્થ્ય અને સહાનુભૂતિપૂર્ણ મતદર્શન દાખવતા ભટ્ટ પણ વિ. ક. વૈદ્ય માફક વિવેચન પ્રક્રિયાને પરોપજીવી પ્રક્રિયા નહિ, પણ સ્વતંત્ર સર્જન જેટલું મહત્ત્વ આપતા હોવાથી 'રસાત્મક વિવેચન'ના આગ્રહી રહ્યા છે. તેથી એમનાં વિવેચનો પણ રસમય, વેગીલી તથા આકર્ષક ગદ્યશૈલીએ રસાત્મકતાનો અનુભવ કરાવનારાં બન્યાં છે. જોકે એમના ઉત્તરકાળનાં વિવચનોમાં, મંતવ્યોમાં પૂર્વગ્રહપૂર્ણ એકપક્ષી વલણ પણ ક્યાંક ક્યાંક નજરે ચડે છે. આમ છતાં, ભટ્ટનાં વિવેચનો એકંદરે પ્રસ્તારી હોવા છતાં તેમાં કળાતી તેમની વિદ્વત્તા, બહુદર્શિતા, પ્રમાણભૂતતાની જાળવણી, નીડરતા વગેરે જેવા ગુણો એમને એક 'અધિકારી વિવેચક' કહેવડાવે છે.

### (6) વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી (ઈ.સ. 1899-1991) :

વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય', 'ગોવર્ધનરામ : ચિંતક અને સર્જક', 'વિવેચના', 'પરિશીલન' વગેરે વિવેચનગ્રંથ આપ્યા છે. એમાંના 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય' માંનું અર્વાચીન ગુજરાતી સાહિત્યના ચિંતકોની ચિંતનસમૃદ્ધિનું નિરૂપણ-વિશ્લેષણ, 'ગોવર્ધનરામ : ચિંતક અને સર્જક'માંનું 'સરસ્વતીચન્દ્ર' સંદર્ભિત અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો રૂપે થયેલું ગાવર્ધનરામનું સર્જક લેખે મૂલ્યાંકન આદિ ખાસ ધ્યાન ખેંચે છે.

સ્વભાવે ચિંતક એવા ત્રિવેદી કૃતિનિષ્ઠ વિવેચનમાં કૃતિનાં નોંધપાત્ર લક્ષણો તારવતાં જઈ ચર્ચા કરવાનું કે મતદર્શન કરાવનું વલણ ધરાવે છે. જોકે એમને સિદ્ધાંતનિષ્ઠ વિવેચનમાં રસ વધુ રહ્યો હોવાનું જણાય છે. આમ છતાં, બન્ને પ્રકારનાં એમનાં વિવેચનો પ્રસન્નમધુર શૈલીએ શાસ્ત્રીય, સમતોલ તથા સમૃદ્ધ થયાં છે. દોષદર્શન વખતે પણ કટુતાને સ્થાને સમભાવી રહેતા ત્રિવેદી ગાંધીયુગના એક ઉત્તમ વિવેચક કહેવાયા છે.

### (7) ડોલરરાય રંગીલદાસ માંકડ (ઈ.સ.1902-1970) :

સંસ્કૃત ભાષા-સાહિત્યના સમર્થ અભ્યાસી એવા શ્રી માંકડે કાવ્ય, રસ, અલંકાર તથા નાટ્યશાસ્ત્ર-વિષયક અભ્યાસ લેખો સમાવતો 'કાવ્યવિવેચન' નામે શાસ્ત્રીય કાવ્યચર્ચાનો પ્રમાણભૂત ગણાતો ગ્રંથ આપ્યો છે. વિગત પ્રચુરતા, સૂક્ષ્મ પૃથક્કરણ, સમતુલા, સત્યાસત્ય વિવેક તથા અરૂઢ અભિપ્રાય કથનની લાક્ષણિકતાવાળાં એમનાં વિવેચનોમાં માંકડ જૂની તેમ જ નવી વિવેચન-પદ્ધતિઓનો સમન્વય કરતા જણાય છે.

### (8) અનંતરાય રાવળ (ઈ.સ. 1912-1989) :

રાવળ પાસેથી મોટે ભાગે અધ્યાપકીય સ્વાધ્યાયના પરિણામ રૂપે 'સાહિત્યવિહાર', 'ગંધાક્ષત', 'સાહિત્યનિકષ', 'સાહિત્યવિવેક, 'સમીક્ષા', 'સમાલોચના', 'તારતમ્ય' વગેરે વિવેચનગ્રંથ મળે છે. એમાંનાં વિવેચનો શ્રી રાવળમાં વિષયમાં ઊંડાં ઊતરવાની શક્તિ, ઝીણવટભરી ચોકસાઈ, સુવ્યવસ્થિતતા, રસ પકડનારી મર્મગ્રાહી દૃષ્ટિ વગેરે ગુણો હોવાનું સૂચવી, તેમને સ્વસ્થ અને સમતોલ વિવેચક ઠરવે છે. ઈ.સ. 1937, 1945 1946 તથા 1947ના ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા કરતા 'સમીક્ષા' ગ્રંથને કે વિવિધ સામયિકમાં કરેલાં ગ્રંથાવલોકનોને સમાવતા 'સમાલોચના'ને જોતાં સમજાય છે કે શ્રી રાવળ વિવેચક તરીકે સહૃદય, સમભાવપૂર્ણ તથા ગુણદર્શી રહ્યા છે. કૃતિ કે કર્તાના દોષદર્શન વેળાએ, તેમ પોતાના અભિપ્રાય કે અવલોકનમાં અલગ પડતી વખતે પણ તે ઉગ્રતા કે કટુતાને સ્થાને શિષ્ટતા તથા સૌમ્યતાને અપનાવે છે. તળપદી ગુજરાતી અને શિષ્ટ સંસ્કૃતના મિશ્રણવાળી કથનપદ્ધતિએ રોચક તથા સચોટ અને સુગ્રાહ્ય બનેલાં એમનાં વિવેચનો સર્જકને યોગ્ય પ્રોત્સાહન તથા અભ્યાસીને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડી તેમના વિવેચક તરીકેના વ્યક્તિત્વને 'નિર્મળ' એવું વિશેષણ લગાવી જાય છે.

*  *  *

ઉપરોક્ત પ્રમુખ વિવેચકો ઉપરાંત **મનસુખલાલ ઝવેરી(ઈ.સ. 1907-1981)એ** 'થોડા વિવેચન લેખો', 'પર્યેષણા', 'અભિગમ' વગેરે વિવેચન ગ્રંથ આપ્યા છે. શાસ્ત્રીયતા તેમ જ રસવૃત્તિનો સમન્વય દાખવતાં તેમનાં વિવેચનોમાં નીડર વક્તૃત્વ, મર્મસ્પર્શી દૃષ્ટિ, લક્ષ્યગામી શૈલી તેમ જ નિખાલસ અભિપ્રાયકથન જોવા મળે છે. **રસિકલાલ છોટાલાલ પરીખે(ઈ.સ. 1890-1982)** સંસ્કૃત રસસૂત્ર કે અલંકાર આદિ શાસ્ત્ર પ્રતિ ઝોક દાખવતાં ગ્રંથવિવેચન તથા સિદ્ધાંત-ચર્ચા આપ્યાં છે. **નવલરામ જ. ત્રિવેદી(ઈ.સ. 1895-1944)એ** 'કેટલાંક વિવેચનો', 'નવાં વિવેચનો', 'શેષ વિવેચનો' વગેરે ગ્રંથ આપ્યા છે. વિશ્લેષણાત્મક પદ્ધતિનાં તથા વિગતભરપૂર એવાં એમનાં વિવેચનોમાં મ. ન. ત્રિવેદી, 'કલાપી' વગેરે વિષયક તથા મુનશીનાં નાટક અને નવલકથા વિશેના લેખો માહિતીની દૃષ્ટિએ ધ્યાનપાત્ર બન્યા છે. **ક. મા. મુનશી(ઈ.સ. 1887-1971)એ** 'કેટલાક લેખો', 'થોડાંક રસદર્શનો' વગેરે દ્વારા વિવેચનસેવા બજાવી છે. **સુંદરજી બેટાઈ** ('સુવર્ણમેઘ', 'ગુજરાતી સાહિત્યમાં સૉનેટ'), **પ્રેમશંકર ભટ્ટ** ('મધુપર્ક'), **ભાઈલાલ કોઠારી** ('વિવેચનસંચય'), **જેહાંગીર સંજાના** ('ક્લાન્ત કવિ કે કલાંત કવિ ?'), **ર. વ. દેસાઈ** ('જીવન અને સાહિત્ય' - ભાગ : 1, 2, 'સાહિત્ય અને ચિંતન') વગેરેને પણ અહીં યાદ કરી શકાય. કેટલાક વિવેચકની પ્રમુખ વિવેચનસેવા વિશિષ્ટ ક્ષેત્રની સૂચક રહી છે. જેમ કે **ઝવેરચંદ મેઘાણી(ઈ.સ. 1896-1947)એ** લોકસાહિત્યના ક્ષેત્રને ધ્યાનમાં રાખી, 'લોકસાહિત્ય', 'લોકસાહિત્ય-પગદંડીનો પંથ', 'ચારણો અને ચારણી સાહિત્ય', 'ધરતીનું ધાવણ', 'લોકસાહિત્યનું સમાલોચન' વગેરે વિવેચનગ્રંથ આપ્યા છે. તેમ **જયંતિ દલાલ (ઈ.સ. 1909-1970)** ('કાયા લાકડાંની, માયા લૂગડાંની', 'નાટક વિશે' વગેરે), **ચન્દ્રવદન ચીમનલાલ મહેતા(ઈ.સ. 1909-1991)** ('નાટક ભજવતાં', 'લિરિક અને લગરિક', 'નાટ્યરંગ' વગેરે) તથા **ધનસુખલાલ મહેતા (ઈ.સ. 1899-1976)** ('બિનધંધાદારી રંગભૂમિનો ઇતિહાસ' વગેરે), આદિએ રંગભૂમિ, નાટકનું સ્વરૂપ, નાટકસાહિત્ય વગેરે સંદર્ભિત વિવેચનો આપ્યાં છે. તો, **પંડિત સુખલાલજી, મુનિ શ્રી જિનવિજયજી, કે. કા. શાસ્ત્રી, મધુસૂદન મોદી, ડૉ. મંજુલાલ મજમુદાર, ડૉ. કે. બી. વ્યાસ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિવલ્લભ ભાયાણી** આદિએ ગુજર[illegible]ા, ભાષાવિજ્ઞાન, **પ્રાચ્યવિદ્યા** વગેરે વિષયક સંશોધનાત્મક વિવેચનો આપ્યાં છે. તો, **ક. મા. મુનશી** ('ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર'), **વિ. ક. વૈદ્ય** ('ગુજરાતી સાહિત્યની રૂપરેખા'), **અનંતરાય રાવળ** 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' વગેરેએ આસ્વાદ કે માહિતીલક્ષી સાહિત્ય-ઇતિહાસ પણ આલેખ્યો છે. આ રીતે ગાંધીયુગ દરમ્યાન ગુજરાતી વિવેચનક્ષેત્રે ખાસ્સા વિવેચક પ્રકાશમાં આવી, વિકસ્યા છે, કોઈ અધ્યાપકીય કારકિર્દીના પરિણામે, તો કોઈ પત્રકારત્વના અનુષંગે. કેટલાકે કેવળ વિવેચન-પ્રવૃત્તિ જ અપનાવી છે, તો કેટલાકે અન્ય સાહિત્યસ્વરૂપ પરત્વે કલમ ચલાવતા રહીને. આમાંના કોઈ કોઈના વિવેચનમાં ક્યાંક ક્યાંક દોષદર્શન પણ જણાય છે, જેમ કે **વિ. મ. ભટ્ટ**માં એકની એક વાતને જુદી જુદી દલીલો કે દૃષ્ટાંતો દ્વારા રજૂ કરવાની ટેવે બિનજરૂરી **દીર્ઘસૂત્રતા** તથા પુનરાવર્તનદોષ પમાય, **નવલરામ ત્રિવેદી**માં ઘણી વાર, વિષયના ઊંડાણમાં ઊતરવાને બદલે સપાટી પર ફરી લેવાનું વલણ જણાય, તો **ક. મા. મુનશી**માં તાટસ્થ્યનો અભાવ તારવી શકાય. તોપણ કહી શકાય કે મોટા ભાગના વિવેચકોની વિવેચન-પ્રવૃત્તિ નિષ્ઠા તથા તાટસ્થ્ય સૂચક ને એ રીતે એક વિવેચકની જવાબદારીને વફાદાર રહી

છે. આ પ્રકારે દરેક વિવેચકે યથાશક્તિ વિવેચન પ્રવાહમાં ફાળો આપી, તે પ્રવાહને ગાંધીયુગમાં પુષ્ટ તથા બળવાન કર્યો છે.

## 5.4 સારાંશ

ગાંધીયુગમાં વિવેચન-પ્રવૃત્તિ રા. વિ. પાઠક થકી આરંભાઈ. તેમણે પંડિતયુગની પાંડિત્યભરી ભાષાને બદલે પાંડિત્યભારવિહોણી સરળ ભાષામાં અભ્યાસુવૃત્તિસૂચક વિવેચન દ્વારા ગુજરાતી વિવેચન-પ્રવૃત્તિના પ્રવાહમાં નવો વળાંક આણ્યો. તો, સુન્દરમે, 'અર્વાચીન કવિતા' દ્વારા એક યાદગાર કામ કરી આપ્યું. ઉમાશંકર જોશીની વિવેચનસેવા સત્ત્વશીલ તેમ જ માતબર રહી છે. તો, વિ. ક. વૈદ્યે વિવેચનના ક્ષેત્રને પણ સર્જનક્ષેત્ર જેવું જ ગણી નવી તથા રસાળ શૈલીનાં વિવેચનનો આરંભ કર્યો. વિ. મ. ભટ્ટ પણ એમને અનુસરીને ચાલ્યા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનાં વિવેચનોમાં ચિંતનતત્ત્વનું પાસું ઊપસે છે, તો ડોલરરાય માંકડમાં નવી-જૂની વિવેચન-પદ્ધતિઓનો સમન્વય થયેલો તારવી શકાય છે. અનંતરાય રાવળની વિવેચન-પ્રવૃત્તિ તેમની એક જુદી જ છબી ઊભી કરી જાય છે. તો, વિશિષ્ટ ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને થયેલી વિવેચન-પ્રવૃત્તિ પણ જે તે વિવેચકને ગૌરવ અપાવે તેવી થઈ છે. આ પ્રકારની વિશાળ વિવેચન-પ્રવૃત્તિમાં જેમ કૃતિનિષ્ઠ તથા સિદ્ધાંતનિષ્ઠ વિવેચનો મળ્યાં છે તેમ સર્જક, ભાષા, ભાષાવિજ્ઞાન, રંગભૂમિ, સાહિત્યઇતિહાસ આદિ વિષયક અભ્યાસ-વિવેચનો પણ મળ્યાં છે. આ યુગના વિવેચકોએ એક વિવેચકની સજ્જતા સાથે વિવેચન-પ્રવૃત્તિ કરી છે. તાટસ્થ્યપૂર્વકની છતાં સમભાવી તેમની એવી વિવેચન-પ્રવૃત્તિમાં એક તરફ, પ્રતિષ્ઠિત હોય તેવા સર્જકનો દોષ હોય તો તે પણ દર્શાવાયો છે, તો બીજી તરફ નવોદિતોને યોગ્ય દિશા ચીંધી પ્રેરણા આપવાનું વલણ પણ છે. વર્તમાન યુગમાં ક્યાંક ક્યાંક દેખા દેતી પ્રતિપક્ષના સર્જકને ઉતારી પાડવાની કે વખોડવાની એકપક્ષીય નીતિથી ગાંધીયુગના વિવેચકો મહદંશે અલિપ્ત કે દૂર રહ્યા છે એ, એ યુગની વિવેચન-પ્રવૃત્તિનું એક વધુ જમા પાસું ગણી શકાય. આ તથા આવાં અન્ય જમા પાસાંને લીધે ગાંધીયુગનું વિવેચન સત્ત્વ, વિકાસ તેમ જ જથ્થાની દૃષ્ટિએ ધ્યાનપાત્ર બન્યું છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

૧. ગાંધીયુગમાં વિવેચનમાં સૌ પ્રથમ વળાંક કોના થકી અને કઈ રીતે આવે છે ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

2. 'અર્વાચીન કવિતા'ના લેખક કોણ છે ? એ વિવેચનગ્રંથનું મહત્ત્વ શું છે ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

3. ઉમાશંકર જોશીનાં વિવેચનોની લાક્ષણિકતાઓ જણાવો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

4. વિ. ક. વૈદ્ય 'ગુજરાતમાં આધુનિક વિવેચનકલાના આદ્યદ્રષ્ટા' કયાં કારણોસર કહેવાયા છે ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

5. વિવેચક તરીકે અનંતરાય રાવળના ચાર ગુણ નોંધો.

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

............................................................  ..............................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

7. **નાટક, રંગભૂમિ વગેરે સંદર્ભિત વિવેચન કોની કોની પાસેથી મળે છે ?**

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

8. **ગુજરાતી ભાષા, ભાષાવિજ્ઞાન વગેરે ક્ષેત્રે સંશોધન-વિવેચન કરનાર કોઈ પણ ચારનું નામ આપો.**

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

9. **કયા વિવેચકોની વિવેચનામાં મર્યાદા દેખા દે છે ?**

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 5.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા'-2* - ડૉ. ધીરુભાઈ ઠાકર
2. *'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'* - ડૉ. રમેશ એમ. ત્રિવેદી


## 5.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વિવેચક :** અન્ય કોઈ સાહિત્યસર્જકની કૃતિના ગુણદોષની તપાસ કરનાર કે સાહિત્ય-સર્જન ક્ષેત્રે પ્રવર્તતા નિયમો/માન્યતાઓ/સિદ્ધાંતો/વિચારો વગેરે અંગે પોતાનાં મંતવ્યો, અભ્યાસ, સંશોધન, વિચાર વગેરે પ્રગટ કરનાર વ્યક્તિ.

**વિવેચન-પ્રવૃત્તિ :** વિવેચક દ્વારા થતી કૃતિ-પરિક્ષણ વગેરેની પ્રવૃત્તિ.

**શાસ્ત્રીય :** વિવેચનશાસ્ત્રના સિદ્ધાંતોને અનુસરીને થયું હોય તેવું.

**સૂક્ષ્મ પૃથક્કરણ :** કૃતિને ઝીણી ઝીણી બાબતો સાથે - સાંગોપાંગ - મૂલવાની રીતિ.

**સર્જનાત્મક સાહિત્ય :** નવલકથા, ટૂંકી વાર્તા, નાટક વગેરે સ્વરૂપમાં રચાયેલું સાહિત્ય.

**વિવેચનાત્મક સાહિત્ય :** વિવેચન સૂચવતું સાહિત્ય.

**અને સર્જનાત્મકતા :** શાસ્ત્રીય સિદ્ધાંતોને બદલે રસનો/આનંદનો તથા સર્જનાત્મક થાય તેવો અનુભવ કરાવતાં ભાષા-લક્ષણો.

**તાદાત્મ્ય :** કૃતિ સાથે એકલીન થવું તે.

**વાગ્મિતા :** ભાષાડંબર.

**પૂર્વગ્રહમુક્ત :** કૃતિ ચકાસતાં પહેલાં જ કૃતિ વિશે મનમાં કેટલાક બાંધી લીધેલા ખ્યાલમાંથી મુક્ત.

**વિશદ :** સ્વચ્છ, નિર્મળ.

**સમભાવી :** સમાન ભાવ રાખનાર.

**પાશ્ચાત્ય :** પશ્ચિમના પ્રદેશનું.

**તલસ્પર્શી :** છેક મૂળ સુધી જતું.

**સૈદ્ધાંતિક :** કોઈક સાહિત્યસિદ્ધાંતને અનુસરીને ચાલતું.

**કૃતિનિષ્ઠ :** સાહિત્યકૃતિને કેન્દ્રમાં રાખતું.

**ધ્યેયનિષ્ઠ :** વિવેચનના ધ્યેય પ્રત્યે નિષ્ઠાવાન.

**બહુદર્શિતા :** કૃતિમાંના અનેક મુદ્દાને આવરી લેવાની સજ્જતા.

**સત્યાસત્ય વિવેક :** સત્ય તથા અસત્યને તારવી બતાવવાની નમ્રતા.

**અરૂઢ :** પ્રચલિત ન હોય તેવું.
**સમન્વય :** સુમેળ.
**સમતોલ :** કોઈને અન્યાય ન લાગે તેવું.
**વાઙ્મય :** વાણીમય - ભાષા દ્વારા જે કંઈ લખાયું છે તે.
**ગુણદર્શી :** ગુણને જોનાર.
**પ્રાચ્યવિદ્યા :**
**દીર્ઘસૂત્રતા :** લંબાણ.

## 5.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

1. જુઓ : 5.3માં 'રામનારાયણ વી. પાઠક' મુદ્દા હેઠળનું લખાણ.
2. જુઓ : 5.3માં 'સુન્દરમ્'વિષયક લખાણ.
3. જુઓ : 5.3માં 'ઉમાશંકર જોશી' વિષયક લખાણ.
4. જુઓ : 5.3માં 'વિજયરાય કલ્યાણરાય વૈદ્ય'વિષયક લખાણ.
5. કથનમાં રોચકતા, લખાણમાં સુગ્રાહ્યતા, સચોટતા, માહિતીની દૃષ્ટિએ વિશ્વસનીયતા.
6. જુઓ : 5.3માં 'મેઘાણી'વિષયક લખાણ.
7. ધનસુખલાલ મહેતા, ચં. ચી. મહેતા, જયંતિ દલાલ.
8. કે. કા. શાસ્ત્રી, ડૉ. કે. બી. વ્યાસ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિવલ્લભ ભાયાણી.
9. જુઓ : 5.3માંનો અંતિમ પરિચ્છેદ.

# એકમ 6 અન્ય સ્વરૂપ-સર્જન પરિચય

**રૂપરેખા**

6.1 ઉદ્દેશો
6.2 પ્રસ્તાવના
6.3 પૂર્વભૂમિકા
6.4 ગાંધીયુગમાં નાટક
6.5 ગાંધીયુગમાં નિબંધ
6.6 ચરિત્રસાહિત્ય - બાળસાહિત્ય વગેરે
6.7 સારાંશ
6.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો
6.9 ચાવીરૂપ શબ્દો
6.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 6.1 ઉદ્દેશો

ગાંધીયુગના સાહિત્યનો આ અંતિમ એકમ છે. આ એકમના અભ્યાસ દ્વારા તમે -

- ગાંધીયુગનાં કવિતા, કથાસાહિત્ય અને વિવેચન સિવાયનાં કેટલાંક મહત્ત્વનાં સ્વરૂપોથી પરિચિત થશો.
- ગાંધીયુગમાં નાટક, નિબંધ, ચરિત્ર સાહિત્ય, બાળસાહિત્ય વગેરે ક્ષેત્રે કેવું ખેડાણ થયું છે એનો ખ્યાલ મેળવશો.
- ઉપર્યુક્ત સ્વરૂપોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર પ્રમુખ સર્જકોથી તથા તેમના સર્જનથી પરિચિત થશો.

## 6.2 પ્રસ્તાવના

આ ગાંધીયુગવિષયક વિભાગના અગાઉના પાંચ એકમોમાં તમે ગાંધીજી તથા ગાંધીશાસનના લેખકોના સાહિત્યથી તથા આ યુગના કવિતા, કથાસાહિત્ય જેવાં સ્વરૂપોથી માહિતગાર થઈ ગયા છો. પાંચમા એકમમાં આ યુગના વિવેચકોનો ખ્યાલ પણ તમે મેળવ્યો. આ એકમમાં એ સિવાયનાં મુખ્ય સ્વરૂપોમાં કેવું ખેડાણ થયું છે અને કયા મોટા સર્જકોએ ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે તેનો આછો ખ્યાલ મેળવવાનો અહીં પ્રયત્ન કરીશું. ગાંધીયુગમાં નાટક અને નિબંધક્ષેત્રે ધ્યાનાકર્ષક ખેડાણ થયું છે. ચરિત્ર સાહિત્ય પણ ઠીક ઠીક ખેડાયું છે. ગાંધીજીએ અસાધારણ આત્મકથા આપી એક **સીમાસ્તંભરૂપ** કૃતિ આપી છે. અન્ય સ્વરૂપોમાં પણ કેટલીક નોંધપાત્ર કૃતિઓ સાંપડી છે.

## 6.3 પૂર્વભૂમિકા

આપણે અગાઉના એકમોમાં જે મુખ્ય સ્વરૂપોનો વિચાર કર્યો તે નવલકથા, નવલિકા, કવિતા અને વિવેચન સાથે ગાંધીજી કે તેમના અંતેવાસી સાહિત્યકારોને ખાસ સીધો સંબંધ ન હતો. તેમ છતાં એ સ્વરૂપોમાં ઉલ્લેખનીય ખેડાણ થયું અને કેટલીક કલાત્મક કૃતિઓ સંપ્રાપ્ત થઈ. આ એકમમાં આપણે જે સ્વરૂપોનો વિચાર કરવાના છીએ તેમાં, ખાસ કરીને નિબંધ, ચરિત્ર સાહિત્ય વગેરેમાં ગાંધીજીએ અને ગાંધીશાસનના લેખકોએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અલબત્ત, ગાંધીજીએ જે સ્વરૂપોમાં કામ કર્યું એ સ્વરૂપોમાં વિશેષ ફસલ ઊતરી છે એવું નથી. આપણે જોઈ ગયા તેમ જે સ્વરૂપોની ગાંધીજીએ ઉપેક્ષા કરી હતી એ સ્વરૂપોમાં પણ અસાધારણ કહી શકાય એવું ખેડાણ થયું છે. ગાંધીજીનો પ્રભાવ સ્થૂળ નહીં પણ સૂક્ષ્મ પ્રકારનો હતો; સાહિત્ય સ્વરૂપો પર નહિ તેટલો સાહિત્ય સર્જકો પર હતો.

નાટક અને નિબંધ - બંને અર્વાચીન યુગના આરંભથી છેક નર્મદ-દલપતથી ગુજરાતીમાં ખેડાવા શરૂ થયેલાં સાહિત્ય-સ્વરૂપો છે. સુધારકયુગ પછી પંડિતયુગમાં પણ આ સ્વરૂપોમાં નોંધપાત્ર ખેડાણ થયું હતું. ગાંધીયુગમાં આ સ્વરૂપોની સ્થિતિ શું હતી તેનો ખ્યાલ મેળવીએ. નાટકથી શરૂઆત કરીએ.

## 6.4 ગાંધીયુગમાં નાટક

સુધારકયુગ અને પંડિતયુગમાં કેટલાંક નોંધપાત્ર નાટકો આપી નાટ્યસ્વરૂપ જ્યારે ગાંધીયુગમાં

પ્રવેશ કરે છે. ત્યારે દીર્ઘ નાટકોનું લેખન પાતળું [illegible] છે. કેટલાંક ઉલ્લેખનીય દીર્ઘ-નાટકો આ યુગમાં મળે છે જરૂર પણ પંડિતયુગમાં જેનું બીજારોપણ થયું હતું એ એકાંકી સ્વરૂપ આ યુગમાં ખૂબ ફાલેફૂલે છે, સ્થિર થાય છે. નાટક-એકાંકી ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરનાર લેખકોનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

## (1) ચં. ચી. મહેતા (ઈ.સ. 1901-1991) :

નાટ્યકાર, આત્મકથાકાર, કવિ, પ્રવાસલેખક ચન્દ્રવદન ચીમનલાલ મહેતાનો જન્મ સુરતમાં થયો હતો. 1924માં મુંબઈમાંથી ગુજરાતી મુખ્ય વિષય સાથે બી.એ. પછી આકાશવાણીના નિયામક. નિવૃત્તિ બાદ મ. સ. યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠના નાટ્ય વિભાગ સાથે સંલગ્ન. 1978માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ. ફાર્બસ ગુજરાતી સભાના પ્રમુખ. 1936માં રણજિતરામ સુવર્ણચંદ્રક. 1971માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર.

ર. વ. દેસાઈ 'અંજની', 'સંયુક્તા' જેવાં નાટકો દ્વારા રંગભૂમિ અને શિષ્ટ નાટકો વચ્ચેનું અંતર ઘટાડવાનો પ્રયાસ કરે છે પણ એ કાર્યમાં પ્રશસ્ય સફળતા સંપ્રાપ્ત કરે છે. રંગભૂમિ સાથે અનેક રીતે સક્રિયપણે સંકળાયેલા નાટ્યપુરુષ ચં. ચી. મહેતા. ગુજરાતી અવેતન રંગભૂમિના વિકાસમાં તેમનો ફાળો અવિસ્મરણીય છે. 'આગગાડી'થી ગુજરાતી રંગભૂમિનો નવો યુગ શરૂ થાય છે. દેશવિદેશની રંગભૂમિ અને વિવિધ પરંપરાનાં નાટકોના પરિચયથી આવતી બહુશ્રુતતા અને નિપુણતા ચં. ચી.નાં નાટકોમાં પ્રયોગશીલતારૂપે પ્રગટે છે. 'ધરા ગુર્જરી' અને 'સોના વાટકડી'ની વસ્તુસંકલના, 'મેનાપોપટ' કે 'હોહોલિકા'માંની લોકનાટ્યરીતિ, ગ્રીકનાટક 'મીડિયા'ના અનુવાદ 'મદિરા'માં કરેલ ગદ્યનો પ્રયોગ, 'પરમ માહેશ્વર'માંની વાક્શૈલી, 'આગગાડી'માંની બોલી અને 'આણલદે'માં સૌરાષ્ટ્રની લોકકથાનું વાતાવરણ - આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો મળે છે. 'રમકડાંની દુકાન' અને 'સંતાકૂકડી' બાળનાટકોને ઊંચી ભૂમિકા પર મૂકી આપે છે, તો 'નર્મદ', 'અખો' કે 'કપૂરનો દીવો' ચરિત્રનાટકોના નમૂના પૂરા પાડે છે. દશ્યો, આંતરબાહ્ય ક્રિયા જેવાં નાટકોનાં આંતરતત્ત્વો તેમનાં નાટકોને ત્રીજું પરિમાણ બક્ષી ભાવકોને સંતર્પકતાની અનુભૂતિ કરાવે છે. સંવાદોનું ગદ્ય તેમની વિશે સિદ્ધિ છે. ગુજરાતી ભાષાનું એક વિશેષ શક્તિશાળી રૂપ તેમનાં નાટકોના સંવાદોમાં છતું થાય છે. ચં. ચી.એ એકાંકીઓ પણ લખ્યાં છે. 'અખો વરવહુ અને બીજાં નાટકો', 'પ્રેમનું મોતી અને બીજાં નાટકો' તેમ જ 'રંગભંડાર'માં લઘુનાટકો અને એકાંકીઓ ગ્રંથસ્થ થયાં છે. 'ચન્દ્રવદન મહેતાનાં પ્રતિનિધિ એકાંકીઓ'નું સંપાદન પણ બહાર પડ્યું છે.

નાટક પછી ચં. ચી.એ આત્મકથા-ક્ષેત્રે નોંધપાત્ર ઉન્મેષ પ્રગટ કર્યો છે. 'બાંધ ગઠરિયાં', 'છોડ ગઠરિયાં', 'સફર ગઠરિયાં', 'રંગ ગઠરિયાં' વગેરે બારેક પુસ્તકો 'ગઠરિયાં' શ્રેણીમાં પ્રગટ થઈ ચૂક્યાં છે. આ શ્રેણીમાં પ્રાપ્ત થતી ચં. ચી.ની આત્મકથા ગુજરાતી સાહિત્યની દીર્ઘ આત્મકથાઓ પૈકીની એક છે. આ શ્રેણીને સ્મરણકથા, સ્મરણમુકુર, પ્રવાસકથા, આત્મકથા, સમાજકથા એવા કોઈ નિશ્ચિત ચોકઠામાં ગોઠવવી મુશ્કેલ છે. પ્રવાસકથાઓ જેવી જણાતી આ ગઠરિયાંઓમાં પણ વ્યક્તિચિત્રોની વિશેષતાઓ તરી આવે છે. પ્રસંગચિત્રો પણ ઓછાં આકર્ષક નથી. 3137 પૃષ્ઠ સુધી વિસ્તરેલી આ શ્રેણીના ગદ્યમાં ક્યાંય **મોનોટોની કે મોરબિડીટી** જણાતી નથી. તેમની વિશિષ્ટ ગદ્યશૈલી ક્યાંક ક્યાંક વાગ્મિતામાં સરી પડતી હોવા છતાં અનન્ય છે. ક્યાંક નિરર્થક લંબાણ થયું હોય એમ પણ લાગે છે.

એમની કવિતામાં બ. ક. ઠાકોરના કાવ્યદર્શનો સ્વીકાર અને ભગિનીપ્રેમનો પુરસ્કાર જોવા મળે છે. 'યમલ' ચૌદ સૉનેટોનો સંચય છે. 'ઇલાકાવ્યો' ભાઈબહેનના નિર્મળ પ્રેમને નિરૂપતો સંગ્રહ છે. 'રતન' દ્વારા ગ્રામભૂમિકા પર ભાઈબહેનની કથા રજૂ કરીને પૃથ્વી છંદમાં એમણે પ્રવાહી દીર્ઘકાવ્ય રચવાનો પ્રયોગ કર્યો છે. 'ચાંદરણાં' બાળગીતોનો સંચય છે. 'રૂડો રબારી' કથાકાવ્ય છે. 'ચડો રે શિખર રાજા રામનાં'માં એમનાં વીસ જેટલાં પ્રતિનિધિકાવ્યો છે. 'ખમ્મા બાપુ' અને 'વાતચકરાવો' ચં. ચી.ના કથાસંગ્રહો છે. 'મંગલમયી'માં ત્રણ સત્યકથાઓ સંચિત થયેલી છે. 'જીવતી પૂતળીઓ' નવલકથા છે. એમણે નાટ્યવિવેચન પણ કર્યું છે. નાટ્યવિવેચનના ગ્રંથોની સંખ્યા અગિયારની છે. 'નાટક ભજવતાં', 'લિરિક', 'લિરિક અને લગરિક', 'નાટ્યરંગ', 'અમેરિકન થિયેટર', 'વાક્' વગેરે એમના વિવેચનસંગ્રહો છે. એમના પ્રકીર્ણગ્રંથોમાં 'રેડિયો રૂપકો', 'પ્રેમનો તંત', 'નવભારતના ભાગ્યવિધાતા સરદાર વલ્લભભાઈના જીવન પર બાર રૂપકો' વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતી સાહિત્યમાં નાટ્યક્ષેત્રે ચં. ચી.નું સ્થાન અનન્ય રહેશે.

## (2) જયંતિ દલાલ (ઈ.સ. 1909-1970) :

નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક જયંતિ ઘેલાભાઈ દલાલનો જન્મ અમદાવાદમાં [illegible]

થવાથી 1930માં બી.એ.ના છેલ્લા વર્ષથી અભ્યાસ છોડ્યો. 1956માં મહાગુજરાતની લડતમાં જોડાયા અને 1957માં વિધાનસભાના સભ્ય થયા. સમાજવાદી વિચારધારાથી તેઓ પ્રભાવિત હતા. 'રેખા' અને 'એકાંકી' નામક સામયિકોનું સંપાદન કર્યું. 'ગતિ' સાપ્તાહિક અને 'નવગુજરાત દૈનિક' નામક વિચારપત્રો પણ કેટલોક સમય ચલાવ્યાં. 'બિખરે મોતી' નામક ગુજરાતી ફિલ્મનું નિર્માણ પણ કર્યું. રણજિતરામ સુવર્ણચંદ્રક (1959) અને નર્મદ સુવર્ણચંદ્રક મળ્યા.

એકાંકીના સ્વરૂપમાં ઉમાશંકર પછી નવોન્મેષ પ્રગટાવે છે જયંતિ દલાલ. ચન્દ્રવદનનાં એકાંકીઓ કરતાં દલાલનાં એકાંકીઓ સાહિત્યિક દૃષ્ટિએ ચડિયાતાં છે. બંને લેખકોનાં એકાંકીઓમાં વ્યંગકટાક્ષ મળે છે, પણ દલાલના કટાક્ષમાં સૂક્ષ્મતા છે, ચં. ચી.ના કટાક્ષમાં સ્થૂળતા. એકાંકી-કલામાં પણ ચં. ચી. કરતાં દલાલને વધુ સિદ્ધિ સાંપડી છે. દલાલનાં એકાંકી 'જવનિકા', 'પ્રવેશ બીજો', 'ત્રીજો પ્રવેશ' અને 'ચોથો પ્રવેશ'માં સંગૃહીત થયાં છે. તેમનાં મોટા ભાગનાં એકાંકી સામાજિક છે. પૌરાણિક વસ્તુને પણ આધુનિક વાસ્તવલક્ષી સ્પર્શ આપવાનો પ્રયત્ન તેમણે કર્યો છે. તેમનાં એકાંકીઓની ખરી ખૂબી ચબરાક સંવાદોમાં રહેલી છે. 'સોયનું નાકું', 'દ્રૌપદીનો સહકાર', 'માની દીકરી' તેમનાં નોંધપાત્ર, પ્રયોગશીલ એકાંકીઓ છે. 'અવિરામ' એકોક્તિ છે. 'અવતરણ' ત્રિઅંકી નાટક છે તો 'રંગતોરણ' આદિ ચાર સંગ્રહો બાળનાટકોના પણ તેમણે આપ્યા છે. તેમણે રેડિયોનાટકો પણ લખ્યાં છે.

નાટકની જેમ નવલિકાક્ષેત્રે પણ દલાલનું પ્રદાન મહત્ત્વનું છે. વાર્તાકાર તરીકે તેઓ પ્રયોગશીલ હતા. **આંતરચેતનાપ્રવાહ** જેવી તે સમયે નવીન નિરૂપણરીતિ અને નાટ્યકટાક્ષ તત્ત્વ- સભર પ્રયોગશીલ વાર્તાઓ તેમણે આપી હતી. એમની નોંધપાત્ર વાર્તાઓમાં 'આભલાનો ટુકડો' જેવી 'આપરંગી' પાત્રોવાળી કૃતિઓ, પુરાણકથાની શૈલીએ લખાયેલી 'મૂકમ્ કરોતિ', 'જગમોહને શું જોવું ?', 'આ ઘેર, પેલે ઘેર' જેવી માનસ સંચલનોને તેની સંકુલતા સમેત વ્યક્ત કરતી કૃતિઓ, તેમ જ ભદ્રસમાજ અને શ્રમિક વર્ગની છબીઓનું સંનિધિકરણ કરીને કટાક્ષ કરતી 'અડખે પડખે' જેવી રચનાઓ તેમના પ્રયોગશીલ માનસનો પરિચય કરાવી રહે છે. તેમની વાર્તાઓનું વિષય વૈવિધ્ય પણ ધ્યાનાકર્ષક છે.

રાષ્ટ્રીય સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને નવલકથાઓ લખવાના પ્રયત્નોમાં જયંતિ દલાલની 'ધીમુ અને વિભા' તથા 'પાદરનાં તીરથ' ઉલ્લેખનીય છે. માનવચિત્તની સંકુલતાઓને આલેખતી 'ધીમુ અને વિભા' લેખકની ચમકદાર શૈલીને કારણે સુવાચ્ય બની છે. બીજી નવલકથા અંગ્રેજોને ભારત બહાર હાંકી કાઢવાની 1942ની ચળવળની પશ્ચાદ્ભૂમાં લખાઈ છે.

'શહેરની શેરી'નાં વાર્તાત્મક તથા નિબંધાત્મક રેખાચિત્રો અમદાવાદી શેરીનાં વ્યક્તિત્વને સુંદર ઉઠાવ આપે છે. 'પગદીવાની પછીતેથી' રૂઢ રંગભૂમિના જીવનની વાસ્તવિકતાને ઉજાગર કરે છે. 'બંદા' ઉપનામથી તેમણે ગુજરાતના રાજકીય-સામાજિક જીવનને કેન્દ્રમાં રાખીને કરેલાં ટૂંકાં વ્યક્તિચિત્રોને લઘુલેખોના બે સંગ્રહો 'મનમાં આવ્યું' અને 'તરણાની ઓથ મને ભારી'માં એમની ધારદાર કટાક્ષશક્તિનો પરિચય પ્રાપ્ત થાય છે. એમના અભ્યાસપૂર્ણ વિવેચનલેખો 'કાયા લાકડાની, માયા લૂગડાંની' તથા 'નાટક વિશે'માં ગ્રંથસ્થ થયા છે. જ્યૉર્જ ઓરવેલની 'ધ એનિમલ ફાર્મ', ટૉલ્સ્ટૉયની 'વૉર ઍન્ડ પીસ', ચાર્લ્સ ડિકન્સની 'ગ્રેટ એકસો કટેશન્સ' એ નવલકથાઓના અનુક્રમે 'પશુરાજ્ય', 'યુદ્ધ અને શાંતિ' અને 'આશા બહુ લાંબી' તેમ જ ગ્રીક નાટ્યકાર એસ્કાઇલસનું નાટક 'એગૅમેમ્નોન' વગેરે બેતાળીસ પુસ્તકોના અનુવાદ એમણે આપ્યા છે.

## (3) અન્ય નાટકકારો :

ગાંધીયુગના અન્ય નાટકકારોમાં **બટુભાઈ ઉમરવાડિયા** તથા યશવંત પંડ્યા સવિશેષ ઉલ્લેખનીય છે. બટુભાઈનાં 'મત્સ્યગંધા', 'માલાદેવી' જેવાં ઈબ્સનશૈલીનાં નાટકોમાં વિચારનો ઝબકાર અનુભવાય છે. આ નાટકોનાં કથાવસ્તુનો વિકાસ મુખ્યત્વે સ્ત્રીપાત્રો દ્વારા સધાય છે. **યશવંત પંડ્યા**નાં ભાષાની ચમકવાળાં અને બુદ્ધિના ચમકારાથી સભર નાટકોમાં 'મદનમંદિર', 'અ.સૌ. કુમારી', 'પડદા પાછળ', 'ઘરદીવડી' વગેરે નોંધપાત્ર છે. તેમણે 'બાળનાટકો' પણ આપેલાં છે. કટાક્ષ ફેંકતી નાટિકા 'ઝાંઝવાં' અને આત્મવંચનામાં સરસાઈ કરતા દંભીઓ પર પ્રહાર કરતી 'શરતના ઘોડા' તેમની શ્રેષ્ઠ રચનાઓ છે. **ધનસુખલાલ મહેતા** આરંભમાં 'વાંદરાનો પંજો' જેવાં રૂપાંતરો આપ્યા પછી 'અમે બધાં'નું નાટ્યરૂપાંતર 'સરી જતું સુરત' આપે છે. તેમના 'ધૂમ્રસેર'માં વસ્તુસંકલનાનો વિલક્ષણ પ્રયોગ જોવા મળે છે. 'મીનુની માસી' અને 'રંગીલો રાજજા' રંગભૂમિ પર સફળ થઈ લોકચાહના પામે છે. 'મંલોજંબો'ના સર્જક યશોધર મહેતા 'રણછોડલાલ અને બીજાં નાટકો'માં ભિન્ન ભિન્ન સ્થકાળમાં થઈ ગયેલા પાંચ મહાનુભાવોના

જીવનકાર્યને મૂલવવાનો પ્રયત્ન કર છે. આ કૃત… …લી પર… …ડ છે. દુર્ગેશ શુક્લ 'ઉર્વશી' નામક પદ્યરૂપક આપ્યા પછી 'સુંદર વન', 'પલ્લવી પરણી ગઈ', 'રૂપે રંગે રાણી' જેવાં રૂપાંતરિત નાટકો આપે છે.

## 6.5 ગાંધીયુગમાં નિબંધ

ગુજરાતી ભાષામાં નિબંધનો આછોપાતળો સૂત્રપાત થાય છે નર્મદ-દલપત યુગમાં. નર્મદ પાસેથી આપણને પહેલી વાર 'મંડળી મળવાથી થતા લાભ' નામક સંક્ષિપ્ત શૈલીનો નિબંધ મળે છે. આ યુગમાં નવલરામ, દલપતરામ વગેરે નિબંધક્ષેત્રે ચંચૂપાત કરે છે. પંડિતયુગમાં મણિલાલ ત્રિવેદી, રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ વગેરે નિબંધક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરે છે. પંડિતયુગમાં નિબંધનું ખેડાણ વધે છે પણ કોઈ સમર્થ નિબંધકાર પ્રાપ્ત થતો નથી.

નિબંધના વિકાસ માટે ગાંધીયુગનું વાતાવરણ વધુ ઉપકારક નીવડે છે. ગાંધીજી સાદી, સરળ, ધ્યેયલક્ષી શૈલીમાં સંખ્યાબંધ નિબંધો લખે છે. ગાંધીજીના પ્રભાવ તળે લેખકો આ શૈલી નથી અપનાવતા, જીવન પ્રત્યેના દૃષ્ટિબિંદુને વાસ્તવદર્શી બનાવી ગ્રામજીવન પ્રત્યે અભિમુખ પણ બને છે.

લલિતનિબંધના સ્વરૂપને પૂરી રીતે ન્યાય આપે તેવી સંતર્પક રચનાઓ આપણને પહેલી વાર આપે છે કાકાસાહેબ કાલેલકર. સ્વામી આનંદ પણ તાજગીપ્રદ નિબંધો-વ્યક્તિચિત્રો આપે છે. ગાંધીયુગમાં ગાંધીજીના પ્રભાવ નીચે આવ્યા સિવાય નિબંધક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરનાર નિબંધકારોમાં કનૈયાલાલ મુનશી, વિજયરાય વૈદ્ય, નવલરામ ત્રિવેદી, અંબાલાલ પુરાણી, પ્રભુલાલ ગાંધી, લીલાવતી મુનશી અને કિસનસિંહ ચાવડા વગેરે ગણાવી શકાય. કાકાસાહેબ પછી લલિતનિબંધને શુદ્ધ સ્વરૂપે ખીલવવાનો પ્રયાસ વિનોદિની નીલકંઠ કરે છે. 'રસદ્વાર', 'આરસીની ભીતરમાં' અને 'નિજાનંદ' જેવા નિબંધ સંગ્રહોમાં તેઓ થોડાક આસ્વાદ્ય રસાવહ નિબંધો આપે છે. જ્યોતીન્દ્ર દવેના હાસ્ય નિબંધો લલિતનિબંધનું એક નવું જ રૂપ આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે.

### (1) જ્યોતીન્દ્ર દવે (ઈ.સ. 1901-1980) :

હાસ્ય લેખક જ્યોતીન્દ્ર હરિશંકર દવેનો જન્મ વતન સુરતમાં થયો હતો. 1925માં એમ.એ.. 1926થી '33 દરમિયાન ક. મા. મુનશી સાથે રહી ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ તૈયાર કરવાની યોજનામાં જોડાયા અને 'ગુજરાત' માસિકના ઉપતંત્રી બન્યા. '33થી '37 દરમિયાન સુરતની એમ.ટી.બી. કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક. છેલ્લે ત્રણ વર્ષ માંડવી (કચ્છ) કૉલેજમાં આચાર્ય. 1941માં રણજિતરામ સુવર્ણચંદ્રક. 1966માં સુરતમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ. નર્મદ સુવર્ણચંદ્રક પણ મળેલો.

ગાંધીયુગમાં બુદ્ધિલક્ષી નર્મમર્મયુક્ત હળવા નિબંધોના સર્જકો - રા. વિ. પાઠક, ધનસુખલાલ, વિજયરાય વૈદ્ય, ગગનવિહારી મહેતા વગેરેમાં જ્યોતીન્દ્ર સૌથી વિશેષ લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર હતા. 'રંગતરંગ' ભા. 1થી 6, 'મારી નોંધપોથી', 'હાસ્યતરંગ', 'પાનનાં બીડાં', 'અલ્પાત્માનું આત્મપુરાણ', 'રેતીની રોટલી', 'નજર : લાંબી અને ટૂંકી', 'ત્રીજું સુખ', 'રોગ, યોગ અને પ્રયોગ', 'જ્યાં ત્યાં પડે નજર મારી' તથા 'જ્યોતીન્દ્ર તરંગ'માંના નિબંધોમાં સાહિત્ય, શિક્ષણ, સામાજિક રાજકીય આચારવિચાર, અંગત જીવનની રુચિ-અરુચિ એમ મનુષ્ય જીવનને સ્પર્શતી કોઈ પણ બાબત સર્જકના હાસ્યકટાક્ષનું લક્ષ્ય બની છે. પ્રત્યેક ચીજમાં રહેલી ન્યૂનતા, વિસંગતિ ને વિકૃતિ પારખવાની કોઠા સૂઝ, માનવજીવન તરફ જોવાની સમભાવપૂર્ણ દૃષ્ટિ તથા બહુશ્રુતતા - આ બધાના રસાયણમાંથી સર્જાયેલા એમના હળવા નિબંધો વક્રદર્શી કે છીછરા બન્યા વગર વિવિધ પ્રકારે હાસ્ય નિષ્પન્ન કરે છે. 'અવસ્તુદર્શન', 'અશોક પારસી હતો', 'મારી વ્યાયામ સાધના', 'સાહિત્ય પરિષદ' જેવા નિબંધો એમની હાસ્યકાર તરીકેની શક્તિના નિદર્શક છે.

'અમે બધા' ધનસુખલાલ મહેતા સાથે રહી તેમણે લખેલી હાસ્ય નવલકથા છે. આ આત્મકથાત્મક પદ્ધતિએ લખાયેલી સુરતના તે સમયે લુપ્ત થઈ રહેલા પરંપરાવાદ જીવનની નર્મમર્મયુક્તિ-કથા છે. બે સર્જકોએ સહયોગમાં લખેલી એ આપણી પ્રથમ નવલકથા છે. 'વાઙ્મયવિહાર'ના ખંડ 4ના સર્જકપરિચયના લેખો તથા 'વાઙ્મયચિંતન'ના સિદ્ધાંતચર્ચાના લેખો જ્યોતીન્દ્રની વિદ્વત્તાના દ્યોતક છે. તેમણે રસશાસ્ત્ર ઉપર આપેલાં પાંચ વ્યાખ્યાનો, નાટક અને નાટ્યાનુભવ વિશેના લેખો તેમ જ ઔચિત્ય, હાસ્યરસ ઇત્યાદિ સંદર્ભે કાવ્યચર્ચાના લેખો છે. 'વિષમાન' આરંભિક અવસ્થામાં એમણે લખેલું ઐતિહાસિક ત્રિઅંકી નાટક છે. 'વડ અને ટેટા' મોલિયેટના

પ્રહસન 'માઇઝર'નુ રૂપાંતર છે. પંડિત અને વિવેચક હોવા છતાં જ્યોતીન્દ્રની નામના ઊંચી કક્ષાના હાસ્યલેખકની જ ટકી છે.

### (2) કિસનસિંહ ચાવડા (ઈ.સ. 1904-1979) :

નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, કિસનસિંહ ગોવિંદસિંહ ચાવડાનો જન્મ વડોદરામાં થયો હતો. વડોદરા, ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં શિક્ષણ. મુંબઈમાં થોડો સમય શિક્ષક તરીકે કામ કરી વડોદરામાં 'સાધના મુદ્રણાલય' શરૂ કર્યું. 'ક્ષત્રિય'ના તંત્રી. નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત. 1960થી અલમોડા પાસે મીરતોલા આશ્રમમાં નિવાસ.

કિસનસિંહના નિબંધોમાં અધ્યાત્મ અને રહસ્યનું સત્ત્વ ભળેલું હોવા છતાં એકંદરે ઇન્દ્રિયરાગી મૂર્તતા, રમણીયતા પણ નિષ્પન્ન થયાં છે. તેમના વિશિષ્ટ ગદ્યનું પ્રતિનિધિત્વ કરતું તેમનું પુસ્તક 'અમાસના તારા' સ્વાનુભવ કથન કરતાં વિશિષ્ટ ચોટદાર પ્રસંગો આલેખે છે. એમાં પ્રવાસી અને સાહિત્ય-સંગીત-ચિત્રપ્રેમીનો પરિચય પ્રાપ્ત થાય છે. 'જિપ્સીની આંખે'માં થોડાં વધુ સંસ્મરણો છે. 'હિમાલયની પત્રયાત્રા' લેખકના હિમાલયપ્રેમનો સંતર્પક આવિષ્કાર છે. 'તારામૈત્રક'માં પાંત્રીસ અંગત ચરિત્રરેખાઓ સાંપડે છે, તો 'સમુદ્રના દ્વીપ'માં જીવનમર્મને સ્પર્શતા ચોવીસ લેખો સંગૃહીત થયા છે. 'અમાસથી પૂનમ ભણી' એમની અધ્યાત્મ-જિજ્ઞાસાની આંતરયાત્રા છે. આ ઉપરાંત તેમણે 'ધરતીની પુત્રી' નવલકથા તેમ જ 'કુમકુમ' અને 'શર્વરી' નામક વાર્તાસંગ્રહો પણ આપ્યા છે. તેમણે થોડાંક સંપાદનો કર્યાં છે અને થોડાક અનુવાદો પણ આપ્યા છે.

## 6.6 ચરિત્રસાહિત્ય - બાળસાહિત્ય વગેરે

ગાંધીજી પાસેથી જે સાહિત્ય સાંપડ્યું છે તેમાં સૌથી વધુ મહત્ત્વની કૃતિ તેમની આત્મકથા છે. સત્ય કલાથી વિમુખ હોતું નથી એની પ્રતીતિ તેમની આત્મકથા સુપેરે કરાવી રહે છે. ન્હાનાલાલ કવિ કૃત 'અર્ધશતાબ્દીના અનુભવ બોલ', ગોવિંદભાઈ દેસાઈનું 'વડોદરામાં ચાળીસ વર્ષ' તથા કમળાશંકર ત્રિવેદી રચિત 'અનુભવ વિનોદ' પછી સાહિત્યિક ઉન્મેષની દૃષ્ટિએ નોંધપાત્ર આત્મકથા સાંપડે છે. કાકાસાહેબની 'સ્મરણયાત્રા' ડૉ. હરિપ્રસાદ દેસાઈ કૃત 'નાના હતા ત્યારે' પર કાકાસાહેબની આત્મકથાનો પ્રભાવ વરતાય છે. સ્ત્રી લેખિકાઓ પાસેથી મળેલા ગણ્યાંગાંઠ્યાં આત્મચરિત્રોમાં શારદા મહેતાકૃત 'જીવન સંભારણાં' ઉલ્લેખનીય છે. લેખિકાનું દૃષ્ટિબિંદુ મહદંશે બહિર્મુખ હોવાને લીધે આંતર મંથનોનું નિરૂપણ જોવા મળતું નથી. રાવજીભાઈ મ. પટેલ રચિત 'જીવનનાં ઝરણાં' ભા. 1-2, ધનસુખલાલ મહેતા કૃત 'આથમતે અજવાળે', તનસુખ ભટ્ટ કૃત 'મેં પાંખો ફફડાવી', પ્રભુદાસ ગાંધીકૃત 'જીવનનું પરોઢ' ગાંધીયુગની નોંધપાત્ર આત્મકથાઓ છે.

જીવનચરિત્ર પર આવીએ તો ગુણવંતરાય આચાર્યે 'નવજુવાન સુભાષ' અને 'શ્રી સુભાષચંદ્ર બોઝ' નામક બે કૃતિઓમાં નેતાજીના જીવનનો આલેખ દોર્યો છે. વિજયરાય વૈદ્યે 'શુક્રતારક' નામક જીવનચરિત્રમાં નવલરામ પંડ્યાના જીવન અને જીવનકાર્યનું મૂલ્યાંકન કર્યું છે. આ ચરિત્રમાં લેખકે નાટ્યાત્મક, વર્ણનાત્મક અને રંજનાત્મક શૈલીઓનું મિશ્રણ કર્યું છે. રવિશંકર મહારાજના પૂર્વ અને ઉત્તર જીવનને વર્ણવતા, બબલભાઈ મહેતાએ લખેલાં બે જીવનચરિત્રો 'મહારાજ થયા પહેલાં' અને 'રવિશંકર મહારાજ' વાસ્તવમાં તો એક કૃતિના બે ભાગ જેવા જ છે. 'મહાદેવભાઈનું પૂર્વચરિત' લખનાર નરહરિ પરીખે સરદારનું [illegible]ત્ર પણ લખ્યું છે.

સુધારકયુગ પંડિતયુગમાં બાળસાહિત્યનું થોડુંક ખેડાણ થયું છે પણ ગાંધીયુગમાં આ પ્રવાહ વેગ પકડે છે. દેશળજી પરમાર ('ગોરીનાં ગીતો', 'ગલગોટા', 'ટૃહૌકા'), ચં. ચી. મહેતા ('ચાંદાપોળી'), મેઘાણી ('કિલ્લોલ') વગેરે બાલભોગ્ય રચનાઓ આપે છે. મકરંદ દવે ('ઝબૂક વીજળી ! ઝબૂક'), રમણલાલ સોની ('ગલગલિયાં'), રમણીક અરાલવાળા ('નગીનાવાડી'), જુગતરામ દવે ('કૌશિકાખ્યાન') વગેરે કવિઓમાં તેનું સાતત્ય જળવાય છે. ગિજુભાઈ પછી ગુજરાતને બાળસાહિત્ય વિપુલ પ્રમાણમાં સાંપડ્યું. તેમાં નટવરલાલ માળવી, રમણલાલ નાનાલાલ શાહ, નાગરદાસ ઈ. પટેલ, શારદાપ્રસાદ વર્મા, જીવરામ જોષી, દિનેશ ઠાકોર, હરિપ્રસાદ વ્યાસ વગેરેને ગણાવી શકાય. મુકુલભાઈ કલાર્થીએ તેમ જ ગોપાલદાસ પટેલે પ્રાચીન શીલ-કથાઓ અને બોધક પણ મિષ્ટ રસની ટીકડીઓ જેવી વાર્તાઓ આપી છે. વિજય ગુપ્ત મૌર્ય, નરસિંહ મૂ. શાહ અને બંસીધર ગાંધી જેવા લેખકોએ વિજ્ઞાન અને વિજ્ઞાનીઓનો પરિચય આપતી પુસ્તિકાઓ આપી છે. મૂળશંકર મો. ભટ્ટ તથા મહેન્દ્ર મેઘાણીએ પરદેશી ભાષામાંથી જંગલ કથાઓ અને દરિયાઈ સાહસની વાર્તાઓ પીરસી છે. બાળનાટકો પ્રમાણમાં ઓછાં

લખાયાં છે. કાકાસાહેબ ('બે કેરી') ને જુંગતરામ ('આંધળાનું ગાડું', 'ખેડૂતનો શિકારી' વગેરે)ની નાટ્યકૃતિઓ પ્રમાણમાં હેતુલક્ષી છે. બાળકોને ભજવવાનું મન થાય તેવાં નાટકો ચં. ચી. મહેતા ('રમકડાંની દુકાન', 'સંતાકૂકડી'), દુર્ગેશ શુક્લ ('ઉત્સવિકા', 'ઉલ્લાસિકા'), નટવરલાલ માળવી ('વિનોદી બાળનાટકો'), રમણલાલ સોની ('ચાણક્ય', 'બાલમંદિરનાં નાટકો') તથા પ્રાગજી ડોસાએ ('બાળનાટકો') આપ્યાં છે.

## 6.7 સારાંશ

ગાંધીયુગના આ અંતિમ એકમમાં તમે કવિતા અને કથાસાહિત્ય સિવાયનાં મુખ્ય સ્વરૂપો પૈકી નાટક, નિબંધ, ચરિત્રસાહિત્ય, બાળસાહિત્ય વગેરેની ગાંધીયુગની ગતિવિધિનો આછો ખ્યાલ મેળવ્યો. એ ઉપરાંત આ સ્વરૂપોમાં ઉલ્લેખનીય પ્રદાન કરનાર અને અગાઉના એકમોમાં જેમનો પરિચય નથી આવ્યો એવા કેટલાક સાહિત્યકારો ચં. ચી. મહેતા, જયંતિ દલાલ, જ્યોતીન્દ્ર દવે, કિસનસિંહ ચાવડા વગેરેનો પરિચય પણ પ્રાપ્ત કર્યો.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. ચં. ચી. મહેતાના જીવનનો આછો ખ્યાલ આપી તેમનું નાટ્યક્ષેત્રનું પ્રદાન દર્શાવો.

   ..........................................................................................

   ..........................................................................................

2. ચં. ચી. મહેતાનું આત્મકથા, કવિતા તથા કથાસાહિત્ય ક્ષેત્રનું પ્રદાન સ્પષ્ટ કરો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

3. જયંતિ દલાલની સંક્ષિપ્ત જીવન ઝરમર આપો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

4. એકાંકી સ્વરૂપમાં દલાલનું પ્રદાન પ્રગટ કરો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

5. જયંતિ દલાલના કથાસાહિત્ય પર પરિચયાત્મક નોંધ લખો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

6. દલાલનું નિબંધ તથા અનુવાદક્ષેત્રે અર્પણ જણાવો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

7. ગાંધીયુગમાં નિબંધનું ખેડાણ શા માટે વિશેષ પ્રમાણમાં થયું ?

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

8. જ્યોતીન્દ્ર દવેનું હાસ્ય સાહિત્ય ક્ષેત્રે પ્રદાન દર્શાવો.

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

   ..........................................................................................

9. કિસનસિંહ ચાવડાના જીવન તથા સાહિત્યનો ખ્યાલ આપો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

10. ગાંધીયુગના ચરિત્રસાહિત્ય વિશે ટૂંકી નોંધ તૈયાર કરો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

11. ગાંધીયુગમાં બાળસાહિત્યના ખેડાણનો ખ્યાલ આપો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

નીચે વિભાગ 'ક'માં સાહિત્યકારોનાં નામ અને 'ખ' વિભાગમાં સાહિત્યકૃતિઓનાં નામ આપવામાં આવ્યાં છે. લેખકની સામેના કૌંસમાં કૃતિઓના યોગ્ય ક્રમાંક દર્શાવો.

| ક | | ખ |
|---|---|---|
| 1. ચં. ચી. મહેતા | ( ) | 1. શુક્તારક |
| 2. જયંતિ દલાલ | ( ) | 2. રંગતરંગ |
| 3. બટુભાઈ ઉમરવાડિયા | ( ) | 3. અમાસના તારા |
| 4. યશવંત પંડ્યા | ( ) | 4. મદનમંદિર |
| 5. ધનસુખલાલ મહેતા | ( ) | 5. આગગાડી |
| 6. જ્યોતીન્દ્ર દવે | ( ) | 6. ધૂમ્રસેર |
| 7. કિસનસિંહ ચાવડા | ( ) | 7. જવનિકા |
| 8. વિજયરામ વૈદ્ય | ( ) | 8. માલાદેવી |

## 6.8 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસ રેખા-2*, ધીરુભાઈ ઠાકર.
2. *ગુજરાતી સાહિત્યકોશ ખંડ-2*, મુ. લં. ચંદ્રકાંત ટોપીવાળા.
3. *ચંન્દ્રવદન મહેતા અમૃત મહોત્સવ ગ્રંથ* - ઇન્ડિયન નેશનલ થિયેટર, મુંબઈ.
4. *ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ* - મહેશ ચોકસી.
5. *બાર સાહિત્યસ્વરૂપો* - પ્રસાદ બ્રહ્મભટ્ટ
6. *એકાંકી અને ગુજરાતી એકાંકી* - સં. જયંત કોઠારી
7. *જયંતિ દલાલ* - રઘુવીર ચૌધરી.
8. *જયંતિ દલાલ* - પ્રફુલ્લ રાવળ.
9. *હૃદયમાં પડેલી છબીઓ ભા.-1*, ઉમાશંકર જોશી
10. *અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ*, ર. સાં. નાયક વગેરે.
11. *અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ*, રમેશ ત્રિવેદી.


## 6.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**સીમા સ્તંભ** - પુ. (સં.) સીમા બતાવનારી નિશાની; **મોનોટોની** - એકવિધતા; **મોરબિડીટી** - રુગ્ણતા, માંદલાપણું; **આંતરચેતના પ્રવાહ** - અંગ્રેજી Stream of Consciousnessનું ગુજરાતી; **બહુશ્રુતતા** - પાંડિત્ય, વિદ્વત્તા.

## 6.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો



**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. જવાબ માટે જુઓ : 6.6.4 અંતર્ગત (1) ચં. ચી. મહેતાના પ્રથમ બે પરિચ્છેદ.
2. જુઓ : 'ચં. ચી. મહેતા'ના ત્રણ, ચાર, પાંચ પરિચ્છેદો.
3. જુઓ : (2) 'જયંતિ દલાલ'નો પ્રથમ પરિચ્છેદ.
4. જુઓ : 'જયંતિ દલાલ'નો દ્વિતીય પરિચ્છેદ.
5. જુઓ : 'જયંતિ દલાલ'ના તૃતીય અને ચતુર્થ પરિચ્છેદો.
6. જુઓ : 'જયંતિ દલાલ'નો છેલ્લો પરિચ્છેદ.
7. જુઓ : 6.6.5ના પ્રથમ બે પરિચ્છેદ.
8. જુઓ : 6.6.5 અંતર્ગત (1) જ્યોતીન્દ્ર દવે.
9. જુઓ : 6.6.5 અંતર્ગત (2) કિસનસિંહ ચાવડા.
10. જુઓ : 6.6.6ના પ્રથમ બે પરિચ્છેદ.
11. જુઓ : 6.6.6નો તૃતીય પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. (5)
2. (7)
3. (8)
4. (4)
5. (6)
6. (2)
7. (3)
8. (1)

નોંધ

# નોંધ

નોંધ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.
ગુજરાતી : પેપર-૦૩
મધ્યકાલીન ગુજરાતી
સાહિત્યનો ઈતિહાસ
(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 1

## મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય - 1(પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ)


**એકમ 1**

**ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિ** 7

**એકમ 2**

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ** 13

**એકમ 3**

**નરસિંહ પૂર્વેના કવિઓ અને સાહિત્ય પ્રવાહો** 17

**એકમ 4**

**નરસિંહ** 22

**લેખન :**

પ્રો. બળવંત જાની — હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, ગુજરાતી વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પરામર્શ (વિષય) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી.કે. મહેતા — નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

**સંયોજન સહાય :**

ડૉ. એસ.એચ. બારોટ — મદદનીશ કુલસચિવ

ડૉ. ડી.આઈ. શાસ્ત્રી — કાર્યાલય અધીક્ષક
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

**પ્રકાશક**

ડૉ. પી. કે. મહેતા, નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર-9, ફડનાળા, શાહીબાગ, અમદાવાદ- 380003. ટે.નં. : 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# પ્રસ્તાવના

સ્નાતક ઉપાધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતીનો આ ઐચ્છિક પાઠ્યક્રમ છે. આ પાઠ્યક્રમ ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત છે. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* એવું નામ તેને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ઈ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. જ્યારે ઈ. સ. 1850થી આજ સુધીના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે.

8 ક્રેડિટના આ પાઠ્યક્રમમાં કુલ 36 એકમ છે જેને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગને અલગ અલગ શીર્ષકો આપવામાં આવ્યાં છે.

# વિભાગવાર પરિચય

પાઠ્યક્રમના પ્રથમ ત્રણ વિભાગ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ફાળવવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગનું શીર્ષક છે *પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ.* આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ચર્ચા કરી દ્વિતીય એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. ત્રીજો એકમ નરસિંહ પૂર્વેના પ્રમુખ કવિઓ અને સાહિત્ય-પ્રવાહોને ફાળવવામાં આવ્યો છે. ચોથા એકમમાં મધ્યકાળના પ્રથમ મોટા ગજાના કવિ નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

બીજા વિભાગનું શીર્ષક છે *પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ.* આ વિભાગને છ એકમ અંતર્ગત વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની ચર્ચા કરવામાં આવી છે. બીજા એકમમાં જ્ઞાનમાર્ગી કવિતાના ઉત્તુંગ શિખર સમા અખાની કવિતાને મૂલવવામાં આવી છે તો ત્રીજા એકમમાં અખા સિવાયના પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા એકમમાં આખ્યાનકવિતા અને પ્રેમાનંદ પૂર્વેના આખ્યાનકવિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપી પાંચમા એકમમાં આખ્યાનશિરોમણિ પ્રેમાનંદની સમગ્ર સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે. છઠ્ઠા એકમમાં પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગમાં પ્રેમાનંદથી *દયારામ સુધી અને દયારામના* સાહિત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આ વિભાગનો પ્રથમ એકમ શામળ પૂર્વેના પદ્યવાર્તા સાહિત્ય અને શામળને ફાળવવામાં આવ્યો છે. બીજા એકમમાં દયારામ પૂર્વેના પદસાહિત્યનો અને ત્રીજા એકમમાં મધ્યકાળના અંતિમ તેજસ્વી તારક દયારામનો પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા એકમમાં અન્ય પદસાહિત્ય-પ્રવાહનો પરિચય કરાવી પાંચમા એકમમાં મધ્યકાળના ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ચારથી સાત વિભાગ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે ફાળવવામાં આવ્યા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને સામાન્ય રીતે ચાર યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક યુગને એક એક એકમ અંતર્ગત સાંકળી લેવામાં આવ્યો છે.

ચોથા વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ *સુધારક યુગને* ચર્ચવામાં આવ્યો છે. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા અને પરિબળોની ચર્ચા કરી છે. સુધારક યુગના બે પ્રમુખ સાહિત્યકારો દલપતરામ અને નર્મદાશંકરને અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં સમાવિષ્ટ કરી ચોથા એકમમાં સુધારક યુગના અન્ય લેખકોનો અછડતો ખ્યાલ આપવામાં આવ્યો છે.

*પંડિતયુગને* સ્પર્શતા પાંચમા વિભાગને પાંચ એકમમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં પંડિતયુગની પૂર્વભૂમિકા અને પરિબળો દર્શાવી બીજા એકમમાં ગોવર્ધનરામની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજા એકમમાં પંડિતયુગના પ્રમુખ કવિઓ, ચોથા એકમમાં પ્રમુખ ગદ્યકારો અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે.

છઠ્ઠો વિભાગ *ગાંધીયુગને* ફાળવવામાં આવ્યો છે. તેને છ એકમમાં વહેંચી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજીનો પરિચય આપી બીજા એકમમાં ગાંધી અનુશાસિત લેખકો, ત્રીજા એકમમાં પ્રમુખ કથાસર્જકો, ચોથા એકમમાં પ્રમુખ કવિઓ અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. છેલ્લો એકમ અન્ય સ્વરૂપસર્જન પરિચય માટે રાખ્યો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અંતિમ યુગને *અનુગાંધીયુગ* નામ આપવામાં આવ્યું છે. છેલ્લા સાતમા વિભાગમાં આ યુગનો પરિચય પ્રાપ્ત થાય છે. આ વિભાગના છ એકમો પૈકી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને પ્રહ્લાદ-હરિશ્ચંદ્રની કવિતાની વાત કરી બીજા એકમમાં રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજો એકમ અન્ય પ્રમુખ સૌન્દર્યદર્શી કવિઓને ફાળવ્યો છે. ચોથા એકમમાં આધુનિકતાના પુરસ્કર્તા સુરેશ જોષીના અને અન્ય આધુનિક કવિઓનો પરિચય આપી પાંચમા એકમમાં અનુગાંધીયુગીન કથાસાહિત્ય-સ્વરૂપ-પ્રવાહ-પરિચય અને છઠ્ઠા એકમમાં અન્ય સ્વરૂપસર્જન-પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

આ રીતે સાત વિભાગો દ્વારા આ પાઠ્યક્રમમાં સમગ્ર ગુજરાતી સાહિત્યની રૂપરેખા આપવામાં આવી છે. એના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી ગુજરાતી સાહિત્યથી પરિચિત થાય એ અપેક્ષા છે

# એકમ 1 ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિ

**રૂપરેખા**


1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 પૂર્વભૂમિકા

1.3 ગુજરાતી ભાષા : અને તેની વિકાસ ભૂમિકાઓ

1.4 ગુજરાતની રાજકીય-સાંસ્કૃતિક ભૂમિકા

1.4.1 સોલંકી-વાઘેલાનો શાસનકાળ (ઈ.સ. 1094થી 1295)

1.4.2 મુસ્લિમ સલ્તનતનો શાસનકાળ (ઈ.સ. 1297થી 1730)

1.4.3 મરાઠા, ગાયકવાડ અને અંગ્રેજી શાસનકાળ (ઈ.સ. 1732થી 1850)

1.5 સારાંશ

1.6 ચાવીરૂપ શબ્દો

1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 1.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પહેલો એકમ છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિથી પરિચિત થશો.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ભાષાના વિવિધ તબક્કાઓથી પરિચિત થશો.
- મધ્યકાલીન ગુજરાતના રાજકીય-સાંસ્કૃતિક પ્રવાહોથી પરિચિત થશો.

## 1.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના વિકાસની રૂપરેખાના પ્રથમ ખંડમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અભ્યાસ અંતર્ગત ગુજરાતી ભાષા-સાહિત્યની આરંભની મુદ્રા, એની પાછળનાં પ્રેરક-પોષક પરિબળો અને એ પ્રેરક-પોષક પરિબળરૂપ રાજકીય-સાંસ્કૃતિક વિગતોનો ટૂંકમાં પરિચય અહીંથી પ્રાપ્ત થશે. એ સમયની પ્રારંભની ગુજરાતી ભાષાની વિવિધ ભૂમિકાઓનો પણ ખ્યાલ આવશે. મધ્યકાલીન ગુજરાતી પૂર્વેનું સાહિત્ય બહુધા **પ્રાકૃત** અને **અપભ્રંશમાં** રચાયેલું હતું. ધીરે ધીરે એમાંથી ગુજરાતી ભાષા અસ્તિત્વ ધારણ કરતી થઈ. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એટલે કે આરંભકાલીન ગુજરાતી ભાષાનું સાહિત્ય. એનો રચના સમય આપણા પ્રાંતનો તેમ જ રાષ્ટ્રનો મધ્યકાળ હોઈ, આ ગાળામાં રચાયેલા સાહિત્યને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખાવવામાં આવે છે. **ગૌર્જર અપભ્રંશ** એ પ્રાચીનરૂપ ગણાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય બહુધા મૌખિક રીતે કે પઠનથી સમૂહ સમક્ષ રજૂ થતું અથવા તો સમૂહમાં એનો પાઠ થતો. એનો સંબંધ બહુધા ધર્મ કે સંસ્કારમૂલક પ્રસંગ સાથે ગાઢ રીતે થતો. એના રચયિતાઓ સ્વની ઓળખ બહુ અલ્પ માત્રામાં રાખતા. આ સાહિત્યમાં મોટે ભાગે રચના સમય કે લેખન સમયનો નિર્દેશ અવશ્ય થતો એ કારણે આ સાહિત્યને કાળક્રમાનુસાર ગોઠવી શકાયું છે અને એનો ઇતિહાસ સુલભ બન્યો છે. જેટલું પ્રકાશિત છે એટલું જ સાહિત્ય અપ્રકાશિત અવસ્થામાં હજુ પણ છે. તેમ છતાં એક સ્પષ્ટ ચિત્ર આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. તેનો અભ્યાસ કરવાથી ગુજરાતી સાહિત્યની પરંપરાનો ખરો ખ્યાલ પ્રાપ્ત થશે.

## 1.2 પૂર્વભૂમિકા

સાહિત્યના ઇતિહાસમાં એનું માધ્યમ ભાષા હોવાને કારણે ભાષાથી સુપરિચિત થવું આવશ્યક હોય છે અને એ ભાષા તથા સાહિત્ય જે સમયગાળાનું છે એ સમયની ભાષા-ભૂમિકા તેમજ રાજકીય-સાંસ્કૃતિક ભૂમિકાથી અભિજ્ઞિત થવું આવશ્યક હોય છે. સાંસ્કૃતિક અભિજ્ઞતાથી જ સાહિત્યને ખરા-પૂરા અર્થમાં પામી શકાય છે. કારણ કે સાહિત્ય આખરે સમાજની **પીઠિકા** ઉપર સ્થિર હોય છે. પ્રેરક-પોષક પરિસ્થિતિમાં સૌથી પહેલાં સંસ્કૃત હોય છે. એટલે એનો પરિચયાત્મક આલેખ અહીં પ્રસ્તુત કરવાનો **ઉપક્રમ** છે. ભાષા અને સંસ્કૃત એ સાહિત્યમાં પ્રવેશવા માટેનું પ્રવેશદ્વાર છે.

## 1.3 ગુજરાતી ભાષા અને તેની વિકાસ ભૂમિકાઓ

**1.3.1** અત્યારે આપણે 'ગુજરાતી ભાષા'નું જે સંબોધન કરીએ છીએ અને એની સાથે ગુજરાત રાજ્ય પ્રદેશની જે સીમારેખા દૃષ્ટિગોચર થાય છે એ **સીમારેખા** જ્યારે ગુજરાતી ભાષા સંજ્ઞા અસ્તિત્વમાં આવી

ત્યારે ન હતી. ત્યારે તો પશ્ચિમે પાકિસ્તાન, રાજસ્થાન અને અરબી સમુદ્ર, પૂર્વના રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર તથા દક્ષિણના મહારાષ્ટ્ર, અરબી સમુદ્રની વચ્ચેના પ્રદેશમાં બોલાતી ભાષાને ગુજરાતી ભાષાનું સંબોધન પ્રાપ્ત થયેલું. અત્યારે પણ પ્રચલિત એવા પુરાતન-પ્રાચીન નામ કચ્છ, સૌરાષ્ટ્ર, આનર્ત, ગુર્જરગામંડલ, ગુર્જરદેશ, અનૂપ, શુર્પારક, લાટ એ સમયે ઉપર્યુક્ત સીમાપ્રદેશ અંતર્ગતના ભિન્નભિન્ન વિસ્તાર માટે અસ્તિત્વ ધરાવતા હતા.

આ સીમા વિસ્તારમાં - ભૂમિપ્રદેશમાં નિવાસ કરતી પ્રજાને - ગુર્જરોને - આશ્રય આપનારી ભૂમિ તે 'ગુર્જરત્રા ભૂમિ' એવા નામથી પ્રચલિત થઈ. આ પ્રદેશ તે ગુજરાતી અને એમાં બોલાતી ભાષા તે ગુજરાતી ભાષા. આ ગુજરાતી ભાષાનું પ્રારંભનું સ્વરૂપ બારમી શતાબ્દીના 'ભરતેશ્વર બાહુબલીઘોર' અને 'ભરતેશ્વર બાહુબલિરાસ'માં દૃષ્ટિગોચર થાય છે. ગુર્જર ભાષા ગુજરાતી ભાષા એવું નામકરણ તો છેક પંદરમી-સોળમી શતાબ્દીમાં ભાલણ પ્રેમાનંદ દ્વારા પ્રાપ્ત થાય છે.

**1.3.2** ગુજરાતી ભાષાનું મૂળ-કુળ વૈદિક સંસ્કૃત ભાષામાં છે. પછી એમાંથી નિયમબદ્ધ એવી શિષ્ટ સંસ્કૃત ભાષા પ્રચલિત બની. આ સંસ્કૃત એ ભારતીય આર્યકુળની ભાષા છે. સમય જતાં સમગ્ર ભાષામાં પ્રાકૃત સ્વરૂપમાં પ્રાદેશિક લાક્ષણિકતાયુક્ત ભાષાસ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં. ગુજરાતી ભાષા જે પ્રાકૃતમાંથી ઉદ્‌ભવી એનું મૂળ કેન્દ્ર ઉત્તર ભારતમાંનું મંથુરા ગણાય છે. આથી તે પ્રાકૃતને શૌરસેની પ્રાકૃત તરીકે ઓળખાવાય છે. એમાંથી સમય જતાં અપભ્રંશ ભાષાનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. ગુજરાતી ભાષા જે અપભ્રંશમાંથી ઉદ્‌ભવી છે એને ગૌર્જર અપભ્રંશ તરીકે ઓળખવામાં આવે છે. આ ગૌર્જર અપભ્રંશ સિદ્ધરાજ જયસિંહના સમયમાં પ્રચારમાં હતો અને ભાષામાં પ્રયોજાતો હતો. કલિકાલ સર્વજ્ઞ પંડિત હેમચંદ્રાચાર્યે આ સમય દરમ્યાન રચેલા 'સિદ્ધ-હૈમ' નામના પ્રાકૃત વ્યાકરણના અંતિમ પ્રકરણમાં કેટલાક ગૌર્જર અપભ્રંશના દુહાઓને ઉદાહૃત કર્યા છે. એને પ્રાચીન (જૂની) ગુજરાતી તરીકે પણ ઓળખાવવામાં આવે છે. આમ ગુજરાતી ભાષાના મૂળ-કળરૂપ પ્રાચીન તબક્કાઓ આ પ્રમાણે નિર્દેશી શકાય. વૈદિક સંસ્કૃત → શિષ્ટ સંસ્કૃત → શૌરસેની પ્રાકૃત → ગૌર્જર અપભ્રંશ → ગુજરાતી.

**1.3.3** ગુજરાતી ભાષાના મૂળ-કુળના પરિચય પછી હવે ગુજરાતી ભાષાના વિકાસના તબક્કાઓની વિવિધ વિદ્વાનોએ ચર્ચા કરી છે.

ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ તૈયાર કરનાર ડૉ. હરિવલ્લભ ભાયાણીએ ગુજરાતી ભાષાના વિકાસના તબક્કાઓનો વ્યાકરણનાં વિવિધ રૂપોને તારવી બતાવીને સદૃષ્ટાંત પરિચય એમના 'ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ' ગ્રંથમાં કરાવેલ છે. ભાષાકીય વિકાસનો સદૃષ્ટાંત-વિશદ અભ્યાસ તેમાં તે-તે સમયની મધ્યકાલીન કૃતિઓને આધારે પ્રમાણભૂત રીતે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

**1.3.4** ડૉ. હરિવલ્લભ ભાયાણીએ ઐતિહાસિક વ્યાકરણ રચી આપ્યું. પરંતુ એ પૂર્વે કેશવ હર્ષદ ધ્રુવ, નરસિંહરાવ દિવેટિયા અને કે.કા. શાસ્ત્રીએ પોતપોતાના અભ્યાસને આધારે પોતાનું જે દૃષ્ટિબિંદુ રજૂ કર્યું છે એ પણ મહત્ત્વનું છે. એ ત્રણેયના વિચારોનો ટૂંકમાં પરિચય મેળવીએ.

**(1) કેશવ હર્ષદ ધ્રુવ ત્રણ તબક્કાઓ દર્શાવે છે :**

(i) ઈ.સ.ની 10-11મી શતાબ્દીથી 14મી શતાબ્દી સુધીની ભાષા તે અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી ભાષા.

(ii) ઈ.સ.ની 15મી શતાબ્દીથી 17મી શતાબ્દી સુધીની ભાષા તે મધ્યકાલીન ગુજરાતી ભાષા.

(iii) ઈ.સ.ની 17મી શતાબ્દી પછીની ભાષા તે અર્વાચીન ગુજરાતી ભાષા.

**(2) નરસિંહરાવ દિવેટિયાએ છ તબક્કાઓ દર્શાવ્યા છે :**

(i) વિક્રમ સંવત 950 સુધીની ભાષા તે અપભ્રંશ ભાષા

(ii) વિક્રમ સંવત 950થી 13મા શતક સુધીની ભાષા તે મધ્યકાલીન અપભ્રંશ ભાષા.

(iii) વિક્રમ સંવત 13મા શતકથી વિક્રમ સંવત 1550 સુધીની ભાષા તે અંતિમ અપભ્રંશ અથવા તો ગુર્જર અપભ્રંશ ભાષા.

(iv) વિક્રમ સંવત 1550થી વિક્રમ સંવત 1650 સુધીની ભાષા તે આરંભકાળની જૂની ગુજરાતી ભાષા.

(v) વિક્રમ સંવત 1650થી વિક્રમ સંવત 1750 સુધીની ભાષા તે મધ્યકાલીન ગુજરાતી ભાષા

(vi) વિક્રમ સંવત 1750થી અદ્યાપિપર્યંત સુધીની ભાષા તે અર્વાચીન ગુજરાતી ભાષા.

**(3) કે.કા. શાસ્ત્રીએ આઠ તબક્કાઓમાં ગુજરાતી ભાષાના વિકાસક્રમને વિભાજિત કર્યો છે :**

(i) ઈ.સ. 11મી શતાબ્દી-ગૌર્જર અપભ્રંશ અથવા પ્રાચીન ગુજરાતી (પ્રથમ ભૂમિકા)

(ii) ઈ.સ. 11મી શતાબ્દીથી 14મી શતાબ્દી ગૌર્જર અપભ્રંશ અથવા પ્રાચીન ગુજરાતી (દ્વિતીય ભૂમિકા)

(iii) ઈ.સ. 1350થી ઈ.સ. 1425 ગુર્જર ભાષા અથવા મધ્યકાલીન ગુજરાતી (પ્રથમ ભૂમિકા)
(iv) ઈ.સ. 1425થી ઈ.સ. 1500 ગુર્જર ભાષા અથવા મધ્યકાલીન ગુજરાતી (દ્વિતીય ભૂમિકા)
(v) ઈ.સ. 1500થી ઈ.સ. 1575 ગુર્જર ભાષા અથવા મધ્યકાલીન ગુજરાતી (તૃતીય ભૂમિકા)
(vi) ઈ.સ. 1575થી ઈ.સ. 1650 ગુર્જર ભાષા અથવા મધ્યકાલીન ગુજરાતી (ચતુર્થ ભૂમિકા)
(vii) ઈ.સ. 1650થી ઈ.સ. 1825 અર્વાચીન ગુજરાતી (પ્રથમ ભૂમિકા)
(viii) ઈ.સ. 1825થી અદ્યાપિપર્યંત અર્વાચીન ગુજરાતી (દ્વિતીય ભૂમિકા).

કેશવ હર્ષદ ધ્રુવ, નરસિંહરાવ દિવેટિયા અને કે.કા. શાસ્ત્રીએ જે તબક્કાઓ દર્શાવ્યા છે એમાંના આરંભકાલીન અપભ્રંશ માટે ડૉ. તેસ્સિતોરી દ્વારા અપાયેલ ઓલ્ડ વેસ્ટ રાજસ્થાન અર્થાત્ પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની અને ઉમાશંકર જોશી દ્વારા અપાયેલ 'મારું ગુર્જર' એવાં નામકરણ પણ પ્રચલિત છે. આ તબક્કાઓમાંથી આપણને ગુજરાતીની પલટાતી રૂપરેખાનો પરિચય મળે છે. આ વિભાજન કે તબક્કાઓના સંદર્ભે નરસિંહરાવ દિવેટિયાએ ઉચિત રૂપે મંતવ્ય દર્શાવતાં કહ્યું છે કે "ભાષાના પ્રવાહને વચમાં ભીંતો બાંધીને ગોઠવાય નહીં. એમાં તો એક સ્વરૂપમાંથી અન્ય સ્વરૂપમાં સંક્રમણ અણદીઠું થયે જાય છે." ભાષા જ્યારે વિકસતી હોય ત્યારે એમાં સતત પરિવર્તનો મળે અને એ ઉમેરણથી ભાષાની મુદ્રા ઘડાતી-બંધાતી હોય છે. આ ઉમેરણ બે પ્રકારના હોય છે. એક તો વ્યાકરણ સંદર્ભે અને બીજું શબ્દભંડોળ સંદર્ભે.

ભાષાના વિકાસના તબક્કાઓનો પ્રાથમિક પરિચય જ આપણને ઉદ્દિષ્ટ છે, અભિપ્રેત છે. આનો ઊંડાણથી અભ્યાસ, વ્યાકરણ અને શબ્દભંડોળનો તાત્ત્વિક અભ્યાસ એક નવા વિષયનું - ભાષાવિજ્ઞાન - વિષયનું અભ્યાસનું ક્ષેત્ર છે. આપણે અહીં ભાષાપરિચય - સાંસ્કૃતિક પરિચય મેળવીને આ સમયના સાહિત્યનો ઊંડાણથી પરિચય મેળવવાનો છે. એટલે ભાષાના વિકાસના તબક્કાઓ અને એ પૂર્વે ગુજરાતી ભાષાના મૂળ-કુળની વિગતોથી જ પરિચિત થવું પૂરતું છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. નીચે વિભાગ - ક અને વિભાગ - ખમાં મુકાયેલ સામગ્રીને એની ઉચિત સામગ્રી જોડો.

| **વિભાગ - ક** | **વિભાગ - ખ** |
|---|---|
| (1) મારું ગુર્જર | (1) ગૌર્જર અપભ્રંશ |
| (2) ભરતેશ્વર બાહુબલિરાસ | (2) હરિવલ્લભ ભાયાણી |
| (3) સિદ્ધ-હેમના દુહાઓ | (3) ઉમાશંકર જોશી |
| (4) ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ | (4) મધ્યકાલીન ગુજરાતીની કૃતિ |
| (5) પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની | (5) ડૉ. તેસ્સિતોરી |

2. ગુજરાતી ભાષાવિસ્તારની પ્રારંભની સીમારેખાઓ આલેખો.
3. મધ્યકાલીન ગુજરાતીની મૂળકુળનાં નામો દર્શાવો.
4. મધ્યકાલીન ગુજરાતીના વિકાસના કેશવ હર્ષદ ધ્રુવે નિર્દેશેલ તબક્કાઓનો પરિચય કરાવો.
5. મધ્યકાલીન ગુજરાતીના વિકાસના નરસિંહરાવ દિવેટિયાએ દર્શાવેલા તબક્કાઓનો પરિચય કરાવો.
6. મધ્યકાલીન ગુજરાતીના વિકાસના કે. કા. શાસ્ત્રીએ દર્શાવેલા તબક્કાઓનો પરિચય કરાવો.
7. મધ્યકાલીન ગુજરાતીના વિકાસના તબક્કાઓની ભિન્ન-ભિન્ન વિદ્વાનોએ કરેલી ચર્ચાનો પરિચય કરાવો.

## 1.4 ગુજરાતની રાજકીય-સાંસ્કૃતિક ભૂમિકા

સાહિત્યને જીવન સાથે ગાઢ સંબંધ છે. જીવનનો અનુબંધ સમાજ-સંસ્કૃતિ અને રાજકીય ઇતિહાસ સાથે છે. આમ, જીવનની પ્રવૃત્તિઓ સાથે સાહિત્ય ગાઢ રીતે સંકળાયેલું હોય છે. એમાંથી પ્રેરણા મેળવીને એના વહેણો-વલણોથી સાહિત્યમાં વૈવિધ્યતા પ્રવેશે છે. જીવનમાં જેવી પ્રવૃત્તિ હોય તેવી તે સમયના સાહિત્યની સ્થિતિ હોય તેથી કોઈ પણ યુગના સાહિત્યસર્જનને મૂલવવા માટે એને પ્રેરનાર એ સમયના સમાજની રાજકીય-સાંસ્કૃતિક ભૂમિકાનો પરિચય મેળવવો આવશ્યક બની રહે છે. આ કારણે મધ્યકાળનું જીવન જાણવું તથા એ કાળના રાજકીય-સાંસ્કૃતિક ઇતિહાસ પર દૃષ્ટિપાત કરવો આવશ્યક બની રહે છે. અહીં આપણે એનો સવિસ્તૃત પરિચય મેળવીશું.

ઇ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. આ સમયાવધિ દરમ્યાન આવેલા રાજકીય પલટાઓને આધારે ક્રમશઃ તે-તે સમયની રાજકીય-સાંસ્કૃતિક વહેણોનો પરિચય પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

### 1.4.1 સોલંકી-વાઘેલાનો શાસનકાળ (ઈ.સ. 1094થી 1295)

ગુજરાતી સાહિત્યનો આરંભકાળ સોલંકી-વાઘેલા રાજાઓના સુવર્ણકાળથી શરૂ થાય છે. ગુજરાતી સાહિત્યનો આ પ્રથમ યુગ ભવ્ય ઉદયનો હતો. સોલંકી રાજવંશની સ્થાપના મૂળરાજ સોલંકીએ કરી. તે પ્રજાપ્રેમી, પ્રજાપાલક ઉપરાંત શિલ્પ તથા સ્થાપત્ય અને સાહિત્યન પરત્વે પણ પ્રીતિ ધરાવતો હતો. તેના પછી ભીમદેવ પહેલો સોલંકી વંશનો સમર્થ રાજા હતો. આ સમયમાં મહંમદ ગઝનીએ સોમનાથ ઉપર ચડાઈ કરીને તેનો નાશ કર્યો હતો. ગુજરાતના સુવર્ણયુગનો મધ્યાહ્ન કર્ણદેવના પુત્ર જયસિંહ સિદ્ધરાજના શાસનકાળથી તપવા લાગે છે. સાંસ્કૃતિક ક્ષેત્રે કલા, વિદ્યાભ્યાસને એમણે ભારે ઉત્તેજન આપ્યું, એથી જ હેમચંદ્રના 'સિદ્ધહૈમ'માં આ યુગમાં જ અપભ્રંશના દુહા ઉતારવાનું ને એ દ્વારા એક તરફ દેશભક્તિ અને વીરરસ તથા બીજા બાજુ જીવનનો ઉલ્લાસ રજૂ કરતા શૃંગાર રસનું ગાન થવા પામ્યું છે.

સોલંકી રાજાઓ પછી વાઘેલા રાજપૂત રાજાઓનો શાસનકાળ આવે છે. તેમાં વસ્તુપાળ- તેજપાળ જેવા સમૃદ્ધ તેજસ્વી મંત્રીશ્વરો મળે છે, જેમણે ધર્મ, સાહિત્ય, શિલ્પ-સ્થાપત્યમાં વૃદ્ધિ કરીને સુવર્ણકાળના તેજમાં અભિવૃદ્ધિ કરી.

કલાને ઉત્તેજન આપવાની બાબતમાં આ સમયના રાજવીઓ મોખરે રહ્યા છે. 'ભરતેશ્વર બાહુબલિરાસ', 'સ્થૂલિભદ્રફાગુ', 'વંસતવિલાસ' જેવી મધ્યકાલીન ગુજરાતીની સીમાસ્તંભરૂપ કૃતિઓ પણ આ સમયમાં જ પ્રાપ્ત થાય છે. આમ, સોલંકી-વાઘેલા યુગની રાજકીય- સાંસ્કૃતિક પરિસ્થિતિની તત્કાલીન સાહિત્ય ઉપર વિશિષ્ટ અસર પડેલી છે.

### 1.4.2 મુસ્લિમ સલ્તનતનો શાસનકાળ (ઈ.સ. 1297થી 1730)

મધ્યકાલીન ગુજરાત ઉપર ઈ. સ. 1297થી 1730 સુધી લગભગ પાંચેક શતક સુધી મુસ્લિમ અમલ રહ્યો. મોટા ભાગનું સાહિત્ય આ સમયગાળા દરમિયાન લખાયું હતું.

ઈ.સ. 1297માં અલાઉદ્દીન ખીલજીએ કરણ વાઘેલા પાસેથી પાટણ જીતી લીધું ત્યારથી ગુજરાતમાં મુસલમાન સત્તા અમલમાં આવી. અલ્લાઉદ્દીન, ખીલજી વંશનો પરાક્રમી રાજા હતો. તેણે અલપખાનને ગુજરાતના સૂબા તરીકે મૂક્યો. 16 વર્ષના અમલમાં તેણે પાટણમાં ઘણી સારી મસ્જિદો બંધાવી. ઈ.સ. 1320થી 1325 સુધીના ગિયાસુદ્દીન તઘલખના અમલ બાદ એનો પુત્ર મુહમ્મદ તઘલખ ગાદીએ આવ્યો. આ સમયમાં લોકોની હાડમારીનો પાર ન હતો. તેના પછી ફિરોજખાન તઘલખ પ્રમાણમાં ન્યાયી હતો. છતાં ધર્મચુસ્ત હતો. ફિરોજખાન પછી તેનો પૌત્ર ગિયાસુદ્દીન છ એક માસ સુલતાન બન્યો. ત્યાર બાદ મુહમ્મદ તઘલખ બીજો સુલતાન બન્યો. મુસ્લિમ સલ્તનતના આરંભકાળમાં ગુજરાતે અરાજકતા અને અંધાધૂંધી અનુભવી. દેવમંદિરો, મૂર્તિઓનો ભારે વિનાશ થયો. આથી ગોવર્ધનરામ ત્રિપાઠીએ આ યુગને 'ભ્રમણયુગ' કહ્યો છે. એમણે આ પ્રતિકૂળતાથી ભાષા તથા સાહિત્યને બે લાભ બતાવ્યા કે મુસ્લિમોના આક્રમણથી થયેલા જુદા-જુદા સ્થળાંતરમાં ગુજરાતી ભાષાનું ઘડતર થયું અને સાહિત્ય લોકાશ્રયી બન્યું. આ સમયમાં 'કાન્હડદે પ્રબંધ' અને 'રણમલ્લ છંદ' જેવી કૃતિઓ પ્રાપ્ત થાય છે.

મુસ્લિમ-તઘલખ બાદશાહોના શાસનકાળ પછી સ્વતંત્ર સુલતાનોનો શાસનકાળ આવે છે. અહમદશાહ અને ગુજરાતનો પ્રથમ સ્વતંત્ર સમર્થ સુલતાન હતો. ઈ.સ. 1411માં તેણે 'અહમદાબાદ' એટલે કે આજનું અમદાવાદ વસાવ્યું. ઇ.સ. 1452થી 1458 સુધી અહમદશાહનો પૌત્ર કુત્બુદ્દીન સુલતાન રહ્યો. તેણે અમદાવાદનું કાંકરિયા બંધાવ્યું. ત્યાર બાદ મહમદ બેગડો ગાદી પર આવ્યો.

સ્વતંત્ર સુલતાનોના શાસનકાળ પછી સત્તાની ખેંચતાણ, અંધાધૂંધી વધ્યાં હતાં, ત્યાર પછી અકબરે ગુજરાતની અશાંતિના કારણરૂપ મિરઝાઓ સામે યુદ્ધ કર્યું; અને શાંતિ સ્થાપી. તેના પછી જહાંગીરે પણ પિતા અકબરની રાજ્યનીતિ ચાલુ રાખી. તે પણ ન્યાયપ્રિય હતો. શાહજહાનો સમય પણ એકંદરે શાંતિ અને સુવ્યવસ્થાનો રહ્યો. પરંતુ, ઇ.સ. 1656-57માં ઔરંગઝેબ શાહજહાંને કેદ કરી શહેનશાહ બન્યો. ફરી ગુજરાતમાં અશાંતિ અને અરાજકતાનો દોર શરૂ થયો. અરાજકતા અને અંધાધૂંધી વચ્ચે જ ગુજરાતી અસ્મિતાને પ્રાચીન સંસ્કૃતિના કવિઓએ ગુજરાતની પ્રજા સમક્ષ પ્રભાવશાળી સાહિત્ય પ્રસ્તુત કર્યું.

શિલ્પ-સ્થાપત્ય ક્ષેત્રે મુસ્લિમોના આગમન સાથે ક્રાન્તિ આવી. આ સમય દરમિયાન પેટલાદમાં બાબા અર્જુનશાહની દરગાહ, ખંભાતની જુમા મસ્જિદ, અમદાવાદની સીદી સૈયદની જાળી વગેરે એના ઉત્તમ નમૂના છે. જૈન સાધુઓને હાથે પ્રબંધ, ફાગુ અને પદ્યવાર્તા જેવા સાહિત્યપ્રકારો પણ વિકસ્યા. અકબરના સમય દરમિયાન પ્રચુર માત્રામાં ધર્માંતરણ થયું. પ્રજાને સાહિત્યથી પણ સવિશેષપણે સમૃદ્ધ કરી. એના પરિપાકરૂપ આપણને ત્રણ શ્રેષ્ઠ કવિઓ પણ મળ્યા. તે અખો, પ્રેમાનંદ અને શામળ. આથી સાહિત્યની દૃષ્ટિએ આ સમયને સુવર્ણયુગ તરીકે પણ ઓળખાવાય છે.

### 1.4.3 મરાઠા, ગાયકવાડ અને અંગ્રેજ શાસનકાળ (ઈ.સ. 1732થી 1850)

ઇ.સ. 1707માં ઔરંગઝેબના અવસાન વખતે ગુજરાતમાં અશાંતિ અને અસંતોષ પ્રવર્તતો હતો. ઔરંગઝેબની ધર્માંધ નીતિને કારણે લોકોનું માન શિવાજીની તરફ વધી ગયું. શિવાજીની રાજ્યનીતિથી ગુજરાતમાં મરાઠા

અમલની શરૂઆત થાય છે. આ પછી ગાયકવાડે ઇ.સ. 1732માં વડોદરામાં પોતાની હકૂમત જમાવી. ત્યાર બાદ ગુજરાત પેશવા અને ગાયકવાડની સ્પર્ધાનું મેદાન બન્યું. હાથ બદલા થતી રાજ્યસત્તાથી પ્રજાની સ્થિતિ દયનીય બને છે. ઇ.સ. 1761માં પેશવાઈ મરણતોલ પટકાઈ. ઇ.સ. 1818માં ગુજરાત ઉપર પણ અંગ્રેજ કંપનીની આણ શરૂ થઈ. ગુજરાતનું વાતાવરણ એકંદરે આવું ક્ષુબ્ધ રહ્યું હતું. આ ત્રણેય સત્તાઓ દ્વારા જે પલટા આવ્યા એની પ્રજા જીવન ઉપર ભારે માઠી અસર પડી હતી.

આ સમય દરમિયાન વડોદરા, સૌરાષ્ટ્રમાં, ગોંડલ આદિ સ્થાનોએ શિલ્પ સ્થાપત્યની ભવ્ય ઇમારતો અસ્તિત્વમાં આવી. સાહિત્યની દૃષ્ટિએ પણ ઘણી બધી મહત્ત્વની રચનાઓ આ ગાળામાં રચાઈ. આ બધું ઘણું અલ્પમાત્રામાં થયું હોય ને આ ગાળાને 'મંદયુગ' તરીકે પણ ઓળખાવવામાં આવે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. નીચેના **ક** અને **ખ** વિભાગમાંથી યોગ્ય મુદ્દાઓને જોડો :

| **વિભાગ - ક** | **વિભાગ - ખ** |
|---|---|
| (1) ભીમદેવ પહેલો | (1) ખીલજી વંશનો રાજવી |
| (2) અલાઉદ્દીન | (2) સોલંકી-વાઘેલા શાસનકાળનો રાજવી |
| (3) વસ્તુપાળ | (3) જયસિંહ સિદ્ધરાજના પિતા |
| (4) કર્ણદેવ | (4) ગિયાસુદ્દીનનો પુત્ર |
| (5) મહમદ તઘલખ | (5) મંત્રીશ્વર |

2. સોલંકી-વાઘેલા શાસનકાળના મહત્ત્વના રાજવીઓ, સ્થાપત્યો અને સાહિત્યનાં નામ દર્શાવો.
3. મુસ્લિમ શાસનકાળના મહત્ત્વના રાજવીઓ, સ્થાપત્યો અને સાહિત્યસર્જકોનાં નામ દર્શાવો.
4. મરાઠા, ગાયકવાડ અને અંગ્રેજ શાસનકાળ દરમ્યાન કયા સ્થાને મહત્ત્વનાં સ્થાપત્યો અસ્તિત્વમાં આવ્યાં.
5. મધ્યકાળમાં રાજકીય શાસનના મહત્ત્વના તબક્કાઓનો પરિચય કરાવો.

## 1.5 સારાંશ

આ એકમમાં તમે ગુજરાતી ભાષાની પ્રાચીનતાથી પરિચિત થયા છો. એનો ઉદ્ભવ કઈ ભાષામાંથી કેવી રીતે થયો, એના તબક્કાઓથી પણ પરિચિત થયા. ગુજરાતી ભાષાના મૂળ અને કુળથી પરિચિત થયાં છો. તમને આ કારણે એ પણ ખ્યાલ આવ્યો કે ભાષા કેવી રીતે અસ્તિત્વમાં આવતી હોય છે. એની પાછળ કેવાં પરિબળો ભાગ ભજવતાં હોય છે, ભાષા અને સાહિત્યની ભેદરેખાથી પણ સ્પષ્ટ થયા. ભાષાનો જ માત્ર અભ્યાસ જેમાં થાય છે એ નવા વિષય ભાષાવિજ્ઞાનનો પણ તમને ખ્યાલ આવ્યો.

ભાષા-સાહિત્યના ઇતિહાસમાં રાજકીય-સાંસ્કૃતિક ભૂમિકાનો અભ્યાસ કેમ અનિવાર્ય છે એનો પણ તમને ખ્યાલ આવ્યો. ગુજરાતમાં કેવા-કેવા રાજકીય પલટાઓ આવ્યા, આ પલટાઓથી સાહિત્યની ઉપર શી અસર થઈ એનો પણ પરિચય અત્રેથી પ્રાપ્ત કર્યો. મધ્યકાલીન ભાષા-સાહિત્યના સમયગાળા દરમ્યાનના રાજકીય-સાંસ્કૃતિક પ્રવાહોથી પરિચિત થયા અને એ નિમિત્તે જનમાનસનો અને એનો પડઘો પાડતા સાહિત્યની મુદ્રા પણ તમારી સમક્ષ ખૂલી. આમ સામાન્યરૂપની પરિચાયક એવી ભૂમિકા આ એકમમાંથી તમને પ્રાપ્ત થઈ.

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પ્રાકૃત** — સંસ્કૃત પછીની ભાષાનું નામ
**અપભ્રંશ** — પ્રાકૃત પછીની ભાષાનું નામ
**ગૌર્જર અપભ્રંશ** — અપભ્રંશ પછીની ભાષાનું નામ
**અભિજ્ઞિત** — સુપરિચિત
**પીઠિકા** — ભોંય
**ઉપક્રમ** — હેતુ
**સીમારેખા** — સરહદરેખા
**રાજકીય** — શાસકોની - રાજવીઓની વિગતો
**સાંસ્કૃતિક** — સાહિત્યિક, શિલ્પ, સ્થાપત્યવિષયક વિગતો
**સમયાવધિ** — આરંભકાલીન વર્ષથી નિશ્ચિત સમય સુધીનો ગાળો
**અરાજકતા** — .અવ્યવસ્થા
**પ્રવર્તતો** — ફેલાયેલો

## 1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. વિભાગ-કમાંના 1–3 (વિભાગ–ખમાંથી)
   2–4
   3–1
   4–2
   5–5
2. જુઓ 1.3.1 પ્રથમ પરિચ્છેદ
3. જુઓ 1.3.2
4. જુઓ 1.3.4નો પ્રથમ પેરેગ્રાફ પછીનો ભાગ
5. જુઓ 1.3.4નો કેશવ હર્ષદ ધ્રુવ પછીનો ભાગ
6. જુઓ 1.3.4નો નરસિંહરાવ દિવેટિયા પછીનો ભાગ
7. જુઓ 1.3.4નો સમગ્ર ભાગ

**'તમારી પ્રગતિ ચકાસો'ના - 2**

1. વિભાગ-કની સામે 1–2 (વિભાગ-ખમાંથી)
   2–1
   3–5
   4–3
   5–4
2. જુઓ 1.4.1
3. જુઓ 1.4.2
4. જુઓ 1.4.3
5. જુઓ 1.4નો સમગ્ર ભાગ.

# એકમ 2 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ

**રૂપરેખા**

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 પૂર્વભૂમિકા

2.3 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ

2.4 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કેટલીક મર્યાદાઓ

2.5 સારાંશ

2.6 ચાવીરૂપ શબ્દો

2.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 2.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો બીજો એકમ છે.

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે–

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓથી પરિચિત થશો.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કઈ રીતે આગવું-અનોખું છે એનાથી પરિચિત થશો.
- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિષયસામગ્રી અને અભિવ્યક્તિના સ્વરૂપથી પરિચિત થઈ શકશો.
- મધ્યકાલીન સાહિત્યની કેટલીક મર્યાદાઓનો પણ ખ્યાલ આવશે.

## 2.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની રૂપરેખામાં અહીં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓની વિગતો રજૂ કરવામાં આવી છે. તમે મધ્યકાલીન ગુજરાતી ભાષા અને સાંસ્કૃતિક પરિવેશથી પરિચિત છો. તમે આ સાહિત્યની વિશિષ્ટતાઓનો અભ્યાસ કરીને એ સાહિત્યના સર્જકોના અભ્યાસ તરફ વળવાનું છે.

કોઈ પણ સાહિત્યને એની **પોતીકી** એવી કેટલીક આગવી વિશિષ્ટતાઓ હોય છે. આ વિશિષ્ટતા જ એની ઓળખ બનતી હોય છે. આવી ઓળખરૂપ વિગતોથી પરિચિત થવું આવશ્યક હોય છે.

## 2.2 પૂર્વભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય એક આગળ મુદ્રા છાપ ધરાવતું સાહિત્ય છે. એ ચોક્કસ ગાળાનું, ચોક્કસ પ્રકારના સર્જકો દ્વારા સ્થાપેલું અને ચોક્કસ પ્રકારની **પ્રકૃતિ**નું સાહિત્ય છે એટલે ન એને ખાસ ગાળામાં મધ્યકાળમાં રચાયેલ સાહિત્ય તરીકેના સ્થાન-માન પ્રાપ્ત થયેલ છે. એ સમયગાળો ખરો ભારતીય હતો. એ સમયગાળામાં વિદેશી મુસ્લિમ સભ્યતાનો પેસારો થયો હતો. એ બધાના પરિણામરૂપ આ ગાળાનું સાહિત્ય છે. એમાં ગુજરાત પ્રદેશની આરંભની પ્રાદેશિક છટા, ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ અને મુસ્લિમ સત્તાનો પડછાયો **નિહિત** છે. એ રીતે પણ મધ્યકાળનું સાહિત્ય આપણા આસ્વાદ અને અભ્યાસનો વિષય છે. આ બાબત બધાં પરિબળોને કેન્દ્રમાં રાખીને એની આગવી એવી કેટલીક વિશિષ્ટતાઓ તારણ બાબતે પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

## 2.3 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ

**2.3.1 :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મુદ્રિતરૂપે ઓછું પ્રકાશિત થવા પામ્યું છે, મહદ્ અંશે એ હસ્તલિખિત અવસ્થામાં સચવાતું રહ્યું છે. મુદ્રણયંત્રો કે મુદ્રણકળાની જાણકારીના અભાવે મધ્યકાલીન સાહિત્ય કંઠોપકંઠ કે હસ્તલિખિત રૂપમાં સચવાયેલું પડ્યું રહેલ. આ સાહિત્યને લહિયાઓ પાસે લખાવીને પોથીમાં જાળવવાના પ્રયત્નો થતા.

**2.3.2 :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મુખ્ય વિશિષ્ટતા એ છે કે આ સાહિત્ય મુખ્યત્વે **પદ્યપ્રધાન** છે. ગદ્યનો હજુ પૂરો વિકાસ પણ થયો ન હતો અને જે કંઈ ગદ્ય લખાતું તે પણ પદ્યના **ચાસવાળું** અને સપ્રાસ જ જોવા મળતું. પદ્યના વિપુલ પ્રવાહની સામે 'પૃથ્વીચંદ્રચરિત્ર', 'વચનામૃત' કે 'સંતસૈયા' જેવી થોડીક ગદ્યરચનાઓને અપવાદરૂપ ગણતાં એ સમયમાં બાલાવબોધો, ઔક્તિકો વગેરેમાં મળતા ગદ્યમાં પણ શુદ્ધ સાહિત્યિક ગદ્ય જોવા મળતું નથી. વિશ્વમાં પણ ઘણાંખરાં સાહિત્યમાં પ્રથમ પદ્ય રચાયું છે અને ત્યારબાદ ગદ્ય સાહિત્યનું વાહન બન્યું છે. સાહિત્યને આ સંજોગોમાં પદ્ય જ વધુ માફક આવે અને એથી મધ્યકાળનું

બધું સાહિત્ય પદ્યમાં જ ખેડાયું છે.

**2.3.3 :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કેન્દ્રસ્થાને ધર્મ જોવા મળે છે. આ સમયગાળાના સમગ્ર સાહિત્યની આંતરિક સામગ્રી પર નજર કરતાં મોટી વિશિષ્ટતા એ દેખાશે કે એનું વિષયવર્તુળ અર્વાચીન કાળના સાહિત્યના મુકાબલે ખૂબ મર્યાદિત નજરે પડે છે. એમાં પણ ધર્મમૂલક સાહિત્ય જ કેન્દ્રસ્થ છે. નરસિંહ પહેલાંનું મોટા ભાગનું સાહિત્ય વિરક્ત જૈન સાધુઓના હાથે લખાયેલું છે. નરસિંહ અને મીરાં જેવા અનેક નાના-મોટા કવિઓએ ઈશ્વરને કેન્દ્રમાં રાખીને પોતાની રચના રજૂ કરી છે. કવિતા એમને મન સાધન હતી જ્યારે સાધ્ય હતી પ્રભુભક્તિ. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ તેમના **મુખ્ય સૂર** હતા. આ કવિઓનું લક્ષ્ય બહુધા પરલોક અને પરમેશ્વર હતાં. પદ્યવાર્તા જેવા સાહિત્યસ્વરૂપને બાદ કરતાં આ સાહિત્યમાં ઇહ જીવનના અનુરાગ કરતાં એમાં પરલોક-અભિમુખતા જ મુખ્ય રહ્યાં છે.

**2.3.4 :** આપણે ઉપર જોઈ ગયાં તેમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ધર્મ જ કેન્દ્રસ્થાને હોય છતાં પણ જીવનનો ઉલ્લાસ કેટલીક જગ્યાએ દૃષ્ટિગોચર થાય છે. 'હેમચંદ્રાચાર્યના અપભ્રંશના દુહા'માં કવિ માત્ર બે કડીના દુહામાં પ્રણયના ઉલ્લાસને તથા વીર પ્રશસ્તિભાવને પણ સુંદર રીતે અભિવ્યક્તિ અર્પે છે. અહીં ક્યાંય ધર્મનો નિર્દેશ દૃષ્ટિગોચર થતો નથી. 'વસંતવિલાસ' જીવનના ઉલ્લાસને વ્યક્ત કરતું ફાગુ કાવ્ય છે. અહીં કવિએ રસિક પ્રણયી યુગલોના વસંતવિહારને મુક્ત રીતે આલેખ્યો છે. 'સંદેશકરાસ' જેવી મુસ્લિમકવિની વિપ્રલંભ શૃંગારની કાવ્યરચના, 'રણમલ્લ છંદ' અને 'કાન્હડદે પ્રબંધ' જેવાં ઐતિહાસિક વીર કાવ્યો, બાણભટ્ટની અદ્‌ભુત રસિક પ્રણયકથા 'કાદંબરી'ને આધારે ભાલણ દ્વારા રચાયેલ 'કાદંબરી આખ્યાન' આનાં ઉદાહરણો છે. અસાઈત, નરપતિ, ગણપતિ, માધવ તથા શામળ જેવા કવિઓની પ્રણય, પરાક્રમ અને અદ્‌ભુતરસની વાર્તાઓનું વિપુલ સાહિત્ય પણ જીવનના આનંદ-પ્રમોદ, ઉલ્લાસપૂર્ણ વ્યવહારનું આલેખન કરે છે. પ્રેમાનંદનું 'ઓખાહરણ' અને બીજાં આખ્યાનોમાં ઊછળતા જીવનનો ઉલ્લાસ જોઈ શકાય છે.

**2.3.5 :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના રચયિતાઓની એક વિશિષ્ટતા એ હતી કે આ કવિઓને કવિપદનું અભિમાન ન હતું. પોતાની જાતને 'કવિ' કહેવડાવવા કરતાં 'પ્રભુનો દાસ' તરીકે ઓળખાવવામાં એમને વધારે રસ હતો. પ્રેમાનંદ પોતાને 'ભટ્ટ પ્રેમાનંદ' તરીકે ઓળખાવે છે, જ્યારે અખો કહે છે, 'જ્ઞાનીને કવિ ન ગણીશ'. આમ, આ કવિઓમાં કવિપદનું અભિમાન જોવા નથી મળતું. આ સાહિત્યનું ખેડાણ પણ ઊંચ-નીચ, જ્ઞાત-જાત અને સ્ત્રી- પુરુષના ભેદ વગર જ સમાન રીતે થયું છે. આ સમયગાળામાં વેદાંતની કાફીઓ લખનાર બાપુસાહેબ મરાઠી હતા. ભોજો ભગત ખેડૂત હતો. એવરદ રુસ્તમ પેશોતન જેવા પારસી હતા, તેમજ રાજે અબ્દુલ રહેમાન અને રતનબાઈ જેવાં મુસ્લિમ પણ હતાં. નાકર વૈશ્ય હતા. અનેક સ્ત્રી કવિઓ પણ જોવા મળે છે. બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, હરિજન-ચમાર જેવા જાત-ભાતના વિવિધ જ્ઞાતિઓના જાતિઓના કવિઓ કવિપદની અપેક્ષા વગર સાહિત્યસર્જન પરત્વે અભિમુખ હતા. આ નિરપેક્ષતા અને એકતા પણ વિશિષ્ટ છે.

**2.3.6 :** મધ્યકાળમાં વિશિષ્ટ એવાં સાહિત્યસ્વરૂપો આપણને પ્રાપ્ત થયાં છે, જેમાં આગળ નિર્દેશ્યા તેવા જૈન અને જૈનેતર કવિઓ પાસેથી રાસ, ફાગુ, બારમાસી, પ્રબંધ, પદ્યવાર્તા, આખ્યાન, ગરબો-ગરબી, ધોળ, થાળ, આરતી જેવાં સાહિત્યસ્વરૂપો પ્રાપ્ત થયાં છે, જે મુખ્યત્વે પદ્યમાં રચાયેલાં છે. આ સમયગાળામાં એક જ વિષય ઉપર અનેક કવિઓએ પોતાની કલમ કાર્યાન્વિત કરી છે. મધ્યકાલીન કવિઓને પુરોગામી કવિઓની કૃતિમાંથી એટલે કે પરંપરામાંથી કેટલીક સામગ્રી ઉપાડવામાં કે પછી પોતાની રીતે વિકસાવવામાં પોતે કશું અજૂગતું કરે છે એવો એમને ખ્યાલ ન હતો; તેથી એક જ વસ્તુ ઉપર લખાયેલી અનેક આખ્યાનકૃતિઓ આપણને મધ્યકાલીન સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. જેમકે, ભાગવતની સુદામાની કથાનો આધાર લઈ આપણે ત્યાં નરસિંહ, અને પ્રેમાનંદ ઉપરાંત અનેક આખ્યાનકારોએ આખ્યાનો રચ્યાં છે.

**2.3.7 :** આ સાહિત્યમાંથી સમકાલીન સમાજની અને સમકાલીન ઇતિહાસની દૃષ્ટિએ પર્યાપ્ત માહિતી પણ પ્રાપ્ત થાય છે. સમકાલીન સમાજજીવન, આચારવિચાર, રીતરિવાજો, વ્યક્તિનાં નામો, શુકન-અપશુકનો, સ્થળ-કાળનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદનાં આખ્યાનોમાં તત્કાલીન રીતરિવાજો, માન્યતા, શુકન-અપશુકન વગેરેનો પરિચય વિપુલ માત્રામાં પ્રાપ્ત થાય છે. 'કાન્હડદે પ્રબંધ'માંથી તત્કાલીન રાજકીય અવદશાનો ચિતાર મળે છે. 'સમરા રાસુ'માંથી ઐતિહાસિક તથા ભૌગોલિક માહિતી પ્રાપ્ત થાય છે. 'વિમલપ્રબંધ', 'પૃથ્વીચંદ્રચરિત' વગેરેમાંથી તે સમયનાં સમૃદ્ધ એવાં શહેરો, યુદ્ધની વિગતો, શસ્ત્રનાં નામો, ખાદ્યપદાર્થોની વિગતો, પહેરવેશ-પોશાકની વિગતો અને જ્ઞાતિઓનાં વર્ણનો મળે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય આમ સમકાલીન જીવન અને માનસનું પ્રતિબિંબ ઝીલે છે. અલબત્ત, આ કાર્ય તેના મુખ્ય કાર્યને પોષકરૂપે થયું છે. તેમનું મુખ્ય પ્રધાન લક્ષ્ય આ પ્રકારના આલેખનમાં ન હતું, એ હકીકત છે. પરંતુ સાહિત્યસર્જન નિમિત્તે સહજ રીતે જ સમકાલીન સમાજ-ઇતિહાસનું આલેખન પ્રાપ્ત થયું એ વિશિષ્ટતા છે.

**2.3.8 :** મધ્યકાળના સાહિત્યે થોડુંક લોકશિક્ષણનું કાર્ય પણ કરેલું છે. પ્રજાના ધર્મકેન્દ્રી જીવનને વળગી

રહેવામાં આ ભક્તકવિઓએ નૈતિક બળ પૂરું પાડ્યું હતું. આ અર્થમાં મધ્યકાળના સર્જકો સાચી રીતે લોકશિક્ષક હતાં. તેમણે ભારતીય જીવનમૂલ્યોની માવજત એનો ઉદ્દેશ સાહિત્ય દ્વારા કરીને કહી છે. નીતિવાન, પરાક્રમી બનવા માટે પ્રેરનાર આ સાહિત્ય અને એના સર્જકો હતા એ હકીકત છે. સમાજને ખરી વિગતોથી વાકેફ કરીને નિર્ભ્રાંત કરવામાં અને સમાજને એક - અખંડ રાખવામાં પણ આ સર્જકોનો-સાહિત્યનો ફાળો છે, એને પણ એક વિશિષ્ટતા તરીકે નિર્દેશી શકાય.

**2.3.9 :** એમાં સમસ્યા, ઉદાહરણ અને જીવનબોધની વિગતો પ્રચુર માત્રામાં પ્રસ્તુત થઈ હોય ને એમાંથી ભાવકને વ્યવહારજ્ઞાન અને તર્કપૂર્ણ બુદ્ધિપ્રતિભા સંઘર્ષ વિશેષ ભાથું મળે છે. આ જ્ઞાનવારસો ભાવકને બુદ્ધિવાન, જ્ઞાનવાન અને ચારિત્ર્યશીલ બનાવે છે. આમ, સાહિત્યસર્જન નિમિત્તે સમસ્યા, ઉખાણા આદિનું નિરૂપણ પણ ગમ્મત, મનોરંજન ન બની રહેતા જ્ઞાનબુદ્ધિ કસોટીનું તત્ત્વ બની રહે છે. એટલે આવાં સત્ત્વોને સાહિત્યમાં ગૂંથી લેવાનું કૌશલ્ય આ સાહિત્યની એના સર્જકોની એક વિશિષ્ટતા છે.

### 'તમારી પ્રગતિ ચકાસો' - 1

1. નીચેનાં વિધાનો માટે વિશેષ ઉદાહરણો - કારણો આપી સમજાવો :
   1. મધ્યકાલીન સાહિત્ય પદ્યપ્રધાન સાહિત્ય છે.
   2. મધ્યકાલીન સાહિત્યમાં જીવનનો ઉલ્લાસ અને અન્ય રંગો પણ છે.
   3. મધ્યકાલીન સાહિત્યમાં જ્ઞાતિ-જાતિના ભેદ ન હતા.
   4. મધ્યકાળનું વિપુલ સાહિત્ય વિવિધ સ્વરૂપોમાં મળે છે.
   5. મધ્યકાળના સાહિત્યમાં સમકાલીન સમાજનું નિરૂપણ પણ થયેલું છે.
2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ વિગતે સમજાવો.

## 2.4 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની કેટલીક મર્યાદાઓ

**2.4.1 :** મધ્યકાળના સાહિત્યની મર્યાદાઓ પણ તરત નજરે પડે એવી છે. તેમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કંઠોપકંઠ હોવાને લીધે કાવ્યની ભાષા પોતાનું અસલ રૂપ ગુમાવી દે છે, તથા હસ્તલિખિત સાહિત્ય લહિયાઓને હાથે લખાતું હોવાથી એમાં મૂળ પાઠમાં ફેરફાર થઈ જતો હોય છે. આમ મૂળરૂપ, ભાષાનું અસલ રૂપ જળવાતું નથી, અને ભ્રષ્ટ, વિકૃત કે પરિવર્તિત રૂપ-શબ્દો પ્રાપ્ત થાય છે.

**1.4.2 :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મોટે ભાગે પદ્યમય હતું. સાહિત્યમાં પદ્ય શબ્દ કાવ્યના પર્યાયરૂપ ગણાયો હતો. કલાસિદ્ધિની માત્રા ઓછી હતી. કલાકારની સભાનતાનો આ સાહિત્યમાં અભાવ છે. આ સાહિત્યનું વિકાસ વર્તુળ પણ ખૂબ જ સાંકડુ હતું. જીવ, જગત, પરમાત્મા જેવા ખૂબ જ સાંકડા વિષયોની સીમાઓમાં એ સાહિત્ય પુરાયેલું હતું. સીધો ઉપદેશ-બોધ એ જ એમનું લક્ષ્ય હતું. સમગ્ર સાહિત્ય પરલક્ષી છે, આત્મલક્ષિતાનો અભાવ જોવા મળે છે. આથી જ મુનશીએ આક્ષેપ કર્યો છે કે, "મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઊછળતા જીવનનું કરચરિયું કરવામાં આવ્યું છે." આમ, કાવ્યત્વનો અલ્પમાત્રામાં વિનિયોગ, કવિતાપદ પ્રાપ્તિ માટેનું નિરપેક્ષાપણું અને ખાસ પ્રકારની વિષયસામગ્રીને કારણે આ સાહિત્ય અમુક-તમુક વર્તુળ પૂરતું જ સીમિત રહ્યું.

**2.4.3 :** મધ્યકાલીન યુગમાં મુદ્રણયંત્રો અને છાપખાનાં ન હતા એ સાહિત્ય હસ્તલિખિત સ્વરૂપમાં જ પ્રસરતું, અને તેથી ભાવકોના બહુ નાના સ્તર સુધી એ પહોંચી શકતું. આનો પ્રચાર અને પ્રસાર મર્યાદિત બની રહેતા, આ સમયમાં રેલવે, તાર, ટપાલનાં સાધનો ન હતાં. પરિણામે મધ્યકાલીન સાહિત્ય પોતાના એક અલગ ચોકઠામાં જ બંધાઈને સર્જાતું હતું. એ કંઠોપકંઠ રૂપે જળવાયું અને ધર્માલયોમાં પ્રસરતું ચાલ્યું. ચોરે-ચૌટે પ્રસર્યું પણ અલ્પમાત્રામાં પણ એકંદરે એનો પ્રસાર-પ્રચાર, વ્યાપ, વિસ્તાર બહુ ન થયો એ હકીકત છે.

**2.4.4 :** મધ્યકાલીન સાહિત્યમાં વિવેચનની પરિપાટી ન હતી. સાહિત્યનું ખેડાણ નહીવત્ હતું. સાહિત્ય પદાર્થને મૂલવવાની તથા સાહિત્ય તત્ત્વની સભાન સમજનો અભાવ પ્રવર્તતો હતો. આથી વિવેચન આ સમયગાળા દરમિયાન થયેલું નથી, મધ્યકાળનું મોટા ભાગનું સાહિત્ય માત્રામેળ છંદોમાં લખાયું છે, માત્રામેળ છંદોનો વિપુલ ઉપયોગ થયેલો જોવા મળે છે. આ ઉપરાંત, કલા સંયમનો અભાવ, કલાદૃષ્ટિની ખામી અને સીધો ઉપદેશ વગેરે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મર્યાદા બની રહે છે. ટીકાટિપ્પણ ન થઈ એટલે સાહિત્યતત્ત્વની એના પદાર્થની માવજતના સિદ્ધાન્તો વિકસ્યા નહીં. છંદ પરત્વે જ એના જડરૂપે વિનિયોગ પરત્વે જ દૃષ્ટિ કેન્દ્રિત થઈ.

**2.4.5 :** બાલાવબોધ વગેરેમાં પણ જ્ઞાનતત્ત્વ પદાર્થની જ વધારે ચર્ચા થઈ. એમાં અન્ય ઉદાહરણો રૂપે ગદ્યના વલણો ભળ્યાં નહીં. ગદ્ય પણ સપ્રાસ લયાન્વિત હોવાથી છાપ દૃઢ થઈ. વધુ ને વધુ માત્રામાં ગદ્યમાં પણ તત્ત્વજ્ઞાનની ચર્ચા વિનિયોગ પામી. વાર્તાતત્ત્વવાળી કથાઓ પણ અંતે તો તત્ત્વદર્શન, જીવનમૂલ્યોની

મીમાંસામાં ફરી જડતી હોવાને કારણે ગદ્યમાં મીમાંસાવાળા ગ્રંથો કે વાર્તાવાળા ગ્રંથો પણ આખરે ગદ્યના સ્વરૂપને વિકસાવવાને બદલે સાહિત્ય સિદ્ધાંતનો પરિચય કરાવવાને બદલે તત્ત્વજ્ઞાનના કેન્દ્રસ્થ વિષયનું આલેખન કરતા આના પરિણામે આ ગાળાના સાહિત્યમાંથી સાહિત્યસિદ્ધાંતોને લગતી સામગ્રી અલ્પમાત્રામાં જ પ્રાપ્ત થઈ.

**'તમારી પ્રગતિ ચકાસો' -2**

1. નીચેનાં વિધાનોને વિશેષ કારણો દર્શાવી વિગતે સમજાવો :
   1. મધ્યકાળના સાહિત્યનું મૂળરૂપ પ્રાપ્ત થતું નથી.
   2. મધ્યકાળના સાહિત્યનો પ્રસાર-પ્રચાર ઓછો થયો.
2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મર્યાદાઓનો વિગતે પરિચય કરાવો.

## 2.5 સારાંશ

આ એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના વિશિષ્ટ મુદ્દાનો વિગતે પરિચય મેળવ્યો. એ કારણે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની તાસીર આપની સમક્ષ ઊપસી. આ કારણે એના મૂળભૂત અને આગવાં તત્ત્વોનો ખરો પરિચય પ્રાપ્ત કર્યો.

એમનાં વિશિષ્ટ તત્ત્વોથી જ પરિચિત થયા છો એમ નથી. આ સાહિત્યની કેટલીક ખામીઓ, મર્યાદાઓ પણ છે, એ મર્યાદાથી પણ મુદ્દાસર રીતે પરિચિત થયા. આમ મધ્યકાળના સાહિત્યની ખૂબીઓ અને ખામીઓના મુદ્દાઓ-કારણો-ઉદાહરણો સહિત તમે અહીંથી પ્રાપ્ત કરો.

## 2.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**પરિવેશ** — આસપાસનું વાતાવરણ - બનાવો.
**પોતીકી** — આગવી વિશિષ્ટતા દર્શાવતું એવું પોતાનું રૂપ
**પ્રકૃતિ** — સાહિત્યની તાસીર, મુદ્રા, અવસ્થિતિ માટેની સંજ્ઞા
**નિહિત** — છુપાયેલું, હસ્તલિખિત, હાથ દ્વારા કલમ અને શાહીથી લખાયેલું
**લહિયા** — હાથથી સાહિત્યની નકલ કરનાર, કૌશલ્ય ધરાવનાર વ્યક્તિ
**પદ્યપ્રધાન** — લયાન્વિત પદ્યમુક્ત સાહિત્યની વિશેષ માત્રા
**ચાસવાળું** — વળોટ, પ્રભાવ.
**સપ્રાસ** — પ્રાસયુક્ત
**અપવાદરૂપ** — ગણતરીમાં ન લઈ શકાય એટલી અલ્પમાત્રા
**આંતરિક સામગ્રી** — સાહિત્યકૃતિની વિષયસામગ્રી, વિષયવસ્તુ
**મુખ્યસૂર** — પ્રધાન હેતુ, મુખ્ય ઉદ્દેશ
**કવિપદ** — કવિ તરીકેનું સ્થાન-માન
**સમકાલીન** — જે-તે સમયના

## 2.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. 1 માટે 1.3.2નો ભાગ
   2 માટે 1.3.4નો ભાગ
   3 માટે 1.3.5નો ભાગ
   4 માટે 1.3.6નો ભાગ
   5 માટે 1.3.7નો ભાગ
2. માટે 1.3.1 થી 1.3.9 સુધીના પરિચ્છેદો

**'તમારી પ્રગતિ ચકાસો' - ૨**

1. 1 માટે 1.4.1નો ભાગ
   2 માટે 1.4.3નો ભાગ
2. માટે 1.4.1થી 1.4.5 સુધીના પરિચ્છેદો.

# એકમ 3 નરસિંહ પૂર્વેના કવિઓ અને સાહિત્ય પ્રવાહો

રૂપરેખા

3.0 ઉદ્દેશો

3.1 પ્રસ્તાવના

3.2 પૂર્વભૂમિકા

3.3 નરસિંહ પૂર્વેના જૈન કવિઓ અને તેમની કૃતિઓ

3.4 નરસિંહ પૂર્વેના જૈનેતર કવિઓ અને તેમની કૃતિઓ

3.5 કેટલીક મહત્ત્વની કૃતિઓનો પરિચય

3.5.1 શાલિભદ્રસૂરિ કૃત 'ભરતેશ્વર-બાહુબલિરાસ'

3.5.2 જિનપદ્મસૂરિ કૃત 'સિરિથૂલિભદ્ર ફાગુ'

3.5.3 રાજશેખર કૃત 'નેમિનાથ ફાગુ'

3.5.4 અજ્ઞાતકવિ કૃત 'વસંતવિલાસ'

3.5.5 અસાઈત કૃત 'હંસાઉલી'

3.5.6 જયશેખરસૂરિ કૃત 'ત્રિભુવનદીપક પ્રબંધ'

3.5.7 ભીમ કૃત 'સદયવત્સવીર પ્રબંધ'

3.5.8 હીરાણંદસૂરિ કૃત 'વિદ્યાવિલાસપવાડુ'

3.5.9 કવિ શ્રીધર કૃત 'રણમલ્લ છંદ'

3.5.10 કવિ માણિક્યસુંદરસૂરિ કૃત 'પૃથ્વીચંદ્રચરિત'

3.6 સારાંશ

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 3.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો પહેલો એકમ છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે–

- નરસિંહ પૂર્વેના મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પ્રવાહોથી પરિચિત થશો.
- નરસિંહ પૂર્વેની ગુજરાતી કૃતિઓની વિષયસામગ્રીનો પરિચય પ્રાપ્ત કરી શકશો.
- નરસિંહ પૂર્વેના કેટલાક મહત્ત્વના અને ઉલ્લેખનીય એવા મધ્યકાલીન ગુજરાતી કવિઓનો પરિચય મેળવશો.

## 3.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની રૂપરેખામાં અહીં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નરસિંહ પૂર્વેના કવિઓ અને એમના પ્રદાનથી સુપરિચિત કરવામાં આવેલ છે. આ પૂર્વેના એકમમાં તમે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓથી સુપરિચિત થયા છો. હવે મધ્યકાળનું આરંભનું એટલે કે નરસિંહ પૂર્વેનું સાહિત્ય કેવા પ્રકારનું હતું, એની વિષયસામગ્રી કેવી હતી, એના કર્તાઓ કોણ કોણ હતા, કયા સંપ્રદાય સાથે સંકળાયેલા હતા, એની બધી વિગતોથી પરિચિત કરાવવાનો ઉપક્રમ અહીં યોજ્યો છે. મધ્યકાળના આરંભના આ કવિઓનું ઇતિહાસના સંદર્ભમાં મહત્ત્વ હોઈને એનો પરિચય મેળવવો આવશ્યક છે.

## 3.2 પૂર્વભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો આરંભનો ગાળો ઈ.સ. 1150થી છે. એની સમયાવધિ ઇ.સ. 1150થી 1850 સુધીની એટલે કે સાતસો વરસનો સમયગાળો છે. આરંભનું સાહિત્ય કેવા પ્રકારનું હતું, પરંપરાના પ્રારંભરૂપ સાહિત્યનો પરિચય અત્રે રજૂ કરવામાં આવેલ છે. આ પરંપરાની ઈંટો ઉપર મધ્યકાલીન સાહિત્યરૂપી આખી ઇમારત ચણાઈ છે. આ પરંપરાનો પ્રભાવ પછીના અનેક કવિઓમાં વિકસીને પરાકોટિએ પહોંચેલ છે. આ પ્રભાવનો પ્રતિઘોષ આખા ગાળામાં સંભળાય છે. પ્રભાવમાંથી પાંગરેલી **નૂતન પ્રતિભા** માટે પણ આખરે તો આરંભનું આ સહિત્ય કારણભૂત હોય એ સ્વાભાવિક છે. આ બધાં કારણોથી આરંભકાલીન અર્થાત્ નરસિંહ પૂર્વેના સાહિત્યથી ઇતિહાસના અભ્યાસીઓએ સુપરિચિત થવાનું આવશ્યક બની રહે.

## 3.3 નરસિંહ પૂર્વેના જૈન કવિઓ અને તેમની કૃતિઓ

નરસિંહ પૂર્વેનું મોટાભાગનું સાહિત્ય **વિરક્ત** જૈનકવિઓ દ્વારા રચાયેલું દૃષ્ટિગોચર થાય છે. પ્રાગ્-નરસિંહયુગને હૈમ-યુગ તરીકે પણ કેટલાક વિદ્વાનોએ ઓળખાવેલ છે. આમ, આચાર્ય હેમચંદ્રાચાર્યના નિધનથી નરસિંહના જન્મ સુધીનો સમય આપણા સાહિત્યનો પ્રથમ એવો પ્રારંભિક યુગ બને છે. આ યુગના સાહિત્યસર્જન માટેનો યશ જૈનસાધુઓને ફાળે જાય છે. તેઓએ ધર્મદૃષ્ટિને કેન્દ્રમાં રાખીને પોતાના સમયના સમાજનો, જીવનનો અને ભાષાનો સંપર્ક જીવતો રાખ્યો છે. આ યુગમાં અનેક રાસ-કૃતિઓ રચાઈ હોવાથી આ યુગને 'રાસ યુગ' એવું નામાભિધાન પણ પ્રાપ્ત થયેલ છે. આ સમયગાળાના જૈનકવિઓ અને એમની કૃતિઓનો ટૂંકમાં પરિચય અત્રે પ્રસ્તુત કરેલ છે.

**3.3.1** ઈ.સ. 1185માં શાલિભદ્રસૂરિ મહત્ત્વના પ્રારંભિક કવિ છે. તેમના દ્વારા રચાયેલા ભરતેશ્વર-બાહુબલિરાસ, દુહા, સોરઠા, રોળા અને ચોપાઈ જેવા માત્રામેળ છંદો તથા ગેય દેશીઓમાં રચાયેલી કથા છે, આ રાસનું કથાનક જૈન-સમાજમાં ખૂબ જ જાણીતું છે. આ જ કથાવિષય ઉપરની વજસેનસૂરિની 'ભરતેશ્વર-બાહુબલિ ઘોર' રચના પણ મહત્ત્વની રચના છે. શાલિભદ્રસૂરિ અને વજસેનસૂરિ આમ આરંભના મહત્ત્વના કવિઓ છે.

**3.3.2** ઈ.સ. 1210માં ધર્મસેનસૂરિએ રચેલી 'જમ્બૂસ્વામિચરિય' નામની કૃતિ તત્કાલીન ભાષાના પરિચય માટે ખૂબ જ ઉપયોગી છે. ઇ.સ. 1231માં વિજયસેનસૂરિની 'રેવંતગિરિરાસુ' વર્ણસગાઈયુક્ત સુંદર વર્ણનો માટે અને ઐતિહાસિક વિગતોને કારણે ખૂબ જ મહત્ત્વની છે. આમ આ બન્ને કર્તાઓ પણ એટલા જ મહત્ત્વના છે.

**3.3.3** ઈ.સ. 1285 પછી રચાયેલી 'જિનચંદ્રસૂરિફાગુ' અત્યાર સુધીમાં મળી આવેલી સૌથી જૂની ફાગુ રચના મનાય છે. ઇ.સ. 1334માં જિનપદ્મસૂરિએ 'સિરિથૂલિભદ્રફાગુ' નામનો ફાગુ લખ્યો છે. આ ફાગુની વિશિષ્ટતા એ છે કે એમાં વસંતનું નહીં પણ વર્ષાઋતુનું વર્ણન કેન્દ્રસ્થાને છે. આ કૃતિ તે યુગનું સંસારચિત્ર દર્શાવનાર રચના તરીકે પણ મહત્ત્વની છે. રાજશેખર કૃત ઇ.સ. 1349માં રચાયેલ 'નેમિનાથ ફાગુ' ફાગુકાવ્ય પણ અત્યંત મહત્ત્વની રચના છે. કોઈ અજ્ઞાત કવિની ઇ.સ. 1374માં રચેલી 70 દુહાની જમ્બુસ્વામિ ફાગુ રચના પણ મળે છે. એ પછી મેરુનન્દન કૃત 'જીરાપલ્લી-પાર્શ્વનાથ ફાગ', સમુધર કૃત 'નેમિનાથ ફાગુ', અજ્ઞાત કવિકૃત 'પુરુષોત્તમ-પંચ-પંડળ ફાગ', અજ્ઞાત કવિ કૃત 'ભરતેશ્વર-ચક્રવર્તી ફાગ', સોમસુંદરસૂરિ કૃત 'રંગસાગરનેમિ ફાગ', માણિક્યચંદ્રસૂરિ કૃત 'નેમિશ્વરચરિત ફાગુ' વગેરે જૈન ફાગુ રચનાઓ પ્રાપ્ત થાય છે. આ બધી ફાગુ રચનાઓ નરસિંહ પૂર્વેના કવિઓની રચનાઓ તરીકે મહત્ત્વના સ્થાન-માનની અધિકારી છે.

**3.3.4** પંદરમા શતના પહેલા ચરણમાં જયશેખરસૂરિ રચિત 'ત્રિભુવન દીપક-પ્રબંધ' પ્રાપ્ત થાય છે. એ સંસ્કૃતમાં રચાયેલા 'પ્રબોધચિંતામણી' રચનાનું ગુજરાતી રૂપાંતર છે.

**3.3.5** પ્રાગ્ નરસિંહયુગમાં પદ્યવાર્તાઓનું સર્જન પણ થયું છે, જેમાં 1355માં વિજયભદ્ર રચિત હંસરાજ-વચ્છરાજ-ચઉપઈ અને ઇ.સ. 1429માં હીરાણંદસૂરિ રચિત 'વિદ્યાવિલાસ-પવાડુ' એ બન્ને જૈન કવિની કૃતિઓ છે. આ યુગમાં થયેલા ગદ્યસર્જનમાં પણ જૈનસાધુઓ અગ્રસ્થાને રહ્યા છે, જેમાં તરુણપ્રભસૂરિકૃત 'ષડાવશ્યક બાલાવબોધ', કુલમંડનગણિ કૃત 'મુગ્ધાવબોધ-ઔક્તિક' તથા માણિક્યસુંદરસૂરિ કૃત 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' ખાસ ઉલ્લેખનીય કૃતિઓ છે. આમ નરસિંહ પૂર્વેની લૌકિકકથામૂલક પદ્યવાર્તા સ્વરૂપની તથા ગદ્યસ્વરૂપની કૃતિઓમાં જૈન કવિઓનું પ્રદાન ઘણું મહત્ત્વનું અને પાયાનું રહ્યું છે.

બહુધા એમ કહી શકાય કે નરસિંહ પૂર્વેના જૈનકવિઓએ રાસ, ફાગુ સ્વરૂપમાં લૌકિકકથાઓના સ્વરૂપમાં તેમ જ ગદ્યસ્વરૂપમાં પાયાનું પ્રદાન કરીને પોતાની ઐતિહાસિક રીતે મહત્તા સ્થાપિત કરી છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું આ એક ઉજ્જ્વળ પ્રકરણ છે.

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. વિભાગ **ક**માંથી અને વિભાગ **ખ**માંથી યોગ્ય કૃતિ-કર્તાઓને જોડો :

| વિભાગ-ક | વિભાગ-ખ |
|---|---|
| 1. જિનપદ્મસૂરિ | 1. નેમિનાથ ફાગુ |
| 2. રાજશેખર | 2. વિદ્યાવિલાસ પવાડુ |
| 3. હીરાણંદસૂરિ | 3. રંગસાગરનેમિ ફાગ |
| 4. સોમસુંદરસૂરિ | 4. સિરિથૂલિભદ્ર ફાગુ |
| 5. તરુણપ્રભસૂરિ | 5. ષડાવશ્યક બાલાવબોધ |

2. નરસિંહ પૂર્વેની મહત્ત્વની જૈન રાસકૃતિઓ અને તેમના કર્તાઓ જણાવો.

3. નરસિંહ પૂર્વેની મહત્ત્વની જૈનફાગુ રચનાઓ અને તેમના રચયિતાઓની વિગતો દર્શાવો.
4. નરસિંહ પૂર્વેના મહત્ત્વની લૌકિક પદ્યવાર્તાઓમાં તથા ગદ્યસ્વરૂપમાં પ્રદાન કરનારા જૈનકર્તાઓ અને કૃતિઓની વિગતો દર્શાવો.

## 3.4 નરસિંહ પૂર્વેના જૈનેતર કવિઓ અને તેમની કૃતિઓ

**3.4.1** નરસિંહ પૂર્વેના જૈનેતર કવિઓમાં મોડાસાના મુસ્લિમ કવિ અબ્દુલ રહેમાનની 'સંદેશરાસક' નામની રચના પ્રાપ્ત થાય છે. વિષયસામગ્રી અને અભિવ્યક્તિના સ્વરૂપની દૃષ્ટિએ આ કૃતિ મહત્ત્વની છે. એ ઉપરાંત આ રચના કાલિદાસના 'મેઘદૂત' પરથી પ્રેરણા લઈને રચાઈ હોવાને કારણે તથા જીવનના ઉલ્લાસને કવિએ અહીં મનભરીને ગાયો હોવાને કારણે પણ અત્યંત મહત્ત્વના સ્થાનને પ્રાપ્ત કરે છે. શ્રીધર કૃત ઐતિહાસિક વીરકાવ્યની કૃતિ 'રણમલ્લ છંદ' પણ આ સમયની મહત્ત્વની રચના છે. કાવ્યની ભાષા અરબી અને ફારસી શબ્દોથી ભરપૂર છે. વીરરસને અનુકૂળ ઓજસવતી પદાવલી અને અક્ષરમેળવૃત્તોનો ઉપયોગ અહીં થયો હોવાને કારણે પણ એનું વિશેષ મહત્ત્વ સિદ્ધ થાય છે.

**3.4.2** જૈનેતર ફાગુ રચનાઓમાં અજ્ઞાત કવિ કૃત વસંતવિલાસ 84 કડીઓનું એક નાનકડું એવું પણ ઊર્મિને સરસ રીતે આલેખતું ઋતુકાવ્ય છે. ફાગુકાવ્યનાં તમામ લક્ષણો અહીં જોવા મળે છે. આ ઉપરાંત અજ્ઞાતકવિ કૃત 'નારાયણ ફાગુ', ચતુર્ભુજ કૃત 'ભ્રમરગીતા', અજ્ઞાતકવિ કૃત 'હરિવિલાસ' કૃષ્ણભક્તિ પરંપરામાં વર્ણનકલા અને અભિવ્યક્તિની અવનવી તરાહને કારણે અત્યંત મહત્ત્વની છે. ઊંડાણથી સમગ્રતયા અભ્યાસ કરતા જૈનેતર કવિની કૃતિઓ હોવાનો સંભવ વધુ જણાય છે.

**3.4.3** નરસિંહ પહેલાંના સાહિત્યમાં લૌકિકવાર્તાનો પણ વિકાસ થયેલો પણ જોવા મળે છે. જૈનેતર કવિઓને હાથે લખાયેલી લોકવાર્તાઓમાં અસાઇતકૃત 'હંસાઉલી' અને કવિ ભીમ રચિત 'સદ્યવત્સચરિત' મુખ્ય છે. 'હંસાઉલી' માં નરવાહન તથા વચ્છરાજ નામના જોડિયા ભાઈઓની પરાક્રમકથા આલેખાઈ છે. 'સદ્યવત્સચરિત' માં સદેવંત અને સાવળિંગાની કથા છે. શૃંગાર, વીર અને અદ્ભુત રસના વિનિયોગમાં આ કવિઓએ દાખવેલ કૌશલ્યને કારણે વિષયસામગ્રીને રસપ્રદ રીતે આલેખવાની રીતિને કારણે જૈનેતરકવિઓ અને આ બધી કૃતિઓ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પરંપરામાં ખૂબ જ મહત્ત્વની મનાઈ છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. વિભાગ કમાંથી વિભાગ ખમાંની ઉચિત કૃતિઓ જોડો.

| વિભાગ - ક | વિભાગ - ખ |
|---|---|
| 1. ભીમ | 1. સંદેશરાસક |
| 2. શ્રીધર | 2. સદ્યવત્સચરિત |
| 3. ચુતર્ભુજ | 3. હંસાઉલી |
| 4. અબ્દુલ રહેમાન | 4. રણમલ્લ છંદ |
| 5. અસાઇત | 5. ભ્રમરગીતા |

2. નરસિંહ પૂર્વેના મહત્ત્વના જૈનેતર કર્તાઓ અને એમની કૃતિઓની વિગતો દર્શાવો.

## 3.5 કેટલીક મહત્ત્વની કૃતિઓનો પરિચય

### 3.5.1 શાલિભદ્રસૂરિ કૃત 'ભરતેશ્વર-બાહુબલિરાસ'

ઈ.સ. 1185માં રચાયેલી 'ભરતેશ્વર-બાહુબલિરાસ' ભાષા તથા રાસના સ્વરૂપના અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વની છે. આ કૃતિ દુહા, સોરઠા, રોળા અને ચોપાઈ જેવા માત્રામેળ છંદો તથા ગેય દેશીઓમાં લખાયેલી છે. આ રાસનું કથાવસ્તુ જૈન સમાજમાં ખૂબ જ જાણીતું છે. તીર્થંકર ગણાતા ઋષભદેવના બે પુત્રો - ભરત અને બાહુબલિ વચ્ચેનું યુદ્ધ તેમ જ બાહુબલિનાં વૈરાગ્ય, તપ અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ એના પ્રમુખસ્થાને છે. યુદ્ધનું વર્ણન, વ્યક્તિનાં નામો તથા ભાષાને કારણે એની મહત્તા વિશેષે છે. ગુજરાતી ભાષાના ઐતિહાસિક વ્યાકરણ માટેની તેમ જ સાંસ્કૃતિક ઇતિહાસ માટેની મહત્ત્વની ઘણી સામગ્રી આ રાસકૃતિમાંથી પ્રાપ્ત થાય છે.

### 3.5.2 જિનપદ્મસૂરિ કૃત 'સિરિથૂલિભદ્ર ફાગુ'

આ કૃતિનો રચનાકાળ નિશ્ચિતપણે પ્રાપ્ત થતો નથી. પણ જિનપદ્મસૂરિને ઇ.સ. 1334માં આચાર્યપદવી, તે પછી ઇ.સ.1344માં તેઓ કાળધર્મ પામ્યા. તે પહેલાંના ગાળામાં આ કૃતિની રચના થયેલી છે. સ્થૂલિભદ્ર એક મહાન જૈન સાધુ થઈ ગયા. 27 કડીના આ નાના કાવ્યમાં સ્થૂલિભદ્રના જીવનપ્રસંગો સાત વિભાગમાં વહેંચીને વર્ણવવામાં આવ્યા છે. આ કૃતિ તે યુગનું સંસારચિત્ર દર્શાવનાર રચના તરીકે મહત્ત્વની બની રહે છે.

### 3.5.3 રાજશેખર કૃત 'નેમિનાથ ફાગુ'

ઈ.સ. 1349માં રચાયેલા રાજશેખર કૃત 'નેમિનાથ ફાગુ' માં નેમિનાથ અને રાજિમતીની જૈનધર્મની અત્યંત પ્રખ્યાત કથા છે. કેન્દ્રસ્થાને નેમિનાથના રાજમતી સાથે ન થઈ શકેલા લગ્નનો અને વૈરાગ્યપ્રેરિત

મહાભિનિષ્ક્રમણનો પ્રસંગ આ કવિનું કથાવસ્તુ છે. વર્ષાનું વર્ણન, લયાન્વિત પદાવલિ અને શબ્દચિત્રાત્મક આલેખનને કારણે આ ફાગુ રચના સમગ્ર પરંપરામાં મહત્ત્વની છે.

### 3.5.4 અજ્ઞાતકવિ કૃત 'વંસતવિલાસ'

અજ્ઞાતકવિ કૃત 'વસંતવિલાસ' 84 કડીનું ઉત્તમ સુરેખ એવું ફાગુ કાવ્ય છે. એના રચના સમય વિશે અનેક અનુમાનો થયા છે પણ નિશ્ચિતપણે એની રચના સાલ મળતી નથી. આ ફાગુ કાવ્યની વિશિષ્ટતા એ છે કે અહીં કોઈ નાયક-નાયિકા નથી, પરંતુ સંસાર-રસે ઊભરાતા અનેક નરનારીઓનાં વસંતવિહારને ગાવામાં આવ્યો છે. કાવ્યમાં કવિએ માત્ર વસંતઋતુનું નહીં, સાથે સાથે વસંતક્રીડાનું પણ મનોહર વર્ણન મુક્ત ઉલ્લાસથી કર્યું છે. શબ્દાલંકારો અને ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા, અન્યોક્તિ વગેરે અર્થાલંકારોને મધુર રીતે પ્રયોજી, દરેક કડીને લાઘવયુક્ત, લાલિત્યયુક્ત રસઘન અને સચોટ બનાવી કવિએ સમગ્ર કાવ્યને એક મનોહર કલાકૃતિ બનાવ્યું છે. આમ, 'વસંતવિલાસ' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં એક અનોખી ભાત પાડતું કાવ્ય છે.

### 3.5.5 અસાઈત કૃત 'હંસાઉલી'

ઈ.સ. 1361માં જૈનેતર કવિ અસાઈતે આ કૃતિની રચના કરી છે. ચાર ખંડની કુલ 470 કડીઓમાં લખાયેલી આ કૃતિનું કથાવસ્તુ કવિએ લોકકથામાંથી લીધું છે. પહેલાં ખંડમાં હંસાઉલી અને નરવાહનનાં લગ્નની અને બાકી ત્રણ ખંડમાં એ યુગલના જોડિયા પુત્રો વચ્છરાજ અને હંસરાજના પરાક્રમની કથા છે. મધ્યકાળમાં હંસાઉલીની કથા ખૂબ જ લોકપ્રિય બની હતી. કથાનો ક્રમિક વિકાસ, ચરિત્ર-ચિત્રણ, વર્ણનકલાને કારણે હંસાઉલી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મહત્ત્વની રચના છે.

### 3.5.6 જયશેખરસૂરિ કૃત 'ત્રિભુવનદીપક પ્રબંધ'

432 કડીની રૂપકાત્મક અભિવ્યક્તિથી સભર 'ત્રિભુવનદીપક પ્રબંધ' જયશેખરની અત્યંત મહત્ત્વની રચના છે. મૂળ સંસ્કૃતમાં રચેલી 'પ્રબોધ ચિંતામણી' રચનાના કર્તાએ પોતે જ ગુજરાતીમાં કરેલો આ અનુવાદ છે. આત્મારૂપી રાજાને માયાએ પોતાની જાળમાં ફસાવીને એની પ્રિય એવી ચેતના રાણીથી એને છૂટો પાડ્યો. પછીની એની સ્થિતિ આ રચનાના કેન્દ્રસ્થાને છે. ભારતીય જ્ઞાનમાર્ગની કાયા અને આત્મા વિષયક વિગતો અહીં રૂપકાશ્રયે આલેખાઈ છે. એના કર્તાનું પાંડિત્ય, ભાષા પ્રભુત્વ અને જ્ઞાનમાર્ગી વિચારધારાને અભિવ્યક્તિ અર્પવાનું કૌશલ્ય અહીં દૃષ્ટિગોચર થાય છે.

### 3.5.7 ભીમ કૃત 'સદયવત્સવીર પ્રબંધ'

ઈ.સ. ૧૪૧૦માં રચાયેલી કથામૂલક સાહિત્યમાં કથાનકની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની ભીમ કૃત સદયવત્સવીર પ્રબંધની વિષયસામગ્રી ધ્યાનાર્હ છે. પ્રાચીન પરંપરિત કથાનકનો દૃષ્ટિપૂત વિનિયોગ, દુહા, સોરઠા, ચોપાઈ, છપ્પા, કુંડળિયા એવા છંદોને અનુષંગે થયો છે. વચ્ચે વચ્ચે ભાવ-સંવેદનાને ઉદ્ઘાટિત કરતી ગીત રચનાઓ પણ પ્રયોજાઈ છે. સદેવંત અને સાવળિંગાની અદ્ભુત રસિક લોકપ્રિય પ્રણયકથાને કર્તાએ પોતાની રીતે કલાત્મક અભિવ્યક્તિ અર્પી છે. ભાષા વિનિયોગ, વર્ણનો અને સંઘર્ષપૂર્ણ સંવાદોમાંથી કવિપ્રતિભાનાં દર્શન થાય છે.

### 3.5.8 હીરાણંદસૂરિ કૃત 'વિદ્યાવિલાસપવાડુ'

ઈ.સ. 1429માં રચાયેલી હીરાણંદસૂરિ કૃત 'વિદ્યાવિલાસપવાડુ' મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસની એક મહત્ત્વની રચના છે. વિનયચંદ્ર કેવી રીતે કર્મના પરિણામે કેવા ફળ પ્રાપ્ત કરે છે એની પરાક્રમગાથા અહીં કેન્દ્રસ્થાને છે. એ રીતે આ વીરપ્રશસ્તિ પ્રકારની રચના છે. લૌકિક કથાનક અહીં જે રીતે પ્રયોજાયું છે, વચ્ચે વચ્ચે ભાવસંવેદનાને અનુરૂપ-અનુકૂળ ગીતો, સપ્રાસ ગદ્ય-વચનિકાનો વિનિયોગ કવિની કથાનિર્માણકળાનો પરિચય પણ કરાવે છે. વિષયને ક્રમબદ્ધ રીતે ક્રમશઃ વિકસાવીને નિરૂપવાનું કૌશલ્ય પણ ધ્યાનાર્હ છે. મધ્યકાલીન કથામૂલક સાહિત્યમાં વિષયસામગ્રી અને અભિવ્યક્તિની તરાહને કારણે આ રચના અત્યંત મહત્ત્વની છે.

### 3.5.9 કવિ શ્રીધર કૃત 'રણમલ્લ છંદ'

કવિ શ્રીધર વ્યાસે 70 કડીમાં રચેલું ઐતિહાસિક પ્રસંગને આલેખતું વીરરસથી સભર કાવ્ય છે. ઐતિહાસિક ઘટનાનું નિરૂપણ કરતી આ કૃતિ આપણા સાહિત્યમાં જૂદી જ ભાત પાડે છે. ઈ.સ. 1340માં ઈડર પર આક્રમણ કરનાર પાટણના મુસલમાન સૂબાને આપેલા સખત પરાજયને આ કાવ્યમાં અભિવ્યક્તિ પ્રાપ્ત થઈ છે. કાવ્યની ભાષા અરબી તથા ફારસી શબ્દોથી ભરપૂર છે. વીરરસને અનુકૂળ ઓજસવતી પદાવલિ અને અક્ષરમેળ વૃત્તોનો ઉપયોગ અહીં થયો છે. કવિની શૈલી પ્રૌઢ અને ઓજસ્વી છે. મહત્ત્વના ઐતિહાસિક પ્રસંગને આલેખતી રચના તરીકે અને ભાષાવિનિયોગને કારણે એનું મૂલ્ય સવિશેષ છે.

### 3.5.10 કવિ માણિક્યસુંદરસૂરિ કૃત 'પૃથ્વીચંદ્રચરિત'

'પૃથ્વીચંદ્રચરિત' આ સમયગાળા દરમિયાન લખાયેલી ગદ્યકૃતિઓમાં સૌથી મહત્ત્વની કૃતિ મનાય છે. એનું કૌતુકરસિક કથાવસ્તુ, જન્મજન્માંતરોની ચમત્કારભરી વાતો, ચમત્કૃતિ ભરેલા મનોહર શબ્દાલંકારો અને અર્થાલંકારોથી સમગ્ર કૃતિ સાહિત્યતત્ત્વની કોટિએ પહોંચી જાય છે. માણિક્યસુંદરસૂરિને ગુજરાતી ભાષાના 'બાણભટ્ટ' તરીકે ઓળખાવી શકાય એમ છે. બધી જ રીતે 'કાદંબરી'ને મળતી આ કૃતિને અંતે

ધર્મોપદેશ આવવાથી એ ગુજરાતી ભાષાની કાદંબરી બનવાને બદલે ધર્મકથા બની ગઈ છે. વાર્તા અંતર્ગત આવનાર કથાઓ અને ચમત્કારપૂર્ણ પ્રસંગો પણ ધર્મોપદેશના ઉદ્દેશે જ ગોઠવાયેલા છે. આમ, મધ્યકાલીન ગુજરાતી ગદ્યસાહિત્યમાં 'પૃથ્વીચંદ્રચરિત'નું સ્થાન મહત્ત્વનું છે. ગદ્ય સ્વરૂપની મૂળભૂત તાસીરનો અહીંથી પરિચય પ્રાપ્ત થતો હોય, એની મહત્તા સવિશેષ છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

વિભાગ - ક અને વિભાગ - ખમાંથી યોગ્ય સામગ્રીને જોડો.

| વિભાગ - ક | વિભાગ - ખ |
|---|---|
| 1. ઈ.સ. 1185 | 1. હંસાઉલી |
| 2. ઈ.સ. 1349 | 2. સદયવત્સવીરપ્રબંધ |
| 3. ઈ.સ. 1361 | 3. ભરતેશ્વરબાહુબલિરાસ |
| 4. ઈ.સ. 1410 | 4. વિદ્યાવિલાસપવાડુ |
| 5. ઈ.સ. 1429 | 5. નેમિનાથ ફાગુ |

## 3.6 સારાંશ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આરંભે જૈન કવિઓએ તથા જૈનેતર કવિઓએ જે મહત્ત્વનું પ્રદાન કર્યું એનો પરિચય અત્રેથી પ્રાપ્ત થયો. જૈન કવિઓનું કેટલું વૈવિધ્યપૂર્ણ અને વિપુલમાત્રામાં પ્રદાન છે, તેમ જ જૈનેતર કવિઓનું પણ કેવું સત્ત્વશીલ પ્રદાન છે એની ખરી વિગતો અત્રેથી પ્રાપ્ત થઈ. મહત્ત્વની કૃતિઓ શા કારણે મહત્ત્વની છે ? એ ક્યારે રચાઈ અને કેવા પ્રકારની છે એનો પણ ટૂંકો પરિચય અહીંથી પ્રાપ્ત થયો. આમ; મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું આરંભકાળનું ચિત્ર અહીં આપની સમક્ષ સ્પષ્ટ રીતે અંકાયું છે.

## 3.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નૂતન પ્રતિભા** — નવીન પ્રતિભાવાન, મૌલિક
**વિરક્ત** — વૈરાગી
**વીરકાવ્ય** — વીરરસથી સભર કાવ્ય
**કથામૂલક** — વાર્તાતત્ત્વયુક્ત

## 3.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. 1–4
   2–1
   3–2
   4–3
   5–5
2. જુઓ 1.3.1 તથા 1.3.2 પરિચ્છેદ
3. જુઓ 1.3.3 પરિચ્છેદ
4. જુઓ 1.3.4 પરિચ્છેદ

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. 1–2
   2–4
   3–5
   4–1
   5–3
2. જુઓ પરિચ્છેદ 1.4.1, 3.4.2 અને 3.4.3

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. 1–3
   2–5
   3–1
   4–2
   5–4

# એકમ 4 નરસિંહ

## રૂપરેખા

4.0 ઉદ્દેશો
4.1 પ્રસ્તાવના
4.2 પૂર્વભૂમિકા
4.3 નરસિંહનો સમય અને જીવનરેખા
4.4 નરસિહની સાહિત્ય સેવા
4.4.1
4.4.2 આત્મકથનાત્મક કૃતિઓ
4.4.3 આખ્યાકલ્પ કૃતિઓ
4.4.4 કૃષ્ણપ્રીતિનાં પદો - ઊર્મિગીતો
4.4.5 ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનાં પદો
4.5 સારાંશ
4.6 ચાવીરૂપ શબ્દો
4.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 4.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ચોથો એકમ છે. આ એકમના અભ્યાસ દ્વારા તમે–

- મધ્યકાલના આરંભના અત્યંત મહત્ત્વના કવિ નરસિંહના સમય અને જીવનથી પરિચિત થશો.
- નરસિંહના સાહિત્યિક પ્રદાનનો પરિચય અને એની મહત્તાથી પરિચિત થશો.
- નરસિંહ કૃત સાહિત્યની વિષયસામગ્રી અને અભિવ્યક્તિના સ્વરૂપથી પરિચિત થશો.

## 4.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની રૂપરેખામાં મધ્યકાલીન ભારતીય ભક્તિ સાહિત્યમાં અત્યંત મહત્ત્વના કવિ છે. આરંભના આ કવિનું પ્રદાન સમગ્ર મધ્યકાલીન ભારતીય ભક્તિ સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું મનાયું છે. તત્કાલીન ભક્તિ આંદોલને ભગિનીભાષી ભક્તોની વાણી તથા સમકાલીન કૃષ્ણભક્તિનો પ્રભાવ બાબતે તેણે પોતાની રીતે ભક્તિકવિતાનું સર્જન કરીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મોખરાનું મહત્ત્વનું સ્થાન-માન પ્રાપ્ત કરેલું છે. મૂળરૂપ સાહિત્યનો પોતાની રીતે પોતાની પદરચનાઓમાં વિનિયોગ કરનારા આ કવિ નરસિંહે સમગ્ર પરંપરામાં પણ બહુ મોટો પ્રભાવ પાડ્યો છે.

## 4.2 પૂર્વભૂમિકા

નરસિંહ પૂર્વેના સાહિત્યથી તમે આ પૂર્વે પરિચિત થઈ ગયા છો. એને આધારે તમને અહીં ખ્યાલ આવશે કે નરસિંહ કઈ રીતે પરંપરામાં નવું **પ્રસ્થાનબિંદુ** મૂકે છે. નરસિંહની મહત્તા પાછળનાં પરિબળોનો પણ તમને તમારા પૂર્વ એકમના અભ્યાસને આધારે ખ્યાલ આવશે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં નરસિંહ **સીમાસ્તંભરૂપ** કવિ ગણાવાયા છે. એની પાછળ એમણે નૂતનપ્રયાણનો પ્રારંભ કર્યો એ પદકવિતા કારણભૂત છે.

નરસિંહની કવિતામાં પ્રાચીન સાહિત્યનું એને એ રીતે નિરૂપણ નથી પણ પોતાની રીતે પૂર્વ પરંપરાનો પોતાની કૃતિઓમાં વિનિયોગ કરીને પોતીકી પ્રતિભા પ્રગટાવી છે. નરસિંહનું સાહિત્યક્ષેત્રે જે પ્રદાન છે એનું મહત્ત્વ સમગ્ર પરંપરામાં અનુગામીઓના સાહિત્યને આધારે પણ ઓછું થયું નથી. એ સંદર્ભે પણ અહીં અભ્યાસ વખતે મનમાં રાખશો. **અનુગામી** સાહિત્યને પણ નરસિંહની પરંપરાના સંદર્ભે જોવાનું હોવાથી એ રીતે પણ નરસિંહના સાહિત્યનો અભ્યાસ કરવાનો છે.

## 4.3 નરસિંહનો સમય અને જીવનરેખા

**4.3.1** મધ્યકાલીન ગુજરાતીના અત્યંત મહત્ત્વના કવિ નરસિંહ મહેતાના સમય વિશે વિદ્વાનોમાં અનેક મતભેદો પ્રવર્તે છે. નરસિંહ મહેતાના જીવનકાળ વિશે ચોક્કસ માહિતી આપણને પ્રાપ્ત થતી નથી. કે. કા. શાસ્ત્રી એમનો જન્મસમય ઈ.સ. 1410-11 જણાવે છે. આનંદશંકર ધ્રુવ નરસિંહનાં પદો, ભજનોમાં

આવતા ગોપીઓનાં નામ, ચૈતન્ય સંપ્રદાયના રૂપગોસ્વામીની રચનાઓમાં મળે છે. એથી એ પંદરમા શતકને બદલે સોળમા શતકમાં મૂકે છે. તેઓ કહે છે કે નરસિંહનું જીવન ઈ.સ. 1414થી 1480 ગણાય છે. ચૈતન્ય સંપ્રદાય સાથેનો સંબંધ સ્વીકારીએ તો ચૈતન્યનો સમય ઈ.સ. 1485થી 1527નો હતો એટલે એ પ્રમાણે ગણવો પડે. જેઠાલાલ ત્રિવેદી નરસિંહનો જન્મ સંવત 1540ની આસપાસ અને મરણ સંવત 1595ની આસપાસ માને છે. મુનશી 'હારમાળા'ના પ્રસંગને ધ્યાનમાં રાખીને નરસિંહનો સમય ઈ.સ. 1414ની આસપાસ જન્મ અને ઈ.સ. 1480 આસપાસ મૃત્યુ એ રીતે આપે છે; જે અન્ય મતો કરતાં વધુ શ્રદ્ધેય બની રહે છે.

શ્રી બળવંતરાય ઠાકોરને તો નરસિંહ નામની કોઈ એક વ્યક્તિ થઈ હોય એમાં જ કલ્પના લાગે છે. આમ, નરસિંહના સમય અંગે વિદ્વાનોએ પોતાની પાસેના આધારોને આધારે જે મંતવ્યો રજૂ કર્યાં છે, એમાં ભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. પરંતુ નરસિંહને પંદરમા શતકના પૂર્વાર્ધના કવિ તરીકે તો સહેજે સ્વીકારી શકાય તેમ છે. એમનો **કવનકાળ** પંદરમા શતકનો પૂર્વાર્ધ છે.

શ્રી અનંતરાય રાવળના મતે ઈ.સ. 1414-15થી 1480 સુધીનો સમય છે, જે સ્વીકાર્ય નીવડે એવો છે.

**1.3.2** નરસિંહ મહેતાના જીવન વિશે અનેક ચમત્કારિક પ્રસંગો પ્રચલિત છે, પરંતુ આમ છતાં તેમના જીવન વિશેની કેટલીક માહિતી તો એની કૃતિઓમાંથી પણ પ્રાપ્ત થાય છે.

નરસિંહ જૂનાગઢ પાસેના તળાજા ગામમાં વડનગરા નાગર જ્ઞાતિમાં જન્મ્યા હતા. માતા- પિતાની છત્રછાયા બાળપણમાં જ ગુમાવી દેવાથી ભાઈ-ભાભીને ત્યાં જૂનાગઢમાં આશ્રય લેવો પડ્યો. ભણતર કે ઉદ્યમમાં નહીં પણ સાધુ-સંતોના સંગમાં તેઓ સમય પસાર કરતાં. તેમનું લગ્ન માણેકબા સાથે થયેલું, એમને શામળશા નામનો પુત્ર અને કુંવરબાઈ નામની પુત્રી હતી. બે સંતાનો હોવા છતાં જીવનનિર્વાહનું કોઈ સાધન ન હોવાથી ભાભીએ તેમને એક વાર મહેણું માર્યું, તેથી ઘર છોડી જંગલમાં જઈ તેમણે મહાદેવને આરાધ્યા. શિવે પ્રસન્ન થઈ તેમને રાસલીલાનું દર્શન કરાવ્યું. ત્યાંથી પાછા વળેલા નરસિંહ જીવનસંસાર આરંભે છે, પણ પ્રભુમાં મસ્ત એવા આ ભક્તને સંસારની પડી નથી. રાસલીલા દર્શનનું ગાન જ, પ્રભુભક્તિ ગાન જ તેની મહત્ત્વની પ્રવૃત્તિ બની જાય છે.

નરસિંહ મહેતાના જીવન વિશે કેટલીક ચમત્કારયુક્ત દંતકથાઓ પણ જનસમાજમાં જાણીતી છે. પણ નરસિંહ વિકટ સંજોગોમાંય ભક્તિ અને શ્રદ્ધામાંથી ચલિત થયા ન હતા. એટલે જ કલાપીએ નરસિંહ-મીરાંને અંજલિ આપતાં કહ્યું છે, 'હતો નરસિંહ હતી મીરાં, ખરાં ઇલ્મી ખરાં શૂરાં'. પ્રભુનામ સ્મરણ, ભક્તિપદ ગાન માટે ન્યાતની પરવા કર્યા વિના તેઓ હરિજનવાસમાં ભજન કરવા ગયા અને વર્ણભેદની દીવાલો તોડવાનો પુરુષાર્થ તેમણે કર્યો હતો. એમની પદરચનાઓમાં કૃષ્ણભક્તિ ઉપરાંત આત્મચરિત્રાત્મક છે અને ચમત્કાર તરીકે પ્રચલિત સામગ્રી પણ વિનિયોગ પામેલ જોવા મળે છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. નીચેના વિધાનની સામે આપેલ વિકલ્પોમાંથી સાચી વિગત પસંદ કરો :
   1. આનંદશંકર ધ્રુવના મતે નરસિંહનો સમય,
      (ચૌદમું શતક, સોળમું શતક, પંદરમું શતક)
   2. જેઠાલાલ ત્રિવેદી - નરસિંહનો જન્મસમય
      (ઈ.સ. 1416, સં. 1540 આસપાસ, સં. 1595 આસપાસ)
   3. ક. મા. મુનશી - નરસિંહનો જન્મસમય
      (ઈ.સ. 1480, ઈ.સ. 1414, ઈ.સ. 1410)
2. નરસિંહના સમય વિશે ભિન્ન ભિન્ન વિદ્વાનોનાં મંતવ્યો દર્શાવો.
3. નરસિંહના જીવનવિષયક વિગતો દર્શાવો.

## 4.4 નરસિંહની સાહિત્ય સેવા

**4.4.1** મધ્યકાલીન ગુજરાતી કાવ્યસાહિત્યને સમૃદ્ધ કરવામાં નરસિંહ મહેતાનો ફાળો મૂલ્યવાન છે. એમનું કાવ્યસર્જન ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ ખૂબ જ વિપુલ છે. નરસિંહના કાવ્યસર્જનમાં મુખ્યત્વે પદો વિપુલમાત્રામાં છે. એમાં 'શામળદાસનો વિવાહ', 'શ્રાદ્ધ', 'હૂંડી', 'મામેરું' જેવાં આત્મચરિત્રાત્મક 'રાસસહસ્ત્રપદી', 'શૃંગારમાળા', 'વસંતનાં પદો', 'ચાતુરીઓ', 'કૃષ્ણલીલા' અને 'બાળલીલા' જેવી શ્રીકૃષ્ણ-મહિમા ગાતી કૃતિઓનો પણ એમાં સમાવેશ થાય છે. જ્યારે 'ગોવિંદગમન' અને સુરતસંગ્રામ એ બન્ને કૃતિઓનું **કર્તૃત્વ** શંકાસ્પદ મનાયું છે. અભ્યાસની વ્યવસ્થા માટે અને અધ્યયનની સરળતા ખાતર નરસિંહના સાહિત્યસર્જનને ચાર વિભાગમાં વિભાજિત કરીને એની ચર્ચા અત્રે કરવા ધારી છે.

**1. આત્મકથનાત્મક કૃતિઓ :**

હાર, હૂંડી, મામેરું ને શ્રાદ્ધનાં પદો, ઝારીનાં પદો.

**2. આખ્યાનકલ્પ કૃતિઓ :**

ચાતુરીઓ, સુદામાચરિત્ર, દાણલીલા.

**3. કૃષ્ણપ્રીતિનાં પદો ઊર્મિગીતો :**

શૃંગારપ્રીતિનાં પદો, વાત્સલ્યપ્રીતિનાં પદો.

**4. ભક્તિજ્ઞાનનાં પદો :**

અધ્યાત્મ અનુભવની કવિતા, પ્રેમલક્ષણાભક્તિની કવિતા અને તત્ત્વદર્શી કવિતા.

## 4.4.2 આત્મકથનાત્મક કૃતિઓ

નરસિંહને ગૃહસ્થજીવનમાં ઘણું સહન કરવાનું બનેલું. એ સંઘર્ષની અને કટોકટીની પળોમાં ભગવાને આવીને નરસિંહને મદદ કરેલી એનું ગાન અહીં નરસિંહ ઊલટભેર ગાય છે. ઝારીનાં પદો, શ્રાદ્ધનાં પદોમાં નરસિંહનું આત્મકથન વિશેષભાવે આવે છે. જન્મ, બાળપણ, જ્ઞાતિજનોનો ઉપહાસ વગેરેનું નિરૂપણ તેમણે હાર, હૂંડી અને મામેરાનાં પદોમાં કર્યું છે. જેમાંથી જીવનવિષયક નિખાલસ અભિવ્યક્તિ જોવા મળે છે. જીવનમાં આવી પડેલી મુશ્કેલીઓ વખતે પરમકૃપાળુ પરમાત્મા પોતાને કેવી રીતે મદદરૂપ થયા એની વિગતોને કાવ્ય વિષય બનાવીને તેમણે રચેલી આત્મકથનાત્મક પ્રકારની પદમાળાઓ અભિવ્યક્તિના સ્વરૂપની દૃષ્ટિએ પણ મહત્ત્વની છે.

## 4.4.3 આખ્યાકલ્પ કૃતિઓ

'ચાતુરીઓ', 'સુદામાચરિત્ર', 'દાણલીલા' વગેરે નરસિંહની સળંગ આખ્યાનકલ્પ કૃતિઓ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ખૂબ જ લોકપ્રિય આખ્યાન સાહિત્યપ્રકારનાં બીજ નાંખનાર નરસિંહ છે. 'સુદામાચરિત્ર' કવિની પ્રસંગાત્મક કૃતિ છે. પ્રસંગ-નિરૂપણ અને કાવ્યમયતાને લક્ષ્યમાં લેતા એમાં આખ્યાન-સ્વરૂપનો ખ્યાલ કરી શકાય છે. એક ભક્તનું બીજા ભક્ત દ્વારા લખાયેલું આ ચરિત્ર છે. 'ચાતુરીઓ'માં પચ્ચીસ પદોમાં દાણ નિમિત્તે ગોરસ ઝૂટવવું, વનક્રીડા વગેરેની વાતો આલેખાઈ છે. ચાતુરીમાં અને દાણલીલામાં કેન્દ્રસ્થાને કૃષ્ણચરિત્ર છે. શ્રીમદ્ ભાગવતના પ્રસંગોને પોતાની રીતે વિકસાવીને નરસિંહે જે શબ્દચિત્રો આલેખ્યાં છે, જે કલ્પનાઓનું નિરૂપણ કર્યું છે તે નરસિંહની સર્જકપ્રતિભાનું પરિચાયક છે.

## 4.4.4 કૃષ્ણપ્રીતિનાં પદો - ઊર્મિગીતો

શ્રીકૃષ્ણને વિષય બનાવીને શૃંગાર અને વાત્સલ્યપ્રીતિનાં પદોનું નરસિંહે વિપુલ માત્રામાં સર્જન કર્યું છે. નરસિંહનું મોટા ભાગનું કાવ્યસર્જન મુખ્યત્વે પદોના રૂપમાં જ છે. સખીભાવે ઈશ્વરની ભક્તિ કરનાર નરસિંહ નારી અવતારનું ભારે ગૌરવ કરે છે. 'રાસસહસ્રપદી'માં કવિ નરસિંહ કૃષ્ણની ગોપીઓ સાથેની રાસલીલાને પોતે નજરોનજર નિહાળી હોય એવા ભાવથી વર્ણવે છે. 'શૃંગારમાળા'નાં પદોમાં શ્રીકૃષ્ણનાં રાધા અને ગોપીઓ સાથેના રતિવિલાસનું આલેખન થયેલું છે. નરસિંહ એમનાં પદોમાં વિપ્રલંભ શૃંગાર કરતાં સંયોગશૃંગારને સવિશેષ આલેખે છે. 'વસંતનાં પદો'માં ઋતુરાજ વસંતનું આગમન થતાં પુષ્પે-પુષ્પે ઝૂલતા ભ્રમરોનું કથન પ્રત્યક્ષ થાય છે. હરિને મટુકીમાં ઘાલીને વેચવા નીકળેલી વ્રજની ભોળી ભરવાડણનું પદ ઉત્કટ ભક્તિનું દૃષ્ટાંત છે. નરસિંહનાં વાત્સલ્ય પદોમાં વિશેષ બાળકૃષ્ણની લીલા રજૂ થયેલી છે. યશોદા ગોપાંગનાઓના સંદર્ભે બાળકૃષ્ણની લીલાને વિષય બનાવીને નરસિંહે એમાં કલ્પનાનું અને અભિવ્યક્તિનું પોતીકું રૂપ પ્રદર્શિત કર્યું છે, એનું મૂલ્ય ઘણું બધું છે.

## 4.4.5 ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનાં પદો

અધ્યાત્મ અનુભવ, પ્રેમલક્ષણા ભક્તિ અને તત્ત્વજ્ઞાનને પણ નરસિંહે વિપુલ માત્રામાં પોતાની પદરચનાઓમાં પ્રયોજેલ છે. પ્રેમભક્તિ ગાનાર નરસિંહ વેદાંતની સામગ્રી ગાવામાં પણ એટલા જ સફળ થયા છે. નરસિંહના ભક્તિ-બોધ અને જ્ઞાનવૈરાગ્યનાં પદો સંખ્યામાં ઓછાં છે, તેમ છતાં આ પદોએ એમાંની વિષયસામગ્રી અને અભિવ્યક્તિથી લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વેદાંત તત્ત્વદર્શનને નરસિંહ જેટલી સરળતા અને સહજતાથી અભિવ્યક્તિ અર્પવાનાં ઉદાહરણો સમગ્ર પરંપરામાં બહુ અલ્પમાત્રામાં મળે છે.

નરસિંહની કવિતાનું ચિરંજીવ શૃંગ તે તેમાં રચેલાં પ્રભાતિયાં છે. પ્રભાતિયાં પણ હકીકતે તો પદો જ છે; પરંતુ પ્રભાત રાગમાં ગવાતાં હોઈ 'પ્રભાતિયાં' તરીકે જાણીતા થયાં છે. નરસિંહનાં પ્રભાતિયાં મુખ્યત્વે ઝૂલણા છંદમાં લખાયેલાં છે. એમાં માનવજીવનની નશ્વરતા, માયાનું સ્વરૂપ અને પરમ તત્ત્વનો પ્રભાવ જે રીતે સ્થાન પામ્યો છે એ ગુજરાતી કવિતાનું ઉજ્જ્વળ પ્રકરણ છે.

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે'

તથા

'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે.'

નરસિંહનાં અનેક પ્રભાતિયાંમાં વેદ-ઉપનિષદની વાણીનો રણકાર પણ સંભળાય છે. આ સર્વ પદોમાં નરસિંહને થયેલા આધ્યાત્મિક અનુભવની ભાવકને પ્રતીતિ થાય છે.

પ્રેમલક્ષણા ભક્તિનાં પદોમાં શ્રીકૃષ્ણના સાકાર દર્શન માટે તલસતા 'ગોપીનરસૈયો' તેના ખરા સ્વરૂપને પણ પિછાણે છે. એ તેમના જ્ઞાન-વૈરાગ્યનાં અનેક પદોમાં ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ વર્ણવે છે. એમનું તત્ત્વદર્શન અને સ્વાનુભૂતિનું, સ્વમંતવ્યનું નિરૂપણ સરળ-રસવંતી શૈલીમાં જે રીતે અભિવ્યક્તિ પામ્યું છે એ ખરા અર્થમાં ત્રીજા નંગની પ્રસાદી સમાન છે. ઉમાશંકર જોશીએ એમના આવા પ્રભાવપૂર્ણ સર્જનને કારણે એમને ઉજ્જ્વળ વાણીના ઉદ્ગાતા કહ્યાં છે.

**4.4.6** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં ઇતિહાસમાં નરસિંહ પૂર્વે જૈન-જૈનેતર કવિઓનું પ્રદાન હતું, પણ નરસિંહના પ્રવેશથી વિપુલ માત્રામાં પદો રચાય છે અને પ્રભાવ પાડે છે. એમાંનું અભિવ્યક્તિનું નાવીન્ય પુરોગામીઓમાં કલ્પનાશક્તિને અનુષંગે ભાવજગતનું નિર્માણ કરવાની દૃષ્ટિ અલ્પ હતી. લય-નાદ અને સંગીતનો પ્રભાવ પણ અલ્પ હતો. જ્યારે નરસિંહે વિષયને કલ્પનાના તેજથી ચમકાવીને લયાન્વિત બાનીમાં એવું સર્જન કર્યું કે સમગ્ર પરંપરામાં અલ્પમાત્રામાં કવચિત દૃષ્ટિગોચર થતું સાહિત્યતત્ત્વ, કાવ્યપદાર્થની માવજતનું તત્ત્વ નરસિંહમાં પદે-પદે પ્રચુર માત્રામાં દૃષ્ટિગોચર થાય છે.

વિષયનું વૈવિધ્ય અને સ્વરૂપનું વૈવિધ્ય પણ નરસિંહમાં દૃષ્ટિગોચર થાય છે. તેમણે કૃષ્ણભક્તિ, તત્ત્વદર્શન અને આત્મચરિત્રાત્મક વિગતોને વિષય બનાવીને આખરે પરમતત્ત્વનો મહિમા ગાયો છે. વેદાંતના શુષ્ક જ્ઞાનને ઉપમા આદિના અભિવ્યક્તિબળે નવું સૌંદર્ય અર્પ્યું હોઈને નરસિંહની વિવિધ વિષયસામગ્રી પરની હથોટી, પ્રભુત્વ પરંપરામાં અનુગામીઓ ઉપર બહુ મોટો પ્રભાવ પાડી ગયેલ છે. એમના પ્રાસ, અનુપ્રાસ, યમક સાંકળી, રૂપકો, ઉપમા અને ઝૂલણા છંદ પરનું પ્રભુત્વ પણ સમગ્ર પરંપરામાં ભારે પ્રભાવક રહ્યું છે. આ બધા કારણે કવિપદનો પહેલો અને ખરો અધિકારી નરસિંહ મનાય છે. એટલે એમને આદિકવિ તરીકેનું સ્થાન-માન પણ પ્રાપ્ત થયેલ છે. એ ખરા અર્થમાં સીમાસ્તંભરૂપ કવિ છે.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. **નીચેનાં વિધાનની સામેના વિકલ્પોમાંથી ખરી વિગતો સામે નિશાની કરો :**
    1. આત્મચરિત્રાત્મક કૃતિ છે. (હૂંડી, શૃંગારપ્રીતિનાં પદ)
    2. આખ્યાનકલ્પ કૃતિ છે. (સુદામાચરિત્ર, હાર)
    3. નરસિંહની શંકાસ્પદ કૃતિ છે. (મામેરું, સુરતસંગ્રામ)
2. નરસિંહની આત્મચરિત્રાત્મક કૃતિઓનો ટૂંકો પરિચય આપો.
3. નરસિંહની આખ્યાનકલ્પ કૃતિઓનો ટૂંકો પરિચય આપો.
4. નરસિંહની કૃષ્ણપ્રીતિનાં પદોનો ટૂંકો પરિચય આપો.
5. નરસિંહનાં ભક્તિજ્ઞાનનાં પદોનો ટૂંકો પરિચય આપો.
6. નરસિંહ શા કારણે આદિકવિ છે એ ચર્ચો.
7. નરસિંહની સાહિત્યની સેવાનો વિગતે પરિચય કરાવો.

## 4.5 સારાંશ

નરસિંહ મહેતાના સમય અંગે વિદ્વાનો ભિન્ન ભિન્ન મતો ધરાવે છે. એમના કુટુંબ જીવનની કેટલીક વિગતો એમના પદમાંથી એમના જ દ્વારા પ્રાપ્ત થાય છે. કુટુંબ જીવનની તથ્યપૂર્ણ સામગ્રી ઉપરાંત જીવનમાં અનુભવેલા ચમત્કારિક પ્રસંગોનું આલેખન પણ તેમણે કર્યું છે. આ બધી વિગતોને ઘણા વિદ્વાનો પાછળથી થયેલું ઉમેરણ પણ માને છે, અને તે માટે તાર્કિક આધાર પણ દર્શાવે છે. નરસિંહની પદરચનાઓ સંશોધન માટેના બહુ પ્રશ્નો ઊભા કરે છે, એ હકીકત છે.

નરસિંહ મહેતા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સીમાસ્તંભરૂપ કવિ છે. એમણે વિપુલ માત્રામાં રચેલાં પદોમાં વિષય વૈવિધ્ય પણ અપાર છે. મધ્યકાલીન ગુજરાતીમાં આત્મચરિત્રાત્મક વિગતોના નિરૂપણનો આરંભ એમનાથી થયો ગણાય છે. એમના જેટલી આત્મચરિત્રાત્મક વિગતો બહુ ઓછા કવિઓએ નિરૂપી છે. એમની આખ્યાન-કલ્પ કૃતિઓ પણ પરંપરામાં મહત્ત્વની છે. ભક્તિજ્ઞાનનાં પદોવાળી તત્ત્વદર્શી કવિતા અને પ્રેમલક્ષણાભક્તિ કવિતા મધ્યકાલીન ગુજરાતીનું મહત્ત્વનું પ્રકરણ છે. એમનાં કેટલાંક પદો પ્રભાતી રાગમાં રચાયાં હોવાને કારણે પ્રભાતિયાં તરીકે ખૂબ જ પ્રચલિત છે. એમનાં ઝૂલણાં છંદ પરનો કાબુ એમની કવિપ્રતિભાનો પરિચય છે. એમની કલ્પનાશક્તિ અને અભિવ્યક્તિનું નાવિન્ય એમને આદિકવિના સ્થાન-માન અપાવે છે.

## 4.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

| | | |
|---|---|---|
| **પરંપરા** | — | અનેક સર્જકો દ્વારા એક ચોક્કસ પ્રકારના સર્જનનો ઇતિહાસ |
| **પ્રસ્થાન બિંદુ** | — | આરંભિક કવિ (કવિતા) |
| **અનુગામી** | — | પાછળના કવિઓ |
| **જીવનકાળ** | — | જન્મ-મૃત્યુ સમયનો ગાળો |
| **કવનકાળ** | — | પ્રથમ અને અંતિમ કૃતિ વચ્ચેનો ગાળો |
| **મતભેદો** | — | ભિન્ન ભિન્ન મતો |
| **આત્મચારિત્રાત્મક** | — | સ્વજીવનની, અંગતજીવનની વિગતો |
| **શંકાસ્પદ કર્તૃત્વ** | — | જે કૃતિના સર્જન સંદર્ભે તર્કપૂર્ણ રીતે શંકાઓ પ્રવર્તતી હોય |

## 1.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

1. (1) સોળમું શતક
   (2) સંવત 1540
   (3) ઇ.સ. 1410
   (4) ઇ.સ. 1414
2. જુઓ પરિચ્છેદ 1.3.1
3. જુઓ પરિચ્છેદ 1.3.2

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. (1) હૂંડી
   (2) સુદામાચરિત્ર
   (3) સુરતસંગ્રામ
2. જુઓ પરિચ્છેદ 1.4.2
3. જુઓ પરિચ્છેદ 1.4.3
4. જુઓ પરિચ્છેદ 1.4.4
5. જુઓ પરિચ્છેદ 1.4.5
6. જુઓ પરિચ્છેદ 1.4.6
7. જુઓ પરિચ્છેદ 1.4.2 થી 1.4.5

નોંધ

નોંધ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.

ગુજરાતી : પેપર-૦૩

મધ્યકાલીન ગુજરાતી

સાહિત્યનો ઈતિહાસ

(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 2

## મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય-2


**એકમ 1**

**પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ** 7

**એકમ 2**

**અ[illegible]ો** 11

**એકમ 3**

23

**એકમ 4**

**આખ્યાન કવિતા** 30

**એકમ 5**

**પ્રેમાનંદ** 36

**એકમ 6**

**પ્રેમાનંદના અનુગામી આખ્યાન કવિઓ** 49

**લેખન :**

પ્રો. બળવંત જાની — હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, ગુજરાતી વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પરામર્શ (વિષય) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી.કે. મહેતા — નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

**સંયોજન સહાય :**

શ્રી સુરેન્દ્ર શાહ — મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સોલા, અમદાવાદ.

**પ્રકાશક**

નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા
નંબર-9, ફડનાળા, શાહીબાગ, અમદાવાદ- 380093. ટે.નં. : 7867690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# પ્રસ્તાવના

સ્નાતક ઉપાધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતીનો આ ઐચ્છિક પાઠ્યક્રમ છે. આ પાઠ્યક્રમ ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત છે. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* એવું નામ તેને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ઈ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. જ્યારે ઈ. સ. 1850થી આજ સુધીના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે.

8 ક્રેડિટના આ પાઠ્યક્રમમાં કુલ 36 એકમ છે જેને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગને અલગ અલગ શીર્ષકો આપવામાં આવ્યાં છે.

# વિભાગવાર પરિચય

પાઠ્યક્રમના પ્રથમ ત્રણ વિભાગ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ફાળવવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગનું શીર્ષક છે *પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ*. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ચર્ચા કરી દ્વિતીય એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. ત્રીજો એકમ નરસિંહ પૂર્વેના પ્રમુખ કવિઓ અને સાહિત્ય-પ્રવાહોને ફાળવવામાં આવ્યો છે. ચોથા એકમમાં મધ્યકાળના પ્રથમ મોટા ગજાના કવિ નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

બીજા વિભાગનું શીર્ષક છે *પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ*. આ વિભાગને છ એકમ અંતર્ગત વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની ચર્ચા કરવામાં આવી છે. બીજા એકમમાં જ્ઞાનમાર્ગી કવિતાના ઉત્તુંગ શિખર સમા અખાની કવિતાને મૂલવવામાં આવી છે તો ત્રીજા એકમમાં અખા સિવાયના પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા એકમમાં આખ્યાનકવિતા અને પ્રેમાનંદ પૂર્વેના આખ્યાનકવિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપી પાંચમા એકમમાં આખ્યાનશિરોમણિ પ્રેમાનંદની સમગ્ર સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે. છઠ્ઠા એકમમાં પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગમાં પ્રેમાનંદથી *દયારામ સુધી અને દયારામના* સાહિત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આ વિભાગનો પ્રથમ એકમ શામળ પૂર્વેના પદ્યવાર્તા સાહિત્ય અને શામળને ફાળવવામાં આવ્યો છે. બીજા એકમમાં દયારામ પૂર્વેના પદસાહિત્યનો અને ત્રીજા એકમમાં મધ્યકાળના અંતિમ તેજસ્વી તારક દયારામનો પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા એકમમાં અન્ય પદસાહિત્ય-પ્રવાહનો પરિચય કરાવી પાંચમા એકમમાં મધ્યકાળના ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ચારથી સાત વિભાગ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે ફાળવવામાં આવ્યા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને સામાન્ય રીતે ચાર યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક યુગને એક એક એકમ અંતર્ગત સાંકળી લેવામાં આવ્યો છે.

ચોથા વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ *સુધારક યુગને* ચર્ચવામાં આવ્યો છે. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા અને પરિબળોની ચર્ચા કરી છે. સુધારક યુગના બે પ્રમુખ સાહિત્યકારો દલપતરામ અને નર્મદાશંકરને અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં સમાવિષ્ટ કરી ચોથા એકમમાં સુધારક યુગના અન્ય લેખકોનો અછડતો ખ્યાલ આપવામાં આવ્યો છે.

*પંડિતયુગને* સ્પર્શતા પાંચમા વિભાગને પાંચ એકમમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં પંડિતયુગની પૂર્વભૂમિકા અને પરિબળો દર્શાવી બીજા એકમમાં ગોવર્ધનરામની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજા એકમમાં પંડિતયુગના પ્રમુખ કવિઓ, ચોથા એકમમાં પ્રમુખ ગદ્યકારો અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે.

છઠ્ઠો વિભાગ *ગાંધીયુગને* ફાળવવામાં આવ્યો છે. તેને છ એકમમાં વહેંચી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજીનો પરિચય આપી બીજા એકમમાં ગાંધી અનુશાસિત લેખકો, ત્રીજા એકમમાં પ્રમુખ કથાસર્જકો, ચોથા એકમમાં પ્રમુખ કવિઓ અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. છેલ્લો એકમ અન્ય સ્વરૂપસર્જન પરિચય માટે રાખ્યો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અંતિમ યુગને *અનુગાંધીયુગ* નામ આપવામાં આવ્યું છે. છેલ્લા સાતમા વિભાગમાં આ યુગનો પરિચય પ્રાપ્ત થાય છે. આ વિભાગના છ એકમો પૈકી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને પ્રહ્લાદ-હરિશ્ચંદ્રની કવિતાની વાત કરી બીજા એકમમાં રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજો એકમ અન્ય પ્રમુખ સૌન્દર્યદર્શી કવિઓને ફાળવ્યો છે. ચોથા એકમમાં આધુનિકતાના પુરસ્કર્તા સુરેશ જોષીનો અને અન્ય આધુનિક કવિઓનો પરિચય આપી પાંચમા એકમમાં અનુગાંધીયુગીન કથાસાહિત્ય-સ્વરૂપ-પ્રવાહ-પરિચય અને છઠ્ઠા એકમમાં અન્ય સ્વરૂપસર્જન-પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

આ રીતે સાત વિભાગો દ્વારા આ પાઠ્યક્રમમાં સમગ્ર ગુજરાતી સાહિત્યની રૂપરેખા આપવામાં આવી છે. એના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી ગુજરાતી સાહિત્યથી પરિચિત થાય એ અપેક્ષા છે.

# એકમ 1 પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ

**રૂપરેખા**

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 પૂર્વભૂમિકા

1.3 જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓ

1.4 સારાંશ

1.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1.6 ચાવીરૂપ શબ્દો

## 1.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન યુગનો 1 નંબરનો એકમ છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે જોઈ શકશો કે ઉત્તમ સાહિત્યનું સર્જન શાને કારણે શક્ય બને છે. તે ઉપરાંત 'જ્ઞાનમાર્ગી' સંજ્ઞાનો અર્થ, જ્ઞાનમાર્ગી કવિતાનું સ્વરૂપ તથા જ્ઞાનમાર્ગી કવિતાધારાના આરંભના કવિઓ અને તેમની કવિતા વિશે માહિતગાર થઈ શકશો.

## 1.1 પ્રસ્તાવના

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની રૂપરેખાના અભ્યાસક્રમ અંતર્ગત તમે પ્રથમ બે ખંડમાં ગુજરાતી ભાષા, રાજકીય-સામાજિક **પશ્ચાદ્ભૂ**, મધ્યકાલીન સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓ તથા મધ્યકાળનાં સાહિત્યસ્વરૂપોનો પરિચય પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત નરસિંહ પૂર્વેનું સાહિત્ય, મધ્યકાલીન ભક્તિ-કવિતા જેમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ અને ભાલણના સાહિત્યથી તમે સુપરિચિત છો. આ વિભાગમાં તમે મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાનું સ્વરૂપ, અખાના પુરોગામી **જ્ઞાનમાર્ગી** કવિઓ અને એમાં મુખ્યત્વે કવિ અખાના સર્જનથી માહિતગાર થશો.

ઉત્તમ સાહિત્ય સામાન્ય રીતે પ્રજાની સ્વસ્થતા, આબાદી અને શાંતિ ઉપર વધુ અવલંબે છે. ઈ.સ.ની ૧૪મી સદીથી ૧૬મી સદી દરમ્યાન ગુજરાત પર મુસલમાન સત્તાનો અમલ હતો. અકબરની ઉદારનીતિ અને ટોડરમલની નવી મહેસૂલ પદ્ધતિએ ગુજરાતમાં શાંતિ, સ્વસ્થતા અને આબાદીના યુગનો આરંભ કર્યો. તેને લીધે સત્તરમું શતક સાહિત્યદૃષ્ટિએ આગલાં પાછલાં શતક કરતાં વધુ સિદ્ધિવંતું બન્યું છે. સમર્થ વેદાન્તી કવિ અખો આ શાંતિ અને સુખના યુગનું સંતાન છે. તેના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની સંખ્યા પણ સાવ નાની નથી. એમાંના કોઈ કોઈની અસર અખા ઉપર પડેલી અમુક અંશે દેખાય છે.

## 1.2 પૂર્વભૂમિકા

વિષયવસ્તુની દૃષ્ટિએ જોઈએ તો મધ્યકાલીન પદ્ય સાહિત્યમાં મુખ્યત્વે અધ્યાત્મવિદ્યાના **અનુભવજ્ઞાન**નો એક અતૂટ સ્રોત પ્રાપ્ત થાય છે. તેમાં તત્ત્વજ્ઞાનનું બૌદ્ધિક નિરૂપણ થયેલું હોય છે. આ પદ્યધારાને સાહિત્યના ઇતિહાસકારોએ જ્ઞાનમાર્ગી કે જ્ઞાનાશ્રયી કાવ્યધારા તરીકે મોટે ભાગે ઓળખાવી છે.

## 1.3 જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓ

સૌ પ્રથમ 'જ્ઞાનમાર્ગી' સંજ્ઞાનો અર્થ જોઈએ. સુરેશ જોશીએ '**જ્ઞાનમાર્ગી**' સંજ્ઞાને ઔપચારિક કહી છે અને તે યથાર્થ લાગે છે કેમ કે મધ્યકાળના આ કવિઓની કૃતિઓમાં 'જ્ઞાન' સંજ્ઞા શુષ્ક વેદાંત જ્ઞાન નહીં પરંતુ અનુભવસિદ્ધ આત્મજ્ઞાનનું નિરૂપણ કરે છે. આત્મજ્ઞાન એટલે અપરોક્ષાનુભૂતિ. અપરોક્ષાનુભૂતિમાં શાસ્ત્રજ્ઞાનની અનિવાર્યતા નથી. જ્ઞાન અને ભક્તિ અન્યોન્ય પૂરક બની **સાધકને સાધ્ય સુલભ** કરી આપે છે એવી આ ધારાના કવિઓની માન્યતા છે. તેથી જ તેમની રચનાઓમાં નિર્ગુણ-સગુણ સાધનાધારાનો નવો જ તાજગીભર્યો અર્થસંદર્ભ રચાય છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અભીપ્સા, આત્મનિરીક્ષણ, **પરિત્યાગ** અને **સમર્પણની** પ્રક્રિયા **આ** ધારાના કવિઓએ સવિશેષ રજૂ કરી છે. સાધનાની આ પ્રક્રિયા એવા પ્રકારની છે જેમાં આત્માનુભૂતિનો અવાજ અનાયાસ જ ઊઠે છે તેથી આ પરંપરાની રચનાઓમાં સંવેદનની એક પ્રકારની સચ્ચાઈનો સૂર સંભળાય છે. આ પરંપરાના કવિઓ સાચા **અનુભવીઓ** છે. પુસ્તક નહીં પણ પંડનો અનુભવ આ પરંપરાના

કવિઓની મોટી મૂડી છે તથા તમની સાધના શાસ્ત્રસમત નહીં પણ અનુભવસંમત સાધના તરીકે ઓળખવી જોઈએ. **અપરોક્ષાનુભૂતિની અભીપ્સા** આ સાધનાનો પાયો છે. અભીપ્સા એટલે સ્વ-રૂપ સાથે **અનુસંધાન પામવાની ઇચ્છા. આ ઇચ્છામાં દુન્યવી સુખોની પ્રાપ્તિનો અર્થ હોતો નથી. સાધકની ઇચ્છા પ્રભુને પ્રાપ્ત કરવાની જ હોય છે.**

આ ધારામાં સ્વભાવગત દોષમાંથી ઊગરવા માટે આત્મનિરીક્ષણ અપૂર્વ સાધન મનાયું છે. આમૂલ રૂપાંતરની પ્રક્રિયા અહીં મહત્ત્વની ગણાઈ છે. આ માર્ગમાં સાધકે પ્રેય-શ્રેયના દ્વન્દ્વમાંથી મુક્ત થઈ જવાનું છે અને પોતાનું સર્વસ્વ ઈશ્વરને સમર્પિત કરવાનું છે. સમર્પિત સાધકજીવન સ્વયં ઇષ્ટત્વને પ્રાપ્ત કરે છે, એ જ છે અપરોક્ષાનુભૂતિની અવસ્થા. હા, જીવનમુક્તની સ્થિતિ. આ સ્થિતિએ પહોંચેલા કેટલાક કવિ સાધકોએ પોતાને થયેલી અપરોક્ષાનુભૂતિના આનંદોદ્ગાર સંભળાવ્યા છે, તે છે આપણી જ્ઞાનમાર્ગી કવિતા.

અખો આ ધારાનો પ્રમુખ કવિ મનાયો છે પરંતુ નરસિંહ (ઈ.સ. ૧૫મી સદી) અનુભવસંમત આ સાધનાધારાનો પ્રથમ પ્રવક્તા છે. તેણે જ્ઞાનભક્તિનાં બોધક પદોની રચના કરી છે. આ પદોમાં ઈશ્વરાભિમુખતા કેળવવા માટેના ઉદ્ગારો છે. સ્વભાવગત દોષમાંથી મુક્ત થવા માટેની મથામણ છે. વળી, સર્વસ્વ હરીને સમર્પણ કરવાની ભાવના છે. પરંતુ **સાધકની સ્થૂલ પ્રકૃતિ** અને **સંસ્કારો** એની ઈશ્વરાભિમુખતાને અવરોધે છે, સાધક એનું લક્ષ્ય ચૂકી જાય છે તે વખતે નરસિંહ આત્મનિરીક્ષણનું મહત્ત્વ કરે છે. આત્મનિરીક્ષણ સાધકને સ્વદોષની ઓળખ કરાવે છે. બુદ્ધિના અહંકારને નરસિંહ મિથ્યા કહે છે ને તે સમજાવવા ગાડા નીચે ચાલતા કૂતરાનું દૃષ્ટાંત આપે છે. એ કહે છે 'આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે' પણ મૂર્ખ માણસ વ્યર્થ વિચાર્યા કરે છે. નરસિંહ આમાંથી મુક્ત થઈ ઈશ્વરસમર્પિત થવાનું કહે છે.

આ જ્ઞાની, અનુભવી સંતને અદ્વૈત લીલા અનુપમ લાગી છે. એવી અદ્વૈત સાધનાનું ગાન કરતાં એ કહે છે :

**'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી.**
**મનુષ દેહ તાહરો એમ એળે ગયો,**
**માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.'**

સમગ્ર સૃષ્ટિમાં એક જ બ્રહ્મ છે ને તે જૂજવારૂપે વિલસતું છે એમ નરસિંહને દેખાયું છે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવેરૂપે અનંત ભાસે.' શ્રુતિ વાક્યના સત્યનો આ અનુભવી સંતને સાક્ષાત્કાર થયો હોય એમ લાગે છે તે કેવી ખુમારીથી કહે છે જુઓ. 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું શબ્દ બોલે.'

નરસિંહ શ્રીરામનામનો વેવારિયો છે. આ રામનામ કે કૃષ્ણનામની સંજ્ઞા તેનાં પદોમાં **પરમતત્ત્વ**ની **પર્યાયવાચી** સંજ્ઞા બની રહી છે. એ પરમતત્ત્વમાં તન્મય છે. તેનું આત્મતત્ત્વ પરમતત્ત્વના સંગથી વિકાસ પામ્યું છે તેની પણ તેને સમજ પડે છે ને એનો આલેખ જુઓ કેવો આપે છે. 'અચેતન ચેતન થયો' અને

**'કીડી હુતો તે કુંજર થઈ ઊઠિયો**
**પૂરણ બ્રહ્મ શું ધ્યાન ચોંટ્યું.'**

નરસિંહના સમકાલીન **ભીમ** (ઈ.સ. ૧૫મી સદી ઉત્તરાર્ધ) અને **માંડણ બંધારો** (ઈ.સ. ૧૫૧૮ સુધીમાં) જ્ઞાનમાર્ગી કવિતાધારાની પરંપરામાં ઉલ્લેખપાત્ર કવિઓ છે. ભીમની **રૂપકશૈલી**માં રચાયેલી બોધાત્મક કૃતિ 'પ્રબોધપ્રકાશ'નું વસ્તુ જ્ઞાનાશ્રયી છે. તેમાં ઐશ્વર્યાદિ **ષડ્ગુણનો** મહિમા ગવાયો છે. ષટ્પદી ચોપાઈના બંધમાં રચાયેલી તેની 'પ્રબોધબત્રીશી' ઉપદેશપ્રધાન છે. નરસિંહની જેમ રામનામનો જાપ જીવનનું સત્ય છે એમ તે માને છે. અપરોક્ષાનુભૂતિ માટે બાહ્યાચાર મિથ્યા છે ને સાધ્યની પ્રાપ્તિ માટે શરણાગતિ ઉત્તમ સાધન છે એવો તેની કવિતાનો સૂર છે. પરમતત્ત્વ શબ્દાતીત છે તેને હૃદયમાં જ અનુભવી શકાય એવી તેની માન્યતા છે.

'મેરે તો ગિરધર ગોપાલ'ની ધૂન કરનારી **મીરાં** (ઈ.સ. ૧૪૯૮-ઈ.સ. ૧૫૬૫) આ ધારાની મહત્ત્વની ભક્ત કવયિત્રી છે. 'ગિરધર પ્રીતમ' પરત્વેનો રાગ અને સંસાર પરત્વેનો ત્યાગ-વિરાગ એણે ઉત્કટતાથી અનુભવ્યો છે. એનો સંસાર 'દુન્યવી' સંસાર નથી. **દુન્યવી** સંસારને મીરાંએ 'ગિરિધર'નો સંદર્ભ આપી દીધો છે. મીરાંનો ધ્યાનયોગ સંતસાધનાનો ધ્યાનયોગ છે. હૃદયમાં અભીપ્સા પ્રગટાવી ઈશ્વર-બ્રહ્મ સાથેનું અનુસંધાન કરવાનો એ ધ્યાન-યોગ છે. હરિચરણમાં ચિત્ત રાખી સત્સંગનો રસ ચાખવા જેવો છે એવું તે દૃઢપણે માને છે. મીરાંનાં સઘળાં સંવેદનો 'ગિરધરલાલ'ના સંદર્ભમાં વ્યક્ત થયાં છે પરંતુ આ 'ગિરધરલાલ', 'અવિનાશી', 'વિશ્વંભર' રૂપે પરમતત્ત્વનું જ એક રૂપ છે. મીરાં પ્રાણાન્તે પણ એ ગિરધરને છોડવા તૈયાર નથી એ કહે છે, 'નહીં રે વિસારું હરિ અંતરમાંથી નહીં રે વિસારું', 'જીવડો જાય તો જાવા દઉં હરિની ભક્તિ

ન છોડું રામ,' 'હું ઘાયલ હરિના નામની', એ આદ્ય વૈસગણ છે ને હરિ તેની 'અમૂલખ વસ્તુ' છે. આવી હરિની લેહ લગાડનારી મીરાંનુ જીવન અને સમગ્ર સર્જન એક અનુભવી સાધકની કોટિનું પ્રતીત થાય છે એ રીતે આ સાધનાધારામાં એનું સ્થાન મહત્ત્વનું ગણાશે.

મીરાં પછી ઉલ્લેખપાત્ર કવિ છે **ધનરાજ.** (ઈ.સ. ૧૫મી સદી). તેણે ભક્તિમિશ્રિત જ્ઞાનનો પુરસ્કાર કર્યો છે. નામસંકીર્તનનો તે સાધન તરીકે સ્વીકાર કરે છે. પરમતત્ત્વ સાથે અનુસંધાન રચવા માટે બાહ્યાચારોને તે મિથ્યા ગણે છે. **સચરાચર**માં વ્યાપ એક અને અદ્વિતીય બ્રહ્મનો અનુભવ આત્મચિંતન દ્વારા જ થઈ શકે એવી એની સમજ છે.

કૃષ્ણજીનો સમય ઈ.સ. ૧૮૫૦ સુધીમાં છે. ભૂલથી તેને અખાનો પુરોગામી કે સમકાલીન કવિ માનવામાં આવ્યો છે. એ **નિર્ગુણ** ઉપાસક છે. **'અલખ** આત્મદેવ' ને 'રસિયો આત્મારામ' કહીને તે ઓળખાવે છે. તે દાર્શનિક ભૂમિકા નિર્ગુણવાદની જણાય છે.

જ્ઞાનમાર્ગી કવિતાધારાના અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓમાં છેલ્લો પરંતુ મહત્ત્વનો કવિ છે **નરહરિ** (ઈ.સ. ૧૭મી સદી). એણે વેદાંતવિષયક અનેક રચનાઓ કરી છે. 'જ્ઞાનગીતા', 'ગોપીઉદ્ધવસંવાદ', 'પ્રબોધમંજરી', 'હરિલીલામૃત' વગેરે તેની કૃતિઓ. કૃતિઓના વિષય પરથી એમ સ્પષ્ટ થાય છે કે એની અક્ષરસાધનાનું કેન્દ્ર વેદાંત છે પરંતુ અનુભવજ્ઞાનનો પણ એમાં સ્વીકાર થયેલો છે. અપરોક્ષાનુભૂતિનું મહત્ત્વ એણે સ્વીકાર્યું છે. વળી, મનને સહજ શૂન્યમાં સ્થિર કરવાથી નિરંજન નિરાકારનું દર્શન થશે એમ એ માને છે. નિર્ગુણ, નિરાકાર, નિરંજન વિશ્વવ્યાપક મહારાજને કૃષ્ણ અને રામ તરીકે ઓળખાવી તે રામભક્તિનો મહિમા ગાય છે ને એમ સગુણ-નિર્ગુણની એકતા દર્શાવે છે. 'જાપ જપો જીભ વીના અનિ શ્રવણ વીના સૂણો ધન્ય નેત્ર વીના નીરખો નીરંજન રાખી મન સહજ શૂન્ય' સાધનાના માર્ગને **મરજીવિયા**નો માર્ગ કહે છે.

## 1.4 સારાંશ

૧૭મા શતકનો આરંભ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર છે કેમ કે આ સમય દરમ્યાન પ્રજાએ સામાજિક અને રાજકીય એમ બંને રીતે સ્વસ્થતા અને શાંતિનો અનુભવ કર્યો હતો. પરંતુ આ પહેલાં પણ છેક ઈ.સ.ની ૧૫મી સદીથી જેણે જ્ઞાનમાર્ગી કવિતાનાં બીજ રોપ્યાં એ નરસિંહથી માંડી નરહરિ સુધી જ્ઞાનમાર્ગી કવિતા ક્રમશઃ વિકસતી ચાલી છે. આ સમય કવિઓએ જાણે-અજાણે જ્ઞાનમાર્ગી કવિતાધારાના પ્રમુખ કવિ અખા માટે નક્કર ભૂમિકા તૈયાર કરી દીધી છે. આપણે જોયું કે આ બધા જ સર્જકો પહેલા ભક્તો-સંતો છે પછી સર્જકો છે. 'સર્જન કરું છું' એવું તો એમને જ્ઞાન પણ નથી એમને તો પોતાની ઊર્મિઓ હા, ઈશ્વર પ્રત્યેની પોતાની ભક્તિ જ ગાવી છે, કવિતા તેમને મન ગૌણ છે. એટલે જ તેમની કવિતાનો વિષય માત્ર ઈશ્વરવંદના સિવાય કંઈ નથી. આ સંસાર તેમને હંમેશાં મિથ્યા લાગ્યો છે. દુન્યવી સંબંધો એમને જચ્યા નથી ને ઈશ્વર જ તેમને સર્વત્ર દેખાયો છે માટે જ નરસિંહ ગાય છે :

**'ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,**
**અંતે તો હેમનું હેમ હોયે.'**

એમને હંમેશાં એવું લાગ્યું છે કે ઈશ્વર-બ્રહ્મનો અનુભવ વાણીમાં વ્યક્ત થઈ શકે તેવો નથી.

આ બધા જ કવિઓની કવિતામાં જ્ઞાન-ભક્તિના ફુવારા ઊડ્યા છે. મીરાં જેવી કવયિત્રી તો કહે છે કે

**'બોલ મા, બોલ મા, બોલ મા રે**
**રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા રે.'**

વળી, એ તો સ્ત્રી છે એટલે એની ઊર્મિ અત્યંત તીવ્ર છે.

**'મુજ અબળાને મોટી મિરાત બાઈ,**
**શામળો ઘરેણું મારે સાચું રે'**

આપણે જોયું કે, માત્ર નરસિંહ-મીરાં નહીં પછી આવતા નરહરિ સુધીના બધા જ સંત-ભક્ત કવિઓની આવી તીવ્ર સંવેદના છે. પ્રભુ પ્રત્યે ઊંડી પ્રાર્થના તેમનાં પદોમાં વ્યક્ત થઈ છે.

## 1.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો

1. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)* : અનંતરાય રાવળ, 1976
2. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-2* : ઉમાશંકર જોશી અને અન્ય, 1976
3. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (મધ્યકાલીન અને સુધારકયુગ)* : રમેશ એમ. ત્રિવેદી, 1992
4. *ગુજરાતી સાહિત્યકોશ – 1 (મધ્યકાળ)* : જયંત કોઠારી, 1989

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

| | | |
|---|---|---|
| **પશ્ચાદ્‌ભૂ** | - | પાછળની ભૂમિકા |
| **જ્ઞાનમાર્ગી** | - | જ્ઞાન દ્વારા મોક્ષ મેળવવાનો રસ્તો |
| **અનુભવજ્ઞાન** | - | અનુભવસિદ્ધ પ્રત્યક્ષ જ્ઞાન |
| **સાધક** | - | મોક્ષની સાધના કરનાર |
| **સાધ્ય** | - | ધ્યેય |
| **પરિત્યાગ** | - | છોડી દેવું તે |
| **સમર્પણ** | - | પોતાની જાતનું અને આત્માનું ઈશ્વરને સમર્પણ |
| **અનુભવીઓ** | - | જેમણે અનુભવસિદ્ધ પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું છે તેવા માણસો |
| **અપરોક્ષાનુભૂતિ** | - | બ્રહ્મની અનુભૂતિ |
| **અભીપ્સા** | - | તીવ્ર ઇચ્છા, અભિલાષા |
| **પ્રેય** | - | ઐહિક, પાર્થિક સુખ |
| **શ્રેય** | - | મોક્ષ, કલ્યાણ |
| **સ્થૂલ પ્રકૃતિ** | - | સામાન્ય ઇન્દ્રિયો તેમ જ બુદ્ધિથી ગ્રહણ કરી શકાય તેવો સ્વભાવ |
| **સંસ્કાર** | - | વાસનાઓ કે કર્મોની મન ઉપર પડતી છાપ |
| **જૂજવે** | - | જૂદે જુદે |
| **પરમતત્ત્વ** | - | અંતિમ શાશ્વત તત્ત્વ, બ્રહ્મ |
| **પર્યાયવાચી** | - | જેમાં બ્રહ્મસમાન ગુણ કે ધર્મ જોઈ શકાય તેવી રૂપકશૈલી |
| **ષડ્‌ગુણ** | - | ઈશ્વરના છ ગુણ : ધર્મ, યશ, વીર્ય, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય. |
| **દુન્યવી** | - | દુનિયાનું, સંસારી |
| **ગિરધર** | - | શ્રીકૃષ્ણ |
| **પ્રીતમ** | - | પતિ, પ્રભુ |
| **અમુલખ વસ્તુ** | - | અમૂલ્ય બ્રહ્મ |
| **સચરાચર** | - | સર્વત્ર |
| **નિર્ગુણ** | - | નિરાકાર |
| **અલખ** | - | અજ્ઞેય, બ્રહ્મ |
| **મરજીવિયા** | - | દરિયામાંથી મોતી કાઢનાર/અહીં મરણિયો પ્રયાસ કરી ઈશ્વરને પામનાર. |

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. ઉત્તમ સાહિત્યસર્જન માટે કયું પરિબળ મહત્ત્વનું છે ?
2. ગુજરાતમાં કયો સમયગાળો ઉત્તમ સર્જન માટે મહત્ત્વનો બની રહ્યો ? શા માટે ?
3. 'જ્ઞાનમાર્ગી' સંજ્ઞાનો અર્થ સમજાવો.
4. જ્ઞાનમાર્ગી કવિતાધારા વિશે ટૂંકનોંધ લખો.
5. સ્વભાવગત દોષમાંથી ઊગરવા માટે કયું સાધન મહત્ત્વનું ગણાયું છે ?
6. અપરોક્ષાનુભૂતિનો અર્થ સમજાવો.
7. અપરોક્ષાનુભૂતિની અવસ્થા કોને પ્રાપ્ત થાય છે ?
8. જ્ઞાનમાર્ગી કવિતાધારામાં બુદ્ધિ-અહંકારનું સ્થાન શું છે ? એ સમજાવવા માટે કયું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે ?
9. જ્ઞાનમાર્ગી કવિતાધારાના પ્રમુખ કવિ કોણ છે તે જણાવી આ ધારાના અન્ય કવિઓનાં નામ આપો.
10. જ્ઞાનમાર્ગી કવિતાધારાના કવિઓનો ટૂંકમાં પરિચય આપો.

# એકમ 2 અખો

**રૂપરેખા**

2.0 પ્રસ્તાવના

2.1 જીવન અને ઘડતરનાં પરિબળો

2.2 અખાનું સાહિત્યસર્જન

2.3 અખાનો કવનવિષય-તત્ત્વવિચાર

2.4 ભાષાભિવ્યક્તિ અને છંદો

2.5 હસતો કવિ

2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

2.7 ચાવીરૂપ શબ્દો

## 2.0 પ્રસ્તાવના

અગાઉના એકમમાં આપણે **'જ્ઞાનમાર્ગી'** સંજ્ઞાનો અર્થ સમજ્યા તથા 'જ્ઞાનમાર્ગી કવિતા' કોને કહેવાય તે વિશે વાત કરી. તે સાથે જ્ઞાનમાર્ગી કવિતાના મુખ્ય મુખ્ય સર્જકો અને તેમની કૃતિઓનો પરિચય કર્યો. હવે આ જ્ઞાનમાર્ગી કવિતાધારાના એક મહત્ત્વના શિખર સમાન કવિ અખાના જીવન અને કવનનો વિગતે અભ્યાસ આ એકમમાં કરીએ.

## 2.1 જીવન અને ઘડતરનાં પરિબળો

**જીવનકાળ :** અખાના જન્મ અને મૃત્યુના સમયની કોઈ પ્રમાણભૂત માહિતી મળતી નથી. તેમના જીવનકાળને નિર્દેશતી ત્રણેક હકીકતો પ્રાપ્ત થાય છે : (1) 'ગુરુશિષ્ય સંવાદ' ઈ.સ. 1645માં રચાયેલ છે. (2) 'અખેગીતા' ઈ.સ. 1649માં રચાયેલ છે (3) અખાએ વૈષ્ણવ આચાર્ય ગોકુલનાથજી (ઈ.સ. 1552 - ઈ.સ. 1641)ને કર્યા છે.

બહુ આથડ્યા પછી અને ઘણાં બાહ્ય કૃત્ય કર્યા પછી ગોકુલનાથને ગુરુ કર્યાનું અખાએ જણાવ્યું છે તેથી ધર્મ અધ્યાત્મના માર્ગની કેટલીક મથામણ પછી પરિપક્વ અવસ્થાએ તેણે ગોકુલનાથને ગુરુ કર્યા છે એમ સૂચવાય છે. ગોકુલનાથના લાંબા જીવનકાળમાં અખાએ ક્યારે તેમને ગુરુ કર્યા તે નિશ્ચિત વર્ષ આપણને મળતું નથી. પરંતુ ઈ.સ. 1641 પહેલાં તો અવશ્યપણે તેણે ગુરુ કર્યા હોય. આ ઉપરથી અખાનો જન્મ ઈ.સ.ની 17મી સદીના આરંભનાં વર્ષોમાં અનુમાની શકાય.

અખાના સમયનિર્દેશવાળી છેલ્લી કૃતિ ઈ.સ. 1649વાળી છે તે પછી પણ તે હયાત હોય અને છપ્પા વગેરે પ્રકીર્ણ પ્રકારની તથા 'સંતપ્રિયા' વગેરે હિન્દી કૃતિઓ પછીથી રચી હોય એવા સંભવને અવકાશ છે એટલે કવિ અખાના જીવનકાળને ઓછામાં ઓછો ઈ.સ.ની 17મી સદીનાં ઉત્તરાર્ધનાં થોડાં વર્ષો સુધી લઈ જઈ શકાય.

આ રીતે કવિનો જીવનકાળ ઈ.સ.ની ૧૭મી સદીનાં આરંભનાં વર્ષોથી ઈ.સ.ની 17મી સદીનાં ઉત્તરાર્ધનાં આરંભનાં વર્ષો સુધીનો ગણી શકાય.

અંબાલાલ જાની અને સ્વામી સ્વયંજ્યોતિ ક્રમશઃ અખાની કૃતિઓમાં આવતા 'બાવન' અને 'ત્રેપન' શબ્દ પરથી અખાના સમય અંગેના અનુમાન કરે છે. બંનેનાં અનુમાનોનો નર્મદાશંકર મહેતા યોગ્ય રીતે જ અસ્વીકાર કરે છે. 'બાવન' શબ્દ વર્ણમાળાના બાવન અક્ષરનો નિર્દેશ કરવામાં આવેલો છે અને 'ત્રેપન' શબ્દ 'તિલક' સાથે પ્રાસમાં આવેલો છે, એને કવિની વાસ્તવિક ઉંમર સાથે સંબંધ હોવાનું માનવાને કારણ નથી. આ નિર્દેશો પરથી કશાં અનુમાનો પર જઈ ન શકાય.

**જન્મસ્થળ, વતન, વસવાટ :** અખાના જન્મસ્થળ, વતન, વસવાટ વિશેની કોઈ પ્રમાણભૂત માહિતી મળતી નથી. જનશ્રુતિ એવી છે કે અખાનો જન્મ જેતલપુરમાં થયો હતો. તે ત્યાંનો વતની હતો. પાછળથી તે પિતા સાથે અમદાવાદમાં ખાડિયામાં દેસાઈની પોળમાં કૂવાવાળા ખાંચામાં રહેતો હતો. જે ઓરડામાં તેણે નિવાસ કર્યો હતો તેને 'અખાનો ઓરડો' કહે છે એવું નર્મદાશંકર મહેતા નોંધે છે. આ બધી હકીકતો માટે કોઈ દસ્તાવેજી પુરાવા નથી તેમ જ અખાની કૃતિઓમાંથી પણ કોઈ આધાર મળતો નથી. પરંતુ ઉમાશંકર જોશીને અખાની ભાષાનો રણકો ઉત્તર ગુજરાત (જેની સૌથી દક્ષિણે ...

અમદાવાદ, દક્ષિણ દસક્રોઈ ગણાય) તરફનો જ લાગતો હોઈ અમદાવાદ કે આજુબાજુ તેણે વસવાટ કર્યો હોય એ અસંભવિત લાગતું નથી.

**કુટુંબ, વંશપરંપરા :** ઈ.સ. 1927ના અરસામાં વિદ્યમાન લલ્લુભાઈ ધોળીદાસે નર્મદાશંકર દે. મહેતાને મોઢેથી ઉતરાવેલા પેઢીનામા પ્રમાણે અખો લલ્લુભાઈની પાંચમી પેઢીએ થયેલા ગંગારામના ભાઈ હતા. અખાના પિતાનું નામ રહિયાદાસ હતું. અખો અને તેનો બીજો ભાઈ ધમાસી નિઃસંતાન હતા. આ પેઢીનામું ઉમાશંકર જોશી સ્વીકારતા નથી. કેમ કે 250-275 વર્ષમાં માત્ર પાંચ જ પેઢી સંભવિત નથી.

અખાના કુટુંબજીવન વિશે બીજી કેટલીક માહિતી નોંધાયેલી છે. અખાએ નાનપણમાં માતા ગુમાવેલી અને અમદાવાદ આવીને વસ્યા પછી 20 વર્ષની વય પહેલાં તેના પિતાનો પણ સ્વર્ગવાસ થયેલો. અખાને એક બહેન હતી તે પણ પિતાના સ્વર્ગવાસ પછી થોડા સમયમાં મૃત્યુ પામી. અખાએ બેવાર લગ્ન કર્યાં હતાં. બાળપણથી પ્રાપ્ત થયેલી સ્ત્રી બહેનના અવસાનના અરસામાં મૃત્યુ પામી. બંને પત્નીથી અખાને કોઈ સંતતિ ન હતી. અખાના કુટુંબજીવન અંગેની આ સઘળી હકીકતો માટે કશો જ આધાર નથી.

**જ્ઞાતિ, વ્યવસાય :** અખાનાં પદોને અંતે 'અખા સોનારા' આવે છે. કોઈ વાર 'અખા' નામને બદલે માત્ર 'સોનારા' કે 'સોની'થી પણ અખો પદ પૂરું કરે છે. ઉપરાંત, તેના હિન્દી ગ્રંથ 'સંતપ્રિયા'માં છપ્પામાં જેમ 'અખો' આવે છે તેમ વારંવાર 'સોનારા' જ આવે છે. આ બધી વિગતો અખાને તે જ્ઞાતિએ સોની હતો એમ બતાવે છે. કોઈ તેને 'પરજિયો' તો કોઈ 'શ્રીમાળી' સોની કહે છે.

અખાએ સોનીનો વ્યવસાય કર્યો હતો કે કેમ તે કહેવા માટે કોઈ નિશ્ચિત આધાર નથી, પરંતુ સોનીના ધંધાની કેટલીક ઝીણી બાબતો અખાના છપ્પામાં ઉપમાન લેખે આવે છે. વળી, તે સોની હતો તેથી તેણે સોનીનો વ્યવસાય કર્યો હોય એ અશક્ય જણાતું નથી.

અખાએ જહાંગીર બાદશાહે સ્થાપેલી ટંકશાળમાં નોકરી કરી હતી એમ કહેવાય છે. એના છપ્પામાં ટંકશાળને લગતા પણ કોઈક ઉલ્લેખો આવે છે, પરંતુ અખાએ ટંકશાળમાં નોકરી કરી હતી એમ સાબિત કરવા માટે એ ઉલ્લેખ પર્યાપ્ત ન ગણાય. કેમ કે, અખા કૃતિઓમાં આવા ઘણા વ્યાવસાયિક ઉલ્લેખો આવે છે.

**શિક્ષણ-અધ્યયન :** અખાના શિક્ષણ-અધ્યયન વિશે પણ કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. જેમની પાસેથી તેણે બાલ્યકાળમાં અક્ષરજ્ઞાન મેળવ્યું હશે તે વિદ્યાગુરુનો અથવા તે વખતની અધ્યયન-વ્યવસ્થાનો પણ કોઈ ઉલ્લેખ ક્યાંય પણ મળતો નથી. તેની કવિતામાં ઠેર ઠેર શાસ્ત્રગ્રંથોના અને તેમાંનાં વચનોના નિર્દેશોને આધારે નર્મદાશંકર મહેતા અખાએ સારી રીતે સમજેલા યોગવાસિષ્ઠ વગેરે ગ્રંથોની યાદી આપે છે. ઔપચારિક નહીં તો અનૌપચારિક શિક્ષણ તો અખાએ ઘણું લીધેલું દેખાય છે. તેમની કૃતિઓમાં પુરાણો, જ્યોતિષ, ખગોળ, શિલ્પ, ખેતી, સંગીત, વૈદિક વગેરે અનેક વિદ્યાઓ, વિવિધ વ્યવસાયો, ખનિજો, વનસ્પતિઓ, પશુપંખીઓ, **લોકસમયો, કવિસમયો** વગેરે વિશેની જાણકારી પ્રચુરપણે ઉપયોગમાં લેવાયેલી છે, જે બતાવે છે કે એમના જ્ઞાનાનુભવની મૂડી કેટલી તો અસાધારણ હતી. અખાએ અધ્યાત્મવિદ્યા બ્રહ્માનંદ નામના ગુરુ પાસેથી પ્રાપ્ત કરી હતી એવું અર્થઘટન થયું છે, જે શંકાસ્પદ છે તેની ચર્ચા હવે પછી 'ગુરુ' એ શીર્ષક હેઠળ કરી છે.

**ગુરુ :** અખાએ પોતાના જીવનના એક તબક્કે ગોકુળનાથજીને ગુરુ કર્યા હતા પરંતુ પછીથી તેનું વલણ કેવલાદ્વૈત વેદાંત તરફ થયું છે એટલે પછીથી તેણે ગોકુળનાથને ગુરુ તરીકે છોડી દીધા હશે એમ અનુમાન થઈ શકે. ગોકુળનાથજીથી પોતાની અધ્યાત્મ જિજ્ઞાસા વણસંતોષાયેલી રહી હોવાનું એ પોતે જ નિર્દેશે છે, એટલે આ અનુમાનને સમર્થન સાંપડે છે. અખાએ ગોકુળ અને ગોકુળનાથને છોડ્યા પછી કાશીમાં બ્રહ્માનંદ સ્વામીનો પોતાના ગુરુ તરીકે સ્વીકાર કર્યો હતો એવી એક જનશ્રુતિ મળે છે. આ જનશ્રુતિના સ્વીકાર-અસ્વીકાર વિશે બે મત છે. નર્મદાશંકર દે. મહેતા આ વાતનો સ્વીકાર કરે છે અને બ્રહ્માનંદની આખી શિષ્યપરંપરાનો પણ ઉલ્લેખ કરે છે. વળી, મઠ બહાર એકચિત્તે કથા સાંભળીને ગુરુ બ્રહ્માનંદને અખાએ પ્રભાવિત કર્યાની એક કથા પણ મહેતાએ રજૂ કરી છે. પરંતુ આ બધું કેટલું આધારભૂત છે તે પ્રશ્ન છે.

ઉમાશંકર જોશીને 'બ્રહ્માનંદ' શબ્દ 'બ્રહ્મનો આનંદ' એ અર્થમાં જ પ્રયોજાયેલો દેખાય છે. તેમનું કહેવું છે કે અખાની કવિતામાં વિશેષનામના આભાસવાળા અને ગુરુનામનો આભાસ આપનારા બીજા શબ્દપ્રયોગો પણ છે - 'સચ્ચિદાનંદ', 'સહજાનંદ', 'નિરંજન.' આ શબ્દોની સાથે 'સ્વામી', 'ગુરુ', 'નાથ' શબ્દ આવતાં જ જો આગળના શબ્દોને વિશેષ નામ ગણવામાં આવે તો અખાના ગુરુઓની સંખ્યાનો છેડો ન આવે. એ બધા પરમતત્ત્વને દર્શાવનારા સાદા શબ્દો તરીકે જ વપરાયા છે એમ માનવું ઉચિત છે. તેથી 'બ્રહ્માનંદ', 'સચ્ચિદાનંદ' વગેરેને ગુરુ કહે તેથી ભરમાવાની જરૂર નથી. છેલ્લે એ વાત પણ વિચારવી જોઈએ કે અખાએ ગોકુળનાથને પોતે ગુરુ કર્યા હતા એવો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે તો બ્રહ્માનંદનો ક્યાંય એવો સ્પષ્ટ ઉલ્લેખ કેમ ન કરે ? આમ બ્રહ્માનંદ અખાના ગુરુ હોવાની વાત તર્કસંગત બનતી નથી.

**ધર્મ :** પોતે ગોકુળનાથને ગુરુ કર્યા હોવાનું અખાએ સ્પષ્ટપણે નોંધ્યું છે. એટલે કે એણે ગોકુળનાથજી પાસે બ્રહ્મસંબંધની દીક્ષા લીધી હતી. અખાએ કેવળ ધર્મજિજ્ઞાસાથી આમ કર્યું હતું કે તેનો કુળધર્મ વૈષ્ણવ હતો એ નિશ્ચિત કરવું મુશ્કેલ છે. પરંતુ અખો તેના જીવનકાળમાં થોડોક સમય તો વૈષ્ણવ રહ્યો હશે એ હકીકત શંકાતીત છે. અખાની કવિતામાં વૈષ્ણવ સંસ્કારો જોઈ શકાય છે અને તેની કૃતિઓના **લહિયાઓ** તેને વૈષ્ણવ તરીકે પણ ઓળખાવે છે. તે બતાવે છે કે અખાને **વૈષ્ણવ** ધર્મનો પાસ ઠીકઠીક લાગ્યો છે.

પરંતુ અખાએ પોતાની કૃતિઓમાં જે તત્ત્વદર્શન વ્યક્ત કર્યું છે તેનો પાયો તો છે કેવલાદ્વૈત વેદાંત. આનો અર્થ એ થાય કે અખો એક તબક્કે વૈષ્ણવધર્મ છોડીને વેદાંતી બન્યો છે. ગોકુળનાથને ગુરુ કર્યા પછી પણ અખાને સંતોષ ન થયો એવો નિર્દેશ તેણે પોતે કર્યો છે અને તેના છપ્પાઓમાં વૈષ્ણવોની ટીકા પણ મળે છે એટલે સાંપ્રદાયિક રીતે અખો વૈષ્ણવ મતમાં રહ્યો નથી જ એવી ખાતરી થાય છે.

અખાની કૃતિઓ જોતાં જણાય છે કે એ કેવલાદ્વૈત વેદાંતના ચોકઠામાં બંધાયેલો રહ્યો નથી. ભારતીય ધર્મસંસ્કાર પ્રવાહોમાંથી ગૌડપાદથી માંડીને રહસ્યવાદ સુધીની અસરો તેણે ઝીલી છે અને અંતે એ મધ્યકાલીન સંતપરંપરાનો પ્રતિનિધિ બનીને રહ્યો છે.

**સંસારત્યાગ :** અખાના સંસારત્યાગ વિશે પણ કેટલીક જનશ્રુતિઓ મળે છે : (1) બાળપણથી તે સાધુસંતોનો રસિયો હતો. (2) તેની ૨૦ વર્ષની વય પહેલાં તેના પિતાનો સ્વર્ગવાસ થયેલો. એ પછી થોડાક સમયમાં તેની એકની એક બહેન જેના પર તેને ગાઢ સ્નેહ હતો તેણે દેવવાસ કર્યો. બાળલગ્નથી પ્રાપ્ત થયેલી યુવાન સ્ત્રી પણ એ જ સમયમાં મૃત્યુ પામી. બીજી વાર તેણે લગ્ન કર્યું તે સ્ત્રી પણ મૃત્યુ પામી. આમ નજીકનાં સગાંસંબંધીઓને ગુમાવવાથી વૈરાગ્યનું બીજ તેના અંતઃકરણમાં રોપાયું હતું. (3) જહાંગીર બાદશાહે સ્થાપેલી ટંકશાળમાં તેઓ કામ કરતા હતા ત્યાં તેમના પર ચાંદીમાં હલકી ધાતુ ભેળવ્યાનો આરોપ આવ્યો હતો. આ પ્રસંગે પણ અખાને સંસારથી વિરક્ત બનવામાં ભાગ ભજવ્યો છે. (4) ધર્મની બહેન માનેલી એક બાઈને અખાએ સોનાની કંઠી કરી આપી હતી. તે કંઠી બાઈએ આપેલા મૂળ સોના કરતાં વધારે સોનાની તેણે કરી હતી છતાં તે બાઈએ અખા પર અવિશ્વાસ કરીને બીજા પાસે કંઠી તોડાવી ચકાસાવડાવી, જેની પાછળથી અખાને જાણ થઈ. આ પ્રસંગથી પણ તેનું મન સંસારથી ખારું થયું હતું.

આ બધા વૃત્તાંતો માટે કશા આધારો નથી. તેથી નર્મદ કહે છે તે મુજબ એને 'જનવાર્તા' અને સ્વામી સ્વયંજ્યોતિ કહે છે તે મુજબ 'દંતકથા'ના વર્ગમાં જ નાખવા જોઈએ. પોતાની કૃતિઓમાં અખાએ સંસારત્યાગને જરાય મહત્ત્વ આપ્યું નથી, તેથી તેણે સંસારત્યાગ કર્યો હોવાની વાતને ત્યાંથી ટેકો મળતો નથી.

## 2.2 અખાનું સાહિત્યસર્જન

અખાનું કવન વિશાળ પટ પર ફેલાયેલું છે. એમાં 'પંચીકરણ' વગેરે પ્રકારની સળંગસૂત્ર દીર્ઘ કૃતિઓ છે, પદો જેવી લઘુ કૃતિઓ છે તો છપ્પા, સોરઠા વગેરે મુક્તાવલી પ્રકારની કૃતિઓ પણ છે. એણે ગુજરાતી તેમ જ હિંદીમાં રચનાઓ કરી છે અને બંને ભાષામાં ચાલતી કેટલીક કૃતિઓ પણ મળે છે. બે જ કૃતિઓ રચનાવર્ષ ધરાવે છે પણ ઉમાશંકર જોશી અખાની દીર્ઘ કૃતિઓનો રચનાક્રમ આ રીતનો કલ્પે છે - અવસ્થાનિરૂપણ, પંચીકરણ, ગુરુશિષ્ય સંવાદ, બ્રહ્મલીલા (હિંદી), અનુભવબિંદુ, અખેગીતા (ર.ઈ. 1649). આ ક્રમ નિર્વિવાદ ન ગણી શકાય.

**અવસ્થાનિરૂપણ :** ચાર-ચરણી ચોપાઈના દશ-દશ કડીના ચાર ખંડોમાં આ કૃતિ રચાયેલી છે. એ ખંડો અનુક્રમે જીવાત્માની ચાર અવસ્થાઓનું વર્ણન કરે છે. શરીરાવસ્થા, અજ્ઞાનાવસ્થા, જીવ- ઈશ્વરજ્ઞાનની અવસ્થા અને કૈવલ્યજ્ઞાનની અવસ્થા, શરીરાવસ્થાઓ પણ ચાર પ્રકારની છે - જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય. એ ચારે અવસ્થાઓને અખાએ મિશ્રવર્તી તરીકે વર્ણવી છે (જેમ કે તુરીયાવસ્થામાં અન્ય ત્રણ અવસ્થાઓના પણ અંશો છે) અને અજ્ઞાનદશાની શરીરાવસ્થાઓમાંથી નીકળી તુરીયાતીત કૈવલ્યજ્ઞાનની ભૂમિકાએ કેમ પહોંચી શકાય તે બતાવે છે.

**પંચીકરણ :** (ર.સં. મળતી નથી) આ કવિની ચોપાઈના બંધમાં મળતી 102 કડીની રચના છે. આ કૃતિનો કેટલોક ભાગ છ-ચરણી ચોપાઈના બંધમાં 'છપ્પા'ના એક સળંગ અંગ તરીકે પણ જોવા મળે છે. બીજા કેટલાક ભાગોમાં પણ છ-ચરણી ચોપાઈનો બંધ યોજાયો છે.

પારિભાષિક નિરૂપણવાળી આ રચનામાં કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, ચાર અંતઃકરણ, તેમના 14 દેવતા, જીવ-ઈશ્વર-કૈવલ્ય, પાંચ કોશ, ચાર પ્રકારની મુક્તિ વગેરે અનેક વિષયોની ચર્ચા કરવામાં આવી છે.

પંચીકરણની પ્રક્રિયાનું અહીં ઝીણવટથી વર્ણન કરવામાં આવ્યું છે એ વર્ણન દ્વારા બ્રહ્મની સત્યતા

સિદ્ધ કરી આ અનેકાકારે ભાસતા નામરૂપવાળા સૃષ્ટિના વિલાસને મિથ્યા સાબિત કરવાનો કવિનો પ્રયત્ન છે.

વિષયવસ્તુને સમજાવવા માટે કવિએ દૃષ્ટાંતો તથા ઉપમાઓનો ઉપયોગ કર્યો છે, જે દૃષ્ટાંતો અને ઉપમાઓ પછીની રચનાઓમાં વધુ વિસ્તૃત અને સઘન રીતે આવે છે.

**ગુરુશિષ્ય સંવાદ (ર.ઈ.સ. 1645)** : આ કવિની સંવાદસ્વરૂપની રચના છે. દુહા અને ચોપાઈમાં રચાયેલી આ કૃતિ ચાર ખંડમાં વિભાજિત થયેલી છે. આ દરેક ખંડમાં અનુક્રમે 49, 75, 111 અને 85 કડીઓ છે. આ બધા ખંડને તેમનાં સ્વતંત્ર નામ છે : (1) પંચભૂતભેદ, (2) જ્ઞાનનિર્વેદયોગ, (3) મુમુક્ષુમહામુક્ત લક્ષણ, (4) તત્ત્વજ્ઞાન નિરૂપણ.

કૃતિમાં પહેલા ખંડમાં પાંચ મહાભૂતોનાં લક્ષણો સમજાવ્યાં છે. બીજા ખંડમાં માયાએ ઊભા કરેલા ભેદો દર્શાવ્યા છે અને તે દ્વારા મનનું કર્તૃત્વ સ્પષ્ટ કર્યું છે. ત્રીજા ખંડમાં અણલિંગી અવસ્થા પ્રાપ્ત કરેલ તત્ત્વદર્શીનાં સત્યભાષણ આદિ ત્રીસ ગુણલક્ષણો વર્ણવ્યાં છે. ચોથા ખંડમાં દ્રવ્યાદ્વૈત, ભાવાદ્વૈત અને બધાની ઉપર રહેલી કેવલાદ્વૈત ભૂમિકાને સ્ફુટ કરી છે.

સંવાદશૈલી, પારિભાષિક અને લૌકિક દૃષ્ટાંતો અને કેટલીક વર્ણનછટાઓને કારણે કૃતિ રસાવહ બની છે. કૃતિમાંના બ્રહ્માનુભવના સમુલ્લાસનું વર્ણન તથા મુમુક્ષુનું વર્ણન જેવાં કેટલાંક વર્ણનો ધ્યાન ખેંચે તેવાં છે.

કૃતિ સંમતિના 14 શ્લોક ધરાવે છે એવો ઉલ્લેખ એક પ્રતના પાઠમાં હોવાનું નોંધાયું છે, પરંતુ મુદ્રિત વાચનામાં સંમતિના શ્લોકો નથી.

**ચિત્તવિચારસંવાદ** : ચાર-ચરણી ચોપાઈની 411 કડીની આ રચના છે. કૃતિમાં ચિત્ત અને વિચારને અખાએ પિતાપુત્ર તરીકે કલ્પ્યા છે. પરંતુ કવિની વિલક્ષણતા એ છે કે પુત્ર વિચાર પિતા ચિત્તને પોતાના ચિન્મય સ્વરૂપનો બોધ કરાવે છે. અખાની એક જ્ઞાની અને કવિ તરીકે વિશેષતા એ છે કે એણે વિચારને શુષ્ક-કોરા વિચાર તરીકે રજૂ કર્યો નથી પણ ઉપમા-દૃષ્ટાંત વ્યાપારથી વિચારને અસાધારણ મૂર્તતા આપીને એક રસમય કાવ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું છે.

આરંભમાં ચિત્તની મૂંઝવણને અનુલક્ષીને જીવ, ઈશ્વર અને બ્રહ્મની પૃથક્તા કેવી રીતે ઉદ્ભવેલી છે એ અનેક દૃષ્ટાંતોથી સમજાવવામાં આવ્યું છે અને એને અનુષંગે ષડ્દર્શનનો સૈદ્ધાન્તિક પરિચય કરાવી એમાં વેદાંતમાર્ગનો પુરસ્કાર થયો છે. કાવ્યના મુખ્ય મધ્યભાગમાં ચિત્ત મૂળભૂત રીતે ચિન્મયસ્વરૂપ-પરમચૈતન્યસ્વરૂપ છે તથા આ સઘળી સૃષ્ટિ પણ ચિત્તનું જ સ્ફુરણ છે એ વાત વિગતે સમજાવી છે અને ચિત્તને જ્ઞાન-વિવેક દ્વારા મોહપ્રેરિત કામક્રોધાદિ દોષો અને વિષયોના દમનમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો છે. છેલ્લા ભાગમાં કૈવલ્યના સંદર્ભમાં ગુરુસ્વરૂપની મીમાંસા કરી છે તથા ભક્તિનું સ્વરૂપ સ્ફુટ કરી પરમપદ પ્રાપ્તિમાં ભક્તિ અને વિરહવૈરાગ્યની કાર્યસાધકતા દર્શાવી છે. કૃતિમાં કેટલાંક વિલક્ષણ વિચારબિંદુઓ અને ઉપમાવિધાનો રજૂ થયાં છે. જેમ કે, દીપ-શશી-સૂર્ય આદિની ઓછીવત્તી તેજસ્વિતાના દૃષ્ટાંતથી કવિ જીવમાં પ્રતીત થતા સાપેક્ષ ઐશ્વર્યને અને તદનુષંગે જીવ-ઈશ્વરની અલગતાને સ્થાને સલંગતાનું પ્રતિપાદન કરે છે, દર્પણમાંનાં કાચ અને સીસાના દૃષ્ટાંતથી અવતારરૂપી પ્રતિબિંબો કેમ જન્મે છે તે સમજાવે છે; વરસાદનું સંચેલું પાણી પર્વતમાંથી ઝરે તેની સાથે ચિત્તના બુદ્ધિવિલાસને સરખાવી એનું પરવર્તીપણું સ્ફુટ કરે છે અને "બિંબ જોવાણું પ્રતિબિંબ વડે, તેમ ગુરુ જોતાં ગોવિંદ નીવડે" એમ કહી ગુરુ-ગોવિંદના સંબંધનો મર્મ પ્રગટ કરે છે. વિચારનું અસ્તિત્વ ચિત્તને કારણે છે, છતાં વિચાર વિના ચિત્ત નપુંસક છે એમ કહીને અહીં 'વિચાર'નો મહિમા થયો છે.

411 કડીની આ નાનકડી કૃતિમાં 40-50 દૃષ્ટાંતો પ્રયોજાયેલાં છે જેમાંથી ઘણાં દૃષ્ટાંતો કડીઓ સુધી વિસ્તરે છે. આમ, કૃતિના ત્રીજા-ચોથા ભાગની કડીઓ દૃષ્ટાંતોમાં રોકાયેલી રહે છે. આ દૃષ્ટાંતો દ્વારા કવિના વિશાળ અનુભવ જગતનો પરિચય મળે છે. જગતના વિવિધ ક્ષેત્રનાં અનેક પદાર્થો, ઘટનાઓ અને વ્યવહારો અહીં દૃષ્ટાંત તરીકે વપરાયાં છે.

કૃતિની ભાષામાં માર્મિકતા, સચોટતા અને બલિષ્ઠતા છે. અસરકારક ભાષાભિવ્યક્તિને કારણે કૃતિમાં રજૂ થયેલો વિચાર ભાવકના ચિત્તમાં અંકિત થઈ જાય છે. દૃષ્ટાંતો અને ભાષાપ્રયુક્તિને કારણે કવિનો તત્ત્વવિચાર કોરો-શુષ્ક તત્ત્વવિચાર રહેતો નથી પરંતુ એક જીવંત અનુભવ બનીને રહે છે.

અખાના તત્ત્વવિચારના મુખ્ય અંશોને વ્યાપી વળતી આ કૃતિ ચિત્ત અને વિચારની પિતા-પુત્ર તરીકેની કલ્પના, બંનેની સક્રિયતા દર્શાવતી પ્રશ્નોત્તરી તેમ જ દૃષ્ટાંતો અને સંતત ઉપમાઓ તથા ઉપમાચિત્રોના બહોળા ઉપયોગને કારણે અખાના કાવ્યસર્જનમાં 'અખેગીતા', 'અનુભવબિંદુ' અને છપ્પા પછીનું સ્થાન મેળવે છે.

**અનુભવબિંદુ અથવા 40 છપ્પા :** કવિની 40 છપ્પાની આ નાની રચના છે. હસ્તપ્રતમા આ રચનાનું નામ '40 છપ્પય' એમ લખેલું મળે છે. ચાર પંક્તિ રોળાની (માત્ર પહેલા છપ્પામાં દુહાની) અને બે પંક્તિ ઉલ્લાલાની-એ જાતની છપ્પાની 37 આકૃતિને આ છપ્પાઓ અનુસરે છે અને રોળાની ચાર પંક્તિમાં સામાન્ય રીતે આંતરપ્રાસને યોજે છે. "નિર્ગુણ ગુણપતિ" પરબ્રહ્મની સ્તુતિમાં ગણપતિનો નામનિર્દેશ કરી લેતું આ કૃતિનું મંગલાચરણ પણ અનોખું છે.

કૃતિનો મુખ્ય વિષય છે મ.હાનુભવ - પરબ્રહ્મના અનુભવનું વર્ણન. આથી જ એ 'અનુભવબિંદુ' એ પ્રચલિત નામ પામી જણાય છે. સર્વ ભેદોથી પર એવા પરબ્રહ્મના અનુભવને કવિ પારસના જેવો અક્ષય્ય અને અનળપંખીના જેવો અનન્ય કહે છે. જીવ અને જગતનું મિથ્યત્વ સમજાવી એમાં માયાનું પ્રવર્તન કેવી રીતે રહેલું છે તે સ્ફુટ કરે છે અને સર્વ સિદ્ધિઓ અને કર્મધર્મો પણ માયાજન્ય મિથ્યા પ્રવૃત્તિ છે એમ સ્થાપિત કરે છે.

પરબ્રહ્મ અને જીવની ભિન્નતાનું **મિથ્યાત્વ** દર્શાવવા એ એક નવીન દ્દષ્ટાંત આપે છે : સાગરનું પાણી પૃથ્વી પર વરસીને નદી નામ ધારણ કરે છે અને અંતે સાગરમાં ભળે છે તેમ જીવ એ મધ્યદશા છે, આદિ ને અંતે પરબ્રહ્મ જ છે. પરબ્રહ્મ માયાના કારણે જગતતત્ત્વ રૂપે ભાસે છે પણ તત્ત્વતઃ તે એક છે તે સમજાવવા કાચમંદિર, નારીકુંજર, અને પ્રૌઢ પર્વતનાં વિશિષ્ટ દ્દષ્ટાંતચિત્રો યોજાયાં છે. ષડ્દર્શનજ્ઞાન, દાનવીરપણું, કીર્તિ, ત્રિકાલવેત્તાપણું વગેરે સિદ્ધિઓ દ્વારા માયા માણસને મર્કટ બનાવે છે તેથી એ બધાંને કવિ ઝાકળની વૃષ્ટિ જેવાં નિરર્થક ગણાવે છે. અધ્યાત્મજ્ઞાન એ પરબ્રહ્મ પ્રાપ્તિનું આવશ્યક સાધન છે અને એ માટે કવિ સદ્દગુરુનું શરણ લેવાનું તેમ જ પોતે પોતાના ગુરુ થવાનું સૂચવે છે.

સળંગ ચિત્રોની રચના, રજૂઆતનું લાઘવ, ઉત્તમ કવિત્વપૂર્ણ શૈલી અને આંતરપ્રાસની ચમત્કૃતિને કારણે આ રચના ધ્યાનાર્હ બની છે. કેશવ હર્ષદ ધ્રુવે તે "પ્રાકૃત ઉપનિષદ" કહી છે તો ઉમાશંકર જોશી માટે એ "ચિંતનરસનું ઘૂટેલું એક મૌક્તિકબિંદુ" છે.

**અખેગીતા (ર.ઈ.સ. 1649) :** આ કૃતિ 40 કડવાં અને 10 પદના ચોક્કસ રચનાબંધમાં રચાયેલી છે. તેમાં દર ચાર કડવાંને અંતે એક એક પદ આવે છે. સામાન્ય રીતે કડવાના રચનાબંધમાં મુખબંધ, ઢાળ અને ઊથલો એ રીતની વ્યવસ્થા હોય છે પરંતુ અહીં મુખબંધ અને ઢાળ (જે ઘણી હસ્તપ્રતોમાં ઊથલો તરીકે ઓળખાવાયા છે)નું બંધારણ છે. પદક્રમાંક 1, 2, 3, 6, 8, 10ની ભાષા ગુજરાતી છે તથા પદક્રમાંક 4, 5, 7, 9ની ભાષા હિન્દી છે.

'અખેગીતા'નું મંગલાચરણ વિશિષ્ટ છે. કવિએ પરબ્રહ્મ માટે 'ત્રિગુણપતિ' શબ્દ પ્રયોજ્યો છે જેમાં પરબ્રહ્મની સાથે 'ગણપતિ'નો પણ સમાવેશ થઈ જાય છે.

કૃતિના એકમોમાં ચોક્કસ વિષય વિભાગો જોઈ શકાય છે. એકમ - 1માં મંગલાચરણ છે જે વિશિષ્ટ છે તે આપણે જોયું. એકમ - 2 માયાનું સ્વરૂપ અને કાર્ય; એકમ - 3 : માયામાંથી મુક્ત થવા માટેની સાધનાત્રયી-વિરહવૈરાગ્ય, ભક્તિ અને જ્ઞાન; એકમ - 4 : અણલિંગી તત્ત્વજ્ઞાનીનાં લક્ષણો; એકમ - 5 અને 6 : બ્રહ્મતત્ત્વનું સ્વરૂપ તથા એનું ઈશ્વર, જીવ અને જગત રૂપે પરિણમન, એકમ 7 : બ્રહ્મવાદ અને શૂન્યવાદનો ભેદ; એકમ - 8 : સંતસંગનો મહિમા. એકમના સમાપન રૂપે પદો આવે છે. આ પદો ધ્રુવપંક્તિની જેમ 'અખેગીતા'ના કેન્દ્રવર્તી વિષય પર આવી અટકે છે. એમાં પરબ્રહ્મના સ્વરૂપનું કે એના સાક્ષાત્કારનું ગાન છે અથવા હરિ-ગુરુ-સંતની એકતા પ્રબોધી એમનું શરણ લઈ મહાપદ પ્રાપ્ત કરવાનો બોધ છે.

'અખેગીતા'ના કર્તૃત્વમાં અખો પોતાને **નિમિત્તમાત્ર** ગણાવે છે અને નાથ નિરંજન પર એનું કર્તૃત્વ આરોપે છે. એ કહે છે - 'જેમ વાજું દીસે વાજતું વજાડે ગુણપાત્ર.' આ સંસારરૂપી મોહનિશાનું કારણ અખો માયાને ગણે છે. કૃતિમાં માયાના અદ્દભુત પ્રપંચનું કવિએ અત્યંત મર્મવેધક ચિત્ર આલેખ્યું છે. માયાએ નિપજાવેલાં 25 તત્ત્વો ઉપરાંતનું 26મું તત્ત્વ-બ્રહ્મતત્ત્વ તો સ્વતંત્ર છે, સર્વ દ્વન્દ્વોથી પર છે અને વાણીથી, ઇન્દ્રિયોથી તેમ જ બુદ્ધિથી તેને પામી શકાતું નથી. 'જેમ મૃતકની ગત મૃતક જાણે' તેમ પરબ્રહ્મનો અનુભવી જ એ અનુભવને સમજી શકે. સામસામા મુકાયેલાં દર્પણોથી રચાતી પ્રતિબિંબોની અનંત સૃષ્ટિના તથા આકાશમાં ઊપજતાં અને લય પામતાં જાતભાતનાં વાદળોના દ્દષ્ટાંત દ્વારા કવિએ બ્રહ્મતત્ત્વની નિર્લેપતા અને માયા વડે થતી અનંત રૂપમય સંસારની ઉત્પત્તિ સમજાવી છે.

ભક્તિનું પણ કેવું મહત્ત્વનું સ્થાન છે તે સમજાવવા દ્દષ્ટાંત આપ્યું છે. ઊધઈથી ખવાયેલું **લાકડું જેમ કૃષ્ણાગુરુ થઈ જાય** તેમ વિરહ વૈરાગ્યથી ખવાયેલો નર હરિરૂપ થઈ જાય છે અને હરિભક્ત 'નિત્ય રાસ નારાયણ કેરો' દેખે છે. આમ થતાં એનો સંસારભાવ, જીવભાવ સરી જાય છે અને આત્મભાવ પ્રગટે છે કવિ માર્મિક રીતે કહે છે કે 'ચિત્ત ચમક્યું, હું તું તે ટળ્યું.'

કવિ કહે છે જીવન્મુક્ત વિદેહી દશાને પામેલાને ભૌતિક જગતના કોઈ અવરોધ નડતા નથી. દૃષ્ટાંત આપી કહે છે કે ચશ્માંના કાચથી જેમ આંખની દૃષ્ટિ રૂંધાતી નથી પણ એનું તેજ વધે છે તેમ સંસાર-વ્યવહાર તત્ત્વદર્શીને બાધક બનવાને બદલે એની તત્ત્વદૃષ્ટિને સતેજ કરે છે. આવા તત્ત્વદર્શી સંતના પરોપકારપરાયણ સ્વભાવ અને એમની સંગતિના પ્રભાવનું અખાએ ભાવાદ્રતાથી ગાન કર્યું છે. અખાની દૃષ્ટિએ, જેમ જીભ વિના સ્વાદ ન હોય, બહેરાને નાદસુખ ન હોય તેમ ગુરુ વિના હરિદર્શન ન થાય અને ગુરુ તો તત્ત્વદર્શી સંત જ હોય. આમ અખાના તત્ત્વવિચારમાં હરિ-ગુરુ-સંતનું એકત્વ રચાય છે.

આમ કૃતિમાં ગુરુમાહાત્મ્ય, ગુરુગોવિંદ-એકતા, માયાનું સ્વરૂપ, ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનું માહાત્મ્ય, સર્વાત્મભાવ, જીવનમુક્તદશા, બ્રહ્મવસ્તુસ્વરૂપ, બ્રહ્મ-જીવ-ઈશ્વરની એકતા, વિદેહીના લક્ષણ, ષડ્દર્શન ચિકિત્સા, વિવિધ શાસ્ત્રમતોનું વૈતથ્ય, સંતસેવાનું ફળ, સત્સંગ મહિમા વગેરે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

કવિએ તેમની જુદી જુદી રચનાઓમાં માયા, બ્રહ્મ, જીવ-ઈશ્વર-એકતા જેવા અનેક વિષયોની જે ચર્ચા કરી છે તે વિષયો પરના આખરી અભિપ્રાય આ કૃતિમાં રજૂ કર્યા છે. બીજી કૃતિમાં ક્યાંક ક્યાંક વિચારના તંતુઓ જે છૂટા રહી ગયા છે તે અહીં અંતિમ પરિણામ સુધી પહોંચ્યા છે એ રીતે 'અખેગીતા' એ કવિની **પરિણત પ્રજ્ઞાનું** ફળ છે.

વિગતભર્યાં ચિત્રો સર્જવાની કવિની શક્તિ અહીં ઉત્કૃષ્ટ રીતે પ્રગટ થઈ છે. ભક્તની આરતનું ચિત્ર અત્યંત ભાવભર્યું છે. દૃષ્ટાંતમાલાનો કવિએ અહીં આશ્રય લીધો છે. 'અખેગીતા'ની વાણીમાં સાહજિકતા છે, હૃદયની આર્દ્રતા છે ને તર્કની સચોટતા છે.

કૃતિમાંથી પ્રગટ થતી અનુભવની ઉત્કટતા અને સ્પષ્ટતા તથા તેને લીધે પ્રતીત થતી મૌલિકતાને કારણે ઉમાશંકર જોશી કહે છે તેમ, 'અખેગીતા' ભગવદ્ ગીતાના કુળની એક સ્વતંત્ર ગીતરચના બને છે. કૃતિમાં કાવ્ય અને તત્ત્વજ્ઞાનનું આસ્વાદ્ય સંમિશ્રણ થયેલું છે.

કૃતિમાંનાં પદોની ગેયતા દર્શાવવા માટે કવિએ ભૈરવ, આશાવરી, રામગ્રી, કાનડો, કેદારો, મારુ, ધવલ, ધન્યાશ્રી વગેરે રાગોનાં નામોનો ઉપયોગ કર્યો છે તેમાં તેના સંગીતવિષયક જ્ઞાનનો પરિચય થાય છે.

**પ્રકીર્ણ કૃતિઓ :** 'સંતના લક્ષણ અથવા કૃષ્ણ-ઉદ્ધવ સંવાદ' ચાર-ચરણ ચોપાઈની ૩૨ કડીની રચના છે. સંવાદ સ્વરૂપની આ કૃતિમાં કૃષ્ણ વક્તા અને ઉદ્ધવ શ્રોતા છે. કવિને 'ભાગવત'માં ઉપલબ્ધ કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાંથી પ્રસ્તુત કાવ્યની પ્રેરણા મળી હોય એમ જણાય છે. સંસાર પાર કરી 'નિજપદ'ની પ્રાપ્તિ માટે સંતનાં લક્ષણોનું આચરણ કરવા શ્રીકૃષ્ણે આમાં બોધ કર્યો છે. કાવ્યની શૈલી શુદ્ધ, ઉપદેશપ્રધાન અને અત્યંત સરળ છે.

'કૈવલ્યગીતા' કવિની ચાર-ચરણી ચોપાઈની 25 કડીની નાની રચના છે. પરબ્રહ્મને સંબોધન રૂપે રચાયેલી આ કૃતિમાં એનાં સ્વરૂપલક્ષણોનું વર્ણન થતા એનું મહિમાગાન છે.

'જીવન્મુક્તિહુલાસ' ચાર-ચરણી ચોપાઈની 11 કડીની રચના છે. એમાં પંચકોશ, ત્રણ અવસ્થા વગેરેથી પર જીવન્મુક્તની સ્થિતિનું અને એના મહિમાનું વર્ણન કર્યું છે.

'કક્કો' દોહરાની દેશીની 38 કડીની રચના છે. એ જ્ઞાનવિષયક છે. ઝૂલણાની 14 કડીમાં રચાયેલ 'બારમાસ'માં જીવને સંબોધીને ઉપદેશ આપવામાં આવ્યો છે. તેમાં માસનાં નામ શ્લેષથી ગૂંથવામાં આવ્યાં છે. આ જાતના જ્ઞાનવિષયક 'બારમાસ' કવિએ પહેલીવાર રચ્યા હોવાનું જણાય છે. કવિની બે 'પંદર તિથિ' મળે છે. એક ચોપાઈની 17 કડીની અને બીજી દુહાની દેશીની 16 કડીની રચના મળે છે. બંનેમાં તિથિના સંખ્યાંક શ્લેષથી ગૂંથાયેલા છે. એમાંથી એક વિશેષે ઉપદેશાત્મક છે ને બીજી વિશેષે જ્ઞાનમૂલક છે. ગુરુવારથી આરંભાતા 'સાત વાર'માં 17 કડી છે. એ પણ ઉપદેશાત્મક જ્ઞાનમૂલક કૃતિ છે એમાં પણ વારના નામ શ્લેષથી ગૂંથાયાં છે.

**છપ્પા :** 755 જેટલી સંખ્યામાં મળતા 'છપ્પા' શિષ્ય અંગ, ગુરુ અંગ, ભાષા અંગ, વેશનિંદા અંગ વગેરે જુદાં જુદાં 45 અંગોમાં વિભાજિત થયેલા છે. આ અંગવિભાજન કેટલેક અંશે શિથિલ અને યાદૃચ્છિક જણાય છે. એવું અનુમાન થાય છે કે છપ્પા સમયાંતરે લખાયા હશે અને પછી અંગોમાં ગોઠવી દેવાયા હશે.

છપ્પાના સ્વરૂપ વિશે વિચારીએ તો આ પિંગળ મુજબના છપ્પા નથી. પરંતુ છ-ચરણી ચોપાઈ (કે જે કરી) છે. દરેક છપ્પામાં એક વિચાર પૂર્ણપણે વ્યક્ત થાય છે. આ રીતે જોતાં છપ્પાનું સ્વરૂપ મુક્તકનું છે. જ્યાં છ ચરણમાં વિચાર પૂરો ન થાય ત્યાં કવિએ આઠ ચરણ પણ પ્રયોજ્યાં છે.

છપ્પામાં કવિના તત્ત્વદર્શનના સઘળા અંશોને અભિવ્યક્તિ મળી છે. એમાં વેદાંતના પરંપરાગત વિષયો ઉપરાંત સંતદૃષ્ટિનું વિશાળ જીવનદર્શન પણ છે. પુનર્જન્મ, વર્ણાશ્રમભેદ, યુગોની ઉચ્ચાવચતા, જ્યોતિષ વગેરેની માન્યતાઓ પરના અખાના તાર્કિક પ્રહારો એની મૌલિક તીક્ષ્ણ વિચારકતા પ્રગટ કરે છે.

ભૂતપ્રેતની માન્યતા, **પાખંડી** ગુરુઓ, કૃતક ભક્તિ, અસ્પૃશ્યતા, સામાજિક રૂઢાચારો, માણસના દંભ-આડંબર-બાઘાઈ વગેરે પર અખાએ કરેલા વેધક કટાક્ષો એને ઉગ્ર ચિકિત્સક તરીકે આપણી સમક્ષ રજૂ કરે છે. થોડાક છપ્પાઓમાં કવિના આત્મકથનાત્મક ઉદ્‌ગારો પણ સાંપડે છે. જેમ કે, 'જનમોજન્મનો ક્યાં છે સખા ?' એમાં પરમતત્ત્વની **આરત** છે. 'છીંડું ખોળતાં લાધી પોળ' એમાં અનાયાસ પ્રાપ્તિનો આનંદ છે.

છપ્પાની અભિવ્યક્તિ કવિની અન્ય કૃતિઓ કરતાં વિશેષ અસરકારક બની છે. ઉપમા, દૃષ્ટાંત, લોકોકિતઓ વગેરેનો કવિએ ભરપૂર ઉપયોગ કર્યો છે. તેમની અવલોકનશક્તિ અતિ સૂક્ષ્મ છે. તેમણે કુદરતમાંથી, વ્યવહારજીવનમાંથી, માનવ-સ્વભાવમાંથી, પશુપંખી, જળચરસૃષ્ટિ, રોજિંદા વપરાશની વસ્તુઓમાંથી કંઈક ને કંઈક વિલક્ષણતા શોધી છે અને પોતાના વિચારને રજૂ કરવા એ **વિલક્ષણતા** દ્વારા નવીન અને આકર્ષક ચિત્રોનું સર્જન કર્યું છે. ઉપમા અને લોકોક્તિ એ બે અભિવ્યક્તિના માધ્યમનો અખાએ અસરકારક વિનિયોગ કર્યો છે તેથી કવિતા અને તત્ત્વજ્ઞાનનો વધુમાં વધુ મેળ બેઠો હોવાની પ્રતીતિ થાય છે. એની કવિતાની ઊડીને આંખે વળગે તે લાક્ષણિકતા એ છે કે એમાંની અનેક પંક્તિઓ લોકજીભે ચડી ગઈ છે :

**'ઊંચામાં રામ બમણો નથી ભર્યો'**
**'ઘણા પરમેશ્વર એ ક્યાંનો ન્યાય'**
**'એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ'**
**'તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં.'**
**'દેહાભિમાન હતું પાશેર, વિદ્યા મળતાં વાધ્યું શેર,**
**'ચર્ચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.'**
**'છીંડું ખોળતાં લાધી પોળ, હવે અખા કર ઝાકમઝોળ'**
**'આંધળો સસરો ને સણંગટ વહુ, કથા સાંભળવા ચાલ્યા સહુ**
**કહ્યું કશું ને સાંભળ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.'**

તત્ત્વજ્ઞાન જેવા અઘરા વિષયને પણ કવિએ દૃષ્ટાંત દ્વારા સરળ કર્યો છે. તેમની આ પ્રકારની સરળ અને સચોટ અભિવ્યક્તિને કારણે જ ગુજરાતી કવિતા સાહિત્યમાં તેમ જ સામાન્ય લોકસમાજમાં પણ અખાના 'છપ્પા' અત્યંત લોકપ્રિય બન્યા છે.

અખો તત્ત્વચિંતક છે તો કડક આલોચક અને પ્રહારક પણ છે. ક્યારેક એનામાં **પયગમ્બરી આવેશ** પણ પ્રવેશે છે, તે ઊંચે સાદે પુણ્યપ્રકોપ પણ કાઢે છે.

છપ્પામાં પ્રસન્નતા, નિર્વેદ, વિનોદ, કટાક્ષ, આરત વગેરે અનેક ભાવોને તક મળી છે પણ આ બધામાં કવિની હાસ્યકટાક્ષની શક્તિ વધારે નોંધપાત્ર છે. જેને કારણે ઉમાશંકર જોશીએ તેને 'હાસ્યકવિ' કહ્યો છે.

**પદ :** અખાએ ગુજરાતી તેમજ હિન્દીમાં પદોની રચના કરી છે. તેનાં 270 જેટલાં મુદ્રિત પદો હિંદી ગુજરાતી બંને ભાષામાં થઈને મળે છે. કેટલાંક પદો હજુ અપ્રસિદ્ધ હોવા સંભવ છે. કવિનાં હિંદી પદોની ભાષા શુદ્ધ હિંદી નથી, પણ સાધુક્કડી હિંદી છે.

કવિએ છૂટક પદો રચ્યાં છે તે ઉપરાંત તેમની સ્વતંત્ર કૃતિ 'અખેગીતા'માં કડવાંઓની વચ્ચે પદો મૂક્યાં છે એ નોંધપાત્ર છે. આ પદોમાં 'અભિનવો આનંદ આજ અગોચર ગોચર હવું' એ આત્માનંદનો ઉદ્‌ગાર કરતું પદ તો અત્યંત ધ્યાનપાત્ર છે.

પદોમાં ભક્તિશૃંગાર, સદ્‌ગુરુમિલન, બ્રહ્મજ્ઞાની-સંત-ગુરુના સ્વભાવ અને મહિમા, જીવભાવ છોડી શિવપદ પામવાનો બોધ, આત્મસ્વરૂપ તથા બ્રહ્મપ્રાપ્તિનો આનંદ જેવા અનેક વિષયોનું આલેખન થયું છે. વધુ ધ્યાન ખેંચે છે તે કૃષ્ણભક્તિ અને શૃંગારનાં પદો. સગુણભક્તિ અને શૃંગારનાં ઉત્કટ ચિત્રણો ધરાવતાં આ પદોમાં અખાએ પરબ્રહ્મરમણા-આત્મરમણાના સંકેતો મૂક્યા છે અને જ્ઞાનશૃંગારનું એક નવું પરિમાણ ઊભું કર્યું છે.

પ્રભાતી, કેદારો, સામેરી જેવા રાગો કવિએ આ પદોમાં પ્રયોજ્યા છે, જેનાથી કવિના સંગીતવિષયક જ્ઞાનનો પરિચય થાય છે. કવિએ પ્રયોજેલા આહ્લાદક શબ્દોથી તેના હૃદયની સરળતા અને આરત અનુભવાય છે. પદો સરળ હોવાથી લોકકંઠે વસી જાય એવાં બન્યાં છે. 'તે હું જગત જગત મુજ માંહે. હું નિર્ગુણ ગુણનો ભંડાર.' 'હુંએ હુંને ખોળી કાઢ્યો ભાઈ, હુંએ હુંને ખોળી કાઢ્યો.'

હારા, ... ભજન, કીર્તન વગેરે પ્રકારનાં સીધો જ્ઞાનોપદેશ અને આત્મપ્રાપ્તિના ઉલ્લાસને ગાતાં પદોની વચ્ચે જરા ... પાડતાં પદ્ય તે સદ્ગુ...નો કાગળ, સાંતીડું જેવાં છે.

આ કૃતિસમૂહ અખાના સાહિત્યસર્જનનો લોકગમ્ય અને ગુણવત્તાવાળો વિભાગ છે.

**સોરઠા :** અખાના 350 જેટલા મુદ્રિત 'સોરઠા' મળે છે. આ સોરઠા મુક્તક શૈલીએ રચાયા છે. ક્યાંક સળંગ વિચાર કે વર્ણનના ખંડો જોવા મળે છે.

બ્રહ્મનું સ્વરૂપ, માયાનું કાર્ય, જીવદશાની ભ્રમણા, અન્ય સાધનોથી જ્ઞાનની શ્રેષ્ઠતા વગેરે વિષયો આ સોરઠામાં નિરૂપાયા છે. અહીં અપરોક્ષ રહેલા પરમેશ્વરને ન ઓળખતા જીવની મનોદશા સમજાવતાં, પ્રીતમનો હાથ પોતાના કંઠે હોય છતાં એનો આનંદ ન સમજતી, બાળકબુદ્ધિથી બહાર ફર્યા કરતી અબુધ અજ્ઞાન સ્ત્રી જેવાં કેટલાંક સુંદર ચિત્રો આલેખાયાં છે. વળી પ્રત્યેક ચરણમાં નિરપવાદ રીતે વર્ણસગાઈયુક્ત પદવિન્યાસ છે. લાઘવથી વસ્તુને રજૂ કરવાની કવિની કથનરીતિ પણ અહીં વિશેષ નોંધપાત્ર છે.

**સાખીઓ :** અખાની સાખીઓ હિંદી તેમ જ ગુજરાતી બંને ભાષામાં રચાયેલી જોવા મળે છે. તેમની 1700 ઉપરાંત સાખીઓ મુદ્રિત મળે છે. આ 1700માંથી 200 ઉપરાંત સાખીઓ ગુજરાતી ભાષામાં છે. આ સાખીઓ 100થી પણ વધારે અંગોમાં વહેંચાયેલી છે. આ અંગવિભાજન શિથિલ છે. 'છપ્પા'ની જેમ અંગોનાં નામ-ગુરુઅંગ, સૂઝ અંગ-આપ્યાં છે. હજુ કેટલીક સાખીઓ અપ્રસિદ્ધ હોવાનું જણાય છે.

દૃષ્ટાંતોની ભરમાર છપ્પા કરતાં અહીં વિશેષ છે. સામાન્ય લસરકાથી એક આખું શબ્દચિત્ર તૈયાર થયેલું હોય એવાં અનેક શબ્દચિત્રો આ સાખીઓમાં છે. આ ચિત્રોથી વિષયવસ્તુ વધુ સરળ અને સ્પષ્ટ બને છે.

વિષય તરીકે સમકાલીન જીવનવ્યવહારની વિગતો આ કૃતિસમૂહમાં વિશેષ છે. બાકીના વિષયો તે છપ્પામાંના વિચારોનું પુનરાવર્તન છે.

સાખીઓ અખાને કબીરાદિ સંતોની **પ્રણાલિકામાં મૂકી** આપે છે.

**હિન્દી રચનાઓ :** પદો અને સાખીઓ ગુજરાતી ઉપરાંત હિંદીમાં રચાયેલ છે તે ઉપરાંત 'બ્રહ્મલીલા', 'સંતપ્રિયા', 'અમૃતકલારમેણી', 'એકલક્ષરમણી', 'જકડી', 'ઝૂલણા' અને 'કુંડળિયા' એ અખાની સાધુક્કડી હિંદી ભાષામાં થયેલી રચનાઓ છે.

કુંડળિયા, ઝૂલણા અને જકડી એ કવિની અત્યંત પ્રકીર્ણ રચનાઓ છે.

25 કુંડળિયા મુદ્રિત મળે છે. તેમાં 13થી 17 એ પાંચની ભાષા ગુજરાતી છે. આ કૃતિમાં કાવ્યતત્ત્વની સાથે ઉપદેશનું તત્ત્વ વિશેષ છે.

ઝૂલણા એ મુક્તકસ્વરૂપની છતાં વિચારસાતત્ય ધરાવતી સળંગસૂત્ર 109 કડીની મુદ્રિત રચના છે. આ રચનામાં ફારસી-અરબી-ઉર્દૂ શબ્દોની ભરમાર છે.

39 જકડીઓ મુદ્રિત મળે છે, તેમાં પાંચ કડીનું નિશ્ચિત બંધારણ હોવાનું દેખાય છે.

ઝૂલણા અને જકડીઓમાં સૂફી સાધનાધારાનો પ્રભાવ વરતાય છે.

'બ્રહ્મલીલા' આઠ વિભાગ ધરાવે છે. દરેક વિભાગના આરંભે એક ચોખરા પછી પાંચ છંદની કડી છે. એમાં બ્રહ્મજ્ઞાનનો વિષય લાઘવથી રજૂ થયેલો છે.

'અમૃતકલારમેણી' અને 'એકલક્ષરમણી' બંને 27 કડીની રચનાઓ છે. આત્મવિચારના નિરૂપણને કારણે આ કૃતિઓ આ નામથી ઓળખાઈ જણાય છે.

આ બધી રચનાઓની સરખામણીમાં 'સંતપ્રિયા' એ પ્રમાણમાં મોટી, કવિત, દોહરા અને સવૈયામાં રચાયેલી સૌથી વધુ નોંધપાત્ર રચના છે. અધ્યાત્મવિષયક આ ગ્રંથ 105 કડીના સર્વાંગી-પ્રકરણ અને 31 કડીના અન્વય વ્યતિરેક-પ્રકરણ એમ બે પ્રકરણમાં વહેંચાયેલો મળે છે.

## 2.3 અખાનો કવનવિષય-તત્ત્વવિચાર

કવિની આગળ નિર્દેશી તે બધી જ કૃતિઓનો મુખ્યરસ છે બ્રહ્મરસ. બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ બ્રહ્મ જ છે, તેનાથી જુદો નથી. આ એક જ વાક્યમાં શાંકરમતના કેવલાદ્વૈત વેદાન્તસિદ્ધાંતનો સંદેશ છે. આ સંદેશ અખાની કવિતા પ્રવૃત્તિનું લક્ષ્ય છે. અને કવિતા તેને મન તે માટેનું એક સાધન હોય એવી છાપ તેની બધી કૃતિઓ પાડે છે.

પિંડ-બ્રહ્માંડ વિવેક, જીવ-જગત અને ઈશ્વરનું સ્વરૂપ, આ ત્રણેની બ્રહ્મરૂપે એકતા, જગતને સાચું દેખાડતી અને જીવોના ગળામાં વાસનાદોરી નાખી નચાવતી માયાનું સ્વરૂપ, માયાના નાશનો ઉપાય, આત્મસાક્ષાત્કારનાં સાચાં સાધન, અન્ય સાધનામતો અને તેનું ખંડન, **જીવન્મુક્તનાં** લક્ષણો, ગુરુનો મહિમા, બ્રહ્મની એકતાના અનુભવનો આનંદ ઉછાળ—આ બધું વિવિધ રીતે કવિની કૃતિઓના વિષયરૂપે આવ્યું છે.

**અખાની કવિતા :** અખો પોતાને 'કવિ' ગણાવવા માગતો નથી. 'જ્ઞાની' હોવું એની દૃષ્ટિએ ઊંચી વસ્તુ છે. કવિતાને એક સાધન તરીકે તે ઉપયોગમાં લે છે. પરંતુ 'અમો જગણ મગણ નથી જાણતા' એમ કહેનાર અખો ચોપાઈ, દુહા, ઝૂલણા, સવૈયા, કવિત અને અનેક દેશી બંધો તથા છપ્પા, કડવાં, પદ, સાખી, કુંડળિયા, ચોખરા, જકડી આદિ કાવ્યબંધો જે રીતે પ્રયોજે છે એમાં સમકાલીન કાવ્યરીતિનો એ પૂરેપૂરો જાણકાર છે એમ સ્પષ્ટ જણાય છે.

વળી, તત્ત્વવિચારને કવિતાની કોટિએ પહોંચાડતા ત્રણ મોટા કવિગુણો અખામાં છે : (1) અવારનવાર ગૂંથાતી હાસ્ય, કટાક્ષ, રોષ, આર્દ્રતા, આરત, વિસ્મય, પ્રસન્નતાની ભાવરેખાઓ. (2) "વિશ્વના પદાર્થો જાણે એની વિચારણા માટે જ સર્જાયા હોય" (વિ. ર. ત્રિવેદી) એવી અનુરૂપતા અને વિવિધતાથી ભર્યું, ઘણી વાર ગતિશીલ ચિત્રાત્મકતાવાળું ઉપમા-આયોજન, અને (3) કવચિત કઠિન ને રૂક્ષ લાગતા છતાં મર્મવેધક બનતા શબ્દપ્રયોગો, ઊંડી સૂઝથી ઉપયોગમાં લેવાયેલાં રૂઢિપ્રયોગો-કહેવતો તથા સચોટ સૂત્રાત્મક ઉક્તિઓથી બલિષ્ઠ પ્રતીત થતી કાવ્યબાની.

**અખાની દૃષ્ટાંતકલા/ઉપમાકવિ અખો :** અખાની એક જ્ઞાની અને કવિ તરીકેની વિશેષતા એ છે કે તેણે વિચારને શુષ્ક-કોરા વિચાર તરીકે કદી રજૂ કર્યો નથી. ઉત્કટ ઉપમા-દૃષ્ટાંત-વ્યાપારથી વિચારને અસાધારણ મૂર્તતા આપી છે અને એક રસમય કાવ્યસૃષ્ટિનું નિર્માણ કર્યું છે. આથી જ ઉમાશંકર જોશી અખાને 'ઉપમા કવિ' તરીકે ઓળખાવે છે.

ઉપમા રૂપક દૃષ્ટાંતની અખામાં આતશબાજી છે. એકથી અધિક બીજી એમ અનોખી ઉપમાઓ એ યોજ્યે જાય છે. એક જ ઉપમા અજવાળી દે એવી હોય ત્યાં એ બીજી, ત્રીજી આપતાં સંકોચાતો નથી. કથા સાંભળવા નીકળ્યાં છે એ કેવાં લાગે છે ? 'આંધળો સસરો ને સરંગટ વહુ' જેવા. કથા-ગટગટ પીધી. એનું પરિણામ ? 'આંખનું કાજળ ગાલે ઘસ્યું.' ઘેર પાછાં વળ્યાં. કંઈ પામ્યાં ખરાં કે ? અરે, 'ઊંડો કૂવો ને ફાટી બોક' - એવો ખેલ થયો ! જુઓ ઉપમાની કેવી સાંકળ ચાલે છે.

અખાની દૃષ્ટાંતકલાનું પહેલું લક્ષણ છે એની પ્રચુરતા. કોઈપણ કૃતિ તપાસો. કૃતિની લગભગ ત્રીજા-ચોથા ભાગની કડીઓ દૃષ્ટાંતોમાં રોકાયેલી હોય છે. જોકે, આ પ્રચુરતાને કારણે વેદાંત, બ્રહ્મ જેવો શુષ્ક વિષય રસમય બનીને આવે છે. સાથે સાથે કવિનું એ વિષય વિશેનું જે વક્તવ્ય છે તે તંતોતંત પ્રગટ થાય છે.

આ દૃષ્ટાંતકલાનું બીજું મહત્ત્વનું લક્ષણ તે એમાં રજૂ થયેલું વિશાળ અનુભવજગત. જગતનાં વિવિધ ક્ષેત્રોનાં અનેક પદાર્થો, ઘટનાઓ અને વ્યવહારો અહીં દૃષ્ટાંત તરીકે વપરાયાં છે. જેમ કે, પ્રાકૃતિક ઘટનાઓ (સૂર્ય, કિરણ, તાપ, વીજળી, વાદળ વગેરે), પદાર્થો (વૃક્ષ, કમળ, ફળ, બીજ, રેતી, સોનું, પાણી, કાચ, રંગ વગેરે), પ્રાણીસૃષ્ટિ, વૈદકને લગતા પદાર્થો, ખેલો અને ક્રીડાઓ, સાંસારિક સંબંધો (પિતા, પુત્ર, વહુ, સસરો, પત્ની વગેરે), લોકન્યાય (સ્વાતિબિંદુ છીપમાં પડે તો મોતી થાય, હાથીએ ગળેલું કોઠું બહારથી અખંડ રહે (ગજકપિત્થન્યાય) વગેરે) કહેવતરૂપ દૃષ્ટાંતો (એક હાથે તાળી ન પડવી વગેરે) પૌરાણિક પ્રસંગો.

અખાનાં દૃષ્ટાંતોમાં અનુભવની વિશાળતાની સાથે સૂક્ષ્મતા પણ છે. તે એકને એક પદાર્થને એનાં વિવિધ ગુણલક્ષણોને ધ્યાનમાં લઈ જુદાજુદા સંદર્ભમાં વાપરે છે. એકમાત્ર દીવાનું દૃષ્ટાંત કવિએ તેમની 'ચિત્તવિચારસંવાદ' નામની કૃતિમાં જુદાજુદા સંદર્ભમાં છ વખત વાપર્યું છે.

અખાની કલ્પનાપ્રવણતા એણે દૃષ્ટાંતોમાં જે સવિશેષ ચિત્રાત્મકતા આરોપી છે એમાં છે. અખાએ દૃષ્ટાંતોને ક્રિયાત્મક રૂપે જોયાં છે જેમ કે, 'પાણી પીતું વૃક્ષ', 'દૂધમાં મેળવણ પડતાં બનતું ઘી', 'પોતાના પ્રકાશને ન જોતો દીવો', 'તેજ પાથરતો અને તૃણને સળગાવતો દીવો' વગેરે.

દૃષ્ટાંતોમાં ક્રિયાત્મકતાની સાથે વિગતસભર અને વિસ્તૃત ચિત્રાત્મકતા ઘણી જગ્યાએ સાંપડે છે. 8થી 10 કડી સુધી દૃષ્ટાંત ચિત્રાત્મક રીતે ચાલતું હોય એવાં દૃષ્ટાંત મળે છે. જેમ કે અખાના 'ચિત્ત વિચાર સંવાદ' કૃતિમાં પર્વત પરની વૃષ્ટિનું દૃષ્ટાંત આઠ કડીઓ (146-153) સુધી વિસ્તરે છે. ઈશ્વરનિષ્ઠ વૃત્તિને સમજાવવા અખાએ પિતામાં પરમ વિશ્વાસ સાથે જીવતા બાળકનું દૃષ્ટાંત આપ્યું છે. આ દૃષ્ટાંત એક લીટીમાં આપી શકાય પરંતુ અખાએ પ્રસંગસંદર્ભો સાથે આ ચિત્રને વિસ્તારથી વર્ણવ્યું છે : 'બાળક પિતાના ખભા પર ચઢીને જાય છે તેને રસ્તો છે કે રસ્તો નથી એમ પૂછવું પડતું નથી, તે થાકતો નથી, તેને નકામો શ્રમ થતો નથી, પિતા તેના પાલનપોષણની ગોઠવણ કરે છે, તે જાગે અથવા ઊંઘી જાય પણ ઘેરનો ઘેર જ રહે છે, દેશ અને કાળનું ભાન એને હોતું નથી, પિતા જેમ વર્તે તેમ જ તે વર્તે છે, તે પિતા પર્વત પર ચઢે કે પાતાળમાં જાય પણ બાળક સહેજ પણ શ્રમ પામતું નથી.'

અખાનાં દૃષ્ટાંતો રૂઢ, એકવિધ ઉપમા-દૃષ્ટાંતશૈલીમાં ચાલતાં નથી, એમાં વિવિધ પ્રકારની રચનાઓ જોવા મળે છે. એના રૂપકોમાં એકથી વધારે ઘટકો હોય છે.

દૃષ્ટાંતચિત્રો આપવામા અખો કવિ આવેશથી ચાલે છે. તેથી કોઈ ચુસ્ત, કૃત્રિમ વ્યવસ્થાને તે અનુસરતો નથી. વળી, સુસંગતિની પણ પરવાહ કરતો નથી. ક્યાંક ઉપમેયના ધર્મો ઉપમાનમાં નાખી દેવામાં એને કશું ખોટું લાગતું નથી. પરંતુ અખાના દૃષ્ટાંતનિરૂપણમાં આવી જે થોડીક અવ્યવસ્થા કે અસંગતિ દેખાય છે તે તેની નિર્બળતાની સૂચક નથી. વસ્તુતઃ એની ઊભરાતી સર્જકતા આવા દોષ કરી નાખે છે એમ જણાય છે. કવિના દૃષ્ટાંતનિરૂપણનો વેગ અને જોશ આપણને અભિભૂત કરે એવો હોય છે. જુઓ :

**'ઉન્મત્ત મનને યોગ સાધવો, જે કર્મઓઘ કરે નહિ નવો,**
**જ્યમ છૂટી ધેનુ મારતી ફરે, તેને અંધારે બાંધ્યે ટેવ નીસરે,**
**અખા તે જાણી કર્યો ઉપાય, ત્યાં સિદ્ધિરૂપી લાગી બગાઈ.'**

આ રીતે અખાનું દૃષ્ટાંતનિરૂપણ એના વૈવિધ્ય, વિશાળતા, ચિત્રાત્મકતા અવનવી રચનારીતિ તથા વેગ અને જોશને કારણે અનન્યસરખું ભાસે છે.

## 2.4 ભાષાભિવ્યક્તિ અને છંદો

અખાના કવિત્વનો એક બીજો મહત્ત્વનો ઉન્મેષ તે તેની ભાષાભિવ્યક્તિ છે. અખાની ભાષામાં માર્મિકતા, સચોટતા અને બલિષ્ઠતા છે. 'ભાષાને વળગે શું ભૂર, રણમાં જે જીતે તે શૂર' આમ કહેનાર અખાએ સાચે જ ભાષા દ્વારા એક અદ્‌ભુત સૃષ્ટિ ખડી કરી છે. અર્થનો ગોટાળો અખાને પાલવે તેમ નથી. કોઈ ભાષા ઊંચી નથી કે નીચી નથી. જે ભાષાથી વિચાર પૂરેપૂરો ને અસરકારક રીતે સ્ફૂટ થઈ શકે એ ભાષા સારી કે મહત્ત્વની એમ તે માને છે. કોઈ ભાષા ઊંચી નથી કે કોઈ ભાષા નીચી નથી.

ભાષા અખા આગળ નાચે છે (ઉમાશંકર જોશી). ભાષાભિવ્યક્તિને કારણે જ ચિત્તમાં અંકાઈ જાય એવાં ઘણાં સ્થાનો કવિની કૃતિઓમાંથી મળે છે. જેમ કે,

**'ભાઈ ભક્તિરૂપી પંખિણી,**
**જેને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે,**
**ચિદાકાશ માંહે તે જ ઊડે,**
**જેને સદ્‌ગુરુ રૂપી આંખ છે'**
**'અભિનવો આનંદ આજ, અગોચર ગોચર હવું'**
**'એક મૂરખને એવી ટેવ પત્થર એટલા પૂજે દેવ.'**

અખાની ભાષાભિવ્યક્તિનું પહેલું ધ્યાન ખેંચે તેવું લક્ષણ વિશાળ શબ્દભંડોળ છે. તેના શબ્દભંડોળમાં અલ્પપરિચિત શબ્દોથી માંડીને લોકરૂઢ તળપદા શબ્દો સુધીની વિશાળ દુનિયાનું આપણને દર્શન થાય છે. સંસ્કૃત શબ્દો, વેદાંતની પરિભાષાના શબ્દો, મધ્યકાળના વિશિષ્ટ કહેવાય એવા તદ્‌ભવ અને તળપદા શબ્દોનો તો અખો એક ખજાનો છે.

અખામાં **શબ્દૌઘની** શૈલી દેખાય છે. શબ્દૌઘની જેમ **વાક્યૌઘનો** પણ અખો ઉપયોગ કરે છે. એટલે કે સમાન પ્રકારનાં વાક્યો એક પછી એક જોશબંધ આવે છે. આ દ્વારા સર્જાતી વાક્છટા સવિશેષ આકર્ષક બને છે. જેમ કે, "ફાટું આચરે ફાટું બકે,' 'જ્યાં જોઈએ ત્યાં કૂડેકૂડ, સામે સામા બેડાઘૂડ.' 'છીંડું ખોળતાં લાધી પોળ, હવે કર અખા ઝાકમઝોળ,' 'દેહાભિમાન હતું પાશેર, વિદ્યા મળતાં વાધ્યું શેર, ચર્ચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો' વગેરે.

અખાની વાણીમાં બોલચાલની છટા છે. પંક્તિઓનાં આરંભ, મધ્ય કે અંતમાં બોલચાલની છટાના કેટલાક શબ્દો ઉમેરાય છે એને કારણે એની સામે કોઈ વ્યક્તિ સાક્ષાત્ બેઠી હોય એવું અનુભવાય છે. જેમ કે, '(ભાઈ) ભક્તિરૂપી પંખિણી,' 'શબરી સંસ્કૃત શું ભણી હતી, (ભાઈ,) કયા વેદ વાંચ્યા કરમાબાઈ ?'

એક સાચો અનુભવી પોતાના અનુભવની વાત આપણને સ્નેહપૂર્વક કહી રહ્યો હોય એવી અનુભૂતિ વારંવાર અખાની ભાષા કરાવે છે. અખાએ યોજેલી વિવિધ ભાષાપ્રયુક્તિને કારણે વેદાંત જેવો શુષ્ક ગણાતો વિષય રસપ્રદ બની રહે છે.

**છંદ :** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત-છપ્પા, કવિત, ચોપાઈ, કુંડળિયા, સવૈયા, સોરઠા - પદબંધના વિવિધ પ્રકારોમાંથી ઘણાખરાનો અખાએ ઉપયોગ કર્યો છે. 'અખેગીતા'માં કડવા પદ્ધતિમાં થયેલી પ્રબંધરચના છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કડવા પદ્ધતિથી થતી પ્રબંધ રચનામાં વચ્ચે વચ્ચે પદો મૂકવાની પદ્ધતિ હતી. અખાએ પણ વચ્ચે વચ્ચે પદો મૂક્યાં છે.

અખાએ દેશી અને પદોના આપણા તળપદા પદબંધો સિવાય બીજા કેટલાક છંદો પણ વાપર્યા છે. પણ ખાસ નોંધપાત્ર તો એ છે કે કવિએ મુખ્યત્વે માત્રામેળવૃત્તોમાં જ કવિતા કરી છે. જોકે, એનો અર્થ

એ નથી કે અક્ષરમેળવૃત્તોમાં કવિને ફાવટ નથી. પરંતુ એ સમયે એનો ઉપયોગ બહુ અલ્પ થતો. અખાની ફાવટ મુખ્યત્વે ચોપાઈમાં વધુ દેખાય છે. 'છપ્પા', 'અનુભવબિંદુ', 'ચિત્તવિચારસંવાદ' વગેરે કૃતિઓમાં ચોપાઈ છે.

## 2.5 હસતો કવિ

ઉમાશંકર જોશીએ અખાને 'હસતો કવિ' કહ્યો છે. અખાનું હાસ્ય માત્ર સ્મિત નથી પણ ખડખડાટ હાસ્ય છે. અખાએ સચોટ વાણીમાં હાસ્યજનક ચિત્રો સર્જ્યાં છે. કોઈ વાર અખો અટ્ટહાસ્ય કરે છે, તો કોઈ વાર ટાઢો ટમકો મૂકીને ખસી જાય છે. એક વખત તે મીઠાના ખારમાં પાયેલો કરડો કોરડો લઈને વીંઝતો અનુભવાય છે તો બીજી વખત આપણને હસવાની ફરજ પાડતો ટીખળી જેવો લાગે છે.

અખાએ સમગ્ર સામાજિક સંસ્થાઓના દંભો, માણસની ઈશ્વર મેળવવા માટે બાહ્યાચારોમાં આથડતી શ્રદ્ધા વગેરે પર ધારદાર પ્રહાર કર્યા છે. આવી જગ્યાઓએ કટાક્ષ રૂપે જ હાસ્ય મળે છે. જેમ કે, 'તિલક કરતાં ત્રેપન થયાં', 'એક મૂરખને એવી ટેવ', 'ઊંચમાં રામ બમણો નથી ભર્યો', 'શબરી શું સંસ્કૃત ભણી હતી, ભાઈ ?' વગેરે.

ખાસ કરીને છપ્પાનાં 'ફૂટકળ અંગ'માં કથાકીર્તન, તીર્થાટન, શાસ્ત્રપાંડિત્ય, ગુરુપ્રાપ્તિ, સાંપ્રદાયિક સંકુચિતતા પર તીખા કટાક્ષો મળે છે. એક પંક્તિ જોઈએ જેમાં કવિ કેવો વેધક કોરડો વીંઝે છે :

> **"સજીવાએ નજીવાને ઘડ્યો ને સજીવો કહે છે કે 'મને કાંક દે !**
> **આ અખો ભગત એમ પૂછે છે કે તારી એક ફૂટી છે કે બે ?"**

બળવંતરાય ઠાકોરે અખાના કટાક્ષને 'ત્રીજા નેત્રની પ્રસાદી' તરીકે ઓળખાવ્યો છે એ બહુ સાચું છે. પરંતુ કોઈ વાર કવિનો આ પયગંબરી **પુણ્યપ્રકોપ** ગાળાગાળીનું પણ રૂપ ધારણ કરે છે : 'ખાઈ પીને થયા ખૂંટડા', 'જેના શિષ્ય ગર્દભ ને ગુરુ કુંભાર' વગેરે.

અખાનું હાસ્ય ક્યારેક વાત્સલ્યનો અનુભવ કરાવે છે જેમ કે, 'છીંડું ખોળતાં લાધી પોળ', 'તે નોહે ખૂણે ખાંચરે આ પ્રત્યક્ષ મુખોમુખ વાતો કરે', 'જ્ઞાનઘટા ચઢ આઈ.' બ્રહ્મની અનુભૂતિનો આનંદ નિર્મળ હાસ્યનો અનુભવ કરાવે છે.

## 2.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) :* અનંતરાય રાવળ, 1976
2. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ – 2 :* ઉમાશંકર જોશી અને અન્ય, 1976
3. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (મધ્યકાલીન અને સુધારક યુગ) :* રમેશ એમ. ત્રિવેદી,1992
4. *ગુજરાતી સાહિત્ય કોશ– 1 (મધ્યકાળ) :* જયંત કોઠારી અને અન્ય,1989
5. *અખો એક અધ્યયન :* ઉમાશંકર જોશી, 1973
6. *અખો એક સ્વાધ્યાય :* રમણલાલ પાઠક, 1961
7. *અખાકૃત કાવ્યો* – 1 : સં. નર્મદાશંકર દે. મહેતા, 1931
8. *અખાની વાણી :* પ્રકા. ઑરિયન્ટલ પ્રેસ, 1884
9. *અખાની વાણી :* પ્રકા. સસ્તું સા. વર્ધક કાર્યાલય, 1914
10. *ચિત્તવિચારસંવાદ* : સંપા. કીર્તિદા જોશી


## 2.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જ્ઞાનમાર્ગી** – જ્ઞાન દ્વારા મોક્ષ મેળવવાનો રસ્તો.
**આથડ્યા** – ભટક્યા.
**વર્ણમાલા** – કક્કાના બાવન અક્ષર
**સંતતિ** – સંતાન
**લોકસમય** –
**જનશ્રુતિ** – અફવા
**લહિયા** – પ્રત લખનારા, લખવાનું કામ કરનારા
**અણલિંગી** –
**ચિન્મય** – જ્ઞાનમય, બ્રહ્મમય

**મિથ્યાત્વ** – મિથ્યાપણું
**નિમિત્તમાત્ર** – કારણમાત્ર
**લાકડું જેમ કૃષ્ણાગુરુ**
**થઈ જાય** - (રૂઢિપ્રયોગ) લાકડું જેમ અગ્નિમાં સળગી જાય તેમ.
**જીવન્મુક્ત** - છતે દેહે માયાના બંધનથી મુક્ત.
**પરિણત પ્રજ્ઞા** - (જ્ઞાનથી) પરિપક્વ-પુખ્ત બનેલી બુદ્ધિ
**પાખંડી** - ઢોંગી
**આરત** - ઉત્કટ ઇચ્છા
**વિલક્ષણતા** - અદ્ભુત, અસાધારણ
**પયગમ્બરી આવેશ** - માણસને માટે ઈશ્વરનો સંદેશો લઈ આવનાર (પ્રભુના દૂત) જેવી સ્થિતિ
**જીવન્મુક્ત** - છતે દેહે માયાનાં બંધનોમાંથી મુક્ત
**આર્દ્રતા** - મૃદુ, માયાળુ, લાગણીશીલ
**શબ્દૌઘ** - શબ્દોનો સતત વહેતો પ્રવાહ
**વાક્યૌઘ** - વાક્યોનો સતત વહેતો પ્રવાહ
**પુણ્યપ્રકોપ** – (પાપ કે અન્યાય સામે) ધર્મબુદ્ધિને કારણે ઊપજેલો ક્રોધ

**'તમારી પ્રગતિ ચકાસો' - 2**

1. અખાના જીવનનો સંક્ષેપમાં પરિચય આપો.
2. અખાની મુખ્ય તેમ જ પ્રકીર્ણ બધી કૃતિઓનાં નામ આપો.
3. અખાની કૃતિઓનો મુખ્ય વિષય કયો છે ? આ વિષયને ભાવક સુધી પહોંચાડવામાં કવિને કેટલી સફળતા મળી છે ?
4. 'અખેગીતા' અને 'ચિત્તવિચારસંવાદ'નો ટૂંકમાં પરિચય આપો.
5. 'છપ્પા' અને 'અનુભવબિંદુ'નો ટૂંકમાં પરિચય આપો.
6. અખાના તત્ત્વવિચાર વિશે નોંધ લખો.
7. અખાની દૃષ્ટાંતકલા વિશે નોંધ લખો.
8. અખાને તમે કવિ કહેશો ? શા માટે ?
9. અખાની કવિતામાં તમને અસરકારક લાગી હોય તેવી વસ્તુની ચર્ચા કરો.
10. અખાની ભાષાશક્તિ વિશે નોંધ લખો.
11. અખાની કવિતા મુખ્યત્વે માત્રામેળ છંદોમાં જ છે. કારણ આપો.

# એકમ 3

**રૂપરેખા**

3.0 પ્રસ્તાવના

3.1 પૂર્વભૂમિકા

3.2 અખાના અનુગામી કવિઓ અને તેમની કવિતા તથા પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓ

3.3 સારાંશ

3.4 કેટલાંક ઉપયોગી પુસ્તકો

3.5 ચાવીરૂપ શબ્દો

## 3.0 પ્રસ્તાવના

બીજા એકમમાં તમે જ્ઞાનમાર્ગી કવિતાધારાના મુખ્ય સર્જક કવિ અખાના જીવન અને કવનનો પરિચય કર્યો. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કવિ અખા પછી જ્ઞાનમાર્ગી કવિતાધારામાં કવિ અખા જેવો બીજો સર્જક પાક્યો નથી એમ નિશ્ચિતપણે કહી શકાય. જોકે, આ કવિતાધારાનું વહેણ ધીમું પણ ચાલતું રહ્યું છે. સાવ સુકાયું નથી. કેટલાક ખાસ નોંધ લેવી પડે એવા કવિઓ પણ થયા છે.

## 3.1 પૂર્વભૂમિકા

આ એકમમાં સૌ પ્રથમ જ્ઞાનમાર્ગી કવિતાધારામાં કવિ અખાના જ સમય દરમ્યાન થયેલા એટલે કે અખાના સમકાલીન જે કવિઓ છે - નરહરિ, ગોપાળ, બૂટિયો, ભાણદાસ - એ બધાનાં જીવન અને કવનનો પરિચય કરશો. પછી આ કવિતાધારા પોતાના સર્જનથી વધુ ચેતનવંતી બનાવનારા બીજા પાંચ જ્ઞાનાશ્રયી કવિઓ - પ્રીતમ, નિરાંત, ધીરો, બાપુસાહેબ ગાયકવાડ અને ભોજો - નાં જીવન અને કવનનો પરિચય મેળવશો.

## 3.2 અખાના અનુગામી કવિઓ અને તેમની કવિતા તથા પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓ

**(ક) અખાના સમકાલીનો**

અખાના સમકાલીન કવિઓ છે : નરહરિ, ગોપાળ, બૂટાજી/બૂટિયો, ભાણદાસ અને શિવદાસ.

**નરહરિ (દાસ) :** (ઈ.સ. 17મી સદી) તેઓ જ્ઞાનમાર્ગી કવિ હતા.

**અનુશ્રુતિ** મુજબ તેઓ જ્ઞાતિએ કણબી હતા. તેમણે પોતાને વડોદરાના વાસી પણ કહ્યા છે પરંતુ મૂળ તે બાવળા કે દહેગામના હોવાનું નોંધાયું છે, જેનો આધાર સ્પષ્ટ મળતો નથી. એક લોકપ્રચલિત દુહામાં -

**'અખે કીધો ડખો, ગોપાલે કીધી ઘેંશ,**
**નરહરિએ કીધી રાબડી, બૂટો કહે શિરાવા બેશ'**

નરહરિ, ગોપાલ, બૂટો આ ત્રણેનો ઉલ્લેખ અખા ભગત સાથે જ્ઞાનમાર્ગી કવિતાધારાના કવિ તરીકે થાય છે, પરંતુ નરહરિની કૃતિઓ ઈ. 1616થી ઈ. 1653 સુધીનાં રચનાવર્ષો બતાવે છે તેથી એ અખાના નજીકના પુરોગામી કવિ ઠરે છે.

નરહરિની કૃતિઓમાં અખાના જેવું દુરાચાર અને મિથ્યાચારને ભાંડવાનું આકરાપણું નથી. તેમના તત્ત્વ વિચારમાં અંતમાં અપરોક્ષાનુભૂતિનું મહત્ત્વ છે. કર્મ, ઉપાસના, કાયાક્લેશ જેવાં બાહ્ય સાધનોને નરહરિએ આવશ્યક ગણ્યાં નથી. વૈષ્ણવી સગુણ ભક્તિનો એ આદર કરે છે એ જોતાં સગુણથી નિર્ગુણ તરફ એમનો વિકાસ થયો હોય એમ લાગે છે.

360 કડીની ચોપાઈ બદ્ધ 'હરિલીલામૃત'માં નરહરિએ સગુણ-નિર્ગુણની મિશ્રભૂમિકા વ્યક્ત કરી છે. એમાં કવિએ દશાવતારનું વર્ણન કર્યું છે ને નવધા ભક્તિ કરનારા ભક્તોનાં દૃષ્ટાંત આપીને ભજનાનંદનો મહિમા કર્યો છે.

7 કડવાંના 'ગોપી ઉદ્ધવસંવાદ'માં ગોપીઓના પ્રેમલક્ષણા ભક્તિના ભાવોની અભિવ્યક્તિ હૃદયંગમ રીતે કરી છે અને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવા આવેલા ઉદ્ધવને એનાથી પ્રભાવિત થઈ જતાં બતાવાયા છે.

315 કડીની 'ભક્તિમંજરી'માં કવિ નિર્ગુણ, નિરાકાર વિશ્વવ્યાપક મહારાજને કૃષ્ણ અને રામ તરીકે ઓળખાવી રામભક્તિનો મહિમા ગાય છે ને એમ નિર્ગુણ- સગુણની એકતા દર્શાવે છે.

'પ્રબોધમંજરી' કવિની ચોપાઈમાં રચાયેલી કૃતિ છે. 130 કડીની આ કૃતિમાં કવિએ આત્મવિદ્યાનો બોધ

કર્યો છે. 17 કડવાં અને 342 કડીની 'જ્ઞાનગીતા' (ર.ઈ.સ. 1616 સં. 1672 કારતક સુદ, 1)માં વેદાંતી વિચારધારાના બધા જ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. કૃતિમાં વિષયવસ્તુની રજૂઆતમાં પ્રચૂર દૃષ્ટાંતો અને અવળવાણીનો વિનિયોગ થયો છે. 501 કડીની 'હસ્તામલક' (ર.ઈ.સ. 1653/સં. 1709 ચૈત્રસુદ 11)માં ઉમામહેશ્વર વચ્ચેનો સંવાદ ચોપાઈમાં રજૂ થયો છે. તેમાં બ્રહ્મવિદ્યાનું નિરૂપણ થયું છે. 10 પ્રકરણમાં વહેંચાયેલી 'વસિષ્ઠસારગીતા' (ર.ઈ.સ.1618/સં.1674, મહા સુદ 10) 'લઘુયોગવાસિષ્ઠ'ના અનુવાદરૂપ કૃતિ છે. તે ઉપરાંત અનુવાદરૂપ 'ભગવદ્ગીતા' (ર.ઈ.સ.1621) પણ રચેલી છે. 'ભગવદ્ગીતા'નું માત્ર ભાષાંતર જ નહીં પણ જરૂર જણાઈ ત્યાં કવિએ દૃષ્ટાંતો યોજ્યાં છે. આમ, મૂળ કૃતિના 700 શ્લોકોનો તેમણે 1156 કડીમાં વિસ્તાર કર્યો છે.

આ ઉપરાંત કવિની લઘુ કૃતિઓમાં 36 કડીનો 'કક્કો', 25 કડીની 'આનંદરાસ' તથા 13 કડીની 'સંતના લક્ષણ' એ કૃતિઓ પણ મળે છે.

**ગોપાળ (ઈ.સ. 1649માં હયાત) :** તેઓ જ્ઞાનમાર્ગી કવિ હતા. તેમની અવટંક અડાલજા મળે છે. પિતાનું નામ ખીમજી નારણદાસ. જ્ઞાતિએ તેઓ મોઢ વણિક હતા. તેમના ગુરુનું નામ સોમરાજ હતું. કવિની 'ગોપાળગીતા/જ્ઞાનપ્રકાશ' (ર.ઈ.સ. 1649) ગુરુશિષ્યસંવાદરૂપે રચાયેલી છે. તેમાં શાંકરવેદાંત અનુસાર જગતની ઉત્પત્તિ, એનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ, બ્રહ્મ વગેરેને કવિએ દૃષ્ટાંતોની મદદથી સમજાવ્યું છે. તેમની 18 'સાખી' નામક રચનાઓ મળે છે તેમાં અજ્ઞાનીઓ પર હળવા ઉપાલંભ કરી સરળ ભાષામાં દૃષ્ટાંતોથી જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

રૂપકોનો આશ્રય લેતી 'બુદ્ધિવહુને શિખામણ' તથા સત્સંગ મહિમા, જ્ઞાનવૈરાગ્ય બોધ, કૃષ્ણભક્તિ વગેરે વિશેનાં પદોની રચના પણ કવિએ કરી છે. 'માળાનો મરમ' એવા શીર્ષકથી રચાયેલા એક પદમાં કવિએ પોતાના ગુરુ સોમરાજનો ઉલ્લેખ કર્યો છે.

**બૂટાજી/બૂટિયો (ઈ.સ. 17મી સદી) :** જ્ઞાનમાર્ગના વેદાંતી ભક્તકવિ. કવિ બ્રહ્માનંદના શિષ્ય અને અખાના ગુરુભાઈ હોવાની માન્યતા પણ પ્રચલિત છે. કવિ જાતે સાધુ હતા. તેમનાં 12 પદ મળે છે. આ પદોનો વિષય કવિની અદ્વૈતવેદાંતનિષ્ઠા તથા આધ્યાત્મિક અનુભવ છે. તેમાં હિન્દીની છાંટવાળી ભાષા જોવા મળે છે. કવિની શૈલી સ્વાભાવિક અને વેગવાળી છે.

**ભાણદાસ (ઈ.સ. 17મી સદી મધ્યમ ભાગ) :** જ્ઞાનમાર્ગના વૈષ્ણવ કવિ. તેમના પિતાનું નામ ભીમ. કૃષ્ણપુરીના તેઓ શિષ્ય હતા. કવિ અખાના સમકાલીન હતા. હસ્તામલક અને શંકરાચાર્ય વચ્ચેના સંવાદ દ્વારા કૈવલાદ્વૈતના સિદ્ધાંતને સુગમ રીતે નિરૂપતી 16 કડવાંની 'હસ્તામલક' (ર.ઈ.સ. 1651/સં. 1707, જેઠ સુદ 9) કવિની યશોદા કૃતિ છે. આ કૃતિમાંની જ્ઞાનચર્ચામાં કવિત્વની ચમક દેખાય છે. કૃતિ મૂળ સંસ્કૃતને આધારે રચાયેલી છે. 'અજગર- અવધૂતસંવાદ' એ બીજી જ્ઞાનમૂલક રચના છે જેમાં કવિએ આત્મજ્ઞાનની મહત્તા દર્શાવી છે.

કવિનું ખરું કવિત્વ આદ્યશક્તિનો મહિમા કરતી તેમની તત્ત્વલક્ષી ગરબીઓમાં પ્રગટ્યું છે. ગંગનમંડળને ગાગરડીના રૂપકથી વર્ણવતી આ કવિની જાણીતી ગરબીમાં સૃષ્ટિનાં ભવ્ય તત્ત્વોને લલિત-રમણીય રૂપ આપતી જે કલ્પનાશક્તિ છે તે નોંધપાત્ર છે. એ અન્ય ગરબીઓમાં પણ જણાય છે. ગરબીઓમાં તત્ત્વજ્ઞાનના વિનિયોગની બાબતમાં તેમ જ આવાં ગેય પદો માટે ગરબી-ગરબો સંજ્ઞા યોજવામાં ભાણદાસ પહેલા કવિ હોવાનું કહેવાયું છે.

કવિએ 21 કડવાનું ભાગવતના છઠ્ઠા સ્કંધની કથાનુસાર પ્રહ્લાદનું ચરિત્ર આપતું 'પ્રહ્લાદાખ્યાન' (ર.ઈ. 1650) આપ્યું છે. તેમાં કવિનો મુખ્ય ઝોક જ્ઞાનચર્ચા તરફ દેખાય છે. બારમાસી, નૃસિંહજીની હમચી, હનુમાનજીની હમચી, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં પદો પણ કવિને નામે મળે છે.

### (ખ) પાંચ જ્ઞાનાશ્રયી કવિઓ

આપણે જોયું કે ગુજરાતી જ્ઞાનાશ્રયી કવિતાના પ્રવાહને અખાએ સમૃદ્ધ કરી દીધો. તે પછી પણ અનેક સંત-ભક્તો થઈ ગયા તેમણે પણ પ્રજાને યથાશક્તિ જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનો બોધ કરી સમાજમાં સદાચાર આણવાનું મહત્ત્વનું કાર્ય કર્યું છે. તેમની કવિતાએ સમાજની અનેક બદીઓ દૂર કરવામાં મોટો ફાળો આપ્યો છે. અખા ભગત પછી જેમને જ્ઞાનમાર્ગી કવિતા રચનાર કવિઓ તરીકે ઓળખી શકીએ તેવા મહત્ત્વના પાંચ કવિઓ છે - પ્રીતમદાસ, નિરાંત, ધીરો, બાપુસાહેબ ગાયકવાડ અને ભોજો.

**પ્રીતમદાસ (ઈ.સ. 1718થી 1798) :** જ્ઞાનમાર્ગના કવિ છે. તેમનો જન્મ બાવળા ગામમાં થયો હતો. તે જ્ઞાતિએ બારોટ હતા ને જન્મથી ચક્ષુહીન હતા. રામાનંદી સાધુઓની જમાતના મહંત ભાઈદાસજી પાસેથી ગુરુમંત્ર અને ઉપદેશ લીધા પછી તેમણે જ્ઞાનભક્તિનો પંથ અપનાવ્યો હતો. તેઓ યોગમાર્ગના અભ્યાસી હતા. તેમણે આમરણ સાધુજીવન ગાળ્યું હતું.

કક્કા, વાર, મહિના, તિથિ, જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો, ધોળ, છપ્પા, સાખીઓ, ગુરુમહિમા, જ્ઞાનપ્રકાશ, નામમહિમા, જ્ઞાનગીતા જેવી અનેક રચનાઓ તેમણે કરી છે. તેમની કવિતા સંતપરંપરામાંથી મળેલા જ્ઞાનથી વધારે પ્રભાવિત છે. તેમણે માયાના બંધનમાંથી મુક્ત થવાનો, સદ્ગુરુનાં ચરણ સેવવાનો, સંતજનોનો સત્સંગ કરવાનો અને તે દ્વારા 'સ્વ'ને ઓળખીને નિર્ગુણને પામવાનો બોધ કર્યો છે. બીજી બાજુ તેમણે ભાગવત અને પ્રેમલક્ષણા ભક્તિનો પ્રભાવ ઝીલી વિપુલ પ્રમાણમાં કૃષ્ણભક્તિની પણ કવિતા લખી છે. આમ તેમની કવિતામાં જ્ઞાન અને ભક્તિ બંનેનો મહિમા સમાંતરે દેખાય છે.

તેમની કૃતિઓમાં સૌથી લાંબી 20 વિશ્રામમાં રચાયેલી 'સરસગીતા' છે, જેમાં જાણીતો ઉદ્ધવ-ગોપી પ્રસંગ વિષય છે. 7 વિશ્રામમાં રચાયેલી 'જ્ઞાનગીતા' જેમાં કાયાકમળના રૂપકથી યોગમાર્ગની પરિભાષામાં ઈશ્વરનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે. દરેક મનુષ્યને સ્વ-રૂપને ઓળખવાનો બોધ છે. તેમણે બે 'કક્કા'ને પાંચ મહિનાની રચના કરી છે જે વૈરાગ્યબોધક છે. 'મહિના'ની રચનામાં રાધા-વિરહ પણ વિષય બન્યો છે. કવિની છ તિથિઓમાંથી પાંચ તિથિઓ વૈરાગ્યબોધની છે ને એક કૃષ્ણભક્તિની છે.

કવિની વિશેષ ધ્યાનપાત્ર રચનાઓ તો હિંદી અને ગુજરાતીમાં રચાયેલી સાખીઓ અને પદો છે. કવિની 732 સાખીઓમાંથી 95 સાખીઓ ગુજરાતીમાં છે બાકીની **સાધુશાઈ** હિન્દીમાં છે. તેમાં કવિના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વિશેના વિચારો રજૂ થયા છે. કવિનાં પથ્ય જેટલાં પદો થાળ, આરતી, ગરબી, ગરબો એમ વિવિધ સ્વરૂપે મળે છે. આ પદો વૈરાગ્યબોધ અને કૃષ્ણભક્તિ વિષયક છે. આ પદો તેમાં આવતાં લોકગમ્ય દૃષ્ટાંત-રૂપકો વિવિધ રાગ-ઢાળ, ચોટદાર ધ્રુવપંક્તિથી લોકપ્રિય બન્યાં છે. જેમ કે,

**'જીભલડી રે તને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી ?'**

**'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.'**

**'સાચી કોની સગાઈ સંસારમાં સાચી તે કોની સગાઈ ?'**

**'સંત સમાગમ જે જન કરશે તેને પ્રગટે પ્રેમ જોને.'**

આવાં અનેક પદો ભક્તને સાચી સમજ આપી હરિનો માર્ગ દર્શાવે છે. કવિની ભાષા સાદી, સરળ અને વ્યવહારુ છે છતાં લાલિત્યભરી અને અલંકૃત પણ છે. જેમ કે,

**'ભક્તિ છે રે ખાંડાની ધાર, એને સાધે કોઈ સાધનહાર.'**

**'જે જે કરશો તે ભોગવશો, ભવસાગરમાં ભમશો રે.'**

બંટીનું બી વાવીને ભાઈ, કમોદ ક્યાંથી જમશો રે.' તત્ત્વમસિ જેવા બ્રહ્મનું જ્ઞાન કેવું છે તે સમજાવવા કવિ કહે છે કે,

**'મહાવાચકનું જ્ઞાન જેને જડિયું રે**
**તે જીવ ઈશ્વરનું ભાન, પાછું પડિયું રે'**
**'તેને રૂપ રંગ નહિ કયો, નિરાલંબ ભરિયો રે,**
**કહે પ્રીતમ એ ઉન્માન, અખંડ બ્રહ્મદરિયો રે.'**

આ ઉપરાંત કવિની 'પ્રેમપ્રકાશ સુડતાળો કાળ' જેવી રચના જેમાં તત્કાલીન દુષ્કાળની ઘટનાને વિષય તરીકે લઈને છેવટે ભક્તિની વાત કરી છે. 'બ્રહ્મલીલા', 'જ્ઞાનપ્રકાશ', કળિયુગની લીલાને વર્ણવતી 'વિનય-સ્તુતિ', 'બોડાણો - રણછોડજીના શલોકા', 'ગુરુમહિમા', 'રસવિલાસ' વગેરે કવિની ગુજરાતી અને હિંદીમાં રચાયેલી જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિની અન્ય રચનાઓ છે.

કવિએ અનુવાદ પણ આપ્યા છે. 'ભગવદ્ગીતા'ના 18 અધ્યાયનો દુહામાં કવિએ અનુવાદ કર્યો છે તે 'ભગવદ્ગીતા/પ્રીતમગીતા' પ્રાસાદિક છે. કવિએ ભાગવતના એકાદશસ્કંધનો દુહા-ચોપાઈમાં ભા કર્યો છે તે પણ ધ્યાનપાત્ર છે.

**નિરાંત (ઈ. 18મી સદી ઉત્તરાર્ધ - ઈ. 19મી સદી પૂર્વાર્ધ) :** જ્ઞાનમાર્ગી ભક્તકવિ. સચ્ચિદાનંદ પરિવ્રાજક દંડી સ્વામીએ તેમને સગુણભક્તિમાંથી નિર્ગુણ તરફ વાળ્યા હતા. કરજણ તાલુકાના દેથાણ ગામે રજપૂત કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. નાનપણથી જ તેઓ ધર્મવિષયક કથાવાર્તાના પ્રેમી હતા. ગોકળદાસ નામના રામાનંદી સાધુ પાસેથી તેમણે 'નામ'નો ઉપદેશ મેળવ્યો હતો. જ્ઞાતિભેદ રાખ્યા વિના ઘણા માણસો પાસેથી તે ઉપદેશ મેળવતા. ભક્તિ અને જ્ઞાન બંને જેમાં જળવાઈ રહે એવા નિવૃત્તિમાર્ગનો તેમણે ઉપદેશ કર્યો છે.

કવિએ ભજનો, તિથિઓ, મહિના, સાખીઓ, પદ, કવિત, ઝૂલણા, કુંડળિયા, સવૈયા, પત્રો જેવી રચનાઓ કરી છે જેનો વિષય જ્ઞાન, ભક્તિ, પરમાત્મા સ્થિતિ, દેહોત્પત્તિ, મનુષ્યજીવન વગેરે રહ્યો છે

કવિની બે દીર્ઘ કૃતિઓ મળે છે. 'યોગસાંખ્યદર્શનનો સલોકો' આ કૃતિમાં 100-100 કડીમાં યોગદર્શન અને સાંખ્યદર્શનની શાસ્ત્રીય સમજૂતી આપેલી છે. બીજી કૃતિ 'અવતાર ખંડન'માં 10-10 કડીના 10 ખંડમાં વરાહ, મત્સ્ય, મોહિની, બલરામ, કૃષ્ણ, રામ, વામન વગેરે અવતારોની સમીક્ષા-ચિકિત્સા કરી કવિએ એનો મર્મ પ્રગટ કર્યો છે.

કવિએ નામરટણ-નામસ્મરણ ઉપર ખૂબ ભાર મૂક્યો છે. 'નામ વિના કોઈ નવ તરે, ભવસાગર માંહે', 'નામ પ્રતાપ વર્ણવ્યો નવ જાયે', 'રામનામ રિધનું ગાડું', 'રામનામ ભજ ભાવ ધરીને મૂકી મન બડાઈ રે'.

કવિ કહે છે મહામૂલો મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે તેને એળે વેડફી દેવો ન જોઈએ. કેમ કે, 'આ રે કાયાનો પાયો છે કાચો', 'સાચું સગપણ શામળિયાનું', 'મહામંત્ર મોટો રે નારાયણ તણો'. નરસિંહ-મીરાંની યાદ આપે એવા કૃષ્ણભક્તિનાં પદો કવિએ રચ્યાં છે.

નિર્ગુણ ભક્તિના જ્ઞાનપ્રદેશમાં ગુરુનું મહત્ત્વ કવિએ વારંવાર ગાયું છે. જીવ-શિવની એકતા, બ્રહ્મનું સ્વરૂપ, માયાનું પ્રાબલ્ય વગેરે વેદાંતની દૃષ્ટિએ કવિએ વર્ણવ્યાં છે અને અનુભવિયાનો ઉપદેશ આપ્યો છે.

કવિની ભાષા સાદી, સરળ અને તળપદી છે. તેમનું ભાષાસામર્થ્ય અને ભાષાપ્રભુત્વ તેમનાં અનેક ભજનોમાં દેખાય છે. જેમ કે,

**'ફૂલ્યો શું ફરે છે રે છકમાં છાયા જોતો ન ચાલ.'**
**'વરણાગીમાં વાટ ઊઠશે, લૂંટી લેશે કાળ.'**
**'ધનજોબનના મદમાં માતો, વિષયભોગમાં વારૂ,**
**એ ચાંદરણું ચાર દિવસનું, અંતે છે અંધારૂં'**

**ધીરો (ઈ. 18મી સદી ઉત્તરાર્ધ - અવ.ઈ. 1825)** : ધીરા ભગત જ્ઞાનમાર્ગી કવિ. વડોદરા જિલ્લાના સાવલી પાસે આવેલા ગોઠડા ગામના તેઓ વતની હતા. જ્ઞાતિએ તેઓ બ્રહ્મભટ્ટ/બારોટ હતા. તેમના પિતાનું નામ પ્રતાપ બારોટ અને માતા દેવબા. મોટેભાગે અનુશ્રુતિઓ પર આધારિત કવિની અન્ય ઉપલબ્ધ ચરિત્ર માહિતી મુજબ એમનો કુળધર્મ વૈષ્ણવ હતો. પરંતુ તેમણે રામાનંદી પંથ સ્વીકારેલો. સાધુ સંન્યાસીઓની સેવા દ્વારા તેઓ બહુશ્રુત બન્યા હતા. કવિને શાસ્ત્રપુરાણનું જ્ઞાન ગોઠડા ગામના જીભાઈ શાસ્ત્રી પાસેથી મળ્યું હતું. તેમને કવિત્વ અને આત્મજ્ઞાન કોઈ સિદ્ધ પુરુષની કૃપાથી પ્રાપ્ત થયાં હતાં કવિના પત્ની જતનબા સ્વભાવે કંકાસી હતાં. એ વસ્તુએ કવિને જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તરફ વળવામાં મદદ કરી હતી.

કવિ પોતાનાં પદો કાગળમાં લખી નદીમાં વાંસની ભૂંગળીમાં વહેતાં મૂકી દેતાં તેનાથી કાંઠાના ગામોમાં તેમનાં પદોનો પ્રચાર થયેલો.

કવિની કૃતિઓ બહુધા 'કાફી' નામે ઓળખાયેલાં છૂટક પદો રૂપે કે પદોના સમુચ્ચય રૂપે રચાયેલી છે. ટેકના પ્રાસ તથા અવાંતરપ્રાસનો ને કડીસંખ્યાનો સુનિશ્ચિત રચનાબંધ ધરાવતાં આ પદો 'કાફી' રાગમાં ગવાતાં હોવાથી 'કાફી' એવું નામાભિધાન પામ્યાં જણાય છે. કવિની એમાં અસાધારણ ફાવટ છે. તેથી 'કાફી તો ધીરાની' એમ કહેવાયું છે તે યથાર્થ છે. હરિભજનની આવશ્યકતા અંગે તેઓ કહે છે : 'હરિભજન જેને ભોવન નહિ, મંદિર તેનું મસાણ...' કાફીઓની જેમ કવિની અવળવાણી પણ વખણાય છે : જેમ કે,

**'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં.'**
**'મન તુંહી તુંહી બોલે રે, આ સુપના જેવું તન તારું'**
**'અંબાડીએ ગજરાજને ગળિયો, ઘોડાને ગળી ગયું જીન,**
**વસ્ત્ર ઉપર વાડ સુકાણી, એમ સમુદ્રને ગળી ગયું ફીણ.'**

કવિની ભાષામાં તળપદાપણું છે અને તેમાં આગવો જુસ્સો પણ છે. માધુર્ય, પ્રસાદ અને **ઓજ** એ ત્રણે ગુણ તેમની ભાષામાં છે. લાલિત્ય અને કલ્પનાની પણ તેમાં ખોટ નથી. જેમ કે, 'કાચનો કૂપો કાયા તારી, વણસતાં ન લાગે વાર', 'હરિના નામ વિના ખેલ સઘળો ખોટો છે.'

ધીરા ભગતના તત્ત્વવિચારમાં શાંકરવેદાંતનું અનુસરણ છે. તેમની કૃતિઓ બહુધા તત્ત્વવિચારાત્મક, અધ્યાત્મ અનુભવ વિષયક અને ઉપદેશાત્મક છે. કવિની દીર્ઘ કૃતિઓમાં શિષ્ય-ગુરુની પ્રશ્નોત્તરી રૂપે 217 કાફીઓમાં રચાયેલી 'પ્રશ્નોત્તરમાલિકા'માં અદ્વૈતવેદાંતની દાર્શનિક ભૂમિકા રજૂ થઈ છે તથા તેને અનુસરતો વૈરાગ્યબોધ પણ આલેખાયેલો છે. કવિની રજૂઆતમાં પ્રસ્તાર ઘણો છે પરંતુ એમાંની સરળતા અને લોકભોગ્યતા નોંધપાત્ર છે. 'જ્ઞાનબત્રીસી' તથા અન્ય પ્રકીર્ણ કાફીઓમાં બ્રહ્માનુભવ, વૈરાગ્યભક્તિબોધ

ઉપરાંત, મિથ્યાચાર પરના પ્રહારોનું આલેખન થયું છે. એમાં ધીરાભક્તના અનુભવમસ્તી, રૂપક તથા અવળવાણીનો વિનિયોગ ધ્યાનપાત્ર છે.

કવિની બે 'કક્કા' નામક બોધાત્મક કૃતિઓ તથા 'સુરતીબાઈનો વિવાહ' પણ ધ્યાનપાત્ર રચનાઓ છે. તેમાં મનની **સુરતા** (લગની)નું અલક્ષ્યપુરુષ એટલે કે આત્મા સાથેના લગ્નનું રૂપકાશ્રયી પ્રસંગકથન છે. કવિની અન્ય નાની કૃતિઓ જેવી કે 27 પદની 'મતવાદી' જેમાં મતાભિમાની સાંપ્રદાયિકો પર પ્રહારો કરવામાં આવ્યા છે. બીજી 27 પદની 'આત્મબોધ' જેમાં ગુરુનાં લક્ષણની સાથે વિસ્તારથી ગુરુના જ્ઞાનોપદેશને કવિએ આલેખ્યો છે.

આ સિવાય ધોળ, ગરબી, વસંત, ખ્યાલ, બારમાસ આદિ પ્રકારો ધરાવતાં ઘણાં પદો મળે છે, જે મોટે ભાગે ગુજરાતીમાં છે. થોડાંક હિન્દીમાં ને કોઈક મરાઠીમાં પણ રચાયેલાં મળે છે. આ પદોનો વિષય અધ્યાત્મ, જ્ઞાન અને વૈરાગ્ય છે. એ ઉપરાંત તેમાં રાસલીલા, શૃંગારલીલા તથા ગોપીભાવનાં પણ ઘણાં પદો છે એ નોંધપાત્ર છે. પદોમાં કવિની વાણી મધુર, પ્રાસાદિક અને લાલિત્યભરી છે.

7 પદની 'દ્રૌપદીવસ્ત્રાહરણ' અને 60 અધ્યાયે અપૂર્ણ પ્રાપ્ત 'અશ્વમેધ' ધીરા ભગતની કથનાત્મક રચનાઓ છે.

**બાપુસાહેબ ગાયકવાડ (ઈ. 1777 - ઈ.1843)** : તેઓ જ્ઞાનમાર્ગી કવિ હતા. જ્ઞાતિએ મરાઠા રજપૂત હતા. તેમના પિતાનું નામ જીવનરાવ યશવંતરાવ ગાયકવાડ. તેમને બે પત્ની હતી. તેમાં જે રજપૂતાણી હતી તેના તેઓ પુત્ર હતા. ગરાસની જમીન માટે તેમને ગોઠડા જવાનું થયું ત્યારે ત્યાં તેમને ધીરા ભગત સાથે સંપર્ક થયો પછી વડોદરા પાગાના જમાદારની નોકરી દરમ્યાન તેમને નિરાંત ભગત સાથે સંપર્ક થયો. બંને ભક્તોના સંપર્કના કારણે તેમના મનમાં પડેલી વૈરાગ્યવૃત્તિ વધારે ખીલી અને દૃઢ બની. તેમણે નિરાંત અને ધીરા ભગત બંનેનું શિષ્યપદ સ્વીકાર્યું હતું.

બાપુસાહેબે જ્ઞાનપ્રદેશનાં પદ, ધર્મવેશ અંગેનાં પદ, બ્રહ્મજ્ઞાનના ષડ્‌રિપુના રાજિયા, ગરબીઓ, કાફીઓ જેવી રચનાઓ કરી છે. એમની 24 પદોની 'જ્ઞાનીના લક્ષણ' કૃતિમાં સંતના સરલતા, સહજતા, ઉદારતા, અનાસક્તિ વગેરે ગુણોનું વર્ણન થયું છે. બીજી 'સિદ્ધિખંડન' કૃતિમાં 20 કાફીઓમાં અણિમા, ગરિમા, મહિમા, લઘિમા વગેરે 18 યોગસિદ્ધિઓની નિરર્થકતા દર્શાવવામાં આવી છે. બાપુસાહેબે તેમની પદરચનાઓમાં સંતસમાગમ અને સદ્‌ગુરુની આવશ્યકતા તથા બ્રહ્મજ્ઞાનની મહત્તા પણ દર્શાવી છે. મૂર્ખ અને ઢોંગી ગુરુઓને ખુલ્લા પાડી કર્મકાંડનું મિથ્યાત્વ અને ધર્મને નામે પ્રવર્તતા દંભની પણ વાતો કરી છે.

જ્ઞાનીને, સાધુને, સાચા સંતને ઓળખવા માટે તેનાં લક્ષણ કવિએ બતાવ્યાં છે. એમનો ઉપદેશ હિન્દુ અને મુસલમાન બંને માટે છે. હિન્દુ જીવનવ્યવહારનું ઊંડું જ્ઞાન એમણે દાખવ્યું છે તેની સાથે ઇસ્લામનો પણ સારો પરિચય એમના પદોમાં પ્રગટ થાય છે.

કવિની ભાષા તળપદી છે પણ એ બરછટ છે, કર્કશ પણ છે. એમણે તત્કાલીન સમાજની જનતાને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપી એમની અજ્ઞાનદશા દૂર કરવાનું કાર્ય પણ કર્યું છે.

**'કાણાને કાણું કહીએ, તો લાગે કડવું, એને સાચું કહિએ તો સૂઝે વઢવું.'**

**'ચળેલી નારી તે નવ રહે ઢાંકી, તેની ચાલ, બોલી ને આંખ પાકી.'**

કવિએ જ્ઞાનની વાત પણ રોચક રીતે રજૂ કરી છે. જેમ કે,

**"ફૂલ ખીલીને ખરી પડે, એવું કાયાનું છે કામ રે,**
**માટે ચેતીને ચુપ ચાલવું, મૂકી મમતા તમામ રે"**

કવિએ નિરર્થક ક્રિયાકાંડો તથા ધર્મને નામે ચાલતા પાખંડ પ્રત્યે પદોમાં સખત શબ્દોમાં રોષ વ્યક્ત કર્યો છે. તેઓએ પોતાના વક્તવ્યની રજૂઆતમાં વિવિધ દૃષ્ટાંતોનો ઉપયોગ કર્યો છે જેથી તે લોકગમ્ય બને છે ને સરળતાથી લોકોને સમજાઈ જાય છે.

**ભોજો (ઈ.1785 - ઈ.1850)** : તેઓ જ્ઞાનમાર્ગી કવિ હતા. તેમની અવટંક સાવલિયા. સૌરાષ્ટ્રમાં આવેલું જેતપુર પાસેનું દેવકીગલોળ તેમનું વતન હતું. તેઓ જ્ઞાતિએ લેઉઆ કણબી હતા. તેમના પિતાનું નામ કરસનદાસ અને માતા ગંગાબાઈ. તેમના જીવનમાં કેટલાક ચમત્કારિક પ્રસંગો બન્યા હોવાનું કહેવાય છે.

કવિ પોતે નિરક્ષર હતા પરંતુ તેમણે સંતભજનિકોના સંગને લીધે અને શ્રુતિપરંપરામાંથી મળેલા કાવ્યવારસાને આત્મસાત કરી પોતાનાં જ્ઞાનદૃષ્ટિ અને કાવ્યસમજ ખીલવ્યાં હતાં. ભક્તિનો મહિમા તેમની કવિતામાં છે પરંતુ નિર્ગુણ ઉપાસનાનો બોધ કરતી જ્ઞાનમાર્ગી કવિતાનો પ્રભાવ તેમણે ઝીલ્યો છે.

કવિની કંઈક લાંબી કહી શકાય તેવી કૃતિઓમાં એક કૃતિ તે પાંચ કડવાનું 'ચેલૈયા આખ્યાન' છે જેમાં સગાળશા શેઠ અને સંધ્યાવતીની પ્રભુનિષ્ઠા સુપેરે ઊપસાવી છે. કવિની બીજી કૃતિ તે 6 કડવાં ને 141 કડીઓમાં ભક્તોની યાદી આપતી 'ભક્તમાળ'. ત્રીજી કૃતિ તે 3 કડવાંની 'બ્રહ્મબોધ' જેમાં યોગની પરિભાષામાં કુંડલિની જાગ્રત કરવાનાં સોપાન બતાવવામાં આવ્યાં છે. ચોથી કૃતિ તે 59 કડીની 'બાવનાક્ષરી' જેમાં અક્ષરની પરિભાષામાં વૈરાગ્યબોધ આપવામાં આવ્યો છે.

કવિએ પદોની રચના કરી છે. આરતી, ધોળ, કાફી, હોરી, ભજન, મહિના, વાર, કક્કો, તિથિ, સરવડાં, પ્રભાતિયાં, ચાબખા વગેરે વિવિધરૂપે પ્રાપ્ત થતાં આ પદોની ભાષામાં સાધુશાઈ હિન્દી કે વ્રજભાષાની અસર છે. ગુરુસેવા, કૃષ્ણકીર્તન, સંસાર, સુખમાં રચ્યાપચ્યા રહેતા અજ્ઞાની જીવો, સદ્‌ગુરુનો મહિમા, સંસારસુખનું મિથ્યાત્વ, જીવન્મુક્તનાં લક્ષણો, અભેદાનુભવનો આનંદ વગેરે આ પદોનો વિષય છે. કેટલાંક પદોમાં પ્રેમલક્ષણા ભક્તિની અસર પણ અનુભવાય છે. તો ક્યાંક ભક્તિનો મહિમા પણ થયેલો છે.

જોકે, કવિ જનસમાજમાં લોકપ્રિય છે તેમના ચાબખાથી. તીખી મર્મવેધક વાણીમાં જીવોને એમણે ઉપદેશ કર્યો છે. જેમ કે,

**'મૂરખાની દાઢી થઈ ધોળી રે, હૃદયમાં જોયું નથી ખોળી રે.'**

**'પ્રાણિયા ! ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર.'**

**'જીવ ને શિવનો જેને સંશય છૂટી ગયો, સિંહ ને બકરી તેને એક આરે'**

કવિનાં બધાં પદોમાં ભક્તિ અને વૈરાગ્યનો બોધ સાદી, તળપદી વાણીમાં રજૂ થયો છે. પોતાની વાતને વધુ અસરકારક બનાવવા કવિએ સારા પ્રમાણમાં કહેવતો અને રૂઢિપ્રયોગોનો આશ્રય લીધો છે. જેમ કે, 'પૂર પહેલી તું બાંધે પાળ', 'પેટ ચોળીને ઉપજાવ્યું શૂળ', 'ભક્તિ શીશ તણું સાટું', 'હસ્તિના દાંત તો ચાવવાના છે ખરા અણ દેખાડવાના જગતને બહાર બીજા', 'સંસારના સુખડાં રે કડવો લીમડો', 'જ્ઞાનગંગાજીમાં અહોનિશ ના'વું.'

વાતને વધુ અસરકારક બનાવવા જ્યાં જરૂર પડી ત્યાં કવિ સંસ્કૃત, ઉર્દૂ ભાષાના શબ્દો પણ વાપરે છે એ રીતે શબ્દદૃષ્ટિએ અને અભિવ્યક્તિની દૃષ્ટિએ કવિ સમૃદ્ધ છે.

આ ઉપરાંત, સ્ત્રી કવયિત્રીઓમાં ઈ.સ. 1744 આસપાસ થયેલા જિતામુનિ નારાયણના શિષ્યા ગૌરી-બાઈનું નામ નોંધપાત્ર છે. તેમણે 'ગુરુશિષ્યસંવાદ' જેવી જ્ઞાનમૂલક રચના આપી છે.

જ્ઞાનમાર્ગી પરંપરાના આ બધા સંતો અંગે કેટલીક નોંધપાત્ર વિગતો લક્ષમાં લેવી જરૂરી છે. (1) આમાંના મોટા ભાગના સંતો જીવનના આરંભકાળમાં સામાન્ય સંસારાસક્ત માનવીઓ હતા. ગુરુકૃપા, સત્સંગ અને આત્માનુભૂતિને કારણે તેમની આસક્તિ દૂર થઈ. (2) સાધનાના મુશ્કેલ માર્ગ દ્વારા તેમણે આત્મકલ્યાણ પ્રાપ્ત કર્યું અને લોકકલ્યાણ માટેના પ્રયત્નો કર્યા. (3) જ્ઞાનનો માર્ગ તેમણે સ્વીકાર્યો છતાં તેઓ ભક્તિનો વિરોધ કરતા નથી. (4) તેમને ઓળખવા હોય તો અનુભવાર્થી, જ્ઞાની, મર્મી તરીકે ઓળખવા જોઈએ (5) તેઓ અધ્યાત્મમાર્ગના પ્રવાસી છે. તેમને કવિ થવાનું ધ્યેય નથી. (6) નાતજાતના ભેદ દૂર કરી વિરાટ મનુષ્યધર્મની સ્થાપના કરવાનું તેમનું ધ્યેય હતું. (7) એમની સૃષ્ટિમાં મૌલાનાનો આગ્રહ ઈશ્વર-પરમાત્મા જેટલો જ છે. (8) આ બધા સંતોની પહેલાં આંતરદૃષ્ટિ ખૂલે છે પછીથી તેમની વાણી પ્રગટે છે. કલાકસબ તરીકે કાવ્યની તેમને કશી વિસાત નથી.

## 3.3 સારાંશ

આપણે જોયું કે અખા પછીની આ જ્ઞાનમાર્ગી પરંપરાના બધા જ કવિઓને કવિ તરીકે ઓળખાવવાની સહેજ પણ ઇચ્છા નથી. એમના ઉદ્‌ગારો એ તેમના હૈયામાંથી પ્રગટ થતી અનુભવવાણી છે. વેદાંત એ પોથીઓમાંનું જ્ઞાન નથી પણ જીવન જીવવાનો સાચો વ્યવહારુ માર્ગ છે એમ તેઓ બતાવવા માગે છે.

આ કવિઓનો ઉપદેશ પ્રાકૃત અબુધ જનતાને થયો છે પણ એ સર્વસામાન્ય માણસથી માંડી બધા માણસોને લાગુ પડે છે. આ સંતકવિઓએ પરિચિત દૃષ્ટાંતો, કહેવતો, રૂઢિપ્રયોગો, વર્ણસગાઈ, પ્રાસાનુપ્રાસ વગેરેનો ઉપયોગ કરી પોતાનું કવન કર્યું છે તેથી એ રસાળ, ચોટદાર બન્યું છે. સામાન્ય માણસને ગળે ઊતરી જાય તેવું બન્યું છે.

છપ્પા, ચોપાઈ, દુહા, મનહર, કવિત, કુંડળિયા જેવા માત્રામેળ છંદોમાં આ કવિઓએ રચનાઓ કરી છે, તેમાં લોકગીતોના જુદા-જુદા ઢાળ, તાલ તથા ધૂન વપરાયાં છે તેથી પદો સંગીતાત્મક બન્યાં છે.

આ પદો જે વાણીમાં રજૂ થયાં છે તે વાણી કદાચ અણઘડ, ગ્રામ્ય, કર્કશ, કઠોર છે છતાં તે સાંભળનારાનાં હૈયાંને શબ્દબાણથી વીંધી નાખવાની આગવી-અદ્‌ભુત શક્તિવાળી છે. આ સંત કવિઓએ ઊંચ-નીચ,

પંડિત-પ્રાકૃત-જનના ભેદોની અવગણના કરીને પ્રજાને સમાજની બદીઓમાંથી ઉગારવાનો પ્રયત્ન કર્યો છે. આ જગત જૂઠું છે. માયા જાતજાતનાં રૂપો ધારી અજ્ઞાની જીવોને આકર્ષે છે. કાળના પંજામાંથી કોઈ છટકી શકતું નથી તેથી સદ્‌ગુરુને શરણે જવું જોઈએ. હરિભજનને પ્રતાપે સંસાર-જગતની જંજાળ છૂટી જાય છે. સંત ભક્ત કવિઓએ પ્રેરક વાણીમાં બોધ કર્યો છે.

## 3.4 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)* : અનંતરાય રાવળ, 1976
2. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ - 2* : ઉમાશંકર જોશી અને અન્ય, 1976
3. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ (મધ્યકાલીન અને સુધારકયુગ)* : રમેશ એમ. ત્રિવેદી, 1992
4. *ગુજરાતી સાહિત્યકોશ - 1 (મધ્યકાળ)* : જયંત કોઠારી અને અન્ય, 1989


## 3.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અનુશ્રુતિ** - પરંપરાથી કે પૂર્વેથી સંભળાતું કે સમજાતું

**ભાંડવાનું** - ગાળ દેવી, ઠપકો આપવો, બદગોઈ કરવી

**પ્રેમલક્ષણા ભક્તિ**- નવધા ભક્તિનો એક પ્રકાર, શ્રેષ્ઠ ભક્તિ

**અવળવાણી** - વાચ્યાર્થથી ઊલટો અર્થ સૂચવતી વાણી, ગૂઢ વાણી

**વિશ્રામ** - ભાગ, પ્રકરણ

**સાધુશાઈ** -

**અનુશ્રુતિ** - પરંપરા કે પૂર્વેથી સંભળાતું કે સમજાતું

**બહુશ્રુત** - વિદ્વાન

**ઓજ** - પ્રકાશ, તેજ, કાંતિ

**સુરતા** - લગની, ધ્યાન

**મૌલાના** - મોટો મોલવી - મુસલમાન વિદ્વાન - કાયદા પ્રમાણે ન્યાય આપનાર.

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

1. અખા પછીની જ્ઞાનમાર્ગી કવિતાધારામાં કયા કયા કવિઓ થઈ ગયા તેમનાં નામ આપો.
2. નરહરિ અને ભાણદાસનાં સર્જનનો ટૂંકમાં પરિચય આપો.
3. કવિ પ્રીતમની કૃતિઓનાં નામ આપી તેમની સાહિત્યસેવાનો પરિચય કરાવો.
4. કવિ ધીરો તેના કયા સ્વરૂપના પ્રદાનને કારણે જાણીતો છે ? એ સ્વરૂપનું નામ અને પરિચય આપો.
5. બાપુસાહેબ ગાયકવાડની સાહિત્યસેવા વિશે નોંધ લખો.
6. ભોજા કવિના જીવનવિષયક માહિતી આપી તેમની કૃતિઓનાં નામ આપો તથા તેમની પદરચનાઓ વિશે ટૂંકનોંધ લખો.
7. જ્ઞાનમાર્ગી પરંપરાની સ્ત્રી કવયિત્રીનું નામ અને તેમની કૃતિનું નામ આપો.
8. જ્ઞાનમાર્ગી સંતપરંપરાના સંતોની ખાસ લાક્ષણિકતાઓ દર્શાવો.
9. આ સંતોની કવિતા સામાન્યજનને પણ ગમી છે - કારણ આપો.

# એકમ 4 આખ્યાન કવિતા

**રૂપરેખા**

4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2. પૂર્વભૂમિકા

4.3 આખ્યાન કવિતા અને પ્રેમાનંદના પુરોગામી આખ્યાન કવિઓ

4.4 સારાંશ

4.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો

4.6 ચાવીરૂપ શબ્દો

## 4.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીનયુગના 17મી સદીમાં થયેલી આખ્યાનકવિતા અને તેના રચયિતા કવિઓનો છે. ઉત્તમ સાહિત્યસર્જનમાં જે-તે સમયની રાજકીય અને સામાજિક શાંતિ અને આબાદી કેટલો મોટો ફાળો આપે છે - ભાગ ભજવે છે એ અહીં આપણે જોઈશું. આ ઉપરાંત આખ્યાન કવિતાના સ્વરૂપની ઉત્પત્તિનું કારણ, આખ્યાનસ્વરૂપનાં વિવિધ લક્ષણો અને કવિ આખ્યાનકાર **શિરોમણિ** પ્રેમાનંદ પૂર્વે જે આખ્યાન કવિઓ થઈ ગયા તે વિશે આ એકમમાંથી માહિતી મળશે.

## 4.1 પ્રસ્તાવના

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની રૂપરેખા અભ્યાસક્રમ અંતર્ગત તમે પ્રથમ બે ખંડમાં ગુજરાતી ભાષા, રાજકીય-સામાજિક પશ્ચાદ્ભૂ, મધ્યકાલીન સાહિત્યની વિશેષતાઓ અને મર્યાદાઓ તથા મધ્યકાળનાં સાહિત્યસ્વરૂપોનો પરિચય પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત નરસિંહ પૂર્વેનું સાહિત્ય, મધ્યકાલીન ભક્તિકવિતા જેમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ અને ભાલણના સાહિત્યથી તમે પરિચિત છો. આ ઉપરાંત તમે મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાનું સ્વરૂપ, અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓ, અખો અને અખાના અનુગામી તથા સમકાલીન જ્ઞાનમાર્ગી કવિઓથી માહિતગાર છો. આ વિભાગમાં તમે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના એક અત્યંત લોકપ્રિય સાહિત્યસ્વરૂપ આખ્યાનકવિતાથી પરિચિત થશો. અહીં તમને આખ્યાન **શિરોમણિ** પ્રેમાનંદના પુરોગામી આખ્યાનકવિઓ અને કવિ પ્રેમાનંદની આખ્યાનકવિતાનો વિગતે પરિચય થશે.

ઉત્તમ સાહિત્ય સામાન્ય રીતે પ્રજાની સ્વસ્થતા, આબાદી અને શાંતિ ઉપર વધુ અવલંબે છે. ઈ.સ.ની 14મી સદીથી 16મી સદી દરમ્યાન ગુજરાત પર મુસલમાન સત્તાનો અમલ હતો. અકબરની ઉદારનીતિ અને ટોડરમલની નવી મહેસૂલ પદ્ધતિએ ગુજરાતમાં શાંતિ, સ્વસ્થતા અને **આબાદી**ના યુગનો આરંભ કર્યો, જેને લીધે સત્તરમું શતક સાહિત્યદૃષ્ટિએ આગલાંપાછલાં શતક કરતાં વધુ સિદ્ધિવંતું બન્યું છે. આખ્યાન-શિરોમણિ કવિ પ્રેમાનંદ આ શાંતિ અને સુખના યુગનું સંતાન છે. એમના પુરોગામી નરસિંહ, કર્મણ મંત્રી, વીરસિંહ, જનાર્દન, ભાલણ, નાકર, વિશ્વનાથ જાની - આ કવિઓમાં **નરસિંહે આખ્યાનસ્વરૂપનું બીજારોપણ કર્યું છે તો અન્ય કવિઓએ સ્વપ્રતિભાબળે ક્રમશઃ** એનો [illegible] એનું પોષણ કર્યું છે. આ સૌ કવિઓની આખ્યાનના ચોક્કસ ઘાટ તરફ વિકાસ કરતી **કવિતાના** કાચા માલ તરીકે ઉપયોગ કરી તેમાં પોતાને વિશેષ ઉમેરી કવિ પ્રેમાનંદ આખ્યાનપ્રવાહમાં મોટું પૂર લાવે છે અને આખ્યાન-કવિતાને **ચરમ** અને **પરમ** કક્ષાએ પહોંચાડે છે.

## 4.2 પૂર્વભૂમિકા

આખ્યાન એ મધ્યકાલીન યુગની વિશિષ્ટ નીપજ છે. મધ્યકાલીન યુગમાં જે કેટલાક સાહિત્યપ્રકારો અસ્તિત્વમાં આવ્યા તેમાં જૈન રાસા, આખ્યાન, પદ્યવાર્તા અને પદ મુખ્ય છે. એમાં પણ લોકપ્રિયતા અને સાતત્યની દૃષ્ટિએ જૈન રાસા અને આખ્યાનનું સાહિત્યિક મહત્ત્વ સૌથી વિશેષ છે. આ બંને સાહિત્ય પ્રકારોએ કરેલું લોકશિક્ષણનું પ્રદાન પણ વિશેષ નોંધપાત્ર છે.

## 4.3 આખ્યાન કવિતા અને પ્રેમાનંદના પુરોગામી આખ્યાન કવિઓ

મધ્યકાળમાં સાહિત્યકળાને મુખ્યત્વે ધર્માશ્રયે અને લોકાશ્રયે ટકવાનું અને આગળ વધવાનું હતું. સામાન્ય પ્રજા માટે ધર્મ જ ધારક બળ બની રહ્યો હતો અને ધર્મગ્રંથો સંસ્કૃત ભાષામાં હતા. સંસ્કૃત ભાષા બધા જ વર્ગના લોકો લખી-બોલી-વાંચી શકતા ન હતા. તેથી પ્રાચીન પુરાણો, મહાકાવ્યો વગેરેમાંથી સામગ્રી લઈ ગુજરાતી ભાષામાં ધર્મકથા રજૂ કરવાની શરૂઆત થઈ.

લોકોને ધર્મકથા સંભળાવવાનું કામ એક સમયે પુરાણોએ કર્યું હતું તે કામ મધ્યકાળમાં આખ્યાનોએ કર્યું. આખ્યાન એવું કથાકાવ્ય છે જેને મહાકાવ્ય અને ખંડકાવ્યની વચ્ચે ક્યાંક મૂકી શકાય. મહાકાવ્યમાં સમગ્ર જીવન આલેખાય છે જ્યારે ખંડકાવ્યમાં એકાદ વૃત્તાંત કે પ્રસંગ નિરૂપાતો હોય છે. આખ્યાનમાં એકથી વધુ પાત્રો, પ્રસંગો થોડાક વિસ્તારથી રજૂ થતા હોય છે.

आख्यानं पूर्ववृत्तोक्ति ! એ વ્યાખ્યા અનુસાર 'પૂર્વે બની ગયેલા બનાવનું કથન' તે આખ્યાન એવો અર્થ થાય. આચાર્ય હેમચંદ્રે 'અભિનય સહિત ગાઈ બજાવીને રજૂ થાય તે આખ્યાન' એમ કહ્યું છે. આ કાવ્ય પ્રકારનાં લક્ષણો જોઈએ :

(1) આખ્યાનનો આરંભ વિશેષત: ગણેશ સ્તવનથી થતો અને ગણેશસ્તવન પછી શારદાની સ્તુતિ આવતી. આ સ્તુતિ પછી બહુધા લેખક એ દેવદેવીને પોતાના ગ્રંથલેખનનું કાર્ય નિર્વિઘ્ને પાર પડે એવી વિનંતી કરતો.

(2) આખ્યાનને અંતે **ફળશ્રુતિ** આવતી. એમાં કથા સાંભળવાથી શું ફળ પ્રાપ્ત થશે તેનો ઉલ્લેખ આવતો. કેટલીકવાર કાવ્યમાં એકથી વધારે ફળશ્રુતિ આવતી. કાવ્યને અંતે કર્તા પોતાનો પરિચય આપતો. નામ, ઠામ, જ્ઞાતિ, પિતાનું નામ, ગ્રંથ રચ્યાસાલ વગેરે એમાં આવતું.

(3) કડવાંબદ્ધતા એ આખ્યાનનું એક આવશ્યક અંગ છે. કડવાના ત્રણ અંગો હોય છે, રાગસૂચક મુખબંધ, ઢાળ અને વલણ. મુખબંધમાં આલેખાનારા પ્રસંગનો ઉલ્લેખ હોય છે. ઢાળમાં પ્રસંગનું નિરૂપણ થયેલું હોય છે. વલણની પહેલી પંક્તિમાં ઢાળના પ્રસંગનો સારાંશ આવે છે ને બીજી પંક્તિમાં પછીના કડવામાં આવનારા પ્રસંગનો ઇશારો હોય છે.

(4) આખ્યાનકાવ્યો કથાકાવ્યો છે. એના કથાનકોમાં બે પ્રકારની કથાઓ આવે છે. એક પૌરાણિક અને બીજી ભક્તની જીવનવિષયક. મૂળ કથામાં કવિ પોતાની આવશ્યકતાનુસાર યથેચ્છ ફેરફાર કરી શકતો.

(5) આખ્યાનોનાં કથાનકો મુખ્યત્વે રામાયણ, મહાભારત, ભાગવત, શિવપુરાણ વગેરેમાંથી આવ્યાં છે. તો ક્યારેક નરસિંહ મહેતા, બોડાણા જેવા ભક્તના જીવનમાંથી પ્રસંગોની પસંદગી થતી. આખ્યાનના આરંભમાં કવિ મૂળકથા સંક્ષેપથી કહેતો, જેથી આખ્યાનનો મૂળપ્રસંગ સળતાથી સમજી શકાય.

(6) આખ્યાનોમાં રસવૈવિધ્ય સારા પ્રમાણમાં આવતું પણ કવિ સહેલાઈથી એક રસમાંથી બીજા રસમાં શ્રોતાઓને ખબર પણ ન પડે એવી રીતે **સંક્રમણ** કરતો.

(7) આખ્યાન ધર્મકથા હોવાથી તેમાં વારંવાર લાંબી ઈશ્વરસ્તુતિ આવતી. જે વસ્તુપ્રવાહને સ્થગિત કરી દેતી. કથાપ્રવાહને સ્થગિત કરનારું બીજું બળ તે લાંબાં વર્ણનો હતું.

(8) પાત્રોની ત્રિગુણાત્મક સૃષ્ટિ રહેતી. પાત્રોનો સંઘર્ષ પણ રોચક રીતે આલેખવામાં આવતો. પાત્રાલેખનમાં ગુજરાતી રંગો પુરાતા, જેથી શ્રોતાઓને પાત્રો આત્મીય લાગે. ઘણીવાર શ્રોતાઓને રાજી કરવા માટે કવિ **સામાન્યતામાં** ઊતરી પડતો.

આખ્યાનની સફળતાનો આધાર આખ્યાનકારના ભાષાપ્રભુત્વ પર રહેતો. આખ્યાનમાં ગીત, સંગીત અને અભિનય ત્રણેનો સમન્વય થતો.

મધ્યકાળમાં જ્યારે શિક્ષણની કોઈ વ્યવસ્થા ન હતી, જ્ઞાન તેમ જ મનોરંજનનું કોઈ સાધન પ્રજા માટે ઉપલબ્ધ ન હતું તે સમયે જિજ્ઞાસુ શ્રોતાઓને ધર્મકથાનું પાન કરાવી આખ્યાનકારોએ મધ્યકાલીન ગુજરાતી પ્રજાની સંસ્કાર-સેવા બજાવી છે.

આ આખ્યાનસ્વરૂપ ગુજરાતી સાહિત્યમાં આદિકવિ નરસિંહ મહેતા (ઈ.સ.15મી સદી) દ્વારા બીજારોપિત થયો છે. ભાગવતના 'દશમસ્કંધ'માં (અધ્યાય 80-81) આવતી સુદામાની કથા ઉપરથી વિવિધ પદોમાં તેમણે 'સુદામાચરિત્ર' લખ્યું. તેમ જ પોતાના જ જીવનમાં બનેલ સંખ્યાબંધ પ્રસંગો હાર, હૂંડી, પુત્રીનું મામેરું, પુત્રનો વિવાહ, પિતાનું શ્રાદ્ધ વગેરે તેમણે પદોરૂપે કવિતામાં ગૂંથી લીધાં છે. જોકે, જેને આપણે આખ્યાનનાં મહત્ત્વનાં લક્ષણો ગણીએ છીએ તે કડવાના ત્રણ ઘટક અંશો-મુખબંધ, ઢાળ અને વલણ અથવા ઊથલો અહીં ગેરહાજર છે. જેમાં સ્પષ્ટપણે કથાતંતુ વણાયેલું છે તે 'સુદામાચરિત', 'હૂંડી',

'મામેરું' અને 'શામળદાસનો વિવાહ' પ્રધાનતઃ ઝૂલણાની દશીમાં રચાયા છે. કે.કા. શાસ્ત્રી કહે છે તેમ, "આ ચારે કાવ્ય ભક્તિચરિત્રાત્મક હોઈ એમાં આત્મકથાતત્ત્વ હોવા છતાં એ ચોખ્ખાં આખ્યાન છે." નરસિંહ પછી આખ્યાનતંતુને આગળ ચલાવનાર બીજા કવિ છે વીરસિંહ (ઈ. 1513 સુધીમાં). તેમણે 'ઉષાહરણ' નામનું ઉષા વિશેનું કાવ્ય સૌ પ્રથમ ગુજરાતીમાં લખ્યું છે. વીરસિંહ પછી ઉષાને લગતું બીજું સૌથી પ્રાચીન કાવ્ય 'ઉષાહરણ'નો રચનાર જનાર્દન (ઈ.સ. 1492માં હયાત) છે. બંને 'ઉષાહરણ' મુખ્યત્વે દુહા, ચુપઈબંધ અને નરસિંહની પદ પદ્ધતિમાં રચાયેલાં છે. આમાં જનાર્દને વિવિધ દેશીઓમાં નાના કડવાબંધનો સ્વીકાર કર્યો છે. આમ જનાર્દને ભવિષ્યના આખ્યાનકારોને બાંધવાના કડવાંની વિવિધતાનાં બીજ મૂર્ત કરી આપ્યાં છે. ઈ.સ. 1508માં રચાયેલા શ્રીધરના 'ગૌરીચરિત્ર'ને કે.કા. શાસ્ત્રી ચાતુરીઓની પદ્ધતિનું નાનું કડવાબદ્ધ કાવ્ય કહે છે. આમ નરસિંહના અનુગામી અને ભાલણના પુરોગામી કવિઓની આખ્યાનકવિતા વિકાસ પામીને કડવા પદ્ધતિના કિનારે ઊભી રહેલી દેખાય છે.

પરંતુ કડવાબંધની પ્રૌઢ આખ્યાન પદ્ધતિનો આરંભ તો કવિ ભાલણ (ઈ.સ. 15મી સદી ઉત્તરાર્ધ - ઈ.સ. 15મી સદી પૂર્વાર્ધ)થી જ શરૂ થયેલો દેખાય છે. રામાયણ, મહાભારત ને પુરાણોમાંથી વસ્તુ લઈને ભાલણ કડવાબંધમાં આખ્યાનોની રચના કરે છે. મુનશી યોગ્ય રીતે જ ભાલણને 'આખ્યાનોના જનક' તરીકે ઓળખાવે છે. વળી, પોતાની કૃતિઓને આખ્યાન નામથી ઓળખાવનાર તરીકે પણ ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં પહેલા કવિ ભાલણ છે. એમણે જ ધપાવેલી આખ્યાન-પદ્ધતિ તેમના અનુગામી કવિઓ - નાકર, વિષ્ણુદાસ, પ્રેમાનંદ-ને માટે રાજમાર્ગ બની જાય છે.

ભાલણે લગભગ સોળથી સત્તર કૃતિઓ રચ્યાનું જાણવા મળે છે. આ બધી જ કૃતિઓ એકસરખી ઉત્તમ કક્ષાની નથી. **40** કડવાંની કાદંબરી, **30/33** કડવાંનું 'નળાખ્યાન', 497 પદની 'દશમસ્કંધ' - આ ત્રણ કવિની ઉત્તમ રચનાઓ છે. કવિની અન્ય રચનાઓ : 22 કડવાંનું 'જાલંધરાખ્યાન', 8 કડવાંનું 'મામકી-આખ્યાન', 18 કડવાંનું 'ધ્રુવાખ્યાન', 14 કડવાંનું બે ખંડમાં વિભાજિત 'સપ્તશતી/ચંડી-આખ્યાન', 21 કડવાંનું 'રામવિવાહ/સીતાવિવાહ', 4 કડવાંનું 'રામાયણ', 1 કડવાનું 'દ્રૌપદી વસ્ત્રાહરણ', 40 પદનું 'રામબાલચરિત', 4 પદની 'કૃષ્ણવિષ્ટિ', 5 પદની 'રામવનવાસ', 1 પદનું રૂપકાત્મક ' રેંટિયા-ગીત', 'મહાદેવના સાતવાર', દુહાની **80** કડીનો 'શિવભીલડી સંવાદ/હર સંવાદ', 15 કડવાંનું 'દુર્વાસા-આખ્યાન'.

કાવ્યત્વની દૃષ્ટિએ મૂલ્યાંકન કરીએ તો ભાલણ કવિ પ્રથમ કક્ષાના કવિવર્ગમાં આવતા નથી. આખ્યાનકાર તરીકે પણ 'કાદંબરી' જેવી શુદ્ધ સાહિત્યરસની કૃતિ બાદ કરતાં તેમણે બહુ ઊંચી સિદ્ધિ બતાવી નથી. પરંતુ પદકાર તરીકે કવિએ બહુ ઊંચી સિદ્ધિ બતાવી છે. વળી, શૃંગાર, કરુણ અને વાત્સલ્ય રસના નિરૂપણમાં એ ઉત્તમ કવિઓની હરોળમાં ઊભા રહે છે. આ બધાથી વિશેષ તો આગળ જોયું તે પ્રમાણે આખ્યાન-પદ્ધતિના પુરસ્કર્તા તરીકે નરસિંહ-કર્મણ-જનાર્દન-માંડણ-ભીમ વગેરેની આખ્યાન-પદ્ધતિને કડવાબંધમાં બાંધી એક ડગલું આગળ લઈ જઈ અનુગામી કવિઓને આખ્યાનકવિતાનું ક્ષેત્ર ખુલ્લું કરી આપનાર તરીકે ભાલણનું સ્થાન ગુજરાતી કવિતામાં સદાય ચિરંજીવ રહેશે.

સોળમા શતકના પ્રારંભમાં કવિ નાકર (ઈ.સ. 1516-68) આખ્યાનસાહિત્યમાં સૌથી મોટું કાવ્યપૂર વહેવડાવનાર છે, જે ભાલણ પછી બીજા ગણનાપાત્ર કવિ છે. કવિ નાકરે મહાભારતનાં પર્વો અને જૈમિનીય અશ્વમેધનાં આખ્યાનોને ગુજરાતીમાં સૌથી પ્રથમ ઉતાર્યાં છે, એ દૃષ્ટિએ પણ કવિનું નામ નોંધપાત્ર છે. કેવળ આખ્યાનકવિતાને વેગ આપનાર તરીકે જ નહીં પણ આખ્યાનસ્વરૂપના વિકાસક તરીકે પણ તેમનું સ્થાન મહત્ત્વનું છે.

ભાલણ દ્વારા જે આખ્યાનકવિતામાં કડવાબંધ આવે છે તો નાકરના હસ્તે એ એક ડગ આગળ વધે છે. આખ્યાનના કડવાબંધમાં કડવાને અંતે વલણ અથવા ઊથલો ઉમેરી નાકર કડવાબંધને તેની સંપૂર્ણ પરિણત કક્ષાએ પહોંચાડે છે. ને આ પછી કડવાંનાં સામાન્યતઃ ત્રણ ઘટક અંગો બને છે : (1) કડવાંના પ્રારંભમાં આવતો એક કે તેથી વિશેષ પંક્તિઓનો પ્રસ્તાવસૂચક મુખબંધ અથવા શ્રી કે.હ. ધ્રુવનો શબ્દ વાપરીએ તો મ્હોડિયું, (2) ઢાળ (કડવાનો સૌથી મોટો ભાગ) અને (3) અંતિમ વિભાગ જેમાં વર્ણ્ય વસ્તુનો ઉપસંહાર અથવા અનુગામી કડવાના વર્ણ્ય પ્રસંગનું સૂચન હોય તેવું બે લીટીનું વલણ અથવા ઊથલો – આમ ભાલણ દ્વારા કડવાબદ્ધ બનેલી આખ્યાનકવિતા નાકર દ્વારા એક નવપ્રસ્થાન કરે છે. રાગ, ઢાળ અને વલણ અથવા ઊથલો કડવાંના વ્યાવર્તક લક્ષણ બની જાય છે. ને એ જ કડવાનાં આદિ, મધ્ય અને અંત ગણાય છે.

સામાન્યતઃ જૈનેતર કવિઓમાં આખ્યાનલેખકો બ્રાહ્મણો હોય છે ને બ્રાહ્મણોએ જ ઉદરનિર્વાહાર્થે આખ્યાનકારનો વ્યવસાય કર્યો હતો. પણ નાકર જ્ઞાતિએ વણિક હતા અને તેમની આખ્યાનકૃતિઓમાંથી જે માહિતી મળે

છે તે મુજબ આખ્યાનલેખન તેમણે પરોપકારાર્થે કર્યું હતું. વળી, પોતાને સંસ્કૃતનું જ્ઞાન ન હોવાથી ગુરુમુખે એ કથાઓ સાંભળતા અને આખ્યાનો રચતા ને પછી પોતાના વૃદ્ધ બ્રાહ્મણ નાગર મિત્ર મદન કે મદનસુતને તેના યોગક્ષેમ માટે આપી દેતા. પોતે સંસ્કૃત જાણતા નથી એમ કવિ કહે છે પરંતુ એમની કૃતિઓ પૌરાણિક કથાઓનું જે જ્ઞાન પ્રગટ કરે છે, કવિ કાલિદાસ, વાલ્મીકિ, વ્યાસ, શ્રીહર્ષ વગેરેથી પરિચિત જણાય છે ને તેમની કૃતિઓમાં દીર્ઘ સમાસયુક્ત સંસ્કૃત પદાવલીનો પણ ઉપયોગ થયેલો જોવા મળે છે તે બધું માત્ર **શ્રૌત** જ્ઞાનને આભારી હોવાનું માનવું કે કેમ તે પ્રશ્ન છે.

**કવિની નાનીમોટી કૃતિઓ આ મુજબ છે :** 65 કડવાંનું 'વિરાટપર્વ',115 કડવાંનું 'આરણ્યકપર્વ',10 કડવાંનું 'શલ્યપર્વ', 9 કડવાંનું 'સૌપ્તિક-પર્વ', 9 કડવાંનું 'સ્ત્રીપર્વ', 26 કડવાંએ અધૂરું 'આદિપર્વ', 13 કડવાંનું 'સભાપર્વ', 37 કડવાંનું 'ગદાપર્વ', 43 કડવાંનું 'ભીષ્મપર્વ', 23 કડવાંનું 'લવકુશ-આખ્યાન', 26 કડવાંનું 'મોરધ્વજાખ્યાન', 29 કડવાંનું 'સુધન્વાખ્યાન', 13 કડવાંનું 'વીરવર્માનું આખ્યાન', 33 કડવાંનું 'ચંદ્રહાસ-આખ્યાન', 125 કડવાંનું 'રામાયણ', 12 કડવાંનું 'નળાખ્યાન', 45 કડવાંનું 'ઓખાહરણ', 27 કડવાંનું 'અભિમન્યુ આખ્યાન', 22 કડવાંનું 'કર્ણ-આખ્યાન', 7 કડવાંની 'સગાળપુરી', 31 કડવાંનું 'હરિશ્ચંદ્ર-આખ્યાન', 13 કડવાંનું 'ધ્રુવાખ્યાન', 14 કડવાંનું 'શિવવિવાહ.'

**લઘુકૃતિઓ :** 'વ્યાઘ્ર-મૃગલી સંવાદ', ભીલડીના દ્વાદશમાસ', 'વિદુરની વિનતી' આ ત્રણે કૃતિઓની હસ્તપ્રતો પ્રાપ્ત થતી નથી તેથી એમાં નાકરના કતૃત્વ વિશે શંકા રહે છે.

આખ્યાનસ્વરૂપના વિકાસની દૃષ્ટિએ જોઈએ તો નાકર ભાલણની કડવા-પદ્ધતિમાં ઊથલો ઉમેરીને તેને **પરિણત** બનાવી એ પ્રચલિત બનાવે છે. કડવામાં બે પાત્રો વચ્ચેનો સંવાદ નિરૂપવામાં પણ નાકર ભાલણની રીત ચાલુ રાખે છે. ને એ જ રીત પછી પ્રેમાનંદ પણ અપનાવે છે. પ્રાચીન કથાવસ્તુને યથાવત્ વળગી રહેવાની કશી જરૂર નથી, તેમાં પણ દેશ, કાળ અને લોકોનાં રસ રુચિ, ઇત્યાદિ લક્ષમાં લઈને તેને અનુકૂળ ફેરફાર યોજી નવનિર્માણ કરી શકાય છે એ નવી દૃષ્ટિ પણ નાકર જ આપે છે.

જોકે, નાકર કવિ તરીકે બહુ મોટા કવિ નથી. પ્રેમાનંદ જેવી **નવોન્મેષશાળી પ્રતિભા** નાકરમાં નથી. પણ પ્રેમાનંદ પછી તરત નાકરનું સ્થાન આખ્યાનકાર તરીકે છે. ઇતિહાસલક્ષી દૃષ્ટિએ મધ્યકાલીન આખ્યાનના વિકાસક્રમમાં ભાલણ અને પ્રેમાનંદને સાધતી વચલી કડી બનીને કવિ નાકર નોંધપાત્ર બન્યા છે.

નાકર સુધી આખ્યાનસ્વરૂપનો જે વિકાસ થયો છે તે વિકાસને નવપલ્લવિત રાખવાનું કામ નાકર પછી ક્રમશઃ ખંભાતના કવિ **વિષ્ણુદાસ** (ઈ.સ. 16મી સદી ઉત્તરાર્ધ - ઈ.સ. 17મી સદી પૂર્વાર્ધ) અને **વિશ્વનાથ** જાની (ઈ.સ. 1652માં હયાત) કરે છે. કાવ્યત્વની દૃષ્ટિએ **વિષ્ણુદાસ** સામાન્ય કવિ છે. તેમનું મહત્ત્વ પ્રેમાનંદના પુરોગામી તરીકેનું છે. તેઓ પ્રેમાનંદને અઢળક કાચો માલ પૂરો પાડે છે. નરસિંહના જીવનમાંથી પ્રસંગ લઈ તેનું આલેખન કરનાર વિષ્ણુદાસ સર્વ પ્રથમ છે. 'મોસાળું' જ એમનું સ્વતંત્ર કાવ્ય છે, બાકી તો મહાભારત અને રામાયણનાં ચમત્કૃતિરહિત સારાંશ જેવાં કાવ્યો છે.

**કવિની કૃતિઓ :** મહાભારતનાં 15 પર્વો તેમણે ગુજરાતીમાં ઉતાર્યાં છે. 20 કડવાં અને 36 કડવાંવાળા બે 'સભાપર્વ', 14 કડવાંનું 'ગદાપર્વ', 9 કડવાંનું 'પ્રસ્થાનપર્વ', 38 કડવાંનું 'કર્ણપર્વ', 15 કડવાંનું 'શલ્યપર્વ', 25 કડવાંનું 'ભીષ્મપર્વ', 20 કડવાંનું 'સ્ત્રીપર્વ', 92 કડવાંનું 'આરણ્યકપર્વ', 15 કડવાંનું 'સૌપ્તિકપર્વ', 10 કડવાંનું 'મૌશલ/મૂશાળપર્વ', 7 કડવાંનું 'સ્વર્ગારોહણીપર્વ'.

મહાભારતની જેમ રામાયણના પણ 6 કાંડ કવિએ આખ્યાનરૂપે ઉતાર્યા છે. 38 કડવાંનો 'અયોધ્યાકાંડ', 23 કડવાંનો 'અરણ્યકાંડ', 1100 ગ્રંથાગ્રનો 'કિષ્કિંધાકાંડ', 'સુંદરકાંડ', 47 કડવાંનો 'યુદ્ધકાંડ' અને 'ઉત્તરકાંડ'. 82 કડવાંનું 'રામાયણ'.

જૈમિનીનાં 'અશ્વમેધ'ને આધારે પણ રચનાઓ કરી છે. 11 કડવાંનું 'અનુશાલ્વનું આખ્યાન', 8 કડવાનું 'ચંડી આખ્યાન', 19 કડવાંનું 'બભ્રુવાહન આખ્યાન', 28 કડવાંનું 'લવકુશ આખ્યાન', 23 કડવાંનું 'યૌવનાશ્વનું આખ્યાન/અશ્વમેધની કથા', 2 કડવાંનું 'અશ્વપ્રયાણ', 11 કડવાંનું 'નીલધ્વજનું આખ્યાન', 10 કડવાંનું 'ભીમહાસ્યની કથા', '24 કડવાંનું 'મોરધ્વજનું આખ્યાન', 30 કડવાંનું 'ચંદ્રહાસનું આખ્યાન', 'સુધન્વા આખ્યાન'.

ભાગવતના દશમસ્કંધ પર આધારિત 'લક્ષ્મણાહરણ' રામાયણના ઉત્તરકાંડ પર આધારિત 27 કડવાંનું 'હરિશ્ચંદ્ર આખ્યાન', નારદિકપુરાણ પર આધારિત 23 કડવાંનું 'રુકમાંગદ આખ્યાન'.

કવિને નામે 72 કડવાંની 'ઓખાહરણ', 40 કડવાંની 'જાલંધર આખ્યાન', 'અંગદવિષ્ટિ', 'દ્વારિકાવિલાસ', 'શિવરાત્રીની કથા' તથા 'સુદામાચરિત્ર' એ કૃતિઓ મળે છે પરંતુ એ કૃતિઓને કોઈ હસ્તપ્રતોનો ટેકો નથી એટલે એમની અધિકૃતતા શંકાસ્પદ છે.

વિશ્વનાથ જાની (ઇ. 1652માં હયાત) સત્તરમા શતકના ગણનાપાત્ર કવિ છે. સંખ્યાની દૃષ્ટિએ તેઓ વિષ્ણુદાસ જેટલી કૃતિઓ આપતા નથી, પરંતુ કાવ્યત્વની દૃષ્ટિએ એ વિષ્ણુદાસ કરતાં ચડિયાતા કવિ છે.

**કવિની કૃતિઓ :** નરસિંહના જીવન ઉપરથી 18/21 કડવાંનું 'મોસાળાચરિત્ર' તથા 23 કડવાંનું 'સગાળચરિત્ર', 'પ્રેમપચીસી', 'ચતુરચાલીસી' અને 6 કડીનું 'શ્રીનાથજીનું ધોળ'.

નરસિંહ મહેતાના જીવનમાં બનેલા મોસાળાના પ્રસંગે ઘણા કવિઓને આકર્ષ્યા છે. વિશ્વનાથ જાનીનું 'મોસાળાચરિત્ર' પ્રેમાનંદના 'મામેરું'ની બરાબરી કરે એવું સુંદર છે. ઘણાં કવિઓએ એ પ્રસંગને કેન્દ્રમાં રાખી રચનાઓ કરી છે, પરંતુ મોસાળાના નિરૂપણમાં મોટા ભાગના કવિઓએ (મીરાં, વિષ્ણુદાસ, કૃષ્ણદાસ, ગોવિંદ, દયારામ વગેરે) ભક્તની દૃષ્ટિ રાખી છે. એકમાત્ર વિશ્વનાથ જાનીએ ને પાછળથી પ્રેમાનંદે તેને કાવ્યત્વની કોટિએ મૂકવા સફળ પ્રયત્ન કર્યા છે.

આમ નરસિંહથી જેનું બીજારોપણ થયું અને ભાલણ-નાકર-વિષ્ણુદાસ-વિશ્વનાથ ઇત્યાદિ દ્વારા જેની સમૃદ્ધિમાં અનન્ય વૃદ્ધિ થઈ એ આખ્યાનકલા પ્રેમાનંદના હાથે સમૃદ્ધિ અને ઉચ્ચતાની પરાકોટિએ પહોંચે છે.

## 4.4 સારાંશ

17મા શતકને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મહત્ત્વનું શતક ગણવું જોઈએ. આ શતક દરમ્યાન પ્રજાએ સામાજિક અને રાજકીય એમ બંને રીતે સ્વસ્થતાનો અનુભવ કર્યો હતો. નરસિંહ મહેતાએ તેમનાં આત્મચરિત્રાત્મક પદોમાં છેક 15મી સદીમાં જે સ્વરૂપ-આખ્યાન-નું બીજારોપણ કર્યું હતું તે બીજ આ 17મી સદીમાં ક્રમશઃ વિકસતું ગયું તે આપણે જોયું. પછી આવતા બધા જ સર્જકોએ આખ્યાનસ્વરૂપને પોતાના તરફથી કંઈ નવું નવું ઉમેરી વિકસાવવાનો-સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. ભાલણે કડવાંબંધ આપ્યો તો નાકરે કડવાંને અંતે વલણ અને ઊથલો ઉમેર્યાં ને કડવાંબંધને સંપૂર્ણ કર્યો. આમ આ બધા આખ્યાનકારોએ પછી આવતા પ્રેમાનંદ માટે એક ફળદ્રુપ ભૂમિકા તૈયાર કરી એ રીતે એ બધાનું કાર્ય નોંધપાત્ર છે.

## 4.5 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન)* : અનંતરાય રાવળ, 1976
2. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ* - 2 : સંપા. ઉમાશંકર જોશી અને અન્ય, 1976
3. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ* : રમેશ એમ. ત્રિવેદી, 1992
4. *ગુજરાતી સાહિત્ય કોશ* - 1 : સંપા. જયંત કોઠારી અને અન્ય, 1989
5. *મધ્યકાલીન ગુજરાતી આખ્યાન* : શશીન્ ઓઝા, 1969


## 4.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

| | | |
|---|---|---|
| **શિરોમણિ** | - | મુખ્ય, શ્રેષ્ઠ |
| **આબાદી** | - | સમૃદ્ધ હોવું તે |
| **ચરમ** | - | અંતિમ, છેવટની |
| **પરમ** | - | ઉત્તમ |
| **સાતત્ય** | - | સતતપણું |
| **ફલશ્રુતિ** | - | કર્મનું ફળ જણાવનારું કથન |
| **કડવાં** | - | આખ્યાનમાં પડતા ભાગ, વિભાગ, ખંડ |
| **સંક્રમણ** | - | એક જગ્યા કે સ્થિતિમાંથી બીજી જગ્યા કે સ્થિતિમાં જવું તે - સંચાર |
| **ત્રિગુણાત્મક** | - | સત્ત્વ, રજસ, તમસ ત્રણ ગુણનું બનેલું |
| **સામાન્યતા** | - | સાવ સાધારણ |
| **શ્રૌત** | - | શ્રુતિ કે વેદસંબંધી |
| **પરિપૂર્ણ** | - | પરિપૂર્ણ |
| **નવોન્મેષશાળી** | - | નવું નવું સ્ફુરણ કરનારી |
| **પ્રતિભા** | - | કલ્પના, સર્જન, શોધખોળના ક્ષેત્રમાં નવું નવું બતાવનારી અસાધારણ બુદ્ધિશક્તિ |
| **ગ્રંથાગ્ર** | - | અક્ષરો. |

**'તમારી પ્રગતિ ચકાસો' - 4**

1. ઉત્તમ સાહિત્યસર્જન માટે કયું પરિબળ સૌથી મહત્ત્વનું છે ?
2. ગુજરાતમાં કયો સમયગાળો ઉત્તમ ગુજરાતી સાહિત્યના સર્જન માટે મહત્ત્વનો બની રહ્યો ? શા માટે ?
3. 'આખ્યાન' સંજ્ઞાનો અર્થ સમજાવો.
4. આખ્યાનકવિતાના મહત્ત્વનાં લક્ષણો દર્શાવો.
5. આખ્યાનકવિતાનું બીજારોપણ કોણે અને ક્યારે કર્યું ? તેમની કૃતિઓનાં નામ જણાવો.
6. કડવાંબંધની પ્રૌઢ આખ્યાન-પદ્ધતિનો આરંભ કોણ કરે છે ? કવિનું નામ દર્શાવી તેમની કૃતિઓનાં નામ જણાવો.
7. કવિ નાકરનું આખ્યાનસ્વરૂપના ઇતિહાસમાં શું સ્થાન છે તે દર્શાવી તેમની કૃતિઓનાં નામ જણાવો.
8. આખ્યાનકવિતાના સ્વરૂપના વિકાસમાં અને બીજી કઈ રીતે સમગ્ર આખ્યાનકારોમાં કવિ નાકરની વિશેષતા કઈ છે ?
9. નાકર પછીના આખ્યાનકવિઓ અને તેમની કૃતિઓનાં નામ જણાવો.

# એકમ 5 પ્રેમાનંદ

**રૂપરેખા**


5.0 પ્રસ્તાવના

5.1 જીવન અને ઘડતરનાં પરિબળો

5.2 પ્રેમાનંદનું સાહિત્યસર્જન

5.3 પ્રેમાનંદના પ્રતિભાઅંશો

5.4 ભાષાપ્રભુત્વ

5.5 કવિપ્રતિભા

5.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

5.7 ચાવીરૂપ શબ્દો


## 5.0 પ્રસ્તાવના

અગાઉના એકમમાં તમે આખ્યાનકાર કવિ પ્રેમાનંદ માટે આખ્યાનસ્વરૂપની પૂર્વભૂમિકા તૈયાર કરનારા તેમના પુરોગામી આખ્યાનકારો અને તેમની કવિતાનો પરિચય કર્યો. આ એકમ તમને આખ્યાન-શિરોમણિ કવિ પ્રેમાનંદના જીવન અને કવન વિશે પરિચિત કરશે. તમે જોઈ શકશો કે આખ્યાનકવિતા મધ્યકાળમાં તો રસપ્રદ અને લોકપ્રિય હતી જ અને આજે પણ એ એટલી જ રસપ્રદ છે. પ્રેમાનંદના 'નળાખ્યાન', 'કુંવરબાઈનું મામેરું' તથા 'સુદામાચરિત્ર' આજનો ભાવક જો એક વાર વાંચે તો ભલા ભૂલી શકે ખરો ?

## 5.1 જીવન અને ઘડતરનાં પરિબળો

લગભગ બધા મધ્યકાલીન ગુજરાતી કવિઓની માફક પ્રેમાનંદના જીવન વિશે પણ સાધાર માહિતી ઓછી જ મળે છે. પ્રેમાનંદના જીવનકાળ વિશે અનેક અનુમાનો થયાં છે. એમનો જન્મ ઈ.સ. 1636માં અને અવસાન ઈ.સ. 1734માં ગણીને આયુષ્યકાળ 'શ્રુતિપોક્ત સો વર્ષનો' ગણાયો છે. રામલાલ ચૂ. મોદી ઈ.સ. 1671 (અભિમન્યુ અને ચંદ્રહાસનાં આખ્યાનોની રચ્યાસાલ)થી પ્રેમાનંદનો કવનારંભ માની તે સમયે કવિની ઉંમર 21-22 વર્ષની કલ્પી ઈ.સ. 1649ને તેનું જન્મવર્ષ અને ઈ.સ. 1714 પછીના રચનાવર્ષનો ઉલ્લેખ કરતી કવિની કોઈ કૃતિ મળતી ન હોવાથી ઈ.સ. 1714ને કવિનું મૃત્યુવર્ષ માનવા સૂચવે છે. નગીનદાસ પારેખ ઈ.સ. 1649થી ઈ.સ. 1704 ગણે છે. જયંત કોઠારી પ્રેમાનંદની ઈ.સ. 1672માં પ્રગટ થયેલી પ્રથમ કૃતિ 'મદાલસા-આખ્યાન' અને છેલ્લી કૃતિ ઈ.સ. 1686માં 'નળાખ્યાન'ને ગણે છે. વળી, ઈ.સ. 1698માં 'દશમસ્કંધ' અધૂરો રહ્યો છે એ સર્વ બાબતોને ધ્યાનમાં રાખી કવિનો જીવનકાળ ઈ.સ. 1640થી ઈ.સ. 1700 સુધીનો ગણવા પ્રેરાય છે.

અન્ય કોઈ શ્રદ્ધેય માહિતીના અભાવે પ્રેમાનંદના જન્મ અને અવસાનના વર્ષ નિશ્ચિત દર્શાવી શકાય તેમ નથી. આ રીતે, એટલું તો ચોક્કસ કે 17મી સદીનો ઉત્તરાર્ધ વ્યાપકપણે પ્રેમાનંદના જીવન અને કવન ઉભયનો સમય માનવામાં ખાસ બાધ નથી.

**જીવન :**

નિ:શંકપણે પ્રેમાનંદની જ કહી શકાય એવી કૃતિઓને આધારે પ્રેમાનંદના જીવન અંગેની માહિતી આ પ્રમાણે મળે છે : એ વડોદરાના વતની હતા અને સંભવતઃ વાડી મહોલ્લામાં રહેતા હતા. પિતાનું નામ કૃષ્ણરામ હતું. જ્ઞાતિએ મેવાડા ચોવીસા બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તેઓ ઉદર નિમિત્તે આખ્યાનોની રચના કરતા અને પોતાને 'ભટ્ટ' તરીકે ઓળખાવતા હતા. એમનો વ્યવસાય માણભટ્ટ કે ગાગરિયા ભટ્ટનો હતો. આ વ્યવસાય અર્થે એમણે દક્ષિણમાં સુરત અને ત્યાંથી ખાનદેશમાં નંદરબાર અને છેક બુરહાનપુર સુધીનો પ્રવાસ અનેક વાર કર્યો હતો. કવિને નંદરબારના અગ્રણી દેસાઈ શંકરદાસનો આશ્રય મળ્યો હોવાની સંભાવના છે. કૃષ્ણભક્તિ અને રામભક્તિના મિશ્ર સંસ્કારો કવિ ધરાવતા જણાય છે. ઊતરતી વયે ધર્મ અને ભક્તિના સંસ્કાર કવિમાં વધુ બળવાન થયા હોય એવો સંભવ છે કેમ કે 'દશમસ્કંધ'ની રચના કવિએ ઉદરનિમિત્તે નહીં પણ રામચરણકમળ-મકરંદ લેવા કરી હોવાનું નોંધ્યું છે.

**દંતકથાઓ :**

ઘણા પ્રસિદ્ધ પુરુષો વિશે સાંભળવા મળતી હોય છે તેવી કેટલીક દંતકથાઓ પ્રેમાનંદ વિશે પણ મળે છે :

(1) જડભરત જેવા પ્રેમાનંદને કવિત્વશક્તિ કોઈ મહાત્માની કૃપાથી મળેલી.

(2) પુરાણીઓ સામના એક પડકાર તરીકે પ્રેમાનંદે સંસ્કૃત પુરાણો વાંચવાને બદલે ગુજરાતી આખ્યાનો કરવાં શરૂ કરેલાં.
(3) 'શું શાં પૈસા ચાર' એવી ગણાવાયેલી તે વખતની ગુજરાતી ભાષાનું ગૌરવ પુનઃ સ્થાપિત ન થાય ત્યાં સુધી માથે પાઘડી ન પહેરવાની કવિએ પ્રતિજ્ઞા લીધી હતી.
(4) 100 જેટલા શિષ્યો-શિષ્યાઓના મંડળની કવિએ સ્થાપના કરેલી.
(5) કવિને વલ્લભ નામે પુત્ર હતો જે તેમનો પટ્ટશિષ્ય હતો.
(6) કવિએ જુદા જુદા શિષ્યોને તેમની શક્તિ અનુસાર આખ્યાનો રચવા પ્રેર્યા હતા.
(7) પ્રેમાનંદે કેટલાંક નાટકો લખ્યાં હતાં.
(8) કવિને તે સમયના પુરાણીઓ સાથે ઝઘડો થયો હતો.
(9) પ્રેમાનંદ અને શામળ વચ્ચેની સ્પર્ધા.

પ્રેમાનંદના જીવન વિશે વહેતી કરવામાં આવેલી આ બધી વાતો હવે નિરાધાર સાબિત થઈ ચૂકી છે, કેમ કે (1) આ હકીકતો જેમાં આપવામાં આવેલી હતી તે પ્રેમાનંદની અને વલ્લભની કૃતિઓ તથા વલ્લભ સુધ્ધાં - બનાવટી સાબિત થયાં છે. (2) પ્રેમાનંદ પર આરોપવામાં આવેલો ભાષાભક્તિનો ભાવ જ એ સમયમાં અસંભવિત હતો. (3) પ્રેમાનંદના ગણાવાયેલા શિષ્યોમાંથી ઘણાનો તો ઇતિહાસમાં કશો પત્તો જ નથી. (4) પ્રેમાનંદના સમયમાં નાટક કહેવાય એવા નાટકનું અસ્તિત્વ જ નહતું. (5) શામળની કાવ્યપ્રવૃત્તિ પ્રેમાનંદના અવસાન પછી શરૂ થઈ છે એટલે એમની બંનેની વચ્ચે ઝઘડો થવાનો તો કોઈ સંભવ જ નથી.

## 5.2 પ્રેમાનંદનું સાહિત્યસર્જન

પ્રેમાનંદનો અક્ષરદેહ સમૃદ્ધ છે. જેમ તેના જીવન વિશે અનેક દંતકથાઓ ફેલાયેલી છે તેવી જ રીતે કવિના કાવ્યસર્જન વિશે પણ હકીકતોની આસપાસ રસિક દંતકથાઓ ગૂંથાઈ છે. કવિએ પચાસ જેટલી કાવ્યરચનાઓ કરી છે એમ કહેવાય છે. પરંતુ હવે નવા સંશોધન મુજબ પ્રેમાનંદની નિશ્ચિત મનાતી કૃતિઓની સંખ્યા 25 જેટલી છે. કવિ તરીકે તેમની પ્રતિભા નિરંતર વિકસતી રહી હતી તેથી તેઓ ફક્ત કથા કહેનાર અને ગાનાર માણભટ્ટ કે ગાગરિયા ભટ્ટ જ ન હતા પરંતુ તેઓ આખ્યાનકવિ તરીકે ઓળખાયા ને લોકપ્રિય બન્યા.

કવિનાં આખ્યાનોમાંના ઘણાં 'રામાયણ', 'મહાભારત', 'ભાગવત' અને 'માર્કંડેયપુરાણ'માંથી ઉપાડેલા કથાવસ્તુ પર લખાયેલાં છે.

**કૃતિઓ :** પ્રેમાનંદની અસંદિગ્ધ (જેનું કર્તૃત્વ નિશ્ચિતપણે પ્રેમાનંદનું જ છે તેવી) કૃતિઓ નીચે મુજબ છે :
(1) ઓખાહરણ (ર.ઈ.સ. 1667) (2) અભિમન્યુ આખ્યાન (ર.ઈ.સ. 1671) (3) ચંદ્રહાસાખ્યાન (ર.ઈ.સ. 1671) (4) મદાલસાખ્યાન (ર.ઈ.સ. 1672) (5) હૂંડી (ર.ઈ.સ. 1677) (6) શ્રાદ્ધ (ર.ઈ.સ. 1681) (7) સુદામાચરિત્ર (ર.ઈ.સ. 1682) (8) મામેરું (ર.ઈ.સ. 1683) (9) સુધન્વાખ્યાન (ર.ઈ.સ. 1684) (10) રુક્મિણીહરણ શ્લોકો (ર.ઈ.સ. 1684) (11) નળાખ્યાન (ર.ઈ.સ. 1686) (12) રણયજ્ઞ (ર.ઈ.સ. 1690)

જેની રચનાસાલ મળતી નથી પણ પ્રેમાનંદની જ ગણાય એવી કૃતિઓ નીચે મુજબ છે :
સ્વર્ગની નિસરણી, ફૂવડનો ફજેતો, વિવેક વણઝારો, વિષ્ણુસહસ્રનામ, રુક્મિણીહરણ, વામનકથા, શામળશાનો વિવાહ, બાળલીલા વ્રજવેલ, દાણલીલા, ભ્રમરપચીસી, દશમસ્કંધ, પાંડવોની ભાંજગડ, મહિના. **પ્રેમાનંદની સંદિગ્ધ** (પ્રેમાનંદને નામે ચડાવી દેવામાં આવેલી) **કૃતિઓ.**
હારમાળા, લક્ષ્મણાહરણ, સપ્તમસ્કંધ, સુભદ્રાહરણ, મહાભારતનાં પર્વો-પાંડવાશ્વમેધ, ભીષ્મપર્વ, વિરાટપર્વ, સભાપર્વ, બભ્રુવાહન આખ્યાન, દ્રૌપદી સ્વયંવર, નાચિકેતાખ્યાન.

આ ઉપરાંત પ્રેમાનંદને નામે ચઢેલાં નાટકો, જે પ્રેમાનંદનાં નથી : (1) સત્યભામા રોષદર્શિકાખ્યાન (2) પાંચાલી પ્રસન્નાખ્યાન (3) તપતાખ્યાન.

સામાન્ય રીતે પ્રત્યેક કવિ એની પૂર્વપરંપરાનો લાભ લેતો હોય છે. પરંપરામાં જે હોય તેને કવિ સીધેસીધું પણ ક્યારેક ઉઠાવી લે છે તો ક્યારેક પરંપરામાંથી મળેલ વસ્તુનું પોતાની પ્રતિભાના બળે રૂપાંતર કરે છે એટલે કે તેમાં નવા રંગો પૂરે છે ને નવું બનાવે છે. પ્રેમાનંદને પણ પોતાની પરંપરાનો લાભ મળ્યો છે હા, ખૂબ મળ્યો છે. ઘણી જગ્યાએ પ્રેમાનંદ પુરોગામીમાંથી સીધેસીધું ઉઠાવી લે છે' તો ઘણીવાર એની પ્રતિભાનો સ્પર્શ થતાં નવું રૂપ લઈને અવતરે છે. આપણે જોઈએ - કવિ પર એમના પુરોગામીઓનું પૂર્વ-પરંપરાનું ઋણ કેટલું છે. ?

## પરંપરા/પુરોગામીઓનું ઋણ અને પોતીકાપણું :

પ્રેમાનંદ સંપૂર્ણપણે મૌલિક આખ્યાનકાર નથી. એમને પરંપરા/પુરોગામીઓ પાસેથી ઘણી સામગ્રી પ્રાપ્ત થઈ છે. કેટલીક સામગ્રી કૃતિઓના કથાવસ્તુ માટે તો કેટલીક કૃતિના સ્વરૂપ ઘડતર માટે.

### (1) કૃતિઓના કથાવસ્તુ પરત્વે :

' 'હારમાળા'માં પૂર્વે જે જે કવિજન વૈષ્ણવ કહ્યું ચરિત્ર ઉદારજી

તે સઘળાંનો જોડ કરી બાંધ્યું શુભ આખ્યાનજી'

એમ 'હારમાળા'ની કથાવસ્તુ માટે કહે છે. પ્રસ્તુત પંક્તિઓ પ્રેમાનંદની ઘણી કૃતિઓના કથાવસ્તુ માટે સાચી છે. કવિને પુરાણોમાંથી અને પ્રચલિત ચરિત્રો-સુદામો, નરસિંહની જીવનકથાઓમાંથી કૃતિનું વસ્તુ મળ્યું છે. પૌરાણિક સાહિત્યનો એમનો અભ્યાસ કેટલો પ્રત્યક્ષ હતો એ વિશેની માહિતી મળતી નથી. પરંતુ કૃતિઓમાં શૈલીની જે વિદગ્ધતા છે અને ભાષામાં જે સંસ્કૃત પદાવલીનો વિનિયોગ થયેલો છે એ બતાવે છે કે કવિએ પૌરાણિક કથાસાહિત્યનું સીધું અધ્યયન કદાચ ન કર્યું હોય તો પણ શ્રવણ દ્વારા એમણે એના સંસ્કારો પોતાના મનમાં દૃઢ કર્યા છે એમ અનુમાન થઈ શકે.

### (2) આખ્યાનસ્વરૂપ ઘડતર પરત્વે :

આખ્યાનના મુખબંધ અને વલણની પંક્તિઓવાળા કડવાનો આકાર કવિને ભાલણ, નાકર વડે સિદ્ધ થયેલો મળ્યો છે. આખ્યાનોમાં કવિએ જે વિવિધ રાગો પ્રયોજ્યા છે તે રાગો પ્રયોજવાની પદ્ધતિ પણ પ્રેમાનંદની પૂર્વપરંપરામાં પ્રચારમાં હતી જ. આ ઉપરાંત કવિએ પૂર્વપરંપરામાંથી લયઢાળો, પંક્તિઓ, ઉક્તિઓ, અલંકારો, વર્ણનખંડો, પાત્રનિરૂપણો, કેટલીક વાર તો આખાં આખાં કડવાં કાં તો બેઠાં ને બેઠાં અથવા થોડા શાબ્દિક ફેરફાર સાથે ઉઠાવીને ઉપયોગમાં લીધા છે.

### (3) ભાષા પરત્વે :

પુરોગામી આખ્યાનકારોએ ભાષા સાથે કામ પાડીને ભાષાનું જે પોત તૈયાર કર્યું છે તેનો લાભ પણ પ્રેમાનંદને મળ્યો છે. આખ્યાનોનું વસ્તુ પૌરાણિક કથાનકોમાંથી લેવાતું તેથી સંસ્કૃત ભાષા તો તેમાં આવે જ જેમાં પ્રેમાનંદની વિશેષતા એ છે કે તેમની ભાષા લગભગ સિદ્ધિની કોટિએ પહોંચે છે. એનું કારણ એ છે કે આગળની પરંપરાએ પ્રેમાનંદને ખૂબ સહાય કરી છે. પ્રેમાનંદ સુધીમાં ભાષાપ્રયોગો ચળાઈ ગયા છે વળી, એ સ્વકીય બની ચૂક્યા છે અને સંસ્કૃત શબ્દો તથા ઘૂંટાયેલા તળપદા પ્રયોગો વડે અભિવ્યક્તિનું માધ્યમ ભાષા એકદમ તૈયાર થઈ ગયું છે.

આ રીતે પરંપરાનો લાભ લઈ પ્રેમાનંદે પોતાનું વિશેષ કંઈક ઉમેરીને નવું જ રૂપ સિદ્ધ કર્યું છે.

પ્રેમાનંદે પરંપરાનો જે અઢળક લાભ લીધો છે તે આજની દૃષ્ટિએ જોઈએ તો એ ગૌરવભર્યું ન લાગે પરંતુ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની આ પરંપરા હતી. કોઈના મનમાં આજના જેવા કવિપણાના ભાવ જ ક્યાં હતા ?! જેથી કોઈ પ્રશ્ન થાય.

આપણે માટે મહત્ત્વની વાત તો એ છે કે સર્જક પૂર્વપરંપરામાંથી જે કંઈ લે છે અને વાપરે છે તેમાં એની મૌલિક મુદ્રા કેવી અને કેટલી ઉપસાવે છે ? આ રીતે વિચારીએ તો પ્રેમાનંદ વિશે આપણે એમ કહી શકીએ કે પ્રેમાનંદ પ્રસંગમાં નિહિત રસ રહસ્યને કેટલીકવાર કુશળતાથી ખીલવી શકે છે. કૃતિમાં કથન, વર્ણન અને ભાવનિરૂપણની સમતુલા રાખી શકે છે અને લગભગ પ્રત્યેક કૃતિ ચોક્કસ આદિ-મધ્ય-અંતવાળી હોય છે. આ વસ્તુ તો ભાવક કવિનાં આખ્યાનોને અ[illegible]ા આખ્યાનકારોનાં આખ્યાનોને સરખાવે તો તરત સમજી શકે. દા.ત., વિશ્વનાથ જાનીનું 'મોસાળાચરિત્ર' જુઓ અને પ્રેમાનંદનું 'મામેરું' જુઓ.

ટૂંકમાં, પ્રેમાનંદે પૂર્વપરંપરાનો અઢળક લાભ લઈને પણ મધ્યકાળના કોઈ પણ આખ્યાનકાર કરતાં વધુ સર્જકતા, બીજા સૌને ઢાંકી દે એવી સર્જકતા બતાવી છે એમાં જ એનું પોતીકાપણું - સર્જકપણું દેખાય છે.

હવે આપણે કવિની કૃતિઓનો પરિચય કરીએ.

## અભિમન્યુ આખ્યાન (ર.ઈ. 1671) :

51 કડવાંનું આ આખ્યાન પ્રેમાનંદનું મધ્યમ કક્ષાનું સર્જન છે. તેનું વસ્તુ મહાભારતની કથામાંથી લેવામાં આવ્યું છે. કૃતિમાં અભિમન્યુની કથા બે ભાગમાં સ્વાભાવિક રીતે વહેંચાઈ જાય છે. અભિમન્યુના પૂર્વજન્મની કથા અને ખરેખરી અભિમન્યુ કથા. પૂર્વજન્મની કથા એટલે કે જેમાં અહિલોચનવૃત્તાંત આવે છે તે ભાગ. અહિલોચનના વૃત્તાંતને પ્રેમાનંદે જેટલું ખીલવ્યું છે તેટલું બીજા કોઈ આખ્યાનકારે ખીલવ્યું નથી. એમાં કવિએ કૌટુંબિક અને અન્ય તળપદા ભાવો ગૂંથ્યા-વર્ણવ્યા છે.

અભિમન્યુકથા પણ બે ભાગમાં વહેંચાઇ ગઈ છે. એક ભાગમાં પ્રસૂતિ, મોસાળું, સામૈયું વગેરે અંગેના ગુજરાતી વ્યવહારોનું દર્શન અને કેટલાંક તળપદાં ગુજરાતી કહેવાય તેવાં જનસ્વભાવચિત્રો દોરતી અભિમન્યુના ગર્ભપ્રવેશથી લગ્ન સુધીની કથા છે. બીજો ભાગ યુદ્ધકથાનો છે.

આખ્યાનમાંનાં કેટલાંક વર્ણનો ધ્યાનપાત્ર છે. જેમ કે, અહિલોચનની ગતિનું વર્ણન અને કૃષ્ણના બ્રાહ્મણરૂપનું વર્ણન. પરંતુ અભિમન્યુના મૃત્યુથી પાંડવોને આઘાત લાગે છે એ ઘટનાનું વર્ણન એટલું અસરકારક નથી. અભિમન્યુના મૃત્યુથી પાંડવોને આઘાત લાગે છે એ વર્ણન પણ નબળું છે. યુદ્ધનાં વર્ણનો પરંપરાગત શૈલીનાં છે. રીતરિવાજોનું વર્ણન અને કથાપ્રસંગોનું વર્ણન આ આખ્યાનમાં અન્ય કૃતિઓ જેટલાં અસરકારક નથી. અભિમન્યુનું ચરિત્ર કૃષ્ણની તુલનાએ વધારે ઉજ્જ્વળ અને ઉદાત્ત બન્યું છે. રસનિરૂપણ બીજી કૃતિઓ જેટલું **પ્રશસ્ય** નથી.

**ચંદ્રહાસાખ્યાન (ર.ઈ. 1671) :**

28 કડવાંના 'ચંદ્રહાસાખ્યાન'માં પ્રેમાનંદે જૈમિનીય અશ્વમેધપર્વમાંની ચંદ્રહાસની કથાને થોડાક ફેરફારો સાથે આલેખી છે. આ ફેરફારમાં કવિએ પુરોગામી નાકરની કૃતિનું અનુકરણ કરેલું જણાય છે.

આખ્યાનનો વસ્તુબંધ થોડો **ક્લિષ્ટ** છે અને પાત્રોનાં નામ અને પદની થોડી ગૂંચ પણ તેમાં રહી ગઈ છે. જોકે, પ્રેમાનંદને જેમાં વિશેષ ફાવટ છે તેવી નાટ્યાત્મક વક્રોક્તિમાંથી કાવ્યમાં કેટલુંક **પ્રસંગનિર્વહણ** ચમત્કારિક બન્યું છે.

ચરિત્રનિરૂપણમાં પ્રેમાનંદની આગવી સિદ્ધિ અહીં દેખાતી નથી. ધૃષ્ટબુષ્ટિ એના નામને સાર્થક કરતું પાત્ર છે. ચંદ્રહાસના પાલક પિતા કુલિંદનું પાત્ર ખાસ આકર્ષક બનતું નથી. ચંદ્રહાસના ભક્તિભાવમાં એના મોભાને ન છાજે તેવી થોડી વ્યવહારાભિમુખતા દેખાય છે.

પાત્રોમાં કવિએ પ્રાકૃત ભાવોનું આરોપણ કર્યું છે. તેમ છતાં કેટલાંક પાત્રોમાં કવિની ચરિત્રચિત્રણકલાની ઝાંખી થાય છે. જેમ કે, વિષયાના ઋજુ ઉજ્જવલ પ્રણયભાવો, ગાલવઋષિનું બ્રહ્મતેજયુક્ત સ્વાભિમાન વગેરેમાં. અનાથ શિશુ ચંદ્રહાસ પ્રત્યેનું પડોશણોનું વાત્સલ્યપૂર્ણ વર્તન અને મારાઓના મનોવ્યાપારોમાં પ્રગટ થતું માનવતાદર્શન પણ આકર્ષક છે.

અદ્‌ભુત, કરુણ અને શૃંગાર તેમ જ ભક્તિ આ બધા જ રસોને ઉત્તમ રીતે નિરૂપવાનો અવકાશ આ આખ્યાનની કથામાં છે પરંતુ કવિ રસજમાવટ ઉત્તમ રીતે કરી શક્યા નથી. વર્ણનોમાં વનની ભયંકરતા અને ચંદ્રહાસના રૂપનું વર્ણન આસ્વાદ્ય છે. આખ્યાનને અંતે ચંદ્રહાસ અને કૃષ્ણ ભગવાનના મિલન પ્રસંગનું નિરૂપણ આર્દ્ર ભાવોથી ધબકતું છે.

પરંતુ, આ આખ્યાનમાં પ્રેમાનંદની કવિત્વશક્તિ ઉત્તમ રીતે પ્રગટ થઈ છે વિષયા ચંદ્રહાસને મળે છે એ પ્રસંગનિરૂપણમાં. ટૂંકમાં, નાકર આધારિત પ્રસંગોને પ્રેમાનંદે પોતાની રીતે નવા રૂપે રજૂ કર્યા છે.

**ઓખાહરણ (સંભવત: 1667) :**

૨૯ કડવાંનું કવિ પ્રેમાનંદનું આ આખ્યાન તેમના સર્જન કાળના આરંભનું છે. તેનું કથાવસ્તુ ભાગવતના દશમસ્કંધમાંથી લેવાયું છે. તેમાં ઓખા-અનિરુદ્ધનાં લગ્ન તથા એને અનુષંગે શંકર અને શ્રીકૃષ્ણ વચ્ચે થયેલું યુદ્ધ આવે છે.

આખ્યાનના મૂળ વસ્તુમાંથી ઓખાની પૂર્વજન્મની અને બાણાસુરના વાંઝિયાપણાની વાત કવિએ ટાળી છે. એને કારણે વિષયવસ્તુની એકતા સધાઈ છે. ઓખાના મનોભાવોનાં નિરૂપણો તેમ જ વિવિધ યુદ્ધ પ્રસંગોનાં વર્ણનો અહીં વિસ્તારથી થયાં છે.

કૃતિનું મુખ્ય પાત્ર ઓખા છે. એ માત્ર પ્રેમઘેલી અને લગ્નોત્સુક કન્યા છે. તેનો અનિરુદ્ધ પરત્વેનો પ્રણય આવેગયુક્ત છે. ઓખા-અનિરુદ્ધના શૃંગારનું આલેખન કવિએ ક્વચિત સરસ કર્યું છે. અનિરુદ્ધનું પાત્ર પોતે ક્રિયાશીલ નહીં પણ ક્રિયાધીન હોય એવું લાગે છે. પરંતુ યુદ્ધ વખતે એનામાં પ્રગટતું શૌર્ય ચમત્કાર જેવું ભાસે છે. ઓખાની **વિધાત્રી** રૂપ બનેલી સખી ચિત્રલેખાનું પાત્ર જીવંત લાગે છે.

રસનિરૂપણમાં કવિની સિદ્ધિ ખાસ દેખાતી નથી. કૃતિમાં વીરરસ મુખ્ય છે અને એને આશ્રયે અદ્‌ભુત, ભયાનક, બીભત્સરસ આલેખાયા છે. શબ્દની નાદશક્તિથી યુદ્ધનાં ગતિસભર ચિત્રો કવિએ આપ્યાં છે. શબ્દઘોષથી એ વાતાવરણ ખડું કરે છે અને શોણિતસરિતા જેવા રૂપકથી આપણી સમક્ષ ચિત્રો આંકી બતાવે છે. કવિની વિશેષ પ્રતિભા અહીં ખીલી નથી.

**હૂંડી (ર.ઈ. 1677) :**

૭ કડવાંની આ હૂંડી નામક આખ્યાનરચનામાં ભક્ત નરસિંહના જીવનમાં બનેલો ચમત્કારિક પ્રસંગ

આલેખાયેલો છે. કેટલાક ટીખળી લોકો નરસિંહ મહેતાની મશ્કરી કરવા તેમની પાસે હૂંડી લખાવવા મોકલે છે. નરસિંહ મહેતા દ્વારકાના શામળશા શેઠ પર હૂંડી લખી આપે છે. નરસિંહની ભક્તિને પ્રતાપે ભગવાન શામળશા શેઠનું રૂપ લઈ **હૂંડી** છોડાવે છે.

આટલા ટૂંકા કથાવસ્તુવાળી આ આખ્યાનરચનામાં કવિ પ્રેમાનંદે ચમત્કારના તત્ત્વને મહત્ત્વ આપ્યું નથી. પરંતુ ભક્ત અને ભગવાન વચ્ચે રહેલા અતૂટ સ્નેહની જ વાત મુખ્યત્વે કરી છે. એક બાજુ નરસિંહની ભગવાન પરની અતૂટ શ્રદ્ધા અને એમાંથી જન્મેલી જીવન પ્રત્યેની નફિકરાઈ છે તો બીજી બાજુ અશ્રદ્ધાળુ પ્રજા છે જે નરસિંહને હાંસીપાત્ર બનાવવાનું કાવતરું કરે છે ને પોતે જ હાંસીપાત્ર બની જાય છે.

કવિએ કરેલું ભગવાન બનેલા શામળશા શેઠનું વર્ણન અને નરસિંહના ઘરનું વર્ણન ચિત્રાત્મક છે. આ આખ્યાનકૃતિ કવિની અન્ય કૃતિઓને મુકાબલે ઘણી નાની પણ ભાવસભર છે.

**મામેરું (ર.ઈ. 1683) :**

૧૬ કડવાંનું આ આખ્યાન પ્રેમાનંદની એક અતીવ રમણીય રચના છે. ભક્ત નરસિંહના જીવનની એક મહત્ત્વની ઘટના અહીં કથાવસ્તુ તરીકે આવે છે. નરસિંહની પુત્રી કુંવરબાઈને સીમંત આવવાનું છે. કુંવરબાઈને ચિંતા છે કે તેનો ભક્ત-સાધુ પિતા તેનું મોસાળું કઈ રીતે કરી શકશે ? જ્યારે સાધુપિતા નરસિંહને 'મોસાળું કરશે શ્રીહરિ' એવી અતૂટ શ્રદ્ધા છે. તેનું ચિત્ત સંકલ્પ-વિકલ્પોમાં અટવાતું નથી. તેનું જીવન સંપૂર્ણપણે ઈશ્વર સમર્પિત છે. જીવનમાં અનેક ઝંઝાવાત આવે છે પણ તેની ઈશ્વરશ્રદ્ધા ડગતી નથી. એની અતૂટ શ્રદ્ધા સાચી ઠરે છે ને પ્રભુ પોતે મોસાળું કરે છે.

સામે પુત્રી કુંવરબાઈ અધીર બનેલી, અકળામણ અનુભવતી દેખાય છે. સ્ત્રીના જીવનની ધન્ય ઘડી-ધન્ય પ્રસંગ સીમંત તેને સાંપડી છે પણ તે પિતાની ગરીબાઈને કારણે વ્યથિત થઈને કહે છે, 'સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું ?' છતાં તેને પિતા માટે અપાર મમતા-સ્નેહ છે. પિતાની મશ્કરી નાગરી નાતની સ્ત્રીઓ કરે છે તે તેનાથી સહન થતી નથી. આખ્યાનમાં કુંવરબાઈની ક્ષણ ક્ષણની રિબામણી તાદશ થઈ છે. એ રીતે કુંવરબાઈનું પાત્ર અત્યંત જીવંત બન્યું છે.

એ જ રીતે, કુંવરબાઈની વડસાસુ, ભગવાન શેઠ અને લક્ષ્મીજી કમળાશેઠાણી, નાગરી નાતની નરસિંહ મહેતાની **ઠેકડી** ઊડાડતી સ્ત્રીઓ આ બધાં પાત્રો પણ આસ્વાદવા જેવાં આકર્ષક છે. પ્રેમાનંદે પાત્રો પાસે તત્કાલીન સમયે બોલાતી વાણી બોલાવી છે અને તે દ્વારા તે સમયના હિંદુ સંસારનું વાસ્તવિક ચિત્ર આલેખ્યું છે.

જગત-ભગતનો વિરોધ આ કાવ્યનું મુખ્ય તત્ત્વ છે. આ કાવ્યમાંના કેટલાક પ્રસંગો તો અત્યંત અસરકારક અને ચિરંજીવ છે જેમ કે, સાધુ પિતા નરસિંહ અને કુંવરબાઈનું મિલન, **સમોવણ** ન મળતાં નરસિંહે ગાયેલો મલ્હાર, કુંવરબાઈની વડસાસુએ આપેલી મામેરાની લાંબી યાદી, ભગવાન શેઠ-શેઠાણીના રૂપે આવી જે પહેરામણી કરે છે તે, કુંવરબાઈની નણંદની દીકરીનું કપડું રહી જાય છે તે આકાશમાંથી પડે છે તે ચમત્કાર વગેરે. નવલરામે કહ્યું છે તે યથાર્થ છે કે "કવિએ આ કાવ્ય ઘણા ઉમંગથી લખ્યું હોય એમ જણાય છે : એમાં સઘળે ઠેકાણે આનંદ ઊછળી રહ્યો છે અને કવિની કલમના ઉછાળા પ્રત્યક્ષ માલૂમ પડે છે."

ભક્તિરસના આ કાવ્યમાં હાસ્ય, કરુણ, અદ્‌ભુત રસ પણ સમર્થ રીતે નિરૂપાયાં છે.

**સુદામાચરિત્ર (ર.ઈ. 1682) :**

14 કડવાંની આ નાનકડી કૃતિ પ્રેમાનંદની એક ઉત્તમ આખ્યાન રચના છે. કથાવસ્તુ 'ભાગવત'માંથી લેવામાં આવ્યું છે. કવિનો આશય ભગવત્‌કૃપા અને ભક્તિનો મહિમા ગાવાનો છે. સુદામાએ કૃષ્ણથી છૂટા પડતી વખતે કૃષ્ણ પાસે આટલી અભિલાષા વ્યક્ત કરી : 'સદા તમારા ચરણ વિશે રહેજો મનસા મારી'. કાવ્યને અંતે સુદામાની આ **અભિલાષા** ફળીભૂત થતી બતાવાઈ છે.

કૃષ્ણ-સુદામાના મૈત્રીસંબંધનો કવિએ અહીં રસિક રીતે ઉપયોગ કર્યો છે. કૃષ્ણ સુદામાની મીઠી મજાકો અને **ટીખળો** કરે છે તેમાં એ અનુભવાય છે. જેમ કે, સુદામાના **કૃશ** શરીરને જોઈ કૃષ્ણ સુદામાને પૂછે છે 'કેમ ભાભી અમારાં વઢકણાં' વગેરેમાં. આને કારણે જ નગીનદાસ પારેખ 'સુદામાચરિત્ર'ને 'મૈત્રીકાવ્ય' કહેવા પ્રેરાયા છે. કવિએ ભાગવતના સુદામાનું રૂપ અહીં બદલી કાઢ્યું છે. ભાગવતના **બ્રહ્મનિષ્ઠ** સુદામામાં કવિએ અહીં સામાન્ય માનવીયતાની રેખાઓ ગૂંથી છે. તેથી પ્રેમાનંદે સુદામાનું જે ચરિત્ર ઊભું કર્યું છે તે પ્રતીકાત્મક બન્યું છે. રામનારાયણ પાઠક આ આખ્યાનમાં જીવ અને ઈશ્વરનો સંબંધ જુએ છે.

પ્રેમાનંદે સુદામાનું ભક્તચરિત્ર ઊભું કર્યું છે પરંતુ સુદામાના પાત્રમાં બાઘાઈ, **પ્રાકૃતતા** અને **પ્રમાદના** અંશો આવી ગયા છે. સુદામાની કુટુંબવત્સલતાને પડછે એનો વૈરાગ્ય નિસ્તેજ અને ગૌરવહીન લાગે છે.

**અયાચકવ્રત** ધારણ કરનાર બ્રાહ્મણ અહીં દીન, લાચાર, ગરીબડો લાગે છે. સુદામાના ચિત્તનાં સંચલનોને પ્રેમાનંદે અહીં સૂક્ષ્મતાથી મૂર્ત કરી આપ્યાં છે તેમાં તેમની પ્રત્યક્ષીકરણની કલાનો પરિચય થાય છે.

કૃતિમાંના કેટલાક સંવાદો અને પ્રસંગો ભાવકચિત્તમાં અવિસ્મરણીય રહેશે. જેમ કે, સુદામા અને તેની પત્ની વચ્ચેનો સંવાદ, કૃષ્ણ અને સુદામાની ગોઠડી 'તને સાંભળે રે, મને કેમ વિસરે રે', કૃષ્ણ પાસેથી વિદાય વેળાયે કૃષ્ણ કંઈક આપશે એવી આશા રાખતો સુદામો, કૃષ્ણ મંદિરની ભવ્યતા જોઈ આશ્ચર્યમૂઢ બનેલો સુદામો, કૃષ્ણ-સુદામાનું મિલન, સુદામાની ઠેકડી ઉડાડતી જાદવ સ્ત્રીઓ અને છોકરાઓની વાનરસેના વગેરે.

**નળાખ્યાન (ર.ઈ. 1686) :**

65 કડવાંની આ આખ્યાનરચનાનું કથાવસ્તુ મૂળ મહાભારતના વનપર્વમાં આવતા 'નલોપાખ્યાન'માંથી લેવામાં આવ્યું છે. આ આખ્યાન પ્રેમાનંદની પરિપકવ પ્રતિભાની નીપજ છે. નૈષધ દેશનો રાજા નળ વિદર્ભ દેશની રાજકુમારી દમયંતીના રૂપથી મોહિત થાય છે ને તેની સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. પછી દમયંતીનો સ્વયંવર રચાય છે. તેમાં અનેક રાજાઓ ઉપરાંત સ્વર્ગમાંથી દેવો પણ આવે છે છતાં દમયંતી નળને પરણે છે.

કળિને દમયંતી મળતી નથી તેથી તેને દુઃખી કરવા નળમાં પ્રવેશે છે. નળની બુદ્ધિ બગડે છે તે તેના ભાઈ સાથે જુગાર રમે છે ને જુગારમાં હારી જાય છે. હારેલો નળ રાજપાટ વિનાનો થઈ જાય છે ને દમયંતીને લઈને વનમાં જાય છે. કળિ પ્રવેશને કારણે નળ ભૂલી જાય છે કે દેવોના વરદાનને કારણે દમયંતીના હાથ **અમૃતસ્રવીયા** બન્યા હતા. તેથી મૃતસંજીવન પ્રસંગથી નળને દમયંતી માટે ગેરસમજ થાય છે ને તે દમયંતીનો ત્યાગ કરે છે. નળ દમયંતીથી છૂટો પડી વનમાં આગળ વધે છે ત્યાં તે કર્કોટક નામના સર્પને અગ્નિમાંથી બચાવે છે તેને સર્પનો દંશ થતાં તે કદરૂપો બની જાય છે. પછી **બાહુકવેશે** ઋતુપર્ણ રાજાને ત્યાં સારથિરૂપે રહે છે. આ બાજુ દમયંતી પણ ઘણાં દુઃખો સહન કરી છેવટે નળની શોધ કરે છે ને નળની ભાળ મળતાં તે સ્વયંવર માટેની યુક્તિ ગોઠવીને પુનઃ નળને પ્રાપ્ત કરે છે. આ વસ્તુ પ્રેમાનંદને હાથે સવાહી બન્યું છે. કથામાં 'હવે પછી શું'નું કુતૂહલ સતત જળવાયું છે.

આ આખ્યાનકાવ્યનો અર્ધો ભાગ શૃંગારસથી ભરપૂર છે. જોકે કથાની યોજના પ્રેમનું મધુર ચિત્ર આપવા માટે થઈ નથી. પરંતુ પ્રેમના ચિત્ર પર **નિયતિ**ની કાળી છાયા કેવી ઊતરે છે એ બતાવવા યોજાઈ છે.

કાવ્યનો મુખ્ય રસ કરુણરસ છે પરંતુ કવિનું સર્જનકર્મ હાસ્યમાં વિશેષ પ્રગટ થયું છે. હાસ્યરસ અહીં પ્રચુરતાથી અને પ્રસ્તારથી વર્ણવાયો છે. કવિએ હાસ્યનાં ભર્યાંભર્યાં પ્રત્યક્ષ ચિત્રો-**ઠઠ્ઠાચિત્રો** ઉપજાવ્યાં છે. હાસ્ય મુખ્યત્વે કટાક્ષમય ચિત્રોનું હાસ્ય છે.

'નળાખ્યાન'નાં મુખ્ય પાત્રો નળ અને દમયંતી છે. એ બંનેના આરંભનાં ચિત્રો મુગ્ધ યુવાન- યુવતીનાં છે. એમાં ખાસ વિશેષતા કે ચમત્કાર દેખાતો નથી. પણ દમયંતીની નળ પ્રત્યેની અચળભક્તિ જે રીતે કાવ્યમાં આલેખાઈ છે તે રીતે આ આખ્યાનને 'દમયંતી આખ્યાન' કહેવાનું મન થાય.

કવિએ અહીં ઘણા પ્રસંગોનું કર્તૃત્વ કળિમાં આરોપ્યું છે તેથી નળના દોષ દેખાતા નથી. કળિને કારણે નળ-દમયંતીને જે વેદનામાંથી પસાર થવું પડ્યું છે તે વેદના અસહ્ય છે. નળ- દમયંતીનાં પાત્રો દયાપાત્ર લાગે છે. કળિનું વર્ચસ્વ પછીની સમગ્ર ઘટનાઓ પર વિશેષ દેખાય છે તેથી દમયંતી, નળ વગેરે પાત્રો કળિનાં સોગઠાં જેવાં ભાસે છે. કળિને કારણે જ કેટલાક પ્રસંગો પણ કૃત્રિમ લાગે છે, **તાલમેલિયા** દેખાય છે. આમ છતાં વસ્તુ, પાત્ર, રસનિરૂપણ આ બધી રીતે નળાખ્યાન આસ્વાદ્ય કૃતિ બની રહે છે.

**પ્રકીર્ણ કૃતિઓ :**

**રણયજ્ઞ** (ર.ઈ. 1690) 26 કડવાંની 'રણયજ્ઞ'નું કથાવસ્તુ કવિએ રામાયણમાંથી લીધું છે. રામ-રાવણ વચ્ચેના યુદ્ધની કથા આખ્યાનમાં આલેખાઈ છે. રામ-રાવણ બંનેના સેનાપતિઓ અને સૈન્યની માહિતી કવિએ વિગતે આપી છે તેને કારણે કથાવેગ મંદ બને છે. કૃતિમાં કેટલાક પ્રસંગો અને સંવાદો આકર્ષક છે જેમ કે, રામનાં બાણ રાવણનો પીછો પકડે છે એ પ્રસંગનું આલેખનને મંદોદરી-રાવણ તથા રાવણ-કુંભકર્ણના સંવાદોમાં યુદ્ધની પડછે આલેખાતું માનવસંવેદન.

**સુધન્વાખ્યાન (ર.ઈ. 1684) :**

25 કડવાંના આ આખ્યાનમાં સુધન્વા અને અર્જુન વચ્ચેના યુદ્ધની કથાનું આલેખન થયું છે. સાચા ભક્તની ભક્તિનો મહિમા આ આખ્યાનકૃતિમાં કવિએ કર્યો છે. વળી, વીર અને અદ્ભુત આ બંને રસ એક સાથે નિરૂપાયા છે.

**સપ્તમસ્કંધ/પ્રહલાદ-ચરિત્ર :**

28 કડવાંના આ આખ્યાનનું સંઘટન શિથિલ છે. 28 કડવાંમાંના પહેલાં 22 કડવાંમાં પ્રહ્‌લાદચરિત્ર છે. બીજાં 2 કડવાંમાં ત્રિપુરાસુરની હત્યાની કથા છે. બાકીનાં 4 કડવાંમાં ધર્મ- નારદ સંવાદ દ્વારા વર્ણાશ્રમધર્મ, વિપ્રધર્મ, સંન્યાસીના ધર્મ અને ગૃહસ્થાશ્રમના ધર્મ વર્ણવવામાં આવ્યા છે.

આખ્યાનો સિવાય પ્રેમાનંદે કેટલીક વધુ કાવ્યકૃતિઓ રચી છે. 73 કડીની 'સ્વર્ગની નિસરણી' જેમાં સંસારી સુખમાં મસ્ત મનુષ્યને ભોગવવી પડતી નરકની યાતનાઓ અને પુણ્યશાળી મનુષ્યોનાં પુણ્યકર્મો વર્ણવવામાં આવ્યાં છે. 'વિવેક વણઝારો' 87 કડીનું રૂપકકાવ્ય છે. 'બાળલીલા'માં 163 કડીનાં કૃષ્ણજન્મના પ્રસંગને વિસ્તારથી અને કૃષ્ણની ગોકુળલીલાના પ્રસંગોને સંક્ષેપમાં વર્ણવ્યા છે. 16 પદની 'દાણલીલા'માં ભાગવતના દાણલીલાના પ્રસંગને કૃષ્ણ-ગોપીના સંવાદરૂપે આલેખ્યો છે. 'ભ્રમરપચીશી'માં 25 પદમાં ઉદ્ધવ અને ગોપી-નંદ- જશોદા વચ્ચે થતા સંવાદને રજૂ કર્યો છે. 'મહિના-રાધાવિરહ'ના આ કૃતિમાં ચૈત્રથી ફાગણ સુધીના બાર માસમાં રાધાના વિરહનું આલેખન થયું છે. 'વિષ્ણુસહસ્રનામ', 'કુવડનો ફજેતો' અને 'પાંડવોની ભાંજગડ' એ નાની-લઘુ કૃતિઓ છે.

## 5.3 પ્રેમાનંદનાં પ્રતિભાઅંશો

હવે કવિ પ્રેમાનંદની એક આખ્યાનકાર તરીકેની શ્રેષ્ઠતા તેમના કયા લાક્ષણિક પ્રતિભા-અંશોને આભારી છે અને એમની કૃતિઓમાંથી એ કઈ રીતે પ્રગટ થાય છે તે તપાસીએ.

**કથનકળા :**

સૌથી પહેલાં ધ્યાન ખેંચે છે કવિની વાતને મલાવીને કહેવાની આવડત. કોઈ પણ પ્રસંગને કવિ નિગૂઢ નાટ્યાત્મકતાથી પ્રગટ કરે છે. સુદામાની વિદાય જેવો 'સુદામાચરિત્ર'માંનો એક નાનકડો સામાન્ય પ્રસંગ જ જુઓ. કૃષ્ણ સુદામાને કંઈ આપતા નથી. એ હકીકત પ્રેમાનંદ કેવી ઘૂંટી ઘૂંટીને કહે છે. સુદામા વિદાય માગે છે અને કૃષ્ણને પ્રાર્થે છે - 'વળી કૃપા કરજો કો સમે'. પછી ખાલી હાથે કૃષ્ણ સુદામાને પોળ સુધી વળાવવા જાય છે પણ 'કોડી એક ન મૂકી કરમાંહિ'. સુદામા વિચારે છે સ્ત્રીથી છાનુંમાનું કંઈક આપશે, પણ 'પગે લાગી નારી સૌ ગઈ, તોયે પણ કાંઈ આપ્યું નહીં' પછી કૃષ્ણ સુદામાને એક કોસ સુધી વળાવવા જાય છે. સુદામા એમને પાછા વળવા કહે છે ત્યારે ભેટીને રડે છે ને 'ફરી મળજો' કહી કૃષ્ણ સુદામાને કશું આપ્યા વિના પાછા ફરે છે. આ પ્રસંગમાં સુદામાના મનની આતુરતા કેવી વેધક રીતે પ્રગટ થઈ છે !

આ રીતે કવિ કથાને બહેલાવી શકે છે તેનું કારણ કવિનું ચાતુર્ય, એમનું જનસ્વભાવનું જ્ઞાન-ટૂંકમાં એમની કલ્પના અને બુદ્ધિની સજ્જતા છે. કવિ કથાનો તંતુ ક્યાંય ઢીલો પાડ્યા વિના પ્રસંગ-પરિસ્થિતિ-પદાર્થોનાં વર્ણનો કરે છે. જેવાં કે પાત્રોનાં વર્ણનો, સ્થળનાં વર્ણનો, ચીજવસ્તુઓનાં વર્ણનો, ઋતુઓનાં-પ્રકૃતિઓનાં વર્ણનો : શામળશા શેઠ કે દામોદર દોશીરૂપે આવેલા ભગવાનનું વર્ણન, મામેરા વખતની નાગરી સભાનું ચિત્ર, નરસિંહ મહેતાની વહેલનું વર્ણન, ઋતુપર્ણના ઘોડાનું વર્ણન, નરસિંહને અપાયેલા ઉતારાનું વર્ણન વગેરે.

આમ કથાપ્રસંગોની સંકલના, એમાં આવતાં વર્ણનો અને દ્યોતક સંવાદો તથા પાત્રોની સૂક્ષ્મ ભાવરેખાઓને કવિ કલાત્મક રીતે રજૂ કરે છે. કથનકૌશલની બાબતમાં કવિ સફળ રહે છે. કથનકળાના આ ગુણો પ્રેમાનંદની કૃતિઓમાં ઠેરઠેર વેરાયેલા પડ્યા છે છતાં એમાંથી ઉત્તમ સૌષ્ઠવપૂર્ણ સઘન આકૃતિ નીપજી આવતી હોય તેવી તો બે રચનાઓ છે એક, 'સુદામાચરિત્ર' અને બીજી 'મામેરું'.

આખ્યાન તો છેવટે કથ્ય-શ્રાવ્ય પ્રકાર છે. જેને લોકસમુદાય પાસે કકડે-કડકે રજૂ કરવાનો હતો તેથી પ્રસંગોનાં સંયોજન કરતી વખતે દરેક પ્રસંગની જમાવટ તરફ આખ્યાનકારનું ધ્યાન વિશેષ રહે એ સહજ હતું. એને કારણે વસ્તુની અસંગતિઓ અને વિગતદોષો રહે એ સ્વાભાવિક હતું જે પ્રેમાનંદમાં પણ જોવા મળે છે.

**પાત્રાલેખન :**

પ્રેમાનંદની ખરી સિદ્ધિ વાર્તાકથન કરતાં સવિશેષ પાત્રાલેખનમાં રહેલી છે એમ કહી અનંતરાય રાવળ સ્પષ્ટ કરે છે કે કવિનાં આખ્યાનોમાં પાત્રો જુદી જુદી પરિસ્થિતિઓમાં જે બોલે-ચાલે વિચારે છે તેમાં પૂરી વાસ્તવિકતા અને સ્વાભાવિકતા હોય છે. પત્ની અયાચકવ્રતધારી પતિ સુદામાને કૃષ્ણ પાસે માગવા ધકેલે છે એ પત્ની તરફ ચીડ વ્યક્ત કરતો સુદામો, રીઢી ગોળી ફોડતાં કૃષ્ણ પ્રત્યે ચિડાતાં ને તેને ઊખળ સાથે બાંધતાં જશોદા, નિર્ધન નરસૈયાની મજાક ઉડાવતા નાગર સ્ત્રીપુરુષો, મામેરું લીધા વિના આવેલા પિતાને જોઈ વ્યથિત થતી કુંવરબાઈ, મામેરાની લાંબી યાદી લખાવતી કુંવરબાઈની વડસાસુ, સખી માટે હિંડોળા સહિત

અનિરુદ્ધને ઉઠાવી લાવતી ચિત્રલેખા, અનિરુદ્ધના ચિત્રને વળગતી ઓખા – આ બધાં જ પાત્રો તે તે પરિસ્થિતિમાં જે વર્તન કરે છે તે અત્યંત સ્વાભાવિક છે. આ બધાં પાત્રો એમના વ્યક્તિત્વો સાથે વાચકની નજર સમક્ષ ખડાં થઈ જાય પ્રેમાનંદે એવાં જીવંત આલેખ્યાં છે.

પાત્રોમાં કવિએ સમકાલીનતાનું તત્ત્વ બહોળા પ્રમાણમાં મૂક્યું છે. પાત્રો એમનાં વેશ, વાણી, વૃત્તિ અને વર્તનથી ઓળખાઈ જાય એવાં બન્યાં છે. જેમ કે, 'એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે' કહેતી સુદામાપત્ની, લગ્નોત્સુક ઓખા-દમયંતી, કોઈને સાક્ષી તરીકે રાખી પુત્રને નંદ-યશોદાને સોંપવા વસુદેવને સૂચવતી દેવકી - આવાં પૌરાણિક પાત્રો જીવંત માનવપાત્રો બની જાય છે.

પ્રેમાનંદે પાત્રો વચ્ચે જે સંવાદ યોજ્યા છે તે પણ અવિસ્મરણીય છે ને તેમાંથી પ્રેમાનંદની પાત્રાલેખન કલાનો પાકો પરિચય મળે છે જેમ કે, નરસિંહ-કુંવરબાઈ વચ્ચેનો સંવાદ, નળ- હંસ વચ્ચેનો સંવાદ, નળ-બાહુક વચ્ચેનો સંવાદ, સુદામાને તેની પત્ની વચ્ચેનો સંવાદ, રાવણ-મંદોદરી વચ્ચેનો સંવાદ, નળ-કળિ વચ્ચેનો સંવાદ.

માનવસ્વભાવનું ઊંડું જ્ઞાન પ્રેમાનંદને બરાબર છે. તેથી જ તે પાત્રોની ઝીણી ઝીણી ખાસિયતો ખૂબ અસરકારક રીતે નિરૂપે છે. કૃષ્ણ સુદામાને કશું આપતા નથી ત્યારે 'મૂળગા મારા તાંદુલ ગયા'નો ભાવ અનુભવતો સુદામો એક જ વાક્ય બોલે છે તેમાં તેના માનસનો પરિચય ભાવકને થઈ જાય છે. પાત્ર એક જ એવું વર્તન કરે, વાક્ય બોલે ને તેમાંથી તેનું સમગ્ર માનસ ભાવક પામી જાય એટલી સૂઝપૂર્વક પ્રેમાનંદે એને આલેખ્યું હોય છે. પ્રેમાનંદે પાત્રોના જે ભાવો ઝીલ્યા છે તે સામાજિક ભાવો છે. હા, તેમાં કવિ માનવ મનનાં અજ્ઞાત ઊંડાણોનું ચિત્રણ કરતા નથી. કવિએ જે સામાજિક ભાવો નિરૂપ્યા છે તેમાં સચ્ચાઈ છે, **પારદર્શકતા** છે, ઉષ્મા છે.

**સમકાલીનતાનું તત્ત્વ/ગુજરાતીપણું :**

કવિએ સામાજિક ભાવો ઝીલ્યા છે તેથી સમકાલીનતાનું તત્ત્વ કૃતિઓમાં ધ્યાન ખેંચે તેવું બન્યું છે. કવિએ જ્યાં તક મળી ત્યાં આખ્યાનોમાં શ્રોતાજનોને પરિચિત ગુજરાતી સંસાર ખડો કરી દીધો છે. કવિએ સ્થાનિક રંગો વડે પ્રાચીન વસ્તુ નિરૂપી છે જેથી મધ્યકાલીન ગુજરાતના સમાજને એમાં વિશ્વાસ વધે. એ પોતાની લાગે. મધ્યકાલીન ગુજરાતી સમાજનાં નરનારીઓના વહેમ-શુકન-અપશુકન, શ્રદ્ધા-અશ્રદ્ધા, લાગણીઓ ભાવનાઓ એ બધું પૌરાણિક પાત્રોમાં ઉતાર્યું છે. પછી એ ભક્ત સુદામો હોય, સુદામાની પત્ની હોય, નળરાજા હોય, ઓખા હોય કે દમયંતી, દામોદર દોશીનું રૂપ લઈ આવેલા ભગવાન કૃષ્ણ હોય કે કમળા શેઠાણીનું રૂપ લઈ આવેલ લક્ષ્મી હોય. આ બધાં જ પાત્રો આપણને મધ્યકાળના ગુજરાતી સમાજનું પ્રતિનિધિત્વ કરતાં જીવંત દેખાય છે. પાત્રોનાં વસ્ત્રો, રીતરિવાજો, નગરો, ઘર વગેરેમાં પણ તળ ગુજરાતી તત્ત્વ પ્રવેશેલું જોવા મળે છે.

ઓખાહરણમાં લગ્નનો વિધિ અને ગુજરાતી લગ્નગીતોમાં, મામેરામાં સીમંતનો વિધિ અને તે અંગેના રિવાજમાં સમકાલીન ગુજરાતી સમાજનું જ ચિત્ર અંકાયું છે. પુત્ર-પુત્રીને મોસાળ વળાવતાં 'સહેજો મામીની ગાળ' કહેતી દમયંતીના ઉદ્ગારમાં સમકાલીન મધ્યમવર્ગની મામીની મનોદશાનો ઇશારો છે. સુદામાના ગૃહસૂત્રના નિરૂપણમાં નિર્ધન ગુજરાતી બ્રાહ્મણના ઘરનું આલેખન છે. પૌરાણિક પાત્રોના વસ્ત્રાલંકારો ગુજરાતી જ છે. ખાદ્યપદાર્થો અને ઘરવખરીની વિગતો પણ ગુજરાતી જ છે. આમ, પુરાણોમાંથી પ્રેમાનંદે લીધું છે માત્ર વસ્તુ પણ એ વસ્તુના હાડપિંજરમાં કવિએ લોહી, માંસ અને પ્રાણ સમકાલીન ગુજરાતનાં જ પૂર્યાં છે. આથી જ કવિ ન્હાનાલાલે કહ્યું હતું કે પ્રેમાનંદ આપણો સૌથી વધુ ગુજરાતી કવિ છે.

આખ્યાનોમાં આવતું આ ગુજરાતીપણું કે સમકાલીનતાનું તત્ત્વ કેટલીક જગ્યાએ પ્રેમાનંદના કવિપણામાં મર્યાદારૂપ બને છે. પરંતુ તેમાં પ્રેમાનંદની નહીં પ્રેમાનંદના સમયની, સમાજની પણ એ મર્યાદા છે એમ ગણવું ઉચિત છે. હા, ગુજરાતીપણાના તત્ત્વની અતિરેકતા ક્યારેક કૃષ્ણ, નળ, દમયંતી જેવા ઈશ્વર જ અને પુણ્યશ્લોક પાત્રો પ્રાકૃત-ગ્રામ્ય બનતા લાગે છે તેમનું ગૌરવ પણ ખંડિત થાય છે એ બાદ કરતાં ગુજરાતીપણાને કારણે જ કવિ પ્રેમાનંદ અને ભાવકો વચ્ચે વધારે આત્મીયતા સધાતી રહી છે અને રહેશે એ તો નિશ્ચિત છે.

**રસસિદ્ધિ :**

પ્રેમાનંદે લોકહૃદયને પોતાની **પ્રશસ્ય** રસપ્રભુતાથી વશ કર્યું છે. પ્રેમાનંદના પહેલા ગુણપારેખ નવલરામે સાચું જ કહ્યું છે : 'રસના બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે ત્યારે રડાવે છે, ધારે ત્યારે હસાવે છે અને ધારે ત્યારે શાંતરસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે.' એટલે કે રસોના પરસ્પર [illegible]ની પ્રેમાનંદને સારી સૂઝ છે.

કવિનાં આખ્યાનોનું વિષયવસ્તુ જોતાં સમજાય છે કે તેમાં તમામ રસોના નિરૂપણને અવકાશ છે. હાસ્ય, કરુણ,

શૃંગાર, અદ્દભુત, ભક્તિ-આ બધા જ રસોનો સંગમ આખ્યાનોમાં થયો છે. આ રસોને કવિએ બહેલાવ્યા છે. જુઓ 'મામેરું', 'સુદામાચરિત્ર' અને 'નળાખ્યાન'માં હાસ્યરસ, 'સુદામાચરિત્ર', 'રણયજ્ઞ', 'મામેરું' અને 'દશમસ્કંધ'માં ભક્તિરસ અને અદ્દભુતરસ, 'ઓખાહરણં', 'રણયજ્ઞ', 'અભિમન્યુ આખ્યાન'માં વીરરસ, 'ઓખાહરણ' અને 'નળાખ્યાન'માં શૃંગારરસ.

કવિની રસનિરૂપણરીતિ વૈવિધ્યસભર છે : (1) કેટલીક વાર એકને એક વસ્તુને ભિન્નભિન્ન રસોનો વિભાવ બનાવે છે. જેમ કે, કુંવરબાઈની વડસાસુ મોસાળાની લાંબી યાદી લખાવે છે એમાં હાસ્ય અને કરુણ બંને રસનો અનુભવ થાય છે. એ જ રીતે 'મૂળગા મારા તાંદૂલ ગયા' એ સુદામાની ઉક્તિ પણ હાસ્ય અને કરુણ બંનેની અનુભૂતિ કરાવે છે. આમાં કવિનું વિશિષ્ટ કૌશલ દેખાય છે.

(2) કેટલીક વાર કવિ બે પરસ્પર વિરોધી રસો એકસાથે નિષ્પન્ન કરે છે. હાસ્ય અને કરુણ જેવા પરસ્પર વિરોધી રસ કવિ એકસાથે નિષ્પન્ન કરે છે. આ સ્થિતિ ચમત્કારક લાગે છે. જેમ કે, એક સાથે વિષાદ તથા રમૂજ પ્રેરતાં સુદામાના ઘર તથા વર્તનનાં વર્ણનો, નરસિંહ મહેતાની વહેલ અને તેમને મળેલા ઉતારાનાં વર્ણનો એના નમૂના છે. એ જ રીતે 'મામેરું'માં ડોસી પહેરામણીની યાદી લખાવે છે ત્યારે આપણે એની વ્યવહારચતુર વ્યંગવાણીથી હસીએ છીએ; પણ ત્યાં જ 'ડોસીએ ડાટ વાળ્યો રે' એ કુંવરબાઈના શબ્દો જ્યાં આપણે સાંભળીએ છીએ ને આપણા પેટમાં ફાળ પડે છે. પહેરામણીની એ યાદી જ કરુણનો વિભાવ બની જાય છે.

(3) કેટલીક વાર પ્રસંગ, પરિસ્થિતિ અને પાત્ર પણ વિવિધ રસનિષ્પન્ન કરવામાં કારણ બને છે. જેમ કે, પાત્રગત જોઈએ તો ઓખાની પ્રણયઝંખના. ચિત્રલેખા અનિરુદ્ધનું ચિત્ર દોરે છે એને ઓખા વળગે છે. સુદામાનો પહેરવેશ. નાના છોકરા પણ બી મરે એવો જે હાસ્ય અને ભયાનક બંને રસનો નિમિત્ત બને છે. પ્રસંગગત જોઈએ તો કુંવરબાઈનું મોસાળું ભગવાન પૂરું કરે છે ને ચાલ્યા જાય છે ત્યારે કુંવરબાઈની નણંદની નાની છોકરી રહી ગઈ હોય છે તેને માટે ભગવાન ઉપરથી કપડું નાખે છે. આ પ્રસંગમાં અદ્દભુતરસ છે. બીજો એક પ્રસંગ 'નળાખ્યાન'નો છે ત્યાં દમયંતીએ રાણીના હારની ચોરી કરી ન હતી. કળીનાં એ પરાક્રમ હતાં તે કળી ટોડલામાં હતો તે ફાટી પડે છે ત્યાં પણ અદ્દભુતરસ છે. 'સુદામાચરિત્ર'માં સુદામાપત્ની પાસે બાળકોને ખવડાવવા અન્ન નથી ને પહેરાવવા વસ્ત્ર નથી એ કરુણરસનું નિમિત્ત પૂરી પાડતી પરિસ્થિતિ છે. એ સ્થિતિમાં સુદામાપત્ની 'આ બાળક પરણાવવાં પડશે, સતકુળની કન્યા કેમ જડશે ?' આવું વિચારે છે ત્યાં હાસ્યરસ પ્રગટે છે.

આમ, આખ્યાનોમાં વિવિધ રીતે વિવિધ રસ નિષ્પન્ન થયા છે. પરંતુ બધા રસોમાં કરુણરસનાં હૃદયદ્રાવક આલેખનો ઘણાં મળે છે જેમ કે, 'દશમસ્કંધ'માં નંદજશોદાનો વાત્સલ્યજનિત કરુણ, 'રણયજ્ઞ'માં ભ્રાતૃપ્રેમજન્ય કરુણ, 'નળાખ્યાન'માં દમયંતી પર આવતી વિપત્તિઓની પરંપરાથી ઘેરો બનતો કરુણ, 'મામેરું'માં 'સાધુપિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું ?' બોલતી કુંવરબાઈની કરુણ સ્થિતિમાંથી પ્રગટતો કરુણ.

આ બધું છતાં કવિ ક્યારેક કૃત્રિમ નાટકી ઢબે અતિશય કરુણનું આલેખન કરે છે જે ભાવકને પ્રતીતિકર બનતું નથી. 'નળાખ્યાન', 'રણયજ્ઞ'માં એ જોવા મળે છે.

**ઉત્તમ હાસ્યકવિ :**

પ્રેમાનંદની સિદ્ધિ બધા રસોના આલેખનમાં એકસરખી નથી. એમનાં આખ્યાનોમાં વ્યાપકપણે આલેખાયેલા મુખ્ય બે રસ છે - કરુણ અને હાસ્ય. કરુણનો પરિચય તો તમે હમણાં જ કર્યો. એ દૃશ્યો જેમાં દમયંતી, કુંવરબાઈ, સુદામાપત્નીની વ્યથા આલેખાઈ છે તેને ભાવક ક્યારેય ન વિસરે.

કરુણની જેમ હાસ્યરસની કવિની શક્તિ ખાસ નોંધપાત્ર છે. હાસ્ય નિષ્પન્ન કરવા કવિએ ટીખળ, ટોળ, ઉપહાસ, કટાક્ષ, વ્યંગોક્તિ, અતિશયોક્તિ, નાટ્યહાસ (Dramatic irony) એ બધાનો ઉપયોગ કર્યો છે. 'મામેરું' માંનું નરસિંહ મહેતાની જીર્ણશીર્ણ વહેલનું વર્ણન, જુઓ, 'ઘણું ભારે માણસ' એવાં કુંવરબાઈનાં વડસાસુએ લખાવેલી પહેરામણીની યાદી જુઓ, મંડપ વચ્ચે નાગરી નાતની સ્ત્રીઓએ કરેલી નરસિંહ મહેતાની ટોળ-ટીખળ જુઓ, 'રણયજ્ઞ'માં કુંભકર્ણને જગાડવાના ઉપાયોનું વર્ણન જુઓ, 'ઓખાહરણ'માંના અનિરુદ્ધના ચિત્રનો કાગળ ઓખા પાસેથી ખેંચી લેતી ચિત્રલેખાનું 'વળગ્યામાં કાગળ ફાટે' એ શબ્દો વાંચો. 'સુદામાચરિત્ર'માંની દ્વારિકાની શેરીઓમાં એકબીજીને 'તાળી દઈ' રંક-દુર્બળ સુદામાને હસતી જાદવ સ્ત્રીઓની તથા શ્રીકૃષ્ણના મહેલમાં 'આ તો રૂડી મિત્રાચારી રે' એમ કહેતી અન્ય નારીઓ અને 'આ શું ફૂટડા મિત્ર સુદામા રે' કહેતી સત્યભામાની વ્યંગોક્તિઓ જુઓ. કૃષ્ણ સુદામાને ખાલી હાથે મોકલે છે ત્યારે 'મૂળગા મારા તાંદુલ ગયા' એ સુદામાના ઉદ્દગાર તથા સુદામા પોતાને ઘેર પહોંચે છે ત્યાં ઝૂંપડીને બદલે મહેલ અને સામાન્ય પત્ની રાણી બની ગયેલાં જોઈ બધું સમજી શકતો નથી તેથી પોતાની જ પત્ની પાસેથી દૂર નાસભાગ

કરતો સુદામો જુઓ. આ બધા જ પ્રસંગોમાં પ્રેમાનંદની કુશળ હાસ્યકાર તરીકેની પ્રતિભા ભાવકને અચૂક દેખાશે. અહીં મૂક્યાં છે એ તો નમૂનાનાં થોડાંક જ દૃષ્ટાંતો છે. તમે કવિનાં બધાં જ આખ્યાનોમાંથી પસાર થાવ તો તમને આનાથી પણ વધારે પ્રસંગો સાંપડશે જે તમારા ચિત્તને હાસ્યની ગંગામાં સ્નાન કરાવશે.

## 5.4 ભાષાપ્રભુત્વ

કોઈપણ સર્જકની સર્વ સિદ્ધિ તેના ભાષાપ્રભુત્વને આભારી છે. કવિ પ્રેમાનંદની ભાષા પ્રસાદમય છે, સરળ છે, તાજગીવાળી અને સચોટ છે. વળી, એમાં બોલચાલના અને બેરેક બોલીના જીવંત વાણીપ્રયોગો કવિએ એવી આકર્ષક રીતે કર્યા છે કે વાંચેલું કે સાંભળેલું વાક્ય ભાવકને તરત સ્મૃતિબદ્ધ થઈ જાય છે, સમજાઈ જાય છે.

બોલચાલના વાણી પ્રયોગોની બહુલતાને કારણે ભાવકને તત્કાલીન ગુજરાતી ભાષાનો સમૃદ્ધ અને સુખદ અનુભવ પણ થાય છે. ભાવક એ પરિવેશમાં મુકાય છે.

ભાષામાંની સરળતા અને સચોટતાનો પરિચય કરવા થોડી પંક્તિઓ જોઈએ :

**'અહીં બેઠા નવનિધ આપશે.'**

**'સદા તમારાં ચરણ વિશે રહેજો મનસા મારી.'**

**'મેં આવું નહોતું જાણ્યું**
**ચિત્રલેખાએ રત્ન જ આણિયું.'**

**'સાધુપિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યું.'**

સ્વભાવોક્તિઓ, નાટ્યાત્મક વક્રોક્તિઓ, અતિશયોક્તિઓ, યોગ્ય અલંકરણ એ દ્વારા ઇન્દ્રિયજગતને ભાવબોધ કરાવતી પંક્તિઓ આખ્યાનોમાં ઠેરઠેર સહજ રીતે આવે છે. 'દશમસ્કંધ'ની કેટલીક વક્રોક્તિઓ ચમત્કારિક છે. જેમ કે, દેવકી યશોદાને સંદેશો મોકલાવે છે કે 'સાચવજો પુત્ર થાપણ પ્રભુએ આપી છે', એમાં સાંભળનારને અજ્ઞાત, દેવકીના માતૃત્વને પ્રગટ કરતો અર્થ રહેલો છે. 'સુદામાચરિત્ર'ની વક્રોક્તિ આથીય વધુ રહસ્યમય અને માર્મિક છે. જેમ કે રુક્મિણી કૃષ્ણને તાંદુલની બીજી મૂઠી ખાતાં રોકી 'અમે અન્યાય શો કીધો નાથ ?' એમ પૂછે છે ત્યારે એમાં પ્રગટ રીતે તો તાંદુલ ખાવાની ઇચ્છા વ્યક્ત થાય છે. પણ આપણે જાણીએ છીએ કે કૃષ્ણ પોતાની રાણીઓ સુદામાની સેવા કરે એવો સંકલ્પ કરતા હતા તેમાંથી તેમને વારવા માટેની આ ઉક્તિ છે.

કવિની વાણીમાં ક્યારેક ગ્રામ્યતા આવી જાય છે. છતાં કવિની પ્રતિભા વાણીને પ્રસાદમય, પ્રસંગ પ્રમાણે કોમળ અને ગંભીર બનાવી જીવંત રૂપ આપે છે.

## 5.5 કવિપ્રતિભા

ભાવકચિત્તને પકડી રાખે તેવી ઉત્તમ કથનકળા, જીવંત પાત્રાલેખન, 'હવે પછી શું' એવું કુતૂહલ કથાના અંત સુધી જીવતું રાખે એવી નિરૂપણરીતિ, હાસ્યરસમાંથી કરુણરસમાં અને કરુણરસમાંથી હાસ્યરસમાં ક્યારે અને કઈ રીતે સર્યા એની સમજ-ખબર ન પડે એવી **પ્રશસ્ય** રસપ્રભુતા ધરાવનાર પ્રેમાનંદ માત્ર આખ્યાનકાર જ નથી, કવિ પણ છે. આખ્યાનકાર પ્રેમાનંદને કવિ પ્રેમાનંદની ખૂબ સહાય મળેલી છે.

કવિ પ્રેમાનંદ પાસે આખ્યાનકાર પ્રેમાનંદને સહાય થાય તેવી પ્રસ્તુત શક્તિઓ છે :(1) કુદરતી-પ્રકૃતિ ચિત્રો ખડા કરવાની શક્તિ,(2) પાત્રોના રૂપ અને તેમના દેહ શણગારનાં ચિરસ્મરણીય રહે તેવા વર્ણન કરવાની શક્તિ;(3) આખો પ્રસંગ-બનાવ ભાવકચિત્ત સમક્ષ ભજવાતો હોય એવું જે-તે પ્રસંગનું હૂબહૂ વર્ણન કરવાની શક્તિ;(4) કથામાંનું જે-તે પાત્ર ઊર્મિસંવેદન રજૂ કરે છે તે કવિ પ્રેમાનંદની કલમના સ્પર્શે હૃદયદ્રાવક બને છે; (5) ઊર્મિ સંવેદનોની અભિવ્યક્તિ સંવાદમાં થાય છે તેથી વધુ જીવંત બને છે.

હવે આ શક્તિઓને કવિ પ્રેમાનંદનાં આખ્યાનોનાં દૃષ્ટાંતો લઈને સમજીએ.

**(1) કવિની કુદરતી-પ્રકૃતિ ચિત્રો ખડા કરવાની શક્તિ :** 'મામેરા'માં બેત્રણ જ લીટીઓમાં પ્રેમાનંદ ભગવાને નરસિંહ મહેતા સારુ સમોવણ માટે મોકલેલા વરસાદનું કેવું લાઘવભર્યું સાક્ષાત્કારક શબ્દચિત્ર દોરે છે :

**'પળ માત્રમાં અભ્રઘટા થઈ, ચોદશ ચડ્યો અંધકાર રે.**
**ગગન વિશે ઘન ગડગડે, થાય વીજળીના ચમકાર રે.**
**ઊડે કોરણ બહુ કાંકરા, મેહ વરસે મૂશળધાર રે.'**

આવું જ સાક્ષાત્કારક છે 'દશમસ્કંધ'માંનું શ્રીકૃષ્ણના ગોવધન-ધારણ વેળાનું વૃષ્ટિવર્ણન અને દાવાનળ-વર્ણન:

**'આકાશ સર્વ ધૂમે આવર્યું, આચ્છાદ્યો ભાનુ અંધારું કર્યું,**
**ફાટે વાંસ, વૃક્ષ ચડચડે, બળે પાંખ, પંખી તરફડે.**

**મશક શશક મૃગ પામે ત્રાસ, ફાટે ફણા સર્પ મૂકે શ્વાસ,**
**કીટ પતંગ દક્ષા કંઈ કોટે, ઊઠે ધૂમ્રના ગોટેગોટ.**

**(2) પાત્રોનાં રૂપ અને દેહશણગારનાં વર્ણન :** 'મામેરા'માં શ્રીકૃષ્ણ જે દામોદર દોશીનું રૂપ ધારણ કરીને નરસિંહને ત્યાં આવે છે તે દામોદર દોશીનું વર્ણન જુઓ.

**'જે ચૌદ લોકનો મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે,**
**વાઘો શોભે કેસર છાંટે રે, બાંધે પાઘડી અવળે આંટે રે.**
**નેત્રપત્ર શ્રવણે અડિયાં રે, નામ ધર્યું દામોદર દોશી રે,**
**ઝીણા જામા પટકા ભારે રે, હરિ હળવે હળવે સધારે રે.**
**ખભે પછેડી ઓઢી નાથે રે, બેહુ છેડા ઝાલ્યા હાથે રે'**

એવું જ ચંદ્રહાસ અને નળનું વર્ણન પણ છે. પુરુષપાત્રોની જેમ સ્ત્રીપાત્રો - કમળા શેઠાણી, દમયંતી, ઓખા, કૃષ્ણે સુંદર બનાવેલી કુબ્જા - નાં વર્ણનો પણ કવિની કલ્પના અને ભાષાપ્રભુત્વની શક્તિ દર્શાવે છે.

એ જ રીતે અકિંચન દૂબળો સુદામો, બાહુક બની ગયેલો નળ, કુંભકર્ણ, મૃત પૂતના - આ બધાંનાં પ્રેમાનંદે; દોરેલાં ચિત્રો સ્મૃતિમાંથી ખસે તેવાં નથી. વળી, પદાર્થો, નગરો વગેરેનાં વર્ણનો પણ ચિત્રાત્મક છે. દા.ત. નરસિંહ મહેતાની વહેલ, નરસિંહને અપાયેલો ઉતારો, કેદારો ગાવાથી વરસેલો મૂશળધાર વરસાદ, ચિત્રલેખાએ જોયેલી દ્વારિકાનગરી વગેરે અગણિત વર્ણનો છે.

**(૩) પ્રસંગો-બનાવો ભાવકના મનઃચક્ષુ સામે ભજવાતા હોય તેવા કવિ વર્ણવે છે :** જેમ કે, કાલીય નાગ સાથેનું કૃષ્ણનું યુદ્ધ, સુદામાના આગમન વખતે દ્વારકામાં હરિમંદિરનો નાટારંભ, સુદામાનું આગમન થયું છે સાંભળી 'હેં હેં' કરી સફાળા ઊઠી મોજડી વિના દોડતા શ્રીકૃષ્ણ, દમયંતીનો સ્વયંવર, 'મામેરા'માં નરસિંહ મહેતાના મોસાળાની રાહ જોતી નાગર સ્ત્રીઓ, નાગર સ્ત્રીઓની **ચેષ્ટાઓ** - આવા તો કંઈ કેટલાય પ્રસંગો છે જેનાં નિરૂપણમાં પ્રેમાનંદની શક્તિનો આલ્લાદક પરિચય ભાવકને થાય છે.

**(૪) પાત્રોનાં ઊર્મિ સંવેદનોની અભિવ્યક્તિ હૃદ્ય કવિતા બને છે :** જેમ કે, 'દશમસ્કંધ'માં 'મારું માણેકડું રિસાવ્યું રે શામળિયા', 'નળાખ્યાન'માં 'વૈદર્ભી વનમાં વલવલે અંધારી રે રાત', 'મોસાળ પધારો રે બાડુવાં', 'મામેરા'માં 'ડાટ વાળ્યો રે ડોશીએ ડાટ વાળ્યો', 'ઊઘડિકી ઊઠિયો વેગે વૈકુંઠપતિ', 'સુદામાચરિત્ર'માં 'પછી શામળિયોજી બોલિયા તુંને સાંભરે રે' આ બધાં પદોએ તે તે આખ્યાનમાં રસનિષ્પત્તિ માટે કેવી સહાય કરી છે એ તો ભાવક એના પ્રત્યક્ષ વાચનમાં મુકાય પછી એનો ખ્યાલ આવે.

**(૫) ઊર્મિસંવેદનોની અભિવ્યક્તિ સંવાદ વડે થઈ છે :** જેમ કે, 'સુદામાચરિત્ર'માં સુદામા અને તેની પત્ની વચ્ચેનો સંવાદ, 'રણયજ્ઞ'માં રાવણ અને મંદોદરી વચ્ચેનો સંવાદ, 'મામેરું'માં કુંવરબાઈ અને નરસિંહ વચ્ચે તથા કુંવરબાઈ અને વડસાસુ વચ્ચે થયેલો સંવાદ, 'નળાખ્યાન'માં નળ અને દમયંતી વચ્ચે થયેલા સંવાદો તેનાં દૃષ્ટાંત છે.

આ બધાની સાથે જ્યાં જરૂર પડી ત્યાં જુદીજુદી ઢાળો અને ચાલોની ભાવાનુકૂળતા ધ્યાન ખેંચે છે. વળી **રવાનુકારી** શબ્દોવાળાં વર્ણનો, વર્ણસંગીત સાધતા પ્રાસાનુપ્રાસ જેવા શબ્દાલંકારોનો ઉપયોગ પણ કવિએ કર્યો છે. રૂપક, ઉત્પ્રેક્ષા, ઉપમા, અતિશયોક્તિ જેવા સંખ્યાબંધ અર્થાલંકારોનો ઉપયોગ પ્રેમાનંદની કવિશક્તિનો પરિચય કરાવે છે.

**આ બધું જોતાં નવલરામની 'ગુજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ છે' એ વાત સાથે આપણે સંમત થઈશું.** પ્રેમાનંદનાં આખ્યાનો ઉત્તમ બન્યાં છે અને આજે પણ એટલાં જ પ્રિય છે [illegible] આખ્યાનકૌશલની સાથે એમના કવિત્વનો ફાળો નોંધપાત્ર છે.

**મર્યાદાઓ :**

પ્રેમાનંદનાં રસ-રુચિ એ જે જમાનામાં જીવ્યો છે એ જમાનાનાં રસ-રુચિ છે. વળી, પ્રેમાનંદ આખ્યાનકાર-કથાકાર છે તેથી તેની નજર સામે બેઠેલા શ્રોતાસમાજ પર પણ રહે એ સ્વાભાવિક છે. શ્રોતાઓને એમનું પોતાનું લાગે એવું જેમાં તેમની રસ-રુચિ પોષાય એવું મળે તો જ તેમને રસ પડે. પ્રેમાનંદને આ સત્યની પૂરી જાણકારી છે. પરંતુ પ્રજાની રસરુચિને પોષવા જતાં કવિ પ્રેમાનંદમાં કેટલીક મર્યાદાઓ પ્રવેશી છે :

(1) ઔચિત્યભંગ થાય અને સુરુચિની મર્યાદા ઓળંગાઈ જાય તેટલું પૌરાણિક પાત્રોનું પ્રાકૃતિકરણ.

(2) વનનાં વર્ણનો, સ્ત્રી સૌંદર્યવર્ણનો, યુદ્ધવર્ણનોમાં રૂઢતા.

**કલમ :**

(૧) પૌરાણિક પાત્રોનું પ્રાકૃતિકરણ અમર્યાદિત થયું છે. જેમ કે, 'અભિમન્યુ આખ્યાન'ના કૃષ્ણ એક ખટપટી ખલનાયક જેવા, 'દશમસ્કંધ'નાં દેવકી-યશોદા સામાન્ય ગુજરાતણો જેવાં, 'સુદામાચરિત્ર'નો

સુદામો એક **પ્રારબ્ધવાદી** નિર્ધન બ્રાહ્મણ જેવો અને 'નળાખ્યાન'ના ઇદ્રાં [illegible] માનવાંઓ જેવા કવિથી આલેખાયા છે. 'ઓખાહરણ'માં ઓખાની લગ્નલાલસાનું નિરૂપણ, 'સુદામાચરિત્ર'માં 'પાપણીઓ તમને પરમેશ્વર પૂછશે' એ સુદામાના ઉદ્દ્ગાર ને તે કઢાવતી પરિસ્થિતિ, 'નળાખ્યાન'માં બાહુકનું ઋતુપર્ણ અને દમયંતી સાથેનું વર્તન વગેરે.

(2) વનવર્ણનો, સ્ત્રી સૌંદર્યવર્ણનો, યુદ્ધવર્ણનોમાં રૂઢતા.

એક કરતાં વધારે આખ્યાનોમાં પ્રેમાનંદ વન અને યુદ્ધ વિશેનાં પરંપરાગત વર્ણનો આપે છે. વનનું વર્ણન કરતાં સંખ્યાબંધ જુદાં જુદાં વૃક્ષોનાં નામની યાદી આપે છે. આથી કનૈયાલાલ મુનશીએ પ્રેમાનંદનાં વનવર્ણનોને 'જંગલખાતાની ટીપ' જેવાં કહ્યાં છે તેમાં તથ્ય જણાય છે. દમયંતીનાં અલંકારપ્રચુર છતાં કાવ્યમય વર્ણનો બાદ કરતાં સ્ત્રી-રૂપવર્ણનમાંથી તે રૂઢ ઉપમાનો યોજે છે. ક્યારેક શબ્દો અને વાક્યખંડોમાં પુનરુક્તિ દેખાય છે. યુદ્ધવર્ણનોમાં પણ બધે એકવિધતા દેખાય છે. યુદ્ધવર્ણન કરતી વખતે પ્રાસના તાનમાં ક્યારેક કવિથી **અસુભગ** અને **દુર્બોધ** શબ્દોનો પણ ઉપયોગ થઈ જાય છે.

## 5.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. *કાવ્યની શક્તિ :* રા.વિ. પાઠક 1959 (બીજી. આ.) *પ્રેમાનંદનો હાસ્યરસ* લેખ.
2. *ગુજરાતી સાહિત્ય* (મધ્યકાલીન) : અનંતરાય રાવળ, પ્રકા. ધી મૅકૃમિલન, 1976
3. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ - 2 :* સંપા. ઉમાશંકર જોશી અને અન્ય, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, 1976
4. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :* રમેશ એમ. ત્રિવેદી, પ્રકા. આદર્શ પ્રકાશન, 1992
5. *ગુજરાતી સાહિત્યકોશ - 1 :* સંપા. જયંત કોઠારી અને અન્ય પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, 1989
6. *નભોવિહાર :* રામનારાયણ વિ. પાઠક, 1961 - *પ્રેમાનંદની રસસમૃદ્ધિ* લેખ.
7. *નવલગ્રંથાવલિ :* નવલરામ પંડ્યા 1966 (પુનર્મુદ્રણ)
8. *મધ્યકાલીન ગુજરાતી આખ્યાન :* શશીન્ ઓઝા, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, 1969


## 5.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**શિરોમણિ** - મુખ્ય, શ્રેષ્ઠ
**દંતકથાઓ** - મુખ પરંપરાથી ચાલતી આવતી વાર્તાઓ
**વિદગ્ધ** - પરિપક્વ
**પ્રત્યક્ષ** - સાધન પ્રમાણ (પૂર્વ પરંપરાનો અભ્યાસ) (સાધન પ્રમાણભૂત)
**નિહિત** - સમાયેલા, રહેલા
**અઢળક** - ખૂબ
**પ્રશસ્ય** - વખાણવાલાયક
**ક્લિષ્ટ** - ગૂંચવણ ભરેલો, અસ્પષ્ટ
**પ્રસંગનિર્વહણ** - પ્રસંગનો અંત, સમાપ્તિ
**વિધાત્રી** - પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી
**હૂંડી** - દેશપરદેશમાં નાણાંની લેવડદેવડ કરવા માટે ચલાવવામાં આવતી શાહુકારની ચિઠ્ઠી.
**ઠેકડી** - મશ્કરી
**સમોવણ** - પાણીને નવાય તેવું કરવા ઠંડુ પાણી ઉમેરવું.
**અભિલાષા** - ઇચ્છા
**ટીખળ** - મશ્કરી
**કૃશ** - દૂબળું
**બ્રહ્મનિષ્ઠ** - બ્રહ્માના ધ્યાનમાં લીન, બ્રહ્મજ્ઞ
**પ્રાકૃતતા** - ગ્રામ્યતા
**પ્રમાદ** - આળસ
**અયાચકવ્રત** - માગવું નહીં, તે વ્રત
**અમૃતસ્રવિયા** - અમૃત જેમાંથી ઝરે છે તેવા
**બાહુકવેશ** - કર્કોટક નાગે કરડ્યા પછી નળે ધારણ કરેલું નામ-વેશ
**નિયતિ** - ભાગ્ય, નસીબ

**ઠઠ્ઠાચિત્રો** - મશ્કરી, ઠેકડાના ચિત્રો
**સંયોજન** - જોડાણ, સંબંધ
**ઊખળ** - ખાંડણિયો
**પારદર્શક** - જેની બરોબર આરપાર દેખાય તેવું, અહીં મર્મ કે અંતિમ હદ સુધી પામનારું
**તાલમેલિયા** - તાલ મેળવાળા, બરોબર ગોઠવાયેલા
**typical**
**પડછે** - પાછળ
**સંઘટન** - વિખરાયેલાં અંગોને એકત્ર કરી વ્યવસ્થિત કરવા તે
**યાતના** - પીડા
**નિગૂઢ** - ઊંડું, અગમ્ય
**વેધક** - વીંધી નાખે તેવું, તીક્ષ્ણ
**દ્યોતક** - દર્શાવનાર, સ્પષ્ટ કરનાર
**પ્રશસ્ય** - વખાણવા યોગ્ય
**હૃદયદ્રાવક** - હૃદય પીગળાવી નાખે તેવું
**પ્રસાદમય** - પ્રસન્નતાથી ભરેલો
**ચેષ્ટાઓ** - અડપલાં, તોફાન, મશ્કરી માટે કોઈનું અનુકરણ
**રવાનુકારી** - અવાજના અનુકરણથી થતો શબ્દ.

**'તમારી પ્રગતિ ચકાસો' - 5**

1. પ્રેમાનંદના જીવનનો સંક્ષેપમાં પરિચય આપો.
2. પ્રેમાનંદની મુખ્ય તેમજ પ્રકીર્ણ કૃતિઓનાં નામ આપો.
3. પ્રેમાનંદની કૃતિઓનું કથાવસ્તુ કયાં કયાં પુરાણોમાંથી અને મહાકાવ્યોમાંથી લેવામાં આવ્યું છે ? જે-તે પુરાણોનાં અને મહાકાવ્યોનાં નામ આપી કઈ કૃતિ કયા પુરાણના અને કયા મહાકાવ્યના વસ્તુને આધારે રચાઈ છે તે જણાવો.
4. 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું' – આ બંને આખ્યાનનો ટૂંકમાં પરિચય આપો.
5. 'દશમસ્કંધ', 'નળાખ્યાન'નો ટૂંકમાં પરિચય આપો.
6. 'ઓખાહરણ', 'અભિમન્યુ આખ્યાન'નો ટૂંકમાં પરિચય આપો.
7. તમે પ્રેમાનંદની મહત્ત્વની આખ્યાનકૃતિઓનો અભ્યાસ કર્યો. તમને ગમી હોય તે બે આખ્યાન-રચનાઓ વિશે તમારા શબ્દોમાં લખો.
8. પ્રેમાનંદ ઉત્તમ આખ્યાન કવિ છે. શા માટે ?
9. પ્રેમાનંદની રસનિરૂપણશક્તિ વિશે નોંધ લખો.
10. પ્રેમાનંદનું સમકાલીનતત્ત્વ કે ગુજરાતીપણું એનાં આખ્યાનોને કેટલું ઉપકારક છે અને શા માટે ?
11. પ્રેમાનંદની ભાષાશક્તિ વિશે નોંધ લખો.
12. પ્રેમાનંદનાં આખ્યાનોમાંથી હાસ્યરસને બાદ કરી શકાય ? શા માટે ?
13. હાસ્ય ઉત્પન્ન કરવા પ્રેમાનંદે કઈ કઈ ટેકનિકનો ઉપયોગ કર્યો છે ? એ તેને કેટલી ઉપકારક બની છે ?
14. કવિ પ્રેમાનંદ આખ્યાનકાર પ્રેમાનંદને કયાં અને કેટલો મદદરૂપ બન્યો છે ?
15. પ્રેમાનંદની શંકાસ્પદ કૃતિઓનાં નામ આપો.
16. કવિની પ્રકીર્ણ કૃતિઓનો ટૂંકમાં પરિચય આપો.
17. પ્રેમાનંદની પોતાની નિશ્ચિતપણે ગણાયેલી કૃતિઓનાં નામ આપો.
18. પ્રેમાનંદને તમે તેની કઈ શક્તિને કારણે પસંદ કરશો ? – કથનકળાની કે રસનિરૂપણની
19. પ્રેમાનંદની મર્યાદાઓ જણાવો.

# એકમ 6 પ્રેમાનંદના અનુગામી આખ્યાન કવિઓ

**રૂપરેખા**


6.0 પ્રસ્તાવના

6.1 પૂર્વભૂમિકા

6.2 પ્રેમાનંદના અનુગામી આખ્યાન કવિઓ અને તેમની કવિતા

6.3 સારાંશ

6.4 કેટલાંક ઉપયોગી પુસ્તકો

6.5 ચાવીરૂપ શબ્દો

6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 6.0 પ્રસ્તાવના

અગાઉના એકમમાં તમે આખ્યાનકવિતા જે મધ્યકાળની ઉત્તમ કવિતા ગણાતી એના સ્વરૂપ અને એ સ્વરૂપમાં મહત્તમ સિદ્ધિ મેળવી શિખરે પહોંચેલા કવિ પ્રેમાનંદના જીવન અને કવનનો પરિચય મેળવ્યો. પ્રેમાનંદ પછી પણ આખ્યાનકવિતાનું વહેણ મંદ ગતિએ પણ છેક અર્વાચીન કાળ સુધી ચાલું રહ્યું છે તેની નોંધ લેવી જોઈએ.

## 6.1 પૂર્વભૂમિકા

આ એકમમાં તમે પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોના જીવન અને કવનનો પરિચય મેળવશો. આમાં ખાસ કરીને એ મુદ્દો નોંધપાત્ર છે કે કેટલીક સ્ત્રી કવયિત્રીઓએ પણ આખ્યાનની રચના કરી છે. વળી તેમાં તેમની સર્જનશક્તિના ચમકારા પણ અનુભવાય છે. અર્વાચીનકાળમાં સૌ પ્રથમ દલપતરામના 'વેનચરિત્ર' અને 'હુન્નરખાનની ચઢાઈ'માં આખ્યાનસ્વરૂપનાં દર્શન થાય છે. આ પછી નરસિંહરાવ, સુંદરમ્, કરસનદાસ માણેક એમ છેક અર્વાચીન કાળ સુધી આ સ્વરૂપનું અનુકરણ થતું રહ્યું છે. વળી, અર્વાચીન રાજકીય યા સામાજિક પ્રશ્નો-ઘટનાઓ પણ આખ્યાનનો વિષય બનીને આજના યુગમાં આવી છે એમ આખ્યાનકવિતાનું વહેણ ચાલુ રહ્યું છે.

## 6.2 પ્રેમાનંદના અનુગામી આખ્યાન કવિઓ અને તેમની કવિતા

આખ્યાનકવિતાને કવિ પ્રેમાનંદે એમના 'સુદામાચરિત્ર', 'મામેરું', 'નળાખ્યાન' જેવાં ઉત્તમ આખ્યાનોથી એટલી ઉત્કૃષ્ટ કોટિએ પહોંચાડી છે કે તેમના પછી તેમણે જે ઉચ્ચતા સિદ્ધ કરેલી છે તેને કોઈ આંબી શક્યું નથી. આમ છતાં તેમના પછી પણ કેટલાક આખ્યાનકારો થયા છે તેમની કવિતા હવે તપાસીએ.

સૌ પ્રથમ વસાવડ (સૌરાષ્ટ્ર)ના વડનગરા નાગર કવિ કાળીદાસ (ઈ. 18મી સદી ઉત્તરાર્ધ)નું 40 કડવાંનું 'પ્રલ્લાદ આખ્યાન' મળે છે તેમાં કવિ કથાવસ્તુને વિસ્તારથી વર્ણવે છે. એમની વાક્છટા નોંધપાત્ર છે. તેમાં ભક્તિરસ અને વીરરસનું આલેખન થયું છે. કૃતિમાંના કેટલાક ઊર્મિસભર અંશો આસ્વાદ્ય છે. 21/25 કડવાંના 'સીતા સ્વયંવર'માં સામાજિક રીતરિવાજોનું આલેખન થયું છે. સરસ્વતી અને સીતાના અંગસૌંદર્યનું કવિએ અહીં કરેલું વર્ણન પ્રસ્તારી બન્યું છે. બંને આખ્યાનકૃતિઓનો કડવાંબંધ લાક્ષણિક છે તેમાં વલણ, ઊથલો નામક ખંડોનો એકથી વધુ વાર **વિનિયોગ** થયેલો છે. વિવિધ રાગોના નિર્દેશવાળી દેશીઓમાં કૃતિની રચના થઈ છે.

ડડ ચંદ્રાવળાનું 'ધ્રુવાખ્યાન', 'ઈશ્વરવિવાહ' તથા 'ચંડિકાના ત્રિભંગીછંદ' આ કૃતિઓ પણ કવિને નામે નોંધાયેલી છે. પરંતુ આ કૃતિઓ આ જ કવિની હોવા વિશે **પ્રમાણભૂત** માહિતી મળતી નથી.

ગોધરાના રહીશ, ચિત્રોડા નાગર 'મોતીરામ' (ઈ. 1834માં હયાત) 23 પદનું 'નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ' અને 9 પદની 'સુદામાચરિત્ર' આ બે કૃતિઓની રચના કરી છે. આ બંને પદમાળાઓ પ્રેમાનંદની તદ્વિષયક આખ્યાનકૃતિઓ સાથે નિરૂપણની દૃષ્ટિએ કેટલુંક સામ્ય ધરાવે છે. આખ્યાનોમાં આવતાં 'કડવાં', વલણ કે ઊથલો વગેરેની તેમાં યોજના નથી. બંને રચનાઓનો ઢાંચો કવિએ આખ્યાન જેવો રચવા પ્રયત્ન કર્યો છે. પરંતુ તેમાં તે સફળ થયા નથી. આ સિવાય 'શામળદાસનો વિવાહ', 'કુંવરબાઈનું મોસાળું/મામેરું' તથા અન્ય પદોની તેમણે રચના કરી છે.

સૌરાષ્ટ્રમાં આવેલ જેતપુર પાસેના દેવકીગલોળના વતની, જ્ઞાતિએ લેઉઆ કણબી ભોજા ભગત (જ.ઈ.સ. 1785 અવ.ઈ.સ. 1850) જ્ઞાનમાર્ગી કવિ છે. તેમણે ગુજરાતીમાં પ્રસિદ્ધ પદો - 'ચાબખા'ની રચના કરી

છે. પરંતુ 'સેલૈયા આખ્યાન' અને 'બભ્રુવાહન-આખ્યાન' તેમનાં આખ્યાનકૃતિઓ છે. 'બભ્રુવાહન-આખ્યાન' હજુ અમુદ્રિત છે. 'સેલૈયા આખ્યાન' તેમાંના ભક્તિરસને કારણે ઘણું લોકપ્રિય થયેલું છે. એક સાધુને જમાડીને પછી જ જમવાનું વ્રત લેનાર સગાળશા શેઠ અને તેની પત્ની સંઘ્યાવતી પોતાનું વ્રત પાળવા કેવી કપરી કસોટીમાંથી પસાર થાય છે તેનું શ્રદ્ધાળુઓને આંખમાં આંસુ લાવે તેવું કરુણ વર્ણન કવિએ કર્યું છે. આ આખ્યાનનું કાઠું કરુણરસથી બંધાયેલું છે. ભક્તિ અને ઈશ્વરશ્રદ્ધા, સત્ય અને પ્રતિજ્ઞાપાલન, બલિદાન અને સ્વાર્પણ તેની નેમ છે. એટલે જ આ આખ્યાન લોકપ્રિય બન્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રસિદ્ધ **સાધુ નિષ્કુળાનંદ**(જ.ઈ.સ. 1766-અવ.ઈ. 1847-48)નું 'ધીરજાખ્યાન' સંપ્રદાયના હરિભક્તોમાં અને બહાર ઠીકઠીક જાણીતું છે. આ આખ્યાનમાં પરંપરાનાં આખ્યાનોમાં જેમ ગણપતિ, સરસ્વતી કે ઇષ્ટદેવની સ્તુતિ આરંભમાં થાય છે તેવી સ્તુતિને બદલે કવિ 'સહજાનંદ' તથા 'ઘનશ્યામ'નું સ્મરણ કરે છે. આ એક જ આખ્યાનમાં કવિએ ઘણી કથાઓ એક પછી એક ગૂંથી છે. આખ્યાનને અંતે આખ્યાનકવિતાની પરંપરાનુસાર કવિએ આ આખ્યાન ક્યાં, ક્યારે, કેટલાં કડવાં, પદો રચ્યાં છે તેનો ઉલ્લેખ કર્યો છે.

અમદાવાદના વતની, જ્ઞાતિએ ઔદિચ્ય બ્રાહ્મણ **તુલજારામ**(ઈ. 1787માં હયાત)ની બે આખ્યાનરચનાઓ મળે છે. તેમનું 14 કડવાંનું 'સગાળશા આખ્યાન/સગાળપુરી'માં કરુણ, વાત્સલ્ય, બીભત્સ વગેરે રસોના નિરૂપણથી ઠીકઠીક આસ્વાદ્ય બન્યું છે. કવિનું 'અભિમન્યુ આખ્યાન' ભૂલથી લજ્જારામને નામે ચઢી ગયું છે. તેમાં કવિત્વનો અનુભવ કરાવતા ગેય પદો છે તેને કારણે તે લોકપ્રિય બન્યું છે. કવિની વર્ણનકલા, ભાવનિરૂપણરીતિ, સંવાદ નિરૂપવાની શક્તિ, અલંકારો યોજવાની કુશળતા, દેશીઓની રચનાકલા, રસનું આલેખન વગેરે વિશિષ્ટતાઓ કવિને પ્રેમાનંદ પછીના આખ્યાનકારોમાં ગણનાપાત્ર સ્થાનના અધિકારી ઠરાવે છે.

સંખેડાના નાગર વૈષ્ણવ કવિ **રામકૃષ્ણ**(ઈ.સ. 18મી સદી ઉત્તરાર્ધ)નું 12 કડવાંનું 'ગજેન્દ્રમોક્ષ' આખ્યાન મળે છે જે તેમાં રહેલી રૂપકકથાને કારણે સવિશેષ નોંધપાત્ર છે. સરોવર એટલે સંસાર, સરોવરમાં જલક્રીડા કરતો ગજેન્દ્ર એટલે સંસારમાં આસક્ત એવો જીવ, ગજેન્દ્રને પડકારતો મગર એટલે કાળ: જેને કાળ ગ્રહે એને ભગવાન કૃષ્ણ જ છોડાવી શકે. આ આખ્યાન એક રૂપકકથા લેખે નિષ્પન્ન થતા આવા અર્થઘટનને લીધે, વર્ણનશક્તિ, પ્રાસાદિકતા વગેરે ગુણોને લીધે લોકપ્રિય બન્યું છે.

મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ, વડોદરા ને બરાનપુરના રહીશ પ્રેમાનંદના શિષ્ય **વીરજી**(ઈ.સ. 1664માં હયાત)ને નામે ચાર કૃતિઓ મળે છે. તેમાં અભિમન્યુએ બલરામપુત્રી સુરેખાનું હરણ કર્યું એ પ્રસંગને આલેખતું 25 કડવાંનું 'સુરેખાહરણ' કવિનું ખાસ ચમત્કૃતિ વગરનું આખ્યાન છે.

22 કડવાંની 'કામાવતીની કથા', 18 કડવાંનું 'બલિરાજાનું આખ્યાન' તથા 'દશાવતારની કથા' આ ત્રણ કૃતિઓ તેનાં આંતરિક પ્રમાણોને લક્ષમાં લેતાં વીરજીકૃત હોવાની સંભાવના નથી.

સ્ત્રી કવિઓએ પણ આ આખ્યાનપરંપરામાં પોતાનો ફાળો આપ્યો છે. તેમાં વડનગરના નાગર જ્ઞાતિનાં **કૃષ્ણાબાઈ**(18મી સદી)નું 'રુક્મિણીહરણ' તથા રામસીતા અને લક્ષ્મણના સંવાદરૂપે દેશીબંધમાં લખાયેલું 93 કડીનું 'સીતાજીની કાંચળી'ની નોંધ લેવી પડે. બીજાં છે **દિવાળીબાઈ.** આમની કોઈ કૃતિઓની હસ્તપ્રત પ્રાપ્ત થતી નથી. તેમની કેટલીક પંક્તિઓનું સામ્ય છોટાલાલ ન. ભટ્ટની કૃતિઓની પંક્તિઓ સાથે જોઈ શકાય છે. તેથી તેમને નામે મળતી કૃતિઓનું કર્તૃત્વ છોટાલાલ ન. ભટ્ટની હોવાનો તર્ક થયો છે. દિવાળીબાઈને નામે આખ્યાનકવિતાના વિકાસમાં નોંધી શકાય તેવા 'રામરાજ્ય', 'રામબાળલીલા', 'રામવિવાહ', 'રામરાજ્યાભિષેક' નામનાં કથાકાવ્યો મળે છે.

ત્રીજાં છે જ્ઞાતિએ ઔદિચ્ય બ્રાહ્મણ **પૂરીબાઈ** (ઈ.સ. 17મી સદી ઉત્તરાર્ધ - ઈ.સ. 18મી સદી પૂર્વાર્ધ). તેમનું 6 કડવાંનું સાદી અને પ્રૌઢ શૈલીમાં રચાયેલું રામસીતાના વિવાહ પ્રસંગનું ચિત્રણ કરતું 'સીતામંગલ'નું કથાકાવ્ય મળે છે. ચોથાં છે **રાધાબાઈ.** દિવાળીબાઈની જેમ રાધાબાઈની કૃતિઓની હસ્તપ્રતો મળતી નથી. વળી, છોટાલાલ ન. ભટ્ટની કૃતિઓ સાથે રાધાબાઈની કૃતિઓની ભાષાનું કેટલુંક મળતાપણું છે એટલે આ કૃતિઓ છોટાલાલ ન. ભટ્ટે રચીને રાધાબાઈને નામે ચડાવી દેવાની શંકા વ્યક્ત થઈ છે, જેને આપણે આખ્યાન ઢબનાં કથાકાવ્યો કહીએ છીએ, તે રાધાબાઈને નામે મળતાં કાવ્યો આ પ્રમાણે છે. 'રામનાથમાહાત્મ્ય', 'કંસવધ', 'કૃષ્ણવિરહ'.

પ્રેમાનંદે રચી આપેલા માર્ગ પર આ સ્ત્રી કવિઓએ ચાલવાનો જે પ્રયત્ન કર્યો છે તે સ્તુત્ય અને નોંધપાત્ર છે. તેમની કોઈ કોઈ રચનાઓમાં સર્જનશક્તિના ચમકારા અનુભવાય છે. તેમાંની સંવેદનશીલતા ભાવકચિત્તને સ્પર્શી જાય તેવી છે.

મધ્યકાલીન સાહિત્યના અંતિમ**જ્યોતિર્ધર** છે **દયારામ.** ભાગવતને આધારે તેમણે રચેલું 'અજામિલ-આખ્યાન' નોંધપાત્ર છે. કવિએ આ આખ્યાનમાં નામમાહાત્મ્ય જ ગાયું છે. આ ઉપરાંત 'રુક્મિણી વિવાહ', 'રુક્મિણી

સીમંત', 'સત્યભામાવિવાહ', 'નાગજીતી વિવાહ', 'અષ્ટપટરાણી વિવાહ' વગેરે આખ્યાન ઢબની રચનાઓ કરી છે. જોકે, આ રચનાઓ સ્વરૂપ દૃષ્ટિએ આખ્યાનો નહીં પણ ભોગીલાલ સાંડેસરાએ કહ્યું છે તેમ 'આખ્યાનાત્મક કાવ્યો' છે. 'રસિકવલ્લભ'ને અને 'ગુરુશિષ્યસંવાદ'ને દયારામે આખ્યાનનો 'કડવાંબંધ' સ્વીકારી તેને આખ્યાનસ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે પણ કવિને તેમાં સફળતા મળી નથી. આખ્યાન ઢબની કવિની રચનાઓમાં પણ કવિની કવિત્વકલા સામાન્ય કોટિની જ રહે છે.

અર્વાચીન યુગમાં આખ્યાન સાહિત્યપ્રકારને સજીવન રાખવાના છૂટક છૂટક થોડા પ્રયત્નો થયા છે. જે છે કવીશ્વર દલપતરામે લખેલાં બે કાવ્યો : 'વેનચરિત્ર' અને 'હુન્નરખાનની ચઢાઈ'. કેશવ હર્ષદ ધ્રુવે પણ 'મેઘદૂત'નો અનુવાદ આખ્યાન ઢબે કડવાં યોજીને કરવાનો પ્રયત્ન કર્યો છે. નરસિંહરાવ દિવેટિયાનું બહારથી ખંડકાવ્ય જેવું દેખાતું પણ આંતરગુણે આખ્યાનને મળતું આવતું એડવિન આર્નોલ્ડના સુપ્રસિદ્ધ 'લાઈટ ઑફ એશિયા' પરથી રચાયેલું 'બુદ્ધચરિત'. સુંદરમ્‌નું 'સુદામાચરિત'. ડોલરરાય માંકડનું 'ભગવાનની લીલા', ઉપેન્દ્રાચાર્યે આખ્યાનશૈલીની દેશીઓ યોજીને રચેલું 'સુદામાં આખ્યાન'. વર્તમાનપત્રોમાં તત્કાલીન રાજકીય કે સામાજિક ઘટનાને આખ્યાન ઢબે નિરૂપવા પ્રયત્ન કરતું 'નારદવાણી' તથા કરસનદાસ માણેકની 'વૈશંપાયનની વાણી'માંની આખ્યાનરીતિની અર્વાચીન રાજકીય યા સામાજિક પ્રશ્નો-ઘટનાઓ આલેખતી, કટાક્ષભારે લચતી રચનાઓ. માણભટ્ટની જ કથાશૈલીમાં આલેખાયેલી 'પુનર્મિલન', 'ઓખાહરણ', 'ત્રિવકા' 'નવપ્રસ્થાન' વગેરે સુભગ રચનાઓ મુખ્ય છે.

આ રીતે કવિ પ્રેમાનંદ પછી આખ્યાનકવિતાનો પ્રવાહ છેક અર્વાચીન કાળ સુધી ઠીક ઠીક પ્રમાણમાં લીલો રહ્યો છે.

## 6.3 સારાંશ

આપણે જોયું કે આખ્યાનકવિતાનાં બીજ તો નરસિંહે રોપેલાં પણ પ્રેમાનંદમાં એ સોળે કળાએ વિકસી અને તે પછી પણ એનો વિકાસ ધીમો ધીમો થતો રહ્યો છે. પ્રેમાનંદ પછીના જે આખ્યાનકવિઓ છે તેમણે પ્રેમાનંદે જે વિષય પર આખ્યાનરચના કરી છે તે જ વિષય લઈને ફરી રચનાઓ કરી છે. અનુગામી આખ્યાનકારોનો આ સ્વરૂપમાં કામ કરવાનો પ્રયત્ન પ્રશસ્ય ન ગણાય છતાં તેમના પ્રયત્નથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું આ સ્વરૂપ અર્વાચીનકાળ સુધી લીલું રહ્યું છે એ તો ચોક્કસ કહેવું પડે તેમ છે. મધ્યકાળના ફાગુ, રાસ વગેરે સ્વરૂપો આખ્યાનકવિતા જેટલા અર્વાચીનકાળ સુધી અનુકરણીય રહ્યાં નથી. એ રીતે આખ્યાન વધુ લોકપ્રિય અને કવિઓને જેની રચના કરવામાં રસ પડે છે એવો સાહિત્યપ્રકાર છે.

## 6.4 કેટલાંક ઉપયોગ પુસ્તકો


1. *ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) :* અનંતરાય રાવળ, 1976
2. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ – 2 :* સંપા. ઉમાશંકર જોશી અને અન્ય, 1976
3. *ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ :* રમેશ એમ. ત્રિવેદી, 1992
4. *મધ્યકાલીન ગુજરાતી આખ્યાન :* શશીન્ ઓઝા, 1969


## 6.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વિનિયોગ** - ઉપયોગ, પ્રયોગ

**પ્રમાણભૂત** - વિશ્વાસપાત્ર

**જ્યોર્તિધર** - જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર

**કાઠું** - આકાર

**'તમારી પ્રગતિ ચકાસો' - 6**

1. પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનાં નામ આપો.
2. અનુગામી આખ્યાનકારોની આખ્યાનકવિતાનાં નામ આપો.
3. પ્રેમાનંદની અનુગામી સ્ત્રી કવયિત્રીઓનાં નામ આપો.
4. સ્ત્રી કવયિત્રી [illegible]ળીબાઈની કૃતિઓ ખરેખર એની જ છે ? શા માટે ?
5. દયારામની આખ્યાન રચનાઓનાં નામ આપો.

6. અર્વાચીન યુગમાં કોણે કોણે આખ્યાન સ્વરૂપની રચના કરી છે ?
7. અર્વાચીનયુગમાં થયેલી આખ્યાનકવિતાઓનાં નામ આપો.

## 6.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'- 1**

1. જુઓ 1.1નો બીજો પરિચ્છેદ.
2. જુઓ 1.1નો બીજો પરિચ્છેદ.
3. જુઓ 1.3નો પહેલો, બીજો, ત્રીજો પરિચ્છેદ.
4. જુઓ 1.3નો પહેલો, બીજો, ત્રીજો પરિચ્છેદ.
5. જુઓ 1.3નો ચોથો પરિચ્છેદ.
6. જુઓ 1.3નો બીજો, ત્રીજો, ચોથો પરિચ્છેદ.
7. જુઓ 1.3નો ચોથો પરિચ્છેદ.
8. જુઓ 1.3નો ચારથી અગિયારમા પરિચ્છેદ.
9. જુઓ 1.3ના સમગ્ર પરિચ્છેદો.
10. જુઓ 1.3ના ચોથાથી છેલ્લા પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'- 2**

1. જુઓ 1.4ના 1થી 16 પરિચ્છેદ.
2. જુઓ 1.4ના સોળમા પછીના બધા પરિચ્છેદ.
3. જુઓ 1.4માં કૃતિ શીર્ષકો નીચે થયેલ નોંધો.
4. જુઓ 1.4માં કૃતિ શીર્ષકો નીચે થયેલ નોંધો.
5. જુઓ 1.4માં કૃતિ શીર્ષકો નીચે થયેલ નોંધો.
6. જુઓ 1.4માં 'અખાનો કવનવિષય - તત્ત્વ વિચાર' આ શીર્ષક હેઠળ થયેલ નોંધો.
7. જુઓ 1.4માં 'અખાની દૃષ્ટાંતકલા' શીર્ષક નીચે થયેલ નોંધ.
8. જુઓ 1.4માં 'ઉપમાકવિ' શીર્ષક નીચે થયેલ નોંધ.
9. જુઓ 1.4માં અખાનું સમગ્ર કવન.
10. જુઓ 1.4માં 'ભાષાભિવ્યક્તિ' શીર્ષક હેઠળની નોંધ.
11. જુઓ 1.4માં 'છંદ' શીર્ષક હેઠળની નોંધ.

**'તમારી પ્રગતિ ચકાસો'- 3**

1. જુઓ 1.2ના બધા પરિચ્છેદ.
2. જુઓ 1.2ના 'નરહરિ', 'ભાણદાસ'ના શીર્ષક હેઠળની નોંધો.
3. જુઓ 1.2માં 'પ્રીતમ' શીર્ષક હેઠળ.
4. જુઓ 1.2માં 'ધીરો' શીર્ષક હેઠળ.
5. જુઓ 1.2માં 'બાપુસાહેબ ગાયકવાડ' શીર્ષક હેઠળ.
6. જુઓ 1.2માં 'ભોજો' શીર્ષક હેઠળ.
7. જુઓ 1.2માં છેલ્લેથી બીજો પરિચ્છેદ.
8. જુઓ 1.2માં છેલ્લેથી બીજો પરિચ્છેદ.
9. જુઓ 1.3માં છેલ્લા ત્રણ પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'- 4**

1. જુઓ 1.1માં પ્રસ્તાવનાનો પહેલો-બીજો પરિચ્છેદ.
2. જુઓ 1.1માં પ્રસ્તાવનાનો પહેલો-બીજો પરિચ્છેદ.
3. જુઓ 1.3માં પ્રથમ ચાર પરિચ્છેદ.

4. જુઓ 1.3માં પાંચમો પરિચ્છેદ.
5. જુઓ 1.3માં છઠ્ઠો પરિચ્છેદ.
6. જુઓ 1.3માં સાતમો પરિચ્છેદ.
7. જુઓ 1.3માં દસમો પરિચ્છેદ.
8. જુઓ 1.3માં દસ પછીના બધા પરિચ્છેદ.
9. જુઓ 1.3માં દસ પછીના બધા પરિચ્છેદ.

**'તમારી પ્રગતિ ચકાસો'- 5**

1. જુઓ 1.1માં 'જીવન' શીર્ષક હેઠળ.
2. જુઓ 1.2માં 'કૃતિઓ' શીર્ષક હેઠળ.
3. જુઓ 1.2માં બીજો પરિચ્છેદ.
4. જુઓ 1.2માં પ્રશ્નમાં સૂચવેલાં શીર્ષકો હેઠળ.
5. જુઓ 1.2માં પ્રશ્નમાં સૂચવેલાં શીર્ષકો હેઠળ.
6. જુઓ 1.2માં પ્રશ્નમાં સૂચવેલાં શીર્ષકો હેઠળ.
7. જુઓ 1.2માં બધી કૃતિઓના પરિચયોને પછી નક્કી કરો.
8. જુઓ 1.3માં 'પ્રેમાનંદના પ્રતિભા અંશો' શીર્ષક હેઠળ.
9. જુઓ 1.3માં 'રસસિદ્ધિ' શીર્ષક હેઠળ.
10. જુઓ 1.3માં 'સમકાલીનતાનું તત્ત્વ' શીર્ષક હેઠળ.
11. જુઓ 1.4માં 'ભાષાપ્રભુત્વ' શીર્ષક હેઠળ.
12. જુઓ 1.3માં 'ઉત્તમ હાસ્ય કવિ' શીર્ષક હેઠળ.
13. જુઓ 1.3માં 'ઉત્તમ હાસ્ય કવિ' શીર્ષક હેઠળ.
14. જુઓ 1.5માં 'કવિ પ્રતિભા' શીર્ષક હેઠળ.
15. જુઓ 1.2માં 'પ્રેમાનંદની સંદિગ્ધકૃતિઓ' શીર્ષક હેઠળ.
16. જુઓ 1.2માં અંતે 'પ્રકીર્ણ કૃતિઓ' શીર્ષક હેઠળ.
17. જુઓ 1.2માં 'પ્રેમાનંદનું સાહિત્યસર્જન' શીર્ષક હેઠળ.
18. જુઓ 1.3માં 'કથનકળા', 'રસનિરૂપણ' શીર્ષક હેઠળ.
19. જુઓ 1.5માં 'મર્યાદાઓ' શીર્ષક હેઠળ.

**'તમારી પ્રગતિ ચકાસો'- 6**

1. જુઓ 1.2માં 'પ્રેમાનંદના અનુગામી... અને તેમની કવિતા' શીર્ષક હેઠળ.
2. જુઓ 1.2માં 'પ્રેમાનંદના અનુગામી... અને તેમની કવિતા' શીર્ષક હેઠળ.
3. જુઓ 1.2માં 'પ્રેમાનંદના અનુગામી... અને તેમની કવિતા' શીર્ષક હેઠળ.
4. જુઓ 1.2માં 'પ્રેમાનંદના અનુગામી... અને તેમની કવિતા શીર્ષક હેઠળ.
5. જુઓ 1.2માં છેલ્લેથી બીજો પરિચ્છેદ.
6. જુઓ 1.2માં છેલ્લો પરિચ્છેદ.
7. જુઓ 1.2માં છેલ્લો પરિચ્છેદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.
ગુજરાતી : પેપર-૦૩
મધ્યકાલીન ગુજરાતી
સાહિત્યનો ઈતિહાસ
(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 3

## દયારામ સુધી અને દયારામ


એકમ 1

શામળ પૂર્વેનું પદ્યવાર્તા સાહિત્ય અને શામળ 7

એકમ 2

દયારામ પૂર્વેનું પદ્યસાહિત્ય 16

એકમ 3

દયારામ 23

એકમ 4

અન્ય પદસાહિત્ય પરિચય 31

એકમ 5

મધ્યકાળનું ગદ્યસાહિત્ય અને લોકસાહિત્ય 34

**લેખન :**

પ્રો. બળવંત જાની — હેડ ઑફ ડિપાર્ટમેન્ટ, ગુજરાતી વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પરામર્શ (વિષય) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ

**પરામર્શ (ભાષા) :**

પ્રો. રમણલાલ જોશી — ૨, અચલાયતન સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી.કે. મહેતા — નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380 003

**સંયોજન સહાય :**

શ્રી સુરેન્દ્ર શાહ — મદદનીશ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સોલા, અમદાવાદ.

**પ્રકાશક**

ડૉ. પી. કે. મહેતા, નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર-9, ફડનાળા, શાહીબાગ, અમદાવાદ- 380003. ટે.નં. : 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

## પ્રસ્તાવના

સ્નાતક ઉપાધિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતીનો આ ઐચ્છિક પાઠ્યક્રમ છે. આ પાઠ્યક્રમ ગુજરાતી સાહિત્ય સાથે સંબંધિત છે. *ગુજરાતી સાહિત્યની રૂપરેખા* એવું નામ તેને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યને મુખ્યત્વે બે ખંડમાં વિભાજિત કરવામાં આવ્યું છે. ઈ.સ. 1100થી 1850 સુધીનો ગાળો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમયાવધિ મનાય છે. જ્યારે ઈ. સ. 1850થી આજ સુધીના સાહિત્યને અર્વાચીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે.

8 ક્રેડિટના આ પાઠ્યક્રમમાં કુલ 36 એકમ છે જેને સાત વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. પ્રત્યેક વિભાગને અલગ અલગ શીર્ષકો આપવામાં આવ્યાં છે.

## વિભાગવાર પરિચય

પાઠ્યક્રમના પ્રથમ ત્રણ વિભાગ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ફાળવવામાં આવ્યા છે.

પ્રથમ વિભાગનું શીર્ષક છે *પ્રાગ્ નરસિંહ સુધી અને નરસિંહ.* આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં ભાષા અને સાંસ્કૃતિક પરિસ્થિતિની ચર્ચા કરી દ્વિતીય એકમમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ દર્શાવવામાં આવી છે. ત્રીજો એકમ નરસિંહ પૂર્વેના પ્રમુખ કવિઓ અને સાહિત્ય-પ્રવાહોને ફાળવવામાં આવ્યો છે. ચોથા એકમમાં મધ્યકાળના પ્રથમ મોટા ગજાના કવિ નરસિંહ મહેતાની સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે.

બીજા વિભાગનું શીર્ષક છે *પ્રેમાનંદ સુધી અને પ્રેમાનંદ.* આ વિભાગને છ એકમ અંતર્ગત વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં જ્ઞાનમાર્ગી કવિતા અને અખાના પુરોગામી જ્ઞાનમાર્ગી કવિઓની ચર્ચા કરવામાં આવી છે. બીજા એકમમાં જ્ઞાનમાર્ગી કવિતાના ઉત્તુંગ શિખર સમા અખાની કવિતાને મૂલવવામાં આવી છે તો ત્રીજા એકમમાં અખા સિવાયના પાંચ મહત્ત્વના જ્ઞાનાશ્રયી કવિઓનો પરિચય આપવામાં આવ્યો છે. ચોથા એકમમાં આખ્યાનકવિતા અને પ્રેમાનંદ પૂર્વેના આખ્યાનકવિઓનો સંક્ષિપ્ત ખ્યાલ આપી પાંચમા એકમમાં આખ્યાનશિરોમણિ પ્રેમાનંદની સમગ્ર સાહિત્યસેવાનો પરિચય કરાવવામાં આવ્યો છે. છઠ્ઠા એકમમાં પ્રેમાનંદના અનુગામી આખ્યાનકારોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગમાં પ્રેમાનંદથી *દયારામ સુધી અને દયારામના* સાહિત્યનો ખ્યાલ આપવામાં આવ્યો છે. આ વિભાગનો પ્રથમ એકમ શામળ પૂર્વેના પદ્યવાર્તા સાહિત્ય અને શામળને ફાળવવામાં આવ્યો છે. બીજા એકમમાં દયારામ પૂર્વેના પદસાહિત્યનો અને ત્રીજા એકમમાં મધ્યકાળના અંતિમ તેજસ્વી તારક દયારામનો પરિચય કરાવવામાં આવ્યો છે. ચોથા એકમમાં અન્ય પદસાહિત્ય-પ્રવાહનો પરિચય કરાવી પાંચમા એકમમાં મધ્યકાળના ગદ્યસાહિત્ય અને લોકસાહિત્યનો આછો ખ્યાલ આપવામાં આવ્યો છે.

ચારથી સાત વિભાગ અર્વાચીન ગુજરાતી સાહિત્ય માટે ફાળવવામાં આવ્યા છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યને સામાન્ય રીતે ચાર યુગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક યુગને એક એક એકમ અંતર્ગત સાંકળી લેવામાં આવ્યો છે.

ચોથા વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રથમ *સુધારક યુગને* ચર્ચવામાં આવ્યો છે. આ વિભાગને ચાર એકમમાં વિભાજિત કરી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા અને પરિબળોની ચર્ચા કરી છે. સુધારક યુગના બે પ્રમુખ સાહિત્યકારો દલપતરામ અને નર્મદાશંકરને અનુક્રમે બીજા અને ત્રીજા એકમમાં સમાવિષ્ટ કરી ચોથા એકમમાં સુધારક યુગના અન્ય લેખકોનો અછડતો ખ્યાલ આપવામાં આવ્યો છે.

*પંડિતયુગને* સ્પર્શતા પાંચમા વિભાગને પાંચ એકમમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ એકમમાં પંડિતયુગની પૂર્વભૂમિકા અને પરિબળો દર્શાવી બીજા એકમમાં ગોવર્ધનરામની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજા એકમમાં પંડિતયુગના પ્રમુખ કવિઓ, ચોથા એકમમાં પ્રમુખ ગદ્યકારો અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો સંક્ષિપ્ત પરિચય કરાવવામાં આવ્યો છે.

છઠ્ઠો વિભાગ *ગાંધીયુગને* ફાળવવામાં આવ્યો છે. તેને છ એકમમાં વહેંચી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને ગાંધીજીનો પરિચય આપી બીજા એકમમાં ગાંધી અનુશાસિત લેખકો, ત્રીજા એકમમાં પ્રમુખ કથાસર્જકો, ચોથા એકમમાં પ્રમુખ કવિઓ અને પાંચમા એકમમાં પ્રમુખ વિવેચકોનો પરિચય કરાવવામાં આવ્યો છે. છેલ્લો એકમ અન્ય સ્વરૂપસર્જન પરિચય માટે રાખ્યો છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યના અંતિમ યુગને *અનુગાંધીયુગ* નામ આપવામાં આવ્યું છે. છેલ્લા સાતમા વિભાગમાં આ યુગનો પરિચય પ્રાપ્ત થાય છે. આ વિભાગના છ એકમો પૈકી પ્રથમ એકમમાં પૂર્વભૂમિકા, પરિબળો અને પ્રહ્લાદ-હરિશ્ચંદ્રની કવિતાની વાત કરી બીજા એકમમાં રાજેન્દ્ર શાહ અને નિરંજન ભગતની સાહિત્યસેવાને મૂલવવામાં આવી છે. ત્રીજો એકમ અન્ય પ્રમુખ સૌન્દર્યદર્શી કવિઓને ફાળવ્યો છે. ચોથા એકમમાં આધુનિકતાના પુરસ્કર્તા સુરેશ જોષીનો અને અન્ય આધુનિક કવિઓનો પરિચય આપી પાંચમા એકમમાં અનુગાંધીયુગીન કથાસાહિત્ય-સ્વરૂપ-પ્રવાહ-પરિચય અને છઠ્ઠા એકમમાં અન્ય સ્વરૂપસર્જન-પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

આ રીતે સાત વિભાગો દ્વારા આ પાઠ્યક્રમમાં સમગ્ર ગુજરાતી સાહિત્યની રૂપરેખા આપવામાં આવી છે. એના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી ગુજરાતી સાહિત્યથી પરિચિત થાય એ અપેક્ષા છે.

# એકમ 1 શામળ પૂર્વેનું પદ્યવાર્તા સાહિત્ય અને શામળ

રૂપરેખા


1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 પૂર્વભૂમિકા

1.3 શામળ પૂર્વેની પદ્યવાર્તાની પરંપરાનો પરિચય

1.4 શામળ પૂર્વેની કેટલીક પદ્યવાર્તાઓનો પરિચય

1.4.1 મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી'

1.4.2 નરપતિકૃત 'પંચદંડની વાર્તા'

1.4.3 ગણપતિકૃત 'માધવાનલ કામકંદલા'

1.4.4 અસાઈતકૃત 'હંસાઉલી'

1.4.5 લાવણ્યસમયકૃત 'દેવરાજ-વચ્છરાજની કથા'

1.4.6 શિવદાસકૃત 'કામાવતી'

1.4.7 માધવકૃત 'રૂપસુંદરકથા'

1.4.8 ભીમકૃત 'સદયવત્સ પ્રબંધ'

1.4.9 'ચંદનમલયાગરી'

1.4.10 'અંજનાસુંદરી'

1.5 શામળ : સમય અને જીવનરેખા

1.5.1

1.5.2

1.5.3

1.6 શામળની સાહિત્યસેવાઓ

1.6.1

1.6.2

1.6.3

1.6.4

1.7 સારાંશ

1.8 ચાવીરૂપ શબ્દો

1.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 1.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગનો પહેલો એકમ છે -

- મધ્યકાલીન કથામૂલક સાહિત્યમાંના પદ્યવાર્તાની પરંપરાથી તમે પરિચિત થશો.
- પદ્યવાર્તાઓના કથાનકનો - વિષયસામગ્રીનો તમને ખ્યાલ આવશે.
- શામળના જીવન તથા પ્રદાન તથા પદ્યવાર્તા ક્ષેત્રેની એમની વિશિષ્ટ સેવાઓના પરિચય પ્રાપ્ત થશે.

## 1.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની રૂપરેખામાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદ્યવાર્તા એક અત્યંત મહત્ત્વનું સાહિત્યસ્વરૂપ ગણાય છે. જેમ આખ્યાન, રાસ જેવાં કથામૂલક સાહિત્યસ્વરૂપો છે એમ જ પદ્યવાર્તા પણ વિપુલ માત્રામાં ખેડાયેલું સાહિત્યસ્વરૂપ છે. આ પદ્યવાર્તાની પરંપરા ખૂબ જ સમૃદ્ધ છે. શામળ એમાં મહત્ત્વનો અને સીમાસ્તંભરૂપ સર્જક છે, પણ એની પૂર્વે વિપુલ માત્રામાં પદ્યવાર્તા ક્ષેત્રે સર્જન થયેલું દષ્ટિગોચર થાય છે.એનો ટૂંકમાં ઐતિહાસિક કાળક્રમે અત્રે પરિચય મેળવવાથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું ચિત્ર [illegible] થાય. એ પરંપરાના પરિચય પછી પદ્યવાતા ક્ષેત્રે

મહત્ત્વનું પ્રદાન કરનારા શામળના જીવન અને કવનની વિગતો એમાં ખાસ કરીને પદ્યવાર્તા ક્ષેત્રના એમના પ્રદાનનો પરિચય મેળવવો અત્યંત આવશ્યક ગણાય. આ પરિચયને કારણે મધ્યકાલીન સાહિત્યના એક મહત્ત્વના ખંડથી **અવગત** થયા ગણાઈએ.

## 1.2 પૂર્વભૂમિકા

કથામૂલક સાહિત્ય સ્વરૂપોમાંના આખ્યાન અને રાસ સાહિત્યસ્વરૂપથી તમે પરિચિત થયા છો. હવે એવું જ મહત્ત્વનું સાહિત્યસ્વરૂપ પદ્યવાર્તા વિશે અહીંથી વિગતો પ્રાપ્ત થશે. એ કારણે તમને ખ્યાલ આવશે કે પ્રાચીન કથાનકો કેવા રૂપાંતર પામીને ગુજરાતીમાં **પ્રવાહમાન્** - વહેતા રહ્યા છે. મધ્યકાલીન મહત્ત્વના સર્જકો નરસિંહ, પ્રેમાનંદ આદિથી પણ તમે પરિચિત થયા છો. હવે અહીંથી શામળના પ્રદાનથી પરચિત થશો એટલે તમને ખરો ખ્યાલ આવશે કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં શામળનું સ્થાન કેવા પ્રકારનું છે અને એની મહત્તા શા કારણે છે.

ઉદ્દેશ-ઉપદેશને વાર્તાની **અંતર્ગત** વણી લઈને વાર્તારસને **અનુષંગે** કથાના માધ્યમ દ્વારા મધ્યકાળમાં કેવા-કેવા હેતુઓ-ઉપદેશો કર્તાઓ દ્વારા પ્રસ્તુત થયા એનો ખ્યાલ પણ અહીંથી પ્રાપ્ત થશે. મધ્યકાલીન સાહિત્ય વિવિધ સાહિત્યસ્વરૂપો દ્વારા પોતાનો હેતુ કેવી રીતે સિદ્ધ કરે છે એનો પરિચય પણ અહીંથી મળશે. પદ્યવાર્તાની અંતર્ગત પ્રયોજાતી સમસ્યાઓ અને ઉખાણાઓ દ્વારા વ્યવહારજ્ઞાન અને બુદ્ધિચાતુર્ય પ્રગટતું હોવાને કારણે ભાવકની તર્કશક્તિ, વિચારશીલતા અને જ્ઞાન - માહિતીની ક્ષિતિજ વિસ્તાર પામે છે. પદ્યવાર્તાનું સ્થાન એ રીતે લોકશિક્ષણનું પણ રહ્યું છે. માત્ર જનમનરંજન નહીં પણ ભાવકના **બુદ્ધિચાતુર્યને** વિકસાવતું અને એ રીતે લોકશિક્ષણની પ્રવૃત્તિ કરતું આ સાહિત્યસ્વરૂપ માત્ર પરંપરિત કથાનક નહીં પણ આવી બધી બાબતોને કારણે પણ મહત્ત્વનું સ્થાન ધારણ કરે છે.

## 1.3 શામળ પૂર્વેની પદ્યવાર્તાની પરંપરાનો પરિચય

શામળપૂર્વેનું વાર્તાસાહિત્ય પ્રમાણમાં ઘણું વિપુલ છે. પદ્યવાર્તાના સાહિત્યમાં વધુ પડતો ફાળો જૈન સાધુ કવિઓનો રહ્યો છે. છતાં જૈનેતર વાર્તાકારોએ પણ અનેક વાર્તાઓ આપી છે. વિજયભદ્રસૂરિની 'હંસરાજ-વચ્છરાજ ચઊપઈ', અસાઈતકૃત 'હંસાઉલી' તેમ જ ભીમકૃત 'સદયવત્સચરિત'થી માંડીને શામળભટ્ટ સુધી આશરે ચારસો - સવા ચારસો વર્ષમાં વિક્રમ, નંદ માધવાનલ, સદયવત્સ, ચંદન-મલયાગિરિ વગેરે પ્રસિદ્ધ પાત્રોવિષયક અનેક પદ્યવાર્તાઓ દ્વારા પરંપરા સમૃદ્ધ બની છે.

પંદરમી સદીના ઉત્તરાર્ધ સુધીના પાંચ દાયકાની પદ્યાત્મક લોકકથાઓમાં વિશેષ પ્રમાણ વિક્રમકથાનક વિષયની વાર્તાઓનું રહ્યું છે. જેમાં મલયચન્દ્રની 'સિંહાસનબત્રીસી', 'સિંઘલશીચરિત્ર', વીરસિંહની 'ઉષાહરણ', નરપતિની 'પંચદંડની વાર્તા' અને 'નંદબત્રીસી' તથા લક્ષ્મીવલ્લભની 'પંચદંડની કથા' પ્રમુખસ્થાને રહે છે. આ સમયગાળા દરમ્યાન આવી કથાઓ ઉપરાંત ભાલણે 'કાદંબરી'ની કથાનકને આધારે કાદંબરી આખ્યાન જેવી રચનાનું પણ સર્જન કર્યું છે.

સોળમી સદી પદ્યવાર્તાપુષ્પો માટે વસંતઋતુ બને છે. ગણપતિકૃત 'મધવાનલકામકંદલા' કુશળલાભકૃત 'મારુઢોલા ચઊપઈ' મતિસારની 'કર્પૂરમંજરી', જ્ઞાનાચાર્યની 'બિલ્હણપંચાશિકા' તથા 'શશિકલાપંચાશિકા', વચ્છરાજની 'રસમંજરી', ઉદયભાનુની 'વિક્રમચરિત્ર', મધુસૂદનવ્યાસકૃત 'હંસાવતી વિક્રમચરિત્રની કથા', દેવશીલ, હેમાણંદ, કલ્યાણ, સુજાણહંસ, કૃષ્ણવિજય વગેરેએ 'વેતાળપચીસી'ની વાર્તાઓ લખી છે. તો મંગલમાણેક, જિનહર્ષ વગેરેએ 'વિક્રમ અને ખાપરોચોર' ની વાર્તા રચી છે. વિનય સમુદ્ર, મંગલ માણેક, ભાવરત્ન ઇત્યાદિએ 'અંબડકથા'ની રચના કરી છે. રત્નસુંદરે 'સુડાબહોંતેરી' તથા વિનય સમુદ્ર, ભક્તિવિજય, કલ્યાણચંદ્ર, હરિત રુચિ, વિનયસાગર, બુદ્ધિવિજય અને રામવિજયે 'ચિત્રસેન પદ્માવતી' વાર્તાની રચના કરી છે. લાવણ્યરત્ન, લાવણ્યસમય, કલ્યાણદેવ, વૈરસાલ વિનયલાભે 'દેવરાજ વચ્છરાજની કથા'ની રચના કરી છે.

સોળમી સદીમાં આમ, 'માધવાનલકામકંદલા', 'મારુઢોલા', 'કર્પૂરમંજરી', જેવી પ્રણયકથાઓ તેમ જ અંબડકથા જેવી અદ્ભુત તિલસ્માતી કથાઓ, બિલ્હણપંચાશિકા તેમ જ અન્ય સાઠેક જેટલી વાર્તાઓ પ્રાપ્ત થાય છે.

સત્તરમી સદીની પદ્યવાર્તાઓમાં શિવદાસની 'હંસાવતી' અને 'કામાવતી', અજીતચન્દ્ર, જિનહર્ષ, યશોવર્ધન, ભદ્રસેન,મનોહર, ભાણવિજય, ચતુર, કેસર, અનોપવિજય તથા સુમિતહંસ વગેરેની 'ચંદનમલયાગરી'ની વાર્તા મળે છે. તો નરેનકીર્તિ, ગુણવિજય, માલમુનિ, વિમલચરિત્ર, પુણ્યસાગર, લૂણસાગર, માનવિજય, ભૂવનકીર્તિ, દીપસાગર, ધર્મસુંદર, કમલહર્ષ, ક્ષેમકુશલ તથા માધવ પાસેથી 'અંજનાસુંદરી'ની વાર્તા પ્રાપ્ત થાય છે. ભીમ પાસેથી 'સદયવત્સપ્રબંધ' મળે છે. આ સદીમાં નવું ભરપૂર વાર્તાપૂર આવે છે. સત્તરમા સૈકામાં શામળે પોતાનો પદ્યવાર્તાઓનો ખજાનો લોકો સમક્ષ ખુલ્લો મૂક્યો.

અઢારમી સદીનો સમય સત્તરમી સદીના ઉત્તરાર્ધે થયેલા આખ્યાનના ચરમોત્કર્ષને કારણે કે પછી અન્ય કારણે પદ્યવાર્તાક્ષેત્રે ઓટ લાવે છે. આ સદીની મુખ્ય પદ્યવાર્તાઓ 'આરામશોભા' અને 'માનતુંગ-માનવતી' નામની પદ્યવાર્તાઓ છે. બહુધા સમાન વિષયની પણ અત્યંત લોકપ્રિય એવી કથાઓનું સતત સર્જન થતું રહ્યું છે. લૌકિક કથાનકોને પોતાની રીતે પ્રયોજવાના કૌશલ્યના ઉદાહરણ તરીકે પણ આ બધી પદ્યવાર્તાઓ અભ્યાસનો વિષય બની શકે તેમ છે. ચારસો-સવાચારસો વર્ષના ગાળામાં ખૂબ જ પ્રચલિત થયેલી અને પછી પરંપરામાં - ઇતિહાસમાં સ્થિર થયેલી આ પદ્યવાર્તાઓનું સામાજિક - સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ ઘણું મહત્ત્વ છે.

**'તમારી પ્રગતિ ચકાસો' –1**

**(1) નીચેની વાર્તાઓનો સાચો સમય જોડો :**

| | | | |
|---|---|---|---|
| 1 | મારુ-ઢોલાચઊપઈ | 1 | પંદરમી સદી |
| 2 | કાદંબરી | 2 | પંદરમી સદી |
| 3 | હંસાવતી | 3 | સોળમી સદી |
| 4 | કામાવતી | 4 | સોળમી સદી |
| 5 | ઉષાહરણ | 5 | સત્તરમી સદી |
| 6 | બિલ્હણપંચાશિકા | 6 | સત્તરમી સદી |

**(2) નીચેની કૃતિઓના કર્તાના નામ જોડો :**

| | | | |
|---|---|---|---|
| 1 | પંચદંડ | 1 | કુશળલાભ |
| 2 | વિક્રમચરિત્ર | 2 | મતિસાર |
| 3 | કામાવતી | 3 | ઉદયભાનુ |
| 4 | મારુઢોલાચઊપઈ | 4 | વિનયલાભ |
| 5 | દેવરાજવચ્છની કથા | 5 | નરપતિ |
| 6 | કર્પૂરમંજરી | 6 | શિવદાસ |

## 1.4 શામળ પૂર્વેની કેટલીક પદ્યવાર્તાઓનો પરિચય

### 1.4.1 મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી'

મલયચન્દ્રે ઈ.સ. 1463માં ચોપાઈની 374 કડીમાં આ કથા લખી છે. ગુજરાતીમાં મલયચન્દ્રથી શામળ સુધીના અનેક વાર્તાકારોએ આ પ્રસિદ્ધ કથાનક ઉપર વાર્તાઓ લખી છે. ક્ષેમંકરની સંસ્કૃત વાચના ઉપરથી મલયચંદ્રે આ વાર્તા લખી છે. કથાના પ્રમાણમાં કડીનું પ્રમાણ અલ્પ હોવાને કારણે વાર્તાકારને વર્ણન માટે પૂરતો અવકાશ મળતો નથી. પ્રારંભની 60 કડીમાં કૃપણ બ્રાહ્મણના કથા, સિંહાસનની ઉત્પત્તિ, પ્રાપ્તિ અને તેની પ્રતિષ્ઠાવિધિ, ભર્તૃહરિના અમરફળ અને વિક્રમની રાજ્યપ્રાપ્તિ એવા પ્રસંગોને આલેખીને પછી સંક્ષેપમાં બત્રીસે પૂતળીની વાત કવિ કહી જાય છે. કૃતિની ભાષા કવિનું સંસ્કૃત પરનું પ્રભુત્વ પ્રગટ કરે છે.

### 1.4.2 નરપતિકૃત 'પંચદંડની વાર્તા'

કવિ નરપતિકૃત 'પંચદંડની વાર્તા' એ ગદ્ય-પદ્યાત્મક એવું મિશ્ર અને પાંચ આદેશમાં વિભાજિત દીર્ઘકાવ્ય છે. કવિ નરપતિએ 'પંચદંડ'માં પોતાની બધી શક્તિઓ અજમાવી છે. ભાષાની દૃષ્ટિએ પણ આ કાવ્ય ધ્યાનાર્હ છે. મધ્યકાલીન ગુજરાતીની બીજી ભૂમિકાનું પ્રતિનિધિત્વ 'પંચદંડ'માં છે. વિક્રમની સોળમી સદીના આપણા ગદ્યવિકાસનો આ લાક્ષણિક નમૂનો છે. જૂની ગુજરાતીમાંની 'પંચદંડ' વિષયક કથાઓમાં નરપતિ મોખરાનું સ્થાન ધરાવે છે.

### 1.4.3 ગણપતિકૃત 'માધવાનલ કામકંદલા'

ગણપતિએ 25,000 દુહામાં આઠ અંગમાં ઈ.સ. 1518 માં લખેલી માધવાનલ અને કામકંદલાની કથા પદ્યવાર્તાની પ્રવાહની મોટામાં મોટી કૃતિ છે. માધવ અને કામકંદલાના સંયોગ-વિયોગની અને શૃંગારના અત્યંત રસિકતાભર્યા કલ્પનાસમૃદ્ધ વિસ્તારી આલેખનથી ને મહાકાવ્યોચિત વિવિધ પદાર્થવર્ણનઠાઠથી મધ્યકાલીન પદ્યવાર્તા અનોખી મુદ્રા ઉપસાવે છે. સંસ્કૃત સાહિત્યપરંપરાથી પ્રભાવિત કવિનું આ કવિત્વ તેમ સમસ્યાવિનોદ વગેરેમાં પ્રગટ થતી કવિની વિદગ્ધતા ઘણી ઊંચી કોટિનાં છે એની અહીં પ્રતીતિ થાય છે.

### 1.4.4 અસાઈતકૃત 'હંસાઉલી'

'હંસાઉલી' એ જૈનેતર કવિ અસાઈતે ઈ.સ. 1371 માં રચેલી લૌકિક કથા છે. કવિ અસાઈતે આ વાર્તાના ચાર ખંડ પાડ્યા છે. પહેલા ખંડમાં હંસાઉલી અને નરવાહનના લગ્નની અને પછીના ત્રણ ખંડમાં એ યુગલના જોડિયા પુત્રો વચ્છરાજ અને હંસને નડેલાં સંકટો અને એમનાં પરાક્રમોની રસપૂર્ણ કથા છે. તેમાં વચ્ચે-વચ્ચે આવતાં 3 વિરહગીતો અસાઈતની ઊર્મિકવિ તરીકેની શક્તિ પ્રગટ કરે છે.

### 1.4.5 લાવણ્યસમયકૃત 'દેવરાજ-વચ્છરાજની કથા'

લાવણ્ય સમયે નાનીમોટી કથામૂલક કૃતિઓ રચી છે, એમાંની 'દેવરાજ-વચ્છરાજની કથા' ભાવસરભર અને ચિત્રાત્મક શૈલીને લીધે આકર્ષક બની છે. વિવિધ છંદોને ઢાળમાં નિબદ્ધ 6 ખંડ ને 455 કડીમાં આલેખાયેલી ચંદ્રાવતી નગરીના રાજકુમાર વચ્છરાજનાં પરાક્રમોની કથામાં શૃંગાર અને વીર વધારે પ્રભાવક છે. પૂર્વજન્મમાં કરેલી જીવદયાને લીધે વચ્છરાજને આ જન્મમાં સુખ પ્રાપ્ત થયું એવો કૃતિનો બોધ છે.

### 1.4.6 શિવદાસકૃત 'કામાવતી'

મુખ્યત્વે દુહા-ચોપાઈની 900 ઉપરાંત કડીની 'કામાવતીની કથા' મનુષ્યયોનિ અને પંખીયોનિના પહેલા 2 પૂર્વાવતારોમાં વિધિવશાત્ એકઠાં નહીં રહી શકેલાં કરણકુંવર અને કામાવતીની 3 ભવની કથાને આલેખતી આ કૃતિ કૌતુકમય પ્રસંગો, કરણકુંવર-કામાવતીના આકર્ષક પાત્રો-ચિત્રો, સંભોગ અને વિપ્રલંભનું મનભર નિરૂપણ ને આલંકારિક વર્ણનછટાને લીધે મધ્યકાલીન ગુજરાતીની ધ્યાનાર્હ પ્રેમકથા બની રહે છે.

### 1.4.7 માધવકૃત 'રૂપસુંદરકથા'

લોકરંજન કથાને આધારે કાવ્યત્વ પ્રગટ કરતી મધ્યકાલીન કથાની એક નોંધપાત્ર રચના કવિ માધવરચિત 'રૂપસુંદર, કથા છે. માલિની, શાલિની, ભુજંગી, મંદાક્રાન્તા ઇત્યાદિ વિવિધ અક્ષરમેળ વૃત્તોના કુલ 192 શ્લોકમાં માધવે આ કૃતિ રચી છે. એનું કથાવસ્તુ પરંપરા પ્રચલિત હોવા છતાં એમાં પ્રસંગ અને ભાવના પલટા મુજબ બદલાતા છંદો પરનું કવિનું પ્રભુત્વ, એમાંની સંસ્કૃત કાવ્યસાહિત્યની અસરવાળી પ્રગલ્ભ રસિકતા, ભાષાની સમૃદ્ધિ, કવિત્વપૂર્ણ શૈલી ઇત્યાદિથી આ કૃતિ મધ્યકાલીન સાહિત્યની એક લાક્ષણિકતા અને નોંધપાત્ર વાર્તા ઠરી છે.

### 1.4.8 ભીમકૃત 'સદયવત્સ પ્રબંધ'

સદેવંત સાવળિંગાની લોકખ્યાત કથાને ગુજરાતીમાં સૌ પ્રથમ નિરૂપતી 672 કે વધુ કડીઓમાં વિસ્તરતી ને વીર, અદ્ભુત અને રસનિરૂપણની શક્તિ ; વચ્ચે વચ્ચે આવતાં-ક્યારેક છંદપંક્તિઓ સાથે ગૂંથાતાં-ગીતો, દુહા,પટ્ઘડી, ચોપાઈ, વસ્તુ, છપ્પય, અડપલ વગેરે માત્રામેળ અને ક્યાંક અક્ષરમેળ છંદોનો થયેલો ઉપયોગ કૃતિને નોંધપાત્ર બનાવે છે. પ્રાકૃત-અપભ્રંશના અવશેષવાળી ભાષાના એક નમૂના લેખે ભાષાઇતિહાસની દૃષ્ટિએ પણ આકૃતિ મહત્ત્વની ઠરે છે.

### 1.4.9 'ચંદનમલયાગરી'

'ચંદનમલયાગરી'ની વાર્તા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અત્યંત લોકપ્રિય રચના છે. નાયકને રાત્રે 'પડું છું, પડું છું' એવું સંભળાયું અને એના કુટુંબ પર વિપત્તિ આવી પડી. એક પછી એક

આવી પડેલી આપત્તિ-વિઘ્નોથી પતિ, પત્ની અને એનાં બે સંતાનો પરસ્પરથી વિખૂટાં પડી ગયાં. આ કરુણકથાને મધ્યકાલીન ગુજરાતીમાં અજિતચન્દ્ર, જિનહર્ષ, યશોવર્ધન, ભદ્રસેન, મનોહર, ભાણવિજય,બાલાચતુર, કેસર, અનોપવિજય તથા સુમતિહંસ વગેરેએ રચેલી છે.

### 1.4.10 'અંજનાસુંદરી'

'ચંદનમલયાગરી' ની વાર્તા જેટલી જ પ્રખ્યાત 'અંજનાસુંદરી'ની વાર્તા છે. પતિ પરદેશ હોય અને પક્ષીની સહાયથી એક રાત્રિ પૂરતો ઘેર આવીને સવારે પાછો ચાલ્યો જાય એ સમયના સહવાસથી સગર્ભા બનેલી પત્નીના સતીત્વ અંગે આશંકા જન્મે અને એના પર અનેક આપત્તિઓ આવી પડી ને છેવટે વિખૂટાં પડેલાં પતિ-પત્ની અને સંતાનનું મિલન થાય એવું આ કથાનું માળખું છે. આ કથાની રચના નરેન્દ્રકીર્તિ, ગુણવિજય, માલયુનિ, વિમલચરિત્ર,પુણ્યસાગર, લૂણસાગર, માનવિજય,ભૂવનકીર્તિ, દીપસાગર, ધર્મસુંદર, કમલહર્ષ, ક્ષેમકુશલ, માધવ વગેરેએ કરી છે.

**'તમારી પ્રગતિ ચકાસો' –2**

**(1) નીચેની વાર્તાઓનો સાચો સમય જોડો :**

| | | | |
|---|---|---|---|
| 1 | સિંહાસનબત્રીસી | 1 | ઈ.સ. 1371 |
| 2 | માધવનલકામકંદલા | 2 | લાવણ્યસમય |
| 3 | હંસાઉલી | 3 | ભીમ |
| 4 | રૂપસુંદરકથા | 4 | ઈ.સ. 1463 |
| 5 | દેવરાજ-વચ્છરાજનીકથા | 5 | માધવ |
| 6 | સદયવત્સપ્રબન્ધ | 6 | ઈ.સ.1518 |

(2) 'અંજનાસુંદરી'નો પરિચય કરાવો અને એના કર્તાઓનાં નામ આપો.

(3) 'ચંદનમલયાગરી'નો પરિચય કરાવો અને એના કર્તાઓનાં નામ આપો.

## 1.5 શામળ : સમય અને જીવનરેખા

### 1.5.1

શામળના જીવન અને મૃત્યુનો સમય સ્પષ્ટ રીતે નિશ્ચિત થઈ શક્યો નથી. શામળની ઘણી વાર્તાઓમાં રચનાવર્ષ મળે છે. તેને આધાર તરીકે સ્વીકારીએ તો 'પદ્માવતી' ઈ.સ. 1718માં લખી હોવાનું અને સમય નિર્દેશ સંદર્ભે છેલ્લી કૃતિ 'સૂડાબહોંતેરી' ઈ.સ. 1765માં પૂરી કરી હોવાનું નિશ્ચિત થયું છે. વાર્તાલેખનને આરંભકાળે શામળની ઉંમર આશરે વીસ-પચ્ચીસ વર્ષની કલ્પીએ અને અંતિમ કૃતિ લખ્યા પછી એ ઝાઝું જીવ્યા ન હોય એમ માનીને તેમનો જીવનકાળ ઈ.સ. 1694થી ઈ.સ. 1769 સુધીનો સ્વીકાર્ય થયો છે.

### 1.5.2

શામળની કૃતિઓમાંથી એના જીવનવિષયક કેટલીક માહિતીઓ પણ પ્રાપ્ત થાય છે. તેમના પિતાનું નામ વીરેશ્વર અને માતાનું નામ આનંદીબાઈ હતું. તેને લાધા નામનો મોટો ભાઈ તથા પુરુષોત્તમ નામનો પુત્ર હતો. તે જ્ઞાતિએ શ્રીગોડ માળવી અને સામવેદી ત્રવાડી બ્રા... અમદાવાદના પરા વેંગણપુર (હાલના ગોમતીપુર)નો રહેવાસી હતો. તેણે માતર પરગણાના સિંહુજ ગામના જાગીદાર પટેલ રખીદાસના આશ્રયે રહીને ઠીક-ઠીક પ્રમાણમાં સર્જન કર્યું મનાય છે. આથી રખીદાસને શામળ પોતાની કૃતિઓમાં 'દાનેશ્વરી કર્ણ' 'રખીયલ રૂડો રાજવી,' 'ભોજ સમોવડ ભૂપ' તરીકે બિરદાવેલ છે.

### 1.5.3

રખીદાસને શામળની વાર્તાકળા વિષયે માહિતી આપનાર દશોંદી બારોટ ગુમાનભાઈ શામળની વાર્તાકથનકળાથી ભારે પ્રભાવિત હતા. શામળે નાનાભટ્ટ પાસેથી અનેક કથાઓના સાર મેળવેલા એવા નિર્દેશો પણ સાંપડે છે. આ મહત્ત્વની વિગતો છે પણ શામળ વિશે કેટલીક દંતકથાઓ પણ પ્રચલિત છે. એ પ્રેમાનંદના સમકાલીન હતા અને એમના પ્રતિસ્પર્ધી હોઈ, એમની વચ્ચે સઘર્ષ

ચાલતો હતો. વલ્લભ અને શામળ વચ્ચે પણ આવી ઉગ્ર સ્પર્ધા ચાલતી હતી. એ બધી દંતકથાઓ કપોળકલ્પિત સાબિત થઈ છે. શામળે પહેલાં કથાકારનો ધંધો સ્વીકારેલો, પરંતુ એમાં ફાવટ નહીં આવવાથી વાર્તાઓ લખવાનું શરૂ કર્યું એવી પ્રચલિત માન્યતા માટે પણ કોઈ આધાર કે દસ્તાવેજી પુરાવાઓ પ્રાપ્ત થતા નથી. આમ, શામળના કૌટુંબિક જીવન, સર્જનાત્મક પ્રતિભા સંદર્ભે માહિતી પ્રાપ્ત થાય છે. ઉપરાંત દંતકથાઓને આધારે તે ખૂબ જ પ્રચાર - પ્રસાર પામીને લોકપ્રિય થયો હશે એમ કહી શકાય. આમ, શામળના સમયસંદર્ભે અને જીવનસંદર્ભે કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે.

## 1.6 શામળની સાહિત્યસેવાઓ

### 1.6.1

શામળનું સાહિત્યસર્જન વિપુલ છે. શામળે વાર્તાઓ ઉપરાંત બીજી કૃતિઓની રચના પણ કરી છે. વાર્તા સિવાયની કૃતિઓમાં એ પરંપરાથી રચાતી આવતી ભક્તિ પરંપરાને જ અનુસરેલ જણાય છે. સાહિત્યક્ષેત્રે શામળની કીર્તિ મુખ્યત્વે પદ્યવાર્તાઓને આભારી છે. આખ્યાનકાર તરીકે જેમ પ્રેમાનંદ છે તેમ વાર્તાકાર તરીકે શામળભટ્ટ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અગ્રસ્થાને છે. જૈનેતર સર્જકોમાં છેલ્લા ગણનાપાત્ર કવિ શામળે ઈ.સ. 1718માં 'પદ્માવતી' નામની વાર્તાથી પદ્યવાર્તાની શરૂઆત કરેલી. 'સૂડાબહોંતેરી' તથા 'સિંહાસનબત્રીસી' જેવી મોટી વાર્તાકૃતિઓ પણ એમણે રચેલ છે. 'વેતાળપચીસી' અને 'પંચદંડ'ની વાર્તા પણ 'સિંહાસનબત્રીસી'માં જ ગૂંથી લેવામાં આવી છે. આ ઉપરાંત 'મદનમોહના,' 'નંદબત્રીસી,' 'રૂપાવતી,' 'ભદ્રભામિની,' 'બરાસકસ્તૂરી' વગેરે સંખ્યાબંધ વાર્તાઓ તેમ જ અન્ય સાહિત્યરચનાઓનું તેમણે સર્જન કર્યું છે. એમના સર્જનને ત્રણ વિભાગમાં વિભાજિત કરીને એનો ટૂંકો પરિચય અત્રે પ્રસ્તુત કર્યો છે :

**1. સંવાદકાવ્યરચનાઓ :**

1. અંગદવિષ્ટિ
2. રાવણમંદોદરી સંવાદ
3. ઉદ્યમકર્મસંવાદ

**2. પૌરાણિક ઐતિહાસિક કાવ્યરચનાઓ :**

1. શિવપુરાણ
2. કાલિકાનો ગરબો
3. રણછોડજીનો સલોકો
4. રુસ્તમનો સલોકો

**3. લૌકિક કથામૂલક પદ્યવાર્તા રચનાઓ :**

1. પદ્માવતી
2. મદનમોહના
3. ચંદ્રચંદ્રાવતીની વાર્તા
4. નંદબત્રીસી
5. બરાસકસ્તૂરી
6. સૂડાબહોંતરી
7. સિંહાસનબત્રીસી

### 1.6.2

સંવાદકાવ્યોની પરંપરામાં તેમના દ્વારા રચાયેલ સંવાદકાવ્યો ખૂબ જ મહત્ત્વનાં છે. સંઘર્ષપૂર્ણ પ્રસંગોને સંવાદના માધ્યમથી નિરૂપીને કથાનું નિર્માણ કરવાની તેની શક્તિના અહીં દર્શન થાય છે. 164 કડીની 'અંગદવિષ્ટિ'માં અંગદ રાવણ પાસે વિષ્ટિ માટે જાય એ પૂર્વેની કથા પીઠિકારૂપે ટૂંકમાં આલેખીને પછી બંનેના સંવાદો આલેખ્યા છે. ઝૂલણાં, કવિત, ચોપાઈ, છપ્પા અને દોહરામાં રચાયેલી આ રચનામાં વ્રજ, અરબી અને ફારસીના કેટલાક શબ્દો પણ દષ્ટિગોચર થાય છે. 204

કડીની 'રાવણમંદોદરી સંવાદ' પણ અંગદવિષ્ટિ પ્રકારની રચના છે. એ જ રીતે 246 કડીની 'ઉદ્યમકર્મસંવાદ' રચનામાં શિવશર્મા અને ગણિકાના સામસામા સંવાદોમાંથી કર્મવાદ અને જ્ઞાનવાદ વિષયક શામળનું ચિંતન રજૂ થયેલું છે. આમ શામળનાં સંવાદકાવ્યો ઘણાં મહત્ત્વનાં છે.

## 1.6.3

પૌરાણિક-ઐતિહાસિક વિષયસામગ્રીવાળી રચનાઓમાં શામળકૃત 'શિવપુરાણ' મહત્ત્વની કૃતિ છે. મૂળ શિવપુરાણમાંથી શામળે પોતાની રીતે રસપ્રદ કથાપ્રસંગો પસંદ કરીને અહીં આલેખેલ છે. સમકાલીન સંદર્ભોને વર્ણનો તરીકે પ્રયોજીને તેમ જ કૃતિને રસપ્રદ બનાવી છે. 'કાલિકાનો ગરબો અને 'રણછોડજીનો સલોકો' પણ ઉલ્લેખનીય રચના છે. એમની 'રુસ્તમનો સલોકો, 108 કડીની ઐતિહાસિક વિષયસામગ્રીને આલેખતી કૃતિ છે. દિલ્હીનો મોગલ બાદશાહ અને સૂબા વચ્ચેના યુદ્ધની કથા અહીં કેન્દ્રસ્થાને છે. અમદાવાદના ભદ્રના કિલ્લાનું યુદ્ધનું વીરરસસભર ચિત્ર શામળે અહીં દોર્યું છે. પૌરાણિક અને ઐતિહાસિક કથાપ્રસંગને આધારે રચના સર્જવાની શામળની પ્રતિભાનું પણ અહીં દર્શન થાય છે.

## 1.6.4

લૌકિક કથામૂલક પદ્યવાર્તાસર્જનક્ષેત્રે શામળનું પ્રદાન મોખરાનું છે. તેમણે પ્રાપ્ત કથાપરંપરાને આધારે અને વિવિધ કથાઘટકોની પરંપરાને આધારે પોતાની રીતે વાર્તાઓનું નિર્માણ કર્યું છે. વચ્ચે વચ્ચે બોધઉપદેશ, સમસ્યાઓ, ઉખાણાંઓ યથાસ્થાને સમુચિત રીતે પ્રયોજીને વાર્તાને અત્યંત રસપ્રદ બનાવેલ છે. 'પદ્માવતી,' 'ચંદ્રચંદ્રાવતી,' 'મદનમોહના,' નંદબત્રીસી' અને 'બરાસકસ્તૂરી' એમની અત્યંત પ્રખ્યાત રચનાઓ છે. ભરપૂર કથારસ અને ચમત્કારી પ્રસંગોને કારણે જિજ્ઞાસા અને કુતૂહલનું તત્ત્વ સતત ભાવક ચિત્તમાં ઘૂંટાતું રહે છે. એમની પાત્રસૃષ્ટિ પણ ખૂબ જ પ્રભાવક છે. આ ઉપરાંત સંસ્કૃત કથાપરંપરાને આધારે રચેલી 'સિંહાસનબત્રીસી'માં પંચદંડ અને વૈતાલ પચીસીની વાર્તાઓને પણ સમાવિષ્ટ કરી લીધી છે. એટલે કથાસમૂહના ગ્રંથસમા પદ્યવાર્તાઓનો સંચય શામળ પાસેથી પ્રાપ્ત થાય છે. 'સૂડાબહોંતેરી' પણ આ પ્રકારની વાર્તારચનાઓનો સમૂહનો સંચય છે.

પદ્યવાર્તાઓમાં અનેક છપ્પાઓને પ્રયોજ્યા છે. 'છપ્પા તો શામળના જ' એવી એક કહેવત થઈ પડી હતી. શામળની વાર્તાઓમાં પણ નીતિધર્મ વિષયક છપ્પાઓ વારંવાર જોવા મળે છે. આ છપ્પાઓમાંના ઘણા તો સંસ્કૃત સુભાષિતોના રૂપાંતરરૂપ કે એની કક્ષાના હોય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વાર્તાકાર શામળ અગ્રસ્થાને બિરાજે છે. શામળને અભિપ્રેત તો કથારસ જ જણાય છે. સાદી-સરળ ભાષાના આગ્રહી શામળે પોતાની વાર્તાઓ પદ્યમાં લખી છે પણ ભાષા ગદ્યાળુ છે. શામળે એની અગાઉ એનેકોને હાથે લખાયેલી વાર્તાઓના કથાવસ્તુને લઈને તેમાંનાં રસસ્થાનોને પારખી પોતાની કલ્પના દ્વારા રજૂ કરી નવો જ કલાદેહ આપ્યો છે. 'સિંહાસનબત્રીસી'ને શામળે અગાઉના સઘળા વાર્તાકારોની કૃતિઓ કરતાં વધારે વિસ્તૃત અને રસમય બનાવી છે. એમાંનો ભોજરાજની સિંહાસન પ્રાપ્તિનો પ્રસંગ શામળની કલ્પનાનો કીમિયો છે. 'વેતાળપચીસી,' 'પંચદંડ'ને શામળે 'સિંહાસનબત્રીસી'માં જ ભેળવી નાંખેલ છે. તેમની વાર્તાનો અસ્ખલિત પ્રવાહ એમની મૌલિક કથનરીતિની સિદ્ધિરૂપ છે.

**'તમારી પ્રગતિ ચકાસો' –3**

(1) શામળનો સમય દર્શાવો.

(2) શામળની જીવનવિષયક માહિતી આલેખો.

(3) શામળ વિષયક પ્રચલિત દંતકથાઓ જણાવો.

(4) શામળની કૃતિઓનાં નામ દર્શાવો.

(5) શામળની સંવાદ-કાવ્યરચનાઓનો પરિચય કરાવો.

(6) શામળની ઐતિહાસિક-પૌરાણિક કૃતિઓનો પરિચય કરાવો

(7) શામળની લૌકિક કથામલક કૃતિઓનો પરિચય કરાવો

(8) શામળના સમય અને ક ાનો પરિચય કરાવો.
(9) શામળના સાહિત્યિક પ્રદા ાનો પરિચય કરાવો.
(10) શામળના જીવન-કવનનો પરિચય કરાવો.

## 1.7 સારાંશ

આ એકમમાં તમે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની શામળ પૂર્વેની પદ્યવાર્તાઓની સમૃદ્ધ પરંપરાથી પરિચિત થયા. કેવાં-કેવાં લૌકિક કથાનકો એમાં નિરૂપાયાં છે અને કેવાં કેવાં કથાનકો સતત પ્રયોજાતા આવ્યાં છે એનાથી પણ પરિચિત થયા. આ પદ્યવાર્તાઓની પરંપરાને સમૃદ્ધ કરવામાં જૈન મુનિઓના પ્રદાનનો પણ પરિચય પ્રાપ્ત થયો. આ ઉપરાંત કેટલીક મહત્ત્વની પદ્યવાર્તાઓનો ટૂંકો પરિચય પણ તમને પ્રાપ્ત થયો. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાન અને રાસને મુકાબલે પદ્યવાર્તાઓનું સર્જન પ્રમાણમાં ઓછું પણ સત્ત્વશીલ વિશેષ છે. એનો પરિચય પણ પ્રાપ્ત થયો. આ સત્ત્વશીલ એવું વાર્તાસાહિત્યના પ્રાચીન મૂળકથાનક સાથેના સંદર્ભનો અનુબંધનો પણ એમાંથી પરિચય મળી રહે છે. આ પદ્યવાર્તાઓ રસપ્રદ રીતે કથાનકનું નિર્માણ કરે છે એટલું જ નથી, એ રીતે કલાત્મક પણ અને ઉદ્દેશને રસાત્મક રીતે **સંક્રમિત** કરનારી પણ જણાય છે એનો ખ્યાલ તમને આ એકમના અધ્યયનથી આવશે.

પદ્યવાર્તાક્ષેત્રે મહત્ત્વના અને **સીમાસ્તંભરૂપ** સર્જક શામળના જીવનસમય અને કૌટુંબિક વિગતોથી પરિચિત થયા. એ ઉપરાંત એમના પ્રદાનનો પણ ટૂંકો પરિચય મેળવ્યો. આ કારણે તમને ખ્યાલ આવ્યો કે શામળ શા કારણે મોટા ગજાના લેખક તરીકેના સ્થાન અને માનને પામ્યો છે. શામળની વિપુલ પદ્યસાહિત્ય લેખનમાં પદ્યવાર્તાનું સર્જન વિશેષ મહત્ત્વનું છે એનો પણ તમને ખ્યાલ આવ્યો. આમ શામળ શા કારણે પદ્યવાર્તાકાર તરીકેના બિરુદને પામ્યો છે એનો ખરો પરિચય પણ તમે અત્રે એકમમાંથી પ્રાપ્ત કર્યો.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પદ્યવાર્તાની ધારાનો, એના પ્રમુખ સર્જકોનો અને સીમાસ્તંભરૂપ સર્જક શામળનો તમને અત્રેથી પરિચય પ્રાપ્ત થયો. એમાંથી આ ધારા અને એના સર્જકો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પરંપરામાં કઈ રીતે મહત્ત્વના છે એનો ખરો ખ્યાલ ખરાં કારણો સાથે તમે અત્રેથી મેળવ્યો છે.

## 1.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**વિપુલમાત્રામાં** - વિશેષ પ્રમાણમાં-જથ્થા-સંખ્યાની દૃષ્ટિએ વિશેષ
**ખેડાયેલું** - રચાયેલું, સર્જાયેલું
**અવગત** - માહિતી પ્રાપ્તિ
**પ્રવાહમાન** - જીવંત રીતે વહેતા-વર્તમાનરૂપે સર્જાતા દેખાતા
**અંતર્ગત** - અંદરના ભાગમાં
**દંતકથાઓ** - કંઠસ્થપરંપરામાં લોકમુખે વહેતી વાતો

## 1.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો' –1

(1) 1 - 3
2 - 1
3 - 5
4 - 6
5 - 2
6 - 4

(2) 1 - 5
2 - 3

3 - 6
4 - 1
5 - 4
6 - 2

## 'તમારી પ્રગતિ ચકાસો' –2

(1) 1 - 4
2 - 6
3 - 1
4 - 5
5 - 2
6 - 3

(2) જવાબ માટે જુઓ 1 : 4 : 10

(3) જવાબ માટે જુઓ 1 : 4 : 9

## 'તમારી પ્રગતિ ચકાસો' –3

(1) જવાબ માટે જુઓ 1 : 5 : 1

(2) જવાબ માટે જુઓ 1 : 5 : 2

(3) જવાબ માટે જુઓ 1 : 5 : 3

(4) જવાબ માટે જુઓ 1 : 6 : 1

(5) જવાબ માટે જુઓ 1 : 6 : 2

(6) જવાબ માટે જુઓ 1 : 6 : 3

(7) જવાબ માટે જુઓ 1 : 6 : 4

(8) જવાબ માટે જુઓ 1 : 5 : 1 અને 1 : 5 : 2

(9) જવાબ માટે જુઓ 1 : 6 : 1 અને 1 : 6 : 4

(10) જવાબ માટે જુઓ 1 : 5 : 1થી 1 : 5 : 2 અને 1 : 6 : 1થી 1 : 6 : 4.

# એકમ 2 દયારામ પૂર્વેનું પદસાહિત્ય

રૂપરેખા

2.0 ઉદ્દેશો

2.1 પ્રસ્તાવના

2.2 પૂર્વભૂમિકા

2.3 દયારામ પૂર્વેના અને તેના સમકાલીન પદસાહિત્યની પરંપરાનો પરિચય

2.3.1 ભાલણ

2.3.2 મીરાંબાઈ

2.3.3 અખાજી

2.3.4 પ્રીતમ

2.3.5 નિરાંત

2.3.6 ધીરાભગત

2.3.7 ભોજો

2.3.8 બાપુસાહેબ ગાયકવાડ

2.3.9 નિષ્કુળાનંદ

2.3.10 પ્રેમસખી પ્રેમાનંદ

2.3.11 બ્રહ્માનંદ

2.3.12 સ્ત્રીકવિઓ

2.4 સારાંશ

2.5 ચાવીરૂપ શબ્દો

2.6 'તમારી પ્રગતિ ચકાસો' ના સવાલો-જવાબો

## 2.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગનો બીજો એકમ છે. આ એકમના અભ્યાસ દ્વારા -

- મધ્યકાળમાં વિશેષ ખેડાયેલા પદસ્વરૂપનો તમને પરિચય થશે.
- મધ્યકાળની પદસાહિત્ય પરંપરાનો તમને ખ્યાલ આવશે.
- મધ્યકાળમાં રચાયેલી કેટલીક લોકપ્રિય અને નોંધપાત્ર પદરચનાઓ વિશે તમને માહિતી મળશે.

## 2.1 પ્રસ્તાવના

નરસિંહના અભ્યાસ દ્વારા તમે જોયું હશે કે નરસિંહની બધી જ રચનાઓ પદરચનાઓ છે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' ગાનારો આ ભક્તકવિ તત્ત્વદર્શનને મહત્ત્વ આપે છે. અદ્વૈતની પ્રતીતિ ન થાય તો 'રત્નચિંતામણિ' જેવો માનવજન્મ એળે જાય એમ ભારપૂર્વક જણાવે છે. એ રીતે 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર' જેવાં પદોમાં પ્રેમલક્ષણાભક્તિનું પણ ગાન કરે છે. ભક્તકવિએ ગાયેલી પ્રેમલક્ષણાભક્તિ અને જ્ઞાનની પદરચનાઓ ક્રમશઃ ભાલણ, મીરાંબાઈ, અખાજી,પ્રીતમ, નિરાંત, ધીરાભગત,ભોજાભગત, બાપુસાહેબ ગાયકવાડ, રત્નો, રણછોડજી દીવાન, નરભેરામ,મનોહર સ્વામી, ગિરધર વગેરે કવિઓની રચનાઓમાં આગળ વધે છે.

પ્રસ્તુત કવિઓના સમકાલીનો તથા તેમની આગળપાછળ થયેલા બીજા ઘણાં કવિઓનું પ્રદાન મધ્યકાળના પદસ્વરૂપમાં છે. જેમકે, (1) સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ (2) કબીરપંથી લોકસંતો (3) સ્ત્રીકવિઓ.

## 2.2 પૂર્વભૂમિકા

કથામૂલક સાહિત્યસ્વરૂપોમાં આખ્યાન અને રાસ સાહિત્યસ્વરૂપથી તમે પરિચિત થયા છો. હવે અહીં તમને મધ્યકાળનાં બધા જ નાનામોટા કવિઓએ ખેડેલાં મહત્ત્વનાં સ્વરૂપ 'પદ'નો પરિચય થશે.

પદ, આમ તો એક ટૂંકું-લઘુ ગેયકાવ્ય છે. ગેય પદ્યો પદ તરીકે ઓળખાતાં રહ્યાં છે. ત્રણ પંક્તિથી

આરંભીને સુદીર્ઘ પદરચનાઓ પણ મળે છે. પદમાં જે તે કવિએ પોતાની ઊર્મિ વ્યક્ત કરેલી હોય છે. આવી ઊર્મિ બે રીતે અભિવ્યક્ત થયેલી હોય છે : (1) પ્રેમલક્ષણાભક્તિરૂપે-જેમાં મિલન-વિરહ, હર્ષ-શોક, તલસાટ વગેરે ભાવો નિરૂપાયા હોય છે. એમાં ઊર્મિની પ્રબળતા અસરકારકતા અનુભવાય છે, (2) ઉપદેશાત્મક શાંતરસના પદરૂપે.

પદોમાં વિષયવૈવિધ્ય જોવા મળે છે. કૃષ્ણજન્મ કે બાળલીલા, હાલરડાં કે શણગાર, રાજભોગ-અન્નકૂટના થાળ વગેરે પદોના વિષયો બન્યા છે.

ચદ્રકાન્ત મહેતાના કહેવા પ્રમાણે "મંદિરોએ પદોની ઉત્પત્તિ અને વિકાસમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે." પદોમાં કવચિત્ મર્યાદા વટાવી જતો શૃંગાર આલેખાયેલો જોવા મળે છે. જેમકે નરસિંહ, દયારામની રચનાઓમાં તો બીજી બાજુ સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓએ એ શૃંગારનું કૃષ્ણગોપીના શૃંગારને કેન્દ્ર કરીને મર્યાદામાં રહીને નિરૂપણ કર્યું છે.

બારમાસી, મહિના, થાળ, કક્કો, કાફીઓ, ગરબી-ગરબા વગેરેને નામે ઉલ્લેખાયેલા કાવ્યપ્રકારો પણ પદો જ છે.

પદોમાં વર્ણનના અંશો ભળે અને કોઈ કથા ગૂંથાતી આવે તો એની લંબાઈ વધે છે ને પદમાળાનું સર્જન થાય છે. નરસિંહનું 'સુદામાચરિત્ર' આવી પદોની માળા છે.

## 2.3 દયારામ પૂર્વેના અને તેના સમકાલીન પદસાહિત્યની પરંપરાનો પરિચય

### 2.3.1 ભાલણ

સમયની દૃષ્ટિએ ભાલણ નરસિંહના અનુગામી છે. નરસિંહે ગાયેલાં પદો પછી ભાલણ પદકવિતાને એક ડગલું આગળ લઈ જાય છે. પદોમાં રચાયેલી કૃતિઓમાં ભક્તિરસવાળી તેમની બે કૃતિઓ 'દશમસ્કંધ' અને 'રામબાલચરિત્ર' ધ્યાનાર્હ છે. 'દશમસ્કંધ'માં 497 પદો છે. આ કૃતિ મુદ્રિત મળે છે. આ કૃતિમાં કવિએ પોતે સ્વતંત્ર રીતે રચેલી 'રુકમિણીવિવાહ' અને 'સત્યભામાવિવાહ' બંને સમાવી લીધી છે. એ સિવાય અન્ય કવિઓના પદોનો પણ તેમાં સમાસ થયો છે. કૃતિમાં ભાગવતની કથા સંક્ષેપમાં કહેવાઈ છે. કૃતિમાં જે શૃંગાર અને કરુણરસનું નિરૂપણ થયું છે તે આકર્ષક છે.

'દશમસ્કંધ'નો ઉત્તમાંશ તેમાંના શ્રીકૃષ્ણના અવતારી બાલચરિતનાં પદો છે. જેમાં શ્રીકૃષ્ણની શિશુલીલાના સ્વાભાવોક્તિભર્યાં ચિત્રો છે. કવિની વાત્સલ્યરસની સિદ્ધિ એમાં અનુભવાય છે.

40 પદવાળું 'રામબાલચરિત્ર' વાત્સલ્યરસની ઉત્તમ કૃતિ છે. એમાં રામની બાલ્યાવસ્થાથી માંડી સીતાસ્વયંવર સુધીની કથા આલેખાઈ છે. એમાં બાલસ્વભાવ અને બાલચેષ્ટાના સ્વાભાવોક્તિભર્યાં ચિત્રો અને માતૃહૃદયની લાગણીનું નિરૂપણ ગુજરાતી કવિતામાં અપૂર્વ છે.

### 2.3.2 મીરાંબાઈ

પ્રેમલક્ષણાભક્તિનાં સ્રી કવિ છે. તેમના આરાધ્યદેવ વૃંદાવનવાસી કૃષ્ણ છે. એ કૃષ્ણ પ્રત્યેની એમની ભક્તિ વ્યાપક વૈષ્ણવભક્તિ છે. એ કૃષ્ણ મીરાંના પ્રિયતમ છે તો અધમોદ્ધારક, ભીડભંજક પરમતત્ત્વ પણ છે.

મીરાંબાઈનો કવિયશ એમના પદો પર નિર્ભર છે. ગુજરાતી, રાજસ્થાની અને વ્રજભાષામાં હસ્તપ્રતો અને મૌખિક રૂપે ઉપલબ્ધ થતાં મીરાંબાઈનાં પદોની સંખ્યા વિપુલ છે પરંતુ એમાંનાં પદોની જૂની બે હસ્તપ્રત (એકમાં 69 અને બીજીમાં 103) ઉપલબ્ધ છે. આ પદોને મીરાંબાઈના સૌથી વધુ અધિકૃત પદો માનવાનું વલણ વિદ્વાનોનું છે. આ પદો પાછળથી શબ્દો, પંક્તિઓના ઓછાવત્તા ફેરફાર સાથે અનેકરૂપે જનસમાજમાં ફેલાયાં તેમ જ બીજાં એમાં ઉમેરાયાં. ગુજરાતીમાં 400 જેટલાં એમનાં પદ મુદ્રિત સ્વરૂપે મળે છે.

મીરાંનાં પદો પ્રેમલક્ષણાનો ભક્તિશૃંગાર નિરૂપે છે પણ પદોમાં વિરહપ્રીતિ મુખ્ય છે. મીરાંએ મનોમન કૃષ્ણને પોતાનો પતિ માની લીધેલો તેથી કૃષ્ણમિલનનો ઊંડો તલસાટ ને તેમાંથી જન્મતી વ્યાકુળતા તેમનાં પદોમાં ઘૂંટાઈ ઘૂંટાઈને વ્યક્ત થઈ છે.

મીરાંનાં પદોમાં ક્યાંય રચનાચાતુર્ય દેખાતું નથી.ક્યારેક કોઈ હૃદયસ્પર્શી કલ્પનથી, અત્યંત લાઘવ અને સંગીતમય પદાવલીથી પદોમાં રહેલો વિરહભાવ, પ્રભુમિલનનો આનંદ, ધન્યતાનો ભાવ

એની તીવ્રતા અને ગહનતાથી સ્પર્શે છે. 'હે રી મૈં તો પ્રેમદીવાની; મેરા દરદ ન જાને કોઈ', 'પ્રેમની, પ્રેમની, પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની રે', 'આવતાં ને જાતાં મારગ વચ્ચે અમૂલખ વસ્તુ જડી,' 'પ્રભુજી મને કંઠે રે વળગ્યા પળ કોરે ન થાઉં,' કાચે તે તાંતણે હરિજીએ બાંધી જેમ ખેંચે તેમ તેમની રે', 'મુખડાની માયા લાગી રે મોહન પ્યારા; મુખડું મેં જોયું તારું સર્વજગ થયું ખારું', 'બોલ મા બોલ મા બોલ મા રે રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા રે,' 'મુજ અબળાને મોટી મિરાત બાઈ, શામળો ઘરેણું સાચું રે'.

મીરાંનાં પદોમાં વિરહિણી સ્ત્રીનો મનોભાવ પ્રગટ થયો છે પણ તેમાં સાંસારિક વાસનાનો સ્પર્શ નથી, રિસાળપણું નથી. એમાં દાસીપણું છે, સહજતા છે ને સાત્ત્વિક્તા છે.

નરસિંહની જેમ મીરાંબાઈએ પોતાના કુટુંબ સાથે થયેલા સંઘર્ષની અંગત જીવનની વિગતોનો ઉલ્લેખ કરતાં કેટલાંક આત્મચરિત્રાત્મક પદોની રચના કરી છે. એમાં સાધુસંતો સાથેનો એમનો મેળાપ, રાણાનો રોષ, રાણાએ મોકલેલો ઝેરનો પ્યાલો, કરંડિયામાં મોકલેલો નાગ વગેરે માહિતી છે.

આત્મચરિત્રાત્મક પદોની સંખ્યા વધારે છે. એ સિવાય દાણલીલા, કૃષ્ણની મોરલીના સૂર, કૃષ્ણ સાથે અબોલાથી જન્મતી વ્યાકુળતા વગેરે વિષય કરતા પદો છે. 'જૂનું થયું રે દેવળ જૂનું થયું' જેવા નિર્ગુણ ઉપાસનાવાળાં વૈરાગ્યબોધક પદો પણ છે.

આમ મીરાંનાં પદો શબ્દોની કરામત નથી પણ ભક્તહૃદયમાંથી વેગથી અને સરળતાથી વહેતાં ભાવઝરણાંની નિર્વ્યાજ કવિતા છે.

### 2.3.3 અખાજી

ગુજરાતી તેમ જ હિંદી ભાષામાં રચાયેલાં કવિનાં 250 જેટલાં મુદ્રિત પદો મળે છે. આ ઉપરાંત 'અખેગીતા'માં આવતાં પદો પણ નોંધપાત્ર છે. 'અખેગીતા'માં આવતાં પદોમાં કવિએ બ્રહ્મતત્ત્વના સ્વરૂપને, તેના અનુભવને તથા બ્રહ્મજ્ઞાની-સંત-ગુરુના સ્વભાવ અને મહિમાનું ગાન કર્યું છે. તેમાં ગુરુશરણ અને સંતસંગતનો મહિમા પણ થયો છે. કવિ જીવભાવ છોડી શિવપદ પામવા માટે સૂચવે છે.

શૃંગારભાવનો આશ્રય લેતાં પદો કવિના વિલક્ષણ ઉન્મેષ તરીકે ધ્યાન ખેંચે છે. એમાં નટવરને કેન્દ્રમાં રાખીને કામક્રીડા સુધીનો શૃંગાર આલેખાયો છે. પદોમાં આમ છતાં કવિને પરબ્રહ્મ સાથેનો યોગ અભિપ્રેત છે એમ વારંવાર અનુભવાય છે. સંવાદના માધ્મનો ઉપયોગ કવિએ કર્યો છે.

કવિના પદોમાં ભાવોર્મિનો છલકાટ છે ને ભાષાનો વૈભવ છે : જુઓ 'આજ આનંદ મારા અંગમાં ઊપજ્યો પરબ્રહ્મની મુને ભાળ લાગી', 'આજ આનંદના ઓઘ ઊલટ્યા ઘણા, શા શા રૂપ વખાણું સંતો શા શા રૂપ વખાણું'. પદોમાં ગુરુભાવનાની વિલક્ષણતા બતાવાઈ છે.

સમૃદ્ધ દૃષ્ટાંતકલા ઉપરાંત એમાંનાં ઉપદેશવચનો 'જીવ ખોઈને જીવવું', 'હુંએ હુંને ખોળી કાઢ્યો ભાઈ હુંએ હુંને ખોળી કાઢ્યો' જેવા નિર્મળ ઉદ્‌ગારો અને કવિત્વનો સુખદ સ્પર્શ પદો દ્વારા થાય છે. રૂપકાત્મક રીતે એમાં વિવિધ શૈલીભેદનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

સામાન્ય રીતે દુર્બોધતાથી મુક્ત અને તળપદી બાનીમાં ચાલતાં આ પદો અખાના સાહિત્યસર્જનનો નોંધપાત્ર ગુણવત્તાવાળો વિભાગ છે.

### 2.3.4 પ્રીતમ

ગુજરાતી અને હિંદીમાં જ્ઞાન અને વૈરાગ્ય તથા કૃષ્ણ ભક્તિનાં ઘણાં પદો કવિએ રચ્યાં છે. જેમાંથી આશરે 515 જેટલાં મુદ્રિત સ્વરૂપે મળે છે. થાળ, આરતી, ગરબી, ગરબા વગેરે સ્વરૂપે આ પદો મળ્યાં છે. એમાં જ્ઞાન-વૈરાગ્યનાં પદોની સંખ્યા વધારે છે.

જ્ઞાનવૈરાગ્યનાં ઘણાં પદોમાં સંસારની માયાથી મુક્ત થવાનો સદ્‌ગુરુના ચરણ સેવવાનો, સંતસમાગમ કરવાનો અને ઈશ્વરાભિમુખ બનવાનો બોધ કવિ આપે છે. કવિએ લોકગમ્ય દૃષ્ટાંતો અને રૂપકો પ્રયોજ્યાં છે.

પદોમાં વ્યક્ત થતા દીનતા, આર્જવ, આક્રોશ જેવા ભાવો આકર્ષક બની રહે છે.

કવિના 'ભક્તિ એવી રે ભાઈ એવી તરસ્યાંને પાણી જેવી', 'આનંદમંગળ કરું આરતી હરિ-ગુરુ-સંતની સેવા', 'હરિનો મારગ છે શૂરાનો', 'જીભલડી તુને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી રે' વગેરે જેવાં પદો ખૂબ લોકપ્રિય છે.

કૃષ્ણલીલાનું ગાન કરતાં પદોમાં કૃષ્ણ બાળલીલા, દાણલીલા, રાધાકૃષ્ણવિવાહ એમ દરેક વિષય પર રચાયેલ ણલીલાનાં પદો આકર્ષક છે. દુષ્કાળને વિષય બનાવી કવિએ 'સુડતાલાકાળ ચ્યાં છે. પદોમાં ભક્તિ કેન્દ્રમાં હોય અને પોતાની આસપાસના સામાજિક જીવનના પ્રસંગો પણ તેમાં ગૂંથાતી આવે એ કવિની લાક્ષણિક પદ્ધતિ છે.

## 2.3.5 નિરાંત

કવિએ 200 જેટલાં પદોની રચના કરી છે. આ બધાં પદો મુદ્રિત મળે છે. એમાંનાં કેટલાંક હિંદીમાં છે તો કેટલાંક હિન્દીમિશ્ર ગુજરાતી ભાષામાં પણ છે. આ પદો તિથિ, મહિના, કુંડળિયા, સાખીઓ, કાફી, ઝૂલણા વગેરે નામભેદો ધરાવે છે. કેટલાંક પદોમાં ગોકુળ, વલ્લભકુળ, વિઠ્ઠલજીના નિર્દેશો મળે છે.
કવિના મોટા ભાગનાં પદો શુદ્ધ જ્ઞાન વિચારનાં છે. તેમાં તેમની ભૂમિકા અદ્વૈત વેદાંતની હોવાનું જણાય છે. નિર્ગુણોપાસનાના અને જ્ઞાનનાં તથા ઉપદેશનાં પદોની સંખ્યા મોટી છે. આત્મજ્ઞાન, સંતલક્ષણ, સત્સંગમહિમા, જન્મથી મૃત્યુ સુધીની જીવની આયુલીલા અને વૈરાગ્યબોધ પદોના વિષય છે. પદોની ભાષા સાદી, સરળ અને તળપદી છે.

## 2.3.6 ધીરાભગત

કવિની કૃતિઓ બહુધા 'કાફી' નામે ઓળખાયેલાં છૂટક પદો રૂપે કે પદોના સમુચ્ચય રૂપે રચાયેલી છે. કાફી રાગમાં ગવાતાં હોવાથી કવિનાં પદો 'કાફી' નામાભિધાન પામ્યાં જણાય છે. કવિ ધીરાની એમાં અસાધારણ ફાવટ છે તેથી કાફી તો ધીરાની એમ કહેવાયું છે.
કવિનાં પદોનો વિષય બહુધા તત્ત્વવિચાર, અધ્યાત્મવિષયક અનુભવ, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મનો ઉપદેશ છે. 217 કાફીઓમાં રચાયેલી કવિની કૃતિ 'પ્રશ્નોત્તરમાલિકા' તેની સરળ, લોકભોગ્ય અને જીવંત રજૂઆતને કારણે નોંધપાત્ર છે. આ રચના મુદ્રિત મળે છે. 'સ્વરૂપની કાફીઓ' 'પ્રશ્નોત્તરમાલિકા'થી ચડિયાતી કૃતિ છે. ગુરુ, માયા, મન, તૃષ્ણા, લક્ષ્મી, યૌવન અને કાયા-એ સાત પદાર્થોનું 30-30 કાફીઓમાં સ્વરૂપવર્ણન કરતો આ 210 કાફીઓનો સમુચ્ચય છે. એમાં વસ્તુની રજૂઆત દૃષ્ટાંતચિત્રોથી થઈ છે. આ પદોની શૈલી આત્મકથન અને ઉદ્બોધનની છે. પદોમાં ચોટદાર ઉક્તિઓ આવે છે જેનાથી કૃતિ રસાવહ બની છે. આ કૃતિ પણ મુદ્રિત મળે છે.
જ્ઞાનબત્રીશી અને અન્ય પ્રકીર્ણ કૃતિઓમાં બ્રહ્માનુભવ, વૈરાગ્યભક્તિબોધ, ઉપરાંત મિથ્યાચાર પરના પ્રવાહોનું બળકટવાણીમાં આલેખન થયું છે. એમાં અવળવાણીના સમર્થ વિનિયોગથી થયેલું એ અનુભવનું પ્રત્યક્ષીકરણ તથા અખાના જેવી ચિકિત્સાવૃત્તિ સવિશેષ ધ્યાન ખેંચે છે.
આ ઉપરાંત 11 પદની 'અધ્યાત્માવિશે પદો', 27 પદની 'મતવાદી', 11 પદની 'સુરતીબાઈનો વિવાહ', 27 પદની 'અધ્યાત્મબોધ' - આ બધી મુદ્રિત રચનાઓ મળે છે. વળી ધોળ, ગરબી, વસંત, ખ્યાલ, વાર, બારમાસી આદિ પ્રકારો ધરાવતાં અન્ય પદો મળે છે. આ પદો અધ્યાત્મ અને વૈરાગ્યવિષયક છે. તે ઉપરાંત એમાં કૃષ્ણવિષયક શૃંગારલીલા, રાસલીલા ને ગોપીભાવનાં પણ ઘણાં પદો છે.
'જેને રામ રાખે રે તેને કુણ ચાખી શકે', 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં', 'ખબરદાર મન સુબાજી ખાંડાની ધારે ચડવું છે', 'મન તુંહી-તુંહી બોલે રે, આ સુપના જેવું તન તારું' વગેરે કવિની જાણીતી પદરચનાઓ છે.

## 2.3.7 ભોજો

ભોજાભગતનાં 175 જેટલાં પદો મળે છે. આ પદો ચાબખા, પ્રભાતિયાં, કીર્તન, ધોળ, કાફી, આરતી, મહિના, વાર, તિથિ વગેરે પ્રકાર ભેદોમાં મુદ્રિતરૂપે મળે છે. આ પદોમાં કેટલાંક સાધુશાઈ હિંદીમાં છે ને કેટલાંક પર વ્રજભાષાની અસર છે.
કવિના 40-45 જેટલા ચાબખા જનસમાજમાં લોકપ્રિય છે. તેની શૈલી ઉદ્બોધનની છે. તેમાં સંસારીસુખનું મિથ્યાત્વ બતાવાયું છે. મિથ્યા સુખમાંથી મુક્ત થઈ માણસને વૈરાગ્ય તરફ દોરવાનો કવિનો પ્રયત્ન છે. કેટલાક ચાબખામાં ધર્મને નામે પાખંડ ચલાવતા ઢોંગી સાધુઓ પર પ્રહારો છે. જેમકે, સંસારી સુખમાં ડૂબેલ મનુષ્યને કવિ ઇન્દ્રિયસ્વાદથી લલચાઈ ખાટકીવાસમાં જતા ને પછી ઊંધે મસ્તકે ટીંગાતા ઘેટા સાથે સરખાવે છે. પાખંડી સાધુને 'રાખો ચોળી પણ રાંડોના રસિયા' કહી એમના ઢોંગીપણાને ખુલ્લું પાડે છે.

ચાબખાની વાણી જોરદાર અને સોંસરવી ઊતરી જાય એવી બની છે. 'પ્રાણિયા ! ભજી લેને કિરતાર આ તો સપનું છે સંસાર' કે 'જીવને શ્વાસતણી સગાઈ' વગેરે એમના ઉત્તમ ચાબખા છે. 'કાચબા-કાચબીનું ભક્તિનો મહિમા કરતું એક ઉત્તમ પદ એમણે રચ્યું છે.

કવિએ કૃષ્ણભક્તિનાં પણ કેટલાંક પદો રચ્યાં છે. જેમાં કૃષ્ણજન્મ, એનો આનંદ, કૃષ્ણ-ગોપીની શૃંગારકેલિ વગેરે નિરૂપાયાં છે.

## 2.3.8 બાપુસાહેબ ગાયકવાડ

કવિના 150 જેટલાં મુદ્રિત પદો મળે છે. આ પદો ગુજરાતી તેમ જ સાધુશાઈ હિન્દીમાં રચાયેલાં છે. પદોનો વિષય વૈરાગ્યબોધ છે. કવિનાં 70 જેટલાં પદો જ્ઞાનોપદેશ, ધર્મવેશ, બ્રાહ્મણશૂદ્રભેદ અને બ્રહ્મજ્ઞાન આ ચાર શીર્ષકોમાં વહેંચાયેલાં છે. પદોમાં આત્મજ્ઞાન, સાચી સમજણ અને સદ્‌ગુરુનો મહિમા થયો છે.

કવિએ લોકજીવનમાંથી દૃષ્ટાંતો ઉપાડ્યાં છે અને કટાક્ષનો આશ્રય લઈને ધર્મને નામે પાખંડ ચલાવતા પંડિતો, બ્રાહ્મણ, મુલ્લા, ગુરુ પર પ્રહાર કર્યા છે. જેમકે, સંસારમાં પૂરેપૂરા આસક્ત છતાં વૈરાગ્યનો ઢોંગ કરનારા મનુષ્યોની ઉપદેશવાણીને કવિ કોરુંકટ માટલું ઝમવા જેવી વાત સાથે સરખાવે છે.

કવિએ 40 જેટલી ગરબીઓની રચના કરી છે. તેમાં માણસને માયામાં જકડી રાખનાર સ્ત્રી, ધન, પુત્ર, દેહ વગેરેની આસક્તિમાંથી મુક્ત થવાનો બોધ છે. 'ષડ્રિપુના રાજિયા' કવિએ પત્ની,માતા, દીકરી, બહેન, સાસુ વગેરેના મૃતપુરુષોને સંબોધીને રચ્યા છે. તેમાં માયાના બંધનમાં અટવાયેલા ને આત્મજ્ઞાનને વીસરી ગયેલા સાંસારિક મનુષ્યની કથની વારંવાર કટાક્ષથી આલેખાઈ છે.

'મહિના'માં બ્રહ્માનુભવનો આનંદ વ્યક્ત થયો છે. 'શાંતિ પમાડે તેને તો સંત કહીએ' જેવી આકર્ષક ઉપાડવાળી પંક્તિઓવાળાં પદ તેમની પાસેથી મળ્યાં છે. તળપદી ભાષાનું જોમ અને દૃષ્ટાંતમાંથી ઊપસતું તત્કાલીન લોકજીવન કવિની પદરચનાઓની વિશેષતા છે.

આ ઉપરાંત 'ઓધવજીના મહિના'થી જાણીતા થયેલા કવિરત્નો, 'શિવગીતા' અને 'ચંડીપાઠના ગરબા' જેવી કૃતિઓ આપનાર રણછોડજી દીવાન, ભક્તિવૈરાગ્યનાં પદો તેમ જ બોડાણાની મૂછનાં પદોથી પ્રસિદ્ધ થયેલી નરભેરામની ભક્તિશૃંગારની ગરબીઓ અને પદો રચનાર તથા 'રામાયણ'થી ખ્યાતનામ બનેલા કવિ ગિરધર વગેરે કવિઓએ પોતાની પદરચનાઓ દ્વારા મધ્યકાલીન પદસ્વરૂપની કવિતાને તાજી રાખી છે.

આમ સતત વહેતી રહેતી આ પદકવિતાને સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ, કબીરપંથી લોકસંતો તથા સ્ત્રીકવિઓએ પણ નોંધપાત્ર ફાળો આપ્યો છે. સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓમાં નિષ્કુળાનંદ, પ્રેમસખી પ્રેમાનંદ અને બ્રહ્માનંદની પદરચનાઓ ધ્યાનાર્હ છે.

## 2.3.9 નિષ્કુળાનંદ

કવિનાં 3000 જેટલાં પદો મુદ્રિત હોવાનું કહેવાય છે. ગુજરાતી ઉપરાંત કેટલાંક હિન્દીમાં ને કવચિત્ કચ્છીમાં પણ તેમનાં કેટલાંક પદો મળે છે. આ પદોમાં વિવિધ રાગોનો નિર્દેશ થયેલો છે. વળી, આ પદોમાં બારમાસી, તિથિ, ગરબી, થાળ, વસંત, ધોળ,રેખતા, પરાજિયાં સાખી વગેરે પ્રકારભેદો પણ જોવા મળે છે. પદોમાં વિષયવૈવિધ્ય ઘણું છે. જેમકે, એમાં સહજાનંદ સ્વામીનાં સ્વરૂપવર્ણનનાં ને વિરહનાં, પંચેન્દ્રિયોનાં ભોગનાં, પ્રેમલક્ષણાભક્તિનાં, જ્ઞાનનાં, વૈરાગ્યબોધનાં વગેરે વિષયક પદો છે.

પ્રેમલક્ષણાભક્તિનાં પદોમાં કૃષ્ણરૂપનાં વર્ણનો અને એમને માટેનો મુગ્ધ પ્રીતિભાવ ને વિરહભાવ વ્યક્ત થયો છે. કવિની વૈરાગ્યભાવની પદરચનાઓ વધુ સ્મરણીય છે. કવિનાં પદોમાં 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના કરીએ કોટિ ઉપાયજી', 'જંગલ વસાવ્યું જોગીએ તજી તનડાની આશજી' જેવાં પદો બહુ લોકપ્રિય બન્યાં છે. કથનને સચોટ દૃષ્ટાંતથી પુષ્ટ કરવાની કવિને સારી ફાવટ છે. કવિની ભાષા સચોટ પણ વેગીલી છે.

## 2.3.10 પ્રેમસખી પ્રેમાનંદ

હિન્દી તેમ જ ગુજરાતીમાં કવિએ પદોની રચના કરી છે. કવિના ત્રણ હજાર જેટલાં પદો મુદ્રિત મળે છે. આ પદો તિથિ, વાર, રાશિ, માસ, ગરબો, ગરબી, વગેરે સ્વરૂપભેદોમાં ઉપલબ્ધ છે.

કનૈયાલાલ મા. મુનશીએ આ કવિ માટે કહ્યું છે તેમ, "ભક્તિસાહિત્યની દૃષ્ટિએ સ્વામીનારાયણપંથમાં મોટા કવિ છે, એટલું જ નહીં પણ નરસિંહ મહેતાના પછી મધ્યકાલીન

સાહિત્યમાં જો કોઈનાં કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો આ પ્રેમાનંદમાં છે." તેમણે પોતાની જાતને નરસિંહ મહેતાની માફક ગોપી કલ્પી છે અને પ્રેમભક્તિમય ભાવોર્મિ ગાઈ છે.

કવિના કૃષ્ણભક્તિનાં પદોમાં ગુજરાતી અને હિંદીમાં વિકસેલી પ્રેમલક્ષણાભક્તિની કવિતાનું અનુસંધાન છે કૃષ્ણની ગોકુળલીલાની વિવિધ સ્થિતિઓ આલંબન તરીકે લઈ કવિએ વિવિધ ભાવવાળાં પદો રચ્યાં છે. એમાં પ્રભાતનાં પદો, બાળલીલા ને દાણલીલાનાં પદો, શૃંગારપ્રીતિનાં પદો અને રાસનાં પદો પણ છે. કાવ્યત્વની દૃષ્ટિએ વિરહનાં પદો આસ્વાદ્ય છે.

કવિ સહજાનંદ સ્વામીને કૃષ્ણરૂપ ગણે છે તેથી તેમના સહજાનંદભક્તિનાં પદો 'પ્રેમાનંદકાવ્ય' (ભા. 1-2 )નાં કૃષ્ણભક્તિનાં પદો સાથે ભળી ગયાં છે. કવિનાં ઉત્તમ પદો સહજાનંદવિરહનાં છે. સહજાનંદસ્વામીને પ્રવાસગમન કરવું પડતું ત્યારે સહજાનંદના વિયોગમાંથી ઘણાં વિરહભાવનાં પદો રચાયાં છે. એમાં પણ સહજાનંદના મૃત્યુ પછી રચાયેલાં વિરહનાં પદો, એમાંથી પ્રગટતી ઉત્કટ વેદનાથી વધુ ધ્યાનાર્હ છે.

પ્રેમાનંદ સ્વામી પોતે ગવૈયા હતા તેથી તેમનાં પદોમાં તેમણે રાગરાગિણીઓનો સુંદર ઉપયોગ કરીને પદોને સુગેય અને કર્ણમધુર બનાવ્યાં છે. કવિની કવિતાનો પ્રધાન ગુણ માધુર્ય છે. કવિની ભાષા ક્યારેક હિન્દી મિશ્રિત બની ગઈ છે.

## 2.3.11 બ્રહ્માનંદ

કવિએ 8000 જેટલાં પદો રચ્યાં હોવાનું મનાય છે. પરંતુ તેમાંથી અત્યારે 2600 જેટલાં પદ મુદ્રિત સ્વરૂપે મળે છે. ગુજરાતી, હિન્દી, કચ્છી, ચારણી જેવી ભાષામાં તેમણે પદો રચ્યાં છે. ગરબી, થાળ, આરતી, ભજન સ્વરૂપે કવિનાં પદો મળે છે. ઝૂલણા, હરિગીત, કુંડળિયા, રેણકી વગેરે છંદોની દેશીઓમાં આ પદો રચાયાં છે. પદોમાં સંગીતના અનેક રાગોનો નિર્દેશ થયેલો જોવા મળે છે.

વિષયોનું વૈવિધ્ય પણ છે જેમકે, સાંપ્રદાયિક અસરને વિષેશરૂપે ઝીલી કવિએ મંગળા, રાજભોગ, શયન વગેરે જુદે જુદે સમયે મંદિરોમાં થતાં દર્શન અને દિવાળી, અન્નકૂટ, શરદપૂર્ણિમા, એકાદશી, હોળી વગેરે ધાર્મિક ઉત્સવોને વિષય બનાવી ઘણાં પદો રચ્યાં છે. આ ઉપરાંત કૃષ્ણજન્મ ઉત્સવ, બાળલીલાવિષયક, વાત્સલપ્રીતિનાં અને દાણલીલા, રાસ, ગોપીવિરહ, ઉદ્ધવસંદેશ વગેરેનાં પદો પણ તેમણે રચ્યાં છે. સહજાનંદસ્તુતિનાં પણ અનેક પદો કવિ પાસેથી મળ્યાં છે.

'આ તન રંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગેજી', જેવાં ભક્તિનાં પદો 'લટકાળા હો લાલ મન મારું લીધું રે હરી લટકે તારે', 'છેલા તારું છોગું ભાળી મોહી છું વનમાળી રે' જેવાં રસભીનાં પ્રેમલક્ષણાભક્તિનાં પદો અને 'રે લગની તો હરિવરની લાગી, મેં તન ધનની આશા ત્યાગી' તથા 'રે શિર સાટે નટવરને વરીએ, પાછાં પગલાં નવ ભરીએ' જેવાં નિશ્ચયનાં સંખ્યાબંધ પદો સ્મરણીય છે.

જ્ઞાનવૈરાગ્યનાં તેમ જ ગોપીભક્તિનાં પદોમાં કવિનું પદ્યકૌશલ, ભાષાપ્રભુત્વ અને કવિત્વ કવિને તેમના સંપ્રદાયના એક મોટા કવિ ઠરાવે છે.

આ સાથે એક બીજી સંતવાણી તે ભાણસાહેબ, ખીમસાહેબ, રવિસાહેબ, જીવણદાસ સુધીના સંતોની ભજનવાણી હતી.આ સર્વ સંતોના નામને અંતે 'સાહેબ' લગાડાય છે જે બતાવે છે કે તેઓ કબીરપંથી હતા. અઢારમા શતકના ઉત્તરાર્ધમાં ખાસ કરીને બિનઉજળિયાત વર્ગના ભાવિક લોકોને આ સંતોની વાણીએ ભીંજવ્યા હતા. આ પંથના સંતોમાંના ઘણા ઘરબારી છતાં અંતરથી પૂરા વિરક્ત હતા. આધ્યાત્મિક અનુભવ તેમ જ અંતર્યામીની પ્રેરણાથી તેમની કવિતા રચાઈ છે. તેમની કવિતામાં અકૃત્રિમતા, વેધકતા અને બળ છે. કવિતાની વાણી તળપદી છે. એમનાં પદોનો કવનવિષય વૈરાગ્યબોધ, ગુરુમહિમા, પ્રભુમિલન, પ્રભુવિરહ, અવળવાણી અને આત્માનુભવ છે.

## 2.3.12 સ્ત્રીકવિઓ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પદકવિતામાં સ્ત્રીકવિઓનું સર્જન પણ નોંધપાત્ર છે. આ સ્ત્રીકવિઓમાં જ્ઞાનદૃષ્ટિ અને કવિત્વશક્તિની બાબતમાં **ગૌરીબાઈ** બીજા કરતાં ચઢિયાતાં છે. એમનાં પદોમાં વૈરાગ્યોપદેશ, પ્રાર્થનાઓ, વેદાંત, શિવસ્તુતિ, કૃષ્ણબાળલીલા વગેરે વિષયો જોવા મળે છે. એમની ભાષા સરળ અને શિષ્ટ છે. **દિવાળીબાઈ**એ રામજન્મ, રામબાળલીલા, રામવિવાહ અને રામરાજ્યાભિષેકની ગરબીને ધોળ ઉપરાંત 'મહિના' અને બ્રહ્મજ્ઞાનનાં પદ લખ્યાં કહેવાય છે.

આ ઉપરાંત કૃષ્ણાબાઈ, પૂરીબાઈ, રાધાબાઈ, નાનીબાઈ, રતનબાઈ, કેટલીક જૈન કવયિત્રીઓએ પણ પદોની રચના કરી છે.

## 2.4 સારાંશ

આ એકમના અભ્યાસ દ્વારા તમે દયારામ પૂર્વેના પદસાહિત્યથી પરિચિત થયા. પદસાહિત્યની નરસિંહથી શરૂ થયેલી પરંપરાને તાજી રાખવામાં અને સમૃદ્ધ કરવામાં દયારામ પૂર્વેના કવિનો કેવો ફાળો છે તે તમે જોયું.

આ ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સૌથી વધુ ખેડાયેલા 'પદ' સ્વરૂપનો તમને પરિચય થયો. વળી, પ્રત્યેક પદકવિની રજૂઆતની આગવી રીત અને વિષયપસંદગી વિશે તમને માહિતી પ્રાપ્ત થઈ. રજૂઆતની પદ્ધતિ અલગ અલગ છે પણ મોટા ભાગનું સર્જન સત્ત્વશીલ છે એ તમે અનુભવ્યું હશે.

કવિતા ગૌણ ને ભક્તિગાન પ્રહેલાં એ હેતું દરેક કવિને છે એ તમે નોંધ્યું હશે. આ બધા જ કવિની ભાષા સરળ છે. વળી, ઘણા કવિઓની અનેક પંક્તિઓ લોકજીભે રમતી તમે અનુભવી હશે. એ રીતે આ કવિઓ અત્યંત લોકપ્રિય છે તે તમને અનુભવાયું હશે.

તમે એ પણ નોંધ લીધી હશે કે આ પરંપરામાં સ્ત્રી કવિઓનો ફાળો પણ અત્યંત નોંધપાત્ર રહ્યો છે.

## 2.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

પ્રતીતિ - ભરોસો, ખાતરી
અધમોદ્ધારક - પાપીનો ઉદ્ધાર કરનાર
તલસાટ - આતુરતા
કરામત - યુક્તિ, ચાતુરી
દુર્બોધ - સમજવું મુશ્કેલ
બાની - બોલવા-લખવાની છટા
ચિકિત્સાવૃત્તિ - ગુણદોષ પારખવાની વૃતિ
ધ્યાનાર્હ - ધ્યાન ખેંચે તેવું

## 2.6 'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો-જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો –1**

પદસ્વરૂપનો ટૂંકો પરિચય આપો.
દયારામ પૂર્વેના અને તેમના સમકાલીન પદકવિઓનાં નામ આપો.
ભાલણ અને મીરાંની પદકવિતા વિશે ટૂંકનોંધ લખો.
નિરાંત અને ધીરાભગતનાં સર્જનનો પરિચય આપો.
ભોજાભગત અને બાપુસાહેબ ગાયકવાડની કૃતિઓ વિશે નોંધ લેખો.
અખા-પ્રીતમની પદકવિતાનો પરિચય કરાવો.
સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ અને તેમનાં સર્જન વિશે જણાવો.
પદસ્વરૂપમાં ફાળો આપનારી સ્ત્રીકવિઓનાં નામો આપી તેમનાં સર્જન વિશે નોંધ લખો.

**'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો –1**

(1) 2 . 2
(2) 2 . 3
(3) 2 . 3 . 1, 2
(4) 2 . 3 . 5, 6
(5) 2 . 3 . 7, 8
(6) 2 . 3 . 3, 4
(7) 2 . 3 . 9, 10, 11
(8) 2 . 3 . 12

# એકમ 3 દયારામ

રૂપરેખા


3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 પૂર્વભૂમિકા
3.3 દયારામ : સમય અને જીવનરેખા
3.3.1
3.3.2
3.3.3 દયારામ
3.4 દયારામની સાહિત્યસેવા
3.4.1 દીર્ઘકૃતિઓ
3.4.2 બોધાત્મક કૃતિઓ
3.4.3 નામસંકીર્તનાત્મક કૃતિઓ
3.4.4 કડવાબંધ પ્રયોજાયેલી કૃતિઓ
3.4.5 કથાત્મક રચનાઓ
3.4.6 પ્રસંગવર્ણનાત્મક કૃતિઓ
3.4.7 પદમાળા રૂપે વિકાસ પામેલી કૃતિઓ
3.4.8 મધ્યકાલીન કાવ્યરૂપો
3.4.9 ગરબીઓ
3.4.10 પ્રાર્થનાઓ અને બોધકપદો
3.4.11 ગદ્યરચનાઓ
3.4.12 અન્ય ભાષાઓમાં મળતી રચનાઓ
3.4.13 પ્રકીર્ણ રચનાઓ
3.5 સારાંશ
3.6 ચાવીરૂપ શબ્દો
3.7 'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો - જવાબો


## 3.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગનો ત્રીજો એકમ છે. આ એકમના અભ્યાસથી -

- મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના છેલ્લા પ્રતિનિધિ કવિ દયારામથી તમે પરિચિત થશો.
- દયારામની નોંધપાત્ર રચનાઓ વિશે તમને માહિતી મળશે.
- અત્યંત લોકપ્રિય બનેલી કવિ દયારામની ગરબીઓની ઘણી પંક્તિઓના તમે સીધા પરિચયમાં મુકાશો.
- 'દયારામ કવિ કે પ્રણયી' જેવા મધ્યકાળમાં ચર્ચાસ્પદ બનેલા પ્રશ્ન વિશે તમને માહિતી મળશે.

## 3.1 પ્રસ્તાવના

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પદગરબી અત્યંત લોકપ્રિય સ્વરૂપો છે. નરસિંહથી માંડી છેક દયારામ અને તે પછી પણ પદસ્વરૂપની રચના થતી રહી છે. નરસિંહ, મીરાં, પ્રીતમ જેવા કેટલાક કવિઓના પદો અત્યંત લોકપ્રિય બન્યાં છે. એ સિવાય પણ અનેક કવિઓએ આ ક્ષેત્રે પદાર્પણ કર્યું છે. સામાન્ય રીતે પદકવિઓની કૃતિઓમાં કૃષ્ણભક્તિ વિષય બની છે. દયારામ વહેતી આવેલી પરંપરાને આગળ વધારે છે. દયારામે આમતો વિપુલ સાહિત્ય સર્જ્યું છે. 'રસિકવલ્લભ' જેવી કૃતિ જેમાં કેવલદ્વૈત સિદ્ધાંતનું ખંડન અને શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનું મંડન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બોધાત્મક, નામસંકીર્ણાત્મક, આખ્યાનાત્મક એમ અનેક પ્રકારની

રચનાઓ કવિ પાસેથી મળી છે પરંતુ કવિની કીર્તિદા કૃતિઓ તો ગરબીઓ છે. આ ગરબીઓની રજૂઆતની પદ્ધતિ પણ અલગ અલગ અને આકર્ષક છે. આ ગરબીઓના પરિચયથી દયારામના કવિત્વનો સાચો પરિચય થશે.

## 3.2 પૂર્વભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સઘળા કવિઓ પહેલા ભક્તો છે પછી સર્જકો-કવિઓ છે. કાવ્યરચના સાધ્ય નથી પણ પ્રભુ પાસે પહોંચવા માટેનું સ્થૂળ સાધન છે.

દયારામ પણ ભક્તકવિ છે. એમણે તેમનું જીવન પુષ્ટિસંપ્રદાયના મરજાદી વૈષ્ણવ તરીકે વિતાવ્યું હતું. કૃષ્ણ એમનો આરાધ્યદેવ હતો. જીવનની પ્રત્યેક ક્ષણ એની સ્મૃતિમાં ગુજરે એવી ખેવના આ કવિની રહી છે.

પુરુષ કરતાં સ્ત્રીનું હૃદય વધુ કોમળ હોય છે. સમર્પિત જીવન જીવવું એને ગમે છે. રિસામણાં-મનામણાં એ એની સ્વભાવસહજતા છે. તેથી દયારામે કવિ બનતા પહેલાં સ્ત્રીભાવ પોતાનામાં આરોપ્યો છે. પોતે ગોપી-રાધા અને કૃષ્ણ પોતાનો પ્રિયતમ એ રીતે એમણે પ્રભુભક્તિ કરી છે. આ ભાવ મુખ્યત્વે ગરબીઓમાં વ્યક્ત થયો છે. એમાં શૈલી અત્યંત સરળ છે એની અભિવ્યક્તિ અત્યંત આકર્ષક અને વૈવિધ્યસભર છે. એમાં ભગવાન કૃષ્ણ સાથેનાં રિસામણાં-મનામણાં અત્યંત સાહજિક છે.

કવિની અન્ય કૃતિઓનું આકર્ષણ તો ભાવકને રહે છે પરંતુ જીવનની સહજ લાગણીઓને ગૂંથી લેતી ગરબીઓ કવિની લોકપ્રિય રચનાઓ બની રહી છે.

## 3.3 દયારામ : સમય અને જીવનરેખા

### 3.3.1

દયારામ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઇતિહાસના છેલ્લા તેજસ્વી પ્રતિનિધિ છે. તેમનો જન્મ ઈ.સ.૧૭૭૭/સં.૧૮૩૩, ભાદરવા સુદ ૧૧ ઉપર ૧૨, શનિવારે થયો હતો. તેમનું અવસાન ઈ.સ.૧૮૫૩/સં.૧૯૦૯ મહાવદ ૫ને સોમવારે થયું હતું. કવિનો જન્મ કાં તો ચાણોદ કે મોસાળ ડભોઈ થયો હશે. તેઓ જ્ઞાતિએ સાઠોદરા નાગર હતા. તેમના ઈષ્ટદેવ હાટકેશ્વર પણ પિતાના સમયથી તેમનો કુલધર્મ વૈષ્ણવ પુષ્ટિમાર્ગ હતો. કિશોરવયમાં તેમના માતાપિતાનું અવસાન થયેલું. કવિને તેમણે કરેલી યાત્રાઓનો સમય બાદ કરતાં, મોટા ભાગનો સમય ચાણોદ અને મોસાળ ડભોઈમાં રહેવાનું થયું હતું.

### 3.3.2

બાળપણમાં કવિનું સગપણ થયું હતું એવી માહિતી મળે છે. પરંતુ કવિએ લગ્ન કર્યાં ન હતાં અને પોતાનું જીવન કૃષ્ણસેવામાં સમર્પણ કરી પુષ્ટિમાર્ગના મરજાદી વૈષ્ણવ તરીકે વિતાવ્યું હતું. એમણે વલ્લભલાલજી મહારાજ પાસે બ્રહ્મસંબંધ લીધો હતો અને ત્રણ વાર ભારતયાત્રા તથા સાત વાર શ્રીનાથજીની યાત્રા કરેલી એમ કહેવાય છે. યાત્રાની પ્રેરણા કવિને ડાકોરનિવાસી વિદ્વાન ઇચ્છારામ ભટ્ટ પાસેથી મળેલી. દયારામને ઇચ્છારામ સાથે સંપર્ક કદાચ નાનપણમાં જ થયેલો. કવિએ ઔપચારિક શિક્ષણ ઝાઝું લીધું હોય એમ દેખાતું નથી. પરંતુ એમણે ભાગવત વગેરે પુરાણો, ગીતા વગેરે ધર્મગ્રંથો, સાંપ્રદાયિક સાહિત્ય અને ભક્તિસાહિત્યનો અભ્યાસ કર્યો હશે એમ તેમના ગ્રંથો જોતાં જણાય છે.

### 3.3.3 દયારામ

દયારામના જીવન વિશે એવી પણ માહિતી મળે છે કે તેઓ જીવનભર અપરણીત હતા. પુષ્ટિસંપ્રદાયની રીત પ્રમાણે ૧૪ વર્ષની ઉંમરે બ્રહ્મસંબંધ લીધો હતો અને ૨૮ વર્ષની ઉંમરે પાકી મરજાદ લીધી હતી. દયારામના શિષ્ય-સેવકોમાં રતનબાઈ સોનારણ સાથેનો એમનો સંબંધ ચર્ચાસ્પદ બન્યો હતો. એ બાળવિધવાએ દયારામની પ્રભુસેવામાં સહાય કરી હતી અને તેમની માંદગીમાં પરિચર્યા કરી હતી. દયારામનો સ્વભાવ રંગીલો અને શોખીન હતો. તેમની ગરબીઓમાં શૃંગારનું આલેખન થયેલું જોવા મળે છે અને તેમને રતનબાઈનો સંપર્ક હતો. આ બધાંને કારણે દયારામ ભક્ત નહીં પણ પ્રણયી છે એવો આક્ષેપ થયો છે. પરંતુ આ આક્ષેપ યથાર્થ નથી.

કવિની ગરબીઓમાં દેખાતો શૃંગાર તો પરંપરાનો વારસો છે. દયારામ કવિ હતા તેથી એ રસિકતાથી

અને કલ્પનાથી વધુ પ્રગલ્ભ બની ગ ાકૃષ્ણના મિલન-વિરહનું આલેખન કર્યું છે. આમ કરવામાં પોતે પોતાના સ્વામીની-'દયાપ્રીતમ'ની લીલા જ ભક્તિભાવે ગાઈ છે. ગરબી સિવાયના અન્ય સાહિત્યથી બીજું કોઈ અનુમાન થઈ શકે તેમ નથી. અનંતરાય રાવળ નોંધે છે, "બીજી રીતે એમ પણ કહી શકાય કે દયારામ ગરબીઓમાં પોતાના રસરુચિની મર્યાદાઓ સાથે ગુજરાતનો જયદેવ બન્યો છે." દયારામનાં ભક્તિવૈરાગ્યનાં પદો તથા આરતભરી પ્રાર્થનાઓ એનું ભક્તકવિ તરીકેનું સ્વરૂપ છતું કરે છે.

## 3.4 દયારામની સાહિત્યસેવા

કવિની કૃતિઓ ગુજરાતી અને વ્રજ હિંદીમાં ને કવચિત્ મરાઠી ને સંસ્કૃતમાં મળે છે. કવિની કૃતિઓનો એક મોટો ભાગ તો પદ-ગરબી પ્રકારની લઘુરચનાઓ છે જે ૬૦૦ જેટલી થાય છે. અન્ય નાનીમોટી કૃતિઓ પણ ૩૦૦ સંખ્યામાં જેટલી મળે છે જેમાંની ઘણી સાંપ્રદાયિક છે.

### 3.4.1 દીર્ઘ કૃતિઓ

કવિની દીર્ઘ કૃતિઓમાં સૌથી વધુ નોંધપાત્ર રસિકવલ્લભ (ર.ઈ.૧૮૨૮/સં.૧૮૮૪, શ્રાવણ સુદ ૧૧, ગુરુવાર)છે. કૃતિ મુદ્રિત મળે છે. અને ૧૦૯ કડવાંમાં વિભાજિત છે. આ કડવાં પદ નામે ઓળખાવાયાં છે. કૃતિમાં કવિનો હેતુ કેવલાદ્વૈત સિદ્ધાંતનું ખંડન અને શુદ્ધાદ્વૈત-સિદ્ધાંતનું મંડન કરવાનો છે. ગુરુશિષ્યસંવાદ રૂપે રચાયેલી આ કૃતિમાં કવિના સાંપ્રદાયિક તત્ત્વવિચારનો અભ્યાસ અને સંપ્રદાયનિષ્ઠા સબળ રૂપે વ્યક્ત થયાં છે. કાવ્યમાં કવિએ પૌરાણિક દૃષ્ટાંતો તથા ઉપમા વગેરે અલંકારોનો વિનિયોગ કર્યો છે જેથી કાવ્ય લોકભોગ્ય બન્યું છે.

કવિએ કૃતિમાં માયાવાદનું ખંડન કર્યું છે. વળી, જીવ પરબ્રહ્મનો અંશ છે અને સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન બ્રહ્મને મુકાબલે અલ્પશક્તિમાન છે એમ કહીને એ બેની એકતાને નિષેધે છે. ભક્તિને કવિ જ્ઞાન કરતાં ચઢિયાતી ઠરાવે છે. કવિએ પુષ્ટિભક્તિ, સત્સંગ, ભગવદ્ભક્તનાં લક્ષણો તેમ જ યમુના, તુલસી, ગોપીચંદન, તિલક વગેરેનો મહિમા કવિએ ગાયો છે. અનંતરાય રાવળના મત પ્રમાણે "આ કૃતિ રસદૃષ્ટિએ ભાગ્યે જ ઊંચી ગણાય. ખંડનમંડનાત્મક દલીલબાજી અને સ્વમતાગ્રહના તાનમાં કાવ્યના રસતત્ત્વ પર કવિથી લક્ષ અપાયું નથી."

૧૮૧/૧૮૨ કડીની મુદ્રિત કૃતિ 'પુષ્ટિપથરહસ્ય' માં વલ્લભાચાર્ય અને તેમના કુળ સમગ્રની સેવાપૂજાનું મહિમાગાન કવિએ કર્યું છે. એમાં પૌરાણિક દૃષ્ટાંતો તથા શબ્દચાતુર્યનો વિનિયોગ ધ્યાન ખેંચે છે.

'ભક્તિપોષણ' ચંદ્રાવળામાં રચાયેલી ૧૦૧ કડીની કૃતિ છે.કૃતિ મુદ્રિત મળે છે. કૃતિનું આકર્ષણ એમાંનું લોકભોગ્ય દૃષ્ટાંત નિયોજન છે. બ્રાહ્મણભક્ત સંવાદમાં બે બ્રાહ્મણ બંધુઓનો સરળ રોચક સંવાદ છે. ૭૦ કડીની આ મુદ્રિત કૃતિમાં બે-બે બ્રાહ્મણ બંધુઓનો સરળ રોચક સંવાદ છે. કવિએ કૃતિમાં વેદવિહિત કર્મમાર્ગ કરતાં શ્રીકૃષ્ણ સેવાભક્તિમાર્ગ ચડિયાતો છે એવું પ્રતિપાદન કર્યું છે.

### 3.4.2 બોધાત્મક કૃતિઓ

બોધાત્મક કૃતિઓમાં પર કુંડળિયાની મુદ્રિત મળતી 'પ્રબોધબાવની' (ર.ઈ.૧૮૧૪/સં.૧૮૭૦, ફાગણ વદ ૩) સૌથી વધુ નોંધપાત્ર છે.કૃતિમાં કવિએ રસપ્રદ લોકોક્તિઓને આધારે સચોટ રીતે બોધ આપ્યો છે એમાં કવિનું કૌશલ પ્રગટ થાય છે. ૬૧ કડીની મુદ્રિત મળતી 'ચિંતનચૂર્ણિકા' માં કવિએ માણસને પજવતી સર્વ ચિંતાઓમાંથી મુક્ત થવા માટેનો માર્ગ સૂચવ્યો છે. શ્રી વલ્લભકુળમાં ઉત્પન્ન થયેલા ગુરુનું શરણ વગેરે કેટલાક ઉપાયો ચિંતામાંથી મુક્તિ અપાવે છે. ૩૩ કડીની 'મનમતિસંવાદ'માં મનને ભગવદ્ભક્તિ તરફ વાળવાનો બોધ આપવામાં આવ્યો છે. પ્રસ્તુત બંને કૃતિઓમાં લોકભોગ્ય દૃષ્ટાંતો અને લોકોકિતઓનો ઉપયોગ નોંધપાત્ર બને છે.

૧૦૧ કડીની શ્રી કૃષ્ણનામ 'માહાત્મ્યમાધુરી' (મુ.), ૭૧ કડીની 'શ્રીકૃષ્ણનામમાહાત્મ્ય-મંજરી' (મું.) ૪૫૪ કડીની 'હરિદાસ ચંદ્રિકા/હરિભક્તિ ચંદ્રિકા' (મુ.), ૬૪ કડીની 'શિક્ષાભક્તિવિનવણી', 'વિનય-બત્રીસી'(મુ.), પર કડીની 'ભક્તિવેલ' (મુ.), ૨૫ કડીની 'શ્રીકૃષ્ણ સ્તવનમંજરી', પર કડીની 'કાળજ્ઞાનસારાંશ', ૧૩૧ કડીની 'શિક્ષા-પરીક્ષાપ્રદીપ' (મુ.), ૬૦ કડીની 'વ્યવહારચાતુરીનો ગરબો' (મું.). આ બધી કૃતિઓમાં ભગવાનના નામસ્મરણથી નીપજતા પ્રભાવો, ભકતના લક્ષણો અને ભક્તનું મહિમાગાન, ભગવાન પાસે કરેલી ભક્તિમય

જીવવનની યાચના, ઈશ્વરી કૃપાના દૃષ્ટાંતો, પુરાણકિથત મૃત્યુચિહ્નો વગેરે ભક્તિનો મહિમા અને બોધ કરતાં વિવિધ વિષયો કૃતિઓમાં છે.

### 3.4.3 નામસંકીર્તનાત્મક કૃતિઓ

નામસંકીર્તનાત્મક ૧૯ જેટલી કૃતિઓ મુદ્રિત મળે છે. આ પ્રકારની કૃતિઓ ૬-૭ થી ૬૬ જેટલી કડીઓમાં વિસ્તરે છે. એમાં 'શ્રીકૃષ્ણ અષ્ટોત્તરનામચિંતામણિ' વગેરે શ્રીકૃષ્ણનામ માળાઓની બહુલતા છે. ઉપરાંત ગુરુનામ, ભક્તનામ વગેરેનું પણ એમાં સંકીર્તન છે. 'પુરુષોત્તમ-પંચાગ'ને નામે ઓળખાવાયેલી કૃતિમાં 'શ્રીવલ્લભઅષ્ટોત્તરનામ', 'શ્રી વિઠ્ઠલ અષ્ટોત્તરશતનામ', 'શ્રીપુરુષોત્તમઅષ્ટોત્તરશતનામ', 'શ્રી રાધાઅષ્ટોત્તરશતનામ' અને 'શ્રી વ્રજભક્તઅષ્ટોત્તરશતનામ' નો સમાવેશ થયો છે.

નામસંકીર્તનાત્મક કૃતિઓમાં વિષયો : ૮૪ અવતાર, ૮૪ કે ૨૫૨ વૈષ્ણવ, મહાપ્રભુની ૮૪ બેઠકો, વલ્લભના પિરવારની નામયાદી વગેરે હોય છે.

આ કૃતિઓમાં ભુજંગપ્રયાત, દુવૈયા, નારાચ, સવૈયા જેવા છંદોનો ઉપયોગ થયો હોય છે.

ભક્ત હૃદયની સાથે સાથે કવિના સંગીતજ્ઞ-વ્યક્તિત્વનો પણ ભાવકને પિરચય થાય છે.

### 3.4.4 કડવાબંધ પ્રયોજાયેલી કૃતિઓ

કવિની પૌરાણિક કે ભક્તચરિત્ર વિષયક વૃત્તાંતોને વણી લેતી કેટલીક આખ્યાત્મક કૃતિઓ પણ મળે છે. 'કડવા' માટે કેટલીકવાર 'મીઠાં' નામ પ્રયોજાય છે. કવિના મોટા ભાગનાં આખ્યાનો ભાગવત આધારિત છે. કવિની કૃતિઓ ૫ મીઠાનું 'નાગ્નજિતીવિવાહ' (મું.), ૯ કડવાનું 'અજામિલાખ્યાન' (ર.ઈ.૧૮૦૭/સં.૧૮૬૩, ભાદરવા સુદ ૧૫, બુધવાર (મુ.), ૮ કડવાની 'સત્યભામાવિવાહ' (મુ.), ૧૯ કડવાએ અધૂરું રહેલું 'વૃત્રાસુરનું આખ્યાન' (મું.), ૩ મીઠાંનું 'રુક્મિણીવિવાહ/હરણ' (મું.), ૩ કડવાનું 'રુક્મિણીસીમંત' (મું.), ૩૭ કડીનું મીરાં-ચરિત્ર' (મું.) અને ૨૩ કડીનું 'કુંવરબાઈનું મામેરું'.

કલાદૃષ્ટિએ કવિએ કોઈ વિશિષ્ટ સિદ્ધિ આ રચનાઓમાં દાખવી નથી. કૃતિઓમાંનુ ભાષારૂપ તળપદું છે. લોકબોલીના શબ્દો, કહેવતો, ઉપમા વગેરે અલંકારો ને શબ્દાલંકારો કૃતિઓમાં જોવા મળે છે.

### 3.4.5 કથાત્મક રચનાઓ

કવિની કેટલીક વિશિષ્ટ કથાત્મક રચનાઓ પણ મળે છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતામાહાત્મ્ય' (ર.ઈ.૧૮૨૩/સં.૧૮૭૯, શ્રાવણ વદ ૮, મંગળવાર: (મું.), ૧૩૧ કડીની 'દશમસ્કંધલીલાનું ક્રમણિકા' (મું.), 'શ્રીકૃષ્ણ ઉપવીત/જનોઈ' (મું.), ૫૬ કડીનો 'શ્રીકૃષ્ણપ્રાગટ્ય/જન્મખંડનો ગરબો' (મું.), ૩૪ કડીનો 'મોહિની સ્વરૂપનો ગરબો' (મું.), ૧૪ કડીનો 'અદલબદલનો શૃંગારનો ગરબો' (મું.), 'માનલીલાનો ગરબો'(મું.), ૩૩ કડીનો 'રાસલીલાનો ગરબો' (મું.), ૨૦૨ કડીનો 'રાસપંચાધ્યાયીનો ગરબો', ૫૭ કડીનો 'વિરુદ્ધધર્માશ્રય અને અકળ ચરિત્રનો ગરબો' (મું.).

### 3.4.6 પ્રસંગવર્ણનાત્મક કૃતિઓ

આ પ્રકારની રચનાઓમાં ૧૯૮ કડીએ અપૂર્ણ 'શ્રીકૃષ્ણસ્તવન માધુરી' નો ઉલ્લેખ કરવો જોઈએ. એમાં શ્રીકૃષ્ણરૂપવર્ણન, વૃંદાવનવર્ણન અને રાસલીલાવર્ણનનો સમાવેશ થાય છે. ૪૧ કડીની 'હનુમાન ગરુડસંવાદ' પણ વિશિષ્ટ પ્રકારની વૃત્તાન્તગર્ભિત રચના છે. એમાં હનુમાન અને ગરુડ એકબીજના સ્વામીઓ રામ અને કૃષ્ણના જીવનની પુરાણપ્રસિદ્ધ હકીકતનો આધાર લઈ એમની નિંદા કરે છે.

### 3.4.7 પદમાળા રૂપે વિકાસ પામેલી કૃતિઓ

૨૧ પદની 'પ્રેમરસગીતા' (મું.) પદમાળા રૂપે વિકાસ પામેલી કૃતિ છે. એમાં ભાગવત દશમસ્કંધ આધારિત ઉદ્ધવસંદેશનો પ્રસંગ આલેખાયો છે. કૃતિમાં વત્સલ, વિપ્રલંભ, અને કરુણનું અસરકારક આલેખન થયું છે. તળપદી વાગ્ભંગીઓ અને દૃષ્ટાંતોની મર્મવેધકતાથી કૃતિ અસરકારક બની છે.

## 3.4.8 મધ્યકાલીન કાવ્યરૂપો

ઋતુવર્ણન, મહિના, તિથિ, વાર, કક્કો જેવાં કેટલાંક મધ્યકાલીન કાવ્યરૂપોની રચના પણ કવિએ કરી છે. 'ષડ્ઋતુવર્ણન' મુદ્રિત મળે છે. ૧૨ કડી ઉપરાંત ૧-૧ શ્લોકમાં પ્રત્યેક ઋતુનો સંદર્ભ ચિત્રાત્મક રીતે વર્ણવાયો છે. એમાં રાધાની વિરહવ્યથા ઉત્તરોત્તર ઉત્કટતા પામતી જાય છે તે દર્શાવાયું છે. ગ્રીષ્મ ઋતુમાં શ્રીકૃષ્ણનાં ભાવાત્મક દર્શન કરીને રાધા વિરહમાંથી મુકત થાય છે એવો વિકાસક્રમ આલેખાયો છે.

મહિના-વિષયક દયારામની ૪ રચનાઓ મુદ્રિત મળે છે. તેમાં ૬૧ કડીની 'રસિયાજીના મહિના' સૌથી વધુ નોંધપાત્ર કૃતિ છે. એમાં પ્રકૃતિ અને નાયિકાની સ્થિતિના વિરોધનાં માર્મિક ચિત્રો ઉપસાવાયાં છે. બીજી કૃતિ પુરષોત્તમમાસ સાથે ૧૩ માસ અને ૧૩ માસના વિરહભાવનું હૃદયંગમ વર્ણન કરતી 'કૃષ્ણવિરહ/રાધિકાવિરહના દ્વાદસમાસ' છે. બીજી મહિના વિષયક કૃતિઓમાં ૧૫ કડીના 'તેરમાસ' તથા ૧૨ કડીના 'વહાલમજીના મહિના' છે.

કવિની તિથિપ્રકારની બે રચનાઓ મુદ્રિત મળે છે. 'પંદરતિથિનો ગરબો' અને 'સોળ તિથિનો હીરાવેધ.' બંનેમાં ગોપીના વિરહભાવ અને કૃષ્ણપ્રેમના અનુભવનું આલેખન થયું છે.

૩૧ કડીનો 'મનપ્રબોધનો કક્કો' (મું.) બોધાત્મક કૃતિ છે.

## 3.4.9 ગરબીઓ

દયારામના કૃષ્ણકીર્તનાત્મક સાહિત્યમાં કાવ્યદૃષ્ટિએ સૌથી આકર્ષક એમની ગરબીઓને નામે ઓળખાતાં પદ છે. કવિના સમગ્ર સાહિત્યસર્જનમાં ગરબીઓ એક નાનકડા ભાગ જેટલી છે. પણ કવિ તરીકે એમની કીર્તિદા એ જ બની છે. અનંતરાય રાવળ કહે છે કે "ગરબીઓ જેવાં પદો આમ તો નરસિંહ - ભાલણના સમયથી રચાતાં આવ્યાં છે, પણ દયારામે તેમાં જુદા જુદા રાગરાગણીઓ પ્રયોજી તેને જે રીતે લડાવ્યાં-સોહાવ્યાં છે તે એની એ કાવ્યપ્રકારની મોટી સેવા છે."

ગરબો-ગરબી, ધોળ આદિ પ્રકારની પદરચનાઓની સંખ્યા લગભગ ૬૦૦ જેટલી છે જેમાંથી ઘણી મુદ્રિત મળે છે. આ ગરબીઓનો વિષય રાધા અને ગોપીઓની ઉત્કટ શ્રીકૃષ્ણભક્તિ અને શ્રીકૃષ્ણની એમની સાથેની લીલા છે. એમાં દયારામે 'ભાગવતનું વ્રજ' ખડું કરી દીધું છે. કવિએ પોતે ગોપી જોડે તાદાત્મ્યભાવ અનુભવ્યો છે ને કૃષ્ણ સાથેનો સ્નેહ વિવિધ ભાવથી ગાયો છે. ઘણી ગરબીઓ ગોપીઓના ઉદ્‌ગાર રૂપે ગવાતી હોય એ રીતે રજૂ થઈ છે. જેમકે, ગોપી કૃષ્ણના રૂપને જુવે છે ને ગાય છે :

'શોભા સલુણા શ્યામની, તું જોને સખી
શોભા સલુણા શ્યામની'
'કામણ દીસે છે એલબેલા તારી આંખમાં રે.'
'કિયે ઠામ મોહીની ન જાણી રે, મોહનજીમાં કિયે ઠામ'

કેટલીક ગરબીઓમાં ગોપીઓનો કૃષ્ણ પ્રત્યેનો હૃદયભાવ વાચા પામ્યો છે.

'સુણો શામળા, હું તમ માટે ઘેલી થઈ જો'
'અલબેલાજી પ્રાણધાર રે, તમ પર વારી રે'
'વાંકુંમા જોશો વરણાગિયા,
જોતાં કાળજડામાં કાંઈ કાંઈ થાય છે.'

કેટલીક એવી ગરબીઓ છે જેમાં ગોપી તેની સખીને કહેતી હોય સંભળાવતી હોય

'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિ આવું, મને ન ગમે ચતુર્ભુજ થાવું
ત્યાં નંદકુંવર કયાંથી લાવું.'

કેટલીક ગરબીઓમાં ગોપીઓની કૃષ્ણઝંખના રસોત્કટ વાણીમાં પ્રગટ થઈ છે.

'કહો તો કહું વાતડી, બિહારીલાલ'
'સામું જો નંદના છોગાળા, મારું ચિત્ત ચોરણવાળા.'
'ઘેલી મુને કીધી શ્રીનંદજીના નંદે.'
'ઓરો આવને સલૂણા હરિ શામળા જો.'

ગોપીને કૃષ્ણ ખૂબ વહાલો છે. કૃષ્ણના પનઘટ પરનાં કે રસ્તા વચ્ચેનાં અડપલાં, કૃષ્ણએ ગોપીને મળવા કરેલો સમયભંગ, એને માટેની ગોપીની ચીડ વગેરે વ્યક્ત કરતી ગરબીઓ પણ છે. કૃષ્ણાનુરાગી વ્રજની નારને વાંસલડી વેરણ ને શોક્ય જેવી લાગે છે. એ ભાવ નિરૂપતી ગરબીઓ પણ કવિએ રચી છે.

'માનીતી તું છે મોહન તણી હો વાંસલડી!'
'ઓ વાંસલડી, વેરણ થઈ લાગી રે વ્રજની નારને.'

વાંસળી ગોપીને ઉત્તર આપે છે એની પણ ગરબીઓ મળે છે.

ગોપી કૃષ્ણપ્રેમથી મળેલા સંતોષથી જે સુખદ અનુભવ કરે છે એ અનુભવને પણ કવિએ ગરબીમાં વાચા આપી છે. 'હું શું જાણું વહાલે મુજમાં શું દીઠું?' ગોપીના પ્રિયતમ કૃષ્ણ સાથેના લાડ ને રિસામણાં પણ દયારામે ગાયાં છે.

'શ્યામ રંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાઉં.'
'હાવાં હું સખી. નહિ બોલુંરે નંદકુંવરની સંગે,'

મુને શશિવદની કહી છે રે ત્યારની દાઝ લાગી છે અંગે. ? રાધા કૃષ્ણની સંવાદાત્મક ગરબીઓ પણ કવિએ રચી છે. જેમકે, રાધા બોલે છે 'કહાનકુંવર કાળા છો, અડતાં હું કાળી થઈ જાઉં' કૃષ્ણ જવાબ આપે છે,

'તું મુજને અડતાં શ્યામ થઈશ તો હું કયમ નહિ થાઉ ગોરો?
ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો તુજ તોરો'

કેટલીક ગરબીઓમાં દયારામે નટખટ અને ચુતર રસિકવર તરીકે કૃષ્ણને આલેખ્યા છે. આ બધી ગરબીઓમાં કૃષ્ણવિરહ જેમાં ગોપીઓએ ગાયો છે તે વિશેષ આકર્ષક છે.

'મુને અંગ અંગ લાગી લાહ્ય કાળજ કોઈ કાપે રે.'
'પ્રેમની પીડા તે કોને કહીએ મધુકર, પ્રેમની પીડા.'
'ઓ ઓદ્ધવજી, વ્હાલે તે વિસારી અમને મેલ્યા ?

કેટલીક ગરબીઓ જેમાં રાધા-કૃષ્ણના ઉદ્‌ગારો રજૂ થયા છે તે નાટ્યાત્મક કે પાત્ર લક્ષી ઊર્મિકાવ્યોના પ્રકારની છે.

આ ગરબીઓમાં રાગો તથા ઢાળોનું વિપુલ વૈવિધ્ય છે. લાઘવથી પણ સઘન રીતે ગોપીઓનાં હૈયાની સુકુમાર અને રસભર ઊર્મિઓ ગરબીઓમાં દયારામે રજૂ કરી છે. ગોવર્ધનરામ દયારામની ગરબીઓ માટે સ્તુતિવચનો કહ્યાં છે -

"જગતભરના સાહિત્યમાં ગુજરાતની ગરબીઓનું.. એ ગરબીઓના સમ્રાટ ગુજરાતણના હૃદયરાજવી દયારામનુંય સ્થાન અદ્‌ભુત છે... એમની એક એક ગરબી ગુજરાતનું મહામૂલું રસમોતી છે."

## 3.4.10 પ્રાર્થનાઓ અને બોધકપદો

ગરબીઓ પરથી દયારામની છાપ કદાચ કોઈ રંગીલા કવિની ભાવકના મનમાં ઊપસે પણ દયારામ એક ભક્તકવિ પણ છે. તેમના હૃદયનો ખરો પોકાર સંભળાવતી કેટલીક પ્રાર્થનાઓ મળે છે.

'જેવો તેવો હું દાસ તમારો, કરુણાસિંધુ ગ્રહો કર મારો.'
'હરિ હું શું કરું રે? મારો માયા ન મૂકે કેડો.'
'કૃપાસિંધુ કહાવો રે, કૃપા મને કયમ ના કરો?'
'મારો અંતસમય અલબેલા મુજને મુકશો મા.'

કવિનું જીવનલીલાની સમાપ્તિની ઘડીની આગાહી થતાં રચાયેલું 'મનજી મુસાફર રે ચાલો નિજ દેશ ભણી' એ અને પોતાને 'ઢણકતું ઢોર' કહી વર્ણવતું એ બંને જાણીતાં પદ છે. ભક્તિનું અને ભક્તિરસે છલકતા ભક્તોનું કવિ ગૌરવ ગાય છે.

'જે કોઈ પ્રેમ અંશ અવતરે પ્રેમઅંશ તેના ઉરમાં ઠરે'
'લોચનમનનો રે કે ઝગડો લોચનમનનો'
'પ્રગટ મળ્યે સુખ થાય, શ્રી ગિરધર પ્રગટ મળ્યે સુખ થાય?'

અંતરથી ખરા વૈષ્ણવ ન બનેલા મિથ્યાચારીઓને ઠપકારતા કવિનાં કેટલાંક પદો પણ મળે છે.

જેમકે,

'હરિ તુંને પ્રસન્ન તે કેમ થાય ? તારા મનનું કપટ ન જાયે.'

'વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?'

આમ, પ્રાર્થના ના અને અન્ય બોધક પદો પણ ધ્યાનાર્હ-રસપ્રદ છે.

### 3.4.11 ગદ્યરચનાઓ

દયારામે કેટલીક ગદ્યકૃતિઓ પણ આપી છે. જેમકે, 'મનપ્રબોધ', 'પ્રત્યક્ષાનુભવ' આ બંને મુદ્રિત ગદ્ય રચનાઓ છે.આ કૃતિઓમાં કવિનોઅધ્યાત્મ અનુભવ અને તેમના અંતસ્તાપના નિવેદનો છે. એ રીતે એ નોંધપાત્ર છે. 'પ્રશ્નોત્તરમાલિકા' માં૧૫ પ્રકરણ છે. કૃતિ મુદ્રિત મળે છે. તેમાં ૧૫ પ્રશ્નોત્તરમાં ૪ વૈષ્ણવ મતો અને શાંકરવેદાંતના સિદ્ધાંતો કવિએ રજૂ કર્યા છે અને શુદ્ધાદ્વૈત વેદાંત અને પુષ્ટિભક્તિ રીતિભાવનાનું સમર્થન કર્યું છે. 'પ્રશ્નોત્તરમાળા' પણ મુદ્રિત મળે છે તેમાં ધર્મબોધ અને વ્યવહારબોધના ૧૦૮ ટૂંકા પ્રશ્નોત્તર છે. કવિએ 'સતસૈયા'ની ગદ્યટીકા આપી છે. અને 'શ્રીમદ્‌ભાગવતગીતા' ગુજરાતી-ગદ્યમાં ઉતારેલ છે. ભાગવતસાર પણ કવિએ આપેલ છે. કવિનું ગદ્ય કથાકાર કે પુરાણીની જેમ વ્યાખ્યાન-શૈલીનું છે. ગદ્ય કૃતિઓ શુદ્ધાદ્વૈત વેદાંત અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની જ સમજ આપે છે.

### 3.4.12 અન્ય ભાષાઓમાં મળતી રચનાઓ

વ્રજ અને હિંદી ભાષામાં દયારામે વિપુલ અને નોંધપાત્ર રચનાઓ કરી છે. 'રસિકરંજન', 'સંપ્રદાયસાર', 'પુષ્ટિપથસારમણિદામ', 'સિદ્ધાંતસાર' આ બધી રચનાઓ મુદ્રિત મળે છે જે મુખ્યત્વે તત્ત્વવિચારાત્મક છે. 'કલેશકુઠાર' અને 'કૌતુકરત્નાવલી' બંને મુદ્રિત રચનાઓ બોધાત્મક છે. કવિએ 'પુષ્ટિભક્તરૂપમાલિકા' જેવી નામમાલાઓ પણ રચી છે. 'વિષ્ણુસ્વામીની પરચરી,' 'અલકચંદ્રચંદ્રિકા' 'શ્રીમદ્‌ભાગવતાનુક્રમણિકા' આ કૃતિઓ ચરિત્રવર્ણનાત્મક અને પ્રસંગ વર્ણનાત્મક છે.

'પ્રમેયપચાવ', 'સ્વાંતઃકરણસમાધાન' બંને મુદ્રિત કૃતિઓ આત્મકથનાત્મક અને આત્મનિવદેનાત્મક છે. મુદ્રિત રચના 'વૃન્દાવનવિલાસ' વર્ણનાત્મક છે

મરાઠીમાં 'નરિસંહ મહેતાની હૂંડી' મુદ્રિત અને સંસ્કૃતમાં સ્તોત્રાદિ પ્રકારની કવિની રચનાઓ મળે છે.

### 3.4.13 પ્રકીર્ણ રચનાઓ

પ્રકીર્ણ કૃતિઓમાં મુદ્રિત મળતી 'ચાતુરચિત્તવિલાસ' અને 'અલૌકિક નાયકનાયિકાલક્ષણ ગ્રંથ' નોંધપાત્ર છે. 'ચાતુરચિત્તવિલાસ' ગુજરાતી અને હિંદી બંનેમાં ચાલે છે. એની કાવ્યશૈલી કૂટ છે. તેમાં સમસ્યા તથા અવળવાણી પ્રયોજાઈ છે. એમાં પુરાણકથાઓ, વ્યવહારચરિત્ર અને કૃષ્ણમહિમા નિરૂપાયો છે. 'અલૌકિક નાયકનાયિકાલક્ષણ ગ્રંથ'માં ૫૦૦ ઉપરાંત કડીઓ છે. કવિનો આકૃતિમાં મુખ્ય ઉદ્દેશ મુખ્ય સ્વામિની રાધાનું સ્વરૂપ પ્રત્યક્ષ કરવાનો છે તે માટે તેમણે શૃંગારસના આલંબનરૂપે નાયિકાભેદનું વિવરણ કર્યું છે. ૧૦૮ સુધીની સંખ્યા ધરાવતી વસ્તુઓની સુચિ કરતી મુદ્રિત કૃતિ 'વસ્તુદીપિકા' અને 'પિંગળસાર' કવિની બહુશ્રુતતાનો પરિચય કરાવે છે. લાવણી, રેખતો વગેરે અનેક પદ્યબંધોમાં ચાલતા ઘણાં પદો પણ કવિએ રચ્યાં છે.

દયારામનું લેખન આમ જથ્થા દષ્ટિએ વિપુલ છે પરંતુ તેમનો ખરો ઉન્મેષ તો તેમની ગરબીઓમાં જ પ્રગટ્યો છે. ગરબીઓથી તેઓ આપણામાં લોકપ્રિય બન્યા છે.

## 3.5 સારાંશ

આ એકમના અભ્યાસથી તમે કવિ દયારામના સમગ્ર સર્જનથી પિરચિત થયા. પદસ્વરૂપને એની ટોચે પહોંચાડવામાં દયારામનો ફાળો કેટલો નોંધપાત્ર રહ્યો છે તે તમે અનુભવ્યું હશે.

આ ઉપરાંત દયારામના જીવન વિશેની તમને કેટલીક માહિતી ઉપલબ્ધ થઈ હશે.

કવિના તીવ્ર ગોપીભાવનો તમને અનુભવ થયો હશે. કવિની દીર્ઘકૃતિઓ, બોધાત્મક કૃતિઓ, આખ્યાનસ્વરૂપ કૃતિઓ, નામસંકીર્તનાત્મક કૃતિઓ, કથાત્મક અને પ્રસંગ વર્ણનાત્મક કૃતિઓ તથા તેમણે ખેડેલા કેટલાક મધ્યકાલીન સ્વ- સ્વરૂપો - મહિના, તિથિ, વાર, કક્કો - જેવાનો

તમને પરિચય થયો હશે.

ગરબીઓના પરિચયથી તમે એક પુરુષ ભક્ત કવિના હૃદયની ઋજુતાની ઓળખ થઈ હશે. ભક્તિમાં પ્રેમભાવ કેટલો મહત્ત્વનો છે તે તમે નોંધ્યુ હશે. આ પ્રેમભાવની તીવ્રતા કવિને તે ભક્ત કે પ્રણયી ? એવા વિવાદ સુધી પહોંચાડે છે તે તમે નોંધ્યું હશે અને વિવાદનું સમાધાન પણ મેળવ્યું હશે.

## 3.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**બ્રહ્મસંબંધ** - બ્રહ્મની સાથે સંબંધ
**પરિચર્યા** - સેવા, ચાકરી
**રંગીલો** - આનંદી, મોજી, રસિયો
**પ્રગલ્ભ** - પ્રૌઢ, ગંભીર
**આરત** - આતુર, પીડિત
**ઉન્મેષ** - સ્ફુરણ
**બહુશ્રુત** - વિદ્વાન
**સંકીર્તન** - સ્તુતિ
**વિપ્રલંભ** - વિરહ, વિયોગ
**અંતસ્તાપ** - મનમાં થતી બળતરા
**કૂટ** - અઘરું

## 3.7 'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો-જવાબો

### 'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો

(1) દયારામનો સમય જણાવો.
(2) દયારામના જીવન વિશે માહિતી આપો.
(3) દયારામના જીવનમાં બનેલા વિવાદ વિશે જણાવો.
(4) દયારામની દીર્ઘ કૃતિઓનાં નામ આપો અને 'રસિકવલ્લભ' વિશે નોંધ લખો.
(5) કવિની બોધાત્મક અને નામસંકીર્તનાત્મક કૃતિઓ જણાવો.
(6) કડવાબદ્ધ આખ્યાન કૃતિઓ અને કથનાત્મક કૃતિઓનાં નામ નોંધો.
(7) દયારામની મુદ્રિત કૃતિઓનાં ૨૦ નામ આપો.
(8) દયારામે પ્રયોજેલાં મધ્યકાલીન કાવ્યરૂપો વિશે નોંધ કરો.
(9) કવિની ગરબીઓ વિશે નોંધ લખો.
(10) દયારામની ગદ્યરચનાઓનાં નામ લખો.
(11) દયારામે અન્ય ભાષામાં કૃતિઓ કરી છે ? નામ નોંધો.
(12) કવિની પ્રકીર્ણ રચનાઓ જણાવો.

### 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

(1) 3 . 3
(2) 3 . 3, 2 - 3
(3) 3 . 3 . 3
(4) 3 . 4 . 1
(5) 3 . 4 . 2, 3
(6) 3 . 4 . 4, 5
(7) 3 . 3, 3 . 4
(8) 3 . 4 . 8
(9) 3 . 4 . 9
(10) 3 . 4 . 11
(11) 3 . 4 . 12
(12) 3 . 4 . 13

# એકમ 4 અન્ય પદસાહિત્ય પરિચય

**રૂપરેખા**


4.0 ઉદ્દેશો

4.1 પ્રસ્તાવના

4.2 પૂર્વભૂમિકા

4.3 વિવિધ પદકારો અને તેમની કવિતા

- 4.3.1 કૃષ્ણારામ (મહારાજ)
- 4.3.2 રણછોડજી દીવાન
- 4.3.3 નરભેરામ
- 4.3.4 રેવાશંકર
- 4.3.5 હરદાસ
- 4.3.6 મનોહર સ્વામી / સચ્ચિદાનંદ
- 4.3.7 ગિરધર
- 4.3.8 રાજે

4.4 સારાંશ

4.5 ચાવીરૂપ શબ્દો

4.6 'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો-જવાબો


## 4.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગનો ચોથો એકમ છે. આ એકમના અભ્યાસ દ્વારા -

- દયારામની સાથે જેમનો ઉલ્લેખ કરવો પડે તેવા અન્ય પદકવિઓનો પરિચય મેળવશો.
- આ પદકવિઓનો સમય અને તેમની રચનાઓનાં નામ તમને જાણવા મળશે.

## 4.1 પ્રસ્તાવના

એકમ - 3માં દયારામની પદ-ગરબીઓ અને તેમની અન્ય મહત્ત્વની રચનાઓનો અભ્યાસ તમે કર્યો. તમે નોંધ્યું હશે કે દયારામ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પદ-ગરબી કવિતા રચનાર શ્રેષ્ઠ કવિ છે. તેમની પૂર્વે અને સમાંતર થયેલા ક્રમશઃ સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ કબીરપંથી લોકસંતો અને સ્ત્રી કવિઓએ પદ સ્વરૂપને સતત વહેતું અને તાજું રાખ્યું છે. દરેક કવિનો વિષય, એમની અભિવ્યક્તિની તરાહ વગેરે અલગ અલગ છે પરંતુ સૌ નોંધપાત્ર રહ્યા છે.

## 4.2 પૂર્વભૂમિકા

પદ રચનાર દરેક સર્જકો પહેલાં ભક્તો છે ને પછી કવિઓ છે. ઈશ્વરસ્મરણ-ભક્તિ તેમના કેન્દ્રમાં છે. સંસાર તેમને અસાર-મિથ્યા લાગ્યો છે. આ દરેક ભક્ત કવિઓનો ભગવાન જુદો છે કોઈને - મીરાં જેવાને કૃષ્ણ છે, કોઈ બ્રહ્માનંદ સ્વામીને સહજાનંદ છે, કોઈ અખાને કૈવલ્ય બ્રહ્મ છે - પરંતુ મઝાની અને આનંદ આપનારી વાત તો એ છે કે સર્વનું ગંતવ્યસ્થાન એક જ છે. અને તે ઈશ્વર-પરમતત્ત્વને પ્રાપ્ત કરવું છે ને મિથ્યા સંસારમાંથી મુક્તિ મેળવવી છે.

દયારામ પછી અને તેમની સાથે - સમકાલીન - સાથે વિવિધ કવિઓ - ગિરધર, રત્નો, રાજે, મનોહરસ્વામી કૃષ્ણારામ, રણછોડજી દીવાન - વગેરેએ પદકવિતા ક્ષેત્રે કેટલુંક મહત્ત્વનું પદાર્પણ કર્યું છે.

## 4.3 વિવિધ પદકારો અને તેમની કવિતા

### 4.3.1 કૃષ્ણારામ (મહારાજ)

આ કવિનો જન્મ ઈ.૧૭૬૮માં થયો હતો અને અવસાન ઈ.૧૮૪૦ ં.૧૮૯૬ ભાદરવા સુદ ૬

ને દિવસે થયું હતું. 'કાવ્યસંચય' નામે મુદ્રિત મળતા કવિના સંગ્રહમાં ગરબા, ગઝલ, કવિત્ત, લાવણી, અભંગ, વગેરે વિવિધ રચનાબંધો તથા આખ્યાન, કક્કા, તિથિ, સલોકા, આરતી, થાળ વગેરે અનેક કાવ્યપ્રકારો જોવા મળે છે. આ ઉપરાંત 'રુક્મિણી સ્વયંવર આખ્યાન', 'રામાયણનો સાર' સલોકા વગેરે કૃતિઓ પણ મળે છે.

### 4.3.2 રણછોડજી દીવાન

કવિનો જન્મ ઈ.૨૦-૧૦-૧૭૬૮/સં.૧૮૨૪ આસો સુદ ૧૦ ના રોજ થયો હતો અને મૃત્યુ ઈ.સ.૧૮૪૧/સં.૧૮૯૭ મહા-ફાગણ વદ ૬ના દિવસે થયું હતું. કવિએ ગરબાની રચના કરી છે. તેમની પાસેથી 'ચંડીપાઠ', 'શિવગીતા' અને 'રામાયણના રામાવળા' જેવી ગુજરાતી પદ્યરચનાઓ પણ મળે છે.

### 4.3.3 નરભેરામ

કવિનો સમય : ઈ.સ.ની ૧૮મી સદી ઉત્તરાર્ધ અને અવસાન ૧૮૫૨માં થયું હતું. હસતા કવિ તરીકે ઓળખાવાયેલા આ કવિનું સર્જન મુખ્યત્વે પદોમાં થયું છે. ૫ પદની 'કૃષ્ણચરિત્ર-બાળલીલા' કવિની આકર્ષક પદમાળા છે. સત્યભામા નારદને કૃષ્ણ વેચે છે એ રમૂજી પ્રસંગને આલેખતી ૭ પદની કૃષ્ણવિનોદ (મુ.), ૧૪ પદની 'નાગદમણ' (મુ.), ૩૦ પદની રાતમાળા (મુ.), ૧૮ પદની 'વામનાખ્યાન' (મુ.), ૫, પદની સત્યભામાનું રૂસણું, ૧૪ પદની અંબરીષનાં પદો વગેરેમાં નીતિ અને ભક્તિનો બોધ થયો છે. 'બોડાણાચરિત્ર' (મુ.) 'બોડાણાની મૂછનાં પદ' (મુ.), એ સિવાય મુદ્રિત મળતાં બીજાં અનેક પ્રકીર્ણ પદોની રચના કવિએ કરી છે તેમાં કવિની ઉત્કટ રણછોડભક્તિની પ્રતીતિ થાય છે.

### 4.3.4 રેવાશંકર

કવિનો સમય ૧૮મી સદી ઉત્તરાર્ધ - ઈ.સ.ની ૧૯મી સદી પૂર્વાર્ધ છે. કવિ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ છે. કવિની 'કૃષ્ણલીલા', 'શ્રીકૃષ્ણજન્મચરિત્ર', 'ડાકોરલીલા', 'રાસલીલા', 'રણછોડનું કાવ્ય' આ બધી કૃતિઓ મુદ્રિત મળે છે. ઉપરાંત કવિનાં કેટલાંક પ્રકીર્ણ પદો પણ મળે છે.

### 4.3.5 હરિદાસ

કવિનો સમય ૧૮મી સદી ઉત્તરાર્ધ - ઈ.સ.ની ૧૯મી સદી પૂર્વાર્ધ છે. ધોળ, ગરબી, તિથિ, મહિના, ચાબખા વગેરે પ્રકારના કવિનાં ૫૦ જેટલાં પદો મુદ્રિત મળે છે. આ ઉપરાંત ૧૩ કડવાંને ૨૩૫ કડીની 'શિવવિવાહ' (ર.ઈ.૧૮૧૫), વિવિધ રાગનિર્દેશવાળું ૮૧ કડીનું 'દ્રોપદી ચીરહરણ આખ્યાન' મુદ્રિત મળે છે. કવિનાં પદોનો મુખ્ય વિષય જ્ઞાન, વૈરાગ્ય અને માતાની ભક્તિ રહ્યો છે. કેટલાંક પદો હિન્દી અને પંજાબીમાં પણ મળે છે.

### 4.3.6 મનોહર સ્વામી / સચ્ચિદાનંદ

કવિનો જન્મ ઈ.૧૭૮૮માં અને અવસાન ઈ.૧૮૪૫/સં.૧૯૦૧, વૈશાખ સુદ ૧૪ના રોજ થયું હતું. કવિએ કેટલીક આખ્યાન કૃતિઓની રચના કરી છે.ઉપરાંત તેમનાં ૨૨૫ જેટલાં ગુજરાતી અને હિંદી પદો મુદ્રિત મળે છે. એમાં અખા જેવી પ્રહારક વાણી છે. કવિએ મૂર્તિપૂજા, કર્મકાંડ, તપ-તીર્થ વગેરે સાધનો દ્વારા થતી લૌકિક ભક્તિ પર ચાબખા [illegible] જ્ઞાનોપદેશ અને વૈરાગ્યબોધની જીકર કરી છે.

### 4.3.7 ગિરધર

કવિનો જન્મ ઈ.૧૭૮૭માં અને અવસાન ઈ.૧૮૫૨/સં.૧૯૦૯ ભાદરવા વદ ૨ ના રોજ થયું. કવિની રામાયણ કૃતિ મહત્ત્વની છે.ગુજરાતી પ્રજામાં તેનો અસાધારણ પ્રચાર થયો છે. આ ઉપરાંત ૯૫૦૦ કડીની 'કૃષ્ણચરિત્ર', ૧૮૪૫ કડીની 'રાજસૂયયજ્ઞ', ૮૪૫ કડીની 'પ્રહલાદ આખ્યાન', ૨૬ નામક ૨૬ કડવાં અને ૩૭૦ કડીની 'તુલસીવિવાહ' મુદ્રિત જેવી આખ્યાન કૃતિઓ મળે છે. તેમ જ ગરબી, ધોળ વગેરે નામોથી ઓળખાવાયેલાં પ્રેમલક્ષણા ભક્તિનાં તથા ઉપદેશાત્મક પદોને કુંડળિયા, ઝૂલણા, સવૈયા જેવી પ્રકીર્ણ પ્રકારની રચનાઓ પણ મળે છે.

પદો તેમ જ પ્રકીર્ણ રચનાઓનો મોટો ભાગ હિંદીમાં છે. એમાં વસંતનાં, હિંડોળાનાં, હોળીનાં, રામજન્મસમયનાં એમ વિવિધ પદો મળે છે.

### 4.3.8 રાજે

કવિનો સમય ૧૮મી સદી પૂર્વાર્ધ છે. કવિ દયારામના નજીકના પુરોગામી છે. તેમની પાસેથી પ્રેમલક્ષણાભક્તિ અને જ્ઞાનબોધની મધુર તથા પ્રાસાદિક કવિતા મળે છે. કૃષ્ણના ગોકુળ જીવનના પ્રસંગો લઈને કવિએ 'રાસપંચાધ્યાયી / કૃષ્ણનો રાસ', 'ગોકુળલીલા', 'બારમાસ' વગેરે રચનાઓ આપી છે. આ કૃતિઓ મુદ્રિત મળે છે.

કવિની ખરી કવિત્વશક્તિ તેમનાં પદોમાં પ્રગટ થાય છે. ૧૫૦ જેટલાં તેમનાં મુદ્રિત પદો મળે છે. આ પદો વિવિધ રાગ–ઢાળોમાં રચાયેલાં છે. પદોની રચનારીતિનું વૈવિધ્ય, ભાષાનું માધુર્ય, કલ્પનાની ચમત્કૃતિ અને ભાવની આર્દ્રતાથી કવિને સારા પદકવિઓમાં સ્થાન મળ્યું છે.

આ સિવાય અન્ય નાના કવિઓએ પણ કેટલીક કૃતિઓ આપી છે.

## 4.4 સારાંશ

આ એકમના અભ્યાસ દ્વારા તમે દયારામ પછીની પદસાહિત્યની પરંપરાના પરિચયમાં આવ્યા હશો. પદસાહિત્યમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં દયારામ ટોચ પર છે પણ તેમના પછી પણ નાના નાના દીપકો આ સ્વરૂપમાં પ્રગટતા રહ્યા છે. અને પરંપરાને તાજી રાખતા રહ્યા છે એ તમે જોયું હશે.

દયારામ પછી અને તેમની સાથેના કવિઓની કૃતિઓનાં નામો અને તે મુદ્રિત છે કે નહીં એ વિશે તમને માહિતી મળી હશે. આ કવિઓમાં ગિરધર અને રાજેને તો આજે પણ પ્રજા જાણે છે એ તમને અનુભવાયું હશે. ગિરધરનું રામાયણ ઘણું લોકપ્રિય છે એ તમે જાણો છો.

ટૂંકમાં, આ એકમના અભ્યાસથી તમને દયારામ આસપાસના સઘળા પદકવિતા સાહિત્યના ઈતિહાસની જાણકારી ઉપલબ્ધ થઈ છે.

## 4.5 ચાવીરૂપ શબ્દો (Key Words)

**તરાહ** - રીત

**પ્રાસાદિક** - પ્રસાદગુણવાળું

## 4.6 'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો-જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'ના સવાલો**

(1) દયારામ પછીના પદ સાહિત્યકારોનાં નામ જણાવો.

(2) દયારામ પછીના પદસાહિત્યકારોના જન્મ-અવસાનના સમય નોંધો.

(3) ગિરધર અને રાજેનો પરિચય આપો.

(4) નરભેરામની કૃતિઓનાં નામ જણાવો.

(5) હરદાસ અને રેવાશંકરની કૃતિઓનાં નામ આપો.

(6) કૃષ્ણરામ અને રણછોડજી દીવાનની સાહિત્યસેવા જણાવો.

**'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો**

(1) 4 . 3

(2) 4 . 3

(3) 4 . 3 . 6, 7

(4) 4 . 3 . 3

(5) 4 . 3 . 4, 5

(6) 4 . 3 . 1, 2

# એકમ 5 મધ્યકાળનું ગદ્યસાહિત્ય અને લોકસાહિત્ય

**રૂપરેખા**

5.0 ઉદ્દેશો
5.1 પ્રસ્તાવના
5.2 પૂર્વભૂમિકા
5.3 મધ્યકાળના ગદ્યસાહિત્યની પરંપરાનો પરિચય
5.3.1
5.3.2
5.3.3
5.4 મધ્યકાળની કેટલીક ગદ્યકૃતિઓનો પરિચય
5.4.1 'પૃથ્વીચંદ્રચરિત'
5.4.2 'ષડાવશ્યક બાલાવબોધ'
5.4.3 બાલશિક્ષા
5.4.4 'મુગ્ધાવબોધ-ઔક્તિક'
5.5 લોકસાહિત્યનો પરિચય અને સાહિત્યપ્રકારો
5.5.1
5.5.2 લોકગીત
5.5.3 લોકકથા
5.5.4 લોકનાટ્ય-ભવાઈ
5.5.5 કહેવતો, ઉખાણાં અને સમસ્યા
5.6 સારાંશ
5.7 ચાવીરૂપ શબ્દો
5.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 5.0 ઉદ્દેશો

આ એકમ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ત્રીજા વિભાગનો પાંચમો એકમ છે. આ એકમના અભ્યાસ દ્વારા તમે -

- મધ્યકાળમાં રચાયેલા ગદ્યસાહિત્યની પરંપરાથી પરિચિત થશો.
- મધ્યકાળમાં રચાયેલા ગદ્યસાહિત્યની મહત્ત્વની કૃતિઓથી પરિચિત થશો.
- લોકસાહિત્યનાં સૈદ્ધાંતિક પાસાંઓથી અને લોકસાહિત્યના ભિન્ન સાહિત્ય પ્રકારોથી પરિચિત થશો.

## 5.1 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની રૂપરેખામાં મધ્યકાલીન ગદ્યસાહિત્ય અને લોકસાહિત્ય મહત્ત્વનાં અંગો-ઘટકો છે. મધ્યકાલીન સાહિત્ય પદ્યમાં જ રચાયું છે એવું નથી. એ સમયે ગદ્યમાં પણ સાહિત્યકૃતિઓ રચાઈ હતી. આ ગદ્યસાહિત્યમાંની વિષયસામગ્રી પણ મહત્ત્વની છે. એમાં કથા છે અને સમીક્ષા પણ છે. વ્યાકરણ પણ છે, બોધ-ઉપદેશ પણ છે. પ્રશ્નો અને ઉત્તરોરૂપે સંવાદાત્મક અભિવ્યક્તિમાં ગદ્ય દૃષ્ટિગોચર થાય છે.

જેના રચયિતાનાઓના નિર્દેશો નથી અને કંઠસ્થ પરંપરામાં પ્રચલિત છે એવું લોકસાહિત્ય પણ મહત્ત્વનું અંગ છે. એના ભિન્ન ભિન્ન પ્રકારો પણ અસ્તિત્વ ધરાવે છે.પરંપરિત રૂપનું આ લોકસાહિત્ય પણ મધ્યકાલીન સાહિત્યની પરંપરા સાથે જ અવલોકવું જોઈએ. આ બંને ધારાથી પરિચિત થયા હોઈએ તો મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રજ્ઞ પરંપરાથી અનભિજ્ઞ રહ્યા કહેવાઈએ. એ રીતે અને એ કારણે પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંના ગદ્યસાહિત્યથી અને પરંપરિત લોક સાહિત્યથી પરિચિત થવું આવશ્યક અને અનિવાર્ય છે.

## 5.2 પૂર્વભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પદ સાહિત્યથી અને કથામૂલક સાહિત્યથી પરિચિત થયા છો. આ પદ સાહિત્ય અને કથામૂલક સાહિત્યના વિવિધ પ્રકારો જેવા કે આખ્યાન, રાસ, પદ્યવાર્તાથી પણ અભિજ્ઞિત થયા છો. પદ કવિતાથી પણ પરિચિત થયા છો અને આ સાહિત્યના જુદા જુદા કર્તાઓથી પણ પરિચિત થયા છો. હવે અહીંથી તમે મધ્યકાલીન ગદ્યસાહિત્ય થી પરિચિત થશો. આ ગદ્યસાહિત્ય કૃતિઓમાંની ભિન્ન-ભિન્ન પ્રકારની વિષય સામગ્રીથી પરિચિત થશો અને આ કૃતિઓની સમગ્ર પરંપરામાં આગવી મુદ્રાનો પરિચય પ્રાપ્ત થશે.

મધ્યકાળ દરમ્યાન પરંપરિત રૂપના લોકસાહિત્યનો પણ પ્રવાહ ગતિમાં હતો. આ લોકસાહિત્ય પણ અનેક પ્રકારોમાં રચાયેલું દષ્ટિગોચર થાય છે. એમાં કર્તાઓનું નામ નથી હોતું એટલે એ અજ્ઞાત કવિની કૃતિઓ તરીકે ન ઓળખાવાને બદલે એ કંઠસ્થ પરંપરામાં જીવતં રહેલું હોવાને કારણે મધ્યકાલીન અજ્ઞાત કૃતિને બદલે લોકસાહિત્ય પરંપરાની કૃતિ તરીકેના નામને/ઓળખને પ્રાપ્ત કરે છે. આ લોકસાહિત્યનો અને એના ભિન્ન ભિન્ન પ્રકારોનો પરિચય મેળવવો પણ જરૂરી છે. એ જ રીતે મધ્યકાલીન સાહિત્યથી અલગ તરી આવે છે અને એના કેટલા પ્રકારો છે ? એનો ટૂંકો પરિચય મેળવવાથી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની રૂપરેખામાં ભળેલા એક પ્રવાહથી પરિચિત થવાનું બનશે અને એ રીતે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પૂર્ણ રૂપની છબિનું દર્શન થશે.

## 5.3 મધ્યકાળના ગદ્યસાહિત્યની પરંપરાનો પરિચય

### 5.3.1

આપણે અગાઉ જોઈ ગયા કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય લગભગ પદ્યમાં જ લખાયું છે. ગદ્યનો હજુ પૂરો વિકાસ થયો ન હતો. જે કાંઈ ગદ્ય લખાતું એ પણ પદ્યના **પાશવાળું** જ રહેતું. આમ છતાં પદ્યના વિપુલ પ્રવાહની સાથે ગદ્યનું ખેડાણ પણ થયેલું જોવા મળે છે, જે બહુધા જૈન કવિઓને હાથે થયું છે. અને એમાં વિષયસામગ્રીનું વૈવિધ્ય પણ સારા એવા પ્રમાણમાં જોવા મળે છે.

### 5.3.2

ઈ. સ.ની તેરમી શતાબ્દીમાં 'આરાધના' અને 'બાલશિક્ષા' ચૌદમી શતાબ્દીમાં તરુણપ્રભસૂરિનું 'ષડાવશ્યક બાલાવબોધ' અને 'કુલમંડનગણિ'કૃત 'મુગ્ધાવ બાલાવબોધ ઔક્તિક' ગદ્યગ્રંથો મુખ્ય છે. પંદરમી શતાબ્દીમાં સોમસુંદરસૂરિના 'ઉપદેશમાલા', 'યોગશાસ્ત્ર', 'ષડાવશ્યક' આદિ બાલાવબોધો અને માણિક્યસુંદરસૂરિનું 'પૃથ્વીચન્દ્રચરિત્ર' ખાસ ઉલ્લેખનીય કહી શકાય એવી ગદ્યકૃતિઓ છે. સોળમી શતાબ્દીમાં રચાયેલી 'પાંડવગીતા', 'વિષ્ણુસહસ્રનામ', 'વેતાળપચીસી' તથા 'સિંહાસનબત્રીશી' ઉલ્લેખનીય ગદ્યકૃતિઓ છે. આ બધી ગદ્યકૃતિઓમાં પરંપરાનું અનુસંધાન છે અને કેટલીક કૃતિઓ નવી પરંપરા પણ રચે છે. સત્તરમી શતાબ્દીમાં રચાયેલા ભાગવત્ અને યોગવશિષ્ટનાસાર તથા ચાણક્યનીતિના સારાનુવાદ ખાસ ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત પંચદંડ, શુકબહોંતેરી અને વેતાળપચીસી પણ ધ્યાનાર્હ ગદ્યગ્રંથો છે. આ ગાળા દરમ્યાન રચાયેલું સહજાનંદ સ્વામીકૃત 'વચનામૃત' ગદ્યસાહિત્યનો સુંદર નમૂનો છે. એમાં ધાર્મિક, સામાજિક, નૈતિક વિગતોને સંવાદાત્મક અભિવ્યક્તિમાં વણી લેવામાં આવી છે. એ રીતે 'વચનામૃત' ગદ્યસાહિત્યનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. એમાંની બોલચાલની છટા, સરળ બોધાત્મક પદાવલીનું મહત્ત્વ ઘણું છે.

### 5.3.3

'આરાધના'ની ભાષા સંસ્કૃતપ્રચુર છે. એની પ્રાસાનુપ્રાસવાળી શૈલી પાછળથી 'પૃથ્વીચંદ્રચરિત્ર' માં પણ જળવાયેલી છે. સંગ્રામસિંહની 'બાલશિક્ષા' અને કુલમંડન ગણિકૃત 'મુગ્ધાવબોધ'. ઔક્તિકનું ગદ્ય એના રચનાકાળ વખતે પ્રચલિત બન્યું હતું. ગુજરાતીમાં સંસ્કૃત વ્યાકરણ શીખવતી આ બે ગદ્યકૃતિઓ ગુજરાતી ભાષાના વિકાસની દષ્ટિએ પણ મહત્ત્વની બની રહે છે. તરુણપ્રભ અને સોમસુંદર મુખ્યત્વે બાલાવબોધના લેખકો છે, અને કુલમૂંડનગણિ ઔક્તિક' ના રચયિતાઓ છે. સોમસુંદરનું ગદ્ય સરળ અને પ્રવાહી છે. એમાં દષ્ટાંતો, ઉદાહરણો, અલંકારો પણ આસ્વાદ

અને અભ્યાસનો વિષય બની શકે એ કક્ષાના છે. વિષયને વર્ણવવાની રીતિ પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પરંપરામાં મહત્ત્વનું ઉદાહરણ છે.

## 5.4 મધ્યકાળની કેટલીક ગદ્યકૃતિઓનો પરિચય

### 5.4.1 'પૃથ્વીચંદ્રચરિત'

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગદ્યમાં મળી આવતી કૃતિઓમાં માણિક્યસુંદરસૂરિકૃત 'પૃથ્વીચંદ્રચરિત્ર' અત્યંત મહત્ત્વની કૃતિ છે. ઈ.સ.૧૪૨૨માં લખાયેલી આ કૃતિ પાંચ ઉલ્લાસમાં વિભક્ત છે. અનેક ચમત્કારોથી ભરેલું અને પૂર્વભવને આ ભવ સાથે જોડતું એનું જિજ્ઞાસાંપૂર્ણ અને રસપ્રદ કથાવસ્તુ, પ્રાસયુકત અને લયબદ્ધ ગદ્ય, તત્સમ શબ્દોના બનેલા દીર્ઘ સમાસની બાહુલતા વગેરેને કારણે આ કૃતિ રમણીય બની છે. સમકાલીન સમાજની માહિતીઓનું વિગતે નિરૂપણ પણ અત્રે છે, ઉપરાંત એનાં વર્ણનો પણ અહીં આપ્યાં છે.

બાણભટ્ટની 'કાદંબરી' બનવા મથતી આ કૃતિને તેના જૈન કર્તાના ધર્માભિનિવેશે પુણ્યનો પ્રભાવ દાખવતી એક ધર્મકથાના ઘેરા રંગથી રંગી દીધી હોવા છતાં રસપ્રદ કથાનકને કારણે એની મહત્તા વિશેષે છે.

### 5.4.2 'ષડાવશ્યક બાલાવબોધ'

તરુણપ્રભસૂરિની ૭૦૦૦ ગ્રંથાગ્રની ગદ્યકૃતિ 'ષડાવશ્યક બાલાવબોધ' અન્ય શાસ્ત્રાધારોને ગાથા-શ્લોકોને સમાવીને એના અંગે અપાયેલી વિસ્તૃત સમજૂતી, દૃષ્ટાંતરૂપે અનેક કથાઓ, શિષ્ટ, પ્રૌઢ, સંસ્કૃતાઢ્ય ભાષા તથા પ્રવાહિતા-પ્રાસાદિકતાભરી સાહિત્યિક ગદ્યછટાંને કારણે ઘણી નોંધપાત્ર બને છે. કવિએ કેટલાંક સ્તોત્ર સ્તવનો સંસ્કૃતમાં પણ રચ્યાં છે. એમાંનાં પ્રસંગોચિત રીતે બે સ્તવનો 'ષડાવશ્યક બાલાવબોધ' વૃત્તિ માં પણ ગૂંથાયાં છે. આમ વિવિધ પ્રકારની માહિતીને અનુષંગે, કથાઓને આધારે, દૃષ્ટાંતોથી વિષયને સરળ રીતે સમજાવતી આ કૃતિ સમગ્ર પરંપરામાં અને બાલાવબોધ સાહિત્યપ્રકારમાં મહત્ત્વની છે.

### 5.4.3 બાલશિક્ષા

સંગ્રામસિંહની ગદ્યકૃતિ બાલશિક્ષાને ગુજરાતીના હાલના ઉપલબ્ધ ઔક્તિકોમાં સૌથી પ્રાચીન ગણવામાં આવે છે. પરંતુ વસ્તુતઃ તે સંસ્કૃત ભાષા દ્વારા ને ગુજરાતી દૃષ્ટાંતોની મદદથી વ્યાકરણની સમજૂતી આપતી કૃતિ છે. એના કર્તાનો આશય ભાષા શિક્ષણનો છે. ભાષાને શીખવવાની એક આગવી પદ્ધતિના પણ આ ગ્રંથમાં દર્શન થાય છે. અનેક ઉદાહરણરૂપ પંક્તિઓ અને દૃષ્ટાંતોથી ગ્રંથ રસપ્રદ બન્યો છે.

### 5.4.4 'મુગ્ધાવબોધ-ઔક્તિક'

કુલમંડનગણિનું 'મુગ્ધાવબોધ-ઔક્તિક' ગુજરાતી ભાષાના માધ્યમ દ્વારા સંસ્કૃત વ્યાકરણને રજૂ કરતી ગદ્યકૃતિ છે. છતાં પણ અહીં ગુજરાતી ભાષાપ્રયોગોની પણ નોંધ આપવામાં આવી છે. આથી એ સમયના ગુજરાતી વ્યાકરણથી પણ આપણે પરિચિત થ... ...પ.૧૪મી સદીના ગુજરાતી ભાષાના અભ્યાસ માટે આ કૃતિ મહત્ત્વની બને છે. ઔક્તિક એટલે ઉક્તિ વિશેની રચના એટલે કે ભાષા વિશેની રચના હકીકતે વ્યાકરણ વિષયક ગદ્યગ્રંથો માટે રૂઢ થયેલ સંજ્ઞા તે ઔક્તિક છે.

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

(1) નીચેના કર્તાઓ સાથે સામે દર્શાવેલી ઉચિત કૃતિ જોડો :

| | |
|---|---|
| ૧. તરુણપ્રભસૂરિ | ૧. 'પૃથ્વીચંદ્રચરિત્ર' |
| ૨. માણિક્યસુંદરસૂરિ | ૨. 'મુગ્ધાવબોધ ઔક્તિક' |
| ૩. સોમસુંદરસૂરિ | ૩. 'બાલશિક્ષા' |

| | |
|---|---|
| ૪. કુલમંડનગણિ | ૪. 'ષડાવશ્યક બાલાવબોધ' |
| ૫. સંગ્રામસિંહ | ૫. 'ઉપદેશમાલા' |

(2) મધ્યકાલીન ગદ્યપરંપરાનો પરિચય કરાવો.

(3) 'પૃથ્વીચંદ્રચરિત્ર'નો પરિચય કરાવો.

(4) 'ષડાવશ્યક બાલાવબોધ' નો પરિચય કરાવો.

(5) મહત્ત્વની મધ્યકાલીન ગદ્યકૃતિઓનો પરિચય કરાવો.

## 5.5 લોકસાહિત્યનો પરિચય અને સાહિત્યપ્રકારો

### 5.5.1

મધ્યકાળનાં વિવિધ સાહિત્યસ્વરૂપો અને વિવિધ સર્જકોની સાહિત્યરચનાઓની સમાંતરે જ લોકસમસ્તની મૂડી જેવું તળપદું સાહિત્ય વિકસ્યું ને કંઠોપકંઠ વિચર્યું તેની નોંધ પણ લેવી જ રહી. આ સાહિત્ય તે લોકસાહિત્ય.

લોકસાહિત્ય એટલે લોકોનું, લોકો માટેનું અને લોકો મારફતે રચાયેલું સાહિત્ય. પ્રજાજીવનની ઊર્મિઓને એની આદિમ ભાવનાઓને વાચા આપતું આ સાહિત્ય કોઈ એક વ્યક્તિનું નહીં પણ જનસમસ્તનું છે. એનું કર્તૃત્વ એક નહીં પણ અનેક ઊર્મિસભર હૈયાં દ્વારા સમૂહગત રીતે થયું હોય છે એ સંઘોર્મિનું ગાન છે. લોકસાહિત્યે માનવહૃદયના અનેક ભાવોને વાચા આપી છે. લોકસાહિત્ય એ તત્કાલીન સમાજજીવનને સમજવાની ચાવી છે. લોકસાહિત્યમાં જનસમુદાયના વિવિધ ભાવો કોઈ પણ આવરણ વિના એમાં અભિવ્યક્ત થયેલા હોય છે.

લોકસાહિત્યનું સંશોધન-સંપાદન થવા લાગ્યું એ પછી લોકગીતો, ગીતકથાઓ, લોકકથાઓ, લોકનાટ્ય, લોકસુભાષિતો, કહેવતો વગેરે ભિન્ન ભિન્ન સ્વરૂપોનું વર્ગીકરણ પણ કરવામાં આવ્યું છે. જેમાં, લોકગીતોના અનેક પ્રકારો છે : લગ્નગીતો, જનોઈગીત, પુત્રજન્મનાં ગીતો, ઋતુગીતો, રાંદલનાં ગીતો, શ્રમનાં ગીતો, હાલરડાં વગેરે. લોકસાહિત્યના વિકાસ અને સંવર્ધનમાં ગુજરાતના નારી સમાજનો મુખ્ય હિસ્સો છે. એમના બહુમૂલ્ય એવા યોગદાનથી જ લોકસાહિત્ય જીવંત પરંપરામાં ટકી રહ્યું એમ કહી શકાય. ગીતોમાં કોઈ કથા ગૂંથીને કહેવાઈ હોય એને ગીતકથા કહેવામાં આવે છે. આવી ગીતકથાઓ ઐતિહાસિક, કૌટુંબિક અને ઇતિહાસયુગ પૂર્વેની પણ હોય છે. લોકકથાઓનું પગેરું છેક વૈદિક કાળ સુધી પહોંચી જાય છે. ઉર્વશી - પુરુરવા, અગત્સ્ય, લોપામુદ્રા, ચ્યવન, ભાર્ગવ વગેરેની અનેક લોકકથાઓ આપણા પ્રાચીન ગ્રંથોમાં મળે છે. પંચતંત્ર અને હિતોપદેશ જેવા કથાઉપદેશના ગ્રંથોમાં નીતિકથાઓ છે. જયારે 'બૃહત્કથા', 'વેતાળપંચવિંશતિકા', શુકસપ્તતિ વગેરે જેવી કથાઓ મનોરંજનાત્મક છે.

વહેતા લોકજીવનમાંથી સાહજિક રીતે પ્રગટ થતું, જનસમાજના વેદના અને ઉલ્લાસને ગાતું લોકકંઠથી આપોઆપ સરી પડતું અને સચવાઈ રહેતું લોકસાહિત્ય લોકસંસ્કૃતિની સઘળી સોડમ ધરાવે છે. સ્વયંભૂ, નિર્વ્યાજ સ્વાભાવિક અને પ્રજાજીવનના સામૂહિક ભાવોની અભિવ્યક્તિ એ લોકસાહિત્યની વિશેષતા છે. લોકસાહિત્ય એ અતિ પ્રાચીન સ્રોત છે, સમય જતાં એમાં સ્વરૂપ - વિકાસ પણ સધાયો છે. હાલને તબક્કે લોકોક્તિ, લોકગીત, લોકકથા, લોકગાથા અને લોકનાટય જેવાં સ્વરૂપો મળે છે. આ સ્વરૂપો પણ ઉત્તરોત્તર વિદગ્ધ થઈ રહેલાં જણાય છે. આમ, ગુજરાતી ભાષાનું લોકસાહિત્ય એ આધુનિક સમયને મળેલો અમૂલ્ય વારસો છે.

લોકસાહિત્યના જે પ્રકારો વિદ્વાનોએ સ્વીકાર્યા છે તેમાં લોકગીત, લોકવાર્તા, લોકનાટ્ય, લોક-કહેવતો અને ઉખાણાં વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારોનો પરિચય મેળવીએ.

### 5.5.2 લોકગીત

લોકગીતના ઉદ્ભવની પ્રક્રિયા ખૂબ જ પ્રસિદ્ધ છે. તે માનવજાતની સાથે વિકાસ પામ્યું છે. લોકસાહિત્યનો મોટો ભાગ લોકગીત સ્વરૂપે સચવાયેલો છે. રોજબરોજના જીવનભાવો સહજતાથી લોકગીતોમાં ગૂંથાયા હોય છે. લોકગીતના જે કંઈ પ્રકારો છે તે લોકસાહિત્યના વિભાગમાં સમાવિષ્ટ

થાય છે. તેમાં, હાલરડાં, ગોરમાનાં ગીતો, લગ્નગીતો, રાંદલનાં ગીતો, તુલસી વિવાહનાં ગીતો, ઉત્સવમેળાનાં ગીતો, મરસિયાં કે છાજિયાં વગેરેને ગણાવી શકાય.

બાળહાલરડાંઓ આપણી લોકસંસ્કૃતિનું અંગ છે. તેમાં વાત્સલ્ય ધબકે છે. લગ્નજીવનનો મહિમા ગાતાં લગ્નગીતો ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલાં છે. ગોરમાનાં ગીતોમાં વ્રતોનો મહિમા છે. રાંદલનાં ગીતોમાં શ્રદ્ધા અને ભક્તિનો મહિમા છે, તેની પાછળ શુદ્ધ અને પવિત્ર ભાવના રહેલી છે. ઉત્સવમેળાનાં ગીતોમાં લોકજીવનના ઉલ્લાસને સ્થાન છે.સાથે સાથે મૃત્યુનો મહિમા પણ ઓછો નથી ગવાયો. ભક્તિ એ માનજીવનનો છેલ્લો તબક્કો ગણવામાં આવે છે. માટે ભજનો કે સંતવાણીનો સમાવેશ પણ લોકગીતના વિભાગમાં કરવામાં આવે છે.

વિદ્વાનોએ લોકગીતોનું વર્ગીકરણ પણ કર્યું. તેમાં અવસ્થા પ્રમાણેનાં લોકગીતોમાં શિશુ અવસ્થાનાં લોકગીતો, કુમાર અવસ્થાનાં લોકગીતો, યુવાવસ્થાનાં લોકગીતો તથા વૃદ્ધાવસ્થાનાં લોકગીતો, જ્ઞાતિ પ્રમાણેનાં લોકગીતોમાં અનેક નાનીમોટી જાતિઓ કે જ્ઞાતિઓમાં જાત-જાતનાં લોકગીતો ગવાતાં હોય છે. પુરુષવર્ગનાં લોકગીતો અને સ્ત્રીવર્ગનાં લોકગીતો પણ અલગ હોય છે. પ્રાસંગિક પ્રસંગ પ્રમાણે ગવાતાં લોકગીતો હોય છે. આ ઉપરાંત ઋતુ પ્રમાણે પણ જુદાં જુદાં લોકગીતો ગવાય છે. દરેક પ્રદેશને પોતાનાં વિશિષ્ટ લોકગીતો હોય છે. લોકગીતો રસ પ્રમાણે પણ ગવાતાં હોય છે. તેમાં લગ્નગીતોમાં શૃંગાર, મરસિયામાં કરુણ, ગરબા કે ગરબીમાં વીર, હાલરડાંમાં વાત્સલ્ય, ફટાણાંમાં બીભત્સ તથા હાસ્ય, ભજનો-કીર્તન, ધોળ વગેરેમાં શાંત રસ છે તો સરજૂ આરણ્યુંમાં ભયાનક રસ પણ જોવા મળે છે. લોકગીતમાં વિષયવૈવિધ્ય જોવા મળે છે. તેમાં ઉલ્લાસ છે તો વિષાદ પણ છે, ક્યાંક હળવો વિનોદ છે, તો ક્યાંક સૂક્ષ્મ વેદના પણ છે.

## 5.5.3 લોકકથા

ગુજરાતીમાં રુસ્તમ ખુરશેદ ઈરાનીએ ઈ.સ.૧૮૮૫માં લોકકથા શબ્દનો પ્રયોગ કર્યો હતો. લોકકથા આપણી માનવસંસ્કૃતિના વિકાસની સાથે વિકાસ પામી છે, લોકકથાનું સર્જન આદિકાળથી થતું આવ્યું છે. જયારે ચિત્ર કે લિપિનો જન્મ થયો ન હતો ત્યારે કંઠ દ્વારા, કુતૂહલ અને કૌતુકજનક વાતો કહેવાનું શરૂ થયું. આ સાથે લોકકથાનો જન્મ થયો. લોકકથાઓમાં કૌતુક રંગી વાતાવરણ હોય છે. પહાડ, વડલો, પવનપાવડી વગેરે ઊડી શકે છે. ઊડતા ઘોડાની પણ વાત આવે છે. જેમાં માનવની આદિમ વૃત્તિનાં દર્શન થાય છે. લોકકથામાં (MOTIF) કરામતનું તત્ત્વ જોવા મળે છે. આવી કરામતો દુનિયાની વાર્તાઓમાં પડેલી છે જેને ડૉ.સ્ટિથ થોમસને ઇન્ડેક્ષમાં વહેંચી નંબર આપ્યા છે.

લોકકથાના બે મોટા પ્રકારો છે : ૧. પુરાકલ્પનકથા (MYTH), ૨. લોકકથા (TALE). એ રીતે કાં તો ધર્મ ઇતિહાસને અનુલક્ષતી અથવા તો દંતકથા કે કાલ્પનિક કથાનકને અનુલક્ષતી કથાઓ મળે છે. લોકકથામાં વ્રતકથાઓ એક વિશિષ્ટ ભાતની કથાઓ છે. બાળલોકકથાઓ પણ એવો જ મહત્ત્વનો પ્રકાર છે. લોકકથા બારોટ, ચારણ એમ વિવિધ કથકો દ્વારા પ્રાપ્ત કૌશલ્યથી રજૂ થતી હોય છે. એ રીતે લોકકથા એ પ્રસ્તુતીકરણની કળા છે. એમાં વચ્ચે વચ્ચે દુહાઓ પણ પ્રયોજાયેલ હોય છે. એનું ગદ્ય પણ આસ્વાદ્ય હોય છે.

## 5.5.4 લોકનાટ્ય-ભવાઈ

લોકસાહિત્યના પ્રકારોમાં લોકનાટ્ય ભવાઈનો પણ સમાવેશ થાય છે. લોકનાટ્ય ભારતના દરેક પ્રાંતમાં જોવા મળે છે. દક્ષિણ ભારતમાં પક્ષગાન કે કથકલીનૃત્ય પણ આખરે તો આપણી નાટ્યકલાનું ગૌરવ છે. રાજસ્થાનમાં ખયાલ, ઉત્તર પ્રદેશમાં નવટંકી, બંગાળમાં જાત્રા, મહારાષ્ટ્રમાં તમાચા અને ગુજરાતમાં લોકનાટ્ય કે ભવાઈ તરીકે ઓળખાય છે.

ભવાઈ સાથે અસાઈત કવિનું નામ જોડાયેલું છે. અસાઈતના ત્રણ પુત્રોનાં ઘરવાળા ત્રણ ઘરવાળા-તરગાળા નામથી ઓળખાયા. અસાઈતે રોજનો એક વેશ લખીને ૩૬૦ દિવસના જુદા-જુદા વેશ લખ્યા છે. એવી પરંપરિત માન્યતા પ્રચલિત છે.

ભવાઈની રજૂઆત વેશ દ્વારા થાય છે. એમાં સંવાદ, નૃત્ય, અંગ કસરત,ક્યારેક હાથચાલાકી વગેરે અદ્‌ભુત આકર્ષણ જમાવે છે. ભૂંગળનું વાદ્ય ભવાઈનું એક વિશિષ્ટ વાદ્ય છે. જૂઠણનો વેશ,

કજોડાંનો વેશ, મિયાંબીબીનો વેશ વગેરે જાણીતા વેશ છે. એમાં પૂરતું સાહિત્યતત્ત્વ પડેલું છે. ભવાઈમાં સ્ત્રીપાત્રો પુરુષો ભજવે છે. ઉપર્યુક્ત ભવાઈના વેશે સામાજિક સુધારાનું કાર્ય પણ કરેલું છે.

વર્તમાન સમયમાં આ લોકપ્રિય કલાસ્વરૂપ પરત્વે લોકરુચિ ઘટી ગઈ છે. આજની કેટલીક ભજવણી અરુચિકર દ્વિઅર્થી ભાષાપ્રયોગને કારણે કક્ષાથી નીચી ઊતરી ગઈ જણાય છે. પરંતુ નાટ્યપ્રયોગોમાં ભવાઈનો સમુચિત વિનિયોગ થયો છે એથી નાટકના સ્વરૂપને તો લાભ જ થયો છે.

### 5.5.5 કહેવતો, ઉખાણાં અને સમસ્યા

લોકસાહિત્યમાં કહેવતો, ઉખાણાં કે સમસ્યાબાજીનું પણ મહત્ત્વ છે. કહેવતો જીવનનાં અનેક સત્યોને રજૂ કરે છે. આપણી મોટા ભાગની કહેવતોને કથાતત્ત્વ છે. દરેક કહેવત પાછળ કોઈકને કોઈ કથા રહેલી છે. દા.ત. 'શેઠની શિખામણ ઝાંપા સુધી', 'ચેતતો નર સદા સુખી', 'સંપ ત્યાં જંપ', 'કાગને બેસવું ને ડાળનું પડવું'... વગેરે . આ ઉપરાંત શિક્ષણને લગતી કહેવતો પણ જોવા મળે છે દા.ત. 'ઠોઠ નિશાળિયો ને વેતરણ ઝાઝાં', 'સીધી આંગળીએ ઘી ન નીકળે' વગેરે. સંસ્કારને લગતી કહેવતોમાં 'વડ એવા ટેટા ને બાપ એવા બેટા', મામદો હિંદુ ન થાય વગેરે. આ બધી કહેવતો લોકો જીવનવ્યવહારમાં વાપરે છે.

ઉખાણા અને સમસ્યાનો મહિમા પણ ઘણો છે, જે લગ્નપ્રસંગે કહેવામાં આવે છે. જાન જમતાં પહેલાં જાન બાંધવામાં આવતી. જયાં સુધી સમસ્યાનો ઉકેલ ન મળે ત્યાં સુધી જાન જમી શકે નહીં. આમ કહેવતો, ઉખાણાં અને સમસ્યાઓ વ્યાપક રીતે લોકસમુદાયમાં પ્રચલિત હોય છે. એની જાળવણી પણ લોકસમુદાય દ્વારા થઈ શકે એમાં આદાનપ્રદાન પણ થતું રહે છે.

**'તમારી પ્રગતિ ચકાસો' –2**

(1) લોકસાહિત્યનો પરિચય કરાવો અને વિવિધ પ્રકારોનાં નામો દર્શાવો.

(2) લોકસાહિત્યના વિવિધ પ્રકારોમાંથી લોકગીતનો સ્વરૂપલક્ષી પરિચય કરાવો.

(3) લોકકથાનો સ્વરૂપલક્ષી પરિચય કરાવો.

(4) લોકનાટ્ય-ભવાઈનો સ્વરૂપલક્ષી પરિચય કરાવો.

(5) કહેવતો, ઉખાણાં અને સમસ્યાઓનો પરિચય કરાવો.

## 5.6 સારાંશ

આ એકમમાં તમે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંના ગદ્યસાહિત્યની સુસમૃદ્ધ પરંપરા, ઉલ્લેખનીય સર્જકો અને તેમની કૃતિઓથી પરિચિત થયા. કેટલીક મહત્ત્વની ગદ્યસ્વરૂપની કૃતિઓનો પણ પરિચય મેળવ્યો. ગદ્યસ્વરૂપની કૃતિઓમાંની વિવિધ પ્રકારની વિષયસામગ્રીનો પણ તમે પરિચય પ્રાપ્ત કર્યો. આખ્યાન,રાસ, ફાગુ, પદ, પદ્યવાર્તાની માફક ઔક્તિક અને બાલાવબોધ નામના વ્યાકરણ અને સમીક્ષા - સમજણને લગતા સ્વરૂપનો પણ તમને પરિચય પ્રાપ્ત થયો. તમને ખ્યાલ આવ્યો કે મધ્યકાળમાં પદ્ય ઉપરાંત ગદ્ય પણ પ્રચલિત હતું અને વિકાસમાન હતું. આમ, આ નિમિત્તે મધ્યકાલીન સાહિત્યનું એક પૂર્ણ ચિત્ર તમારી સમક્ષ પ્રસ્તુત થયું.

ગદ્યસાહિત્યની પરંપરા, ગદ્યકૃતિઓનો નિર્દેશ અને મહત્ત્વની ગદ્યકૃતિઓના પરિચય પછી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની સમાંતરે એક પ્રવાહ વહેતો હતો તે કંઠસ્થ પરંપરાનું લોકસાહિત્ય. આ લોકસાહિત્ય અંગેની સમજણ પણ તમે અત્રેથી પ્રાપ્ત કરી. લોકસાહિત્ય કોને કહેવાય, એમાં શું શું સમાવિષ્ટ છે, એ કેવી રીતે સમગ્ર સમાધારિત સાહિત્ય છે તેનો પણ પરિચય મેળવ્યો. લોકસાહિત્યના ભિન્ન ભિન્ન પ્રકારો અને એ પ્રકારોમાં કેવાં કથાનકો કેવી રીતે પ્રયોજાતાં હોય છે એનો પણ પરિચય મેળવ્યો. આ લોકકથા, લોકગીત, લોકનાટ્ય વગેરેના સ્વરૂપ અને પેટા પ્રકારોથી પણ તમે પરિચિત થયા. આમ, લોકસાહિત્ય એ એક મહત્ત્વની ધારા છે. અને મધ્યકાલીન સાહિત્યમાં તેનાં મૂળ-કૂળ જોવા મળતાં હોય તો તે કારણે તેનો પરિચય મેળવવો જરૂરી છે એનો તમને અહીંથી ખ્યાલ આવ્યો. આ રીતે આ એકમમાંથી મધ્યકાલીન ગુજરાતીની મહત્ત્વની બે વિગતોનો તમે પરિચય મેળવ્યો.

## 5.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

| | | |
|---|---|---|
| સાહિત્યપ્રકારો | - | સાહિત્ય સ્વરૂપમાં ભિન્ન ભિન્ન પ્રકારો હોય છે તે |
| સમીક્ષા | - | સમજણ, અર્થઘટન, ટીકા-ટિપ્પણ જેમાં છે તે |
| સંવાદાત્મક અભિવ્યક્તિ | - | પાત્ર-પાત્ર વચ્ચેના સંવાદો પ્રશ્નોત્તરરૂપે જેમાં હોય તે |
| અનભિજ્ઞ | - | અજાણ, અપરિચિત |
| અભિજ્ઞિત | - | જાણતા થયા, માહિતી પ્રાપ્તિ |
| પાશવાળુ | - | ઢોળ, ભેળસેળ, ઉમેરણ-મિશ્રણ |
| બાલાવબોધ | - | સરળ રીતે સમજાવવું, વિવેચના-અર્થઘટન જેમાં છે તે સાહિત્ય |
| ઔક્તિક | - | વ્યાકરણ, ઉક્તિવિષયક-ભાષની ઉક્તિની જેમાં ચર્ચા છે તે સાહિત્ય |

## 5.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' –1**

(1) ૧-૪
૨-૧
૩-૧
૪-૨
૫-૩

(2) પ્રત્યુત્તર માટે - 1 . 3 . 1, 1 . 3 . 2 , 1 . 3 . 3

(3) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 4 . 1

(4) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 4 . 2

(5) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 4 . 1 થી 1 . 4 . 4

**'તમારી પ્રગતિ ચકાસો' –2**

(1) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 5 . 1 અને પછીના પરિચ્છેદો

(2) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 5 . 2

(3) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 5 . 3

(4) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 5 . 4

(5) પ્રત્યુત્તર માટે જુઓ 1 . 5 . 5